नमो नमो निम्मलदंसणस्स

# પ્રતિક્રમણસૂત્ર

## અભિનવ વિવેચન

## ૩

-: વિવેચન કર્તા :-

મુનિ દીપરત્નસાગર

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યોનમઃ

# પ્રતિક્રમણસૂત્ર
# અભિનવ-વિવેચન

(ભાગ-૩ સૂત્ર-૨૯ થી ૩૮)

-: વિવેચન કર્તા :-


## મુનિ દીપરત્નસાગર



તા. ૧૩-૬-૦૫ સોમવાર ૨૦૬૧, જેઠ સુદ-૬

ચારે ભાગોનું સંયુક્ત મૂલ્ય
રૂ. ૮૦૦/-



સંપર્ક સ્થળ

"આગમ આરાધના કેન્દ્ર", શીતલનાથ સોસાયટી, વિભાગ-૧,
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર, ખાનપુર, અમદાવાદ-૧.


3 1


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન

## ભાગ-૧ થી ૪

| | | |
|---|---|---|
| ભાગ-૧ | સૂત્ર-૧ થી ૧૨ | નવકાર મંત્ર થી જંકિંચિ-સૂત્ર |
| ભાગ-૨ | સૂત્ર-૧૩ થી ૨૮ | નમુત્થુણં સૂત્રથી નાણંમિ દંસણંમિ૦ |
| **ભાગ-૩** | **સૂત્ર-૨૯ થી ૩૮** | **વંદનસૂત્રથી નમોસ્તુ વર્ધમાનાય્** |
| ભાગ-૪ | સૂત્ર-૩૯ થી ૫૪ | વિશાલ લોચન૦થી સંથારાપોરિસિ સૂત્ર |

**ટાઈપ સેટીંગ**
**"ફોરએવર ડિઝાઈન"**
માધવપુરા માર્કેટ, અમદાવાદ.
ફોન નં. ૨૫૬૩૧૦૮૦

**મુદ્રક**
**"નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ"**
ઘીકાંટા રોડ, અમદાવાદ.
ફોન નં. ૨૫૫૦૮૬૩૧

## અર્હત્ શ્રુત પ્રકાશન

શીતલનાથ સોસાયટી-૧, ફ્લેટ નં. ૧૩, બ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન-3

## અ-નુ-ક્ર-મ-ણિ-કા



| ક્રમ | સૂત્રનું નામ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૨૯ | વાંદણા સૂત્ર | ૦૧૭ થી ૦૪૮ |
| 30 | દેવસિઅં આલોઉં સૂત્ર | ૦૪૯ થી ૦૫૦ |
| 3૧ | સાત લાખ | ૦૫૧ થી ૦૬૧ |
| 3૨ | અઢાર પાપસ્થાનક | ૦૬૨ થી ૦૮૨ |
| 33 | સવ્વસ્સ વિ. સૂત્ર | ૦૮૩ થી ૦૮૪ |
| 3૪ | ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર | ૦૮૫ થી ૦૮૬ |
| 3૫ | વંદિત્તુ સૂત્ર | ૦૮૭ થી ૨૭૩ |
| 3૬ | અબ્ભુટ્ઠિઓ સૂત્ર | ૨૭૪ થી ૨૮૫ |
| 3૭ | આયરિય ઉવજ્ઝાએ સૂત્ર | ૨૮૬ થી ૨૯૪ |
| 3૮ | નમોસ્તુ વર્ધમાનાય સૂત્ર | ૨૯૫ થી 30૪ |

# દ્રવ્ય સહાયકો

૧. પરમપૂજ્ય વાત્સલ્યવારિધિ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂજ્ય મિલનસાર ઉપાધ્યાય **શ્રી દેવચંદ્રસાગરજી મ.સા.** તથા તેમના શિષ્ય પૂજ્ય મુનિરાજ **શ્રી દિવ્યચંદ્રસાગરજી મ.સા.** તેમજ પૂજ્ય વિદુષી સાધ્વી **શ્રી આત્મજયાશ્રીજી**ની પ્રેરણાથી "શ્રી કાંદિવલી જૈન શ્વે.મૂ.પૂ.સંઘ, કાંદીવલી વેસ્ટ, મુંબઈ" તરફથી – **રૂા. ૧૧,૦૦૦/-**

૨. પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પરિવારવર્તી સરળહૃદયી, શ્રુતપ્રેમી પૂજ્ય પંન્યાસ **શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી "ભદ્રંકરપ્રકાશન-અમદાવાદ" તરફથી–**રૂા. ૫,૦૦૦/-**

૩. પૂજ્ય શતાવધાની શ્રમણીવર્યા **શ્રી અમિતગુણાશ્રીજી** તથા તેમના શિષ્યરત્ના સાધ્વી **શ્રી કલ્પગુણાશ્રીજી** અને સાધ્વી **શ્રી અપૂર્વયોગાશ્રીજી**ની પ્રેરણાથી "વસ્ત્રાપુર કરીશ્મા શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, અમદાવાદ" તરફથી – **રૂા. ૧૫,૦૦૦/-**

૪. પૂજ્ય શતાવધાની, માતૃહૃદયા સાધ્વી **શ્રી અમિતગુણાશ્રીજી** તથા તેમના શિષ્યરત્ના સાધ્વી **શ્રી વિદિતયોગાશ્રીજી**ની પ્રેરણાથી "નવરંગપુરા જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-અમદાવાદ" તરફથી – **૭,૦૦૦/-**

૫. પૂજ્ય ગુરુવર્યા શ્રમણી શ્રી ભવ્યાનંદશ્રીજીના શિષ્યા રત્ના ઉગ્રતપસ્વી સાધ્વી **શ્રી કલ્પપ્રજ્ઞાશ્રીજી**ના સદુપદેશથી "શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, કાંદીવલી વેસ્ટ, મુંબઈની પ્રેરણાથી" **રૂા. ૫,૦૦૦/-**

૬. શ્રી શાપુર દરવાજાનો ખાંચો જૈન સંઘ, અમદાવાદ તરફથી–**રૂા.૫,૦૦૦/-**

**૦ બાકી રકમ - શ્રુત પ્રકાશન નિધિમાંથી આપી છે.**

# સંદર્ભ સૂચિ

## પ્રતિક્રમણસૂત્રના વિવેચનમાં ઉપયોગમાં લીધેલા સંદર્ભોની સૂચિ


| | |
|---|---|
| ૧. | અલ્પપરિચિત સૈદ્ધાંતિક શબ્દકોશ |
| ૨. | અભિધાન ચિંતામણિ નામમાલા |
| ૩. | અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩ |
| ૪. | અનુયોગદ્વાર સૂત્ર-વૃત્તિ |
| ૫. | આઉર પચ્ચક્ખાણ-પયન્ના |
| ૬. | આગમ કથાનુયોગ ભાગ-૧ થી ૬ |
| ૭. | આગમ સદ્દકોસો ભાગ-૧ થી ૪ |
| ૮. | આચાર દિનકર |
| ૯. | આચારાંગ સૂત્ર-વૃત્તિ |
| ૧૦. | આવશ્યક સૂત્ર-ચૂર્ણિ |
| ૧૧. | આવશ્યક સૂત્ર-નિર્યુક્તિ |
| ૧૨. | આવશ્યક સૂત્ર-વૃત્તિ-મલયગિરિજી કૃત્ |
| ૧૩. | આવશ્યક સૂત્ર-વૃત્તિ-હરિભદ્રસૂરિજી કૃત્ |
| ૧૪. | ઉપાસકદસાંગ સૂત્ર-વૃત્તિ |
| ૧૫. | ઉવવાઈસૂત્ર-વૃત્તિ |
| ૧૬. | ઓઘનિર્યુક્તિ-વૃત્તિ |
| ૧૭. | કર્મગ્રંથ (ભાગ ૧ થી ૬ સંયુક્ત) |
| ૧૮. | કલ્પસૂત્ર (બારસા સૂત્ર) મૂળ |
| ૧૯. | કલ્પસૂત્ર સુબોધિકા-વિનયવિજયજી |
| ૨૦. | ગણધર યુગપ્રધાન દેવવંદન |
| ૨૧. | ચઉપ્પન્ન મહાપુરુષ ચરિયં |
| ૨૨. | ચઉસરણ પયન્ના |
| ૨૩. | ચૈત્યવંદન મહાભાષ્ય |
| ૨૪. | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર-વૃત્તિ |
| ૨૫. | જીવવિચાર પ્રકરણ-સાર્થ |
| ૨૬. | જીવાજીવાભિગમ સૂત્ર-વૃત્તિ |

| | |
|---|---|
| ૨૭. | ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્ર-વૃત્તિ |
| ૨૮. | તત્ત્વાર્થાધિગમ સૂત્ર-મૂળ |
| ૨૯. | તત્ત્વાર્થાધિગમ સૂત્ર-અભિનવ ટીકા |
| ૩૦. | ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર |
| ૩૧. | દશવૈકાલિક સૂત્ર-ચૂર્ણિ |
| ૩૨. | દશવૈકાલિક સૂત્ર-વૃત્તિ |
| ૩૩. | ધર્મબિંદુ-ટીકા-ભાષાંતર સહ |
| ૩૪. | ધર્મરત્ન પ્રકરણ-ભાષાંતર સહ |
| ૩૫. | ધર્મસંગ્રહ ભાગ-૧ અને ૨ |
| ૩૬. | ધર્મસંગ્રહણી વૃત્તિ |
| ૩૭. | નંદિસૂત્ર-ચૂર્ણિ |
| ૩૮. | નંદિસૂત્ર-વૃત્તિ |
| ૩૯. | નમસ્કાર સ્વાધ્યાય |
| ૪૦. | નવતત્ત્વ પ્રકરણ-સાર્થ |
| ૪૧. | નવપદ-શ્રીપાલ (વ્યાખ્યાન) |
| ૪૨. | નાયાધમ્મકહા સૂત્ર-વૃત્તિ |
| ૪૩. | નિરયાવલિકાદિ પંચ સૂત્ર-વૃત્તિ |
| ૪૪. | નિશીથસૂત્ર-ભાષ્ય-ચૂર્ણિ |
| ૪૫. | પંચવસ્તુ-ભાષાંતર |
| ૪૬. | પંચાશકગ્રંથ-ભાષાંતર |
| ૪૭. | પન્નવણા સૂત્ર-વૃત્તિ |
| ૪૮. | પર્યન્ત આરાધના (પયન્ના) |
| ૪૯. | પાક્ષિક સૂત્ર-વૃત્તિ સહિત |
| ૫૦. | પ્રતિક્રમણ ગર્ભ હેતુ |
| ૫૧. | પ્રતિક્રમણ સૂત્ર-અવચૂરિ |
| ૫૨. | પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકા ભાગ-૧ થી ૩ |
| ૫૩. | પ્રવચન સારોદ્ધાર ભાગ-૧ અને ૨ |
| ૫૪. | પ્રશ્ન વ્યાકરણ સૂત્ર-વૃત્તિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૫૫. | ભગવતી સૂત્ર-વૃત્તિ |
| ૫૬. | ભત્તપરિણ્ણા-પયન્ના |
| ૫૭. | ભાષ્યત્રયમ્-સાર્થ |
| ૫૮. | મરણ સમાધિ પયન્ના |
| ૫૯. | મહાનિશીથ સૂત્ર-મૂળ |
| ૬૦. | મહાપચ્ચક્ખાણ-પયન્ના |
| ૬૧. | યતિદિનચર્યા-વૃત્તિ |
| ૬૨. | યોગદૃષ્ટિ સમુચ્ચય |
| ૬૩. | યોગશાસ્ત્ર સટીક-અનુવાદ |
| ૬૪. | રાયપ્પસેણિય સૂત્ર-વૃત્તિ |
| ૬૫. | લલિત વિસ્તરા-સટીક-અનુવાદ |
| ૬૬. | લોકપ્રકાશ ભાગ-૧ થી ૪ |
| ૬૭. | વર્ધમાન દ્વાત્રિંશિકા |
| ૬૮. | વિશેષાવશ્યક ભાષ્ય-ભાષાંતર |
| ૬૯. | વૃંદારવૃત્તિ (વંદિત્તુ સૂત્ર-ટીકા) |
| ૭૦. | શ્રાદ્ધદિનકૃત્ય-અનુવાદ |
| ૭૧. | શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર-વૃત્તિ |
| ૭૨. | શ્રાદ્ધવિધિ પ્રકરણ-અનુવાદ |
| ૭૩. | શ્રીપાલ ચરિત્ર (સંસ્કૃત) |
| ૭૪. | શ્રીપાલ રાજાનો રાસ |
| ૭૫. | ષડ્દર્શન સમુચ્ચય-સાર્થ |
| ૭૬. | ષડાવશ્યક બાલાવબોધ |
| ૭૭. | ષડાવશ્યક સૂત્રાણિ |
| ૭૮. | સંબોધપ્રકરણ-સાર્થ |
| ૭૯. | સમવાયાંગ સૂત્ર-વૃત્તિ |
| ૮૦. | સાધુ-સાધ્વી ક્રિયા સૂત્રો-સાર્થ |
| ૮૧. | સૂયગડાંગ સૂત્ર-વૃત્તિ |
| ૮૨. | સૂરપન્નત્તિ સૂત્ર-વૃત્તિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૨૫૧**

# ૧-आगमसुत्ताणि-मूलं

## ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદ સૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીસ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/- દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

# ૨. આગમ-ગુજરાતી અનુવાદ

## ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઇત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ સન-૨૦૦૪ને અંતે તેની માત્ર એક નકલ બચેલી છે. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ३. आगमसुत्ताणि-सटीकं

## ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૫૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઇત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની સન-૨૦૦૪ને અંતે માત્ર એક નકલ સ્ટોકમાં રહી છે. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

# ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમ-સટીકંમાં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૫. आगमसद्दकोसो

## ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો તેમાં મૂળ આગમ કે આગમ-સટીકંમાં મળી જ જવાના.

——×——×——

# ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમ સટીકંમાં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૭. आगमसूत्र हिन्दी अनुवाद

## ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે.જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તો પણ આગમના ગુજરાતી અનુવાદની ગેરહાજરીમાં તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

હાલ ગુજરાતી અનુવાદ સર્વથા અપ્રાપ્ય હોવાથી આપ આ આગમ-હિન્દી અનુવાદ જ મેળવી શકશો.

——×——×——

# ૮. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૯. આગમ કથાનુયોગ

## ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦ થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા ગોતવી અત્યંત સરળ બને છે.

પાકા પુંઠાના બાઈન્ડીંગમાં આ છ એ ભાગોમાં મેપલીથો વ્હાઈટ કાગળ વપરાયેલ છે, ડેમી સાઈઝમાં તૈયાર થયેલ અને સુંદર ઓફસેટ પ્રિન્ટીંગમાં છપાયેલ આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશીત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

વર્તમાનકાળે લખાતા કે વંચાતા ચીલાચાલુ સાહિત્ય કે ધાર્મિક પુસ્તકોને નામે અંગત માન્યતાના પ્રક્ષેપપૂર્વક સર્જાતા સાહિત્યો કરતા આ "આગમ કથાનુયોગ" વાંચન માટે શુદ્ધ-વિશુદ્ધ ધાર્મિક માહિતી અને રસિક કથાઓના સંગ્રહરૂપ હોવાથી તુરંત વસાવવા લાયક છે. બાળકોને વાર્તા કહેવામાં પણ ઉપયોગી છે.

માટે આજે-જ વ-સા-વો આ "આ-ગ-મ ક-થા-નુ-યો-ગ"

—×—×—

**આ હતી આગમ સંબંધી અમારા ૨૦૨ પ્રકાશનોની યાદી**

—×—×—

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

○ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪

– મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે ક્રાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

○ કૃદન્તમાલા :-

– આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :-

○ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

– આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્ત્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

○ નવપદ-શ્રીપાલ

– શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચારિત્ર પણ પુરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

○ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧

○ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦

– આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ

ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

○ તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો.

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

### (૪) આરાધના સાહિત્ય :-

○ સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

○ સાધુ અંતિમ આરાધના

○ શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

### (૫) વિધિ સાહિત્ય :-

○ દીક્ષા-યોગાદિ વિધિ

○ વિધિ સંગ્રહ ભાગ-૧

○ સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

### (૬) પૂજન સાહિત્ય :-

○ આગમ મહાપૂજન વિધિ

○ પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

### (૭) યંત્ર સંયોજન :-

○ ૪૫-આગમ યંત્ર

○ વિંશતિ સ્થાનક યંત્ર

## (૮) જિનભક્તિ સાહિત્ય :-

- चैत्यवन्दम पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

## (૯) પ્રકીર્ણ સાહિત્ય :-

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ

## (૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૨૫૧ પ્રકાશનો થયા છે.**

——×——×——

# પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન
## સસાંગ-વિવરણ

*(પ્રતિક્રમણ સૂત્રનું આ વિવેચન અમે સાત અંગોમાં કરેલ છે–)*

**(૧) સૂત્ર-વિષય :-** સૂત્રમાં આવતા મુખ્ય વિષયનું સંક્ષિપ્ત કથન.

**(૨) સૂત્ર-મૂળ :-** સૂત્ર મૂળ સ્વરૂપે જે પ્રમાણે હોય તે જ પ્રમાણે તેની પાઠ નોંધ. જેમકે "ઇરિયાવહી સૂત્ર" છે. તો ત્યાં "ઇરિયાવહી" સૂત્ર પાઠ આપવો.

**(૩) સૂત્ર-અર્થ :-** જે મૂળ સૂત્ર હોય તેનો સીધો સૂત્રાર્થ આ વિભાગમાં છે.

**(૪) શબ્દજ્ઞાન :-** જે મૂળ સૂત્ર હોય, તે સૂત્રમાં આવતા પ્રત્યેક શબ્દો અને તે શબ્દનો ગુજરાતી અર્થ આ વિભાગમાં નોંધેલ છે.

**(૫) વિવેચન :-** મૂળ સૂત્રમાં આવતા મહત્ત્વના શબ્દો તથા પ્રત્યેક વાક્ય અથવા ગાથાના પ્રત્યેક ચરણોનું અતિ વિસ્તૃત વિવેચન આ વિભાગમાં કરાયેલ છે. આ વિભાગ જ અમારા પ્રસ્તુત ગ્રંથનું હાર્દ છે. તેમાં અનેક સંદર્ભ સાહિત્ય અને આગમોના સાક્ષીપાઠ આપવા પૂર્વક પ્રતિક્રમણના સૂત્રોનું વિવેચન કરાયેલ છે.

**(૬) વિશેષ કથન :-** સૂત્રના વિસ્તારથી કરાયેલા વિવેચન પછી પણ જે મહત્ત્વની વિગતો નોંધાઈ ન હોય અથવા "વિવેચન" ઉપરાંત પણ જે મહત્ત્વની બાબતો પર પ્રકાશ ફેંકવો જરૂરી હોય તેવી "વિશેષ" નોંધો આ વિભાગમાં કરાયેલ છે.

**(૭) સૂત્ર-નોંધ :-** આ સાતમા અને છેલ્લા વિભાગમાં સૂત્રનું આધારસ્થાન, ભાષા, પદ્ય હોય તો છંદ, લઘુ-ગુરુ વર્ણો, ઉચ્ચારણ માટેની સૂચના જેવી સામાન્ય વિગતોનો નિર્દેશ કરાયેલો છે.

**– આ ઉપરાંગ ચોથા ભાગને અંતે** "પ્રતિક્રમણ સૂત્રોમાં આવતા મૂળ પ્રાકૃત-સંસ્કૃત કે ગુજરાતી શબ્દોની સંપૂર્ણ સૂચિ આપવામાં આવેલ છે.

——x——x——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# પ્રતિક્રમણ સૂત્ર
## અભિનવ-વિવેચન
## ભાગ-ત્રીજો

સૂત્ર-૨૯

## વાંદણા/ગુરુવંદન સૂત્ર

દ્વાદશાવર્ત્ત વંદન સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર થકી ગુરુ મહારાજને ગંભીરતાપૂર્વક ભક્તિભાવથી અને બહુમાનસહ વંદન કરવામાં આવે છે. સૂત્રમાં શિષ્ય દ્વારા ગુરુ ભગવંતને છ પ્રશ્નો અને ગુરુજી દ્વારા તેના છ ઉત્તરોની ઘણી સુંદર રીતે ગોઠવણી કરાયેલ છે. વંદન કર્યા પછી તેમના પ્રત્યે થયેલા દોષોની માફી માંગવામાં આવે છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં,**
**જાવણિજ્જાએ નિસીહિઆએ, (૧)**
**અણુજાણહ મે મિઉગ્ગહં. (૨)**
**નિસીહિ;**
**અહો-કાયં કાય-સંફાસં, ખમણિજ્જો ભે કિલામો,**
**અપ્પકિલંતાણં બહુસુભેણ ભે !**
**દિવસો વઇક્કંતો. (૩)**
**જત્તા ભે ! (૪) જવણિજ્જં ચ ભે ! (૫)**
**ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઇક્કમં (૬)**
**આવસ્સિઆએ,**
**પડિક્કમામિ ખમાસમણાણં,**

**'દેવસિઆએ'' આસાયણાએ,**
**તિત્તિસન્નયરાએ,**
**જં કિંચિ મિચ્છાએ,**
**મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ,**
**કોહાએ માણાએ માયાએ લોભાએ,**
**સવ્વકાલિયાએ સવ્વમિચ્છોવયારાએ-**
**– સવ્વધમ્માઇક્કમણાએ,**
**આસાયણાએ,**
**જો મે અઇઆરો કઓ, તસ્સ ખમાસમણો !**
**પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.**

**■ સૂત્ર-અર્થ :-**

*(આ સૂત્રમાં છ સ્થાન છે તેની નોંધ પૂર્વક અને પ્રશ્ન-ઉત્તર પદ્ધતિથી આ અર્થ લખ્યો છે. તેથી મૂળ સૂત્ર સાથે થોડી વિશેષ હકીકતો પૂર્વક સૂત્રનો અર્થ કરેલો છે.)*

(૧- ઇચ્છા નિવેદન સ્થાન)

(શિષ્ય) હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! હું પાપ વ્યાપારોનો ત્યાગ કરીને સર્વ શક્તિ સહિત વંદન કરવાને ઇચ્છુ છું.

(ગુરુ-''છંદેણં'' ઇચ્છાપૂર્વક-સ્વખુશીથી કરો.)

(૨-અનુજ્ઞાપન સ્થાન)

(શિષ્ય) મને મિત અવગ્રહમાં (મર્યાદિત ભૂમિમાં) પ્રવેશવાની આજ્ઞા-(રજા) આપશોજી.

(ગુરુ - ''અણુજાણામિ'' - હું આજ્ઞા આપું છું.)

(શિષ્ય) ગુરુવંદન સિવાયના સર્વ વ્યાપારો-પ્રવૃત્તિનો ત્યાગ કરીને, આપના ચરણને મારી કાયા વડે સ્પર્શ કરું છું, (તેમ કરતા મારા વડે આપને) કંઈ ગ્લાનિ કે તકલીફ થઈ હોય તો તેની ક્ષમા આપશોજી.

(૩-શરીર યાત્રા પૃચ્છા સ્થાન)

આપનો દિવસ ઓછા ખેદથી સુખપૂર્વક વ્યતીત થયો છે ?

(ગુરુ-''તહત્તિ'' તેમજ છે.)

(૪-સંયમ યાત્રા પૃચ્છા સ્થાન)

(શિષ્ય) આપને સંયમ યાત્રા વર્તે છે - બરાબર ચાલે છે ?

(ગુરુ - ''તુબ્ભં પિ વટ્ટએ'' તને પણ સંયમ યાત્રા વર્તે છે ?)

(૫- યાપના પૃચ્છા સ્થાન)

(શિષ્ય -) આપને ઇન્દ્રિયો અને કષાયો ઉપઘાતરહિત વર્તે છે.

(ગુરુ - ''એવં'' એમ જ છે.)

(૬- અપરાધ ક્ષમાપના સ્થાન)

(શિષ્ય-) હે ક્ષમાશ્રમણ ! દિવસ દરમિયાન થયેલા અપરાધોને હું ખમાવું છું.

(ગુરુ - "અહમવિ ખામેમિ તુબ્ભં" હું પણ તને ખમાવું છું.)

(શિષ્ય) આવશ્યક ક્રિયા માટે (હવે હું અવગ્રહની બહાર જાઉ છું)

– દિવસ દરમિયાન આપ ક્ષમાશ્રમણની તેત્રીશ પૈકી કોઈપણ આશાતના કરી હોય તેનાથી હું પાછો ફરું છું.

– વળી જે કાંઈ અતિચાર મિથ્યાભાવથી થયેલી આશાતનાથી થયો હોય.

– મન, વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી થયેલી આશાતના વડે થયેલો હોય.

– ક્રોધ, માન, માયા, લોભની વૃત્તિ દ્વારા થયેલી આશાતનાથી થયો હોય.

– સર્વકાળ સંબંધી, સર્વ પ્રકારના મિથ્યા (માયા કપટભર્યા) ઉપચારો દ્વારા સર્વ પ્રકારના ધર્મના અતિક્રમણને લીધે થયેલી આશાતના વડે થયો હોય.

– તેનાથી હે ક્ષમાશ્રમણ !

– હું પાછો ફરું છું (તેનું પ્રતિક્રમણ કરું છું)

તેની આત્મ સાક્ષીએ નિંદા કરું છું

(તેની) ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું

અશુભયોગમાં વર્તેલા મારા એ આત્માનો ત્યાગ કરું છું.

■ **શબ્દજ્ઞાન :-**

**ઇચ્છામિ** - હું ઇચ્છુ છું

**ખમાસમણો** - ક્ષમાશ્રમણ, ગુરુ

**વંદિઉં** - વંદન કરવાને

**જાવણિજ્જાએ** - સર્વ શક્તિસહિત

**નિસીહિઆએ** - પાપ વ્યાપાર ત્યજીને, નિષ્પાપ બનેલ કાયા વડે

**અણુજાણહ** - અનુજ્ઞા આપો

**મે** - મને

**મિઉગ્ગહં** - મિત અવગ્રહમાં

**નિસીહિ** - નિષેધું છું

**અહોકાયં** - અહોકાય-ચરણને

**કાય** - કાયા વડે

**સંફાસં** - સંસ્પર્શ-અડવાથી

**ખમણિજ્જો** - ક્ષમણીય, સહન કરજો

**ભે** - આપના વડે

**કિલામો** - ખેદ, ગ્લાનિ

**અપ્પ** - અલ્પ, થોડા

**કિલંતાણં** - થાક-ગ્લાનિવાળા

**બહુસુભેણ** - ઘણાં સુખપૂર્વક

**ભે** - આપનો

**દિવસો** - દિવસ

**વઇક્કંતો** - વીત્યો છે ?

**જત્તા** - યાત્રા, સંયમયાત્રા

**ભે** - આપની

**જવણિજ્જં** - ઇન્દ્રિયો અને મનની પીડા રહિત, વ્યાબાધારહિત

**ખામેમિ** - ખમાવું છું

**ખમાસમણો** - હે ક્ષમાશ્રમણ !

**દેવસિઅં** - દિવસ સંબંધી

**વઇક્કમં** - અપરાધને

**આવસ્સિઆએ** - આવશ્યક ક્રિયા વડે, આવશ્યક ક્રિયા માટે

**પડિક્કમામિ** - પ્રતિક્રમણ કરું છું

**ખમાસમણાણં** - ક્ષમાશ્રમણોની

**દેવસિઆએ** - દિવસે થયેલી

**આસાયણાએ** - આશાતના વડે

**તિત્તીસન્નયરાએ** - તેત્રીશમાંથી

**જંકિંચિ** - જે કાંઈ

**મિચ્છાએ** - મિથ્યાભાવ વડે

**મણ** - મન સંબંધી

**દુક્કડાએ** - દુષ્કૃત-પાપથી
**વય** - વચન સંબંધી
**કાય** - કાયા-શરીર સંબંધી
**કોહાએ** - ક્રોધથી
**માણાએ** - માનથી
**માયાએ** - માયાથી
**લોભાએ** - લોભથી
**સવ્વ** - સર્વ, સબધી
**કાલિયાએ** - કાળ સંબંધી
**મિચ્છોવયારાએ** - મિથ્યોપચારથી
**ધમ્માઇક્કમણાએ** - ધર્મનું અતિક્રમણ - ધર્મ ઓળંગવારૂપી, તેના વડે
**આસાયણાએ** - આશાતનાઓ
**જો મે** - જે મારા વડે
**અઇઆરો** - અતિચાર
**કઓ** - કર્યો હોય
**તસ્સ** - તે સંબંધી
**પડિક્કમામિ** - પ્રતિક્રમણ કરું છું
**નિંદામિ** - નિંદુ છું
**ગરિહામિ** - ગર્હા કરું છું
**અપ્પાણં** - બહિર્ આત્માને
**વોસિરામિ** - વોસિરાવું છું

■ **વિવેચન :-**

આવશ્યક સૂત્ર નામના આગમમાં ત્રીજા અધ્યયન - "વંદન"માં આ સૂત્ર-૧૦ રૂપે છે. આ અધ્યયનમાં ભદ્રબાહુ સ્વામીજી રચિત નિર્યુક્તિ-૧૧૦૩ થી ૧૨૩૦માં "વંદન"ના વિષયમાં ઘણો જ પ્રકાશ પાડેલ છે. આ સૂત્ર તથા નિર્યુક્તિ પર જિનદાસગણિ મહત્તર રચિત ચૂર્ણિ તથા હરિભદ્રસૂરિ રચિત વૃત્તિ પણ જોવા મળે છે.

આ સૂત્રને "વંદન" સૂત્ર કહે છે. પણ તે વંદન ગુરુસંબંધી હોવાથી તેને "ગુરુવંદન" સૂત્ર પણ કહે છે.

આ સૂત્ર સંબંધી અનેક હકીકતો આવશ્યક સૂત્રની નિર્યુક્તિ વૃત્તિ ગુરુવંદનભાષ્ય, ષડાવશ્યક સૂત્ર બાલાવબોધ, પ્રવચન સારોદ્ધાર, યોગશાસ્ત્રવૃત્તિ ઇત્યાદિમાં આપેલી છે. તે સર્વેમાંથી સૂત્ર સાથે સંકડાયેલ અગત્યની બાબતોને "વિવેચન" કે "વિશેષ કથન" રૂપે સ્થાન આપવાનો અમે પ્રયાસ અને પુરુષાર્થ કરેલ છે. તે આ પ્રમાણે–

૦ **ભૂમિકા :-** જો કે આવશ્યક સૂત્રની નિર્યુક્તિ, ચૂર્ણિ અને વૃત્તિમાં તો આ સૂત્ર પૂર્વે અતિ વિસ્તૃત ભૂમિકા છે. પણ અત્રે અમે માત્ર યોગશાસ્ત્ર વૃત્તિમાં આપેલી ભૂમિકાને જ રજૂ કરીએ છીએ–

યોગશાસ્ત્ર પ્રકાશ-૩માં આ સૂત્રની વ્યાખ્યા કરતી વખતે આરંભે જણાવે છે કે–

દ્વાદશાવર્ત્ત વંદન કરવાની ઇચ્છાવાળો શિષ્ય ખમાસમણરૂપ લઘુવંદનપૂર્વક સંડાસા પ્રમાર્જીને બેઠાં બેઠાં જ પચીશ બોલથી મુહપત્તિનું અને બીજા પચીશ બોલથી શરીરનું પડિલેહણ કરે. તે પછી પરમ વિનયપૂર્વક પોતે મન, વચન અને કાયાથી શુદ્ધ થઈને ગુરુના આસનથી પોતાના દેહપ્રમાણ ભૂમિરૂપ સાડાત્રણ હાથ અવગ્રહની બહાર ઉભો રહીને કેડેથી અર્ધુ શરીર મસ્તક સાથે નમાવીને, હાથમાં ઓઘો-મુહપત્તિ લઈને વંદન કરવા માટે આ પ્રમાણે બોલે–

● **इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहिआए** - હે ક્ષમાશ્રમણ ગુરુજી ! હું પાપવ્યાપારોનો ત્યાગ કરીને, સર્વ શક્તિ સહિત વંદન કરવા ઇચ્છુ છું.

— **આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૮માં** આ "ઇચ્છા નિવેદન સ્થાન" કહ્યું છે અર્થાત્

શિષ્ય અહીં પોતાની વંદન કરવાની અને તે કઈ રીતે કરવું તેની ઇચ્છાનું નિવેદન કરે છે. આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૯ની વૃત્તિમાં તેને "વિનેયભાવઇચ્છા"અધિકાર કહ્યો છે.

○ इच्छामि - હું ઇચ્છુ છું. વિવેચન માટે જુઓ સૂત્ર-૩.

– અહીં કોઈના બળાત્કારથી વંદન કરતો નથી તેમ જણાવ્યું.

○ खमासमणो - હે ક્ષમાશ્રમણ ! (ગુરુજી)

– વિવેચન માટે જુઓ સૂત્ર-૩ "ખમાસમણ"

– 'ક્ષમા' શબ્દથી ક્ષમા, માર્દવ, આર્જવ આદિ સર્વે ગુણોનું ગ્રહણ કરવાનું છે. આ વિશેષણ થકી આવા ગુણોના યોગે તેઓ સાચા વંદનીય છે - એમ સૂચવ્યું :

○ वंदिउं - વાંદવાને, વંદન કરવાને.

– વિવેચન માટે જુઓ સૂત્ર-૩ "ખમાસમણ".

– આ પદ દ્વારા શિષ્ય શું ઇચ્છે છે તે જણાવ્યું. હવેના બે પદો દ્વારા કેવી રીતે વંદન કરે તે જણાવે છે–

○ जावणिज्जाए - સર્વ શક્તિસહિત, વિષય-વિકારરહિત.

– વિવેચન માટે જુઓ સૂત્ર-૩ "ખમાસમણ" તેમાં આ 'જાવણિજ્જાએ' પદનું વિસ્તારથી વિવેચન કરાયેલ છે.

○निसीहिआए - પાપ-નિષેધવાળી કાયાથી, નિષ્પાપ બનેલા શરીરથી, પાપવ્યાપારો ત્યજીને, પ્રાણાતિપાતાદિ પાપો જેમાં નથી એવી કાયા વડે.

– આ પદનું ઘણાં વિસ્તારથી વિવેચન સૂત્ર-૩ 'ખમાસમણ'માં કરાયેલ છે - તે ખાસ જોવું.

યોગશાસ્ત્રમાં જણાવે છે કે, 'નિસીહિઆએ' એ વિશેષ્ય પદ છે અને 'જાવણિજ્જાએ' એ 'વિશેષણ' પદ છે.

-૦- અહીં આવશ્યક સૂત્ર-૧૦ની વૃત્તિમાં, ચૂર્ણિમાં તથા યોગશાસ્ત્ર ગ્રંથમાં આટલા પદોનો સંકલિત અર્થ બતાવતા કહે છે–

અવગ્રહની બહાર ઉભો રહીને શિષ્ય અર્ધાનવત શરીર વડે, બે હાથમાં રજોહરણ ગ્રહણ કરીને વંદન માટે ઉદ્યત થઈને આ પ્રમાણે કહે છે – "હે ક્ષમાદિ ગુણયુક્ત શ્રમણ ! પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત શરીર વડે અર્થાત્ હિંસાદિ ન થાય તે રીતે, યથાશક્તિએ અથવા મારી કાયાની સર્વ શક્તિ વડે હું આપને વંદન કરવાને ઇચ્છુ છું. *(આટલું બોલીને શિષ્યએ અટકવું.)*

અહીં બે વિકલ્પ જણાવે છે – (૧) તિવિહેણ, (૨) છંદેણં

(૧) જો ગુરુ બીજા કાર્યમાં રોકાયેલા હોય અથવા બીજી કોઈ બાધાવાળા હોય તો તેઓ 'तिविहेण' કહે છે. અર્થાત્ મન, વચન, કાયા એમ ત્રિવિધ વંદન કરવાનો નિષેધ કરે છે. ત્યારે શિષ્ય સંક્ષેપ વંદન કરે છે. *(આ પ્રમાણે આવશ્યક સૂત્ર વૃત્તિનો મત છે.)*

*(અહીં આવશ્યક ચૂર્ણિકાર કહે છે–)* થોડીવાર પછી, હાલ રાહ જો. કારણ કહેવા યોગ્ય હોય તો જણાવે, નહીં તો ન જણાવે.

(૨) જો ગુરુ બીજા કોઈ કાર્યમાં રોકાયેલા ન હોય તો શિષ્યને વંદન કરવાની રજા આપવા માટે 'छंदेणं' કહે. *(એ પ્રમાણે આવશ્યક સૂત્ર-૧૦ની વૃત્તિમાં પણ કહ્યું છે અને આવશ્યક નિર્યુક્તિ-૧૨૨૪માં પણ કહ્યું છે.)*

छंदेणं - **અર્થાત્** "તારી ખુશી હોય તેમ કર - તારી ઇચ્છા મુજબ કર." આ પ્રમાણે ગુરુ કહે ત્યારે વંદન કરનાર અવગ્રહ બહાર એટલે કે સાડા ત્રણ હાથ દૂર ઉભા ઉભા જ આ પ્રમાણે કહે–

● **अणुजाणह मे मिउग्गहं** - મિત અવગ્રહમાં પ્રવેશવાની મને અનુજ્ઞા આપશોજી.

– આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૮માં આ પદોને 'અનુજ્ઞાપન સ્થાન'રૂપે ઓળખાવેલ છે અર્થાત્ અવગ્રહમાં પ્રવેશવા માટે શિષ્ય ગુરુની અનુજ્ઞા માંગે છે. જેને આવશ્યક નિર્યુક્તિ-૧૨૨૦માં ભાવ અનુજ્ઞા અધિકાર કહ્યો છે.

૦ अणुजाणह - અનુજ્ઞા આપો, અનુમતિ આપો, પરવાનગી આપો.

– अनु + ज्ञा - અનુમતિ આપવી, સંમતિ આપવી. તેના પરથી આજ્ઞાર્થના બીજા પુરુષ બહુવચનમાં આ પદ બનેલું છે. તેનો અર્થ થાય છે - તમે મને અનુજ્ઞા-અનુમતિ આપો.

– અહીં પ્રવેશ કરવા માટેની રજા માંગવામાં આવે છે.

૦ मे - મને, વંદન કરનાર પોતા માટે આ નિર્દેશ કરે છે.

૦ मिउग्गहं - મિત અવગ્રહમાં, અવગ્રહમાં પ્રવેશવા માટે, આપની મર્યાદિત ભૂમિમાં પ્રવેશ કરવા માટે.

અહીં मित અને अवग्रह બે શબ્દો જોડાયેલા છે. તેમાં मित એટલે મર્યાદિત, માપેલો કે નિયત. અને अवग्रह એટલે ગુરુની આસપાસની શરીર પ્રમાણ ભૂમિ.

સામાન્ય રીતે શિષ્યે ગુરુથી ઓછામાં ઓછા સાડા ત્રણ હાથ દૂર રહેવાનું હોય છે. પણ તેથી વધારે નજીક જવું, તેને અવગ્રહમાં પ્રવેશ કર્યો કહેવાય છે. તેથી 'મિતાવગ્રહ' અર્થાત્ અવગ્રહની અંદર જવું કે ગુરુની મર્યાદિત ભૂમિમાં નજીક જવું.

આવશ્યક વૃત્તિમાં જણાવે છે કે, આચાર્યશ્રીની ચારે દિશામાં તેમના શરીર પ્રમાણ બીજા શબ્દોમાં કહીએ તો સાડાત્રણ હાથ પ્રમાણ ભૂમિને અવગ્રહ કહે છે. તેમાં તેમની અનુમતિ વગર પ્રવેશ કરાય નહીં.

શિષ્ય જ્યારે આ પ્રમાણે મિત અવગ્રહમાં પ્રવેશ કરવા માટેની અનુજ્ઞા માંગે ત્યારે - ગુરુજી કહે છે "अणुजाणामि" અર્થાત્ હું અનુજ્ઞા આપું છું - હું મિતાવગ્રહમાં પ્રવેશ કરવાની તને અનુજ્ઞા આપું છું. *(આ પ્રમાણે આવશ્યક સૂત્ર-૧૦ની વૃત્તિ તથા આવશ્યક નિર્યુક્તિ-૧૨૨૪માં પણ જણાવેલ છે.)* ત્યારપછી–

● **निसीहि** - ગુરુવંદન સિવાયનો બીજો વ્યાપાર છોડીને.

– પાપ વ્યાપારનો ત્યાગ કર્યો છે એવું સૂચવતો શબ્દ સંકેત.

– निषेध એટલે વર્જન અથવા છોડવું તે. આ 'निषेध' શબ્દ પરથી नैषेधिकी શબ્દ બન્યો છે. તેનો અર્થ છે - અશુભ પ્રવૃત્તિનો નિષેધ કરનારી ક્રિયા અર્થાત્ હું પાપકારક પ્રવૃત્તિનો ત્યાગ કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– निसीहि એટલે સર્વે અશુભ વ્યાપારોનું વર્જન કરવું તે.

વંદનક્રિયા ભાવપૂર્વક કરવી હોય તો મનને સંપૂર્ણ રીતે તેમાં જ જોડવું જોઈએ. પણ તે માટે મનને ગુરુવંદન સિવાયની બધી જ અન્ય પ્રવૃત્તિમાંથી પાછું ખેંચી લેવું જોઈએ. આ રીતે વંદન સિવાયની સર્વે પ્રવૃત્તિઓનો ત્યાગ તે નૈષેધિકી.

**આટલું બોલ્યા પછી** વંદન કરનાર (શિષ્ય) સંડાસા પ્રમાર્જન કરે. તે આ પ્રમાણે – (૧) જમણો પગ, (૨) વચ્ચેનો ભાગ, (૩) ડાબો પગ એ ત્રણની પ્રમાર્જના કરવી, પછી (૪ થી ૬) એ જ પ્રમાણે આગળની પ્રમાર્જના કરવી, પછી (૭ થી ૯), પ્રવેશ ભૂમિની ત્રણ વખત પ્રમાર્જના કરવી. ત્યારપછી અવગ્રહમાં પ્રવેશ કરવો.

અવગ્રહમાં પ્રવેશ્યા પછી ગોદોહિક આસને બેસવું. ત્યારપછી રજોહરણ (કે ચરવળો) ગુરુની સન્મુખ રહે તે રીતે જમીન ઉપર (અને પગને સ્પર્શીને રહે તેમ) સ્થાપન કરવો.

ત્યાર પછી (૧૦) જમણા કાનથી કપાળે થઈને ડાબા હાથના સાંધાથી કોણી સુધી પ્રમાર્જના કરવી, પછી (૧૧) ડાબા કાનથી કપાળે થઈને જમણા હાથના સાંધાથી કોણી સુધી પ્રમાર્જના કરવી.

ત્યાર પછી (૧૨ થી ૧૪) સાધુએ ડાબા ઢીંચણ ઉપર મુહપત્તિ મૂકતા ત્રણ વખત ઢીંચણની અને (૧૫ થી ૧૭) રજોહરણમાં ગુરુચરણની સ્થાપના માટેની કલ્પના કરવાની ત્યાં ત્રણ વખત પ્રમાર્જના કરવી.

ગૃહસ્થને ચરવળા ઉપર ગુરુચરણની ધારણા કરવાની હોય છે. તેથી ત્યાં ત્રણ વખત પ્રમાર્જના કરવાની અને ત્રણ વખત પ્રમાર્જના અવગ્રહની બહાર નીકળતા પાછળની ભૂમિની કરવાની એ રીતે સત્તર પ્રમાર્જના થાય *(એ પ્રમાણે ધર્મસંગ્રહની ટીપ્પણમાં લખ્યું છે.)*

*✱ જો કે આ વિષયમાં જુદાજુદા ઉલ્લેખ મળે છે, તે ધ્યાનમાં રાખવું.)*

ત્યારપછી "અનુજ્ઞાસ્થાપનના આ સ્થાનમાં જ આગળ બોલે–

● **अहोकायं काय-संफासं** - (ગુરુના) અધોકાયરૂપ ચરણને (શિષ્યના) મસ્તકરૂપ શરીર વડે સ્પર્શ કરવાથી.

○ अहोकायं - અધોકાયને, ચરણને

– અધોભાગે અર્થાત્ નીચે રહેલી કાયા તે અધઃકાય કહેવાય. લક્ષણથી અધોકાય શબ્દનો અર્થ પાદ અથવા ચરણ કહેવાય છે.

– અધોકાય અર્થાત્ ગુરુ ચરણને.

○ काय-संफासं - મારી કાયા વડે સંસ્પર્શ (કરવાથી)

– કાયા વડે સંસ્પર્શ તે કાય સંસ્પર્શ. અહીં काय એટલે પોતાનું (શિષ્યનું) શરીર. संफासं એટલે સંસ્પર્શ - હાથ, લલાટ આદિ વડે ગુરુચરણને કરવામાં આવેલો સંસ્પર્શ સમજવાનો છે.

(અહીં करोमि - કરું છું કે કરવાથી એ પદ અધ્યાહાર સમજવું)

**૦ આ પદોનું ઉચ્ચારણ કરવાની રીત :-**

આવશ્યક વૃતિ, યોગશાસ્ત્ર, ગુરુવંદનભાષ્ય મુજબ આ પદોનું ઉચ્ચારણ કરવાની અને તે વખતે કાયચેષ્ટા કેમ કરવી ? તે જણાવે છે–

– 'અહોકાયં કાય' પદોના એક એક અક્ષર સ્પષ્ટ સ્વરે જુદો જુદો બોલાય છે, તે જે રીતે બોલાય છે, તેને આવર્ત્ત કહેવાય છે.

अ નો ઉચ્ચાર કરતી વખતે બે હથેલી ઊંધી કરી, દશે આંગળીઓ વડે રજોહરણ (ચરવળા)ની દશીઓને દશે આંગળી વડે સ્પર્શ કરે.

પછી હથેલી ચત્તી કરી हो નો ઉચ્ચાર કરતી વખતે દશે આંગળીઓ વડે લલાટને મધ્યભાગમાં સ્પર્શ કરે.

એ જ રીતે का બોલતા રજોહરણને સ્પર્શે અને यं બોલતા ફરી લલાટને સ્પર્શે, પાછું का બોલતા રજોહરણને સ્પર્શે અને य બોલતા લલાટને સ્પર્શે.

આ રીતે ત્રણ વખત ચરવળા કે ઓઘા (રજોહરણ)ની દશીને સ્પર્શે ત્યારે હથેળી ઊંધી હોય અને ત્રણે વખતે દશે આંગળી વડે લલાટના મધ્ય ભાગે સ્પર્શે ત્યારે હથેળી ચત્તી હોય.

આ રીતે अ - હો, का - यं, का - य એમ ત્રણ વખત જે સ્પર્શના થાય તેને ત્રણ આવર્ત્ત કહેવાય છે. જેમાં પહેલા-પહેલા વર્ણ अ, का અને का માં હથેળી ઊંધી અને ગુરુ ચરણે સ્પર્શ થાય. બીજા-બીજા વર્ણ हो, यं અને य માં હથેળી ચત્તી હોય અને સીધો જ લલાટે સ્પર્શ થાય. *(✱ આ ક્રિયા વખતે હથેળી સીધી જ ચત્તી કરીને ઉપર લઈ જવી, રોકાઈને કે આરતીની જેમ ફેરવીને નહીં)*

૦ संफासं - 'આવર્ત્ત' વિધિથી अ-हो-का-यं-का-य બોલ્યા પછી બે હાથ અને મસ્તકથી રજોહરણને સ્પર્શ કરતા संफासं શબ્દ બોલે. બીજી રીતે કહીએ તો રજોહરણ પર સવળા હાથી રાખીને ગુરુચરણને નમસ્કાર કરવા. તેના પર મસ્તક મૂકીને संफासं બોલે.

● **खमणिज्जो भे किलामो** - (હે ભગવંત ! મારા વડે) આપને કંઈ ખેદ કે ગ્લાનિ થઈ હોય તો તે ક્ષમાયોગ્ય છે.

૦ खमणिज्जो - ક્ષમાયોગ્ય, સહન કરવા યોગ્ય છે.

– આવશ્યક વૃત્તિમાં ક્ષમણીયનો અર્થ सह्य અને યોગશાસ્ત્રમાં सोढव्यः કર્યો છે. તેનો અર્થ છે – "સહન કરવા યોગ્ય"

૦ भे - આપના વડે, હે ભગવંત ! આપે.

૦ किलामो - ખેદ, પરિશ્રમ, ગ્લાનિ.

– 'કિલામો' શબ્દનો અર્થ આવશ્યક વૃત્તિમાં 'દેહ ગ્લાનિરૂપ' કર્યો છે. યોગશાસ્ત્ર વૃત્તિમાં પણ કહ્યું છે – 'કિલામો' એટલે સ્પર્શ કરવાથી થતો દેહ-ગ્લાનિરૂપ ખેદ.

*(અણુજાણહ મે - થી કિલામો - સુધી અનુજ્ઞાપન સ્થાન છે.)*

– "ખમણિજ્જો ભે કિલામો" પદો બે હાથ જોડી લલાટે રાખીને અથવા આ શબ્દો મસ્તકે અંજલિ કરી ગુરુ સામે દૃષ્ટિ રાખી બોલાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● **अप्पकिलंताणं बहुसुभेण भे ! दिवसो वइक्कंतो** ? ઓછા ખેદવાળા આપનો દિવસ ઘણાં સુખપૂર્વક વીત્યો છે ?

— વંદન સૂત્રમાં આ ત્રીજું સ્થાન છે, તેને "અવ્યાબાધ-પૃચ્છા-સ્થાન" કહે છે.

○ अप्प-किलंताणं - ઓછી ગ્લાનિવાળા આપનો.

— અહીં अप्प અને किलंताणं બે શબ્દો છે. જેમાં अप्प એટલે 'અલ્પ કે થોડી' અર્થ છે. किलंत એટલે કૂલાંત - તેનો અર્થ છે ગ્લાનિ કે વેદના. જેને અલ્પ ગ્લાનિ કે વેદના છે તેવા આપને.

○ बहुसुभेण - ઘણાં સુખપૂર્વક.

બહુ જે શુભ તે બહુશુભ, તેના વડે એટલે કે બહુ સુખપૂર્વક.

'બહુ' એટલે ઘણું. 'શુભ' એટલે કલ્યાણકારી - સારું. ભાવાર્થથી 'આત્મિક સુખ' તેના વડે કે તેના સહિત.

○ भे - આપનો

○ दिवसो - દિવસ

○ वइक्कंतो - વીત્યો ? પસાર થયો ? વ્યતિક્રાંત થયો ?

वि + अतिक्रम् - વિશેષ ઓળંગી જવું પસાર કરવું. તેના પરથી શબ્દ બન્યો व्यतिक्रान्त. તેનો અર્થ છે - વીતી ગયેલ કે પસાર થયેલ. આ પદ दिवस ના વિશેષણરૂપે મૂકાયું છે.

○ અહીં સૂત્રમુજબ दिवसो - શબ્દ નોંધ્યો છે. પણ આ શબ્દ જે પ્રતિક્રમણમાં બોલાય, તે પ્રમાણે પરિવર્તન પામે છે. જેમકે રાત્રિ પ્રતિક્રમણ હોય તો 'राई' રાત્રિ બોલાય છે એ જ રીતે पक्खो, चउम्मासी, संवच्छरो શબ્દ તે-તે પ્રતિક્રમણ મુજબ બોલાય છે.

-○- આ પ્રમાણે બે હાથ જોડીને બોલ્યા પછી શિષ્ય, ગુરુનો ઉત્તર સાંભળવા ઇચ્છા કરે ત્યારે ગુરુ તેને "તહ"त्ति એ પ્રમાણે કહે - એટલે કે "તે પ્રમાણે જ છે" અર્થાત્ મારો દિવસ સુખપૂર્વક પસાર થયો છે.

○ अप्पकिलंताणं० - આ પદોનું રહસ્ય આ પ્રમાણે છે–

અંતઃકરણની પ્રસન્નતાપૂર્વક થતા કામમાં કંટાળો જણાતો નથી. તેથી ગ્લાનિ-શ્રમ પણ ઓછો લાગે છે. અહીં ગુરુને અલ્પ ગ્લાનિવાળા કહેવાનો હેતુ, તેઓ દિનચર્યાને પ્રસન્નતાપૂર્વક અનુસરનારા છે, એમ જણાવવાનો છે. बहुसुभ શબ્દ અવ્યાબાધ સ્થિતિ એટલે રોગાદિ પીડારહિત સ્થિતિ સૂચવવાને માટે વપરાયેલો છે. તેથી આ વાક્ય દ્વારા ગુરુને વિનયપૂર્વક એવું પૂછાય છે કે આપને ગ્લાનિ તો નથીને ? આપ શાતામાં છો ?

● **जत्ता भे ? जवणिज्जं च भे** ? આપની સંયમ યાત્રા બરાબર ચાલે છે ને ? આપનું શરીર ઇન્દ્રિયો અને મનથી પીડા તો પામતું નથી ને ?

*(અહીં બે પ્રશ્નો સાથે મૂક્યા છે તેમાં આ સૂત્રના પૃચ્છાસ્થાન પણ બે આવી જાય છે. ચોથું - સંયમયાત્રા પૃચ્છા સ્થાન, પાંચમું યાપના પૃચ્છા સ્થાન. આ બંને સ્થાનો અને બંને પ્રશ્નો અલગ હોવા છતાં તેને સાથે મૂકવાનું કારણ એ છે કે તેમાં ત્રણ આવર્ત્તોની વિધિ આવે*

*છે. આ આવર્તને જણાવવા બંને સ્થાનો સાથે મૂક્યા છે.)*

○ जत्ता - યાત્રા, સંયમ યાત્રા.

— આવશ્યક વૃત્તિમાં 'जत्ता' શબ્દની વ્યાખ્યા કરતા લખ્યું કે યાત્રા એટલે તપ અને નિયમાદિ લક્ષણવાળી યાત્રા અથવા ક્ષાયિક-મિશ્ર અને ઔપશમિક ભાવલક્ષણ સંયમ યાત્રા.

— સામાન્યથી તીર્થની મુસાફરીએ જવું તેને 'યાત્રા' કહે છે. પણ પંચમહાવ્રતધારી ગુરુને માટે સંયમ, તપ, નિયમો એ જ ભાવતીર્થરૂપે હોવાથી તેનું પાલન 'યાત્રા' સમાન છે. અથવા ક્ષાયિકાદિ ભાવોરૂપ સંયમ તેમને માટે યાત્રારૂપ છે.

— યાત્રા દ્રવ્યથી પણ હોય અને ભાવથી પણ હોય સાધુને ભાવ-યાત્રા હોય છે. સંયમનો નિર્વાહ એ ભાવયાત્રા છે અને ભાવયાત્રા એ જ સાચી યાત્રા છે. તેથી યાત્રા શબ્દથી અહીં 'સંયમયાત્રા' સમજવું.

○ જ્યારે શિષ્ય "યાત્રા-પૃચ્છા" દ્વારા આ રીતે પૂછે છે जत्ता भे ? ત્યારે ગુરુ તેને કહે છે — "तुब्भं पि वट्टए" તને પણ વર્તે છે ? અર્થાત્ મને તો તપ-સંયમની યાત્રા વૃદ્ધિ પામે છે. તને પણ તે યાત્રા વૃદ્ધિ પામતી રહેશે.

*(આ અર્થ આવશ્યક સૂત્ર-૧૦ની વૃત્તિમાં કર્યો છે. તેમજ આ સ્થાનનો તથા ગુરુના પ્રત્યુત્તરનો ઉલ્લેખ આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૮ તથા ૧૨૨૪માં છે. યાત્રાના દ્રવ્ય-ભાવ ભેદનો ઉલ્લેખ નિર્યુક્તિ-૧૨૨૩માં છે.)*

**હવે 'યાપના પૃચ્છા સ્થાન'ને જણાવીએ છીએ—**

○ जवणिज्जं - ઇન્દ્રિયો અને મનના ઉપશમ વગેરે પ્રકારો વડે યુક્ત, વ્યાબાધા રહિત.

— આવશ્યક વૃત્તિમાં જણાવે છે કે, યાપનીય એટલે ઇન્દ્રિય-નોઇન્દ્રિય ઉપશમનાદિ પ્રકારથી અને અબાધિતરૂપે જાણવી.

— યોગશાસ્ત્રવૃત્તિમાં કહ્યા મુજબ - આ પ્રશ્ન - "નિગ્રહ કરવા લાયક પદાર્થ સંબંધી કુશળતા પૂછવા માટે શિષ્ય કરે છે.

— હે ભગવંત ! આપને ઇન્દ્રિય અને કષાયો ઉપશમમાં વર્તે છે ?

— ઇન્દ્રિય અને કષાયો ઉપઘાત-રહિત હોય અર્થાત્ વશમાં વર્તતા હોય તે 'યાપનીય' કહેવાય છે. (જો કે બાહ્ય તપના સંલીનતા નામક તપમાં ઇન્દ્રિય જય અને કષાયજયનું વિધાન છે એટલે આ પૃચ્છાને તપસંબંધી પૃચ્છા પણ કહી શકાય છે.)

○ च એટલે વળી.

○ भे એટલે આપના.

-○- શિષ્ય ભક્તિપૂર્વક આ પ્રમાણે પૂછે ત્યારે ગુરુનો વિનય કર્યો કહેવાય. ત્યારે ગુરુ આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે - 'एवं' હા, એમ જ છે. અર્થાત્ હું ઇન્દ્રિયાદિકથી અબાધિત છું.

*(આ સ્થાન, તેનો પ્રત્યુત્તર, દ્રવ્યથી તથા ભાવથી યાપના એ બે ભેદ - આ બધાંનો ઉલ્લેખ આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૮, ૧૨૨૩ અને ૧૨૨૪માં છે. તેમજ આવશ્યક સૂત્ર-*

*૧૦ની વૃત્તિમાં પણ છે.)*

**૦ આ બંને પ્રશ્નોની ઉચ્ચારણ પદ્ધતિ અને આવર્ત્ત ક્રિયા–**

– 'અ-હો-કા-યં-કા-ય' પદોની માફક "જત્તા ભે જવણિજ્જં ચ ભે"ની પણ વિશિષ્ટ ઉચ્ચારણ પદ્ધતિ છે, આ પદો બોલતી વેળા પણ ત્રણ આવર્ત્ત થાય છે.

'ज' બંને હથેળી ઊંધી રાખી, રજોહરણની દસીનો (ગુરુના ચરણનો) સ્પર્શ કરતા પણ અનુદાત્ત સ્વરે બોલવો.

त्ता - બંને હથેળી ચત્તી રાખી લલાટ તરફ લઈ જતાં વચ્ચે અટકીને સ્વરિત સ્વરે આ વર્ણ બોલવો.

*અહીં અવળી હથેળી સવળી કરી લલાટ તરફ લઈ જતાં - આ પ્રમાણે જ વિધાન છે. પણ હાથને ઘુમાવવાનું કે "ગુરુ ચરણની ધારણારૂપ" રજોહરણથી દૂર લઈ જવાનું કોઈ વિધાન નથી, પણ રજોહરણથી લલાટ વચ્ચે સીધું જ હથેળી સવળી કરવી તે પ્રકારનું વિધાન છે. માટે તે પ્રમાણે જ આવર્ત્ત કરવા.*

भे - દૃષ્ટિ ગુરુ સન્મુખ રાખી બંને હાથની દશે આંગળીઓથી લલાટના મધ્યભાગને સ્પર્શતા ઉદાત્ત સ્વરથી આ વર્ણ બોલે.

આ જ રીતે અનુદાત્ત સ્વરે, ચરણ સ્થાપનાને સ્પર્શતા 'ज' બોલે, સ્વરિત સ્વરે મધ્યમાં ચત્તા હાથે 'व' બોલે, ઉદાત સ્વરે લલાટે સ્પર્શતા 'णि' બોલે. એ રીતે બીજું આવર્ત્ત પુરું થશે.

ત્યારપછી ત્રીજા આવર્ત્તમાં પણ પહેલા આવર્ત્તની માફક - અનુદાત્ત સ્વરપૂર્વક ज्जं બોલે, ત્યારે બંને હથેળી અવળી રાખીને રજોહરણને સ્પર્શે. પછી હથેળી રજોહરણ સન્મુખ જ સવળી કરે અને લલાટ તરફ લઈ જતાં મધ્યમાં 'च' વર્ણ સ્વરિત સ્વરે બોલે, પછી ઉદાત્ત સ્વરે અને લલાટમાં સ્પર્શતા 'भे' બોલે. એ પ્રમાણે બીજા ત્રણ આવર્ત્ત પુરા થશે.

**૦ છ આવર્ત્ત** - ગુરુવંદન જેને વાંદણા કહે છે, તે હંમેશા બે વખત સાથે જ અપાય છે. પહેલી વખતના વંદન 'અહોકાયંકાય'માં ત્રણ આવર્ત્ત થશે અને 'જવણિજ્જં ચ ભે'માં ત્રણ આવર્ત્ત થશે. એ રીતે કુલ છ આવર્ત્ત થશે. બે વખતના વાંદણામાં છ અને છ મળીને કુલ બાર આવર્ત્ત થશે. *(આ પ્રમાણે આવશ્યકવૃત્તિમાં તથા ગુરુવંદન ભાષ્ય-વિવેચનમાં જણાવે છે. જો કે પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકામાં આવર્ત્તની ગણના જુદી રીતે બતાવેલ છે.)*

**૦ હવે વંદનસૂત્રનું છેલ્લું અને છટ્ઠુ સ્થાન બતાવે છે. તે આ પ્રમાણે –** 'અપરાધ ક્ષમાપન સ્થાન'. વંદનસૂત્રમાં "ખામેમિ-ખમાસમણો"થી આરંભીને "અપ્પાણં વોસિરામિ" પદોથી જ્યાં વંદન સૂત્ર પુરુ થાય છે, ત્યાં સુધીનો સમગ્ર પાઠ "અપરાધ ક્ષમાપના સ્થાન" નામે ઓળખાય છે. – *તેનું વિવેચન કરતા પહેલા બે વખત કરાતા વંદન-વાંદણા વિશે એક સ્પષ્ટતા જરૂરી છે –*

વાંદણા બે વખત સાથે અપાય છે. તેમાં પહેલી વખત વાંદણા આપે ત્યારે અવગ્રહમાં પ્રવેશ કરી વાંદણા આપી હવે પછી કહેવાનાર 'आवस्सिआए' પદ બોલીને

અવગ્રહની બહાર નીકળવાનું હોય છે, ફરી મિત અવગ્રહમાં પ્રવેશવાની આજ્ઞા લઈને બીજી વખત વાંદણા આપવામાં આવે છે, પણ બીજી વખત હવે પછીનો આખો પાઠ અવગ્રહમાં રહીને જ બોલવાનો હોય છે. તેથી आवस्सिआए પદ બોલાતું નથી.

સારાંશ એ કે હવે પછીનો સંપૂર્ણ પાઠ બીજા વાંદણામાં અવગ્રહમાં રહીને જ બોલાય છે. જ્યારે પહેલા વાંદણામાં આ પાઠ आवस्सिआए બોલ્યા પછી અવગ્રહ બહાર જઈને બોલાય છે.

● **खामेमि खमासमणो ! देवसिअं वइक्कमं** - હે ક્ષમાશ્રમણ ! દિવસ સંબંધી મારો જે કંઈ અપરાધ થયો હોય તેની હું ક્ષમા માંગુ છું - ખમાવું છું.

○ खामेमि - ખમાવું છું, માફી માંગુ છું.

○ खमासमणो - હે ક્ષમાશ્રમણ !

— આ શબ્દનું વિવેચન સૂત્ર-૩ "ખમાસમણ"માં જોવું.

○ देवसिअं - દિવસ સંબંધી, દિવસમાં થયેલો તે દૈવસિક.

○ वइक्कमं - વ્યતિક્રમને, અપરાધને.

— યોગશાસ્ત્ર વૃત્તિમાં જણાવે છે કે, "અવશ્ય કરવા યોગ્ય યોગની વિરાધનારૂપ અપરાધ તે વ્યતિક્રમ કહેવાય છે.

-૦- આ સમગ્ર વાક્યનો અર્થ આ પ્રમાણે છે - હે ક્ષમા આદિ ગુણયુક્ત શ્રમણ ! આજે આખા દિવસમાં અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોમાં થયેલ વિરાધનારૂપ મારા અપરાધોને ખમાવું છું - આપની પાસે તેની ક્ષમા માંગુ છું. *(ત્યારે ગુરુ તેને કહે છે—)*

अहमवि खामेमि - હું પણ તને ખમાવું છું અર્થાત્ પ્રમાદથી આખા દિવસમાં તારા પ્રત્યે હિતશિક્ષા આદિમાં પણ અવિધિ આદિ કરવા રૂપ જે કોઈ અપરાધ થયો હોય તેને હું ખમાવું છું.

*આટલો વિધિ થયા પછી પગ પાછળની ભૂમિ પ્રમાર્જન કરીને 'આવસ્સિઆએ' પદ બોલતા અવગ્રહમાંથી બહાર નીકળે.*

● **आवस्सिआए** - આવશ્યક ક્રિયા માટે.

— આવશ્યક કરવાના હેતુથી હું અવગ્રહની બહાર નીકળું છું.

— અહીં 'આવસ્સિઆએ' પદ નિષ્ક્રમણ ક્રિયાના નિર્દેશ માટે મૂકાયેલું છે. પણ બીજી વખતના વાંદણામાં અવગ્રહની બહાર નીકળવાનું હોતું નથી, માટે તેમાં 'આવસ્સિઆએ' પદ બોલાતું નથી.

— આવશ્યકી એટલે 'આવશ્યક સંબંધી' આવશ્યકને લગતી.

— અવશ્ય કરવા યોગ્ય તે 'આવશ્યક'.

— અહીં आवश्यकसूत्र- ૧૦ની વૃત્તિમાં જુદી જ રીતે અર્થ કરાયો છે —

"ત્યારપછી શિષ્ય પ્રણામ કરીને જ ખમાવીને આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય પ્રાયશ્ચિત્ત વડે આત્માની શુદ્ધિ કરે, "ફરી હું એવો અપરાધ નહીં કરું અને આત્માની શુદ્ધિ કરીશ" એવી બુદ્ધિથી અવગ્રહમાંથી બહાર નીકળતો "આવસ્સિઆએ"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલે. અવશ્ય અર્થાત્ ચરણસિત્તરી કરણસિત્તરી રૂપ અવશ્ય કરવા યોગ્ય કાર્યોને અંગે જે અયોગ્ય વર્તન થયું હોય તેનું – *(પ્રતિક્રમણ કરું છું.)*

– *હવે 'पडिक्कमामि' થી जो मे अइआरो कओ સુધીનો પાઠ બોલે.*

● **पडिक्कमामि** - હું પ્રતિક્રમણ કરું છું.

– જે અસાધુ (સાધુને યોગ્ય નહીં તેવું) અનુષ્ઠાન-આચરણ કર્યું હોય તે દોષોનું પ્રતિક્રમણ કરું છે - તે દોષથી હું પાછો ફરું છું.

– સામાન્ય રૂપે આટલું કહ્યું હવે વિશેષથી સ્પષ્ટરૂપે કહે છે –

● **खमासमणाणं** - ક્ષમાશ્રમણની, ગુરુની.

– ગુરુ પ્રત્યે આખા દિવસમાં કરેલી.

● **देवसिआए** - દિવસ સંબંધી, આખા દિવસમાં કરેલી.

● **आसायणाए** - આશાતના વડે.

– જ્ઞાનાદિ લાભોનું જે ખંડન અથવા જેનાથી ખંડન થાય, તે 'આશાતના' કહેવાય છે, તેના વડે.

● **तित्तीसन्नयराए** - તેત્રીશમાંથી કોઈપણ એક, બે આદિથી

– આશાતનાની સંખ્યા જણાવતું એવું આ વિશેષણ છે.

-૦- સમગ્ર વાક્યનો સાર :-

"દિવસ દરમિયાન આપ ક્ષમાશ્રમણની તેત્રીશમાંથી કોઈપણ આશાતના થઈ હોય તેનું - (જ્ઞાનાદિ લાભોને નાશ કરનારી શાતના, ખંડના, આશાતના થવા વડે થયેલા અપરાધોનું) હું પ્રતિક્રમણ કરું છું. (આવી આશાતના તેત્રીશ પ્રકારે કહી છે. તેમાંથી કોઈપણ એક, બે, ત્રણ અથવા અધિક - જેટલી આશાતનાઓ થયેલી હોય તેનું)

**૦ તેત્રીશ આશાતનાઓ** - (ગુરુની ૩૩ આશાતના)

– આવશ્યક સૂત્ર વૃત્તિમાં આ તેત્રીશ આશાતનાઓ માટે માત્ર સૂચના આપી કહ્યું છે – यता दशासु - અર્થાત્ જે રીતે દશાશ્રુતસ્કંધ નામક છેદસૂત્ર આગમમાં ત્રીજી દશામાં સૂત્ર-૪માં બતાવેલી આશાતના.

– આવશ્યક સૂત્ર-૨૭ની વૃત્તિમાં પણ આ ૩૩ આશાતનાનું વર્ણન છે.

– આ આશાતનાનું વર્ણન યોગશાસ્ત્ર પ્રકાશ-૩ની વૃત્તિમાં પણ છે.

– પ્રવચન સારોદ્ધારમાં વંદન દ્વારમાં શ્લોક ૧૨૯ થી ૧૩૧માં પણ આ આશાતનાઓનું વર્ણન આવે છે.

– ગુરુવંદન ભાષ્યની ગાથા ૩૫ થી ૩૭માં પણ વર્ણન છે.

(૧) પુરોગમન - ગુરુની આગળ નિષ્કારણ ચાલવું. આ રીતે ચાલતા શિષ્યને વિનયભંગ થવારૂપ આશાતના લાગે છે. માર્ગ બતાવવા કે કોઈ વૃદ્ધ, અંધ આદિને સહાય કરવા આગળ ચાલે તો દોષ નથી.

(૨) પક્ષગમન :- ગુરુની પડખે-પડખે કે નજીકમાં નિષ્કારણ ચાલવું તે.

(૩) પૃષ્ઠગમન :- ગુરુની પાછળ તદ્દન નજીક નિષ્કારણ ચાલવું તે.

– આ રીતે નજીક આજુબાજુ કે પાછળ ચાલવાથી નિશ્વાસ, છીંક, શ્લેષ્મ

વગેરે લાગવાનો સંભવ છે તેથી આશાતના થાય છે.

(૪) પુરઃસ્થ :- ગુરુની આગળ નિષ્કારણ ઉભા રહેવું.

(૫) પક્ષઃસ્થ :- ગુરુની પડખે-નજીકમાં નિષ્કારણ ઉભા રહેવું.

(૬) પૃષ્ઠસ્થ :- ગુરુની પાછળ - નજીકમાં નિષ્કારણ ઉભા રહેવું.

(૭) પુરોનિષીદન :- ગુરુની આગળ નિષ્કારણ બેસવું.

(૮) પક્ષનિષીદન :- ગુરુની પડખે-નજીકમાં નિષ્કારણ બેસવું.

(૯) પૃષ્ઠનિષીદન :- ગુરુની પાછળ-નજીકમાં નિષ્કારણ બેસવું.

** ચાલવું, ઉભવું, બેસવું એ રીતે આગળની-પાછળની, પડખાની ત્રણ-ત્રણ આશાતના થઈ આ ત્રણ ત્રિકથી નવ આશાતના થઈ.*

(૧૦) આચમન :- ગુરુની સાથે ઉચ્ચારભૂમિ - સ્થંડિલ ભૂમિ ગયેલ શિષ્ય ગુરુના પહેલા આચમન અર્થાત્ દેહશુદ્ધિ કરે. આહારાદિ વખતે પણ પહેલા મુખાદિ શુદ્ધિ કરવાથી થતી આશાતના.

(૧૧) આલોચના :- બહારથી ઉપાશ્રયે ગુરુની સાથે આવ્યા છતાં ગુરુની પહેલાં ગમનાગમનની આલોચના કરે.

(૧૨) અપ્રતિશ્રવણ :- કોણ ઊંઘે છે, કોણ જાગે છે ? એ પ્રમાણે રાત્રે ગુરૂ પૂછે ત્યારે શિષ્ય જાગતો હોય તો પણ જાણે સાંભળતો ન હોય તેમ જવાબ ન આપે.

(૧૩) પૂર્વાલાપન :- કોઈ આવેલ ગૃહસ્થાદિકને ગુરુએ બોલાવ્યા પહેલા પોતે બોલે - પહેલા જ વાતચીત કરે.

(૧૪) પૂર્વાલોચન :- ગોચરી-આહારાદિ લાવીને પ્રથમ બીજા કોઈ સાધુ આગળ તે ગોચરી આલોચે (અથવા ત્યાર પછી ગુરુ આગળ ગોચરી આલોચે. *(આશાતના ૧૧ અને ૧૪માં એક જ ભેદ છે. ૧૧માં ગમનાગમનની આલોચના છે, ૧૪માં ગૌચરીની આલોચના છે.)*

(૧૫) પૂર્વોપદર્શન :- લાવેલી ગૌચરી ગુરુને દેખાડ્યા પહેલાં બીજા કોઈ સાધુને દેખાડે.

(૧૬) પૂર્વ નિમંત્રણ :- લાવેલ આહાર-પાણી વાપરવા માટે પહેલાં બીજા સાધુઓને નિમંત્રણ કરે-બોલાવે, પછી ગુરુને નિમંત્રણ કરે.

(૧૭) ખદ્ધદાન :- આહાર લાવીને ગુરુની આજ્ઞા વિના પોતે જ બીજા સાધુઓને જેમ યોગ્ય લાગે તેમ મધુર સ્નિગ્ધ આદિ-ખાદ્ય આહાર યથાયોગ્ય દાન-વહેંચી આપે તે.

(૧૮) ખદ્ધાદાન :- આહાર લાવીને ગુરુને કંઈક થોડો આપીને જે સ્નિગ્ધ અને મધુર આહાર ઉત્તમ દ્રવ્યોનો બનેલો હોય તે પોતે વાપરે. (ખદ્ધ-ખાદ્ય મધુર આહાર, અદન-ખાવું તે.)

(૧૯) અપ્રતિશ્રવણ :- દિવસના પણ ગુરુ બોલાવે ત્યારે ન બોલવું.

(૨૦) ખદ્ધભાષણ :- કઠિન, કર્કશ અને મોટા ઘાંટા પાડીને ગુરૂ સાથે ખદ્ધ એટલે પ્રચૂર બોલવું.

(૨૧) તત્રગત ભાષણ :- ગુરૂ બોલાવે ત્યારે શિષ્ય 'મત્થએણ વંદામિ' કે 'જી' અથવા 'હા જી' ઇત્યાદિ વચન બોલી, તુરંત ઉઠીને ગુરૂ પાસે જઈ ગુરુ શું કહે છે તે નમ્રતાથી સાંભળવું જોઈએ. તેને બદલે પોતાને આસને બેઠા બેઠા જ જવાબ આપે.

(૨૨) કિંભાષણ :- ગુરુ બોલાવે ત્યારે કેમ ? શું છે ?, શું કહો છો ? ઇત્યાદિ બોલે. કેમકે ગુરુ બોલાવે ત્યારે શિષ્ય "જી" ઇત્યાદિ વચનો નમ્રતાપૂર્વક બોલવા જોઈએ અને "આજ્ઞા ફરમાવો" ઇત્યાદિ વાક્યો નમ્રતાપૂર્વક બોલવા.

(૨૩) તું ભાષણ :- ગુરુને "ભગવંત, શ્રી, પૂજ્ય, આપ" ઇત્યાદિ માનવાચક - બહુવચનવાળા શબ્દોથી બોલાવવા જોઈએ, તેને બદલે તું, તને, તારા ઇત્યાદિ તોછડાઈવાળા, એકવચનવાળા શબ્દોથી 'તુંકારે' બોલાવે.

(૨૪) તજ્જાત ભાષણ :- ગુરુ શિષ્યને કહે કે આ ગ્લાન સાધુની વૈયાવચ્ચ કેમ કરતો નથી ? તું બહુ આળસુ છે. ત્યારે શિષ્ય સામું કહે કે તમે પોતે જ કેમ વૈયાવચ્ચ કરતા નથી ? તમે પોતે જ આળસુ થઈ ગયા છો. ઇત્યાદિ રીતે ગુરુ જે શિખામણ વચન કહે તે જ વાક્ય-વચન પ્રમાણે ગુરુને પ્રત્યુત્તર આપે તે તજ્જાત ભાષણ કે તજ્જાત વચન આશાતના.

(૨૫) નોસુમન :- ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે, "અહો આપે આ ઉત્તમ વચન કહ્યું." ઇત્યાદિ પ્રશંસા વચનો ન કહે તેમજ તે ધર્મકથનથી પોતાને સારી અસર થઈ છે એવો હર્ષભાવ કે આશ્ચર્યભાવ પણ ન દર્શાવે, પણ મનમાં જાણે દુભાતો હોય તેમ વર્તે તે નોસુમન આશાતના.

(૨૬) નોસ્મરણ :- ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે "તમને આ અર્થ સમરણમાં - યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય." ઇત્યાદિ રીતે આશાતના.

(૨૭) કથા છેદ :- ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે - શ્રોતાને એમ કહે કે હું તમને પછીથી સારી રીતે સમજાવીશ ઇત્યાદિ કહીને અથવા તે કથા પુનઃ સમજાવીને ચાલતી કથામાં વ્યાઘાત કરે.

(૨૮) પરિષદ્ ભેદ :- ગુરુ ધર્મકથા કહેતા હોય અને શ્રોતા પણ કથાના રસમાં એક તાન થયા હોય, તેટલામાં શિષ્ય કહે – "હવે ક્યાં સુધી ધર્મકથન લંબાવશો ? ગૌચરી વેળા થઈ ગઈ છે અથવા પૌરિસિનો અવસર થયો છે. ઇત્યાદિ કહી શ્રોતાનો ચિત્તભંગ કરે અથવા એવું કંઈ કહે કે સભા ભેગી જ ન થાય.

(૨૯) અનુત્થિત કથા :- ગુરુએ ધર્મકથા પુરી કરી હોય, પણ પર્ષદા હજી ઉઠી ગઈ ન હોય, તેટલામાં પોતાની ચતુરાઈ દર્શાવવા ગુરૂએ વ્યાખ્યાનમાં કહેલી કથાનો અથવા અર્થનો વિશેષ વિસ્તાર કહી બતાવે તે આશાતના.

(૩૦) સંથારપાદઘટ્ટન - ગુરુની શય્યાને, સંથારાને આદિને પોતાનો પગ લગાડવો, આજ્ઞા વિના તેને હાથ લગાડવો તથા તેમ થયા કે કર્યા પછી પણ ગુરુને તે દોષ ખમાવે નહીં તો આશાતના.

– કેમકે ગુરુની માફક તેમના ઉપકરણ પણ પૂજ્ય છે માટે શિષ્યનો ધર્મ છે કે ગુરુના ઉપકરણને પણ પગ વગેરે લગાડવો નહીં કે આજ્ઞા વિના સ્પર્શ કરવો નહીં,

જો સ્પર્શ થઈ જાય તો "ફરીથી એમ નહીં કરું" એમ બોલી અપરાધ ખમાવવો.

(૩૧) સંથારાવસ્થાન :- ગુરુની શય્યા તથા સંથારા આદિ ઉપર ઉભા રહેવું. (ઉપલક્ષણથી બેસવું, સૂવું તે આશાતના)

(૩૨) ઉચ્ચાસન :- ગુરુ કરતાં અથવા ગુરુની આગળ તેમના કરતાં ઉંચા આસન પર બેસવું તે.

(૩૩) સમાસન :- ગુરુના અથવા ગુરુની પાસે સરખા આસને બેસવું તે.

આ પ્રમાણે ગુરુની તેત્રીશ આશાતનાનું વર્જન કરવું.

**૦ આશાતના સંબંધે કિંચિત્ વિશેષ કથન :-**

*(૧) ઉક્ત આશાતના વર્ણન અમે ગુરુવંદન ભાષ્યાનુસાર કર્યું છે, આવશ્યક વૃત્તિ, પ્રવચન સારોદ્ધાર, દશાશ્રુતસ્કંધ, યોગશાસ્ત્ર આદિમાં આ તેત્રીશ આશાતના છે, પણ ક્રમાદિમાં થોડો ફેરફાર છે.*

*(૨) આવશ્યક સૂત્ર-૨૮માં આ આશાતના જુદી રીતે કહી છે. વૃત્તિકારે બંને પ્રકારની આશાતનાનો ઉલ્લેખ કર્યો છે.*

(૩) આવશ્યક સૂત્ર-૨૮માં કહેવાયેલી આશાતના આ પ્રમાણે છે–

(૧) અરિહંતોની, (૨) સિદ્ધોની, (૩) આચાર્યોની
(૪) ઉપાધ્યાયોની, (૫) સાધુની (૬) સાધ્વીની
(૭) શ્રાવકોની (૮) શ્રાવિકાઓની (૯) દેવોની
(૧૦) દેવીઓની (૧૧) આલોકની (૧૨) પરલોકની
(૧૩) કેવલીપ્રજ્ઞપ્ત ધર્મની (૧૪) ત્રણે લોક વિષયક
(૧૫) સર્વ પ્રાણ-ભૂત-જીવ અને સત્ત્વ સંબંધી
(૧૬) કાળ સંબંધી (૧૭) શ્રુત સંબંધી (૧૮) શ્રુત દેવતાની
(૧૯) વાચનાચાર્યની *(હવે પછીની ૧૪ શ્રુતવિષયક છે)*
(૨૦) જં વાઇદ્ધં - સૂત્રાદિમાં અસ્તોવ્યસ્ત કરવું
(૨૧) વચ્ચામેલિયં - જુદા જુદા પાઠો મેળવી મૂળ સૂત્ર બદલવું.
(૨૨) અક્ષર ન્યૂન કરવો (૨૩) અક્ષર અધિક કરવો
(૨૪) પદ ઘટાડવું (૨૫) વિનયહીનતા (૨૬) ઘોષહીનતા
(૨૭) યોગ વહન ન કરવા (૨૮) યોગ્યતાહીનને વધુ ભણાવવું
(૨૯) કલુષિત ચિત્તે સૂત્રાદિ ગ્રહણ કરવા કે ભણવું.
(૩૦) અકાલે સ્વાધ્યાય કરે (૩૧) કાળે સ્વાધ્યાય ન કરે
(૩૨) અસ્વાધ્યાયિક સ્થિતિમાં પણ સ્વાધ્યાય કરે
(૩૩) સ્વાધ્યાયિક સ્થિતિમાં સ્વાધ્યાય ન કરે.

*આવશ્યક સૂત્રોક્ત આ તેત્રીશ આશાતનાનું વિવેચન આવશ્યક સૂત્રની ચૂર્ણિ અને વૃત્તિમાં સારી રીતે અપાયેલ છે. તેમજ આવશ્યક ભાષ્ય ૨૧૩ થી ૨૧૫માં પણ તેનું વિવરણ છે.*

*– આ સિવાય ગુરુની જઘન્યાદિ ત્રણ આશાતના, સ્થાપના સંબંધી ત્રણ*

*આશાતના, દ્રવ્યાદિ ભેદે ચાર આશાતના પણ જોવા મળે છે.*

● **जं किंचि मिच्छाए** - જે કોઈ મિથ્યાભાવરૂપ આશાતના થઈ હોય, તેના વડે.

○ जंकिंचि - જે કાંઈ

○ मिच्छाए - મિથ્યાભાવથી

– આ પદ આશાતનાનું વિશેષણ હોવાથી તૃતિયામાં છે.

– યોગશાસ્ત્ર વિવરણમાં કહે છે કે, "જે કાંઈ ખરાબ કે ગમે તેવું નિમિત્ત પકડીને ખોટા ભાવથી કરી હોય, તેવી આશાતનાથી.

● **मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए** - મન સંબંધી, વચન સંબંધી અને શરીર સંબંધી પાપ-દુષ્કૃત રૂપ

○ मणदुक्कडाए - મન વડે કરાયેલી દુષ્કૃતરૂપ આશાતનાથી.

– દુષ્ટ મનથી પ્રદ્વેષાદિ કરવા દ્વારા.

– મન વડે કરાયેલી દુષ્ટતા તે મનની દુષ્ટતા, તેના વડે અર્થાત્ પ્રદ્વેષ આદિ ભાવો વડે કરાયેલી આશાતનાથી.

○ वयदुक्कडाए - વાણી વડે કરાયેલી દુષ્કૃતરૂપ આશાતનાથી.

– દુષ્ટ વચનથી, અસભ્ય-કઠોર વચનાદિ બોલવા દ્વારા.

– વાગ્-વાચાની દુષ્કૃતતા વડે અર્થાત્ સભ્યતારહિત, ક્રુર, કઠોર આદિ વચનના વ્યવહારોથી થયેલી આશાતના.

○ कायदुक्कडाए - કાયા વડે કરાયેલ દુષ્કૃતરૂપ આશાતનાથી

– કાયાથી નજીકમાં કે પાસે ચાલવું, બેસવું વગેરે દુષ્ટ કાયિક પ્રવૃત્તિ દ્વારા થયેલી આશાતનાઓથી.

– આસન, ગમન, સ્થાનાદિ નિમિત્તે થયેલું કાયાનું દુષ્ટ પ્રવર્તન, તે કાયાની દુષ્ટતા, તે રૂપ આશાતના વડે.

*આ આશાતનાને જ સૂત્રકાર આગળ પેટા ભેદે જણાવે છે –*

● **कोहाए माणाए मायाए लोभाए** - ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી થયેલી આશાતનાઓ વડે.

– ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર પદો આશાતનાના વિશેષણો છે અર્થાત્ ક્રોધાદિ ચારે કષાયો દ્વારા "વિનય ચૂકવો" ઇત્યાદિ રૂપે ગુરુની આશાતના કરી હોય.

– ક્રોધાદિ ચારે કષાયોનું સ્વરૂપ સૂત્ર-૨ 'પંચિંદિય'માં જોવું.

*-o- આ બધી દિવસે (કે રાત્રે) કરેલી આશાતનાઓ કહી. હવે પખવાડિયું, ચોમાસુ કે વર્ષમાં કરેલી તથા આ ભવમાં કે અન્ય ભવોમાં કરેલી, કરાતી કે થનારી - ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની સઘળી આશાતના માટે સૂત્રકાર કહે છે–*

● **सव्वकालिआए** - સર્વકાળ સંબંધી આશાતનાથી

– સર્વકાળમાં ઉત્પન્ન થયેલી તે સર્વ કાલિકી આશાતના.

– સર્વકાળમાં ભૂત-વર્તમાન અને ભાવિ એ ત્રણે કાળનો સમાવેશ થાય છે.

જેમાં ભાવિકાળની આશાતના એટલે ગુરુ વિશે ખોટા તર્કવિતર્કો કરવાથી કે તેમનું ભાવિ અહિત ચિંતવવાથી આ આશાતના થાય છે.

— ભૂતકાળમાં જે-જે આશાતનાઓ કરી હોય તે.

— વર્તમાનકાળમાં જે-જે આશાતનાઓ થતી હોય તે

— ભવિષ્યકાળમાં એટલે - આવતી કાલે અથવા અમુક સમયે હું ગુરુ પ્રત્યે અમુક અમુક અનિષ્ટ વર્તન કરીશ વગેરે વિચારણા તે ભવિષ્યકાળની આશાતના.

— એ પ્રમાણે ભવાંતરમાં તેઓનો વધ વગેરે કરવાનું નિયાણું કરવું ઇત્યાદિ અન્ય જન્મ સંબંધી આશાતના.

*આ જ આશાતના સંબંધે આગળ જણાવે છે કે—*

● **सव्वमिच्छोवयाराए** - સર્વ મિથ્યા ઉપચાર સંબંધી.

— બધી જાતના મિથ્યા ઉપચાર-આચારથી પૂર્ણ એવી.

— मिथ्या - એટલે ખોટું.

— उपचार એટલે માયા કપટથી કરાતું આચરણ તેના વડે જે આશાતના થાય.

— આવશ્યક વૃત્તિકાર કહે છે કે, જેમાં માયા સ્થાનયુક્ત ક્રિયા વિશેષ - પ્રવૃત્તિ રહેલી હોય તે મિથ્યોપચાર કહેવાય.

● **सव्वधम्माइक्कमणाए** - સર્વ ધર્મને ઓળંગવાથી જે આશાતના થઈ હોય તે.

— સર્વ ધર્મના અતિક્રમણવાળી આશાતના વડે.

○ सव्व - એટલે બધાં પ્રકારના.

○ धम्म - એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ યુક્ત અષ્ટ પ્રવચન માતા અથવા સામાન્યથી કરવા યોગ્ય એવી પ્રવૃત્તિ કે આચરણા વિશેષ.

○ अइक्कमण - એટલે ઉલ્લંઘન, ઓળંગવું તે.

— યોગશાસ્ત્ર વૃત્તિમાં તેનો આવો જ અર્થ કરતા કહે છે કે—

આઠ પ્રવચન માતાના પાલનમાં અથવા સામાન્ય સંયમની આરાધનાના કાર્યોરૂપ ધર્માનુષ્ઠાનમાં ઉલ્લંઘન કરવારૂપ અર્થાત્ વિરાધના રૂપ - ઇત્યાદિ.

● **आसायणाए** - આશાતનાઓ વડે.

— આશાતના શબ્દ આ સૂત્રમાં જ પૂર્વે આવેલ છે.

— આશાતનામાં બે પ્રકારે તેત્રીશ આશાતના થાય તેનો ઉલ્લેખ પૂર્વે કરાયેલ છે. તે આશાતનાઓ તથા

— અહીં સૂત્રમાં કહેવાયેલી ગુરુ સંબંધી સર્વ આશાતના.

*✱ આશાતના ગુરુસંબંધી પણ હોય અને દેવસંબંધી પણ હોય. પરંતુ આ સૂત્ર "ગુરુવંદન-સૂત્ર" હોવાથી અહીં માત્ર ગુરુ વિષયક આશાતનાનો જ ઉલ્લેખ જાણવો.*

● **जो मे अइआरो कओ** - જે મેં અતિચાર કર્યો.

— આ વાક્યનો સંબંધ પૂર્વોક્ત આશાતનાઓ સાથે છે. તેનો અર્થ છે - ઉક્ત આશાતનાઓ વડે મેં અથવા મારા વડે જે કંઈ અતિચાર-દોષ કર્યો કે થયો હોય.

○ जो - જે, જે કોઈ ○ मे - મેં, મારા વડે

○ अइआर - અતિચાર, વિરુદ્ધ આચરણ

○ कओ - કર્યો હોય (કે થયો હોય)

*– એ સર્વે આશાતનાથી થયેલ અતિચાર માટે શું કરવું ? તે કહે છે–*

● **तस्स खमासमणो पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि** તેને હે ક્ષમાશ્રમણ ! હું પડિક્કમુ છું, નિંદુ છું, ગર્હું છું, વોસિરાવું છે.

○ तस्स - તેનું, આશાતના જન્ય તે અતિચારોનું

*– 'અતિચાર' શબ્દના વિવેચન માટે જુઓ સૂત્ર-૫, સૂત્ર-૨૭*

○ खमासमणो - હે ક્ષમાશ્રમણ !

*- આ શબ્દ આ સૂત્રમાં પૂર્વે આવેલ છે.*

○ पडिक्कमामि - (આપની અર્થાત્ ગુરુની સાક્ષીએ) પ્રતિક્રમણ કરું છું. અર્થાત્ ફરીથી નહીં કરવાના નિશ્ચયપૂર્વક એ અપરાધોથી મારા આત્માને પાછો હઠાવું છું.

*– આ શબ્દના વિવેચન માટે જુઓ સૂત્ર-૫ "ઇરિયાવહી૰", સૂત્ર-૯ "કરેમિ ભંતે"*

○ निंदामि - અપરાધો રૂપ તે દુષ્ટ કાર્ય કરનારા મારા ભૂતકાલિન આત્માની (પર્યાયોની) સંસારથી વિરક્ત થયેલા મારા પ્રશાંત ચિત્ત (વર્તમાનકાલીન શુદ્ધ અધ્યવસાયો) વડે નિંદા કરું ચું.

*– આ શબ્દના વિવેચન માટે જુઓ સૂત્ર-૯ "કરેમિ ભંતે"*

○ गरिहामि - દુષ્ટ કાર્ય કરનારા મારા તે આત્માની (પર્યાયોની) આપની સાક્ષીએ ગર્હા કરું છું.

*– આ શબ્દના વિવેચન માટે જુઓ સૂત્ર-૯ "કરેમિ ભંતે"*

○ अप्पाणं वोसिरामि - મારા તે દુષ્ટ આત્માને અનુમોદના નહીં કરવા રૂપે તજુ છું - વોસિરાવું છું અર્થાત્ અયોગ્ય કર્યું છે તેમ કબૂલ કરું છું.

*– આ શબ્દના વિવેચન માટે જુઓ સૂત્ર-૯ 'કરેમિભંતે".*

**○ સૂત્રાંતે વિશેષ સૂચના :-**

– વાંદણા બે વખત જોડે જ અપાય છે, પરંતુ પ્રથમ વખતે વંદન સૂત્રમાં निसीहि બોલી અવગ્રહમાં પ્રવેશ કરે છે, आवस्सिआए બોલી અવગ્રહમાંથી બહાર નીકળે છે. જ્યારે બીજા વંદનમાં निसीहि બોલી ફરી અવગ્રહમાં પ્રવેશ કરે છે, પણ બીજા વંદનમાં आवस्सिआए પદ બોલાતું નથી. आवश्यक सूत्र- ૧૦ની વૃત્તિમાં જણાવે છે કે, खामेमि खमासमणो ઇત્યાદિ પદો અવગ્રહમાંથી બહાર નીકળ્યા વિના જ ત્યાં રહીને જ ગુરુના ચરણ(સ્થાપના) સન્મુખ મસ્તક નમાવીને બે હાથ જોડીને ઉભા ઉભા બોલે છે.

– સૂત્રમાં જ્યાં देवसि શબ્દ છે તેને સ્થાને રાત્રિ આદિ પ્રતિક્રમણમાં તેના-તેના શબ્દો બોલે - જેમકે "રાઈ વઇક્કંતા", "પક્ખો વઇક્કંતો", "ચોમાસી વઇક્કંતા", "સંવચ્છરો વઇક્કંતો".

## ■ વિશેષ કથન :-

ગુરુ વંદન સૂત્રનું પદાનુસાર વિસ્તૃત વિવેચન કર્યું. પણ વિવેચનમાં ન કહેવાયેલી,

છતાં સૂત્ર સાથે સંબંધીત અનેક બાબતો અહીં વર્ણવાયેલ નથી, તે બાબતોને હવે "વિશેષ કથન"રૂપે રજૂ કરીએ છીએ–

आवश्यक सूत्र માં 'વંદન' નામે આખું ત્રીજું અધ્યયન છે. "વંદન" વિશે વિવેચન માટે આવશ્યક સૂત્રની નિર્યુક્તિ-૧૧૦૩ થી ૧૨૩૦ની રચના થઈ છે. તેની ચૂર્ણિ અને વૃત્તિમાં પણ "વંદન" સંબંધી વિવેચન છે. તન્મધ્યે ભાષ્ય ૨૦૪ પણ છે.

गुरुवंदनभाष्य માં પણ અનેક વિગતો છે. વંદન વિધિ વિષયક ગાથાઓ પણ જોવા મળે છે. આ બધાં સંદર્ભોમાંથી "વંદન" સાથે સંબંધીત અનેક ઉપયોગી વિગતો અહીં સમાવેલી છે. જેમકે – (૧) ગુરુવંદનના ભેદ, (૨) પાંચ પ્રકારના વંદન, (૩) વંદનને અયોગ્ય-યોગ્ય, (૪)વંદન દાતા-અદાતા, (૫) નિષેધ-અનિષેધ સ્થાનો, (૬) વંદનના કારણો, (૭) ૨૫-આવશ્યક ઇત્યાદિ અનેક વિગતો જાણવા યોગ્ય છે.

**૦ ભૂમિકા :-** ગુરુને વંદન કરતી વખતે આ સૂત્ર બોલાય છે તેથી આ સૂત્રને ગુરુવંદન સૂત્ર કહે છે. વ્યવહારમાં તે "વાંદણા" તરીકે ઓળખાય છે. ગુરુ શબ્દથી અહીં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર અને રત્નાધિક એ પાંચને ગુરુ રૂપે સમજવાનું વિધાન છે. (જે બાબતે આગળ વિસ્તારથી જણાવેલ છે.) હવે અહીં ગુરુવંદન કે તેના સાથે સંકડાયેલ વિવિધ બાબતોનું વિશેષ કથન છે.

**૦ વંદનના પર્યાયો કે નામો :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૧૦૩, પ્રવચન સારોદ્ધાર વંદન દ્વાર-ગાથા ૧૨૭, ગુરુવંદન ભાષ્ય ગાથા-૧૦ આદિમાં આ કથન આવે છે.

વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, વિનયકર્મ અને પૂજાકર્મ એ ગુરુવંદનના પાંચ નામો અથવા પર્યાયો છે. આ દરેક નામ દ્રવ્ય અને ભાવ એમ બે-બે પ્રકારે જાણવાં. આ બધાં નામો મૂળ તો પર્યાય રૂપ જ છે, પણ તેમાં વ્યુત્પત્તિ ભેદે અર્થભેદ છે.

(૧) વંદન કર્મ - પ્રશસ્ત મન, વચન, કાયા વડે વંદાય કે સ્તવના કરાય તે વંદન કર્મ.

(૨) ચિતિકર્મ - જેમાં કુશલ કર્મોનું સંચયન થાય તે ચિતિ. અને ચિતિરૂપ ક્રિયા તે ચિતિકર્મ.

કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી કુશલકર્મના સંચયના કારણરૂપ રજોહરણ આદિ ઉપધિનો સંચય તે ચિતિકર્મ નામ વંદનનો પર્યાય છે.

(૩) કૃતિકર્મ :- મોક્ષાર્થે નમન આદિ વિશિષ્ટ ક્રિયા કરવી તે કૃતિકર્મ કહેવાય છે.

(૪) પૂજાકર્મ :- પૂજવું તે પૂજા. પ્રશસ્ત મન, વચન, કાયાની ચેષ્ટા તે પૂજા. પૂજારૂપ ક્રિયા તે પૂજા કર્મ.

(૫) વિનય કર્મ :- જેના વડે આઠે પ્રકારના કર્મનો વિનાશ થાય તેવી ગુરુ પ્રત્યેની અનુકૂળ પ્રવૃત્તિ તે વિનયકર્મ.

-૦- પાંચે વંદનના દ્રવ્યથી અને ભાવથી ભેદો :-

અહીં 'દ્રવ્ય' શબ્દ અપ્રાધાન્યવાચક અને 'ભાવ' શબ્દ પ્રાધાન્યવાચક-ઉત્તમ કે શ્રેષ્ઠ અર્થવાળો ગણવો.

– "સમ્યક્ પ્રકારના ફળને ન આપી શકે એવી વંદનાદિ ક્રિયા" તે દ્રવ્યથી જાણવી અને "સમ્યક્ પ્રકારના ફળને આપી શકે તેવી વંદનાદિ ક્રિયા" ભાવથી જાણવી. (એ પ્રમાણે જોતા–)

(૧) મિથ્યાદષ્ટિ જીવની ગુરૂ સ્તવના તેમજ ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિની ગુરૂ સ્તવના તે દ્રવ્યવંદનકર્મ જાણવું.

– ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિએ કરેલી ગુરૂ સ્તવના તે ભાવવંદન જાણવું.

(૨) તાપસ વગેરે મિથ્યાદષ્ટિ જીવોની જે તાપસાદિ યોગ્ય ઉપધિ-ઉપકરણ પૂર્વક કુશળ ક્રિયા કે તેનો સંચય અને સમ્યગ્ દૃષ્ટિ જીવોની ઉપયોગ રહિત રજોહરણાદિ ઉપધિપૂર્વક કુશળ ક્રિયા તે દ્રવ્ય ચિતિકર્મ જાણવું.

– ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિની રજોહરણાદિ ઉપકરણો પૂર્વક ક્રિયા તે ભાવ ચિતિકર્મ જાણવું.

(૩) નિન્હવ વગેરે મિથ્યાદષ્ટિઓની તથા ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિની નમસ્કાર ક્રિયા તે દ્રવ્ય કૃતિકર્મ.

– ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિની નમસ્કાર ક્રિયા તે ભાવકૃતિકર્મ.

(૪) મિથ્યાદષ્ટિ અને ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિઓની મન, વચન, કાય સંબંધી ક્રિયા તે દ્રવ્ય પૂજાકર્મ.

– ઉપયોગપૂર્વક સમ્યગ્દૃષ્ટિઓની પ્રશસ્ત મન, વચન, કાયા સંબંધી ક્રિયા તે ભાવ પૂજાકર્મ.

(૫) મિથ્યાદષ્ટિ અને ઉપયોગરહિત સમ્યગ્દૃષ્ટિનો જે ગુરૂ પ્રત્યે વિનય તે દ્રવ્ય વિનયકર્મ.

– ઉપયોગપૂર્વક સમ્યગ્ દૃષ્ટિએ કરેલો ગુરુ પ્રત્યેનો વિનય તે ભાવ વિનય કર્મ.

**○ વંદનના પાંચે પર્યાયોના દૃષ્ટાંતો :-**

– આ દૃષ્ટાંત આવશ્યક નિર્યુક્તિ-૧૧૦૪ તથા તેની વૃત્તિમાં, તથા તદનુસાર પ્રવચન સારોદ્ધાર વૃત્તિ આદિમાં આપેલા છે.

(૧) वन्दन कर्म - शीतलाचार्य નું દૃષ્ટાંત :-

શ્રીપુર નગરમાં શીતલ નામના રાજાએ ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી, ગુરૂએ અનુક્રમે આચાર્ય પદવી આપી, ત્યારે તેઓ શીતલાચાર્ય નામે પ્રસિદ્ધ થયા. તે શીતલ રાજાની શ્રૃંગારમંજરી નામની બહેનને ચાર પુત્રો હતા. તેણી પોતાના પુત્રોને શીતલાચાર્ય મામાનું દૃષ્ટાંત આપી નિરંતર વૈરાગ્ય માર્ગનો ઉપદેશ આપતી. જેથી ચારે પુત્રો વૈરાગ્ય પામ્યા. કોઈ સ્થવિર પાસે દીક્ષા લીધી. ચારે સાધુ કાળક્રમે ગીતાર્થ થયા. ત્યારપછી કોઈ વખતે ગુરુની આજ્ઞા લઈ મામા શીતલાચાર્યને વંદના કરવા નીકળ્યા. જે નગરમાં શીતલાચાર્ય હતા ત્યાં પહોંચ્યા ત્યારે સંધ્યા થઈ જવાથી નગરની બહાર જ રોકાઈ ગયા. શ્રાવક દ્વારા આચાર્ય મહારાજને નગરમાં સમાચાર પહોંચાડી દીધા.

રાત્રિ દરમ્યાન કાયોત્સર્ગમાં રહેલા મુનિને શુભધ્યાનમાં કેવળજ્ઞાન પ્રાપ્તિ થઈ.

તે વાતની શીતલાચાર્યને ખબર ન પડી. પ્રભાત થયા બાદ તેમણે ભાણેજ મુનિઓની આવવાની ઘણી રાહ જોઈ, છતાં તેઓ આવ્યા નહીં. ત્યારે શીતલાચાર્ય પોતે ભાણેજ મુનિ પાસે આવ્યા. ભાણેજ મુનિઓ કેવલી હોવાથી શીતલાચાર્યનો ગુરુ તરીકે યોગ્ય સત્કાર ન કર્યો. તેથી શીતલાચાર્યએ રોષ સહિત તેમને અવિનયી અને દુષ્ટ શિષ્યો જાણીને વંદન કર્યું. આ વંદન દ્રવ્ય વંદનકર્મ જાણવું.

કેવળી મુનિઓએ કહ્યું કે, એ તો દ્રવ્યવંદના થઈ હવે તમે ભાવવંદના કરો. શીતલાચાર્ય કહે તમે શી રીતે જાણ્યું ? કેવલીએ કહ્યું, અપ્રતિપાતી જ્ઞાનથી. એમ સાંભળતા જ શીતલાચાર્યનો ક્રોધ શાંત થયો, પોતાનો અપરાધ ખમાવી પુનઃ ચારે કેવલીને ભાવથી વંદના કરી, શુભ ભાવમાં તેઓ પણ કેવલજ્ઞાન પામ્યા. આ બીજી વંદના તે ભાવ વંદનકર્મ જાણવું.

(૨) चितिकर्म - क्षुल्लकाचार्य નું દૃષ્ટાંત :-

ગુણસુંદરસૂરિ નામે આચાર્ય એક ક્ષુલ્લક (બાળમુનિ)ને સંઘની સંમતિપૂર્વક સૂરિપદે સ્થાપી કાળધર્મ પામ્યા. સર્વે ગચ્છવાસી મુનિઓ તે ક્ષુલ્લકાચાર્યની આજ્ઞામાં વર્તતા હતા. કોઈ વખત મોહનીય કર્મના પ્રબળ ઉદયે ચારિત્ર છોડવાની ઇચ્છાથી એક મુનિને સાથે લઈને ક્ષુલ્લકાચાર્ય દેહ ચિંતાના બહાને બહાર નીકળ્યા. સાથે આવેલ મુનિ વૃક્ષોના અંતરે ઉભા રહેતા તે ન જુએ તે રીતે ક્ષુલ્લકાચાર્ય એક સીધી દિશા તરફ ચાલ્યા ગયા. આગળ જતાં એક સુંદર વનમાં અનેક ઉત્તમ વૃક્ષો હોવા છતાં પણ લોકોને પીઠિકાવાળા-ચોતરાવાળા એવા એક ખીજડાના વૃક્ષને પૂજતાં જોયા. તે જોઈને ક્ષુલ્લકાચાર્યે વિચાર્યું કે આ વૃક્ષના પૂજાવામાં તેને પૂજ્ય ઠરાવીને આ બાંધેલી પીઠિકા જ કારણ છે. નહીંતર બીજા વૃક્ષોને કોઈ કેમ પૂજતા નથી !

ક્ષુલ્લકાચાર્યને મનમાં થયું કે હું તો ખીજડા સરખો નિર્ગુણ છું. ગચ્છમાં તો તિલક, બકુલ આદિ ઉત્તમ વૃક્ષ સમાન ઘણાં મુનિઓ છે. છતાં ગુરુએ તેમને આચાર્ય પદ આપવાને બદલે મને આપ્યું. આ ગચ્છના મુનિઓ પણ મને પૂજે છે, તેનું કારણ શું ? મારામાં શ્રમણપણું તો છે નહીં. પણ આ રજોહરણાદિ ઉપકરણ માત્ર રૂપ મારા ચિતિગુણ વડે અને ગુરુએ આપેલા આચાર્ય પદને કારણે તેઓ મને વંદન કરે છે. એમ વિચારી ક્ષુલ્લકાચાર્ય તુરંત પાછા વળ્યા, ઉપાશ્રયે આવ્યા. પછી પ્રાયશ્ચિત્ત અંગીકાર કરી શુદ્ધ થયા.

અહીં ક્ષુલ્લકાચાર્યને વ્રત છોડવાની ઇચ્છા વખતે તેમનો રજોહરણાદિ ઉપકરણોનો સંચય તે દ્રવ્ય ચિતિકર્મ અને પ્રાયશ્ચિત્ત બાદ એ જ ઉપકરણોનો સંચય તે ભાવ ચિતિકર્મ જાણવું.

(૩) कृतिकर्म - कृष्ण અને वीरक નું દૃષ્ટાંત :-

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવ અને તેમનું મુખ જોયા પછી જ ભોજન કરનારો વીરક નામનો કોળી રાજસેવક હતો. ચોમાસામાં કૃષ્ણ વાસુદેવ રાજમહેલની બહાર નીકળતા ન હોવાથી તેના દર્શનના અભાવે વીરકશાળાપતિ ભોજન વગર દુર્બળ થઈ ગયો. ચોમાસા બાદ તેને જોઈને કૃષ્ણે દુર્બળતાનું કારણ પૂછ્યું ત્યારે દ્વારપાળે કહ્યું

કે, ચાર મહિના સુધી આપના દર્શન ન થતા તે ખાધાપીધા વિના બેસી રહેલો. તે સાંભળી કૃષ્ણે અંતઃપુર સહિત રાજમહેલમાં તેને જવાની આજ્ઞા આપી.

કોઈ વખતે ભગવંત અરિષ્ટનેમિ ત્યાં પધાર્યા. કૃષ્ણ વાસુદેવ વીરક શાળવીને લઈને પ્રભુને વંદન કરવા ગયા. ત્યાં કૃષ્ણે બધાં સાધુઓને દ્વાદશાવર્ત્ત વંદન કર્યું. બીજા રાજાઓ તો થોડાને વંદન કરીને થાકી જતાં બેસી ગયા, પણ વીરકે કૃષ્ણની અનુવૃત્તિથી સર્વેને વંદના કરી. છેલ્લે કૃષ્ણ અત્યંત શ્રમિત થઈ ગયા ત્યારે ભગવંતને કહ્યું કે, હે ભગવન્ ! ૩૬૦ સંગ્રામમાં પણ મને આવો થાક નથી લાગ્યો. ત્યારે ભગવંતે કહ્યું કે, હે કૃષ્ણ ! તે ક્ષાયિક સમકિત અને તીર્થંકર નામકર્મ (આ વંદનના પરિણામે) ઉપાર્જન કર્યું છે. તેમજ સાતમી નરક બાંધેલ આયુષ્ય તોડીને ત્રીજી નરકનું કર્યું છે.

અહીં કૃષ્ણએ કરેલ વંદન તે 'ભાવ કૃતિકર્મ' જાણવું અને વીરક કરેલ વંદન તે દ્રવ્ય કૃતિકર્મ જાણવું.

(૪) विनयकर्म - राजसेवक नुं दृष्टांत :-

નજીક નજીકના ગામમાં બે રાજસેવકો વસતા હતા. કોઈ વખતે પોત-પોતાના ગામની સીમા માટે વિવાદ થતાં તેનો ન્યાય કરાવવા રાજદરબારે જતા હતા. માર્ગમાં સાધુ મહારાજના શુકન થયા. એક રાજસેવકે ભાવપૂર્વક મુનિના વંદનથી મારું કાર્ય અવશ્ય સિદ્ધ થશે. એમ માની પ્રદક્ષિણાપૂર્વક મુનિને વંદના કરી બીજા રાજસેવકે કેવળ પેલાની અનુવૃત્તિથી વંદના કરી. ત્યાં ન્યાય થતા ભાવવંદન કરનાર રાજસેવકના પક્ષે ન્યાય થયો. બીજાનો પરાજય થયો.

અહીં પહેલા રાજસેવકનું વંદન તે ભાવ વિનયકર્મ અને તેનું અનુકરણ કરનારનું વંદન તે દ્રવ્ય વિનયકર્મ જાણવું.

(૫) पूजाकर्म - शांब-पालक नुं दृष्टांत :-

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવના અનેક પુત્રોમાં શાંબ અને પાલક નામે પણ પુત્રો હતા. કોઈ વખતે ભગવંત અરિષ્ટનેમિ ત્યાં પધાર્યા. કૃષ્ણ વાસુદેવે કહ્યું કે, તમારા બેમાંથી, કાલે પ્રભુને જે પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ. શાંબકુમારે તો પ્રભાતમાં શય્યા પરથી ઉઠીને ત્યાં રહીને જ ભાવપૂર્વક વંદના કરી. જ્યારે પાલકે અશ્વ મેળવવાની લાલચમાં જલ્દીથી વહેલા ઉઠી અશ્વરત્ન ઉપર બેસી ભગવંત પાસે જઈને વંદના કરી. પાલકે માત્ર કાયાથી વંદના કરી, પણ ચિત્તમાં તો લોભવૃત્તિ જ હતી. કૃષ્ણે ભગવંત પાસે જઈને જ્યારે પૂછયું કે, ભગવન્ ! આપને પ્રથમ વંદના કોણે કરી ? ભગવંતે કહ્યું કે, દ્રવ્યથી પાલકે અને ભાવથી શાંબે પહેલી વંદના કરી. તેથી કૃષ્ણ વાસુદેવે શાંબકુમારને અશ્વરત્ન ભેટ આપ્યો.

અહીં પાલકે કરેલ વંદન તે દ્રવ્ય પૂજાકર્મ અને શાંબકુમારે કરેલ વંદન તે ભાવ પૂજાકર્મ જાણવું.

**૦ વંદનના ત્રણ ભેદ :-**

ગુરુવંદન ભાષ્ય ગાથા-૧, ૪ અને તેના વિવરણમાં ત્રણ ભેદો જણાવેલા છે.

(૧) ફિટ્ટાવંદન :-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મસ્તક નમાવીને, હાથ જોડીને, અંજલિ કરીને અથવા પાંચ અંગમાં યથાયોગ્ય ૧, ૨, ૩ કે ૪ અંગ વડે નમસ્કાર કરવાથી ફિટ્ટા વંદન થાય છે. જે સાધુ સાધુને કરે, સાધ્વી-સાધ્વી તથા સાધુને કરે. ગુરુવંદન ભાષ્ય ગાથા-૪ મુજબ આ વંદન સંઘમાં પરસ્પર થાય છે.

(૨) છોભવંદન :-

પાંચે અંગ નમાવવાપૂર્વક પંચાંગ પ્રણિપાતપૂર્વક-ખમાસમણ દેવાથી આ વંદન થાય છે.

આવું વંદન સાધુ વડીલ સાધુને કરે છે. સાધ્વીજી વડીલ સાધ્વીને તથા સર્વે કોઈ સાધુને કરે છે. શ્રાવકો સાધુને કરે છે અને શ્રાવિકાઓ સાધુ તથા સાધ્વી બંનેને કરે છે. ગુરુવંદન ભાષ્ય-૪ મુજબ આ વંદન માત્ર સાધુ-સાધ્વીને જ કરાય છે.

(૩) દ્વાદશાવર્ત્ત વંદન :-

ગુરુવંદન સૂત્રથી "અહોકાયં કાય" ઇત્યાદિ પદો વડે બાર વખત આવર્ત્ત પૂર્વકની વંદના તે દ્વાદશાવર્ત્ત વંદન કહેવાય.

આ વંદન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આચાર્યાદિને કરે. તે માટે ગુરુવંદન ભાષ્યમાં જણાવે છે કે, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર તેમજ રત્નાધિકને આવું વંદન કરવું.

**૦ વંદન (-વાંદણા) બે વખત કેમ ?**

આવશ્યક નિર્યુક્તિ-૧૨૨૯ અને ગુરુવંદન ભાષ્ય-૪માં જણાવે છે—

"ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન બે વાંદણા દેવા વડે કરાય છે."

જેમ રાજસેવક પહેલાં રાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન કરે, ત્યારબાદ રાજાએ વિસર્જન કર્યા પછી પુનઃ નમસ્કાર કરીને જાય છે. તેમ અહીં ગુરુવંદન પણ બે વંદન વડે કરાય છે.

પહેલા વાંદણામાં आवस्सिआए પદ બોલી અવગ્રહની બહાર નીકળી પ્રતિક્રમણ, અતિચારની નિંદા ગર્હાદિ થાય છે. જ્યારે બીજા વાંદણામાં અવગ્રહમાં જ રહી ગુરુચરણે તેનું નિવેદન થાય છે.

**૦ અવંદનીય કોણ ?**

(આવશ્યક સૂત્રમાં ત્રીજા વંદન અધ્યયનમાં, પ્રવચનસારોદ્ધાર - વંદન દ્વારમાં અને ગુરુવંદન ભાષ્યમાં પણ આ વર્ણન છે.)

પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ એ પાંચને અવંદનીય કહ્યા છે.

(૧) पासत्थ (પાર્શ્વસ્થ) - જ્ઞાન, દર્શન, ચારિત્રની પાસે રહે એટલે કે જ્ઞાનાદિકને પાસે રાખે પણ સેવે નહીં તે અથવા કર્મબંધના હેતુ - જે મિથ્યાત્વ વગેરે રૂપ તે પાશ-જાળમાં વર્તે તે પાસત્થા કહેવાય. તેના બે ભેદ છે—

— સર્વ પાસત્થા - જે ફક્ત વેશધારી હોય તે.

— દેશ પાસત્થા - જે શય્યાતરપિંડ, અભ્યાહૃતપિંડ, રાજપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડને વિના કારણે ભોગવે; કુલ નિશ્રાએ વિચરે, સ્થાપના કુલોમાં પ્રવેશ કરે,

સંખડી-જમણવારમાં જાય અને ગૃહસ્થની સ્તવના કરે તે દેશ પાસત્થા જાણવા.

(૨) अवसन्न - જે સધુ સમાચારીમાં સીદાય એટલે કે પ્રમાદ કરે - ખેદ કરે તેને અવસન્ન જાણવો. તેના બે ભેદ છે–

– સર્વથી અવસન્ન - ઋતુબદ્ધ પીઠફલકનો ઉપભોગી, સ્થાપના ભોજી, પ્રાભૃતિકા ભોજી હોય તે.

– દેશથી અવસન્ન - પ્રતિક્રમણ, પડિલેહણા, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, ધ્યાન, ઉપવાસાદિ, આગમન, નિર્ગમન, સ્થાન, બેસવું, શયન કરવું એ સર્વ સાધુ સામાચારી કરે નહીં કે હીનાધિક કરે કે ગુરુવચને બળાત્કારે કરે તે.

(૩) कुशील - માઠા કે ખરાબ આચારણવાળો તે કુશીલ.

કુશીલના ત્રણ ભેદ બતાવેલા છે–

– જ્ઞાનકુશીલ - "કાલે, વિણએ" વગેરે આઠ પ્રકારના જ્ઞાનાચારને જે વિરાધે કે સારી રીતે પાળે નહીં તે.

– દર્શનકુશીલ - "નિસ્સંકિય નિક્કંખિય" પદ વાળી ગાથા મુજબના આઠ પ્રકારના દર્શનાચારને ન પાળે કે વિરાધે.

– ચારિત્રકુશીલ - તંત્ર-મંત્ર કરે, કૌતુકાદિ કર્મ કરે, સ્વપ્ન ફળ કહે, જ્યોતિષ્ જણાવે, ભૂત-ભાવિના લાભાલાભ કહે, જડીબુટ્ટી કરે, પોતાના જાતિ-કુળ આદિ પ્રકાશે, સ્ત્રી-પુરુષાદિના લક્ષણ કહે, કામણ-વશીકરણ કરે, સ્નાનાદિકથી શરીર વિભૂષા કરે ઇત્યાદિ અનેક પ્રકારે ચારિત્ર વિરાધના કરે તે.

(૪) संसक्त - ગુણ અને દોષ એ બંને વડે જે મિશ્ર હોય તે સંસક્ત કહેવાય. જેમ ગાય વગેરે પોતાને ખાવાના ટોપલામાં એઠું કે સારું ભોજન વગેરે સર્વ મિશ્ર થયેલું ખાય છે. તેમ આ સંસક્ત સાધુના મૂળગુણ - પાંચ મહાવ્રત અને ઉત્તરગુણ - (પિંડ વિશુદ્ધિ, આહાર શુદ્ધિરૂપ) ગુણોમાં તેમજ તેથી વ્યતિરિક્ત બીજા પણ ગુણોમાં ઘણાં દોષથી યુક્ત હોય છે. આ 'સંસક્ત'ના બે ભેદ છે–

– સંક્લિષ્ટ સંસક્ત - પ્રાણાતિપાત આદિ પાંચે આશ્રવમાં જે પ્રવૃત્ત હોય, ઋદ્ધિગારવ, શાતાગારવ, રસગારવમાં આસક્ત હોય, સ્ત્રીને સેવનાર, ગૃહ આદિથી યુક્ત હોય. આવા આવા દોષયુક્તને સંક્લિષ્ટ સંસક્ત કહે છે.

– અસંક્લિષ્ટ સંસક્ત - પાસત્થા વગેરે મળે ત્યારે તેના જેવા ગુણવાળો થઈ જાય અને સંવિજ્ઞ મળે તો તેના જેવા ગુણવાળો થઈ જાય. એ પ્રમાણે તે જ્યાં જાય ત્યાં તેના જેવો આચારવાળો થઈ જાય તે અસંક્લિષ્ટ સંસક્ત કહેવાય.

(૫) यथाछंद - ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય સાધુના કે શિષ્યના અલ્પ અપરાધમાં પણ વારંવાર ક્રોધ-આક્રોશ કરે, પોતાની કલ્પના પ્રમાણે આગમનો અર્થ વિચારી વિગઈ વગેરેના ઉપભોગથી સુખશીલ થઈ વિચરે ઇત્યાદિ અનેક લક્ષણવાળો તે યથાછંદ કેહવાય છે.

ટૂંકમાં પોતાની ઇચ્છા પ્રમાણે બોલે અને વર્તે તે.

*(ઉક્ત પાંચે પ્રકારના સાધુને અવંદનીય કહ્યા છે. જો કે આવશ્યક નિર્યુક્તિ અને તેની*

*ચૂર્ણિ તથા વૃત્તિમાં આ સર્વેની વંદનીયતા અને અવંદનીયતા વિષયક ચર્ચા ઘણી લંબાણથી કરવામાં આવેલી છે.)*

**૦ વંદનીય કોણ ?**

આવશ્યક નિર્યુક્તિ-૧૧૯૫, ગુરુવંદન ભાષ્ય-૧૩, પ્રવચન સારોદ્ધાર-વંદન દ્વાર ગાથા-૧૦૨ મુજબ—

(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) પ્રવર્તક, (૪) સ્થવિર તેમજ (૫) રાત્નિક એ પાંચને નિર્જરા અર્થે વંદન કરવું જોઈએ.

(૧) આચાર્ય :- ગણનાયક, સૂત્ર અને અર્થના જ્ઞાતા, અર્થના વાચના દાતા, પ્રશસ્ત સર્વ લક્ષણોથી યુક્ત દેહવાળા, ગાંભીર્યસ્થૈર્ય, ધૈર્ય આદિ ગુણોથી યુક્ત તે આચાર્ય.

(૨) ઉપાધ્યાય :- સૂત્ર અને અર્થ બંનેના જ્ઞાતા, સૂત્રના વાચના દાતા, આચાર્ય પદવીને યોગ્ય તે ઉપાધ્યાય.

(૩) પ્રવર્તક :- સાધુઓને ક્રિયાદિમાં પ્રવર્તાવનાર અથવા સાધુઓને તેમની-તેમની યોગ્યતા મુજબ પ્રશસ્ત યોગમાં પ્રવર્તાવનાર અને સમુદાયની ચિંતા કરનાર તે પ્રવર્તક.

(૪) સ્થવિર - જ્ઞાનાદિ યોગોમાં સીદાતા, મુનિમાર્ગથી ખેદ પામતા, પતિત પરિણામી થતા સાધુઓને આદિને આલોક-પરલોકના વિપાકો બતાવી સંયમમાં જે સ્થિર કરે તે સ્થવિર.

પ્રવર્તકે જે યોગોમાં જોડેલ હોય તે યોગોમાં ખેદ પામીને પરિણામથી પડી રહેલાને સ્થિર કરે તે સ્થવિર.

(૫) રાત્નિક :- પર્યાયમાં વડીલ હોય તે રાત્નિક. જેને ભાષ્યની અવચૂરિમાં ગણાવચ્છેદક પણ કહ્યા છે. જો કે આવશ્યક વૃત્તિમાં ગણાવચ્છેદકને સ્થવિર સાથે ગણ્યા છે.

**૦ વંદન અદાતા અને દાતા :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૧૯૬, ગુરુવંદન ભાષ્ય-૧૪ મુજબ –

દીક્ષિત એવા માતા, પિતા, મોટાભાઈ, દાદા (માતાના પિતા અને પિતાના પિતા) તેમજ રત્નાધિક અર્થાત્ દીક્ષા પર્યાયથી વડીલ સાધુ એ સર્વે પાસે સાધુએ વંદન ન કરાવવું. કેમકે માતા આદિ વંદન કરે તો લોકમાં ગર્હા થાય છે, તેઓને પણ કદાચ ક્યારેક વિપરિણામ થવાનો સંભવ છે. પરંતુ જો આલોચના પ્રત્યાખ્યાન, સૂત્રાર્થ ગ્રહણાદિ કરવા હોય તો વંદન કરે.

(આવશ્યક વૃત્તિમાં કહ્યું છે કે—) આ વિધિ દીક્ષિત થયેલા માટે છે, ગૃહસ્થ માતા-પિતાદિ વંદન કરે.

ઉપરોક્ત અપવાદ સિવાયના શેષ સાધુ-સાધ્વી આદિ સર્વેએ સાધુને વંદના કરવી.

**૦ વંદન-નિષેધ સ્થાન :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૧૯૮, ગુરુવંદન ભાષ્ય-૧૫, પ્રવચન સારોદ્ધાર-વંદન દ્વાર ગાથા-૧૨૪ વંદન ક્યારે ન કરવું ?

(૧) ગુરુ જ્યારે ધર્મકાર્ય કે વ્યાખ્યાનાદિમાં વ્યાકુળ હોય.
(૨) સન્મુખ ન બેઠેલા હોય, મુખ બીજી તરફ હોય.
(૩) નિદ્રા આદિ પ્રમાદમાં વર્તતા હોય.
(૪) આહાર-પાણી કરતા હોય કે કરવાની ઇચ્છાવાળા હોય.
(૫) સ્થંડિલ માત્રુ કરતા હોય કે કરવાને તૈયાર થાય હોય.

આ પાંચ સમયે વંદન ન કરે કેમકે, એ સમયે વંદન કરવાથી અનુક્રમે ધર્મમાં અંતરાય, અનુપયોગ, ક્રોધનો સંભવ, આહારમાં અંતરાય અને સ્થંડિલ-માત્રુમાં બાધા થાય છે.

**૦ વંદન-અનિષેધ સ્થાન :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૧૯૯, ગુરુવંદન ભાષ્ય-૧૬, પ્રવચન સારોદ્ધાર-વંદન દ્વાર ગાથા-૧૨૫ મુજબ વંદન ક્યારે કરવું ?

(૧) ગુરુ જ્યારે પ્રશાંત અર્થાત્ અવ્યગ્ર ચિત્તવાળા હોય.
(૨) આસન પર બેઠેલા હોય.
(૩) ઉપશાંત અર્થાત્ ક્રોધાદિ રહિત હોય.
(૪) વંદન કરનારને 'છંદેણં' આદિ વચનો કહેવા ઉદ્યત હોય.

આવા સંજોગોમાં વંદન કરનાર બુદ્ધિમાન શિષ્યે ગુરુની આજ્ઞા માગીને વંદન કરવું જોઈએ.

**૦ વંદનના કારણો :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૨૦૦ અને ગુરુવંદન ભાષ્ય-૧૭ મુજબ આઠ કારણે વંદન નિયમા કરાય છે.

(૧) પ્રતિક્રમણ માટે - પ્રતિક્રમણ ક્રિયામાં ચાર-ચાર વખત બે-બે વાંદણા દેવાય છે, તે પ્રતિક્રમણમાં વંદન. *(આ વિધાન દેવસી અને રાઈ પ્રતિક્રમણને આશ્રીને છે. પક્ખિ આદિમાં આઠ વખત વાંદણા આવે.)*

(૨) સ્વાધ્યાય માટે - ગુરૂ પાસે વાચના લેતી વખતે ગુરુને ત્રણ વખત વંદન કરાય છે. *(આ વાંદણા યોગ કરતી વખતે પટ્ઠવણા, પવેયણા અને પઠન બાદ કાળવેળાનું ગુરુવંદનને આશ્રીને છે.)*

(૩) કાઉસ્સગ્ગ માટે :- યોગોદ્વહન વખતે આયંબિલની પાલી પલટી "નીવી"રૂપ પચ્ચક્ખાણ કરવા માટે જે કાઉસ્સગ્ગ કરવાનો હોય છે તે પૂર્વે વાંદણા દેવાના હોય છે તે.

(૪) અપરાધ ખામણા માટે - ગુરુ પરત્વે થયેલ અપરાધને ખમાવવા માટે પહેલા ગુરુવંદન કરવાનું હોય છે તે.

(૫) વડીલ મહેમાનમુનિ માટે - પ્રાહુણા અર્થાત્ મહેમાન એવા વડીલ સાધુ પધારે ત્યારે વંદના કરવી.

(૬) આલોચના માટે - કોઈ અતિચારાદિની આલોચના-પ્રાયશ્ચિત્ત આદિ કરવા માટે ગુરુને વંદના કરવી.

(૭) સંવર માટે :- સંવર અર્થાત્ પ્રત્યાખ્યાન. સવારના કે સાંજના નિત્ય પચ્ચક્ખાણ માટે પૂર્વે ગુરુવંદન કરવું તે.

(૮) ઉત્તમાર્થ માટે :- અનશન, સંલેખણા આદિ ઉત્તમાર્થની સાધના માટે (અનશન અંગીકાર કરવા માટે) ગુરુવંદન કરવું તે.

आवश्यक निर्युक्ति - ૧૨૦૧માં જણાવે છે કે, પ્રતિક્રમણનાં-૪ ને સ્વાધ્યાયનાં-૩ એ ૭ વંદન દિવસના પૂર્વાર્ધનાં તથા ઉત્તરાર્ધના મળી-૧૪ ધ્રુવવંદન છે.

નિત્યક્રિયામાં સાધુ-સાધ્વીને બપોરે પડિલેહણાની ક્રિયામાં વાંદણા આવે છે તે પચ્ચક્ખાણ વંદન અંતર્ગત્ ગણાય છે.

તે સિવાય વડીલને દ્વાદશાવર્ત્ત (બૃહદ્) વંદન કરે ત્યારે શ્રાવકો પૌષધમાં "રાઇમુહપત્તી-પડિલેહણ" વિધિ કરે ત્યારે પણ વાંદણા આપે છે. (ગુરુવંદન કરે છે.)

**૦ વંદનના પચ્ચીશ આવશ્યક :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૨૦૨ થી ૧૨૦૬ પ્રવચન સારોદ્ધાર-વંદનદ્વાર ગાથા-૯૮, ગુરુવંદન ભાષ્ય-૧૮ યોગશાસ્ત્રપ્રકાશ-૩માં આ વર્ણન આવે છે.

(૧) અવનત-૨, (૨) યથાજાત-૧, (૩) આવર્ત્ત-૧૨, (૪) શિરનમન-૪, (૫) ગુપ્તિ-૩, (૬) પ્રવેશ-૨, (૭) નિષ્ક્રમણ-૧. એ પ્રમાણે આ સાત બાબતો થઈને પચ્ચીશ આવશ્યક થાય છે.

(૧) अवनत - ગુરુ મહારાજને પોતાની વંદન કરવાની ઇચ્છા જણાવવા इच्छामि થી निसीहियाए પદો બોલે ત્યારે શરીર સહિત જે કિંચિત્ મસ્તક નમાવવું તે "અવનત" કહેવાય. બંને વંદન વખતે આ રીતે મસ્તક નમાવાય તે બે અવનત કહેવાય.

(૨) यथाजात- ૧ :- 'યથાજાત' એટલે જન્મ સમયની અવસ્થા. જન્મ બે પ્રકારે ગણાય (૧) સાધુપણું સ્વીકારે તે, (૨) ગર્ભથી જન્મ થાય તે. તેમાંથી અહીં સાધુપણાનો અર્થાત્ દીક્ષાજન્મ લેવો.

દીક્ષા લેતી વખતે જેમ ચોલપટ્ટ, રજોહરણ, મુહપત્તિ એ ત્રણ ઉપકરણ જ હોય, તેમ દ્વાદશાવર્ત્ત વંદન વખતે પણ એ ત્રણ ઉપકરણ પૂર્વક જ વાંદણા દેવાય. (કપળો ઓઢવો કે ખભે રાખવો તે બંને અવિધિ જ છે.) વળી જન્મ વખતે જેમ કપાળે લગાડી રાખેલ બે હાથની અંજલિ હોય, તેમ વાંદણા સૂત્રમાં (વિશેષ વિધિ સિવાયના સમયે) બે હાથની અંજલિ જોડી કપાળે રાખવી.

(૩) आवर्त्त -૧૨ :- બાર આવર્ત્તનું વર્ણન સૂત્રમાં अहोकायं काय આદિ પદોની વિવેચનમાં કરેલ છે તે જોવું.

(૪) शिरोनमन :- સંપૂર્ણતયા શિરને નમાવવા રૂપ શિરોનમન.

આ "શિરોનમન" વિશે બે મત પ્રસિદ્ધ છે.

(૪-૧) - સૂત્રમાં संफासं બોલી પહેલું શિરનમન કરે, બીજું સૂત્રમાં જ્યારે खामेमि खमासमणो देवसिअं वइक्कमं બોલતા કરે તે બીજું શિરોનમન. આ પ્રમાણે બે

વાંદણામાં બે-બે વખત શિરોનમન થતા શિ,ય ચાર વખત શિરોનમન કરે. (ક્રિયાવિધિ મુજબ રજોહરણ પર સવળા હાથ રાખી, તેના પર મસ્તક મૂકવું તે શિરોનમન)

(૪-૨) બીજા મતે બે શિરોનમન શિષ્યના અને બે શિરોનમન ગુરુના કહ્યા છે. તે આ પ્રમાણે – खामेमि खमासमणो देवसिअं वइक्कमं બોલાવી શિષ્ય શિરોનમન કરે. ત્યારે ગુરુ પણ अहमवि खामेमि तुमं બોલી કિંચિત્ શિર નમાવે તે બે શિરો નમન થયા. એ રીતે બે વંદનમાં ચાર શિરોનમન થાય છે.

(૫) गुत्ति - ૩ :- વંદન વખતે (૧) મનની એકાગ્રતા તે મનોગુપ્તિ, (૨) વંદનસૂત્રના ઉચ્ચારણો શુદ્ધ અને અસ્ખલિત કરવા તે વચનગુપ્તિ, (૩) કાયા વડે આવર્ત્ત આદિ સર્વે ક્રિયા સમ્યક્ પ્રકારે કરવી તે કાયગુપ્તિ.

(૬) प्रवेश - ૨ :- વંદન કરતી વખતે અવગ્રહમાં આવવાની આજ્ઞા માંગ્યા પછી પ્રવેશ કરે એ રીતે બે વાંદણામાં બે વખત પ્રવેશ આવે.

(૭) निष्क्रमण - ૧ :- અવગ્રહમાંથી બહાર નિકળવું તે નિષ્ક્રમણ. વાંદણામાં પ્રવેશ બે વખત આવે પણ અવગ્રહમાંથી બહાર નીકળવાનું ફક્ત પહેલા વાંદણામાં જ હોય તેથી "નિષ્ક્રમણ"-૧ કહ્યું છે.

૦ ગુરુવંદનની વિરાધના-આરાધનાનું ફળ ::

ગુરુવંદન કરતા એવા સાધુ (સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) જો આ પચીશ આવશ્યકમાંથી કોઈ એક આવશ્યક પણ વિરાધે તો તે વંદનથી થતી કર્મનિર્જરાનો ભાગી થતો નથી.

જેઓ આ પચીશે આવશ્યક નિત્ય શુદ્ધિપૂર્વક કરે છે અર્થાત્ પચીશે આવશ્યક પૂર્વક ગુરુવંદન કરે છે, તેઓ શીઘ્ર મોક્ષમાં જાય છે અથવા દેવલોકના સુખને પામે છે.

**૦ વંદનમાં ટાળવા યોગ્ય-૩૨ દોષો :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૨૦૭ થી ૧૨૧૩, પ્રવચન સારોદ્ધાર-વંદન દ્વાર ગાથા ૧૫૦ થી ૧૫૪, ગુરુવંદન ભાષ્ય ૨૩ થી ૨૫ યોગશાસ્ત્ર પ્રકાશ-૩ મુજબ –

(૧) અનાદર :- સંભ્રમપણે, આદરરહિત વંદન કરે.

(૨) સ્તબ્ધ :- મદ વડે સ્તબ્ધ-અક્કડ થઈને વંદન કરે.

(૩) પ્રવિદ્ધ :- વંદન અધુરું રાખીને ભાગી જવું.

(૪) પરિપિંડિત :- એક જ વંદનથી એક સાથે આચાર્યાદિકને વાંદે.

(૫) ટોલગતિ :- તીડની માફક આગળ-પાછળ કુદતા કુદતા વાંદે.

(૬) અંકુશ :- અંકુશ વડે હાથીની જેમ ગુરુને ખેંચી લઈ જઈને વાંદે કે રજોહરણને અંકુશ પેઠે બે હાથેથી પકડીને વાંદે કે માથું હલાવ્યા કરે.

(૭) કચ્છપરિંગિત :- શરીરને કાચબા પેઠે આગળ-પાછળ ખસેડતો વાંદે.

(૮) મત્સ્યોદ્વર્તન :- માછલી પેઠે એકદમ ઉછળતો અને પડતો વાંદે.

(૯) મનઃપ્રદુષ્ટ :- ગુરુની ગુણહીનતા કે કોઈ દોષ મનમાં રાખી વાંદે.

(૧૦) વેદિકાબદ્ધ :- વંદનમાં આવર્ત્ત વખતે હાથને બે ઢીંચણ વચ્ચે ન રાખતા ઉપર, આજુ-બાજુ, ખોળામાં ઇત્યાદિ પ્રકારે રાખી વાંદે.

(૧૧) ભજંત :- ગુરુ મને ભજે છે-સેવે છે અને સેવશે માની વાંદે.

(૧૨) ભય :- વંદન નહીં કરું તો ગુરુ સંઘાદિ બહાર કાઢશે માની વાંદે.

(૧૩) મૈત્રી :- ગુરુ સાથે મૈત્રી છે કે મૈત્રી થશે તેમ માની વાંદે.

(૧૪) ગૌરવ :- ગુરુવંદન વિધિમાં હું કુશળ છું માની ગર્વથી વાંદે.

(૧૫) કારણ :- જ્ઞાનાદિ કારણ સિવાય વસ્ત્રાદિ લાભ માટે વાંદે.

(૧૬) સ્તેન :- લઘુતા ન થાય માની ચોરની માફક છુપાઈને વાંદે.

(૧૭) પ્રત્યનીક :- વંદના નહીં કરવાના અવસરે વંદના કરે.

(૧૮) રુષ્ટ :- ગુરુ રોષમાં હોય કે પોતે રુષ્ટ હોય ત્યારે વાંદે.

(૧૯) તર્જના :- વચન કે કાયા દ્વારા તર્જના કરતો વાંદે.

(૨૦) શઠ :- કપટથી વિશ્વાસ ઉપજાવવા વાંદે કે બહાનાથી ન વાંદે.

(૨૧) હીલિત :- વચન વડે અવજ્ઞા કે હેલણા કરીને વાંદે.

(૨૨) વિપરિકુંચિત :- થોડી વંદના કરી વચ્ચે દેશકથાદિ કરવા માંડે.

(૨૩) દ્રષ્ટાદ્રષ્ટ :- બધાં વચ્ચે છુપાઈ રહે ને ગુરુ દેખે તો વાંદવા માંડે.

(૨૪) શ્રૃંગ :- આવર્ત્ત વખતે મસ્તકના મધ્યભાગને બદલે પશુના શીંગડાની માફક ડાબા-જમણા પડખે વાંદે.

(૨૫) કર :- વંદનને 'ટેક્સ' ચૂકવવાનો છે માનીને ગુરુને વાંદે.

(૨૬) કરમોચન :- દીક્ષા લીધી માટે લૌકિક કરથી છુટ્યા પણ અરિહંતના કરમાંથી ક્યાં મુક્તિ મળે ? તેમ માની વાંદે.

(૨૭) આશ્લિષ્ટ-અનાશ્લિષ્ટ :- આવર્ત્ત કરતી વખતે રજોહરણ અને લલાટ બંનેનો સ્પર્શ કરવો જોઈએ તે યથાવિધિ ન કરે.

(૨૮) ન્યૂન :- સૂત્રના વર્ણ, પદ કે પચ્ચીશ આવશ્યક ન્યૂન કરી વાંદે.

(૨૯) ઉત્તરચૂડા :- વંદન પછી મોટા અવાજે મત્થએણ વંદામિ કહે.

(૩૦) મૂક :- મૂંગા માફક અસ્પષ્ટ કે અપ્રગટ ઉચ્ચાર કરી વાંદે.

(૩૧) ઢડ્ઢર :- ઘણા મોટા સાદે બોલીને વંદન કરે.

(૩૨) ચૂડલિ :- ઓઘાને છેડેથી પકડી ચૂડલી જેમ ઘુમાવે.

આ પ્રમાણે બત્રીશ દોષને ટાળીને ગુરુવંદન કરવું.

**૦ વંદનથી થતા છ ગુણ :-**

આવશ્યક નિર્યુક્તિ-૧૨૧૫. તેની વૃત્તિ, પ્રવચન સારોદ્ધાર-વંદનદ્વાર ગાથા-૧૦૦, ગુરુવંદન ભાષ્ય-૨૭ આદિ મુજબ :-

ગુરુને વંદન કરવાથી છ ગુણ ઉત્પન્ન થાય છે. તે આ રીતે–

(૧) વિનયોપચાર :- વિનય ગુણની પ્રાપ્તિ થાય છે.

(૨) માનભંજન :- અભિમાન, અહંકારાદિનો નાશ થાય છે.

(૩) ગુરુપૂજા :- ગુરુજનની સમ્યક્ પૂજા કે સત્કાર થાય છે.

(૪) આજ્ઞા આરાધન :- તીર્થંકર ભગવંતની આજ્ઞાનું પાલન થાય.

(૫) શ્રુતધર્મ આરાધન :- વંદનપૂર્વક જ શ્રુત ગ્રહણ થાય છે.

(૬) અક્રિયત્વ :- વંદનથી પરંપરાએ અક્રિય-સિદ્ધ થવાય છે.

**૦ આશાતના :-** વાંદણા સૂત્રમાં આ શબ્દ બે વખત આવ્યો છે. 'વિવેચન' વિભાગમાં-૩૩ આશાતનાનું વર્ણન તો બે પ્રકારે કર્યું જ છે. પણ તે સિવાય પણ આશાતનાનું વિવેચન જોવા મળે છે.

(૧) જઘન્યાદિ ભેદે ત્રણ આશાતના :-

શ્રાદ્ધવિધિ વૃત્તિમાં જણાવે છે કે, ગુરુને પગ વગેરે લગાડવો ઇત્યાદિ જઘન્ય આશાતના, થુંક વગેરે લગાડવું ઇત્યાદિ મધ્યમ આશાતના અને ગુરુની આજ્ઞા ન માનવી કે આજ્ઞાથી વિપરીત વર્તવું ઇત્યાદિ ઉત્કૃષ્ટ આશાતના કહેવાય છે.

(૨) ગુરુસ્થાપના સંબંધી ત્રણ આશાતના :-

સ્થાપનાને પગ લગાડવો કે ચલ-વિચલ કરવા તે જઘન્ય આશાતના, ભૂમિ પર પાડવી અને અવજ્ઞાથી મૂકવા તે મધ્યમ આશાતના અને તેનો નાશ કરવો કે ભાંગવા તે ઉત્કૃષ્ટ આશાતના.

(૩) આવશ્યક વૃત્તિમાં દ્રવ્યાદિ ભેદે ચાર આશાતના કહી છે :-

દ્રવ્યથી :- રાત્નિક સાથે ગૌચરી વાપરતા મનોજ્ઞ પદાર્થ પોતે વાપરી જાય. ઉપધિ-સંસ્તાર આદિમાં પણ એ પ્રમાણે જાણવું.

ક્ષેત્રથી :- રાત્નિકની નજીક જાય ત્યારે થતી.

કાળથી :- રાત્રે કે વિકાલે બોલાવે ત્યારે મૌન રહે.

ભાવથી :- આચાર્યાદિને તું કારે બોલાવે.

**૦ વંદનના છ સ્થાન અને ગુરુના છ ઉત્તર :-**

વંદનના છ સ્થાન કહ્યા છે – (૧) ઇચ્છા, (૨) અનુજ્ઞા, (૩) અવ્યાબાધા, (૪) યાત્રા, (૫) યાપના અને (૬) ક્ષમાપના. આ છ સ્થાનને છ પૃચ્છા પણ કહે છે.

વંદન વિષયમાં ગુરુના છ વચન આવે છે જેને ઉત્તર પણ કહે છે. (૧) છંદેણ, (૨) અણુજાણામિ, (૩) તહત્તિ, (૪) તુબ્ભંપિ વટ્ટએ, (૫) એવં અને (૬) અહમવિ ખામેમિ તુમં.

આ બંને બાબતોનું વર્ણન 'વિવેચન'માં થઈ ગયેલ છે.

**૦ વંદનનું મહત્ત્વ :-**

હે ગૌતમ ! વંદનથી જીવ ગાઢ બંધનવાળી આઠે કર્મપ્રકૃતિને શિથિલ બંધવાળી કરે છે, ચિરકાળની સ્થિતિવાળા કર્મોને અલ્પકાલની સ્થિતિવાળા કરે છે અને તીવ્ર અનુભાવવાળાને મંદ અનુભાવી કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં પણ કહ્યું છે – હે ગૌતમ ! વંદનથી જીવ નીચગોત્ર કર્મને ખપાવે છે અને ઉચ્ચ ગોત્રકર્મનો બંધ કરે છે તેમજ સૌભાગ્ય અને લોકપ્રિયતા પામે છે.

ગુરુવંદન ભાષ્યમાં કહે છે – વંદનથી જીવને વિનયગુણ પ્રગટે છે, વિનયથી અહંકાર નાશ, ગુરુજન પૂજા, ભગવદ્ આજ્ઞાનું આરાધન, શ્રુતધર્મ આરાધન અને પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ થાય છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સૂત્રનું આધાર સ્થાન આવશ્યક સૂત્રનું અધ્યયન-૩ "વંદન" છે.

– આ સૂત્રમાં પદો-૫૮, લઘુવર્ણ-૨૦૧, ગુરુવર્ણ-૨૫ છે.

– ઉચ્ચારણમાં જોડાક્ષરોની ભૂલો ઉપરાંત 'નિસીહિયાએ', 'સવ્વ', 'વંદિઉં', 'ક્ક' ઇત્યાદિમાં ભૂલો થતી જોવા મળે છે, તે સુધારવી.

– આ સૂત્રમાં સૂત્રોચ્ચારણ ઉપરાંત ક્રિયા વિધિનું પણ પુરું લક્ષ્ય રાખવું જરૂરી છે કેમકે પચ્ચીશ આવશ્યક સાચવીને આ "વાંદણા" વિધિ કરવાની છે.

– આ સૂત્રની ભાષા આર્ષપ્રાકૃત-(અર્ધમાગધી) છે.

——×——×——

સૂત્ર-૩૦

# દેવસિઅં આલોઉં સૂત્ર

## અતિચાર આલોચના સૂત્ર

■ **સૂત્ર વિષય :-**

આ સૂત્રથી આખા દિવસમાં લાગેલા પાપોને સામાન્યથી જાહેર કરી માફી માંગવામાં આવે છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવં ! દેવસિઅં આલોઉં ?**
**ઇચ્છં આલોએમિ.**
**જો મે દેવસિઓ અઇચારો કઓ૦**
*(* અહીંથી પછી આખો સૂત્ર પાઠ સૂત્ર-૨૭ મુજબ જાણવો.)*

■ **સૂત્ર-અર્થ :-**

હે ભગવન્ ! આપ સ્વકીય ઇચ્છાએ આજ્ઞા આપો. હું દૈવસિક આલોચના કરવાને ઇચ્છુ છું.

(ગુરુ આજ્ઞા આપે - આલોચના કરો. ''आलोएह'' )

(શિષ્ય કહે–) હું એ પ્રમાણે જ ઇચ્છુ છું, આલોચું છું.

*(* હવે પછી जो मे देवसिओ अइआरो० થી સમગ્રસૂત્રનો અર્થ સૂત્ર-૨૭ ''ઇચ્છામિ ઠામિ'' મુજબ જાણવો.*

■ **શબ્દજ્ઞાન :-**

**ઇચ્છાકારેણ** - સ્વકીય ઇચ્છાએ
**સંદિસહ** - આજ્ઞા આપો
**ભગવં** - હે ભગવંત
**દેવસિઅં** - દિવસ સંબંધી
**આલોઉં** - આલોચના કરું ?
**ઇચ્છં** - ઇચ્છુ છું
**આલોએમિ** - આલોચના કરું છું
**જો મે** - જે મારા વડે

*(હવે પછીના બધા શબ્દો અને અર્થ સૂત્ર-૨૭ માં જોવા)*

■ **વિવેચન :-**

● **इच्छाकारेण संदिसह भगवं ! देवसिअं आलोउं ?** હે ભગવન્ ! આપ સ્વકીય ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો (તો) હું દિવસ સંબંધી આલોચના કરવાને ઇચ્છુ છું.

(ત્યારે ગુરુ આદેશ આપે કે તમે આલોચના કરો)

○ અહીં ''ઇચ્છાકારેણ સંદિસહ ભગવં !'' આટલા શબ્દોની વિવેચના સૂત્ર-૫ ''ઇરિયાવહી''માં જુઓ.

○ देवसिअं - દિવસ સંબંધી, દિવસ ભરની.

– સૂત્ર-૨૬ "દેવસિઅ પડિક્કમણે ઠાઉં"માં વિવેચન જુઓ.

– 'દેવસિઅં' શબ્દને બદલે રાત્રિ પ્રતિક્રમણમાં "રાઇઅં" બોલે. એ જ રીતે "પક્ખિયં" આદિ સમજી લેવું.

○ आलोउं - આલોચના કરું ? પ્રકાશિત કરું ?

અહીં आ ઉપસર્ગપૂર્વક લુચ્ ક્રિયાપદ છે. જેનો અર્થ છે આલોચવું, વિચારવું. તેના પરથી (आलोउं) "આલોચયામિ" પદ બને છે. જેનો અર્થ આલોચના કરું, વિચારું, પ્રકાશિત કરું એવો થાય છે.

અતિચાર આલોચના માટેના આ યાજ્ઞા આચન પદો છે.

● **इच्छं** - હું ઇચ્છુ છું. (ગુરુ જ્યારે 'आलोएह' કહીને આજ્ઞા આપે ત્યારે શિષ્ય તેનો વિનયપૂર્વક સ્વીકાર કરવા માટે આ પદ બોલે છે.)

● **आलोएमि** - હું આલોચના કરું છું.

*આ પદ બોલ્યા પછી સમગ્ર વિવેચન સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ" સૂત્ર અનુસાર જાણવું.*

## ■ વિશેષ કથન :-

અતિચાર આલોચના સ્વરૂપે બોલતા એવા આ સૂત્રનું "વિશેષ કથન" તો સર્વથા સૂત્ર-૨૭ મુજબ જ છે. માત્ર ફર્ક એ કે - ત્યાં આ સૂત્ર "કાયોત્સર્ગ સ્થાપના" હેતુથી છે જ્યારે અહીં આ સૂત્ર "આલોચના" સ્વરૂપે બોલવાનું છે. બાકી બધાં પદો સરખાં જ છે,

– દૈનિક ક્રિયામાં ઉપયોગ :-

– આ સૂત્ર દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણમાં ત્રીજું આવશ્યક પુરુ થયા પછી બોલાય છે. પક્ખિ આદિ ત્રણે પ્રતિક્રમણમાં અતિચાર સૂત્ર બોલતા પહેલા બોલાય છે.

## ■ સૂત્રનોંધ :-

○ આધારસ્થાન - आवश्यक સૂત્ર-૧૫ અને સૂત્ર-૩૮ અનુસાર આ સૂત્રની યોજના થઈ છે. યોગશાસ્ત્ર પ્રકાશ-૩ માં આ આખું સૂત્ર શ્રાવક સામાચારી મુજબ આ જ રીતે અપાયેલ છે.

○ સૂત્રની ભાષા આર્ષ પ્રાકૃત છે.

——×——×——

સૂત્ર-૩૧

# 'સાતલાખ' સૂત્ર

## જીવહિંસા આલોચના સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

ચોરાશી લાખ યોનિવાળા જીવોમાંથી જે જીવોની હત્યા થઈ હોય કે કરી-કરાવી હોય તે બધાં જીવોની માફી આ સૂત્ર વડે માંગવામાં આવેલ છે. અહીં યોનિનો અર્થ છે જીવોને ઉપજવાનાં સ્થાન.

■ **સૂત્ર-મૂળ :-**

**સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય,**
**સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય**
**દશ લાખ પ્રત્યેક-વનસ્પતિકાય,**
**ચૌદ લાખ સાધારણ-વનસ્પતિકાય,**
**બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય,**
**બે લાખ ચઉરિન્દ્રિય, ચાર લાખ દેવતા,**
**ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ-પંચેન્દ્રિય,**
**ચૌદ લાખ મનુષ્ય,**
**એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહે માહરે જીવે**
**જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય,**
**હણતા પ્રત્યે અનુમોદ્યો હોય,**
**તે સર્વે મને વચને કાયાએ કરી મિચ્છામિદુક્કડં**

■ **સૂત્ર-અર્થ :-**

આ સૂત્ર ગુજરાતીમાં હોવાથી તેનો અર્થ આપેલ નથી.

■ **શબ્દજ્ઞાન :-**

**સાત લાખ** - ઇત્યાદિ રકમો તે-તે જીવોના અંક સૂચવે છે
**પૃથ્વીકાય** - પૃથ્વીના જીવ **અપ્કાય** - પાણીના જીવ
**તેઉકાય** - અગ્નિના જીવ **વાઉકાય** - પવનના જીવ
**પ્રત્યેક** - એક શરીરને આશ્રીને એક જ જીવ હોય તે
**સાધારણ** - એક શરીરને આશ્રીને અનેક જીવ હોય તે
**વનસ્પતિકાય** - ઝાડ, પાન, ફૂલ આદિ વનસ્પતિના જીવ
**બેઇંદ્રિય** - બે ઇન્દ્રિયવાળા જીવ (એ રીતે ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા જીવ)

**યોનિ** - ઉપજવાનું સ્થાન **હણ્યો** - માર્યો, હત્યા કરી
**હણાવ્યો** - મરાવ્યો **અનુમોદ્યો** - અનુમોદન કર્યું

■ **વિવેચન :-**

*(અહીં આ સૂત્ર સંબંધે સંક્ષિપ્ત વિવેચન છે. જો અતિ વિસ્તારથી આ સૂત્રનું વિવેચન જાણવું હોય તો પ્રકરણ ગ્રંથોમાં "જીવવિચાર"માં જીવના ભેદો, અવગાહના, આયુ, કાયસ્થિતિ, પ્રાણ આદિનું વિવેચન છે. "દંડક પ્રકરણ"માં પણ તેની ઘણી માહિતી છે. "જીવસમાસ" અને પંચ સંગ્રહ ગ્રંથ પણ તેમાં ઘણો પ્રકાશ પાડે છે. આ ઉપરાંત આગમ શાસ્ત્રોમાં "જીવાજીવાભિગમ" અને "પન્નવણા"માં તો જીવસંબંધી વિપુલ માહિતી હોવાનું સુવિદિત છે જ, પણ તે ઉપરાંત આચારાંગ, દશવૈકાલિક સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીજી, ઉત્તરાધ્યયન આદિ આગમોમાં અને તત્ત્વાર્થ સૂત્રમાં પણ અનેક માહિતી મળે છે.)*

**૦ ભૂમિકા :-** આ સૂત્રના આદ્ય પદને આધારે તેને "સાત લાખ" સૂત્ર કહે છે, પણ વાસ્તવમાં આ સૂત્ર દ્વારા ચોરાશી લાખ જીવયોનિમાં કોઈ જીવની હિંસા થઈ હોય તેની આલોચના-માફી માંગવા માટેનું આ સૂત્ર છે. તેથી તેને "જીવહિંસા આલોચના" સૂત્ર કહે છે.

૦ યોનિ :- જેમાંથી શક્તિનો નાશ થયો નથી અને જે જીવને ઉપજવાની શક્તિએ કરીને સંપન્ન છે, તેવા જીવને ઉત્પન્ન થવાના સ્થાનને 'યોનિ' કહેવામાં આવે છે.

આ યોનિના ત્રણ પ્રકારો ચાર રીતે કહેવાયા છે. જેમાંના પ્રથમ ત્રણ-ત્રણ ભેદ મળીને નવ ભેદો વિશેષ પ્રસિદ્ધ છે. (જુઓ ઠાણાંગ સૂત્ર-૧૪૮)

૦ ભેદ-૧ (ત્રિક) ૧-સચિત્ત, ૨-અચિત્ત, ૩-મિશ્ર.
૦ ભેદ-૨ (ત્રિક) ૧-શીત, ૨-ઉષ્ણ, ૩-શીતોષ્ણ.
૦ ભેદ-૩ (ત્રિક) ૧-સંવૃત્ત, ૨-વિવૃત્ત, ૩-સંવૃત્ત-વિવૃત્ત.
૦ ભેદ-૪ (ત્રિક) ૧-કૂર્મોન્નત, ૨. શંખાવર્ત્ત, ૩-વંશપત્રિકા.

આ પ્રત્યેક યોનિને આશ્રીને ભિન્ન ભિન્ન જીવોની ઉત્પત્તિ બતાવી છે. જેનું વર્ણન સ્થાનાંગ સૂત્ર-૧૪૮ની વૃત્તિમાં છે.

૦ યોનિ સંખ્યા-જીવને ઉત્પન્ન થવાના સ્થાનો અસંખ્ય છે પણ જેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સમાન હોય તેવાં બધાં સ્થાનોની એક "યોનિ" એમ ગણીએ તો આવી યોનિ સંખ્યા ૮૪ લાખની બતાવેલી છે.

૦ સૂત્રોક્ત જીવ ભેદ :- જીવાજીવાભિગમ અને પન્નવણા એ બે આગમમાં જ જીવના ભિન્ન ભિન્ન અપેક્ષાએ વિવિધ ભેદો બતાવ્યા છે. તેમાં એક પ્રકાર ઇન્દ્રિયની અપેક્ષાએ જોવા મળે છે. એ જ રીતે સંસારી જીવોના મુખ્ય બે ભેદ છે ત્રસ અને સ્થાવર. તેમ આ સૂત્ર-"સાત લાખ"માં ત્રણ પ્રકારે જીવોના ભેદનો ઉલ્લેખ જોવા મળે છે તે આ પ્રમાણે :-

(૧) પહેલા સ્થાવર કાયને આશ્રીને પાંચ ભેદ છ પદોમાં મૂક્યા.
(૨) બીજા ઇન્દ્રિયને આશ્રીને જેને વિકલેન્દ્રિયરૂપે ઓળખાવાય છે, તેવા ત્રણ

ભેદ - ત્રણ પદોમાં મૂક્યા.

(૩) ત્રીજું - પંચેન્દ્રિયને આશ્રીને તેના ચાર ભેદ ચાર પદોમાં મૂક્યા.

એ રીતે કુલ ૧૩ પદોમાં આ જીવોને સંક્ષેપમાં ઓળખાવ્યા છે. (જો કે આ દરેક જીવો સંબંધી વિવિધ પ્રકારે જે અનેકવિધ માહિતી જીવાજીવાભિગમ, પન્નવણા, આચારાંગ, સ્થાનાંગ આદિ આગમોમાં જોવા મળે છે તેનો અહીં સમાવેશ થયો નથી, તેથી વિવેચનમાં પણ અમે માત્ર સામાન્ય ઓળખથી જ આ જીવો વિશે માહિતી આપી છે.)

● **સાત લાખ પૃથ્વીકાય :-**

– જેનું શરીર પૃથ્વીરૂપ છે તેવા જીવોની યોનિ સાત લાખ છે.

– પૃથિવી જેની કાયા કે શરીર છે તે પૃથિવી કે પૃથ્વી-કાય.

– પૃથ્વીકાયના મુખ્ય બે ભેદો છે - (૧) સૂક્ષ્મ અને (૨) બાદર.

– સૂક્ષ્મ પૃથ્વીકાય સર્વલોક વ્યાપી છે અને

– બાદર પૃથ્વીકાય લોકના અમુક ભાગમાં રહેલા છે.

– બાદર પૃથ્વીકાયના મુખ્ય બે ભેદ છે શ્લક્ષ્ણ અને ખર.

– શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયના સાત ભેદ છે – (૧) કૃષ્ણ મૃતિકા, (૨) નીલ મૃતિકા, (૩) લોહિતમૃતિકા, (૪) હારિદ્રમૃતિકા, (૫) શુક્લ મૃતિકા (૬) પાંડુ મૃતિકા, (૭) મનક મૃતિકા.

– ખર બાદર પૃથ્વીકાયના અનેક ભેદો કહ્યા છે. જેવા કે–

શુદ્ધ પૃથ્વી, કાંકરા, રેતી, નાના પત્થર, શિલા, લવણ, ખારો, લોખંડ, ત્રાંબુ, જસત, સીસું, રૂપુ, સોનું, વજરત્ન, હરતાળ, હિંગળો, મણશિલ, પારો, અંજનરત્ન, પ્રવાલ, અભ્રક, અભ્ર વાલુકા, રત્નો, અરણેટ્ટો, તેજંતુરી ઇત્યાદિ.

● **સાત લાખ અપ્કાય :-**

– જેનું શરીર પાણીરૂપ છે, તેવા જીવોની યોનિ સાત લાખ છે.

– અપ્ એટલે પાણી, તે જેનું શરીર છે તે અપ્કાય કહેવાય.

– અપ્કાય જીવોના બે ભેદ છે – (૧) સૂક્ષ્મ અને (૨) બાદર.

– બાદર અપ્કાય જીવો અનેક પ્રકારના કહ્યા છે. જેમકે–

ઝાકળ, બરફ, ધુમ્મસ, કરા, વનસ્પતિ પરના જળબિંદુ, શુદ્ધોદક, શીતોદક, ઉષ્ણોદક, ક્ષારોદક, ખટ્ટોદક, અમ્લોદક, લવણોદક, વરુણોદક, ક્ષીરોદક, ઇક્ષૂદક, રસોદક તે સિવાય બીજી રીતે કહીએ તો - ભૂમિનું પાણી, આકાશનું પાણી, ધુમ્મસ, ઘનોદધિ ઇત્યાદિ.

● **સાત લાખ તેઉકાય :-**

– જેનું શરીર અગ્નિરૂપ છે, તેવા જીવોની યોનિ સાત લાખ છે.

– તેઉ-નો અર્થ તેજસ્ કે અગ્નિ છે. તે રૂપ જેનું શરીર છે તે તેઉકાય કહેવાય છે. તેના બે મુખ્ય ભેદ છે - સૂક્ષ્મ અને બાદર.

– 'બાદર તેઉકાય'ના અનેક ભેદો કહ્યા છે. જેમકે–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગારા, જ્વાલા, ભાઠો, ઉડતી જ્વાળા, અર્ચિ:, ઉંબાડિયું, શુદ્ધાગ્નિ, ઉલ્કાગ્નિ, વિદ્યુત્ અશનિ (-અગ્નિકળ), નિર્ઘાત્, સંઘર્ષથી ઉત્પન્ન અગ્નિ, સૂર્યકાંતમણિથી થયેલ અગ્નિ ઇત્યાદિ.

**● સાત લાખ વાયુકાય :-**

– જેનું શરીર વાયુ-પવન રૂપ છે, તેવા જીવોની યોનિ સાત લાખ છે.

– વાયુ જેની કાયા છે તે વાયુકાય કહેવાય છે. તેના મુખ્ય બે ભેદો છે - સૂક્ષ્મ અને બાદર. તેમાં બાદર વાયુકાયના અનેક ભેદો છે.

પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, દક્ષિણનો વાયુ, ઉત્તરનો વાયુ, ઉર્ધ્વદિશાનો વાયુ, અધો દિશાનો વાયુ, તીરછો વાયુ, વિદિશાઓનો વાયુ, વાતોદ્ભ્રમ, વાતોત્કાલિકા, વાતમંડલિકા, ઉત્કલિકા વાત, ગુંજાવાત, ઝંઝાવાત, સંવર્ત્તવાત, ઘનવાત, તનુવાત, શુદ્ધવાત વગેરે.

**૦ વનસ્પતિકાય :-** સ્થાવર કાયના પાંચ ભેદો છે - પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિ. આ વનસ્પતિરૂપ જેની કાયા કે શરીર છે તે જીવોને વનસ્પતિકાય કહેવાય છે. તેના બે મુખ્ય ભેદ છે. પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય.

**● દશ લાખ પ્રત્યેક-વનસ્પતિકાય :-**

– પ્રત્યેક વનસ્પતિકાયની 'યોનિ' દશ લાખ કહેલી છે.

– વનસ્પતિમાં જીવ હોવાની અનેક સાબિતી મળેલ છે, તેથી પૃથ્વી - અપ્ - તેઉ - વાયુની માફક વનસ્પતિ પણ જીવ છે.

– વનસ્પતિમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા હોવાની સાબિતી મળી ચૂકી છે. તે વાવવાથી ઉગે છે, હવા, પાણી, ખાતર આદિથી વૃદ્ધિ પામે છે. જીવોનું ભક્ષણ પણ કરે છે.

– આવી વનસ્પતિના પણ સૂક્ષ્મ અને બાદર બે ભેદો છે.

– તેમાં બાદર વનસ્પતિના પણ પ્રત્યેક અને સાધારણ ભેદ છે.

– પ્રત્યેક વનસ્પતિકાય - એક જીવનું એક શરીર તે પ્રત્યેક.

– સાધારણ વનસ્પતિકાય - અનેક જીવોનું એક શરીર છે તે.

– જીવવિચાર પ્રકરણની ગાથા-૧૨માં પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયને ઓળખવા માટેનું લક્ષણ જણાવેલ છે :-

"જેની નસો, સાંધા અને ગાંઠા ગુપ્ત હોય, જેને ભાંગવાથી બે સરખા ભાગ થાય, જે તાંતણારહિત હોય, જેને છેદીને વાવતા પણ ફરીથી ઉગે તેવી વનસ્પતિ સાધારણ વનસ્પતિકાય છે.

ઉપરના લક્ષણથી વિરુદ્ધ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય છે.

પ્રત્યેક વનસ્પતિકાયના લક્ષણમાં કહે છે કે, જેઓના એક શરીરમાં એક જીવ હોય, ફળ, ફૂલ, છાલ, થડ, મૂળ, પાંદડા અને બીજ એ સાત સ્થાનોમાં જુદા જુદા જીવો હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાયના મુખ્ય બાર વિભાગોનો ઉલ્લેખ મળે છે. તે આ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– (૧) વૃક્ષ-આંબો વગેરે, (૨) ગુચ્છ-રીંગણી વગેરે, (૩) ગુલ્મ-નવમલ્લિકા વગેરે, (૪) લતા-ચંપકલતા વગેરે, (૫) વેલો-કાકડી વગેરે, (૬) પર્વગ-શેરડી વગેરે, (૭) તૃણ-ડાભ-ઝાંઝવો વગેરે, (૮) વલય, કેળ, કેરડી વગેરે, (૯) હરિત-મેથી, તાંદળજો વગેરે, (૧૦) ઔષધિ-ધાન્ય વગેરે, (૧૧) જલરુહ-કમળ વગેરે અને (૧૨) કુહણ-છત્રૌક, વંસી વગેરે.

● **ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય :-**

– સાધારણ વનસ્પતિકાયની યોનિ ચૌદ લાખ છે.

– સાધારણ વનસ્પતિકાયના અનેક ભેદો છે. તેમાં અનંતકાય રૂપ એવા બત્રીશ ભેદો આ પ્રમાણે પ્રસિદ્ધ છે –

(૧) સર્વ પ્રકારના કંદ-સૂરણ આદિ, (૨) વજ્રકંદ, (૩) લીલી હળદર, (૪) લીલો આદુ, (૫) લીલો કચૂરો, (૬) શતાવરી, (૭) વિરાલિકા, (૮) કુંવાર, (૯) થોર, (૧૦) ગળો, (૧૧) લસણ, (૧૨) વાંસકારેલા, (૧૩) ગાજર, (૧૪) લૂણી, (૧૫) પદ્મિની કંદ, (૧૬) ગરમર, (૧૭) કૂંપણ, (૧૮) ખીરસૂરા કંદ, (૧૯) થેગ, (૨૦) લીલી મોથ, (૨૧) ભમર છાલ, (૨૨) બિલ્લુડો, (૨૩) અમૃતવેલ, (૨૪) મૂળાનો કંદ, (૨૫) બિલાડીના ટોપ, (૨૬) અંકુરા (પલાળેલા કઠોરમાં ફૂટતા કોંટા), (૨૭) વથુલાની ભાજી, (૨૮) પલ્લંક શાક, (૨૯) શુકરવાલ, (૩૦) કૂણી આંબલી, (૩૧) આલૂ, (૩૨) કૂણાં ફળ.

આ સિવાય પણ બીજા ઘણાં અનંતકાયનો ઉલ્લેખ મળે છે.

*(✱ બત્રીશ અનંતકાયના નામ અને ક્રમ વિશે શાસ્ત્રમાં અને ગ્રંથોમાં ભેદ જોવા મળે છે, તેથી ભ્રમમાં પડવું નહીં.)*

**આ છ પદોમાં પાંચ સ્થાવરકાયના નામો અને અર્થ કહ્યો.** તે સિવાય "જીવ વિચાર પ્રકરણ"ની કેટલીક માહિતી અત્રે નોંધીએ છીએ - તે આ પ્રમાણે–

○ પ્રત્યેક વનસ્પતિકાય સિવાય પૃથ્વીકાય વગેરે પાંચે સ્થાવર જીવો અંતર્મુહૂર્ત આયુષ્યવાળા તથા સૂક્ષ્મ ભેદે આખાયે લોકમાં વ્યાપ્ત છે – (જીવવિચાર ગાથા-૧૪)

○ વનસ્પતિકાય નામના જીવ સમૂહમાં અનંત જીવો હોય છે. બાકીના કાયમાં અસંખ્ય-અસંખ્ય જીવો હોય છે.

○ પૃથ્વીકાયાદિ છ કાયના જીવોના નામો અને તેનું વિવેચન "જીવવિચાર"ની ગાથા ૩ થી ૧૧માં જોઈ શકાશે.

○ ઉપરોક્ત ગાથા ૩ થી ૧૧માં જણાવેલા નામો બાદર પૃથ્વીકાયાદિના છે. તેમાં પ્રત્યેક વનસ્પતિકાયમાં સૂક્ષ્મ એવો ભેદ નથી, બાકીના પાંચે - પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, સાધારણ વનસ્પતિ એ પાંચે કાયના સૂક્ષ્મ અને બાદર બે ભેદ છે. આ બધાનાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બબ્બે ભેદો છે.

– બાદરજીવ એટલે એક કે ઘણાં શરીરો ભેગાં થવાથી જે નજરે જોઈ શકાય તેવા જીવ.

– સૂક્ષ્મ જીવ એટલે ઘણાં શરીરો ભેગા થાય તો પણ ચર્મચક્ષુથી અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નજરે જોઈ શકાય તેવા હોતા નથી.

આ સૂક્ષ્મ જીવો ચૌદે રાજલોકમાં ઠાંસીઠાંસીને ભરેલા છે.

*(✱ आचारांग સૂત્ર નામક આગમમાં પહેલા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનના ઉદ્દેશક-૨, ૩, ૪, ૫ અને ૭માં પાંચે સ્થાવરકાય, તેમાં જીવોનું અસ્તિત્વ, તેની હિંસા, હિંસાનું ફળ ઇત્યાદિ અનેક વિગતોનું વર્ણન આવે છે. जीवाजीवाभिगम નામક ઉપાંગ સૂત્રમાં પ્રતિપત્તિ-૧માં સૂત્ર ૧૧ થી ૩૪માં પાંચે સ્થાવરજીવોના ભેદ-પ્રભેદોનું વર્ણન છે पन्नवणा આગમ સૂત્રમાં પણ પદ-૧માં સૂત્ર ૧૯ થી ૧૪૮માં સ્થાવર જીવોના ભેદ પ્રભેદોનું અતિ વિસ્તારથી વર્ણન છે. તદ્ઉપરાંત પન્નવણાના બીજા પદોમાં પૃથ્વીકાયાદિના સ્થાન, અલ્પબહુત્વ, સ્થિતિ, વિશેષ, ચરિમ, પરિણામ, ઇન્દ્રિય, કાયસ્થિતિ, કર્મપ્રકૃતિ આદિ અનેક વિગતોનું વિસ્તૃત વર્ણન છે.)*

**૦ હવેના ત્રણ પદોમાં વિકલેન્દ્રિયનું વર્ણન છે** – વિકલેન્દ્રિય અર્થાત્ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય. આ ત્રણેની યોનિ બે-બે લાખ કહેલી છે. તે વર્ણન આ પ્રમાણે છે –

**● બે લાખ બેઇન્દ્રિય :-**

– બે ઇન્દ્રિયવાળા જીવોની યોનિ બે લાખ છે.

– બે ઇન્દ્રિય જીવોનું વિવેચન સૂત્ર-૫ 'ઇરિયાવહી'માં જુઓ.

– "જીવવિચાર"ની ગાથા-૧૫માં કેટલાંક બેઇન્દ્રિય જીવોના નામો આ પ્રમાણે કહ્યા છે – શંખ, કોડા, ગંડોલા, જળો, આયરિયા, અળસીયા, લાળીયા, મામણમુંડા, કરમીયા, પોરા, ચૂડેલ આદિ.

– પન્નવણા સૂત્ર-૧૪૯ મુજબ બેઇન્દ્રિય જીવો - પુલકૃમિક, કુક્ષિકૃમિ, ગંડોલ, ગોલોમ, નઉર, સોમંગલગ, વંસીમુખ, સૂચિમુખ, ગૌજલોક, જલૌક, જાલાઉય, શંખ, શંખનક, શંખલા, ધુલ્લા, ખુલ્લા, ગુલયા, ખંધ, કોડા, શૌક્તિક, મૌક્તિક, કલુયાવાસ, એકાવર્ત્ત, દ્વિધાવર્ત્ત, નંદિકાવર્ત્ત, શંબક, માતૃવાહ, શુક્તિસંપટ, ચંદનક, સમુદ્રલિક્ષા અને તે સિવાય બીજા તેવા પ્રકારના જીવો.

**● બે લાખ તેઇન્દ્રિય :-**

– ત્રણ ઇન્દ્રિયવાળા જીવોની યોનિ બે લાખ છે.

– ત્રણ ઇન્દ્રિયવાળા જીવોનું વિવેચન સૂત્ર-૫માં જોવું.

– જીવવિચાર ગાથા ૧૬, ૧૭ મુજબ કેટલાંક તેઇન્દ્રિયજીવો–

કાન ખજુરા, માંકડ, જૂ, કીડી, ઉધઈ, મંકોડા, ઇયળ, ઘીમેલ, સાવા, ગીંગોડાની જાતો, ગદ્ધૈયા, વિષ્ટાના જીવડા, છાણાના જીવડા ધનેડા, કંથવા, ગોપાલિક, ઇયળ, ગોકળગાય વગેરે.

– પન્નવણા સૂત્ર-૧૫૦ મુજબ તેઇન્દ્રિય જીવો–

ઔપયિક, રોહિણિય, કુંથુ, પિપીલિકા, ડાંસ, ઉધેઇ, ઉક્કલિયા, ઉપ્પાદ, ઉપ્પાડ, ઉત્પાટક, તણાહાર, કાષ્ઠાહાર, માલુકા, પત્તાહાર, તણબેંટિય, પત્તબેંટિય, પુષ્પબેંટિય, ફલબેંટિય, બીજ બેંટિય, તેબુરણમિંજિયા, તઓસિમિંજિય, કપ્પાસટ્ઠિમિંજિય, હિલ્લિય,

ઝિલ્લિય, ઝિંગિર, કિગિરિડ, બાહુય, લહુય સુભગ, સૌવસ્તિક, ઇંદ્રકાયિક, ઇંદ્રગોપ, તુરુતુંબગ, કુચ્છલબાહગ, જૂ, હાલાહલ, પિસુય, શતપદિકા, કાનખજુરા, હત્થિસોંડ અને તે સિવાયના બીજા આ પ્રકારના જીવો.

**● બે લાખ ચઉરિન્દ્રિય :-**

– ચાર ઇન્દ્રિયવાળા જીવોની યોનિ બે લાખ છે.

– ચાર ઇન્દ્રિયવાળા જીવોનું વિવેચન સૂત્ર-૫માં જોવું.

– જીવવિચાર ગાથા-૧૮ મુજબ ચાર ઇન્દ્રિયવાળા જીવો-

વીંછી, બગાઈ, ભ્રમરા, ભ્રમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળીયા અને ખડમાંકડી વગેરે.

– પન્નવણા સૂત્ર-૧૫૧ મુજબ ચઉરિન્દ્રિય જીવોના નામો–

અંધિય, પત્તિય, મક્ષિકા, મચ્છર, કીટ, પતંગ, બગાઈ, કુક્કડ, નંદાવર્ત્ત, સિંગિરડ, કૃષ્ણપત્ર, નીલપત્ર, લોહિતપત્ર, શુક્લપત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, ઓહંજલિયા, જલચારિકા, ગંભીર, તંતવ, અચ્છિરોડ, અક્ષિવેધ, સારંગ, નેઉર, દોલા, ભ્રમર, ભમરી, જરુલા, તોટ્ટા, વિંછી, પત્રવિંછી, છાણવિંછી, જલવિંછી, પિયંગાલ, કણગ, ગોમયકીડા અને તે સિવાયના તે પ્રકારના બીજા સર્વે જીવો ચઉરિન્દ્રિય છે.

**ત્રણે પ્રકારના વિકલેન્દ્રિય જીવો** – સંમૂર્છિમ અને નપુંસક છે. તે ત્રણેના સંક્ષેપથી પર્યાપ્તા અને અપર્યાપ્તા એવા બે ભેદો છે. *(આ સિવાય અનેક વિગતો પન્નવણા નામક ઉપાંગ સૂત્રમાં આ જીવો વિશે કહેવાયેલી છે.)*

**૦ હવે પછીના ચાર પદોમાં** પંચેન્દ્રિય જીવના મુખ્ય ચાર ભેદ એવા - દેવ, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોની યોનિની સંખ્યા જણાવે છે. આ જીવોને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, નેત્ર એ પાંચે ઇન્દ્રિયો હોય છે–

**● ચાર લાખ દેવતા :-**

– દેવતાઓની યોનિ ચાર લાખ કહી છે.

– દેવતાઓના મુખ્ય ચાર ભેદ કહ્યા છે–

(૧) ભવનપતિ - તેના પેટા દશ ભેદો કહ્યા છે.

(૨) વ્યંતર - તેના પેટા આઠ (વિકલ્પે સોળ) ભેદો કહ્યા છે.

(૩) જ્યોતિષ્ક - તેના પેટા પાંચ ભેદો કહ્યા છે.

(૪) વૈમાનિક - તેના મુખ્ય બે ભેદ છે. (૧) કલ્પોપપન્ન (૨) કલ્પાતીત.

– જેમાં કલ્પોપપન્ન વૈમાનિકના સૌધર્માદિ બાર ભેદો છે.

– કલ્પાતીત વૈમાનિકના મુખ્ય બે ભેદ છે. ગ્રૈવેયક અને અનુત્તર. ગ્રૈવેયકના નવ ભેદો છે. અનુત્તરના પાંચ ભેદો છે.

*✱ દેવોના ભેદ-પ્રભેદો વિશે વિશેષ માહિતી જીવવિચારમાં તો છે જ, તદુપરાંત જીવાજીવાભિગમ અને પન્નવણા ઉપાંગ સૂત્રોમાં પણ છે. અન્ય આગમોમાં અને ગ્રંથોમાં પણ છે. જે વિસ્તાર ભયે અહીં નોંધેલ નથી. તે શાસ્ત્રો અને ગ્રંથોથી જાણવી. અહીં માત્ર તેમના નામો આપેલા છે –*

(૧) ભવનપતિના દશ ભેદ :- (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુતકુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિશાકુમાર, (૯) વાયુકુમાર, (૧૦) સ્તનિતકુમાર.

(૨) વ્યંતરના આઠ ભેદ :- (૧) કિન્નર, (૨) કિંપુરુષ, (૩) મહોરગ, (૪) ગાંધર્વ, (૫) યક્ષ, (૬) રાક્ષસ, (૭) ભૂત, (૮) પિશાચ.

(૩) જ્યોતિષ્કના પાંચ ભેદ :- (૧) ચંદ્ર, (૨) સૂર્ય, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) તારા.

(૪) વૈમાનિકમાં કલ્પોપપન્નના બાર ભેદો :- (૧) સૌધર્મ, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ, (૧૨) અચ્યુત.

- **ચાર લાખ નારકી :-**

– નારકી જીવોની યોનિ ચાર લાખ કહી છે.

– સાત નરકભૂમિને આશ્રીને નારકીના મુખ્ય સાત ભેદો કહ્યા છે.

– સાત નરકપૃથ્વીનાં નામો છે – (૧) ઘમ્મા, (૨) વંશા, (૩) શેલા, (૪) અંજના, (૫) રિષ્ટા, (૬) મઘા, (૭) માઘવતી. આ સાતે પૃથ્વી અધોલોકમાં આવેલી છે. ગોત્રને આશ્રીને તેના નામ છે – (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધુમપ્રભા, (૬) તમ:પ્રભા, (૭) તમસ્તમ પ્રભા.

– આ સાતે નારકીમાં ઉત્પન્ન જીવો નારકીના જીવો કહ્યા છે.

– નારકીના સર્વે જીવો નપુંસક હોય છે.

- **ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય –**

– તિર્યંચ પંચેન્દ્રિય જીવોની યોનિ ચાર લાખની કહી છે.

– પંચેન્દ્રિય તિર્યંચોના મુખ્ય ત્રણ ભેદો કહ્યા છે. (૧) જલચર, (૨) સ્થલચર, (૩) ખેચર.

(૧) જલચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોના મુખ્ય પાંચ ભેદ છે :- મત્સ્ય, કચ્છપ, ગ્રાહ, મગર અને શિશુમાર. *(આ પાંચેના પેટા ભેદો પન્નવણા સૂત્ર-૧૫૭ થી ૧૬૦માં આપેલા છે.*

– જલચર પંચેન્દ્રિય જીવોના સંમૂર્છિમ અને ગર્ભજ એવા પણ બે ભેદો છે. તે બંનેના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બબ્બે ભેદો છે. તેમાં સંમૂર્છિમ છે તે બધાં નપુંસકો છે અને ગર્ભજ છે તેના ત્રણ ભેદો છે – સ્ત્રી, પુરુષ અને નપુંસક.

(૨) સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચના મુખ્ય ત્રણ ભેદ પ્રકરણ ગ્રંથાદિમાં છે – (૧) ચતુષ્પદ, (૨) ઉર પરિસર્પ, (૩) ભુજ પરિસર્પ.

જીવાજીવાભિગમ અને પન્નવણામાં તેના મુખ્ય બે ભેદો કહ્યા છે – (૧) ચતુષ્પદ સ્થલચર, (૨) પરિસર્પ સ્થલચર.

ચતુષ્પદ સ્થલચરના ચાર મુખ્ય પેટા ભેદો છે – (૧) એકખરીવાળા, (૨) બે ખરીવાળા, (૩) ગંડીપદ, (૪) સનખપદ. *(આ ચારેના પણ અનેક પેટાભેદો*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*પન્નવણા સૂત્ર-૧૬૧થી જાણવા.)*

પરિસર્પ સ્થલચરના બે મુખ્ય પેટાભેદો કહ્યા છે – (૧) ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ. *(આ બંનેના પણ પેટાભેદો અને પેટા-પેટાભેદો પન્નવણા સૂત્ર-૧૬૨થી જાણવા.)*

– સ્થલચર પંચેન્દ્રિયના પણ ગર્ભજ અને સંમૂર્છિમ બે ભેદો છે. ઇત્યાદિ કથન જલચર પંચેન્દ્રિય મુજબ જાણવું.

(૩) ખેચર પંચેન્દ્રિય તિર્યંચના ચાર મુખ્ય ભેદો કહ્યા છે – ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્ગક પક્ષી અને વિતત પક્ષી. *(આ ચારે પક્ષીઓના પણ અનેક પેટા ભેદો છે, જે પન્નવણા સૂત્ર-૧૬૩ થી ૧૬૫ થકી જાણવા.)*

– ખેચર પંચેન્દ્રિયના પણ ગર્ભજ અને સંમૂર્છિમ બે ભેદો છે. ઇત્યાદિ કથન જલચર પંચેન્દ્રિય મુજબ જાણવું.

● **ચૌદ લાખ મનુષ્ય :-**

– મનુષ્યોની યોનિ ચૌદ લાખની કહી છે.

– મનુષ્યોના મુખ્ય બે ભેદો છે – (૧) સંમૂર્છિમ, (૨) ગર્ભજ.

– સંમૂર્છિમ મનુષ્યોના પેટા ભેદ નથી. તે મનુષ્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂર્ત આયુષ્ય માત્રના હોય છે.

ગર્ભજ મનુષ્યોના ત્રણ ભેદો કહ્યા છે. (૧) કર્મભૂમિજ, (૨) અકર્મભૂમિજ, (૩) અંતર્દ્વીપજ.

કર્મભૂમિ-૧૫ છે, અકર્મભૂમિ-૩૦ છે. તે સંબંધી વિવરણ સૂત્ર-૧૧ "જગ ચિંતામણિ" સૂત્ર-૧૫ અને સૂત્ર-૨૨થી જાણવું.

અંતર્દ્વીપ-૫૬ છે. (જો કે પન્નવણા સૂત્ર-૧૬૬માં તેનો ૨૮ નામો આપેલા છે. જીવાજીવાભિગમ સૂત્ર-૧૪૨માં પણ તેમજ છે.

આ રીતે ૧૫ + ૩૦ + ૫૬ મળીને મનુષ્યોના ૧૦૧ ભેદો થાય છે. જેની અહીં ૧૪ લાખ યોનિ બતાવેલ છે.

– આ સિવાય મનુષ્યોના આર્યો અને મ્લેચ્છ એવા જાતિ આશ્રિત બે મુખ્ય ભેદો કહ્યા છે. મ્લેચ્છોના પણ અનેક પેટા ભેદો કહ્યા છે (જે પન્નવણા સૂત્ર-૧૬૬ થી જાણવા.)

– આર્યોના બે મુખ્ય ભેદ છે – ઋદ્ધિપ્રાપ્ત, અનૃદ્ધિપ્રાપ્ત.

– અનૃદ્ધિ પ્રાપ્ત આર્યોના નવ મુખ્ય ભેદો કહ્યા છે – (૧) ક્ષેત્રાર્ય, (૨) જાતિ આર્ય, (૩) કુલાર્ય, (૪) કર્માર્ય, (૫) શિલ્પાર્ય, (૬) ભાષાર્ય, (૭) જ્ઞાનાર્ય, (૮) દર્શનાર્ય, (૯) ચારિત્રાર્ય. (આ બધાંના અનેક પેટા ભેદો છે તે પન્નવણા સૂત્ર ૧૬૩ થી ૧૯૦ થકી જાણવા.)

● **એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહે** – સાત લાખ પૃથ્વીકાયથી લઈને ચૌદ લાખ મનુષ્યો સુધી જીવોની ચોર્યાશી લાખ યોનિ સૂત્રકારે અહીં બતાવી છે. આ ચોર્યાશી લાખ જીવ યોનિમાંથી કોઈપણ જીવને..

● **માહરે જીવે** - મારા જીવ વડે, મેં

● **જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યા હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય** - ઉક્ત સર્વે જીવોમાંથી કોઈ પણ જીવની સ્વયં હત્યા કરી હોય, બીજા પાસે હત્યા કરાવી હોય અને હત્યા કરનાર-કરાવનારને અનુમતિ આપી હોય કે હત્યાની અનુમોદના કરી હોય.

● **તે સર્વે મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં** –

તે સર્વે - તે બધાં પ્રકારની હત્યાનું.

મને વચને કાયાએ - મનથી, વચનથી અને કાયાથી

મિચ્છા મિ દુક્કડં - મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ.

* અહીં મને, વચને, કાયાએ ને બદલે મન, વચન, કાયાએ એવો પાઠ પણ પ્રતિક્રમણ સૂત્રોના પુસ્તકમાં નોંધાયેલ છે.

"કરી મિચ્છા મિ દુક્કડં"ને બદલે "કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં" એવો પાઠ પણ પ્રતિક્રમણ સૂત્રોના પુસ્તકમાં છે.

■ **વિશેષ કથન :-**

આ સૂત્રમાં જીવહિંસા સંબંધી માફી માંગવામાં આવેલ છે, કેમકે અહિંસાધર્મની પરિપાલના એ મુખ્ય હેતુ છે. અરિહંત પરમાત્માનો ઉપદેશ છે કે સર્વ જીવોને સુખ પ્રિય છે, દુઃખ કોઈને ગમતું નથી. કોઈ પણ જીવનો વધ કરવાથી તેને દુઃખ પહોંચે છે. વળી હિંસાથી વૈરાનુબંધ પણ વધે છે. *(આચારાંગ સૂત્ર-૧૭માં પણ કહ્યું છે કે–)* તે "હિંસાવૃત્તિ" હિંસા કરનાર જીવના અહિતને માટે થાય છે. તેને અબોધિના કારણભૂત થાય છે. ભવાંતરમાં અનેક કટુ પરિણામોને ભોગવે છે. તેથી જીવહિંસા ન કરવી અને થઈ જાય તો આ સૂત્ર દ્વારા તે-તે હિંસાનું 'મિચ્છા મિ દુક્કડં' આપવાનું સૂચન કરેલ છે.

જીવહિંસાનો ત્યાગ કરવા માટે જીવના સ્વરૂપની જાણકારી જરૂરી છે. જીવો કેટલા છે ? કયા કયા છે ? તેનું જ્ઞાન પણ જરૂરી છે. જેની આ સૂત્રમાં આછેરી ઝલક જોવા મળે છે. "જીવવિચાર"ની ગાથા ૪૫ થી ૪૭માં પણ જીવોની યોનિઓની સંખ્યા ૮૪ની બતાવી છે. પછી ગાથા-૪૯માં કહ્યું છે કે, "યોનિઓથી ગહન અને ભયંકર આ સંસારમાં અનાદિ-અનંત કાળ ભમ્યા છે અને હજુ ઘણો વખત સુધી ભમ્યા કરશે." તેથી સંસારભ્રમણ અને હિંસાના દુષ્પરિણામોથી બચવા માટે આ ૮૪ લાખ યોનિમાંના કોઈ જીવની હિંસા કરી હોય, કરાવી હોય કે અનુમોદી હોય તો તેનું મિથ્યાદુષ્કૃત આપવું જોઈએ તે આ સૂત્રનો સાર છે.

○ **ક્રિયામાં આ સૂત્રનો ઉપયોગ :-**

દૈવસિક આદિ પાંચે પ્રતિક્રમણમાં શ્રાવકોને આ સૂત્રનો પાઠ બોલવાનો આવે છે. દિવસ કે રાત્રિસંબંધી આલોચના કર્યા પછી અને વંદિત્તુ સૂત્ર પૂર્વે તે પ્રતિક્રમણમાં બોલાય છે, શ્રમણ ક્રિયામાં શ્રમણોને આ સૂત્ર બોલવામાં આવતું નથી. શ્રાવકોને પણ પૌષધ ગ્રહણ કર્યો હોય ત્યારે આ સૂત્ર બોલવામાં આવતું નથી, પૌષધધારી શ્રાવકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે શ્રમણો રાત્રે સંથારાપોરિસિ ભણાવે છે ત્યારે તેમાં આવતી ગાથા – खमिअ खमाविअ० માં સર્વે જીવનિકાયની સાથે ખમત-ખામણા કરવામાં આવે છે અને સિદ્ધની સાક્ષીએ તેમાં કબૂલવામાં આવે છે કે મારે કોઈ વૈરભાવ નથી.

**૦ આ સૂત્રનો આરાધનામાં ઉપયોગ :-**

નિત્ય ક્રિયા રૂપે નહીં પણ નૈમિત્તિક કે વિશિષ્ટ આરાધના રૂપે જ્યારે "સમાધિમરણ" કે "અંતિમ આરાધના" કરાય છે ત્યારે તેમાં પણ આ સૂત્ર ઉપયોગી બની શકે છે. સોમસુંદર સૂરિ રચિત "પર્યન્ત આરાધના", વિનયવિજયજી રચિત "પુન્ય પ્રકાશનું સ્તવન", માણિક્યસિંહ સૂરિ રચિત "અમૃતપદ આરાધના સ્તવન" આદિમાં આરાધના સંબંધી દશ અધિકારોનું વર્ણન આવે છે. જે મુજબ (૧) અતિચાર આલોચના, (૨) વ્રત સ્મરણ કે ગ્રહણ પછીનો ત્રીજો અધિકાર આવે છે 'જીવખામણા' આ 'જીવખામણા' કરતી વખતે સામાન્ય જ્ઞાનવાળા આરાધકો "સાત લાખ" સૂત્રના પાઠ દ્વારા જીવ ખામણા કરી શકે છે.

**■ સૂત્ર-નોંધ :-**

– આ સૂત્રની ભાષા ગુજરાતી છે. તેથી આગમોમાં પ્રત્યક્ષરૂપે આ સૂત્રનું કોઈ આધારસ્થાન મળી શકે નહીં.

– સાક્ષીપાઠ રૂપ આધારોની નોંધ લેવી હોય તો - સમવાયાંગ સૂત્રના સમવાય-૮૪ સૂત્ર-૧૬૩માં ૮૪ લાખ યોનિની નોંધ મળે છે. તેની અભયદેવસૂરિજી કૃત્ વૃત્તિમાં આ ૮૪ લાખનું વિભાજન કર્યું છે તેમાં જણાવે છે કે, પૃથ્વી, ઉદક, અગ્નિ, વાયુ ચારેની પ્રત્યેકની સાત-સાત લાખ યોનિઓ છે, વનસ્પતિકાયમાં પ્રત્યેકની દશ અને સાધારણની ચૌદ લાખ યોનિઓ છે, વિકલેન્દ્રિયની ત્રણેની બે-બે લાખ, નારક, તિર્યંચ, દેવતાની ચાર-ચાર લાખ અને મનુષ્યની ચૌદ લાખ યોનિ જણાવેલી જ છે.

– 'જીવવિચાર' પ્રકરણમાં ગાથા-૪૫ થી ૪૭માં પણ તેના સાક્ષીપાઠ મળે જ છે.

– જીવાજીવાભિગમ અને પન્નવણા ઉપાંગ સૂત્રમાં તેની સાક્ષી મળે છે (જો કે પન્નવણામાં આપેલ કુલ કોટિસંખ્યા આ સંખ્યાથી તદ્દન ભિન્ન છે.)

——×——×——

સૂત્ર-૩૨

# અઢાર પાપસ્થાનકો

## અઢાર પાપસ્થાનક આલોચના

■ **સૂત્ર-વિષય :-**

અઢાર પ્રકારે બંધાતા પાપોના આ સૂત્રમાં નામ છે, તેની સેવના થઈ હોય તો તે પાપોની માફી મંગાય છે.

■ **સૂત્ર-મૂળ :-**

**પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ,**
**ત્રીજે અદત્તાદાદન, ચોથે મૈથુન,**
**પાંચમે પરિગ્રહ, છટ્ઠે ક્રોધ,**
**સાતમે માન, આઠમે માયા,**
**નવમે લોભ, દશમે રાગ,**
**અગિયારમે દ્વેષ, બારમે કલહ,**
**તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય,**
**પંદરમે રતિ-અરતિ, સોળમે પરપરિવાદ,**
**સત્તરમે માયામૃષાવાદ અઢારમે મિથ્યાત્વશલ્ય,**
**એ અઢાર પાપસ્થાનકમાંહી મ્હારે જીવે**
**જે કોઈ પાપ સેવ્યુ હોય, સેવરાવ્યુ હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યુ હોય, તે સર્વે મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.**

■ **સૂત્ર-અર્થ :-**

આ સૂત્ર ગુજરાતીમાં હોય તેનો ગુજરાતી અનુવાદ કર્યો નથી.

■ **શબ્દજ્ઞાન :-**

**પ્રાણાતિપાત** - જીવહિંસા
**મૃષાવાદ** - જુઠું બોલવું
**અદત્તાદાન** - ચોરી
**મૈથુન** - વિષયસેવન
**પરિગ્રહ** - ધન ધાન્યાદિ સંગ્રહ
**ક્રોધ** - ગુસ્સો
**માન** - અહંકાર
**માયા** - કપટ
**રાગ** - પ્રીતિ, મોહ
**દ્વેષ** - તીરસ્કાર, અરુચી
**કલહ** - કજીયો, ઝઘડો
**અભ્યાખ્યાન** - ખોટું આળ
**પૈશુન્ય** - ચાડી-ચુગલી
**રતિ** - સુખ આવે હર્ષ કરવો
**અરતિ** - દુઃખ આવે શોક કરવો
**પરપરિવાદ** - પારકી નિંદા

**માયામૃષાવાદ** - કપટપૂર્વક જુઠું બોલીને છેતરપીંડી કરવી તે
**મિથ્યાત્વશલ્ય** - મિથ્યાત્વ દોષ, કુદેવ-કુગુરુ-કુધર્મ સેવન.
**અઢાર પાપસ્થાનક** - અઢાર પ્રકારના પાપ થવાના સ્થાનો
**સેવ્યુ હોય** - આચર્યુ હોય **સેવરાવ્યુ હોય** - આચરાવ્યુ હોય
**સેવતા અનુમોદ્યુહોય** - આવુ આચરણ અંતરથી સારુ માન્યુ હોય
**મિચ્છા મિ દુક્કડં** - મારુ દુષ્કૃત મિથ્યા થાઓ, માફી માંગવી.

■ **વિવેચન :-**

– જેનું સેવન કરવાથી કે જે ભાવમાં રહેવાથી પાપ બંધાય તેવા સ્થાનોને પાપસ્થાનક કહે છે.

– આવા પાપસ્થાનકોની સંખ્યા અઢારની બતાવાઈ છે.

– તેથી આ સૂત્ર "અઢાર પાપસ્થાનક" નામે ઓળખાય છે.

– આ એક પ્રકારે આલોચના પણ છે. તે દૈવસિક અતિચારની આલોચના અને જીવહિંસા આલોચના (સાત લાખ) પછી બોલાય છે. તેથી તેને "અઢાર પાપસ્થાનક આલોચના" પણ કહેવાય છે.

– નવતત્ત્વોમાંનું એક તત્ત્વ 'પાપતત્ત્વ' છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રકારે 'આશ્રવતત્ત્વ'ના બે ભેદ કહ્યા છે, જેમાં અશુભ આશ્રવને 'પાપ' નામથી ઓળખાવવામાં આવેલ છે. આ 'પાપતત્ત્વ' જ્ઞેય અર્થાત્ જાણવા યોગ્ય છે, પણ તે 'હેય' હોવાથી જાણીને તેનો ત્યાગ કરવો.

○ पाप - સામાન્ય શબ્દોમાં અશુભ પ્રવૃત્તિ અને વૃત્તિ તે પાપ છે.

– નરકાદિ દુર્ગતિમાં પાડે તે 'પાપ' કહેવાય છે.

– જીવને મલિન કરે-રજયુક્ત કરે તે પાપ.

– આત્માને બાંધે-આવરી દે તે પાપ કહેવાય છે.

– જેના કારણે દુઃખ, અશાતાદિ અનુભવાય તે પાપ.

– निशीथ चूर्णि - ઐશ્વર્ય કે જીવિતથી ભ્રંશ થવો તે પાપ.

– आवश्यक वृत्ति - જે હિત કે કર્મને પીએ છે તે 'પાપ' છે. અથવા પાપ એટલે જ કર્મ.

– आचारांग वृत्ति - પાપરૂપ અનુષ્ઠાન તે પાપ અથવા જે જીવને પાડે છે કે બાંધે છે તે પાપ.

– दशवैकालिक वृत्ति - પાપ એટલે જ્ઞાનાવરણાદિ ક્લિષ્ટ કર્મ.

– स्थानांग वृत्ति - ઘાતિકર્મને જ પાપરૂપે ગણાવે છે.

– नायाधम्मकहा- वृत्ति - જે પુણ્યરૂપ નથી તે પાપ છે.

– भगवती वृत्ति - પ્રાણાતિપાત આદિ પાપ કહેવાય છે.

હવે પાપના સ્થાનરૂપ અઢાર ભેદોનું વર્ણન કરાય છે –

● **પહેલે પ્રાણાતિપાત :-** પ્રાણાતિપાત પહેલું પાપસ્થાનક છે.

○ प्राणातिपात - હિંસા, પ્રાણનો અતિપાત તે પ્રાણાતિપાત.

– પ્રાણોથી રહિત કરવા, મારવો, વધ કરવો તે પ્રાણાતિપાત.

– પ્રાણના દશ ભેદ કહ્યા છે - પાંચ ઇન્દ્રિયો, મન, વચન, કાય એ ત્રણ બળ, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય.

– અતિપાત શબ્દનો અર્થ અતિક્રમણ, વ્યાઘાત કે વિનાશ છે.

– કોઈના પ્રાણની હાનિ કરવી, નાશ કરવો કે તેને કોઈ પ્રકારે પીડા ઉપજાવવી તેને પ્રાણાતિપાત કહેવાય છે.

– પ્રાણાતિપાતને શાસ્ત્રોમાં હિંસા, ઘાતના, મારણા, વિરાધના, સંરંભ, સમારંભ, આરંભ આદિ નામે ઓળખાવાય છે.

– તત્ત્વાર્થ સૂત્રકારે તેની વ્યાખ્યા કરી છે – "પ્રમાદ વડે થયેલો પ્રાણનો અતિપાત તે હિંસા છે.

– ઠાણાંગ સૂત્ર-૪૮ની વૃત્તિ - ઉચ્છ્‌વાસ આદિને પ્રાણ કહે છે, તેનું અતિપાતન અર્થાત્ પ્રાણ સાથે વિયોજન તે પ્રાણાતિપાત અર્થાત્ હિંસા કહેવાય છે. તે પ્રાણાતિપાત દ્રવ્ય અને ભાવથી બે ભેદે છે અને વિનાશ, પરિતાપ, સંક્લેશ ભેદે ત્રણ પ્રકારે છે. તે મન, વચન, કાયા વડે કરવું, કરાવવું, અનુમોદવું રૂપે નવ પ્રકારે છે અને આ નવ ભેદોને ક્રોધ, માન, માયા, લોભથી ગણતા ૩૬ ભેદ છે.

*(* 'પ્રશ્નવ્યાકરણ' નામના દશમા આગમમાં આખું પહેલું અધ્યયન આ 'પ્રાણાતિપાત' વિષય પરત્વે કહેવાયેલ છે. તેમાં "હિંસા"ના ૩૦ પર્યાય નામો જણાવેલા છે. જેવા કે, પ્રાણવધ, અકૃત્ય, ઘાત, મારણ, વધન, ઉપદ્રવ, અતિપાત, આરંભ, સમારંભ, અસંયમ, દુર્ગતિપ્રપાત, છવિચ્છેદ, જીવિતઅંતકરણ, પરિતાપન, વિનાશાદિ.)*

સૂત્ર-૫ "ઇરિયાવહી"માં સૂચિત અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા. આ દશે પ્રકારે જીવોની વિરાધના કહી છે, તે અહીં સમજી લેવી.

**દૃષ્ટાંત :-** મગધદેશનો રાજવી શ્રેણિક, ભગવંત મહાવીરનો ભક્ત બન્યો ન હતો અને સમ્યક્ત્વ પણ પામ્યો ન હતો. તે પૂર્વેની વાત છે. ત્યારે તેને શિકાર આદિ પ્રિય હતા. કોઈ વખતે તે શિકાર કરવા નીકળ્યો. જંગલમાં હરણીને જોઈને પાછળ ઘોડો દોડાવ્યો. અંગરક્ષકો પણ સાથે હતા. શ્રેણિક હરણી તરફ તાકીને તીર છોડ્યું. છુટેલું તીર ગર્ભવતી હરણીના પેટમાંથી આરપાર નીકળી ગયું. હરણી અને તેનો માસુમ ગર્ભ તરફડીને મૃત્યુ પામ્યા. શ્રેણિકે નજીક આવીને જોયું, તે ખુશ ખુશ થઈ બોલ્યો, વાહ ! શું કમાલ છે ? કેવું નિશાન મેં તાક્યું ? એક તીરથી બે ઘાત કરી દીધા. બધાં અંગરક્ષક આદિ સર્વે તેની પ્રશંસા કરવા લાગ્યા. તે સાંભળી શ્રેણિક પણ મનોમન પાપકર્મોનું અનુમોદન કરવા લાગ્યો. આ હિંસાની અનુમોદના કરી તેણે અત્યંત ગાઢ કર્મોનો બંધ કર્યો. તેનું નરકગમન નિશ્ચિત્ત થઈ ગયું.

● **બીજે મૃષાવાદ :-** બીજું પાપસ્થાનક મૃષાવાદ છે.

– મૃષાવાદ એટલે જૂઠું બોલવું. મૃષા જે વાદ તે મૃષાવાદ.

૦ 'મૃષા' એટલે જૂઠ. તે અપ્રિય, અપથ્ય, અતથ્યનો સૂચક છે.

૦ 'વાદ' એટલે બોલવું, કહેવું અર્થ સૂચવે છે.

૦ મૃષાવાદ એટલે અપ્રિય બોલવું, અપથ્ય બોલવું કે અતથ્ય બોલવું તે. તેને 'જૂઠ' નામથી ઓળખવામાં આવે છે.

૦ મૃષાવાદને અલિકભાષણ પણ કહે છે. કોઈ કારણ કે નિમિત્તથી જૂઠું બોલવું અથવા જે સ્વરૂપ હોય તેનાથી વિપરીત બતાવવું તે મૃષાવાદ.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ની વૃત્તિમાં કહ્યા પ્રમાણે મૃષા એટલે મિથ્યા અને વાદનો અર્થ કર્યો બોલવું તે. આ મૃષાવાદ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે કહ્યો છે.

– મૃષાવાદ ચાર પ્રકારે પણ કહ્યો છે–

(૧) અભૂતોદ્ભાવન :- જેમકે આત્મા સર્વગત છે.

(૨) ભૂતનિહ્નવ :- આત્મા છે જ નહીં.

(૩) વસ્તુ અંતર્ન્યાસ :- જેમકે ગાય હોય તેને ઘોડો કહેવો.

(૪) નિંદા :- જેમકે "તું કોઢીયો છે" એવા વચનો કહેવા.

– तत्त्वार्थ सूत्र માં કહ્યું છે કે - પ્રમાદથી અસત્ કે અયથાર્થ કહેવું તે અનૃત્ અર્થાત્ અસત્ય કે મૃષાવાદ છે.

– प्रश्नव्याकरण સૂત્રમાં અસત્યના ૩૦ પર્યાય નામો કહ્યા છે. જેમકે – અલીક, શઠ, અન્યાય, અસત્, ગર્હણીય, અનૃજુક, વંચના, કિલ્બિષ, વલય, ગહન, મન્મનાદિ.

– प्रज्ञापना સૂત્રવૃત્તિ - સત્નો અપલાપ અને અસત્ની પ્રરૂપણા એ મૃષાવાદ છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** કોઈ કાળે વસુરાજાની મહાન્ સત્યવાદી રૂપે ઘણી ખ્યાતિ ફેલાયેલી. કોઈ દિવસે તેના ભૂતકાળના બે સહાધ્યાયીઓમાં "અજ" શબ્દના વિષયમાં ચર્ચા ચાલી. જ્યારે 'પર્વત' નામે મિત્ર વિદ્યાર્થીને ભણાવતો હતો. ત્યારે ભૂતપૂર્વ મિત્ર "નારદ" મળવા આવ્યો તે વખતે પર્વતે "અજ"નો અર્થ બકરો કર્યો અને વિદ્યાર્થીને કહ્યું કે યજ્ઞમાં 'અજ' અર્થાત્ બકરાનો હોમ કરવો. તે વખતે નારદે તેને કહ્યું, મિત્ર પર્વત ! તું આવો અર્થ કેમ કરે છે ? આપણે બધાં સાથે ભણ્યા છીએ 'અજ'ના અર્થ ડાંગર-ચોખા થાય છે. ડાંગરની આહૂતિ આપી યજ્ઞ કરવાનો છે. વિદ્યાર્થીઓને પણ થયું કે 'ડાંગર' અર્થ યોગ્ય છે, પણ 'પર્વત'ને પોતાનું અપમાન લાગ્યું. ત્યારે નારદ અને પર્વત બંને પોતાના સહાધ્યાયી વસુરાજા પાસે ગયા. તેની સત્યવાદીરૂપે ખ્યાતિ હતી.

આ તરફ પર્વતે ઘેર આવીને માતાને વાત કરી. માતાએ આશ્ચર્યચકિત થઈને કહ્યું, બેટા ! તેં આ શું કર્યું ? યજ્ઞમાં શું બકરો હોમાય છે ? તેં આટલું પણ ન વિચાર્યું ? પછી તેણી પર્વત સાથે કંઈક ગુપ્ત વાત કરી વસુરાજા પાસે ગઈ. તેણે કંઈક જૂઠી વાત કરી રાજાને પીગળાવ્યો. પોતાના પુત્રના જીવન માટે ભીખ માંગી. જ્યારે પર્વત અને નારદ તેની પાસે આવ્યા, રાજા પાસે "અજ" શબ્દનો અર્થ પૂછ્યો ત્યારે વસુરાજાએ પર્વતનો પક્ષ લીધો અને અસત્યવાદી બન્યો. ત્યારે ક્ષેત્રદેવીએ રોષાયમાન થઈ તેને રાજસિંહાસનેથી નીચે પાડી દીધો. લોહી વમતો તે રાજા ત્યાં મૃત્યુ પામ્યોને નરકે ગયો.

● **ત્રીજે અદત્તાદાન :-** અદત્તાદાન ત્રીજું પાપસ્થાનક છે.

– અદત્તાદાન એટલે ચોરી. અદત્તનું આદાન-અદત્તાદાન.

– "અ-દત્ત" એટલે નહીં અપાયેલું. જે વસ્તુ તેના સ્વામી આદિ તરફથી આપમેળે ન અપાયેલી હોય તે અદત્ત કહેવાય અને "આદાન" એટલે ગ્રહણ કરવું. તે અદત્તાદાન કહેવાય.

– અદત્તાદાન ને સ્તેય અથવા ચોરી કહે છે.

– અણદીધેલું ગ્રહણ કરવું અર્થાત્ પ્રમાદથી અન્યની નહીં આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે ચોરી-સ્તેય છે. તેમ તત્ત્વાર્થ સૂત્રકારે અધ્યાય-૭ના સૂત્ર-૧૦માં કહ્યું છે.

– આવું અદત્ત વીતરાગ પરમાત્માએ ચાર પ્રકારે કહ્યું છે –

(૧) સ્વામી અદત્ત - વસ્તુના માલિક તે સ્વામી, તેણે નહીં આપેલ.

(૨) જીવ અદત્ત :- વસ્તુ સચિત્ત હોય તો તેનો માલિક તે જીવ. સ્વામી રજા આપે પણ તે જીવની રજા ન હોય તે અદત્ત છે. મહાવ્રતીને માટે તે સર્વથા અદત્ત છે.

(૩) તીર્થંકર અદત્ત :- તીર્થંકરે જેની મનાઈ ફરમાવી છે તે.

(૪) ગુરૂ અદત્ત :- જેમાં ગુરુની અનુજ્ઞા હોય તે ગુરુ અદત્ત.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ની વૃત્તિમાં કહ્યું છે કે, સ્વામી, જીવ, તીર્થંકર અને ગુરુની અનુજ્ઞા સિવાય સચિત્ત-અચિત્ત મિશ્ર ભેદથી વસ્તુનું ગ્રહણ કરવું તે અદત્તાદાન અર્થાત્ ચોરી છે.

○ પ્રશ્નવ્યાકરણ સૂત્ર-૧૪માં અદત્તાદાનના ત્રીશ પર્યાય નામો છે. જેમકે – ચોરી, પરહૃત, અદત્ત, પરધનગૃદ્ધિ, લોલુપતા, તસ્કરત્વ, અપહાર, હસ્તલઘુત્વ, સ્તેનિકા, હરણવિપ્રનાશ, કાંક્ષા, ઇચ્છામૂર્છા, તૃષ્ણાગૃદ્ધિ ઇત્યાદિ.

**○ લઘુ દૃષ્ટાંત :-** કોઈ વખતે પુરિમતાલ નગરે અમોઘદર્શન નામક ઉદ્યાનમાં ભગવંત મહાવીર પધાર્યા. ભગવંતની અનુમતિ લઈને ગૌતમસ્વામી ગૌચરી માટે નીકળેલા. પુરિમતાલના વિશાળ ચોકમાં તેઓએ એક દ્રશ્ય જોયું. અનેક હાથી, ઘોડા, સૈનિકો ઉભા હતા. વચ્ચે એક પુરુષને વધસ્તંભે બાંધેલો હતો. તેનો વધ કરવા માટે તેના કાન-નાક કાપી નાંખ્યા હતા. તેની આસપાસ તેના કાકા, કાકી, પુત્ર, પુત્રવધૂ, દીકરી, જમાઈ, પૌત્રો, પૌત્રી, દોહિત્ર, દોહિત્રી આદિ સપરિવાર બધાંને રાજસેવકો કોરડા અને ચાબુકથી મારી રહ્યા હતા. વધસ્તંભે ચડાવેલા પુરુષને પણ અણીયાળા ભાલા તેના શરીરમાં મારી મારીને તેના શરીરનું માંસ ટુકડે ટુકડા કરી કઢાઈ રહ્યું હતું, તે માંસ તે જ પુરુષને ખવડાવતા હતા, તેના શરીરમાંથી વહી રહેલા ખૂનને ભેગુ કરીને તે પુરુષને પીવડાવી રહ્યા હતા.

આવો ક્રુર અને હૃદયદ્રાવક પ્રસંગ જોઈને ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીર પાસે જઈને પૂછયું કે, હે ભગવન્ ! આ પુરુષ કોણ છે ? તેનું શું પાપકૃત્ય છે ? પરમાત્માએ કહ્યું કે, આ પુરિમતાલ નગરની બહાર ચોરોની એક મોટી પલ્લી છે, ત્યાં પ્રસિદ્ધ અને મહાભયંકર વિજય નામે ચોર રહેતો હતો. તે ચોરી, લુંટફાટ કરતો હતો અને બીજા પણ અનેક પાપોની ખાણરૂપ હતો. તેનો પુત્ર 'અભગ્નસેન' નામે થયો. તે

અનુક્રમે ચોરપલ્લીમાં નાયક બન્યો, તે ચોરી, લુંટફાંટ, માર-ફાડ આદિ બધા પ્રકારના મહાપાપો કરતો હતો. તેને રાજાએ પકડ્યો છે અને આજે તેને પરિવાર સહિત ફાંસી અપાઈ રહી છે. મરીને તે નરકે જશે.

● **ચોથે મૈથુન :-** મૈથુન એ ચોથું પાપસ્થાનક છે.

– મૈથુન એટલે અબ્રહ્મ. મિથુનનો ભાવ તે મૈથુન.

– મિથુન એટલે સ્ત્રી અને પુરુષનું યુગલ. તેમની પરસ્પર ભોગ કરવાની વૃત્તિ કે ક્રિયા તે મૈથુન.

– વ્યવહારમાં મૈથુનને અબ્રહ્મ, કામક્રીડા, વિષયભોગ કે સંભોગ કહેવામાં આવે છે.

– તત્ત્વાર્થ સૂત્રકારે અધ્યાય-૭માં ૧૧મું સૂત્ર બનાવ્યું છે. તેમાં કહ્યું છે કે, મૈથુનપ્રવૃત્તિ તે અબ્રહ્મ છે. સ્વોપજ્ઞ ભાષ્યમાં તેઓ જણાવે છે કે, "સ્ત્રી અને પુરુષ બંનેના મિથુનભાવ અથવા મિથુનકર્મને મૈથુન કહે છે. મૈથુન જ અબ્રહ્મ છે.

– કામરાગના આવેશથી સ્ત્રી-પુરુષના જોડલાએ કરેલી મન, વચન કે કાયાની કોઈપણ પ્રવૃત્તિને મૈથુન કહે છે.

– ચારિત્ર મોહનીયના ઉદયથી સ્ત્રી-પુરુષનું પરસ્પર શરીર સમ્મિલન થવાથી સુખપ્રાપ્તિની ઇચ્છાથી થનાર રાગ પરિણામ તે મૈથુન છે.

– મૈથુન ત્રણ ભેદે કહ્યું છે - દેવદેવી સાથે, મનુષ્ય સાથે અને તિર્યંચ સાથે. તેમાં અનંગક્રીડાથી સંભોગ પર્યન્તની અને સચેતન કે અચેતન સાથેની સર્વે ક્રીડાનો સમાવેશ થાય છે અને તત્ત્વાર્થ સૂત્રકારના જણાવ્યા મુજબ તેમજ વંદિત્તા સૂત્રની સાક્ષીએ પ્રમાદ વશાત્ થયેલ આ ક્રિયા સમજવી.

○ સ્થાનાંગ સૂત્ર-૪૮ની વૃત્તિ - સ્ત્રી-પુરુષ લક્ષણ રૂપ કર્મ તે મૈથુન. તેને અબ્રહ્મ કહે છે. તે મન, વચન, કાયાથી તેમજ કરવું, કરાવવું, અનુમોદવા રૂપે ઔદારિક કે વૈક્રિય શરીર વડે એમ અઢાર ભેદે થાય છે.

○ પ્રશ્નવ્યાકરણ સૂત્ર-૧૮માં તેના ત્રીશ પર્યાય નામોનો ઉલ્લેખ છે. જેમકે - અબ્રહ્મ, મૈથુન, ચરંત, સંસર્ગી, સંકલ્પી, દર્પ, મૂઢતા, મનઃસંક્ષોભ, અનિગ્રહ, અશીલતા, ગ્રામધર્મતૃપ્તિ, રાગચિંતા, કામભોગમાર, પરસંગ ઇત્યાદિ.

○ **લઘુ દૃષ્ટાંત :-** ચંપાપુરીનો રાજા જિતશત્રુ તેની રાણી સુકુમાલિકા સાથે કોઈ વખતે વિકટ સ્થિતિમાં મૂકાયો. તેણે રાણીનું જીવન બચાવવા પોતાની જાંઘનું માંસ કાપીને ખવડાવ્યું, પાણીને સ્થાને રાજાએ તેને પોતાનું લોહી પણ પીવડાવ્યું. રાણી બચી ગઈ. થોડા સમયે પરિસ્થિતિ સારી થઈ ગઈ. પણ રાણીને કોઈ પાંગળા પુરુષ પર આસક્તિ થઈ ગયેલી. તે પાંગળાથી રાણીની શરીર ભુખ શાંત થતી હતી. તે પુરુષ કામકળામાં પ્રવીણ હતો. બંનેએ મળીને કોઈ વખત કપટથી રાજાને ગંગા નદીમાં વહાવી દીધો. પણ રાજા પોતાના ભાગ્યથી કિનારે પહોંચી ગયો. ત્યાં તે નગરનો રાજા મૃત્યુ પામેલો. હાથીએ જિતશત્રુ પર કળશ ઢોળતા જિતશત્રુ તે દેશનો રાજા બની ગયો.

આ તરફ સુકુમાલિકા રાણી પેલા પાંગળા સાથે કામભોગ સેવન કરતી ફરતા-ફરતા તે જ રાજ્યમાં જઈ પહોંચી. પાંગળો ગાવા-વગાડવાની કળામાં પ્રવીણ હતો, રાણી તેને ઉઠાવીને લઈને ફરતી હતી. તેઓ રાજમહેલે પહોંચ્યા. પાંગળો ગાવા લાગ્યો અને રાણી નાચવા લાગી. રાજા તેણીને ઓળખી ગયો. રાણીએ પોતે તો મહાસતી હોવાનો ઢોંગ કર્યો. પાંગળો જ તેનો પતિ છે તેમ કહેવા લાગી. રાજાએ તેણીનું આખું ચરિત્ર સભા સમક્ષ પ્રગટ કરી તેણીને દેશ-નિકાલની આજ્ઞા કરી. અંતે તેણી મરીને દુર્ગતિમાં ગી.

● **પાંચમે પરિગ્રહ :-** પરિગ્રહએ પાંચમું પાપસ્થાનક છે.

– પરિગ્રહ એટલે માલ-મિલકત આદિની મૂર્છા.

– પરિ + ગૃહ્ સ્વીકાર કે અંગીકારનો અર્થ બતાવે છે, તેથી જે વસ્તુનો માલિકીભાવથી સંગ્રહ કરવામાં આવ્યો હોય તેને પરિગ્રહ કહેવામાં આવે છે.

– તત્ત્વાર્થ સૂત્ર, ભાષ્ય અને તેની વૃત્તિમાં પરિગ્રહનો અર્થો–

મૂર્ચ્છા પરિગ્રહ છે - સચેતન કે અચેતન કોઈપણ પદાર્થ ઉપર મમત્વ બુદ્ધિ - "મારું કરવાની - મારું માનવાની બુદ્ધિ કે મૂર્ચ્છા-મમત્વ તે પરિગ્રહ છે.

સૂત્રમાં મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો. તે મૂર્ચ્છા એટલે આસક્તિ.

– નાની, મોટી, જડ, ચેતન, બાહ્ય કે આંતરિક ગમે તે વસ્તુ હોય કે કદાચ ન પણ હોય, છતાં તેમાં બંધાઈ જવું કે તેની પાછળની તાણમાં વિવેકને ગુમાવી બેસવો તે મૂર્ચ્છા.

– સ્વોપજ્ઞ ભાષ્યમાં મૂર્ચ્છા, ઇચ્છા, પ્રાર્થના, કામ, અભિલાષા, કાંક્ષા, ગૃદ્ધિ વગેરે એકાર્થક કે પર્યાયવાચી કહ્યા છે.

– ગાય, ભેંસ, ધન, ધાન્ય આદિ સચેતન કે અચેતન એવી કોઈપણ બાહ્ય ઉપધિ અને રાગાદિ રૂપ અભ્યંતર ઉપધિનું સંરક્ષણ અને સંસ્કાર આદિ રૂપ વ્યાપાર એ જ મૂર્ચ્છા છે.

– પરિગ્રહ - જેનાથી આત્મા સંસારમાં જકડાય તે પરિગ્રહ. આ રીતે આસક્તિ હોય તો વસ્તુ ન મળવા કે ન ભોગવવા છતાં પણ પરિગ્રહ જ છે.

– પરિગ્રહના બાહ્ય અને અભ્યંતર બે ભેદ છે. બાહ્ય પરિગ્રહમાં વાસ્તુ, ક્ષેત્ર, ધન, ધાન્ય, શય્યા, આસન, દ્વિપદ, ચતુષ્પદ, કુપ્ય આદિનો સમાવેશ થાય છે અને અભ્યંતર પરિગ્રહમાં મિથ્યાત્વ, વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષનો સમાવેશ થાય છે.

– પ્રશ્ન વ્યાકરણ સૂત્ર-૨૧ની વૃત્તિમાં પરિગ્રહના ત્રીસ પર્યાય નામો કહ્યા છે. જેવા કે – પરિગ્રહ, સંચય, ચય, ઉપચય, નિધાન, પિંડ, મહેચ્છા, ઉપકરણ, સંરક્ષણ, ભાર, તૃષ્ણા ઇત્યાદિ.

○ **લઘુ દૃષ્ટાંત :-** પરિગ્રહ-મૂર્ચ્છાની વાત આવે એટલે મમ્મણ નામે શ્રેષ્ઠી યાદ આવે. તેની પાસે અમાપ ધન હતું. સોનાના બનાવેલા બે બળદ હતા. તે બળદોને હીરા, મોતી, રત્નોથી સજાવેલા હતા. માત્ર બીજા બળદનું શીંગડુ સજાવવાનું બાકી

હતું. મગધ સમ્રાટ શ્રેણિક પણ એક વખત તે જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગયેલો હતો. તો પણ તે મમ્મણ શેઠ જીંદગીભર શું ખાતો હતો ? માત્ર તેલ અને ચોળા. તેની ધન-પરિગ્રહની મૂર્છા અંતે તેને સાતમી નરકમાં લઈ ગઈ.

● **છટ્ઠે ક્રોધ :-** ક્રોધને છટ્ઠું પાપસ્થાનક કહ્યું છે.

– ક્રોધ એટલે ગુસ્સો કે કોપ.

– કષાય મોહનીયના ઉદયથી જીવનો ગુસ્સે થવા રૂપ પરિણામ તે ક્રોધ, કોપ, રોષ ભંડન તેના પર્યાયો છે.

– ક્રોધની વિશેષ વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય"માં જોવી. તેનો ઉલ્લેખ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ૰"માં પણ છે.

– ક્રોધ એટલે કષાય મોહનીય કર્મના ઉદયથી પ્રગટ થતો ભાવ. તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર પેટાભેદ વર્ણવાયા છે.

– ક્રોધ એ કષાયના ચાર ભેદોમાંનો એક ભેદ છે.

– आचारांग સૂત્ર-વૃત્તિમાં કહ્યું છે – કારણે અથવા અકારણે અતિ ક્રુર અધ્યવસાય થવો તે ક્રોધ છે અથવા આત્મીય ઉપઘાતકારિણી ક્રોધકર્મના વિપાકનો ઉદય તે ક્રોધ.

– સ્થાનાંગ સૂત્ર-વૃત્તિ જેના વડે ક્રુદ્ધ થાય તે ક્રોધ, ક્રોધ, મોહનીય સંપાદ્ય જીવની પરિણતિ વિશેષ તે ક્રોધ.

– उत्तराध्ययन વૃત્તિ - અપ્રીતિ લક્ષણ તે ક્રોધ.

○ **લઘુ દૃષ્ટાંત :-** ક્રોધની વાત નીકળે ત્યારે ચંડકૌશિકની યાદ તો આવે જ. પ્રસિદ્ધ ઉદાહરણ છે, પૂર્વે લખાઈ પણ ગયું છે. તપસ્વી એવા સાધુ બાળમુનિને લઈને દેહ-ચિંતા નીવારવાને ગયેલા હતા. માર્ગમાં એક નાની દેડકી પગ નીચે આવીને મૃત્યુ પામી. વસતિમાં પાછા આવ્યા ત્યારે ઇરિયાવહી પ્રતિક્રમતી વખતે દેડકીની વિરાધનાની આલોચના ન કરી, બાળમુનિએ યાદ કરાવ્યું, પણ તપસ્વી સાધુએ તે વાતને ધ્યાનમાં ન લીધી. ફરી પ્રતિક્રમણ વેળા યાદ કરાવ્યું, તો પણ તપસ્વી મુનિએ આલોચના ન કરી, તે બાળમુનિ પર અત્યંત ક્રોધે ભરાઈને તેને મારવા દોડ્યા. થાંભલા સાથે ભટકાઈને મૃત્યુ પામ્યા.

તપસ્વી સાથે ક્રોધ અને તપ બંનેના પ્રભાવથી જ્યોતિષ્ક દેવ થયા. પછી તાપસ થયા ત્યારે પણ તેનો ક્રોધ પરત્વે કાબુ ન હોવાથી સૌ તેને ચંડકૌશિક કહેવા લાગ્યા. ત્યાંથી મૃત્યુ પામી તેઓ સર્પ રૂપે જન્મ્યા, જેની ચંડકૌશિક સર્પ નામે પ્રસિદ્ધ કથા છે.

● **સાતમે માન :-** સાતમું પાપસ્થાનક 'માન' કહ્યું છે.

– માન ને ગર્વ, મદ, અહંકાર નામે ઓળખે છે.

– માન કષાયમોહનીય કર્મના ઉદયથી જીવને મદ થવારૂપ પરિણામ, તે માન. આ માનના સ્તંભ, ગર્વ, ઉત્સેક, અહંકાર, દર્પ, મદ વગેરે અર્થસૂચક શબ્દો છે.

– માનના ચાર ભેદો કહ્યા છે – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન.

– 'માન'ની વિશેષ વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય"માં જોવી. તેનો ઉલ્લેખ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ૦"માં પણ છે.

– 'માન' એ કષાયના ચાર ભેદોમાંનો એક ભેદ છે.

– जीवाजीवाभिगम वृत्तिમાં 'માન'નો અર્થ છે. ગર્વપરિણામ.

– स्थानांग वृत्ति મુજબ - "હું જાત્યાદિ ગુણવાન્ છું" એ પ્રમાણે માનવું-વિચારવું તે 'માન' છે.

– उत्तराध्ययन वृत्ति :- 'અહમ્' એ પ્રમાણે પ્રત્યય હેતુ.

– आचारांग वृत्ति :- જાતિ, કુળ, રૂપ, બળ આદિથી સમુત્પન્ન થયેલ ગર્વ તે માન છે.

○ **લઘુ દૃષ્ટાંત :-** ભગવંત મહાવીરના ત્રીજા ભવની વાત સુવિદિત છે. જ્યારે તેઓએ ઋષભદેવ ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરેલી હતી, ત્યારપછી આપમેળે નવો વેશ રચ્યો. 'મરીચિ' નામથી તેની કથા અતિ પ્રસિદ્ધ બનેલી છે. કોઈ વખતે ભરત ચક્રવર્તીએ ભગવંત ઋષભદેવને પૂછ્યું કે, આ સમવસરણમાં કોઈ તીર્થંકરનો જીવ છે કે કેમ ? ત્યારે ઋષભદેવ ભગવંતે ભરતને કહ્યું કે, આ તારો પુત્ર મરીચિ છે તેને ત્રણે ઉત્તમ પદવી પ્રાપ્ત થવાની છે. તે વાસુદેવ, ચક્રવર્તી અને આ ચોવીસીના અંતિમ તીર્થંકર થશે. ત્યારે ભરત ચક્રવર્તી આ વાત સાંભળીને પ્રસન્ન થયા, મરીચિ પાસે જઈને તેને ત્રણ પ્રદક્ષિણા આપી, નમસ્કાર કર્યા પછી કહ્યું કે, હું તારા ત્રિદંડીપણાને નમસ્કાર કરતો નથી, પણ તમે ભાવિમાં છેલ્લા તીર્થંકર આ ભરત ક્ષેત્રની આ ચોવીસીમાં થવાના છો તેને નમસ્કાર કરું છું. એમ નમસ્કાર કરીને ભગવંત ઋષભદેવે કહેલ આખી ભવિષ્યવાણી તેને કહી સંભળાવી.

મરીચિને આ વાત સાંભળીને માનકષાયનો ઉદય થયો. તે નાચવા અને ગાવા લાગ્યા કે મારું કુળ કેટલું ઉત્તમ છે ? મારા દાદા પહેલા તીર્થંકર થયા, મારા પિતા પહેલા ચક્રવર્તી થયા અને હું પહેલો વાસુદેવ થઈશ. વળી હું પણ વાસુદેવ-ચક્રવર્તી અને તીર્થંકર એ ત્રણે પદવીને પામીશ. જગત્માં ઉત્તમપુરુષોની ત્રણ-ત્રણ પદવી મને પ્રાપ્ત થશે એવી ઉત્તમતા મારા જીવની છે ! આ રીતે ગોત્ર-કુળના મદથી અભિમાનમાં અંધ બન્યો. ભલે મરીચિની વાત સાચી હતી પણ આ માન કષાયે તેને નીચ ગોત્ર કર્મ બંધાવ્યુ. છેક પંદરમાં ભવ સુધી જ્યારે જ્યારે મનુષ્ય થયા ત્યારે બ્રાહ્મણપણાને પામ્યા. છેલ્લે ભગવંત મહાવીરના ભવે પણ ૮૨ દિવસ બ્રાહ્મણીની કુક્ષિમાં રહ્યા.

● **આઠમે માયા :-** માયા એ આઠમું પાપસ્થાનક કહ્યું છે.

– માયા એટલે છળ, કપટ, પ્રપંચ ઇત્યાદિ.

– માયાકષાય મોહનીય કર્મના ઉદયથી જીવના કપટ કરવારૂપ પરિણામ તે 'માયા'. દગો, પ્રપંચ, વિશ્વાસઘાત, કુટિલતા આદિ તેના અર્થસૂચક શબ્દો કે પર્યાયો છે.

– માયા કષાય વિશે વિશેષ માહિતી માટે જુઓ સૂત્ર-૨ "પંચિંદિય". તેનો

ઉલ્લેખ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ૦"માં પણ છે.

– માયા કષાયના ચાર પેટાભેદો કહ્યા છે - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ વૃત્તિમાં કહ્યું, કષાય મોહનીય કર્મપુદ્ગલના ઉદયથી સંપાદિત થયેલ જીવપરિણામ વિશેષ.

– आचारांग वृत्ति-માયા એટલે પરવંચનના અધ્યવસાય.

– सूर्यप्रज्ञप्ति અને नायाधम्मकहा वृत्ति - માયા એટલે વંચનબુદ્ધિ.

– उत्तराध्ययन वृत्ति :- સ્વ-પર વ્યામોહ ઉત્પાદક શઠતા.

पन्नवणा - वृत्ति - માયા નિવર્તિત જે કર્મ-મિથ્યાત્વ આદિ છે તેને પણ માયા જ કહી છે.

स्थानांग - वृत्ति - પ્રચ્છન્નપણે અકાર્ય કર્યા પછી તેને ગોપવવું અને તેની આલોચના ન કરવી તે પણ માયા છે.

માયાને આગમમાં નિકૃતિ, પરવંચના, અનાર્જવતાદિ કહે છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** રાજા પ્રદેશીને સૂર્યકાંતા નામે રાણી હતી. પહેલા તો તે પતિ પરત્વે અત્યંત પ્રેમાસક્ત હતી, પણ પ્રદેશી રાજા જ્યારથી કેશી સ્વામી પાસેથી ધર્મ પામ્યા અને વ્રતધારી બન્યા ત્યારથી રાણી તેમનાથી અસંતુષ્ટ રહેવા લાગી. રાણી નિત્ય દેહસુખથી પણ વંચિત રહેવા લાગી. તેણીને વિચાર આવ્યો કે રાજાને હવે માર્ગમાંથી હટાવી દઉં તો સમગ્ર રાજ્યશ્રીનો સ્વાદ લઈ શકું. કોઈ વખતે રાજાને આલિંગન કરવાના કપટથી પોતાના વાળ વીખેર્યા. રાજાના મુખ પર પડી આલિંગન કરવાના બહાને સૂર્યકાંતા રાણીએ પોતાની આંગળીના નખોથી રાજાનું ગળું ઘોંટી નાખ્યું, રાજાને પ્રાણથી વિયોગ કરાવી દીધો. પણ આ કપટને કારણે રાણી પણ માયા કષાયનું ફળ પામી દુર્ગતિમાં ગઈ.

**● નવમે લોભ :-** નવમું પાપસ્થાનક "લોભ" કહ્યું છે.

– લોભ એટલે તૃષ્ણા, ગૃદ્ધિ, લાલચ ઇત્યાદિ.

– લોભ કષાય મોહનીય કર્મના ઉદયથી જીવનો તૃષ્ણારૂપ પરિણામ તે લોભ. ધન-વૈભવ, સત્તા-અધિકાર કે રાજ્યાદિ ઐશ્વર્ય વગેરેની સ્પૃહાનો-કામનાનો સમાવેશ આ પાપસ્થાનકમાં થાય છે.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ મુજબ - કષાય મોહનીય કર્મ પુદ્ગલના ઉદયથી સંપાદ્ય જીવ પરિણામ વિશેષ.

– આ શબ્દનું વિશેષ વિવેચન જુઓ સૂત્ર-૨ "પંચિંદિય". આ શબ્દનો ઉલ્લેખ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ"ના વિવેચનમાં પણ છે.

– લોભ શબ્દ માટે જીવાજીવાભિગમ, પ્રશ્નવ્યાકરણ, આચારાંગાદિ આગમોમાં વિવિધ પર્યાયરૂપ અર્થો બતાવ્યા છે. જેમકે - ગૃદ્ધિ, મૂર્ચ્છા, આસક્તિ, ચિત્તવિમોહ, તૃષ્ણાપરિણામ, અભિષ્વંગ આદિ.

– સ્થાનાંગ અને ઉત્તરાધ્યયન વૃત્તિ - લોભ એટલે દ્રવ્યાદિ કે ગૃદ્ધિથી થતી

અભિકાંક્ષા અથવા જેના વડે લોભાય તે લોભ.

**૦ લઘુ દૃષ્ટાંત :-** એક સંન્યાસી તાપસ જંગલમાં રહેતો હતા. લંગોટી સિવાય તેની પાસે કંઈ ન હતું. મસ્તીથી અને નિશ્ચિત્ત થઈને તે પોતાની સાધનામાં મસ્ત હતો. કોઈ વખતે ઉંદર તેની લંગોટી કાતરી ગયો. તાપસે રાજા પાસે જઈને પોતાની સમસ્યા રજૂ કરી. રાજાએ તેને એક બિલાડી આપી અને કહ્યું કે, આ બિલાડી લઈ જાઓ, તેનાથી ઉંદર આવશે નહીં, લંગોટી કાતરશે નહીં. થોડા દિવસ ગયા, બિલાડી કમંડલમાંથી તે સંન્યાસી માટે રખાયેલ દૂધ પી ગઈ. ફરી તે સંન્યાસી પોતાની ફરિયાદ લઈને રાજા પાસે ગયો. રાજાએ તેને કુતરો આપ્યો. પણ કુતરા માટે દૂધ ક્યાંથી લાવીને પીવડાવવું ?

તે તાપસ ફરી રાજા પાસે આવ્યો. રાજાએ દૂધ માટે ગાય આપી. હવે ગાયને ઘાસ કઈ રીતે ખવડાવવું ? કોઈના ખેતરમાં ગાય ઘુસી જતી ત્યારે લોકો તેને માર-પીટ કરતા અને સંન્યાસી પાસે આવીને તેમને પણ કંઈક સારા-ખોટા બે શબ્દ સંભળાવી જતા હતા. સંન્યાસી ફરી રાજા પાસે આવ્યો. રાજાએ તેને થોડી જમીન આપીને કહ્યું કે, આપ ખેતી કરો, ઘાસ ઉગાડો અને ગાયને ખવડાવો. સંન્યાસીએ ખેતી કરવાનું શરૂ કર્યું.

ત્યારે સંન્યાસીને કોઈ વખતે વિચાર આવ્યો કે મારા અને ગૃહસ્થમાં શો ફર્ક છે ? એક લંગોટીના લોભે હું કેટલો નીચે ઉતરતો ગયો કે આજ સાધના-આરાધનાને બદલે હું ખેડૂત જેવો બની ગયો છું. લાભ વધતાં લોભ વધ્યો. લોભે મને સંન્યાસીમાંથી ગૃહસ્થ બનાવી દીધો.

**૦ નવ પાપસ્થાનકને અંતે કંઈક :-**

પાંચ આશ્રવ-પ્રાણાતિપાત આદિ અને ક્રોધ આદિ ચાર કષાયરૂપ નવ પાપસ્થાનકોનું વિવેચન થયું. જેમાં પહેલા પાંચ પાપસ્થાનકોનો ત્યાગ કે તેનાથી વિરમવું એ વાત પાંચ વ્રતોમાં આવે છે. જે સર્વથા પ્રાણાતિપાત આદિ પાંચેથી નિવૃત્ત થાય તો તે 'સાધુ' કહેવાય. જેનું વર્ણન સૂત્ર-૨માં पंच महव्वय जुत्तो માં આવ્યું. જો સ્થૂળથી પ્રાણાતિપાતાદિ ત્યાગે તો તે "શ્રાવક" કેહવાય, જેનું વર્ણન-અતિચારો આદિ વંદિત્તુસૂત્રમાં આવશે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર મનોદોષોને કષાય કહે છે. "કષાય" સ્વરૂપે તેનું વર્ણન સૂત્ર-૨ માં આવેલ છે. આ કષાયોનો ઉદય થવાથી આત્માનું મૂળ સ્વરૂપ મલિન થાય છે. એટલે તે વિભાવદશાને પામે છે. તેથી કષાયો પર જય મેળવવાનું શાસ્ત્રકાર સૂચવે છે. વળી ક્રોધાદિ ચારે કષાયો જીવને વિવિધ રીતે નુકસાન પહોંચાડે છે, તત્ત્વાર્થ સૂત્રકાર તો જીવોને કર્મબંધના કારણ રૂપ તત્ત્વ જ કષાયને ગણાવે છે. કષાય સંસારવૃદ્ધિનું કારણ છે.

(૧) ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી મતિવિભ્રમ પેદા થાય છે, મતિવિભ્રમ પેદા થતાં બુદ્ધિનો નાશ થાય છે કે જે આધ્યાત્મિક મૃત્યુ છે.

(૨) માનથી વિનયનો નાશ થાય છે, વિનયનો નાશ થતાં શિક્ષા-કેળવણી

પ્રાપ્ત થતી નથી. શિક્ષાને અભાવે જ્ઞાનમાં કે ચારિત્રમાં કોઈ જાતની પ્રગતિ સંભવતી નથી.

(૩) માયાથી સરળતા ચાલી જાય છે, સરળતા ચાલી જતાં ધર્મ ટકતો નથી. ધર્મના અભાવે મનુષ્યનું જીવન પશુ બની જાય છે.

(૪) લોભથી તૃષ્ણા વધે છે. તૃષ્ણા વધતા કાર્ય-અકાર્યનું ભાન ભૂલી જવાય છે. કાર્ય-અકાર્યનું ભાન ભૂલાય એટલે પાપનો પ્રવાહ જોરથી ધસી આવે છે. એ રીતે લોભ એ સર્વે સદ્‌ગુણોનો વિનાશક છે.

આ રીતે નવે પાપસ્થાનકોના ત્યાગ માટે પરમાત્માએ ઉપદેશ આપેલો છે. પ્રાણાતિપાત આદિ પહેલા પાંચ માટે તેનાથી સર્વથા અથવા સ્થૂળથી અટકવું તે અણગાર કે આગાર ધર્મનું ગ્રહણ અને પાલન. જ્યારે ક્રોધાદિ કષાયનો ત્યાગ તે કષાયજય. હવે બાકીના નવ પાપસ્થાનકોની વિચારણા કરીએ.

● **દશમે રાગ** - દશમું પાપસ્થાનક 'રાગ' કહેલ છે.

– 'રાગ' માટે સંથારા પોરિસીની ગાથામાં પિજ્ઞ અને આવશ્યક સૂત્ર-૪૮માં પેજ્ઞ શબ્દનો પ્રયોગ કર્યો છે.

– 'પેજ્ઞ' એટલે પ્રિયપણાનો ભાવ કે કર્મ. તેનો અર્થ 'પ્રેમ' એવો કર્યો છે. વૃત્તિકાર લખે છે કે 'પ્રેમ' એ અનભિવ્યક્ત એવો માયા અને લોભ લક્ષણરૂપ છે. તેને અભિષ્વંગ-આસક્તિ કહે છે.

– આ 'પ્રેમ' નામક પાપ સ્થાનને બીજા શબ્દમાં 'રાગ' કહે છે.

– રંજન કે રંજિત થવું તે 'રાગ'. અહીં રંજન શબ્દથી વિવિધ ભાવો વડે થતું આત્માનું રંજિતપણું સમજવું.

વિશિષ્ટ અર્થમાં માયા અને લોભની મુખ્યતાવાળી વૃત્તિઓથી આત્માને અમુક વસ્તુ પ્રત્યે જે મનોજ્ઞભાવ કે પ્રેમ ઉત્પન્ન થાય તે રાગ કહેવાય છે.

– જીવ જેના વડે રંગાય છે તે 'રાગ' કહેવાય છે.

– આ રાગનું સ્વરૂપ મુખ્યત્વે ત્રણ પ્રકારે કહેવાયુ છે – (૧) દૃષ્ટિરાગ, (૨) કામરાગ અને (૩) સ્નેહરાગ.

(૧) દૃષ્ટિરાગ :- કુપ્રવચનમાં આસક્તિ થવી - જેમાં ખોટા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવામાં આવ્યુ હોય, તે પણ સારું લાગવું, રુચિકર થવું તે દૃષ્ટિરાગ કહેવાય છે.

(૨) કામરાગ :- શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્તિ થવી તે કામરાગ કહેવાય છે.

(૩) સ્નેહરાગ :- પિતા, પુત્ર, પત્ની, પરિવાર આદિ પરત્વોનો સ્નેહભાવ હોવો તે સ્નેહરાગ કહેવાય છે.

મુહપત્તિ-પડિલેહણના ૫૦ બોલમાં પણ કહેવાય છે કે, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું.

રાગના બીજી રીતે બે ભેદો પણ કહ્યા છે – (૧) અપ્રશસ્ત, રાગ અને

(૨) પ્રશસ્ત રાગ.

आवश्यक वृत्तिમાં રાગનો અર્થ કર્યો રૂપ આદિ આક્ષેપજનિત પ્રીતિ વિશેષ અથવા અભિષ્વંગ-આસક્તિ લક્ષણ.

प्रश्नव्याकरण માં 'રાગ'ને અબ્રહ્મ (મૈથુન) નામક આશ્રવનું વીસમું પર્યાય નામ કહ્યું છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** એક માત્ર રાગનું પરિણામ જુઓ - તે સુષમાને મૃત્યુનું કારણ બન્યો.

ચિલાતી પુત્ર પૂર્વ જન્મે યજ્ઞદેવ નામે બ્રાહ્મણ હતો. તે સદા જિનશાસનની નિંદા કરતો હતો. કોઈ વિશિષ્ટ સાધુ સાથે વાદમાં હારી ગયો, તેથી તેણે દીક્ષા લીધી. પણ પૂર્વના સંસ્કારને કારણે જાતિમદથી સાધુપણા તરફનો તેનો દુગંછાભાવ ચાલુ રહેલો. તેણે પોતાના સર્વ સ્નેહી-સ્વજનને પ્રતિબોધ કર્યા, પણ તેની પત્ની શ્રીમતીને યજ્ઞદેવ પ્રત્યે સજ્જડ રાગ હતો. તે યજ્ઞદેવને દીક્ષા છોડાવી દેવા ઇચ્છતી હતી. કોઈ દિવસે તેણીએ પોતાના પતિ યજ્ઞદેવ મુનિને વશ કરવા માટે તેના પર કાર્મણ કર્યું. પણ તે કાર્મણ વિપરીત થતાં યજ્ઞદેવ મુનિ મૃત્યુ પામ્યા.

ભવાંતરે યજ્ઞદેવનો જીવ ચિલાતિપુત્ર રૂપે જન્મ્યો અને શ્રીમતી સુષમા નામે ધન્ય સાર્થવાહની પુત્રી થઈ. જ્યારે ચોરનો સરદાર બનેલ ચિલાતિપુત્ર રાગવશ સુષમાને ઉપાડી ગયો. ત્યારે માર્ગમાં લાચાર બનતા તેણે સુષમાનું માથુ કાપી નાખ્યું. જે રાગ પતિના મૃત્યુનું કારણ બન્યું તે જ રાગે તેને મોત આપ્યું.

**● અગિયારમે દ્વેષ :-** દ્વેષ એ અગિયારમું પાપસ્થાનક છે.

– દ્વેષ એટલે અણગમો, તિરસ્કાર.

– દ્વેષ શબ્દ માટે સંથારા પોરિસીની ગાથામાં તથા આવશ્યક સૂત્ર-૪૮માં 'दोस' શબ્દ પ્રયોજેલ છે.

दोस ની વૃત્તિ કરતા વૃત્તિકાર લખે છે કે 'દોસ' એટલે દ્વેષ કરવો તે - દ્વેષ અથવા દૂષણ - દોષ. તે અનભિવ્યક્ત ક્રોધ અને માન લક્ષણરૂપ છે. જેનો અર્થ "અપ્રીતિમાત્ર" થાય છે.

– રાગથી વિપરીત શબ્દ તે દ્વેષ છે. તેથી કોઈ વસ્તુ પ્રત્યે અમનોજ્ઞભાવ પેદા થવો કે અણગમો યા તિરસ્કાર જન્મવો તે દ્વેષ છે. તેનું મુખ્ય લક્ષણ અપ્રીતિ છે.

– દ્વેષ વૃત્તિ અજ્ઞાન અને મોહમાંથી ઉત્પન્ન થાય છે.

– પ્રશમરતિ પ્રકરણમાં ઉમાસ્વાતિજી મહારાજા દ્વેષના પર્યાય સૂચક નામોને જણાવતા કહે છે કે, ઇર્ષ્યા, રોષ, દ્વેષ પરિવાદ, મત્સર, અસૂયા, વૈર અને પ્રચંડન આદિ અનેક દ્વેષના પર્યાયવાચી છે.

भगवती - वृत्ति - અભિવ્યક્ત ન થયેલા ક્રોધ-માન સ્વરૂપ જે અપ્રીતિમાત્ર છે તેને દ્વેષ કહે છે.

स्थानांग - वृत्ति - દ્વેષ નિશ્રિત મત્સરભાવથી યુક્ત ગુણવાન્‌ને પણ આ નિર્ગુણી છે તેમ માને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्तराध्ययन वृत्ति - વિશુદ્ધ એવા આત્માને પણ જે દૂષિત કરે અને વિકૃતિને લાવે તેને દોષ કહે છે.

આગમસૂત્રોની વૃત્તિમાં દ્વેષ ને દોષ, અપ્રીતિ લક્ષણ, માલિન્ય કરણ, માત્સર્ય, દૂષણ ઇત્યાદિ અર્થોમાં જણાવેલ છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** ભગવંત મહાવીર તેમના પૂર્વભવમાં જ્યારે 'વિશ્વભૂતિ' નામે રાજકુમાર હતા. તેમણે દીક્ષા લીધી. માસક્ષમણ આદિ તપશ્ચર્યાથી કાયા કૃશ બની ગયેલી. કોઈ વખતે માસક્ષમણને પારણે ગૌચરી અર્થે નીકળેલા. તે વખતે તેનો ભાઈ વિશાખાનંદી ગવાક્ષમાંથી જોઈ રહ્યો હતો તેટલામાં કોઈ ગાયે વિશ્વભૂતિ મુનિને પછાડી દીધા. તે જોઈને વિશાખાનંદીએ મશ્કરી કરી કે, રાજકુમાર હતા ત્યારે તમે એક મુક્કો મારી કોઠાના ફળ પાડી દીધા હતા, હવે તમારું એ બળ ક્યાં ગયું ? તે વખતે વિશ્વભૂતિ મુનિને ભયંકર દ્વેષ ચડ્યો, ગાયને શીંગડાથી પકડી ભમાવીને પાડી દીધી. પછી દ્વેષથી નિયાણું કર્યું, નિયાણાના પ્રભાવે ત્રિપૃષ્ઠ વાસુદેવ પણ બન્યા અને સિંહનો ભવ પામેલા વિશાખાનંદીના જડબા ખેંચી મારી નાંખ્યો. પણ દ્વેષનું પરિણામ તેમને નરકમાં લઈ ગયું.

**૦ રાગ-દ્વેષ યુગલ વિશે કંઈક વિશેષ :-**

શ્રમણ પ્રતિક્રમણ સૂત્ર (પગામસિજ્જા૦)માં એક વાક્ય આવે છે – "દોહિં બંધણેહિં - રાગબંધણેણં દોસબંધણેણં" અર્થાત્ રાગ અને દ્વેષ એ બે બંધન છે. આ બંધન વડે સેવેલા અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. રાગ (આસક્તિ) અને દ્વેષ (અપ્રીતિ) એ બંને આત્માને કર્મબંધ કરાવનાર હોવાથી સંસારમાં બંધનરૂપ છે. રાગ-દ્વેષ બંને અસંયમરૂપ કહ્યા છે. તેનાથી જે અતિચાર લાગે તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

– રાગને આત્માનો ખતરનાક શત્રુ અને દ્વેષને ભવ-વૃદ્ધિ કારક કહ્યો છે. વંદિત્તુ સૂત્ર અને પગામસિજ્જા૦ બંનેની છેલ્લી ગાથામાં કહ્યું છે – "એવં અટ્ઠવિહં કમ્મં રાગદોસ સમજ્જિઅં" અર્થાત્ આઠ પ્રકારના કર્મોનું ઉપાર્જન રાગ-દ્વેષથી થાય છે. प्रशमरति માં ઉમાસ્વાતિજી પણ લખે છે કે, "રાગ-દ્વેષથી યુક્ત જીવને કેવળ કર્મબંધ જ થાય છે તે સિવાય અલ્પ પણ ગુણ થતો નથી. (માટે આ બંને પાપસ્થાનોનો ત્યાગ કરવો)

– રાગ અને દ્વેષ બંનેને મોહરૂપી વૃક્ષના બીજરૂપ કહ્યા છે.

– પાક્ષિક સૂત્રમાં પાંચ મહાવ્રત અને છટ્ઠા રાત્રિભોજન વ્રતનું સ્વરૂપ જણાવેલ છે. આ દરેકને ચાર પ્રકારે કહ્યા છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી. તે દરેકમાં ભાવથી સ્વરૂપ જણાવતા रागेण वा दोसेण वा લખ્યું - રાગથી કે દ્વેષથી હિંસા, મૃષા, ચોરી, મૈથુન, પરિગ્રહ કે રાત્રિભોજનનું સેવન તે ભાવદોષ છે.

– રાગદ્વેષને કષાયોની ઉત્પત્તિમાં કારણભૂત જણાવતા પણ કહેવાયું છે કે, ક્રોધ અને માન અભિવ્યક્ત ન થાય ત્યારે દ્વેષ કહેવાય છે અને અનભિવ્યક્ત માયા અને લોભને રાગ કહ્યો છે. તેથી ચારે કષાયોની મૂળ ઉત્પત્તિ રાગ-દ્વેષ છે.

– દ્વેષ એ રાગનું જ રૂપાંતર છે. તેથી જ વીત-રાગ શબ્દ પ્રયોજાય છે.

જેનામાંથી રાગ ચાલ્યો ગયો છે, તે આપોઆપ દ્વેષરહિત થઈ જ ગયા છે. તેને માટે 'વીત-દ્વેષ' શબ્દની અલગ જરૂર શાસ્ત્રકારે માની નથી. એ જ રીતે ''વીરાગી'' શબ્દપ્રયોગ જોવા મળે છે પણ ''વીદ્વેષી'' શબ્દપ્રયોગ જોવા મળતો નથી.

— આ રાગ-દ્વેષ પ્રવૃત્તિ અનાદિકાલીન છે, એક સિક્કાની જ બે બાજુ સમાન છે. આ રાગ-દ્વેષ જીવ પરત્વે પણ હોઈ શકે અને જડ પરત્વે પણ હોઈ શકે. પરંતુ સમગ્ર દિનચર્યા વિચારશો તો અનુભવાશે કે જડ પરત્વે રાગ-દ્વેષમાં વધુ સમય જાય છે, માટે બંને છોડવા યોગ્ય છે.

● **બારમે કલહ :-** કલહ એ બારમું પાપસ્થાનક છે.

— કલહ એટલે કજિયો, કંકાસ, લડાઈ, ઝઘડો ઇત્યાદિ.

કલહનો ઉદ્ભવ ક્રોધ, માન, માયા, લોભ કે રાગ, દ્વેષની બહુલતાથી થાય છે. માટે તે પાપસ્થાનક કહેવાય છે.

— કલહથી અનેક ભવોનો વૈરાનુબંધ જન્મે છે. જે રીતે તપેલી ગરમ રેતી સ્વયંને પણ બાળે છે અને પૃથ્વીને પણ બાળે છે, તે રીતે કલહ પોતાને અને પરને બંનેને માટે દુઃખદાયી છે.

— કલહ પાપસ્થાનકની સજ્ઝાયમાં તેને દુર્ગતિના બંધનનું મૂળ કારણ કહ્યું છે. કલહ ખમાવનારને આરાધક કહેલ છે.

— કલહમાં પાયાનું કારણ ભાષા અર્થાત્ વચનયોગ છે તો પણ ચારે ગતિમાં કલહનું અસ્તિત્વ જોવા મળે છે. કેટલાંક મનુષ્યો પ્રગટરૂપે શાંત જણાતા હોય તો પણ મનોમન કલહ કરતા હોય છે. જે માટે પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

— 'કલહ' શબ્દનો જુદા જુદા આગમોની વૃત્તિમાં જે અર્થ કર્યો છે. તેનો સારાંશ રજૂ કરીએ તો આવા અર્થો જોવા મળે છે - ઝઘડો, વચનથી થતો કજીયો, ભાંડવું તે, વાચાથી થતો વિગ્રહ, પ્રેમ-હાસ્ય આદિથી થતું યુદ્ધ, અન્યોન્ય અસમંજસથી થતું ભાષણ, વાદ આદિ.

● **તેરમે અભ્યાખ્યાન :-** અભ્યાખ્યાન તેરમું પાપસ્થાનક છે.

— અભ્યાખ્યાન એટલે અછતાં દોષનું આરોપણ કરવું તે.

— ભગવતી વૃત્તિ - સામે થઈ દોષોને પ્રગટ કરવારૂપ કથન તે અભ્યાખ્યાન કહેવાય છે.

— સ્થાનાંગ વૃત્તિ - જાહેર રીતે ખોટા દોષોનું આરોપણ કરવું - બીજા પર આળ ચડાવવું, તે અભ્યાખ્યાન કહેવાય.

— પ્રશ્નવ્યાકરણ - વૃત્તિ - બીજાના અછતા દોષોનું આખ્યાન-કથન તે અભ્યાખ્યાન, જે મૃષાવાદનું સત્તરમું નામ છે. બીજી વ્યાખ્યા કરતા વૃત્તિકારે લખ્યું કે - અસત્ દુષણોનું કથન.

— સૂયગડાંગ વૃત્તિ - અસત્ અભિયોગ તે અભ્યાખ્યાન.

— પન્નવણા વૃત્તિ - અસત્ દોષનું આરોપણ કરવું તે.

○ અભ્યાખ્યાન એ વચનયોગનો વ્યવહાર છે.

૦ ૧૮ પાપસ્થાનકની સજ્ઝાયમાં કહ્યું છે કે 'અભ્યાખ્યાન' પાપને સેવતો જીવ અનંતા દુઃખને પામે છે.

૦ 'અભ્યાખ્યાન' દોષના બીજાએ કરેલા સેવનથી સીતા સતિ, અંજના સતિ આદિને અનેક કષ્ટો પહોંચ્યા, માટે તેનો ત્યાગ કરવો.

● **ચૌદમે પૈશુન્ય :-** પૈશુન્ય એ ચૌદમું પાપસ્થાનક છે.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ વૃત્તિ - પૈશુન્ય એટલે 'પિશુનકર્મ''. પિશુન કર્મનો અર્થ છે - સાચા કે ખોટા અનેક દોષો પીઠ પાછળ ખુલ્લા પાડવા તે. સામાન્ય વ્યવહારમાં તે ચાડી-ચુગલી કહેવાય.

– पन्नवणा-वृत्ति - પરોક્ષમાં સત્ કે અસત્ અર્થાત્ વાસ્તવિકકે અવાસ્તવિક દોષોને કહેવા કે જાહેર કરવા તે પૈશુન્ય.

– भगवती-वृत्ति. અસત્ દોષોનો આવિષ્કાર તે પૈશુન્ય.

– सूयगडांग-वृत्ति -બીજાના ગુણો સહન ન થવાથી તેના દોષોને જાહેર કરવા તે.

– પાપસ્થાનક ૧૩ અભ્યાખ્યાન અને ૧૪ પૈશુન્ય એ બંને સમાનાર્થી જેવા લાગે છે, પણ તે બંનેમાં ભેદ છે. ભલે બંનેમાં "દોષોને પ્રગટ કરવારૂપ" કથનમાં સામ્ય છે, તો પણ અભ્યાખ્યાનમાં આરોપો જાહેરમાં કરાય છે, જ્યારે ચાડી-ચુગલી ખાનગીમાં થાય છે.

– પૈશુન્ય પાપમાં પણ વાણી-વચનયોગની મુખ્યતા છે.

● **પંદરમે રતિ-અરતિ** - "રતિ અરતિ" એ પંદરમું પાપસ્થાનક કહ્યું છે. (સ્થાનાંગ સૂત્રમાં આ પાપસ્થાનકને 'અરતિ-રતિ' નામે ઓળખાવેલ છે, તેનો ક્રમ સોળમો મૂકેલો છે.)

– રતિ અને અરતિનો સામાન્ય અર્થ હર્ષ અને ઉદ્વેગ છે.

– रति - ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થાય કે અનિષ્ટવસ્તુ દૂર થાય ત્યારે થતી હર્ષની લાગણીને 'રતિ' કહેવામાં આવે છે.

– अरति - અનિષ્ટ વસ્તુનો સંયોગ થાય અને ઇષ્ટ વસ્તુ ચાલી જાય ત્યારે થતો ઉદ્વેગ 'અરતિ' કહેવાય છે.

અહીં વ્યાખ્યામાં 'વસ્તુ' શબ્દ છે, પણ ઇષ્ટ-અનિષ્ટ વ્યક્તિનો સંયોગ કે વિયોગ પણ રતિ-અરતિ જન્માવે છે, અને ઇષ્ટ-અનિષ્ટ વ્યક્તિની કે વસ્તુની પ્રાપ્તિનો સંભવ કે અપ્રાપ્તિની શક્યતા પણ મનમાં રતિ અને અરતિને ઉત્પન્ન કરતી હોય છે.

– આ બંને ભાવો મોહ અને અજ્ઞાનની પ્રબળતાને લીધે થાય છે. જેમકે અમુક વ્યક્તિ કે વસ્તુ મળે ત્યારે થતી 'રતિ' એ મોહ છે અને અમુક વ્યક્તિ કે વસ્તુ મળશે તેવી કલ્પના માત્ર પણ રતિ કે અરતિ જન્માવે તે અજ્ઞાન છે, ભવિષ્યકાલીન આર્ત્તધ્યાન છે. આ બધું જ ચારિત્ર્યના વિકાસની ખામીસૂચક છે.

– સ્થાનાંગ વૃત્તિકાર સૂત્ર-૪૮ની વૃત્તિમાં જણાવે છે કે, "કોઈ વિષયમાં જે 'રતિ' છે, તે જ વિષયાંતર અપેક્ષાએ 'અરતિ' બને છે. માટે રતિ-અરતિનું ઔપચારિક એકત્વ છે, તેથી આ બંનેનો એક જ પાપસ્થાનકમાં સમાવેશ કરાયો છે.

— भगवती-वृत्तिमां રતિ-અરતિ બંનેને મોહનીયના ઉદયથી થતો ચિત્તનો દેશ-વિકાર કહ્યો છે.

— पन्नवणा-वृत्ति - જેના ઉદયથી બાહ્ય અભ્યંતર વસ્તુમાં પ્રીતિ જન્મે તે રતિ અને અપ્રીતિ જન્મે તે અરતિ.

— आचारांग-वृत्ति - ઇષ્ટપ્રાપ્તિના સંયોગ કે વિનાશથી જન્મતો મનો વિકાર તે રતિ-અરતિ જાણવી.

— स्थानांग-वृत्ति - મોહનીય ઉદય જન્ય ચિત્ત વિકાર - જેમાં પ્રીતિલક્ષણ છે તે રતિ છે અને ઉદ્વેગ લક્ષણ છે તે અરતિ છે.

— કર્મની દૃષ્ટિએ રતિ-અરતિનું સ્થાન મોહનીય કર્મમાં છે - મોહનીયકર્મના દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય બે ભેદ છે. તે ચારિત્ર મોહનીયના પણ કષાય અને નોકષાય ચારિત્રમોહનીય બે ભેદો છે, નોકષાયચારિત્ર મોહનીયના નવ પેટા ભેદોમાં રતિ અને અરતિ એ બંને ભેદોનો સમાવેશ થાય છે. અર્થાત્ રતિ-અરતિ એ મોહનીયકર્મના ઘરની પ્રવૃત્તિ છે, આત્માની પોતાની પ્રવૃત્તિ નથી.

રતિ-અરતિ એ મુખ્યતાએ મનોયોગ જન્ય પ્રવૃત્તિ છે. કેમકે મનની કલ્પના માત્રથી જીવ રતિ (હર્ષ) અને અરતિ (ઉદ્વેગ)નો અનુભવ કરે છે. સુખ કે દુઃખ વ્યક્તિ કે વસ્તુમાં નથી, પણ તે વસ્તુ કે વ્યક્તિ સાથે જોડાયેલા મનોભાવોમાં છે.

○ **લઘુ દૃષ્ટાંત :-** મહાસતી સુલસા પરમ આદરણીય શ્રાવિકા છે, તેને કોઈ સંતાન નથી. પતિ નાગસારથીના અનેક પ્રયત્નો પછી દેવી સાધનાથી સફળતા મળી. તે ફળ સુલસાને ખાવા માટે આપ્યું. જેના પ્રભાવથી સુલસાને ૩૨ પુત્રો થયા. તે ફળ અથવા ગુટીકા ૩૨ હતી, જે અલગ અલગ સમયે ખાવાની હતી, પણ સુલસાએ ભૂલથી એક સાથે ૩૨ ગુટીકા ખાધી, તેને એક સાથે જ ૩૨ પુત્રોનો જન્મ આપ્યો. આ બત્રીશે પુત્રો મગધના રાજા શ્રેણિકના અંગરક્ષક બન્યા. જ્યારે રાજા શ્રેણિક ચેલ્લણાને લઈને આવતા હતા ત્યારે ચેડા રાજા સાથે યુદ્ધ થયું, આ યુદ્ધમાં સુલસાના બત્રીશ પુત્રો શ્રેણિક રાજા સાથે મદદમાં હતા ત્યારે બત્રીશે પુત્રો ચેડા રાજાના હાથે મૃત્યુ પામ્યા. સુલસા માટે કેવો હૃદયદ્રાવક પ્રસંગ હતો, પણ સુલસા હર્ષ કે ઉદ્વેગના કોઈ ભાવથી પીડિત થયા વિના શાંત રહ્યા રતિ કે અરતિનો સ્પર્શ માત્ર પણ નહીં.

● **સોળમે પરપરિવાદ :-** પરપરિવાદ સોળમું પાપસ્થાનક છે.

(સ્થાનાંગ સૂત્ર-૪૮માં તેનો ક્રમ પંદરમો દર્શાવાયેલ છે.)

— બીજાનું વાંકુ બોલવું અને પોતાની બડાઈ કરવી તેને પરપરિવાદ (પાપસ્થાનક) કહેવામાં આવે છે.

— स्थानांग સૂત્ર-૪૮ની વૃત્તિ-બીજાનું ખોટું બોલવું, ઘસાતું બોલવું કે વાંકુ બોલવું તે "પર-પરિવાદ."

— भगवती-वृत्ति - બીજાના ગુણદોષ વચનને વિસ્તારવું તે.

— पन्नवणा-वृत्ति - અનેક લોકો સન્મુખ બીજાના દોષોનું વિશેષે કરીને કથન કરવું તે પર-પરિવાદ છે.

– परपरिवाद માં पर + परि + वाद ત્રણ શબ્દો છે. 'પર' એટલે બીજાના વિષયમાં, 'परि' અર્થાત્ વિપરીત અને 'વાદ' અર્થાત્ કથન - કહેવું તે.

– પરપરિવાદનો વ્યવહારુ અર્થ છે "બીજાની નિંદા". તેને બીજા શબ્દોમાં 'અવર્ણવાદ' પણ કહે છે.

૦ આ પાપસ્થાનકના સેવનમાં વચનયોગની મુખ્યતા છે.

- તત્ત્વાર્થ સૂત્રકારે પરનિંદાને નીચગોત્ર કર્મ બંધના ચાર કારણોમાંનું એક કારણ કહ્યું છે.

● **સત્તરમે માયામૃષાવાદ :-** માયામૃષાવાદ એ સત્તરમું પાપસ્થાનક કહ્યું છે. જેને માટે સ્થાનાંગ સૂત્ર-૪૮માં 'मायामोस' - 'માયામૃષા' શબ્દ વપરાયો છે. આ જ શબ્દ સંથારાપોરિસીમાં છે.

– માયામૃષાવાદ એટલે છેતરપીંડી, પ્રતારણા.

– "માયાથી ઉત્પન્ન થયેલ કે માયાયુક્ત મૃષાવાદ." તેને માયામૃષાવાદ કહે છે.

– વ્યવહારથી તેને જાળ બિછાવવી, કાવતરાં કરવા, છેતરપિંડી કરવી કે પ્રતારણા કરવી કહેવાય છે.

– स्थानांग સૂત્ર-૪૮માં કહ્યું છે - माया એટલે निकृति. मोस એટલે મૃષા કે મૃષાવાદ. માયાથી યુક્ત મૃષા તે માયામૃષા. પ્રાકૃતમાં તેને मायामोस કહે છે. આમાં બે દોષનો યોગ થયો છે - માયા અને મૃષાવાદ (બીજું અને આઠમું પાપસ્થાનક) અહીં ઉપલક્ષણથી 'માનમૃષા' આદિ સંયોગ દોષ પણ સમજી લેવો.

– नायाधम्मकहा-वृत्ति - વેશાંતર કરીને લોકોને છેતરવા તે.

– भगवती-वृत्ति - વેશાંતર અને ભાષાંતર કરીને જે બીજાનું વંચન કરવું - ઠગવા તે માયામૃષા છે.

—प्रश्नव्याकरण - તેને બીજા અધર્મ દ્વારનું ચોથું નામ કહ્યું છે.

– उववाई-वृत्ति - ત્રીજા કષાય અને બીજા આશ્રવનો સંયોગ એટલે "માયામૃષાવાદ" એમ જાણવું.

– મનમાં કંઈક જુદુ અને વચનમાં કંઈક જુદુ તેને માયા-મૃષાવાદ કહે છે. જે વૈશ્યાની નીતિ સમાન હોય છે તેથી કદી સુખ આપતા નથી.

– આ પાપસ્થાનકમાં મનોયોગ સાથે વચનયોગ પણ ભળે છે.

૦ **ખાસનોંધ :-**

'માયામૃષાવાદ' સત્તરમાં પાપસ્થાનકરૂપે અતિ પ્રસિદ્ધ છે. તેથી ગ્રંથકારો કે વ્યાખ્યાન દાતાઓ 'માયા' અને 'મૃષાવાદ'ના સંમિશ્રણ પરત્વે વિશેષ ધ્યાન આપે છે. આ સંજોગોમાં **સ્થાનાંગ સૂત્ર-૪૮ની વૃત્તિમાં** નોંધેલ વાક્ય ખાસ ધ્યાનમાં લેવા જેવું છે – **"इंद च मानमृषादिसंयोगदोषोपलक्षणं."** આ જ વાતને **ઉવવાઈ સૂત્ર-૩૪ની વૃત્તિમાં પણ નોંધી છે** – 'मायामोसि'त्ति तृतीयकषाय द्वितीयाश्रवयोः संयोगः, अनेन च सर्वसंयोगा उपलक्षिताः

● **અઢારમે મિથ્યાત્વશલ્ય :-** મિથ્યાત્વ શલ્યને અઢારમું પાપસ્થાનક કહેલું

છે. જેને માટે સ્થાનાંગ, ભગવતીજી, નાયાધમ્મકહા અને ઉવવાઈ સૂત્ર તથા સંથારાપોરિસીમાં मिच्छादंसणसल्ल શબ્દ પ્રયોજાયેલા છે. "મિથ્યાદર્શનશલ્ય" તેમ ગુજરાતીમાં કહી શકાય.

– મિથ્યાત્વશલ્ય એટલે મિથ્યાત્વરૂપ દોષ.

– "મિથ્યાત્વ" એટલે વસ્તુને વિપરીત રીતે સમજવી કે અન્ય રીતે માનવી તે અથવા મિથ્યાજ્ઞાનનો ભાવ તે મિથ્યાત્વ.

"શલ્ય" એટલે પાપ અથવા દોષ.

આ રીતે મિથ્યાત્વનું સેવન કરવું કે મિથ્યાત્વ દોષના ભાગી થવું તે મિથ્યાત્વશલ્યરૂપ પાપસ્થાનક છે.

– સ્થાનાંગ સૂત્ર-૪૮ની વૃત્તિમાં કહે છે - મિથ્યાદર્શન એટલે વિપરીત દૃષ્ટિ. તે જ ભાલા વગેરે શલ્યની જેમ શલ્ય છે કેમકે આ શલ્ય દુઃખના હેતુરૂપ છે.

મિથ્યાદર્શન પાંચ પ્રકારે છે (૧) આભિગ્રહિક, (૨) અનભિગ્રહિક, (૩) આભિનિવેશિક, (૪) અનાભોગિક, (૫) સાંશયિક.

– उत्तराध्ययन-वृत्ति - અતત્ત્વમાં તત્ત્વનો અભિનિવેશ.

– समवायांग-वृत्ति - અતત્ત્વાર્થનું શ્રદ્ધાન તે.

– પાપસ્થાનકની સજ્ઝાયમાં "મિથ્યાત્વશલ્ય" પાપ સ્થાનકને સત્તરે પાપસ્થાનક કરતાં પણ ભારે પાપસ્થાનક કહ્યું છે.

આ પ્રમાણે અઢાર પાપસ્થાનકોની રજૂઆત કરી સૂત્રકાર આગળ નોંધે છે –

● **એ અઢાર પાપસ્થાનક માંહે માહરે જીવે જે કોઈ પાપ** – ઉપર કહ્યા પ્રમાણેના પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ જે અઢાર પાપ સ્થાનક છે. આ અઢારે પાપસ્થાનકમાંથી મેં (મારા જીવે) જે કોઈ એક, બે, ત્રણ કે અઢારે અઢાર પાપમાંથી જે કોઈ પાપ...

● **સેવ્યુ હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રત્યે અનુમોદ્યુ હોય–**

સ્વયં (પોતે) આચર્યુ હોય કે કર્યુ હોય, સત્તા-લાલચ કે સૂચના આદિ દ્વારા બીજા કોઈની પાસે આચરાવ્યુ હોય કે કરાવ્યુ હોય, આવું પાપસ્થાનક-આચરણ કરતા કે કરાવતા હોય, તેને અંતરથી સારું માન્યું હોય કે વચનાદિ દ્વારા તેમને અનુમોદન કે ઉત્તેજન આપ્યું હોય.

● **તે સર્વે મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં**

તે સર્વે અર્થાત્ એક, બે... યાવત્ ... અઢાર જે કોઈ પાપ કર્યા - કરાવ્યા, અનુમોદ્યા હોય તે બધાંનું.

મનથી, વચનથી, કાયાથી (એ ત્રિકરણ યોગે)

મારું તે દુષ્કૃત્ મિથ્યા થાઓ અર્થાત્ તે પાપાચરણના વિશે હું માફી માંગુ છું.

○ **છેલ્લા ત્રણ વાક્યોમાં પાઠભેદ અને સાક્ષી પાઠ :-**

(૧) પાપસ્થાનક માંહે - અહીં માંહેને બદલે 'માંહી' પણ મળે છે.

(૨) માહરે જીવે - ને બદલે 'મહારે જીવે' પણ લખે છે.

(૩) 'તે સર્વે' ને બદલે 'તે સવિ હું' પણ જોવા મળે છે.

(૪) 'મને, વચને, કાયાએ'ને બદલે 'મન, વચન, કાયાએ' પણ જોવા મળે છે.

(૫) 'મિચ્છા મિ દુક્કડં' પૂર્વે 'તસ્સ' શબ્દ પણ જોવા મળે છે.

– અહીં સૂત્રમાં 'મિચ્છા મિ દુક્કડં' વાક્યપ્રયોગ છે.

– આ જ પ્રકારે અઢારે પાપસ્થાનક સંબંધી ગાથા–

(૧) સંથારા પોરિસીમાં છે - ત્યાં જરા જુદી રીતે કહ્યું છે –

– वोसिरिसु - હું આ અઢારે પાપસ્થાનકોને વોસિરાવું છું અર્થાત્ તેનો ત્યાગ કરું છું (કારણ કે–)

– આ અઢારે પાપસ્થાનકો મોક્ષમાર્ગના સેવનમાં વિઘ્ન ભૂત અર્થાત્ અંતરાયરૂપ છે. (તેમજ)

આ અઢારે પાપસ્થાનકો દુર્ગતિને બંધાવનાર છે.

–(૨) સ્થાનાંગ સૂત્ર-૪૯ તથા તેની વૃત્તિમાં જણાવે છે–

સૂત્ર-૪૮માં અઢાર પાપસ્થાનક વર્ણવ્યા તે–

પ્રાણાતિપાતથી પરિગ્રહ એ પાંચ પાપસ્થાનકોથી વિરમવું અર્થાત્ અટકવું અને ક્રોધથી મિથ્યાદર્શનશલ્ય પર્યન્તના તેર પાપસ્થાનકોમાં વિવેક રાખવો અર્થાત્ ત્યાગ કરવો.

-(૩) ભગવતીજી સૂત્ર-૯૪ તથા તેની વૃત્તિ–

– હે ભગવન્ ! જીવો ભારે કર્મીપણાનું ઉપાર્જન કઈ રીતે કરે છે ?

– હે ગૌતમ ! પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્યના સેવનથી જીવ ભારે કર્મીપણાનું ઉપાર્જન કરે છે.

– હે ભગવન્ ! જીવો લઘુકર્મીપણું કઈ રીતે ઉપાર્જે છે ?

– હે ગૌતમ ! જીવો પ્રાણાતિપાત વિરમણથી લઈને મિથ્યાદર્શનશલ્યના વિરમવા દ્વારા લઘુકર્મીપણું ઉપાર્જે છે.

-(૪) આવો જ સાક્ષીપાઠ 'ઉવવાઈ' સૂત્રમાં પણ છે.

■ **વિશેષ કથન :-**

પાપ ઉપાર્જન કરવાના પ્રકારો તે પાપસ્થાનક. આવા પાપસ્થાનકો અઢાર છે. તે બધાંના મૂળમાં અઢારમું પાપસ્થાનક મિથ્યાત્વશલ્ય કહેવાયું છે. આ સૂત્ર દ્વારા અઢારે પાપસ્થાનકોની આલોચના કરવામાં આવી છે - માફી માંગેલી છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહ, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સમભાવ (રાગ અને દ્વેષરહિતતા), શિષ્ટાચાર અને સજ્જનતા (કલહ રહિતતા, આળ ન ચડાવવું, ચાડી-ચુગલી ન કરવી), હર્ષ-ઉદ્વેગ રહિતતા, નિંદા રહિતતા, માયા-મૃષારહિતતા અને સમ્યક્દર્શન યુકતતા–

આ અઢારે ગુણો માટે પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનકનો ત્યાગ કરવો અતિ આવશ્યક છે.

– પ્રવચન સારોદ્ધારના ૨૩૭ માં દ્વારમાં ગાથા ૧૩૫૧થી ૧૩૫૩માં અઢાર

પાપસ્થાનકોનો ઉલ્લેખ કરાયેલો છે.

— પરંતુ આ અઢાર પાપસ્થાનકમાં કિંચિત્ પાઠભેદ છે. છટ્ઠા પાપસ્થાનક રૂપે તેમાં રાત્રિભોજનનો ઉલ્લેખ છે અને રતિ-અરતિ નામક પાપસ્થાનક તેમણે નોંધેલ નથી.

— આ વાતની નોંધ, પ્રવચન સારોદ્ધારની વૃત્તિમાં પણ કરી છે, ત્યાં લખ્યું છે કે, ''સ્થાનાંગ સૂત્રમાં રાત્રિભોજન પાપસ્થાનકમાં ગણેલ નથી. પરંતુ પરપરિવાદની આગળ રતિ-અરતિને ગણેલ છે.

० આ સૂત્રનો પ્રત્યક્ષરૂપે ઉપયોગ માત્ર પ્રતિક્રમણ ક્રિયામાં થાય છે, વળી આ સૂત્ર શ્રાવકો જ બોલે છે, શ્રમણો બોલતા નથી. શ્રાવકો પણ પૌષધ કર્યો હોય તો આ સૂત્ર બોલતા નથી.

— શ્રાવકો પ્રતિક્રમણમાં સાત લાખ સૂત્રની જોડે આ અઢાર પાપસ્થાનક સૂત્ર બોલે છે.

० આ અઢાર પાપસ્થાનકને નામોચ્ચારપૂર્વક પ્રાકૃત ભાષામાં શ્રમણો તથા રાત્રિ પૌષધવ્રતધારી શ્રાવકો જરૂર બોલે છે, પણ તે ''સંથારાપોરિસી'' ભણાવે ત્યારે બોલાય છે.

## ■ સૂત્ર-નોંધ :-

— આ સૂત્ર ગુજરાતી ભાષામાં છે.

— આ સૂત્રના આધારસ્થાનરૂપે સ્થાનાંગ સૂત્ર-૪૮, ભગવતીજી સૂત્ર-૯૪, ઉવવાઈ સૂત્ર-૩૪, (થોડા ફેરફાર સાથે) પન્નવણા સૂત્ર-૫૨૫ (માં 'ક્રિયા' સ્વરૂપે) ઇત્યાદિ આગમો ગણાવી શકાય. કેમકે તે બધામાં આ અઢાર પાપસ્થાનોનો જુદી જુદી રીતે ઉલ્લેખ જોવા મળે છે.

— પ્રવચન સારોદ્ધાર દ્વાર-૨૩૯માં પણ ઉલ્લેખ છે.

——x——x——

સૂત્ર-૩૩

# સવ્વસ્સ વિ સૂત્ર

## પ્રતિક્રમણ આજ્ઞા-યાચના

■ **સૂત્ર-વિષય :-**

આખા દિવસમાં લાગેલા પાપને અતિ ટૂંકમાં કહી ગુરુ મહારાજ પાસે "હવે શું કરવું ?" તે અંગેની આજ્ઞા માંગવા માટેનું આ સૂત્ર છે. છેલ્લે શિષ્ય પોતાના પાપોની આ સૂત્ર દ્વારા માફી માંગે છે.

■ **સૂત્ર-મૂળ :-**

**સવ્વસ્સ વિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ**
**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**
**ઇચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં**

■ **સૂત્ર-અર્થ :-**

(શિષ્ય કહે–)દિવસ સંબંધી સર્વ પણ દુષ્ટ ચિંતવન, દુષ્ટ ભાષણ અને દુષ્ટ ચેષ્ટા સંબંધી હે ભગવન્ ! આપ સ્વેચ્છાએ આજ્ઞા આપો (કે હું શું કરું ?)

(ત્યારે ગુરુ કહે કે, पडिक्कमेह - તું તેનું પ્રતિક્રમણ કર.)

(ત્યારે શિષ્ય કહે–) "ઇચ્છં' મારે આપની આજ્ઞા પ્રમાણ છે.

મારું તે સર્વે પાપ મિથ્યા થાઓ.

■ **શબ્દજ્ઞાન :-**

આ સૂત્રના શબ્દો સૂત્ર-૨૬ "દેવસિઅ પડિક્કમણે ઠાઉં" સૂત્ર મુજબ છે તેથી શબ્દ-જ્ઞાન સૂત્ર-૨૬માં જોવું.

■ **વિવેચન :-**

અતિચારની આલોચના કર્યા પછી (શ્રાવક સાત લાખ અને અઢાર પાપસ્થાનક સૂત્ર બોલવા દ્વારા જીવહિંસા અને પાપસ્થાનકોની આલોચના કરે, જો શ્રાવક પૌષધમાં હોય તો "ગમનાગમન" સંબંધી આલોચના કરે અને શ્રમણો દૈવસિક કે રાત્રિક અતિચાર બોલી આલોચના કરે ત્યારપછી) પ્રતિક્રમણ સૂત્ર બોલતા પહેલા "પ્રતિક્રમણ આજ્ઞા-યાચના" માટે આ સૂત્ર બોલાય છે. તે આદ્ય પદોથી "સવ્વસ્સ વિ" સૂત્ર નામે ઓળખાય છે.

જ્યારે પ્રતિક્રમણની આજ્ઞા માંગે ત્યારે ગુરુમહારાજ તેને 'पडिक्कमेह' શબ્દથી આજ્ઞા આપે. શિષ્ય તે આજ્ઞાને 'ઇચ્છં' શબ્દ બોલી સ્વીકારે. અહીં "ઇચ્છં" શબ્દ દ્વારા હા, આપની આજ્ઞાનુસાર હવે તેનું (વિસ્તારથી) પ્રતિક્રમણ કરું છું તેમ શિષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકાર કરીને આ સૂત્ર બોલ્યા પછી "પ્રતિક્રમણસૂત્ર" બોલે અર્થાત્ શ્રાવક "વંદિત્તુ સૂત્ર" બોલે શ્રમણો "પગામ સિજ્જા૦" સૂત્ર બોલે. એ રીતે સ્વ-સ્વ આચારોની આલોચના, પ્રતિક્રમણાદિ વિધિ પૂર્ણ કરે.

**૦ આ સૂત્રનું શબ્દાનુસાર વિવેચન :-**

આ સૂત્રના પ્રત્યેક શબ્દોનું વિવેચન સૂત્ર-૨૬ – "દેવસિઅ પડિક્કમણે ઠાઉં" સૂત્ર મુજબ જાણવું. માત્ર ક્રમમાં થોડો ફેર છે, બાકી શબ્દો સમાન જ છે.

**■ વિશેષ કથન :-**

પ્રતિક્રમણના પાંચ ભેદો ભગવંત મહાવીરના શાસનમાં પ્રસિદ્ધ છે (૧) દૈવસિક, (૨) રાત્રિક, (૩) પાક્ષિક, (૪) ચાતુર્માસિક, (૫) સાંવત્સરિક. પ્રતિક્રમણ આજ્ઞા-યાચના માટે देवसिअ ને બદલે 'राइअ' શબ્દ રાત્રિ પ્રતિક્રમણમાં બોલાય છે.

એ જ રીતે પાક્ષિકાદિ ત્રણે પ્રતિક્રમણમાં પાક્ષિક (આદિ) અતિચાર બોલાઈ ગયા પછી આ સૂત્ર બોલાય છે. ત્યાં ફર્ક માત્ર એટલો કે 'देवसिअ' ને સ્થાને पक्खिअ, चउम्मासिअ કે 'संवच्छरिअ' શબ્દ બોલાય છે.

– 'વિશેષ કથન'ની બીજી ઉપયોગી વિગત માટે સૂત્ર-૨૬ "દેવસિઅ પડિક્કમણે ઠાઉં" *ખાસ જોવું.*

**■ સૂત્ર-નોંધ :-**

– સૂત્રનોંધ માટે પણ સૂત્ર-૨૬ જોઈ જવું.

– યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહમાં આ સૂત્રનો ઉલ્લેખ મળે છે.

——×——×——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૩૪

# ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર થકી આખા દિવસમાં લાગેલા પાપોને સામાન્ય રીતે જાહેર કરીને તત્સંબંધી પ્રતિક્રમણ માટેની ઇચ્છા વ્યક્ત કરાય છે, સૂત્રાંતે માફી માંગેલ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ અઇઆરો કઓ૦**

*(* અહીંથી પછી આખો સૂત્રપાઠ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ૦ સૂત્ર" મુજબ જાણવો.)*

■ **સૂત્ર-અર્થ :-**

દિવસ દરમિયાન મેં જે કાંઈ અતિચાર-સ્ખલના કરી હોય તેનું હું પ્રતિક્રમણ કરવા ઇચ્છુ છું.

*(* અહીંથી આગળ સમગ્ર સૂત્રનો અર્થ સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ૦" સૂત્ર અનુસાર જાણવો.)*

■ **શબ્દ-જ્ઞાન :-**

**ઇચ્છામિ** - હું ઇચ્છું છું
**પડિક્કમિઉં** - પ્રતિક્રમવાને
**જો મે** - જે મેં - મારા વડે
**દેવસિઓ** - દિવસ સંબંધી
**અઇઆરો** - અતિચાર, સ્ખલના
**કઓ** - કર્યો હોય

*(* હવે પછીના શબ્દો અને અર્થો સૂત્ર-૨૭ મુજબ જાણવા.)*

■ **વિવેચન :-**

● **इच्छामि पडिक्कमिउं जो मे देवसिओ अइआरो कओ०**

○ इच्छामि - હું ઇચ્છુ છું, અભિલાષા કરું છું.

— આ શબ્દ પૂર્વે સૂત્ર-૩ "ખમાસમણ" સૂત્ર અને સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ"માં આવી ગયેલ છે, ત્યાં વિવેચન જોવું.

○ पडिक्कमिउं - પ્રતિક્રમવાને, નિવર્તવાને, શેનાથી નિવર્તવાને ઇચ્છે છે ? તેના અનુસંધાને - जो मे देवसिओ ઇત્યાદિ પદોનું કથન છે.

— પ્રતિક્રમણ શબ્દનું વિશેષ વિવેચન સૂત્ર-૫ 'ઇરિયાવહી'માં થયેલ છે, ત્યાં જોવું. સૂત્ર-૯ "કરેમિ ભંતે"માં પણ તેનો ઉલ્લેખ છે, સૂત્ર-૨૬, ૨૯ ઇત્યાદિમાં પણ ઉલ્લેખ છે.

— મૂળ શબ્દ पडिक्कम છે જેમાં प्रति + क्रम् મુખ્ય છે. આ प्रति + क्रम् શબ્દનું હેત્વર્થકૃદન્ત બન્યું प्रतिक्रमितुं જેનું પ્રાકૃત રૂપાંતર पडिक्कमिउं છે.

– जो मे देवसिओ अइआरो कओ ઇત્યાદિ *સર્વે પદોનું વિવેચન સૂત્ર-૨૭* "ઇચ્છામિ ઠામિ" *અનુસાર જાણવું.*

– આવશ્યક સૂત્ર-૧૫ની ચૂર્ણિ અને વૃત્તિમાં પણ આ સૂત્રનું સુંદર વિવેચન થયેલું જ છે. ફર્ક માત્ર એટલો છે કે ત્યાં આ સૂત્ર શ્રમણને આશ્રીને લખાયેલું છે, જ્યારે તેને આધારે અહીં આ "ઇચ્છામિ પડિક્કમિઉં" સૂત્ર શ્રાવકના સંદર્ભે તૈયાર થયેલ હોવાથી "દેશવિરતિ ધર્મ" અનુસાર બનેલું છે.

■ **વિશેષ કથન :-**

– આ સૂત્રના વિશેષ કથન માટે સૂત્ર-૨૭ "ઇચ્છામિઠામિ"ના 'વિવેચન'ની ભૂમિકા તેમજ "વિશેષ કથન" **બંને ખાસ જોઈ જવા જેમકે** - સૂત્ર-૨૭, સૂત્ર-૩૦ અને આ સૂત્ર-૩૪ એ ત્રણેનો આરંભ જ માત્ર જુદી જુદી રીતે થાય છે. પછીના સર્વે પદો તો ત્રણેમાં સમાન જ છે. હા, હેતુનો ફર્ક જરૂર છે. સૂત્ર-૨૭ "ઇચછામિ ઠામિ" કાયોત્સર્ગ હેતુથી છે, સૂત્ર-૩૦ "દેવસિઅં આલોઉં" અતિચાર આલોચનાર્થે છે અને આ સૂત્ર-૩૪ "ઇચ્છામિ પડિક્કમિઉં" પ્રતિક્રમણાર્થે છે. પણ અતિચાર આલોચના સંબંધી સર્વે પદો તો ત્રણેમાં સંપૂર્ણ સમાન છે.

**– દૈનિક ક્રિયામાં આ સૂત્રનો ઉપયોગ :-**

– દૈવસિક આદિ પાંચે પ્રતિક્રમણમાં આ સૂત્ર બોલાય છે.

– દૈવસિક અને રાત્રિક પ્રતિક્રમણમાં આ સૂત્ર "વંદિત્તુ સૂત્ર" પૂર્વે બોલાય છે. અર્થાત્ એક વખત બોલાય છે.

– પાક્ષિકાદિ ત્રણે પ્રતિક્રમણમાં આ સૂત્ર ત્રણ વખત બોલાય છે તે આ રીતે–

(૧) વંદિત્તુ સૂત્ર પૂર્વે દૈવસિક પ્રતિક્રમણ માફક બોલાય.

(૨) પાક્ષિક (આદિ) સૂત્ર પૂર્વે એક વખત બોલાય.

(૩) પાક્ષિકના વંદિત્તુ સૂત્ર પૂર્વે પૂર્વવત્ બોલાય છે.

માત્ર ફર્ક એટલો જ છે કે–

– તે પાક્ષિક, ચાતુર્માસિક કે સાંવત્સરિક સૂત્રમાં બોલાય છે ત્યારે 'દેવસિઉં'ને સ્થાને 'પક્ખિઅં' આલોઉં... ઇત્યાદિ ફેરફાર પ્રતિક્રમણના ભેદ અનુસાર બોલાય છે.

– તેથી પહેલા વંદિત્તા પૂર્વે તો "દેવસિઅં" શબ્દ જ રહે છે, પણ પક્ખિ સૂત્ર અને બીજા વંદિત્તા પૂર્વે આદેશમાં 'દેવસિઉં'ને બદલે જે પ્રતિક્રમણ હોય તે શબ્દ વપરાય છે.

○ **શેષ સર્વે કથન** સૂત્ર-૨૭ ઇચ્છામિ ઠામિ મુજબ જાણવું.

■ **સૂત્ર-નોંધ :-**

– આધાર સ્થાન :-

આવશ્યક સૂત્ર-અધ્યયન-૪ "પ્રતિક્રમણ"નું સૂત્ર-૧૬ એ આ સૂત્રનું આધારસ્થાન છે. ત્યાં આ સૂત્ર શ્રમણને આશ્રીને છે, જ્યારે અહીં આ સૂત્ર શ્રાવકના સંદર્ભમાં છે.

– આ સૂત્રની ભાષા આર્ષ પ્રાકૃત છે.

– ઉચ્ચારો માટેનું સૂચન સૂત્ર-૨૭ માં મુજબ જાણવું.

——x——x——

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર-૩૫

# વંદિત્તુ-સૂત્ર

## શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં જ્ઞાનાદિ આચાર અને સમ્યક્ત્વ સહિત શ્રાવકના બાર વ્રતો આદિમાં લાગેલા અતિચારોની નિંદા, ગર્હા અને પ્રતિક્રમણ કરવામાં આવેલ છે. તેમજ આત્માને પવિત્ર બનાવે તેવી ભાવનાઓ વ્યક્ત કરવામાં આવેલ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**વંદિત્તુ સવ્વ સિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ;**
**ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગ-ધમ્માઈઆરસ્સ. ૧**
**જો મે વયાઇઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ;**
**સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. ૨**
**દુવિહે પરિગ્ગહંમી, સાવજ્જે બહુવિહે અ આરંભે;**
**કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૩**
**જં બદ્ધમિંદિએહિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં;**
**રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ૪**
**આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે;**
**અભિઓગે અ નિઓગે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૫**
**સંખા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ;**
**સમ્મત્તસ્સ-ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૬**
**છક્કાય-સમારંભ, પયણે અ પયાવણે અ જે દોસા;**
**અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. ૭**
**પંચણ્હમણુવ્વયાણં, ગુણવ્વયાણં ચ તિણ્હમઇઆરે;**
**સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે દેસિઅં સવ્વં. ૮**
**પઢમે અણુવ્વયંમી, થૂલગ-પાણાઈવાય-વિરઈઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાય-પ્પસંગેણં; ૯**
**વહ-બંધ-છવિ-ચ્છેએ, અઈભારે ભત્ત-પાણ-વુચ્છેએ;**
**પઢમવયસ્સ-ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૦**
**બીએ અણુવ્વયંમી, પરિથૂલગ-અલિયવયણ-વિરઈઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાય-પ્પસંગેણં. ૧૧**

સહસા-રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ;
બીયવયસ્સ-ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૨
તઈએ અણુવ્વયંમી, થૂલગ-પરદવ્વ-હરણ-વિરઈઓ;
આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાય-પ્પસંગેણં. ૧૩
તેનાહડ-પ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધ-ગમણે અ;
કૂડતુલ-કૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૪
ચઉત્થે અણુવ્વયંમી, નિચ્ચં પરદાર-ગમણ-વિરઈઓ;
આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાય પ્પસંગેણં. ૧૫
અપરિગ્ગહિઆ-ઈત્તર - અણંગ-વીવાહ-તિવ્વ અણુરાગે;
ચઉત્થવયસ્સ-ઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૬
ઈત્તો અણુવ્વએ પંચમંમી, આયરિયમપ્પસત્થંમિ
પરિમાણ પરિચ્છેએ, ઇત્થ પમાય-પ્પસંગેણં. ૧૭
ધણ-ધન્ન-ખિત્ત-વત્થૂ, રુપ્પ-સુવન્ને અ કુવિઅ-પરિમાણે;
દુપએ ચઉપ્પયંમિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં. ૧૮
ગમણસ્સ ય પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ;
વુડ્ઢી સઈ-અંતરદ્ધા, પઢમંમિ ગુણવ્વએ નિંદે. ૧૯
મજ્જંમિ અ મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ-મલ્લે અ;
ઉવભોગ-પરીભોગે, બીઅંમિ ગુણવ્વએ નિંદે. ૨૦
સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલ-દુપ્પોલિયં ચ આહારે;
તુચ્છોસહિ-ભક્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૧
ઇંગાલી-વણ-સાડી-ભાડી-ફોડીસુ વજ્જએ કમ્મં;
વાણિજ્જં ચેવ દંત-લક્ખ-રસ-કેસ-વિસ-વિસયં. ૨૨
એવં ખુ જંતપીલણ-કમ્મં નિલંછણં ચ દવ-દાણં;
સર-દહ-તલાય-સોસં, અસઈ-પોસં ચ વજ્જિજ્જા. ૨૩
સત્થગ્ગિ-મુસલ-જંતગ-તણ-કટ્ઠે મંત-મૂલ-ભેસજ્જે;
દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૪
ન્હાણુવ્વટ્ટણ-વન્નગ-વિલેવણે સદ્દ-રૂવ-રસ-ગંધે;
વત્થાસણ-આભરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ૨૫
કંદપ્પે કુક્કુઈએ, મોહરિ-અહિગરણ-ભોગ-અઈરિત્તે;
દંડંમિ અણટ્ઠાએ, તઈઅંમિ ગુણવ્વએ નિંદે. ૨૬
તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈ-વિહૂણે;
સામાઈય વિતહ-કએ, પઢમે સિક્ખાવએ નિંદે. ૨૭
આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલ-ક્ખેવે;
દેસાવગાસિઅંમિ, બીએ સિક્ખાવએ નિંદે. ૨૮
સંથારુચ્ચારવિહી-પમાય તહ ચેવ ભોઅણાભોએ;

પોસહવિહિ-વિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે. ૨૯
સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ-મચ્છરે ચેવ;
કાલાઈક્કમ-દાણે, ચઉત્થે-સિક્ખાવએ નિંદે. ૩૦
સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા;
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ૩૧
સાહૂસુ સંવિભાગો, ન કઓ તવ-ચરણ-કરણ-જુત્તેસુ
સંતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ. ૩૨
ઇહલોએ પરલોએ, જીવિઅ-મરણે અ આસંસ-પઓગે;
પંચવિહો અઇઆરો, મા મજ્ઝ હુજ્જ મરણંતે ૩૩
કાએણ કાઇઅસ્સ, પડિક્કમે વાઇઅસ્સ વાયાએ;
મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઈઆરસ્સ. ૩૪
વંદણ-વય-સિક્ખા-ગારવેસુ સણ્ણા-કસાય-દંડેસુ;
ગુત્તીસુ અ સમિઈસુ અ, જો અઈઆરો અ તં નિંદે. ૩૫
સમ્મદ્દિટ્ઠી જીવો, જઈ વિ હુ પાવં સમાયરે કિંચિ;
અપ્પો સિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ. ૩૬
તં પિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સઉત્તરગુણં ચ;
ખિપ્પં ઉવસામેઈ, વાહિ વ્વ સુસિક્ખિઓ વિજ્જો. ૩૭
જહા વિસં કુટ્ઠ-ગયં, મંત-મૂલ-વિસારયા;
વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઈ નિવ્વિસં. ૩૮
એવં અટ્ઠવિહં કમ્મં, રાગ-દોસ-સમજ્જિઅં;
આલાઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઈ સુસાવઓ. ૩૯
કય-પાવો વિ મણુસ્સો, આલોઈઅ નિંદિય ગુરુ-સગાસે;
હોઈ અઈરેગ-લહુઓ, ઓહરિઅ-ભરુ વ્વ ભારવહો. ૪૦
આવસ્સએણ એએણ, સાવઓ જઈ વિ બહુરઓ હોઈ;
દુક્ખાણમંતકિરિઅં, કાહી અચિરેણ કાલેણ. ૪૧
આલોઅણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણ-કાલે;
મૂલગુણ-ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ. ૪૨
તસ્સ ધમ્મસ્સ કેવલિ-પન્નત્તસ્સ,
અબ્ભુટ્ઠિઓ મિ આરાહણાએ, વિરઓ મિ વિરાહણાએ;
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. ૪૩
જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈ ૪૪
જાવંત કે વિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ તિવિહેણ તિદંડ-વિરયાણં. ૪૫
ચિર-સંચિઅ-પાવ-પણાસણીઈ, ભવ-સય-સહસ્સ-મહણીએ;

ચઉવીસ-જિણ-વિણિગ્ગય-કહાઈ, વોલંતુ મે દિઅહા. ૪૬
મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ;
સમ્મદ્દિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ. ૪૭
પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે અ પડિક્કમણં;
અસદ્દહણે અ તહા, વિવરીઅ-પરૂવણાએ અ. ૪૮
ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ; ૪૯
એવમહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં;
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. ૫૦

■ **સૂત્ર-અર્થ :-**

(૧)સર્વે સિદ્ધ ભગવંતોને, ધર્માચાર્યોને, (ઉપાધ્યાયોને) તથા સર્વે સાધુઓને વંદન કરીને હું શ્રાવકધર્મમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવાને ઇચ્છુ છું.

(૨) જે વ્રતોના અતિચાર મને જ્ઞાનને વિષે, દર્શનને વિશે તથા ચારિત્રને વિશે (અને अ શબ્દથી તપાચાર તથા વીર્યાચારને વિશે) નાના કે મોટા (જે અતિચાર લાગ્યા હોય) તેને હું નિંદુ છું, ગર્હુ છું.

(૩) બાહ્ય અને અભ્યંતર એ બે પ્રકારના પરિગ્રહને લીધે, અનેક પ્રકારની પાપવાળી પ્રવૃત્તિઓ પોતે કરવામાં અને બીજા પાસે કરાવવામાં દિવસ દરમ્યાન જે-જે અતિચારો લાગ્યા હોય તે સર્વે હું પ્રતિક્રમું છું.

(૪) પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો તથા રાગ અને દ્વેષનું પ્રવર્તન અપ્રશસ્તભાવ વડે થવાથી, જે કંઈ અશુભ કર્મ બંધાયુ હોય, તેને હું નિંદુ છું, તેની ગર્હા કરું છું.

(૫) આવવામાં, જવામાં, એક સ્થાને ઉભા રહેવામાં અને વારંવાર ચાલવામાં મારા ઉપયોગ વિના, કોઈના આગ્રહથી કે ફરજ વશ થઈને દિવસ દરમિયાન જે કંઈ અતિચાર લાગ્યા હોય તેને હું પ્રતિક્રમું છું.

(૬) સમ્યક્ત્વના પાલનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા, કુલિંગિ-પ્રશંસા અને કુલિંગિ-સંસ્તવ વડે દિવસ દરમ્યાન નાનો કે મોટો જે અતિચાર લાગ્યો હોય, તે સર્વેને હું પ્રતિક્રમુ છું.

(૭) છ કાય જીવોની હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરતાં તથા પોતા માટે, પારકા માટે કે બંનેને માટે રાંધતા કે રંધાવતા જે દોષો થયા હોય તેને હું નિંદુ છું.

(૮) પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોના વિષયમાં દિવસ દરમ્યાન લાગેલા બધાં અતિચારોને હું પ્રતિકમું છું.

(૯) પહેલા અણુવ્રતમાં - પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવનો ઉદય થવાથી પહેલા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતમાં જે કંઈ અતિચાર લાગે તેવું આચરણ કર્યું હોય, તેને હું પ્રતિક્રમું છું.

(૧૦) પહેલા અણુવ્રતના અતિચાર - વધ કરવો, બંધન બાંધવું, અંગચ્છેદન કરવું, અતિભાર ભરવો તથા ભોજન-પાણીનો અંતરાય કરવો. (એ પાંચમાંથી) પ્રથમ

વ્રતને વિશે દિવસ દરમ્યાન જે અતિચાર લાગ્યા હોય તે સર્વેને હું પ્રતિક્રમું છું.

(૧૧) બીજા અણુવ્રતમાં - પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવોના ઉદય થવાથી બીજા સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતમાં જે કંઈ અતિચાર લાગે તેવું જે કંઈ આચરણ કર્યું હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૨) બીજા અણુવ્રતના અતિચાર - વગર વિચાર્યે કોઈના પર આળ ચડાવવું, એકાંતમાં છૂપી વાત કરતા જાણીને ભળતું અનુમાન કરવું, ગુપ્ત વાત પ્રગટ કરી દેવી, ખોટો ઉપદેશ આપવો. ખોટો લેખ લખવો. (એ પાંચમાંથી) બીજા વ્રતને વિશે દિવસ દરમિયાન જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વેને હું પ્રતિક્રમું છું.

(૧૩) ત્રીજા અણુવ્રતમાં - પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવનો ઉદય થવાથી સ્થૂળ પરદ્રવ્યહરણ વિરતિમાં અતિચાર લાગે તેવું જે કાંઈ આચરણ કર્યું હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૪) ત્રીજા અણુવ્રતના અતિચાર - ચોરે ચોરી લાવેલી વસ્તુ લેવી, ચોરને ચોરીમાં ઉત્તેજન આપવું, ખોટી વસ્તુને ખરા જેવી કરી વેચવી, રાજ્યના કાયદા વિરુદ્ધ આચરણ કરવું અને ખોટાં તોલ ખોટાં માપ રાખવા. (એ પાંચેમાંથી) ત્રીજા વ્રતને વિશે દિવસ દરમ્યાન જે અતિચાર લાગ્યા હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૫) ચોથા અણુવ્રતમાં - પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવોનો ઉદય થવાથી "હંમેશાં પારકી સ્ત્રી સાથે ગમન"ની વિરતિમાં અતિચાર લાગે તેવું જે કંઈ આચરણ કર્યું હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૬) ચોથા અણુવ્રતના અતિચાર - કુમારી કે વિધવા વગેરેનો સંગ કરતાં, રખાત કે વેશ્યા સાથે ગમન કરતાં, કામોત્તેજક ચેષ્ટાઓ કરતાં, અન્યના લગ્ન કરાવતાં તથા વિષયભોગની તીવ્ર અભિલાષા રાખતાં ચોથા વ્રતને વિશે દિવસ દરમ્યાન જે કોઈ અતિચાર લાગ્યો હોય, તે સર્વેથી હું પાછો ફરું છું.

(૧૭) પાંચમાં અણુવ્રતમાં - પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવનો ઉદય થવાથી 'પરિગ્રહ પરિમાણ' વ્રતમાં અતિચાર લાગે તેવું જે કંઈ આચરણ મેં કર્યું હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૮) પાંચમાં અણુવ્રતના અતિચાર - ધન-ધાન્ય, ક્ષેત્ર-વાસ્તુ, રૂપું-સોનું, બીજી હલકી ધાતુઓ - દ્વિપદ (માણસ) ચતુષ્પદ (પશુ, પક્ષીઓ)ના પરિગ્રહ પરિમાણના નિયમથી અધિક વસ્તુ રાખતા દિવસ દરમ્યાન જે કોઈ અતિચાર લાગ્યો હોય તેને હું પ્રતિક્રમું છું.

(૧૯) પહેલા દિશા પરિણામ વ્રત નામક ગુણવ્રતના અતિચાર - ઉર્ધ્વ, અધો અને તિર્છી દિશાના પ્રમાણનું ઉલ્લંઘન કરવાથી, ક્ષેત્રવૃદ્ધિ (એક દિશા ઘટાડી બીજી દિશામાં વધારો કરવાથી) અને સ્મૃતિ જતી રહેવાથી થયેલ પહેલા ગુણવ્રતમાં જે અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરું છું.

(૨૦) બીજા ઉવભોગ-પરિભોગ નામક ગુણવ્રતના અતિચાર - મદ્ય-માંસ આદિની વિરતિમાં, ફૂલ, ફળ, સુગંધી પદાર્થો અને માળા વગેરેના ઉપભોગમાં જે

અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છું.

(૨૧) નિયત કરેલા પ્રમાણથી અધિક સચિત્ત આહારના ભક્ષણમાં, સચિત્તથી સ્પર્શીત આહારના ભક્ષણમાં, અપક્વ, દુષ્પક્વ, તુચ્છ ઔષધિના ભક્ષણમાં દિવસ દરમ્યાન જે કોઈ અતિચાર લાગ્યો હોય તે સર્વેનું હું પ્રતિક્રમણ કરું છું.

(૨૨ અને ૨૩) અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ અને સ્ફોટકકર્મ, દંતવાણિજ્ય, લાક્ષવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય, વિષવાણિજ્ય, યંત્રપીલણ કર્મ, નિર્લાંછનકર્મ, દવ-દાનકર્મ,જલશોષણ કર્મ અને અસતીપોષણ કર્મ - એ પંદર કર્માદાનો શ્રાવકે છોડી દેવા જોઈએ. છતાં તેના આચરણથી જે અતિચાર લાગ્યા હોય તેને હું પ્રતિક્રમું છું.

*(આ રીતે સાતમા વ્રત અર્થાત્ બીજા ગુણ વ્રતના અતિચારો ગાથા ૨૧ થી ૨૩માં કહ્યા તેમાં પાંચ અતિચાર અને પંદર કર્માદાનો મળીને કુલ વીસ અતિચારો જાણવા.)*

(૨૪) આઠમું વ્રત અર્થાત્ ત્રીજા ગુણવ્રતના અતિચારો - શસ્ત્રો, અગ્નિ, સાંબેલુ આદિ સાધનો, ઘંટી વગેરે યંત્રો, વિવિધ જાતનાં તૃણો, કાષ્ઠો, મૂળ અને ભૈષજ્યો વગેરે (વિના પ્રયોજને) બીજાને આપતાં તથા અપાવતાં સેવાયેલા અનર્થદંડ વડે દિવસ દરમ્યાન જે અતિચારો લાગ્યા હોય તે સર્વેનું હું પ્રતિક્રમણ કરું છું.

(૨૫) સ્નાન, ઉદ્વર્તન, વર્ણક, વિલેપન, શબ્દ, રૂપ, રસ, ગંધ, વસ્ત્ર, આસન અને આભરણ સંબંધી સેવાયેલા અનર્થદંડ વડે દિવસ દરમ્યાન જે અતિચારો લાગ્યા હોય તે સર્વે હું પ્રતિક્રમું છું.

(૨૬) કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, સંયુક્તાધિકરણ અને ભોગઅતિરિક્તતા (એ પાંચ રૂપે અનર્થ દંડ વિરતિ સંબંધે) ત્રીજા ગુણવ્રતને વિશે જે કોઈ અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છું.

(૨૭) પહેલા શિક્ષાવ્રતમાં સામાયિકને નિષ્ફળ કરનારા મનો-દુષ્પ્રણિધાન, વચન દુષ્પ્રણિધાન, કાય દુષ્પ્રણિધાન, અનવસ્થાન (અવિનયપણે સામાયિક કરવું) અને સ્મૃતિ ચાલી જવી (સામાયિક વ્રતને ભૂલી જવું) એ પાંચ અતિચારોને હું નિંદુ છું.

(૨૮) દેશાવકાશિક નામના બીજા શિક્ષાવ્રતમાં આનયન પ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલક્ષેપ (કાંકરો આદિ નાંખી પોતા-પણું જણાવવું) એ પાંચ વડે જે કોઈ અતિચાર લાગ્યા હોય તેને હું નિંદુ છું.

(૨૯) પૌષધોપવાસ નામના ત્રીજા શિક્ષાવ્રતમાં સંથારો અને ઉચ્ચાર પ્રસ્રવણભૂમિની પ્રતિલેખના અને પ્રમાર્જનામાં પ્રમાદ થવાને લીધે તથા ભોજનાદિની ચિંતા વડે જે કંઈ વિપરીતતા થઈ હોય (અતિચારનું સેવન થયું હોય) તેને હું નિંદુ છું.

(૩૦) સચિત્ત નિક્ષેપણ, સચિત્ત પિધાન, પર-વ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિચારો (બારમાં વ્રતના અર્થાત્ અતિથિ સંવિભાગ નામક) ચોથા શિક્ષાવ્રતના પ્રતિક્રમણ પ્રસંગે હું નિંદુ છું.

(૩૧) સુહિત (સુખી), દુઃખિત અને અસંયત સાધુઓની ભક્તિ રાગ કે દ્વેષપૂર્વક કરી હોય તેની હું નિંદા કરું છું ગર્હા કરું છું.

(૩૨) (તપસ્વી, ચારિત્રશીલ અને ક્રિયાપાત્ર) તપ-ચરણ અને કરણયુક્ત સાધુઓને આપી શકાય તેવી પ્રાસુક વસ્તુઓ હાજર હોવા છતાં જો આપી ન હોય, તો મારા તે દુષ્કૃત્યને હું નિંદુ છું. તેની ગર્હા કરું છું.

(૩૩) (ધર્મના પ્રભાવથી) આ લોકમાં સુખી થવાની ઇચ્છા, પરલોકમાં સુખી થવાની ઇચ્છા, જીવવાની ઇચ્છા, મરણની ઇચ્છા, કામભોગની ઇચ્છા - એ પાંચ ઇચ્છા કરવાથી લાગતા અતિચાર મને મરણ સમયે ન થાઓ. (અથવા આ પાંચ ઇચ્છા મને મરણાંત સુધી ન હોજો.)

(૩૪) અશુભ કાયા વડે લાગેલા અતિચારને શુભ કાયયોગથી, અશુભ વચન વડે લાગેલા અતિચારને શુભ વચન યોગથી અને અશુભ મન વડે લાગેલા અતિચારને શુભ મનોયોગથી - એમ સર્વે વ્રતોના અતિચારોને હું પ્રતિક્રમું છું.

(૩૫) વંદન, વ્રત, શિક્ષા, ગૌરવ, સંજ્ઞા, કષાય, દંડ, ગુપ્તિ અને સમિતિ (એ નવ વિષયોમાં કરવા યોગ્ય ન કરવાથી અને ન કરવા યોગ્ય કરવાથી) જે અતિચારો લાગ્યા હોય તેની હું નિંદા કરું છું.

(૩૬) સમ્યક્‌દૃષ્ટિ જીવ જો કે પ્રતિક્રમણ કર્યા પછી પણ કેટલીક સાવદ્ય પ્રવૃત્તિ કરે તો પણ તેને કર્મબંધ અતિ અલ્પ થાય છે કારણ કે એ તેને નિર્દયતાના અધ્યવસાયથી કરતો નથી.

(૩૭) જેમ સુશિક્ષિત વૈદ્ય વ્યાધિને જલ્દી શમાવી દે છે, તેમ પ્રતિક્રમણ કરનાર સમ્યગ્‌દૃષ્ટિ જીવ તે અલ્પ કર્મબંધનો પણ પ્રતિક્રમણ, પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત દ્વારા શીઘ્ર નાશ કરે છે.

(૩૮-૩૯) જેમ શરીરમાં ઝેર વ્યાપેલું હોય તો મંત્રમૂળ વિશારદ વૈદ્યો તેનો મંત્ર વડે ઉતાર કરે છે અને તેથી તે નિર્વિષ થાય છે...

તેમ વ્રતકર્મ કરનાર ગુણવંત સુશ્રાવક પોતાનાં પાપોની આલોચના અને નિંદા કરતા-કરતા રાગ અને દ્વેષ વડે ઉપાર્જન કરેલાં આઠે પ્રકારના કર્મોને શીઘ્ર ખપાવી દે છે.

(૪૦) ભાર ઉતારી નાખનાર મજૂર જેમ ભાર ઉતર્યા પછી ઘણો જ હળવો થાય છે, તેમ ઘણાં પાપકર્મ કરતો મનુષ્ય પણ પોતાનાં પાપોની ગુરુ સમક્ષ આલોચના અને નિંદા કરવાથી ખૂબ હળવો થાય છે.

(૪૧) જો કે શ્રાવક સાવદ્ય આરંભોને લીધે બહુ કર્મવાળો થયો હોય તો પણ આ આવશ્યક ક્રિયા વડે થોડા સમયમાં દુઃખોનો અંત કરે છે. (કરશે.)

(૪૨) મૂળગુણ અને ઉત્તરગુણો સંબંધી આલોચના કરવા યોગ્ય અતિચારો અનેક પ્રકારના હોય છે. તે બધાં પ્રતિક્રમણ કરતી વખતે યાદ આવ્યા ન હોય, તેથી તે (સર્વે અતિચારો)ની હું નિંદા કરું છું અને ગર્હા કરું છું.

(૪૩) (હવે) હું તે કેવલી ભગવંતોએ પ્રરૂપેલા શ્રાવક ધર્મની આરાધના માટે તત્પર થયો છું અને વિરાધનાથી વિરામ પામ્યો છું. (તેથી હવે) મન, વચન અને કાયા વડે તમામ દોષોથી નિવૃત્ત થઈને ચોવીશે જિનેશ્વરોને હું વંદન કરું છું.

(૪૪) ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્છાલોકમાં રહેલા સર્વે ચૈત્યો (પ્રતિમાઓ)ને

અહીં રહેલો એવો હું ત્યાં રહેલા સર્વ ચૈત્યોને વંદના કરું છું.)

(૪૫) ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રોમાં રહેલા જે કોઈ પણ મન, વચન, કાયા એ ત્રણ દંડથી વિરામ પામેલા સાધુઓ છે તે સર્વેને હું નમ્યો છું (મેં નમસ્કાર કરેલ છે.)

(૪૬) ઘણાં કાળના એકઠાં કરેલાં પાપોનો નાશ કરનારી, લાખો ભવોને હણનારી એવી ચોવીશે જિનેશ્વરોના મુખમાંથી નીકળેલી એવી ધર્મકથાઓના સ્વાધ્યાય દ્વારા મારા દિવસો પસાર થાઓ.

(૪૭) અરિહંતો, સિદ્ધો, સાધુઓ, દ્વાદશાંગીરૂપ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ મને મંગલરૂપ થાઓ. તથા સમ્યગ્દૃષ્ટિ દેવો મને સમાધિ અને બોધિ આપો.

(૪૮) શાસ્ત્રોમાં નિષેધ કરાયેલાઓનું આચરણ કરવાથી, કરવા યોગ્યનું આચરણ ન કરવાથી, અશ્રદ્ધા થવાથી તથા જિનેશ્વરદેવના ઉપદેશથી વિપરીત પ્રરૂપણા કરવાથી - (એમ આ ચાર કારણોથી) પ્રતિક્રમણ કરવું આવશ્યક છે.

(૪૯) સર્વ જીવોની હું ક્ષમા માંગુ છું, સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ જીવોની સાથે મૈત્રી છે, કોઈની સાથે વૈર નથી.

(૫૦) આ રીતે મેં સમ્યક્ પ્રકારે અતિચારોની આલોચના, નિંદા, ગર્હા, જુગુપ્સા કરી છે. હવે હું મન, વચન, કાયા વડે તમામ દોષોની નિવૃત્તિપૂર્વક ચોવીસે જિનોને વંદન કરું છું.

■ **શબ્દજ્ઞાન :-**

**વંદિત્તુ** - વાંદીને
**ધમ્માયરિએ** - ધર્માચાર્યોને
**સવ્વસાહૂ અ** - સર્વ સાધુઓને
**પડિક્કમિઉં** - પ્રતિક્રમવાને
**અઈઆરસ્સ** - અતિચારોને
**જો મે** - જે મને
**નાણે** - જ્ઞાનને વિશે
**ચરિત્તે** - ચારિત્રને વિશે
**સુહુમો** - સૂક્ષ્મ, નાના
**વા** - અથવા
**નિંદે** - નિંદુ છું
**દુવિહે** - બે પ્રકારના
**સાવજ્જે** - સાવદ્ય-પાપવાળો
**આરંભે** - આરંભોને વિશે
**અ કરણે** - અને કરવામાં
**દેસિઅં** - દિવસ સંબંધી
**જં બદ્ધં** - જે બાંધ્યુ હોય

**સવાસિદ્ધે** - સર્વ સિદ્ધોને
**અ** - અને (ઉપાધ્યાયને)
**ઇચ્છામિ** - હું ઇચ્છુ છું
**સાવગધમ્મ** - શ્રાવક ધર્મના
—
**વયાઈઆરો** - વ્રતોના અતિચાર
**દંસણે** - દર્શનને વિશે
**અ** - અને (તપ તથા વીર્યના)
**બાયરો** - બાદર, મોટા
**તં** - તેને
**ગરિહામિ** - ગર્હા કરું છું
**પરિગ્ગહંમિ** - પરિગ્રહને વિશે
**બહુવિહે** - ઘણાં પ્રકારના
**કારાવણે** - કરાવવામાં
**પડિક્કમે** - પ્રતિક્રમું છું
**સવ્વં** - બધાં અતિચાર
**ઇંદિએહિં** - ઇન્દ્રિયો વડે

**ચઉહિં** - ચાર
**અપ્પસત્થેહિં** - માઠા ભાવ વડે
**વ** - અથવા
**આગમણે** - આવવામાં
**ઠાણે** - સ્થાનકે ઉભા રહેતાં
**અણાભોગે** - ઉપયોગ વિના
**નિઓગે** - પરાધીનતાથી
**સંકા** - જિનવચનમાં સંદેહ
**વિગિચ્છા** - દુર્ગંછા, નિંદા
**તહ** - તેમજ
**કુલિંગીસુ** - મિથ્યાત્વીનો
**છક્કાય** - છ કાયના
**પયણે** - રાંધતા
**દોસા** - દોષ લાગ્યા હોય
**પરટ્ઠા** - બીજાને માટે
**ઉભયટ્ઠા** - બંનેને માટે
**પંચણ્હં** - પાંચ
**ગુણવ્વયાણં** - ગુણવ્રતોના
**તિણ્હં** - ત્રણ
**સિક્ખાણં** - શિક્ષાવ્રતોના
**પઢમે** - પહેલા
**થુલગ** - સ્થૂલ, મોટા
**વિરઈઓ** - વિરતિરૂપ
**અપ્પસત્થે** - માઠા ભાવ વડે
**પમાય** - પ્રમાદના
**વહ** - વધ કરવો
**છવિચ્છેએ** - શરીરને છેદવું
**ભત્તપાણ** - આહાર પાણીનો
**પઢમવયસ્સ** - પહેલા વ્રતના
**બીએ** - બીજા
**અલિઅવયણ** - જુઠાં વચનો
**સહસા** - વગર વિચાર્યે
**સદારે** - સ્ત્રીએ કહેલી
**કુડલેહે** - ખોટા લેખ લખવા
**તઈએ** - ત્રીજા

**કસાએહિં** - કષાયો વડે
**રાગેણ** - રાગ વડે
**દોસેણ** - દ્વેષ વડે
**નિગ્ગમણે** - જવામાં
**ચંકમણે** - આમ તેમ ફરતાં
**અભિઓગે** - આગ્રહથી

—

**કંખ** - અન્ય મતની કાંક્ષા
**પસંસ** - પ્રશંસા
**સંથવો** - સંસ્તવ, પરિચય
**સમ્મત્તસ્સ** - સમ્યક્ત્વના
**સમારંભે** - આરંભને વિશે
**પયાવણે** - રંધાવતા
**અતટ્ઠા** - પોતાને માટે
**ય** - અને
**ચેવ** - નિશ્ચે
**અણુવ્વયાણં** - અણુવ્રતોના
**ય** - અને
**અઈઆરે** - અતિચાર
**ચઉણ્હં** - ચાર
**અણુવ્વયંમિ** - અણુવ્રતમાં
**પાણાઈવાય** - પ્રાણાતિપાતની
**આયરિઅં** - આચર્યું હોય
**ઇત્થ** - અહીં
**પ્પસંગેણં** - પ્રસંગથી
**બંધ** - બંધને બાંધવું
**અઈભારે** - ઘણો ભાર ભરવો
**વુચ્છેએ** - અંતરાય કરવો

—

**પરિથુલગ** - અતિ મોટા
**વિરઈઓ** - વિરતિને વિશે
**રહસ્** - એકાંતમાં
**મોસુવએસ** - જુટ્ઠો ઉપદેશ દેવો
**બીયવયસ્સ** - બીજા વ્રતના
**પરદવ્વ** - પારકા ધનની

**હરણ** - હરણની
**તેન** - ચોરે
**પ્પઓગે** - ઉત્તેજન આપવું
**વિરુદ્ધ** - રાજ્ય વિરુદ્ધ
**કુડતુલ** - ખોટા તોલ કરવા
**ચઉત્થે** - ચોથા
**પરદાર** - પારકી સ્ત્રી સાથે
**અપરિગ્ગહિઆ** - કુંવારી
**અણંગ** - અનંગ ક્રીડા
**તિવ્વ** - તીવ્ર, ઘણી જ
**ઇત્તો** - એ પછી
**પંચમંમિ** - પાંચમા
**અપ્પસત્થંમિ** - માઠા ભાવ વડે
**પરિચ્છેએ** - ઉલ્લંઘન કરવાથી
**ધણ-ધન્ન** - ધન-ધાન્ય
**રૂપ્પસુવન્ને** - રૂપું-સોનું
**પરિમાણે** - નિયમને વિશે
**વિરઈઓ** - વિરતિથી
**આહડ** - ચોરેલી
**તપ્પડિરૂવે** - તેના જેવી કરીને
**ગમણે** - આચરણ કરવું
**કુડમાણે** - ખોટા માપ કરવા
**નિચ્ચં** - નિત્ય, હંમેશાં
**ગમમ** - ગમન કરવાની
**ઇત્તર** - બીજી
**વિવાહ** - લગ્ન,સંબંધ
**અણુરાગે** - અભિલાષા
**અણુવ્વએ** - અણુવ્રત વિશે
**આયરિયં** - આચર્યું હોય
**પરિમાણ** - પરિગ્રહના નિયમનું
—
**ખિત્ત વત્થુ** - ક્ષેત્ર-વાસ્તુ આદિ
**કુવિઅ** - હલકી ધાતુઓના
**દુપ્પએ** - બે પગવાળા, મનુષ્ય
**ચઉપ્પયંમિ** - ચાર પગવાળા - પશુ, પક્ષી આદિ
**ગમણસ્સ** - જવાના
**દિસાસુ** - દિશાઓમાં
**અહે** - નીચે
**વુડ્ઢિ** - વધારો કરવાથી
**પઢમંમિ** - પહેલા
**મજ્જંમિ** - મદિરા, દારૂ
**પુપ્ફે** - પુષ્પ, ફૂલ
**ગંધ** - સુગંધી પદાર્થ
**ઉવભોગ** - ઉપભોગ
**પરિમાણે** - નિયમને વિશે
**ઉડ્ઢં** - ઊંચે
**તિરિઅં** - તિર્છી
**સઈઅંતરદ્ધા** - ભૂલી જવાથી
**ગુણવ્વએ** - ગુણવ્રત વિશે
**મંસંમિ** - માંસ
**ફલે** - ફળ
**મલ્લે** - ફૂલની માળા
**પરિભોગ** - પરિભોગને વિશે
**બીઅંમિ ગુણવ્વએ** - બીજા ગુણવ્રત - ઉવભોગ પરિભોગ પરિમાણ વિશે
**સચિત્તે** - સચિત્ત-દોષવાળી
**અપોલ** - અપક્વ, કાચી
**આહારે** - વાપરવાથી
**ભક્ખણયા** - ખાવાથી
**પડિબદ્ધે** - પ્રતિબદ્ધ, વળગેલી
**દુપ્પોલિઅં** - અર્દ્ધપક્વ, કાચી-પાકી
**તુચ્છોસહિ** - તુચ્છ-ઔષધિ
—
**ઇંગાલી** - અંગારકર્મ
**સાડી** - શકટકર્મ
**ફોડી** - સ્ફોટક કર્મ
**વણ** - વનકર્મ
**ભાડી** - ભાટક કર્મ
**સુવજ્જએ** - સારી રીતે છોડવા

**વાણિજ્જં** - વેપાર
**દંત** - દાંતનો વેપાર
**રસ** - ઘી, તેલનો વેપાર
**વિસ** - ઝેરનો વેપાર
**એવં ખુ** - એ પ્રમાણે નિશ્ચે
**કમ્મં** - કર્મ
**દવદાણં** - દવદાન કર્મ
**દહ** - દ્રહ
**સોસં** - સૂકવી નાખીને
**પોસં** - પોષણ કરવું
**સત્થ** - શસ્ત્ર
**મુસલ** - સાંબેલું
**તણ** - તૃણ, ઘાસ
**મંત** - મંત્ર
**ભેસજ્જે** - ઔષધ
**દવાવિએ** - અપાવવાથી
**ન્હાણ** - ન્હાવુ, સ્નાન
**વન્નગ** - વર્ણક, રંગ કરવો
**સદ્દ રૂવ** - શબ્દ રૂપ
**વત્થાસણ** - વસ્ત્ર આસન
**કંદપ્પે** - કંદર્પ, કામકથા
**મોહરિ** - મૌખર્ય
**ભોગ** - ભોગવવાની વસ્તુ

**ચેવ ય** - વળી નિશ્ચે
**લક્ખ** - લાખનો વેપાર
**કેસ** - વાળનો વેપાર
**વિસયં** - શસ્ત્રાદિનો વેપાર
**જંતપિલ્લણ** - યંત્રપિલણ
**નિલ્લંછણં** - નિર્લાછન
**સર** - સરોવર
**તલાય** - તળાવ
**અસઈ** - અસતિ-દુરાચારી
**વજ્જિજ્જા** - છોડી દેવા
**અગ્ગિ** - અગ્નિ
**જંતગ** - યંત્ર
**કટ્ઠે** - કાષ્ઠ
**મૂલ** - મૂળ, જડીબુટ્ટિ
**દિન્ને** - આપવાથી
**વા** - અથવા
**ઉવટ્ટણ** - ઉબટન
**વિલેવણે** - વિલેપન
**રસ ગંધ** - રસ ગંધ
**આભરણે** - ઘરેણામાં
**કુક્કુઈએ** - કૌકુત્ચ્ય
**અહિગરણ** - અધિકરણ
**અઈરિત્તે** - વધારે રાખવી

**દંડમ્મિ અણટ્ઠાએ તઈઅંમ્મિ** - ત્રીજા અનર્થ દંડ વિરમણ વ્રત નામના

**તિવિહે** - ત્રણ પ્રકારના
**અણવટ્ઠાણે** - અવિનયપણે
**સઈવિહૂણે** - યાદ ન રહેવાથી
**વિતહકએ** - ખોટી રીતે કરતાં
**સિક્ખાવએ** - શિક્ષાવ્રતને વિશે
**આણવણે** - મંગાવવામાં
**સદ્દે** - શબ્દ કરવો
**પુગ્ગલક્ખેવે** - પુદ્ગલ ક્ષેપથી

**દુપ્પણિહાણે** - દુષ્પ્રણિધાન
**તહા** - તથા
**સામાઈય** - સામાયિક
**પઢમે** - પહેલા, સામાયિક
—
**પેસવણે** - મોકલવામાં
**રૂવે** - રૂપ દેખાડવું
**દેસાવગાસિઅંમ્મિ** - દેશાવગાસિકમાં

**બીએ સિક્ખાવએ** - બીજા શિક્ષાવ્રતને (દેશાવગાસિકને) વિશે

**સંથાર** - સંથારા સંબંધી
**પમાય** - પ્રમાદ, આળસ

**ઉચ્ચારવિહિ** - લઘુ-વડીનિતિમાં
**તહ ચેવ** - તેમ વળી

**ભોયણ** - ભોજન સંબંધી
**આભોએ** - ચિંતા કરવી
**પોસહવિહિ** - પૌષધવિધિ
**વિવરીએ** - વિપરીત કરવાથી
**તઈએ સિક્ખાવએ** - ત્રીજા પૌષધ નામક શિક્ષાવ્રતમાં
**સચ્ચિત્તે** - સચિત્ત વસ્તુ
**નિક્ખિવણે** - મૂકવાથી
**પિહિણે** - ઢાંકવાથી
**વવએસ** - ફેરફાર બોલતા
**મચ્છરે** - માત્સર્ય, ઇર્ષ્યા
**ચેવ** - નિશ્ચયે
**કાલાઈક્કમદાણે** - કાલાતિક્રમ - વખત ઓળંગીને લેવા જવાથી
**ચઉત્થે સિક્ખાવએ** - ચોથા અતિથિસંવિભાગ વ્રતને વિશે
**સુહિએસુ** - સુખી ઉપર
**દુહિએસુ** - દુઃખી ઉપર
**અસંજએસુ** - અસંયમી વિશે
**અણુકંપા** - દયા
**રાગેણ** - રાગે કરીને
**દોસેણ** - દ્વેષ કરીને
**સાહૂસુ** - સાધુઓને વિશે
**સંવિભાગો** - વહોરાવવું તે
**ન કઓ** - ન કર્યું હોય
**તવ** - તપ-તપસ્વી
**ચરણ** - ચરણસિત્તરી, ચારિત્ર
**કરણ** - કરણસિત્તરી, ક્રિયા
**જુત્તેસુ** - સહિત, યુક્ત
**સંતે** - હોવા છતાં
**ફાસુ** - નિર્દોષ, પવિત્ર
**અ દાણે** - દાન ન આપ્યું હોય
**ઇહલોએ** - આ લોકને વિશે
**પરલોએ** - પર લોકને વિશે
**જીવિઅ** - જીવવાની
**મરણે** - મરવાની
**અ** - કામભોગની
**આસંસ** - ઇચ્છા
**પઓગે** - કરવા વડે
**પંચવિહ** - પાંચ પ્રકારનો
**મા** - ન, નહીં
**મજ્ઝ** - મને
**હુજ્જ** - હોજો
**મરણંતે** - મરણાંત સુધી
**કાએણ** - કાયયોગથી
**કાઈઅસ્સ** - કરાયેલાને
**વાયાએ** - વચનયોગથી
**વાઈઅસ્સ** - બોલવાથી
**મણસા** - મનોયોગથી
**માણસિઅસ્સ** - મનનથી
**સવ્વસ્સ** - સર્વે
**વયાઈઆરસ્સ** - વ્રતના અતિચારોને
**વંદણ** - વંદન
**વય** - બાર વ્રત
**સિક્ખા** - શિક્ષા
**ગારવેસુ** - ત્રણ ગારવમાં
**સમિઈસુ** - પાંચ સમિતિમાં
**સન્ના** - ચાર સંજ્ઞાઓ
**કસાય** - ચાર કષાયો
**દંડેસુ** - ત્રણ દંડને વિશે
**ગુત્તિસુ** - ત્રણ ગુપ્તિને વિશે
**જો અઈઆરો** - જે અતિચાર
**સમ્મદિટ્ઠી** - સમ્યગ્દૃષ્ટિ
**જીવો** - જીવ
**જઈ વિ** - જો કે
**હું** - ખરેખર
**પાવં** - પાપ
**સમાયરે** - કરે, આચરે
**કિંચિ** - થોડું
**અપ્પો** - અલ્પ, થોડો

સિ - તેને
બંધો - બંધ
ન - નહીં
કુણઈ - કરે છે
તં પિ હુ - તેને પણ નિશ્ચયે
સપ્પરિઆવં - પશ્ચાત્તાપ વડે
ખિપ્પં - જલ્દી
વાહિ - વ્યાધિને
સુસિક્ખિઓ - સુશિક્ષીત
જહા વિસં - જેમ ઝેર
મંતમૂલ - મંત્ર અને જડીબુટ્ટી
વિજ્જા - વૈદ્યો
મંતેહિં - મંત્રો વડે
હવઈ - થાય છે
એવં - એવી રીતે
કમ્મં - કર્મોને
સમજ્જિઅં - બાંધેલા
નિંદંતો - નિંદતો
કયપાવોવિ - પાપકર્તા પણ
આલોઈઅ - આલોવીને
ગુરૂ સગાસે - ગુરૂની પાસે
અઈરેગ - ઘણો
ઓહરિઅ - ઉતારીને
ભારવહો - ભારવાહક

હોઈ - થાય છે
જેણ - કારણ કે
નિદ્ધધસં - નિર્દયપણે

—

સપડિક્કમણં - પ્રતિક્રમણ વડે
સઉતરગુણં - પ્રાયશ્ચિત્ત વડે
ઉવસામેઈ - શાંત કરે છે
વ્વ - જેમ
વિજ્જો - વૈદ્ય
કુટ્ઠગયં - શરીરમાં વ્યાપ્ત
વિસારય - જાણનારા
હણંતિ - હણે છે
તો તં - તેથી તે
નિવ્વિસં - ઝેર રહિત
અટ્ઠવિહં - આઠ પ્રકારના
રાગદોસ - રાગદ્વેષથી
આલોઅંતો - આલોવતો
સુસાવઓ - સુશ્રાવક
મણુસ્સો - મનુષ્ય
નિંદિઅ - નિંદીને
હોઈ - થાય છે
લહુઓ - હળવો
ભરૂવ્વ - જેમ ભારને

—

આવસ્સએણ એએણ - આ આવશ્યક ક્રિયા વડે
સાવઓ - શ્રાવક
બહુરઓ - ઘણા પાપવાળો
દુકખાણં - દુઃખોનો

જઈ વિ - જો કે
હોઈ - હોય
અંતકિરિઅં - નાશ

કાહી - કરશે
અચિરેણ - થોડા
કાલેણ - કાળમાં

આલોયણા - આલોચના
બહુવિહા - ઘણાં પ્રકારની
ન ય સંભરિઆ - ન સાંભરી હોય, યાદ ન આવી હોય
પડિક્કમણ - પ્રતિક્રમણ
મૂલગુણ - મૂળ ગુણ
તસ્સ ધમ્મસ્સ - તે ધર્મની
પન્નત્તસ્સ - કહેલા

કાલે - કાળે, વખતે
ઉત્તરગુણે - ઉત્તર ગુણ
કેવલિ - કેવળી ભગવંતે
અબ્ભુટ્ઠિઓમિ - ઉઠ્યો છું

**આરાહણાએ** - આરાધના માટે
**વિરઓમિ** - અટક્યો છું
**વિરાહણાએ** - વિરાધનાથી
**તિવિહેણ** - ત્રણ પ્રકારે
**પડિક્કંતો** - પ્રતિક્રમતો
**જિણે ચઉવ્વીસં** - ચોવીશ જિનને
**જાવંતિ** - જેટલાં
**ચેઈઆઇં** - ચૈત્યો
**ઉડ્ઢે અહે તિરિઅલોએ** - ઉર્ધ્વ, અધો અને તિર્છાલોકમાં
**સવ્વાઇં તાઇં** - તે સર્વેને
**વંદે** - વંદન કરું છું
**ઇહ સંતો** - અહીં રહેલો
**તત્થ સંતાઈ** - ત્યાં રહેલાને
**જાવંત** - જેટલા
**કે વિ** - કોઈ પણ
**ભરહેરવય મહાવિદેહે** - ભરત, ઐરવત, મહાવિદેહમાં
**સવ્વેસિં તેસિં** - તે સર્વેને
**પણઓ** - નમીને, નમ્યો છું
**તિવિહેણ** - ત્રિવિધે - મન, વચન, કાયા એ ત્રણે વડે
**તિદંડ-વિરયાણં** - મનદંડ, કાયદંડ, વચનદંડથી વિરતને
**ચિર** - ઘણાં કાળના
**સંચિઅ** - એકઠાં કરેલા
**પાવ** - પાપને
**પણાસણીઈ** - નાશ કરનારી
**ભવ** - ભવને
**સયસહસ્સ** - લાખ
**મહણીએ** - હણનારી
**વિણિગ્ગય** - મુખેથી નીકળેલ
**કહાઈ** - ધર્મકથામાં
**વોલંતુ** - પસાર થાઓ
**મે** - મારા
**દિઅહા** - દિવસો
**મમ** - મારે
**મંગલં** - મંગળરૂપ છે
**અરિહંતા** - અરિહંતો
**સુઅં** - શ્રુતધર્મ
**ધમ્મો** - ચારિત્ર ધર્મ
**સમ્મદિટ્ઠિ** - સમકિત દૃષ્ટિ
**દેવો** - દેવતાઓ
**દિંતુ** - આપો
**સમાહિં** - સમાધિને
**બોહિં** - બોધિને
**પડિસિદ્ધાણં** - પ્રતિષેધ કરેલ
**કરણે** - કરવાથી
**કિચ્ચાણં** - કરવા યોગ્ય
**અકરણે** - ન કરવાથી
**પડિક્કમણં** - પ્રતિક્રમણ
**અસદ્દહણે** - અશ્રદ્ધા વડે
**વિવરીય** - વિપરીત
**પરૂવણાએ** - પ્રરૂપણા કરવાથી
**ખામેમિ** - ખમાવું છું
**સવ્વજીવે** - બધાં જીવોને
**સવ્વે જીવા** - બધાં જીવો
**ખમંતુ મે** - મને ક્ષમા આપો
**મિત્તિ મે** - મારે મૈત્રી છે
**સવ્વભૂએસુ** - બધાં જીવો સાથે
**વૈરં મજ્ઝ** - વૈર મારે
**ન કેણઈ** - કોઈ સાથે નથી
**એવમહં** - એ પ્રમાણે મેં
**આલોઈઅ** - આલોવ્યું
**નિંદિઅ** - નિંદા કરવી
**ગરહિઅ** - ગર્હા કરી
**દુગંછિઅ** - દુર્ગંછા કરી
**સમ્મં** - સમ્યક્ પ્રકારે
**તિવિહેણ** - ત્રણ પ્રકારે
**પડિક્કંતો** - પ્રતિક્રમતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વંદામિ** - વંદન કરું છું **જિણે** - જિનેશ્વરોને

■ **વિવેચન :-**

શ્રાવકે દિવસે, રાત્રે, પખવાડીયે, ચોમાસે અને વર્ષે લાગતાં અતિચારોને આલોવવાના માટે આ સૂત્ર બોલવાનું હોય છે. તેનું ક્રિયા સહિત પઠન-ઉચ્ચારણ કરવા માટે દૈવસિક પ્રતિક્રમણમાં નિર્ધારીત થયેલા સમય વિશે સ્પષ્ટ વિધાન છે કે સૂર્ય અસ્ત થતો હોય ત્યારે આ સૂત્ર બોલાય છે. તેને શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર કહેવાય છે કેમકે શ્રાદ્ધ અર્થાત્ શ્રાવક, શ્રાવકે પ્રતિક્રમણના હેતુથી આ સૂત્ર બોલવાનું છે (ચિંતવવાનું છે) માટે "શ્રાદ્ધપ્રતિક્રમણ" કહેવાય છે.

આ સૂત્રની વિવેચના કરતા પહેલા વિવેચનમાં ઉપયોગમાં લેવાયેલા ગ્રંથોનો સામાન્ય ઉલ્લેખ અમે જરૂરી માનીએ છીએ કેમકે અમે અહીં કરેલ વિવેચન થોડું વિસ્તૃત લાગશે, પરંતુ પૂર્વાચાર્યોએ જે વિશાળકાય ગ્રંથરચના આ સૂત્રના વિવેચનમાં કરી છે તેની તુલનાએ ૧૫૦-૨૦૦ પૃષ્ઠોમાં આ સૂત્રનું વિવેચન તો સામાન્ય જ લાગે.

૦ **વિવેચનના સંદર્ભ ગ્રંથો** - (અમે ઉપયોગ કરેલ)

દેવેન્દ્રસૂરિજી રચિત - "વૃંદારવૃત્તિ", રત્નશેખરસૂરિજી રચિત અર્થ દીપિકા, માનવિજય ઉપાધ્યાયનો "ધર્મસંગ્રહ", જયવિજયજી રચિત "ષડાવશ્યક બાલાવબોધ", હેમચંદ્રાચાર્ય રચિત "યોગશાસ્ત્ર", વિજયસિંહ સૂરિ રચિત "ચૂર્ણિ", ચંદ્રસૂરિ રચિત "ષડાવશ્યકવૃત્તિ", ઉમાસ્વાતિજી રચિત "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" - તેના પરનું સ્વોપજ્ઞ ભાષ્ય, હરિભદ્રસૂરિજી રચિત "પંચાશક", "ધર્મબિંદુ", શ્રાદ્ધગુણ વિવરણ, સંબોધપ્રકરણ, ધર્મરત્ન પ્રકરણ, શ્રાદ્ધદિનકૃત્ય, પ્રવચનસારોદ્ધાર આદિ.

આગમોમાં **મુખ્યત્વે** (૧) આવશ્યક સૂત્ર-વૃત્તિ, (૨) આવશ્યક ચૂર્ણિ, (૩) ઉપાસક દશાંગ - સટીક. અને **સહાયાર્થે** (૪) સ્થાનાંગ વૃત્તિ, (૫) ભગવતીજી વૃત્તિ, (૬) દશવૈકાલિક વૃત્તિ - આદિ.

૦ **વિવેચન પદ્ધતિ :-**

આ પૂર્વે ૩૪ સૂત્રોનું વિવેચન કરાયેલ છે, આ પછી પણ ઘણાં સૂત્રોનું વિવેચન થવાનું છે, તો પણ અહીં "વિવેચન પદ્ધતિ" વાક્યપ્રયોગ સહેતુક કરેલ છે.

(૧) આ સૂત્ર અને તેનું વિવેચન ઘણું લાંબુ છે.

(૨) સૂત્રમાં આચાર, વ્રતો-અતિચારો, અન્ય પણ બીજી બાબતોનો સમાવેશ થયો છે, તેનું સ્પષ્ટ વિભાજન જરૂરી છે.

(૩) ક્યાંક ક્યાંક એક જ ગાથાને બદલે ગાથાસમૂહ સાથે લઈને પણ વિવેચન કરેલ છે, જેથી સૂત્રનો હેતુ સ્પષ્ટ થાય.

(૪) અન્ય સૂત્રોમાં ગાથાનું ક્રમાંકન સાથે આપેલ નથી. પણ અહીં સૂત્ર લાંબુ હોવાથી ગાથા ક્રમાંકન પણ મૂકેલ છે.

(૫) કેટલાંક પદસમૂહ સૂત્રમાં એક કરતા વધુ વખત જોવા મળે છે, ત્યાં તેનો સંબંધ દર્શાવવો જરૂરી લાગ્યો છે. જેમકે – "પડિક્કમે દેસિઅં સવ્વં", "આયરિયમપ્પસત્થે૰ ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) કેટલુંક વિવેચન પૂર્વ સૂત્રોમાં કરેલ હોવા છતાં તેનું પુનરાવર્તન પણ કર્યું છે.

**૦ વંદન - ગાથા-૧ પહેલા બે ચરણ –**

● **वंदित्तु** - વંદન કરીને, નમસ્કાર કરીને

– वन्द् ક્રિયાપદ અભિવાદન અને સ્તુતિ બંને અર્થમાં છે.

– કાયાથી નમસ્કાર કરવો તે 'અભિવાદન' છે અને

– વચનથી સ્તવના કરવી તે 'સ્તુતિ' છે.

– આ બંને ક્રિયાઓ મનની સહાય વડે થાય છે. તેથી મન, વચન, કાયા વડે થતો નમસ્કાર એ વંદનને યોગ્ય છે.

– આ પદ વડે પાંચેય પરમેષ્ઠીને મન, વચન અને કાયા વડે નમસ્કાર કરવાનો છે, કેમકે તેનો સંબંધ હવે પછીના પદો સાથે છે.

*૦ સૂત્ર-3 "ખમાસમણ"માં આ ક્રિયાપદનું વિવેચન જોવું.*

● **सव्वसिद्धे** - સર્વે સિદ્ધોને, અરિહંતો તથા સિદ્ધોને.

૦ सव्व શબ્દના અર્થ બે પ્રકાર છે. (૧) 'सव्व' એટલે બધાં અને (૨) सव्व - સર્વજ્ઞ અથવા સર્વે તીર્થંકરો.

જો બધા અર્થ લઈએ તો 'સવ્વ' શબ્દ 'સિદ્ધ'નું વિશેષણ બની જશે અને તીર્થંકર અર્થ લઈએ તો અરિંતોનું ગ્રહણ થશે.

– अरिहंत - શબ્દ માટે *સૂત્ર-૧ "નવકાર મંત્ર"* જોવું.

– तित्थयर - શબ્દ માટે *સૂત્ર-૧૩ "નમુત્થુણં"* જોવું.

૦ सिद्धे - સિદ્ધોને. સર્વ સિદ્ધ ભગવંતોને. *આ 'સિદ્ધ' શબ્દનું વિવેચન પૂર્વે સૂત્ર-૧ "નવકાર મંત્ર", સૂત્ર-૮ "લોગસ્સ, સૂત્ર-૧૩ 'નમુત્થુણં' આદિમાં થયેલું છે.*

– 'સિદ્ધ' જે જે આત્માઓ સર્વે કર્મો ખપાવીને મોક્ષે ગયા છે તે.

– તેમને વિશેષથી ઓળખાવવા માટે પંદર ભેદોનું કથન પૂર્વે કરેલ છે. તે પ્રમાણે તીર્થંકર સિદ્ધ આદિ ભેદો સંક્ષેપમાં આ પ્રમાણે–

આ સિદ્ધ ભગવંતો - તીર્થંકર પદવી પામીને પણ સિદ્ધ થયા હોય અને તીર્થંકર પદ પામ્યા વિના સામાન્ય કેવળીરૂપે પણ સિદ્ધ થયા હોય. તીર્થની સ્થાપના થયા પછી પણ સિદ્ધ થયા હોય કે તીર્થ સ્થાપના પૂર્વે અથવા તીર્થ ન પ્રવર્તતુ હોય ત્યારે પણ થયા હોય.

તેઓએ સ્વયંબોધ પામીને, બાહ્ય નિમિત્તથી બોધ પામીને કે આચાર્ય આદિના બોધથી બોધિત થઈને પણ કર્મક્ષય કર્યો હોય.

ઉપરોક્ત સર્વે આત્માઓ પુરુષલિંગ પામીને પણ સિદ્ધ થયા હોય, સ્ત્રીલિંગ પામીને પણ સિદ્ધ થયા હોય અને નપુંસકલિંગે પણ સિદ્ધ થયા હોઈ શકે છે.

વળી તેમને સિદ્ધત્વ પ્રાપ્તિ પૂર્વે સાધુનો વેશ (સ્વલિંગ) પણ હોય, પરિવ્રાજક આદિ ભિન્નવેશ (અન્યલિંગ) પણ હોય અને ગૃહસ્થવેશ (ગૃહિલિંગ) પણ હોઈ શકે છે.

આવા કોઈપણ લિંગ કે કોઈપણ વેશ ધરાવતા ઉપરોક્ત આત્મા એકલા પણ

મોક્ષે ગયા હોય અને એક સમયે બે થી લઈને એકસો આઠ પણ એક સાથે સિદ્ધ થયા હોઈ શકે છે.

– આ પદ સાથે 'વંદિત્તુ'નો સંબંધ જોડાયેલો છે, તેથી સર્વે સિદ્ધ ભગવંતોને અથવા અરિહંત અને સિદ્ધ ભગવંતને નમસ્કાર કરીને કે વંદન કરીને એવો અર્થ સમજવો.

● **धम्मायरिए** - ધર્માચાર્યોને.

– ધર્મ સંબંધી આચાર્ય તે ધર્માચાર્ય. તેઓને.

– સમ્યગ્ ધર્મ આપનાર ગુરુ મહારાજને. *(અહીં શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર-અર્થદીપિકા ટીકામાં લખે છે કે–)*

જીવ, અજીવ આદિ નવતત્ત્વોને ન માનનારો એવો નાસ્તિક **પ્રદેશી** નામે **રાજા** હતો. તે વખતે ભગવંત પાર્શ્વનાથના શાસનના દરેક ગણધરોના મોક્ષગમન બાદ વિચરતા ભગવંત પાર્શ્વનાથના સાધુઓના ગણને ધારણ કરી રહેલા કેશી સ્વામી પણ વિચરતા હતા. પ્રદેશી રાજાના મંત્રીની વિનંતીથી તેઓ પ્રદેશી રાજાના રાજ્યમાં પધાર્યા. તેમણે કેશી રાજાને સમ્યગ્ધર્મ પમાડ્યો. નાસ્તિક એવો પ્રદેશી રાજા વ્રતધારી શ્રાવક બન્યા.

અહીં પ્રદેશી રાજાને ધર્મ પમાડેલ હોવાથી કેસીસ્વામી, પ્રદેશી રાજા માટે ધર્માચાર્ય-ધર્મગુરૂ થાય. તેથી પોતાના ધર્માચાર્યરૂપે પ્રદેશી રાજા કેસી સ્વામીને નમસ્કાર કરે. એ જ રીતે જે સુસાધુએ કે ગૃહસ્થે જેને ધર્મ પમાડ્યો હોય તે તેના માટે ધર્માચાર્ય ગણાય.

– સામાન્યથી ધર્માચાર્યનો અર્થ આચાર્ય થાય. તેના છત્રીશ ગુણોનું વર્ણન સૂત્ર-૨ *"પંચિંદિય"માં* આવે છે. તેથી 'આચાર્ય' શબ્દનો અર્થ જાણવા સૂત્ર-૧ અને સૂત્ર-૨ જોવું.

● **अ** - અને *(અહીં કોઈ 'अ' શબ્દથી ઉપાધ્યાયનું ગ્રહણ કરવું તેમ સૂચવે છે, પણ તે વાતનું વિશેષ સમર્થન અમને મળેલ નથી.)*

● **सव्वसाहू** - સર્વ સાધુઓને

– 'સવ્વસાહૂ'ની વ્યાખ્યા સૂત્ર-૧ "નવકારમંત્ર", સૂત્ર-૧૫ 'જાવંત કેવિ"માં જોવી. *(પુનરાવર્તનરૂપે કંઈક કહીએ તો–)*

– 'સર્વ' શબ્દથી અહીં જિનકલ્પી, સ્થવિરકલ્પી, ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર, ગણાવચ્છેદક આદિ સર્વે પ્રકારના સાધુ લેવા.

– 'સાધુ' શબ્દથી વૃત્તિકારે જેનું ગ્રહણ કર્યું તેની વ્યાખ્યા કરી છે–

(૧) આચાર્ય - સૂત્ર અને અર્થના જાણકાર, આચાર્યના લક્ષણો વડે યુક્ત, ગચ્છરૂપી મહેલના સ્થંભ સમાન, ગચ્છની સારસંભાળથી વિશેષે કરીને મુક્ત, અર્થના વાચના દાતા તે આચાર્ય.

(૨) ઉપાધ્યાય-સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રથી યુક્ત હોય, સૂત્ર અને અર્થની વિધિના જ્ઞાતા હોય, આચાર્યપદ પામવાને યોગ્ય હોય, સૂત્રના વાચનાદાતા હોય, આચાર્ય પદ માટે પણ આસક્તિ રહિત હોય, અન્ય ગચ્છમાંથી પણ વાચનાર્થે આવેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર અનુગ્રહ કરનારા હોય તે ઉપાધ્યાય.

(૩) પ્રવર્તક - તપ અને સંયમના યોગમાં - જેમાં જે યોગ્ય ગણાય તેને તેમાં પ્રવર્તાવે અને અસમર્થને નિવર્તાવે, ગણની સારસંભાળ કરવામાં પ્રવર્તેલા હોય તે પ્રવર્તક કહેવાય છે.

(૪) સ્થવિર - ચારિત્રમાં મુનિઓને સ્થિર કરનારા હોવાથી તેઓ સ્થવિર કહેવાય છે. તેઓ જે મુનિરાજ જેમાં સીદાતા હોય તેમને વિદ્યમાન બળવાળા પ્રવર્તકો સ્થિર કરે.

(૫) ગણાવચ્છેદક - સાધુઓની ટુકડીના વડીલ.

(૬) રત્નાધિક - ચારિત્ર પર્યાયે અથવા ગુણ વડે વડીલ.

-૦- આ રીતે વંદિત્તુ સૂત્રની પહેલી ગાથાના પૂર્વાર્દ્ધમાં વિઘ્નોની શાંતિને માટે તથા મંગલને અર્થે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને (પંચ પરમેષ્ઠીને) નમસ્કાર કર્યો.

*(નમસ્કાર કર્યા પછી શું ? તે પહેલી ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે.)*

**૦ વંદિત્તુ સૂત્રના વિષયનું કથન - ગાથા-૧ છેલ્લા બે ચરણ –**

● **इच्छामि** - હું ઇચ્છુ છું. *(વિવેચન જુઓ સૂત્ર-૩ "ખમાસમણ" અને સૂત્ર-૫ "ઇરિયાવહી")* - (શ્રાવક શું ઇચ્છે છે ? તે જણાવે છે)

● **पडिक्कमिउं** - પ્રતિક્રમવાને, પ્રતિક્રમણ કરવાને.

– પ્રતિક્રમવાને એટલે પાછા ફરવાને. *('પ્રતિક્રમણ' શબ્દના વિશેષ અર્થ માટે જુઓ સૂત્ર-૫ "ઇરિયાવહી".)*

– (પાછું ફરવા ઇચ્છે છે તેમ કહ્યું - પણ શેનાથી પાછુ ફરવું ?)

● **सावग-धम्माइआरस्स** - શ્રાવકધર્મમાં લાગેલા અતિચારોથી. *(અહીં પંચમી વિભક્તિના અર્થમાં છટ્ઠી વિભક્તિ છે.)*

૦ सावग - એટલે શ્રાવક. *('શ્રાવક' શબ્દનો વિશેષ અર્થ સૂત્ર-૧૦ "સામાઈય વયજુત્તો"માં જોવો. અહીં તેનો અછડતો ઉલ્લેખ કર્યો છે.)*

શ્રાવક એટલે "સાધુ અને શ્રાવકના અનુષ્ઠાનગર્ભિત એવા શ્રી જિનવચનને સમ્યગ્ રીતે - અશઠપણે સાંભળે તે.

પંચાશક ટીકામાં લખે છે કે, "દર્શન, જ્ઞાન અને દેશવિરતિધર્મથી સંપન્ન એવો જે આત્મા, હંમેશાં ગુરુવર્યોના મુખેથી સાધુ અને શ્રાવકની સામાચારીને ઉપયોગવાળો થઈને સાંભળે તેને શ્રાવક જાણવો.

૦ सावगधम्म - શ્રાવકનો ધર્મ, શ્રાવકધર્મ કે આગાર ધર્મથી અહીં મુખ્યત્વે શ્રાવકના બાર વ્રતો અપેક્ષિત છે. વિશેષથી કહીએ તો શ્રાવકનો જ્ઞાન-દર્શન આદિ રૂપ જે ધર્મ છે તે "શ્રાવકધર્મ".

૦ अइआरस्स - અતિચારોથી.

– આ શબ્દ પૂર્વે સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ"માં આવેલ છે.

સામાન્યથી 'અતિચાર' એટલે નિયત કરેલ વ્રત - મર્યાદાનું કે હદનું અતિક્રમણ

કે ઉલ્લંઘન કરવું તે.

-૦- સમગ્ર ઉત્તરાર્ધનો અર્થ - ધારણ કરેલા શ્રાવક-વ્રતમાં પ્રમાદથી કે શરતચૂકથી કાંઈ ભૂલો કે સ્ખલનાઓ થઈ હોય તો તેને યાદ કરીને પાછો ફરું છું તે "શ્રાવકધર્માતિચાર પ્રતિક્રમણ".

૦ પ્રતિક્રમણ શબ્દનો અર્થ અહીં નિવૃત્તિ લેવો. "પ્રમાદવશાત્ સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં ગયેલાં આત્માનું સ્વસ્થાનમાં પાછા ફરવું તેનું નામ પ્રતિક્રમણ છે. આ વ્યાખ્યામાં અહીં–

સ્વસ્થાન તે "ધર્મ" છે. પરસ્થાન તે "અતિચાર" છે.

– અતિચારને પરસ્થાન કેમ કહ્યું ?

– ઉપાસકદશા સૂત્રમાં કહ્યું છે કે, અતિચારો જાણવાના છે આચરવાના નથી. અર્થાત્ અતિચાર જ્ઞેય છે ઉપાદેય નથી. માટે અતિચાર એ પરસ્થાન છે. તેનાથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે.

– પ્રતિક્રમણ-મિચ્છા મિ દુક્કડં, નિંદા, ગર્હા એ બધાં એકાર્થક શબ્દો છે, જે આ સૂત્રમાં જુદા જુદા સ્થાને વપરાયા છે. વ્યુત્પત્તિ અર્થ તે બધાંના જુદા છે પણ "પાછું ફરવું" ભાવ તો સમાન જ છે.

૦ *હવે* **બીજી ગાથામાં** *સામાન્યથી સર્વ અતિચાર કહે છે–*

● **जो मे वयाइआरो** - જે મારા વ્રતને વિશે અતિચારો.

– મારા વ્રતમાં જે અતિચાર થયો હોય કે મને વ્રત સંબંધી જે અતિચાર લાગ્યો હોય.

– અતિચાર શબ્દનો સામાન્ય અર્થ ભૂલ કે સ્ખલના થાય છે. તો પણ અતિચારને સમજવા માટે વૃત્તિકાર ચાર ભેદ કહે છે–

૧. अतिक्रम - સ્વીકૃત વ્રતની વિરાધના માટે કોઈ નિમંત્રણ કે પ્રેરણા કરે ત્યારે તેનો નિષેધ ન કરવો વગેરે તે અતિક્રમ.

૨. व्यतिक्रम - વ્રતની વિરાધના થાય તેવા કાર્ય માટે ગમન આદિ ક્રિયાની તૈયારી તે વ્યતિક્રમ.

૩. अतिचार - વ્રત વિરાધના થાય તેવા દોષોનું કંઈક અંશે સેવન કરવું તે અતિચાર.

૪. अनाचार - સર્વથા વ્રત વિરાધના કે ભંગ તે અનાચાર.

આ ચારે ભેદ પ્રત્યેક આચાર અને વ્રતાદિને લાગું પડે છે, પણ નોંધપાત્ર વાત એ છે કે 'અતિચાર'માં અતિક્રમ અને વ્યતિક્રમનો સમાવેશ થાય છે, પણ અનાચારનો સમાવેશ થતો નથી. કેમકે ક્રમમાં મોટા બનતા જતા દોષોમાં નાના દોષો સમાઈ જાય છે. પણ નાની ભૂલમાં મોટી ભૂલ સમાઈ જતી નથી. એ જ રીતે જ્યારે અતિચારનું પ્રતિક્રમણ થાય ત્યારે અતિક્રમ, વ્યતિક્રમનું પ્રતિક્રમણ થઈ જાય છે. પણ અનાચારનું પ્રતિક્રમણ થતું નથી.

● **नाणे** - જ્ઞાનને વિશે, જ્ઞાનની આરાધનામાં

● **तह** - તથા, તે જ રીતે

● **दंसणे** - દર્શનને વિશે, દર્શનની આરાધનામાં

● **चरित्ते** - ચારિત્રને વિશે, ચારિત્રની આરાધનામાં

– જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે પદો સાથે 'અતિચાર' શબ્દ જોડાયેલો છે. તેમાં–

(૧) જાણવું તે 'જ્ઞાન' છે. જીવાદિ તત્ત્વોને યથાર્થપણે જાણવા તે સમ્યગ્ જ્ઞાન છે, જ્ઞાનાચાર રૂપે વિચારતા તેના કાળ, વિનયાદિ આઠ ભેદો કહેલા છે. *(જેનું વિસ્તૃત વર્ણન સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ"માં કરાયેલું છે.)* જ્ઞાનના ભેદોની દૃષ્ટિએ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પાંચ ભેદો પ્રસિદ્ધ છે.

– આ જ્ઞાનાચારનું યોગ્ય આચરણ ન કરવાથી, વિપરીત આચરણ કરવાથી, જ્ઞાનના ભેદો વિશે શ્રદ્ધા ન કરવાથી ઇત્યાદિ કારણે અતિચાર લાગે છે.

(૨) માનવું - શ્રદ્ધા તે દર્શન છે. જીવાદિ તત્ત્વોને યથાર્થપણે જાણવાં તે સમ્યગ્દર્શન છે. દર્શનાચાર રૂપે વિચારતા તેના નિઃશંકિત, નિષ્કાંક્ષિત આદિ આઠ ભેદો કહેલા છે. *(જેનું વિસ્તૃત વર્ણન સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ"માં કરાયેલું છે.)* આ દર્શનાચારનું યોગ્ય આચરણ ન કરવાથી, વિપરીત આચરણ કરવાથી, સમ્યક્ત્વના શંકા, કાંક્ષાદિ પાંચ અતિચારોનું સેવન કરવાથી ઇત્યાદિ કારણે અતિચાર લાગે છે.

(૩) જીવાદિ તત્ત્વોને હેય-ઉપાદેયના વિવેકપૂર્વક આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર છે. ચારિત્રાચાર રૂપે વિચારતા તેના પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ ભેદ છે. *(જેનું વિસ્તૃત વર્ણન સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ"માં કરાયેલું છે.)* ચારિત્રના ભેદોની દૃષ્ટિએ સામાયિકચારિત્ર આદિ પાંચ ભેદો છે.)

– આ ચારિત્રાચારનું યોગ્ય આચરણ ન કરવાથી, વિપરીત આચરણ કરવાથી, ચારિત્રના ભેદો વિશે શ્રદ્ધા ન કરવાથી ઇત્યાદિ કારણે અતિચાર લાગે છે.

*૦ "પાક્ષિક અતિચાર" સૂત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વિષયક અતિચારોનું વર્ણન વિસ્તારથી થયેલું છે.*

● **अ** - "નાણે તહ દંસણે ચરિત્તે" પછી "અ" શબ્દ છે.

– સામાન્યથી अ નો અર્થ "અને" થાય છે. પરંતુ ટીકાગ્રંથો અને બાલાવબોધમાં 'अ' શબ્દથી સંલેખનાના પાંચ અતિચાર *(જે વંદિત્તુ સૂત્રની હવે પછીની ગાથા ૩૩માં કહેવાશે)* તપાચારના બાર અતિચાર *(વર્ણન માટે જુઓ સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ)* અને વીર્યાચારના ત્રણ અતિચારનું ગ્રહણ કરવું.

**આ રીતે કુલ-૧૨૪ અતિચાર જણાવે છે, તે આ પ્રમાણે–**

(૧) જ્ઞાનાચારના-૮, (૨) દર્શનાચારના-૮, (૩) ચારિત્રાચારના-૮, તપાચારના-૧૨, વીર્યાચારના-૩, સમ્યક્ત્વના-૫, શ્રાવકના બાર વ્રતોના કુલ-૭૫ *(સાતમા વ્રતના-૨૦ અને બાકીના અગિયાર વ્રતોના પાંચ-પાંચ મળીને કુલ-૭૫)* અને સંલેષણાના-૫ એ સર્વે મળીને કુલ ૧૨૪ અતિચારો શ્રાવક માટે કહેવાયા છે.

આ ૧૨૪ અતિચારમાંથી જે કોઈ અતિચાર–

● **सुहमो वा बायरो वा** સૂક્ષ્મ(નાનો) કે બાદર (મોટો)

– सुहम - સૂક્ષ્મ, નાનો, અજાણપણે થઈ જવાના કારણે ખ્યાલમાં નહીં આવેલો - અથવા -

– बायरो - બાદર, મોટો, જાણવામાં આવેલો, પ્રગટ અતિચાર *આ અતિચારોનું હું શું કરું ?*

● **तं निंदे तं च गरिहामि** - તેને હું નિંદુ છું - નિંદા કરું છું અને તેની ગર્હા કરું છું - ગર્હું છું.

○ निंदे - નિંદુ છું, નિંદા કરું છું, આત્મસાક્ષીએ વખોડું છું.

– લાગેલા અતિચાર બદલ હા ! મેં ખરાબ કર્યું વગેરે પશ્ચાત્તાપપૂર્વક આત્મસાક્ષીએ તેની નિંદા કરું છું.

○ गरिहामि - ગર્હું છું, ગર્હા કરું છું, ગુરુ સાક્ષીએ પ્રકાશું છું.

– પ્રવચન સારોદ્ધાર દ્વાર-૯૮માં કહ્યું છે કે, "મનથી ખોટું ગણવું તે 'નિંદા' છે અને ગુરુ સમક્ષ તેનું પ્રકાશન કરવું તે 'ગર્હા' છે.

– નિંદા અને ગર્હા વડે પ્રતિક્રમણના સ્વરૂપનું નિર્માણ થાય છે. તે મુજબ અહીં દરેક અતિચારની નિંદા અને ગર્હા કરવા માટે આ બંને શબ્દોનો પ્રયોગ સૂત્રમાં કરાયો છે.

– **'નિંદા અને ગર્હા' બંને ક્રિયાપદોનો પ્રયોગ** - આ સૂત્રની ગાથા-૪, ૩૧, ૩૨, ૪૨, ૫૦ માં પણ હવે પછી જોવા મળે છે.

– ફક્ત 'નિંદા' ક્રિયાપદ પણ આ પાંચ ગાથા સિવાય ગાથા-૭, ૧૯,૨૦, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૪૦ માં જોવા મળે છે.

– પ્રતિક્રમણના પર્યાય રૂપે આ બંને શબ્દોનો અર્થ પૂર્વે સૂત્ર-૫ "ઇરિયાવહી"ના વિવેચનમાં નોંધેલ છે.

*(સર્વ વ્રતાદિના અતિચારો લાગવાનું કારણ પ્રાયઃ પરિગ્રહ અને આરંભ છે. તેથી આ બંનેનું સામાન્યપણે પ્રતિક્રમણ કરવા માટે હવે **ત્રીજી ગાથામાં** જણાવે છે કે–)*

● **दुविहे परिग्गहंमि** - બે પ્રકારના પરિગ્રહને વિશે–

*(* 'પરિગ્રહ' શબ્દની વ્યાખ્યા સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"માં જોવી)*

– "જે ગ્રહણ કરાય તે પરિગ્રહ". જે વસ્તુ મમત્ત્વ ભાવથી - મૂર્છાથી ગ્રહણ કરવામાં આવે, તે પરિગ્રહ કહેવાય. જેમાં ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ આદિ ગ્રહણ કરાય છે. *(જે હવે પછી ગાથા-૧૮માં આવશે.)*

આ પરિગ્રહને બે પ્રકારનો કહ્યો છે – (૧) બાહ્ય, (૨) આભ્યંતર. જેમાં ધન-ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ બાહ્ય છે અને અભ્યંતર પરિગ્રહમાં વેદ-૩, હાસ્યાદિ-૬, મિથ્યાત્વ-૧, કષાય-૪ આવે છે.

બીજી રીતે પરિગ્રહના બે ભેદ છે - સચિત્ત અને અચિત્ત વસ્તુનો સંગ્રહ. જેમાં (૧) સચિત્ત સંગ્રહમાં નોકર-ચાકર, ઢોર-ઢાંખર આદિ અને (૨) અચિત્ત વસ્તુના સંગ્રહમાં - જમીન, મકાન, ધન, ધાન્ય, ધાતુ આદિનો સંગ્રહ સમાવિષ્ટ થાય છે.

● **सावज्जे बहुविहे अ आरंभे** - ઘણા પ્રકારના પાપમય આરંભો કરતાં અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરંભોને વિશે.

○ सावज्ज - સાવદ્ય, પાપમય.

— આ પદ आरंभ શબ્દના વિશેષણરૂપે છે.

* *'सावज्ज' શબ્દનું વિવેચન સૂત્ર-૯ "કરેમિભંતે"માં જોવું.*

— ખેતી, વ્યાપાર આદિને આરંભ કહેલ છે.

○ बहुविहे - ઘણાં પ્રકારના.

— ગૃહસ્થના નિર્વાહને માટે કેટલોક આરંભ અને પરિગ્રહ તો થવાના જ છે. તેથી આ શબ્દ દ્વારા "અનેક પ્રકારના" એવું આરંભ અને પરિગ્રહ માટે વિશેષણ મૂક્યું છે.

○ आरंभे - આરંભને વિશે, આરંભ કરતાં.

— "આરંભવું તે આરંભ" તે શરીર ધારણ કરવા માટે અન્ન-પાન આદિના અન્વેષણરૂપ છે. સામાન્યથી સંસાર-વ્યવહાર માટે જે પ્રવૃત્તિ કરવામાં આવે તે 'આરંભ' ગણાય છે.

— સાધુ જીવનને નિરારંભી ગણાવતી વાત ઉત્તરાધ્યયન સૂત્રના વીસમાં અધ્યયનમાં કહી છે – "આ વિપુલ વેદનાથી જો એક વખત મુક્ત થાઉં તો ક્ષાંત, દાંત અને નિરારંભી બની તુરંત જ અનગારધર્મમાં પ્રવ્રજિત થાઉં (એમ કહ્યું છે)

● **कारावणे अ करणे** - કરાવતા અને કરતાં.

— આ શબ્દોનો સંબંધ પરિગ્રહ અને આરંભ સાથે છે.

○ कारावणे - અન્યને પ્રેરણા કરતાં, બીજાની પાસે કરાવતાં.

○ करणे - જાતે કરતાં, કરવું તે કરણ.

— જે પ્રવૃત્તિ (પરિગ્રહ અને આરંભ) જાતે કરવામાં આવે તેને 'કરણ' કહેવાય અને બીજાને પ્રેરણા-આજ્ઞાદિ કરીને કરાવવામાં આવે તેને "કારાવણ' કહેવાય.

○ अ - સામાન્યથી આ શબ્દનો અર્થ "અને" થાય છે, પણ અહીં આ શબ્દ દ્વારા "અનુમોદન કરવું" અર્થ પણ કર્યો છે તેથી પરિગ્રહ અને આરંભ પોતે કરે, બીજા પાસે કરાવે કે કરનારની અનુમોદના કરે - એ ત્રણેનો આ પદમાં સમાવેશ કર્યો છે.

-૦- જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિની આરાધનામાં તથા વ્રતોના પાલનમાં અતિચાર લાગવામાં મુખ્ય કારણરૂપ તો અનેક પ્રકારે થયેલ પરિગ્રહ અને સાવદ્ય આરંભ જ છે. કહ્યું પણ છે કે–

"વિપુલ ધનસંચય અને મોટા પાયાનો આરંભ-પરિગ્રહ અર્થાત્ વધારે પડતી સાંસારિક પ્રવૃત્તિ અને માલ મિલ્કતનો સંચય કરવો તે મનુષ્યને અવશ્ય નરક કે તિર્યંચ યોનિમાં લઈ જાય છે - જેમ **સુભૂમ ચક્રવર્તીને** પરિગ્રહ વૃત્તિ અને **બ્રહ્મદત્ત ચક્રવર્તીને** વધારે પડતો આરંભ (હિંસા પરિણામ) નરકગતિના કારણ બન્યા હતા.

ભગવતીજી સૂત્ર, તત્ત્વાર્થ સૂત્રાદિમાં પણ મહા આરંભ અને મહા પરિગ્રહને નારકીપણાના કર્મ ઉપાર્જનના કારણરૂપ બતાવ્યા છે.

● **पडिक्कमे देसिअं सव्वं** - દિવસ સંબંધી એ બધાં જ અતિચારોને હું પ્રતિક્રમું છું.

○ पडिक्कमे - પ્રતિક્રમું છું, તે દોષથી પાછો ફરું છું.

– અહીં પ્રતિક્રમણ શબ્દનો સંબંધ બહુવિધ પરિગ્રહ અને આરંભથી થયેલા દોષો-અતિચારો સાથે છે.

– પ્રતિક્રમણ શબ્દનો વિશેષ અર્થ જણાવતા વૃત્તિકાર કહે છે–

"ફરીથી તેવા અતિચારો-દોષો નહીં કરવાના શુભ ભાવપૂર્વક હું તે અતિચારોથી પાછો ફરું છું.

○ देसिअं - દૈવસિક, દિવસમાં બનેલ, દિવસ સંબંધી.

– અહીં આર્ષ પ્રયોગથી 'व' નો લોપ થઈ 'દેસિઅં' એવું રૂપ બનેલું છે. સૂત્ર-૨૬ "દેવસિઅ પડિક્કમણે ઠાઉં"માં વપરાયેલ 'દેવસિઅ' શબ્દ કે સૂત્ર-૨૭ અને ૨૯ વગેરેમાં વપરાયેલ "દેવસિઅ" શબ્દનો અર્થ કે વિવેચન અને આ 'દેસિઅં' શબ્દ સમાન જ છે.

– દૈવસિક પ્રતિક્રમણના અર્થમાં 'દેસિઅં' શબ્દ છે, તેને બદલે રાત્રિક પ્રતિક્રમણ હોય તો 'રાઇઅં' શબ્દ બોલવો. એ જ રીતે પકિખયં, ચઉમ્માસિયં, સંવચ્છરિઅં શબ્દો બોલાય છે.

○ सव्वं - સર્વને, સામાન્યથી 'સર્વ' એટલે બધાં અર્થ થાય છે, અહીં અર્થદીપિકા ટીકામાં 'સર્વ' શબ્દથી સૂક્ષ્મ અને બાદર અર્થાત્ 'નાના કે મોટા' સર્વે એવો અર્થ ગ્રહણ કર્યો છે.

**○ આ પદનો સંબંધ :-**

(૧) "પડિક્કમે દેસિઅં સવ્વં" પદનો સંબંધ ગાથાના ત્રણે પૂર્વ પદો સાથે છે - બહુવિધ પરિગ્રહ અને સાવદ્ય આરંભ કરતા, કરાવતા કે અનુમોદતા લાગેલ સર્વે અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

(૨) 'પડિક્કમે દેસિઅં સવ્વં' એ ધ્રુવ પંક્તિ હવે પછીની ગાથા-૫, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૧, ૨૪ અને ૨૫માં પણ આવે છે. ત્યાં વાક્યાર્થ તો આ જ રહે છે કે, હું દિવસ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરું છું પણ, આ વાક્યનો સંબંધ બદલાયા કરે છે. જેમકે આ ગાથામાં તેનો સંબંધ પરિગ્રહ અને આરંભના દોષ સાથે છે તો ગાથા-૬માં તેનો સંબંધ સમ્યક્ત્વના અતિચારો સાથે છે, એ રીતે.

* *ગાથા-૩માં પરિગ્રહ અને આરંભની મુખ્યતા જણાવ્યા પછી* **હવે ગાથા-૪ માં** *અતિચારરૂપ અશુભકર્મના કારણરૂપે અપ્રશસ્ત એવા ઇન્દ્રિય, કષાય, (યોગ), રાગ અને દ્વેષની મુખ્યતા દર્શાવે છે.*

*○ ગાથા-૪માં આવતા વિષયને અર્થદીપિકા ટીકામાં રત્નશેખરસૂરિજી -* **જ્ઞાનાચારમાં લાગતા અતિચારોના હેતુ કહે છે. તેઓ ગાથા-૪ ની વૃત્તિમાં નોંધે છે કે,** અહીં જ્ઞાનાતિચાર અધિકાર ચાલે છે. જ્ઞાનાતિચાર રૂપ અશુભકર્મની આ ગાથામાં નિંદા અને ગર્હા કરાઈ છે. તે જ્ઞાનાવરણીયકર્મ ઇન્દ્રિયો, કષાયો, યોગોથી બંધાય છે. તેમના મતે સમ્યગ્જ્ઞાનના અભાવે જ જીવ અશુભ કર્મોને બાંધે છે. માટે

આ ગાથામાં જ્ઞાનાતિચારનો અધિકાર જાણવો. (**જો કે બીજા ગ્રંથોમાં તો** *આ ગાથા સર્વ કોઈ અતિચારરૂપ અશુભકર્મના કારણરૂપ ગાથા તરીકે હોવાનું જ કથન છે – "અપેક્ષાભેદ બહુશ્રુતો જાણે.")*

● **जं बद्धं** - જે બંધાયુ હોય.

– અતિચારરૂપ જે કોઈ અશુભકર્મ બંધાયેલ હોય.

– અહીં 'असुहं कम्मं' એ પદ અધ્યાહાર છે.

*(આ અશુભ કર્મબંધના હેતુઓ હવે કહે છે–)*

● **इंदिएहिं** - ઇન્દ્રિયો વડે. પાંચ ઇન્દ્રિયો દ્વારા.

– 'ઇન્દ્રિય' શબ્દનું વિવેચન - જુઓ સૂત્ર-૨ "પંચિંદિય".

– 'इंदिय' શબ્દ સાથે અહીં अप्पसत्थ શબ્દ જોડવાનો છે. તેથી "અપ્રશસ્ત ઇન્દ્રિયો વડે" એવો શબ્દાર્થ થશે.

– પાંચે ઇન્દ્રિયોના પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને અર્થો :-

(૧) પ્રશસ્ત-અપ્રશસ્ત શ્રવણેન્દ્રિય :-

દેવગુરુના ગુણો શ્રવણ કરવા, ગુરુની હિતશિક્ષા સાંભળવી, ધર્મદેશના સાંભળવી વગેરેમાં શુભ અધ્યવસાયના હેતુપણે જે જોડાય તે પ્રશસ્ત શ્રવણેન્દ્રિય ગણાય. જ્યારે ઇષ્ટ પદાર્થોના શ્રવણમાં જે રાગનો હેતુ બને અને અનિષ્ટ પદાર્થોના શ્રવણમાં દ્વેષનો હેતુ બને તે શ્રવણેન્દ્રિય અપ્રશસ્ત ગણાય.

(૨) પ્રશસ્ત-અપ્રશસ્ત ચક્ષુરિન્દ્રિય :-

દેવદર્શન, ગુરુદર્શન, સંઘદર્શન, શાસ્ત્રવાંચન, તીર્થદર્શન વગેરે વડે જે પવિત્ર થાય તે ચક્ષુ:પ્રશસ્ત ગણાય છે, જ્યારે પ્રિય-અપ્રિય કે મનોજ્ઞતા અને અમનોજ્ઞતાના ભાવપૂર્વક જે કાંઈ જુએ તે અપ્રશસ્ત ચક્ષુરિન્દ્રિય. વિકારી દૃષ્ટિથી સ્ત્રીના અંગોપાંગાદિ જોવાં તથા ભય અને કુતૂહલથી નિરીક્ષણ આદિ કરવાં એ અપ્રશસ્ત ચક્ષુરિન્દ્રિયનો વ્યવહાર છે.

(૩) પ્રશસ્ત-અપ્રશસ્ત ઘ્રાણેન્દ્રિય :-

અરિહંત પ્રભુની પૂજા માટેના કેસર, કપૂર, બરાસ, કસ્તુરી આદિની સુગંધની પરીક્ષા કરે, ગ્લાન, બાળ, વૃદ્ધ આદિ ગુરુવર્યોને પથ્ય એવા ઔષધાદિને સુંઘવામાં જે ઘ્રાણ જોડાય તે પ્રશસ્ત ઘ્રાણેન્દ્રિય અને ઇષ્ટ એવા સુગંધી પદાર્થોમાં રાગ કરનારી તથા અનિષ્ટ એવા દુર્ગંધી પદાર્થોમાં દ્વેષ કરનારી બને તે અપ્રશસ્ત-ઘ્રાણેન્દ્રિય જાણવી.

(૪) પ્રશસ્ત-અપ્રશસ્ત રસનેન્દ્રિય વાચનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં, દેવ-ગુરુની સ્તુતિમાં, સદ્ઉપદેશ દેવામાં, ગુરુ મહારાજને આપવા યોગ્ય આહાર પાણીની ચાખીને પરીક્ષા કરવામાં રોકાય તે પ્રશસ્ત રસનેન્દ્રિય અને વિકથા કરવામાં, પાપનો ઉપદેશ આપવામાં, રૂચીકર આહાર પર રાગ કરવામાં અને અરોચક આહારમાં દ્વેષ કરવામાં રોકાય તે અપ્રશસ્ત રસનેન્દ્રિય જાણવી.

(૫) પ્રશસ્ત-અપ્રશસ્ત સ્પર્શનેન્દ્રિય :- અરિહંત પરમાત્માના પ્રક્ષાલન આદિમાં, ગ્લાન-બાળ વૃદ્ધ આદિ ગુરુવર્યોની વૈયાવચ્ચ કરવામાં શરીરનો ઉપયોગ કરાય તે

સ્પર્શનેન્દ્રિય પ્રશસ્ત જાણવી અને સ્ત્રીને આલિંગનમાં કે પ્રિય-અપ્રિય, મનોજ્ઞ-અમનોજ્ઞતાના ભાવપૂર્વક થતા સ્પર્શ આદિને અપ્રશસ્ત સ્પર્શનેન્દ્રિય જાણવી.

**૦ અપ્રશસ્ત ઇન્દ્રિયોના કટુ વિપાક :-**

(૧) શ્રવણેન્દ્રિય :- પારધી શિકાર માટે સંગીત વગાડવાનો આરંભ કરે છે, ત્યારે તેમાં લીન બનીને હરણો દોડી આવે છે. શ્રવણ ઇન્દ્રિયના રાગથી આ હરણો પારધીના બાણનો ભોગ બની મૃત્યુ પામે છે.

(૨) ચક્ષુરિન્દ્રિય :- પતંગીયુ દીવાના પ્રકાશને જોઈને તેની તરફ આકર્ષાય છે, દીવામાં પડીને પોતાનું આખું જીવન સળગાવી મૂકે છે.

(૩) ઘ્રાણેન્દ્રિય :- તળાવમાં ખીલેલા કમળોની સુગંધમાં લીન બનેલો ભ્રમર સૂર્યવિકાસી કમળોમાં પ્રવેશ કરે છે, પણ સૂર્ય અસ્ત થાય ત્યારે કમળમાં સપડાઈ જઈને પોતાના પ્રાણ ખોઈ બેસે છે.

(૪) રસનેન્દ્રિય - માછીમારો લોઢાના તીક્ષ્ણ કાંટા ઉપર લોટની મીઠી ગોળીઓ લગાડીને જળાશયોમાં નાંખે છે ત્યારે રસનેન્દ્રિયની લાલચને વશ માછલી તેને ખાવા દોડે છે, તે ખાવા જતા તેનું તાળવું વિંધાઈ જાય છે અને મૃત્યુ પામે છે.

(૫) સ્પર્શનેન્દ્રિય :- મદોન્મત્ત અને બળવાન એવા હાથીને પકડવા માટે ઊંડી ખાઈઓ લોકો બનાવે છે, તે ખાઈને ઘાસ અને પાંદડા વડે ભરી દે છે. તે ખાઈથી દૂર સુંદર હાથણીને જોઈને હાથી તેને ભેટવા દોડે છે, ત્યારે ખાઈમાં પડીને અશરણ થઈ જાય છે.

આ રીતે એક-એક ઇન્દ્રિયનું અપ્રશસ્ત પ્રવર્તન પણ જેમ મૃત્યુ કે દારુણ દુઃખનું કારણ બને છે, તેમ પાંચ ઇન્દ્રિયોને અપ્રશસ્તપણે પ્રવર્તાવવાથી મનુષ્ય અનેક પ્રકારે અતિચારરૂપ અશુભકર્મોનું ઉપાર્જન કરે છે.

● **चउहिं कसाएहिं** - ચાર કષાયો વડે.

– કષાયના મુખ્ય ચાર ભેદ કહ્યા છે - (૧) ક્રોધ, (૨) માન, (3) માયા અને (૪) લોભ. *(જેનું વિવેચન સૂત્ર-૨ "પંચિંદિયમાં અને સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"માં જોવું.)*

– આ પદને પણ अप्पसत्थ શબ્દ સાથે જોડવાનું છે તેથી અપ્રશસ્ત ક્રોધ, અપ્રશસ્ત માન, અપ્રશસ્ત માયા અને અપ્રશસ્ત લોભ એ ચારને કારણે લાગતા અતિચારથી બંધાતા અશુભકર્મોનું આ પદથી ગ્રહણ કરવાનું છે.

(૧) પ્રશસ્ત-અપ્રશસ્ત ક્રોધ :-

શિષ્યાદિ પરિવાર તથા સંતાનોને સુશિક્ષિત બનાવવા માટે જે કૃત્રિમ ક્રોધ કરવામાં આવે તે પ્રશસ્ત ક્રોધ છે. જેમ - **કાલિકાચાર્યે** પ્રમાદી શિષ્યોને સૂતા મૂકીને ત્યાગ કર્યો કે મંત્રી તેતલીપુત્રને પ્રતિબોધ કરવા **પોટ્ટીલ દેવે** રાજા પાસે ક્રોધ કરાવ્યો. આ પ્રશસ્ત ક્રોધના દૃષ્ટાંતો છે. જ્યારે પ્રિય-અપ્રિયાદિ પ્રસંગોમાં જે ક્રોધ આવે કે કલહ સુધી પહોંચે એ અપ્રશસ્ત ક્રોધ છે. જેમ **ચંડરૂદ્રાચાર્યે** પોતાના શિષ્યના મસ્તકે દંડ માર્યો.

(૨) પ્રશસ્ત-અપ્રશસ્ત માન :-

ધર્મ અને ધર્મના પાલન માટે થતું માન તે પ્રશસ્તમાન છે, જેમ - સુદેવાદિને નમવું અને કુદેવ આદિને ન નમવું ઇત્યાદિ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા માટે માન કરવું તે પ્રશસ્ત માન છે. જ્યારે પ્રિય-અપ્રિયાદિ પ્રસંગોના કારણે જે માન કરવામાં આવે તે અપ્રશસ્તમાન છે. અથવા નમન આદિ કરવા યોગ્ય દેવાદિને ન નમવું તે અપ્રશસ્ત માન છે જેમ - **બાહુબલી** નાના ભાઈઓને નમસ્કાર-વંદનાદિ ન કરવા માટે ભગવંત ઋષભદેવ પાસે જતા ન હતા, તે તેનું અપ્રશસ્ત માન કહેવાય.

(૩) પ્રશસ્ત-અપ્રશસ્ત માયા :-

કોઈપણ આત્માનું કેવળ આત્મિકહિત લક્ષ્યમાં રાખીને તે માટે જરૂરી બાહ્ય કે અભ્યંતર સાધનો માટે જે કૃત્રિમ છળપ્રપંચ કરવો પડે તે પ્રશસ્તમાયા અથવા શિકારી પાસે મૃગાદિનો અપલાપ કરવામાં, રોગીને કડવું ઔષધ પાવામાં, દીક્ષામાં વિઘ્ન કરનાર માતાપિતાને સમજાવવામાં જે માયા કરવી પડે તે સ્વ-પરને હિતકારી હોવાથી પ્રશસ્ત માયા કહેવાય છે. જેમ **આર્યરક્ષિત સૂરિજી**ના પિતા મુનિપણામાં પણ લજ્જાને કારણે ધોતીયુ પહેરી રાખતા હતા, તેનો ત્યાગ કરાવી સાધુના આચારમાં પિતાને સ્થાપિત કરવા માટે આર્યરક્ષિત સૂરિજીએ શ્રાવકોના છોકરાઓને શીખવાડી રાખીને કપટથી પિતામુનિનું ધોતિયું ખેંચાવી લીધું, તેને બદલે ચોલપટ્ટો પહેરાવી દીધો.

કોઈને છેતરવાની બુદ્ધિથી માયા કરવામાં આવે તે અપ્રશસ્ત માયા કહેવાય. અથવા ધન-ધાન્યાદિ દ્રવ્ય મેળવવા માટે જે વેપારી કપટ કરે કે જાદુગરો વગેરે હાથચાલાકીના પ્રયોગ કરી લોકોને ઠગે છે, તેને અપ્રશસ્ત માયા કહે છે.

(૪) પ્રશસ્ત-અપ્રશસ્ત લોભ :-

જ્ઞાન, દર્શન, ચારિત્રની ક્રિયાઓમાં તથા વિનય, વૈયાવચ્ચ વગેરે ગુણોમાં લોભ કરવો તે પ્રશસ્ત લોભ. જ્યારે ધન-ધાન્ય આદિના પરિગ્રહમાં મમત્ત્વ બુદ્ધિથી થતો લોભ તે અપ્રશસ્ત લોભ. જેમ **મમ્મણ શેઠ** સોના અને રત્નોનો બળદ બનાવવા માટે જે મૂર્છા ભાવ રાખતા હતા તે અપ્રશસ્ત લોભ કહેવાય.

*(ઉપલક્ષણથી ઇન્દ્રિય અને કષાયો સાથે યોગને પણ ગ્રહણ કરવામાં આવે છે તેથી અહીં પ્રશસ્ત-અપ્રશસ્ત યોગને જણાવે છે–)*

(૧) પ્રશસ્ત-અપ્રશસ્ત મનોયોગ :-

ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં મનને પ્રવર્તાવવું તે પ્રશસ્ત મનોયોગ છે અને આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં મનને પ્રવર્તાવવું તે અપ્રશસ્ત મનોયોગ છે.

(૨) પ્રશસ્ત-અપ્રશસ્ત વચનયોગ :-

દેવ, ગુરુ, સંઘ, સાધુ, ધર્મ આદિના ગુણ ગાવામાં વપરાતી વાણી તે પ્રશસ્ત વચનયોગ છે જ્યારે સાંસારિક પ્રવૃત્તિ નિમિત્તે, કલહ, અભ્યાખ્યાન, પૈશુન આદિમાં પ્રવર્તતી વાણી તે અપ્રશસ્ત વચનયોગ છે.

(૩) પ્રશસ્ત-અપ્રશસ્ત કાયયોગ :-

દેવદર્શન, ગુરુવંદન, તીર્થયાત્રા, વૈયાવચ્ચ, સામાયિક-પ્રતિક્રમણાદિ ધર્મક્રિયામાં

પ્રવર્તતી કાયા તે પ્રશસ્ત કાયયોગ છે જ્યારે સાંસારિક હેતુમાં, ઇન્દ્રિયોના વિષયોમાં, વ્યસનાદિ પ્રવૃત્તિમાં પ્રવર્તતો કાયયોગ તે અપ્રશસ્ત કાયયોગ છે.

● **अप्पसत्थेहिं** - અપ્રશસ્ત વડે.

– આ અપ્રશસ્ત શબ્દ ઇન્દ્રિય, કષાય, રાગ, દ્વેષ એ બધાંને લાગુ પડે છે. એટલે કે આ શબ્દ વિશેષણ રૂપે પ્રયોજાયેલ છે.

મૂળ શંસ્ ક્રિયાપદ વખાણ, પ્રશંસા, શ્લાઘાના અર્થમાં છે તેના પરથી બનેલ શસ્ત શબ્દ શ્લાઘિત, પ્રશંસિત એવો અર્થ ધરાવે છે. પ્રકૃષ્ટતા કે અધિકતાના સૂચન માટે પૂર્વે प्र ઉપસર્ગ લાગે છે એ રીતે પ્રશસ્ત (प्पसत्थ) શબ્દ બને છે. તેનો અર્થ છે સારી રીતે પ્રશંસા પામેલું કે અતિશય વખણાયેલું. જે વાત જ્ઞાનીપુરુષોએ શાસ્ત્રોમાં અને સુજ્ઞજનોએ વ્યવહારમાં પ્રશંસેલી છે તે ઉત્તમ, ઇચ્છવા યોગ્ય કે આદરણીય કહેવામાં આવે છે.

જ્યારે પ્રશસ્ત (प्पसत्थ) શબ્દની પૂર્વે નકાર સૂચક अ મૂકવામાં આવે ત્યારે અપ્રશસ્ત (अप्पसत्थ) શબ્દ બને છે. જે પ્રશસ્ત કરતા ઉલટા કે વિપરીત અર્થને સૂચવે છે. અપ્રશસ્ત એટલે જે વાતને શાસ્ત્રોમાં જ્ઞાનીપુરુષોએ આદરણીય ગણી નથી અથવા ત્યાજ્ય ગણી છે તે અથવા સુજ્ઞજનોએ વ્યવહારમાં જેને ઇચ્છવા યોગ્ય કે આદરણીય ગણી નથી તે.

● **रागेण व दोसेण व** - રાગથી અથવા દ્વેષથી.

○ रागेण - રાગથી, આસક્તિથી *(* 'રાગ' શબ્દનું વિવેચન સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"માં જોવું.)*

– જેના વડે જીવ કર્મોથી રંગાય તે 'રાગ' કહેવાય છે.

– ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે, "કોઈપણ વિષયમાં આસક્તિ થવી તે "રાગ" કહેવાય છે.

○ दोसेण - દ્વેષથી, અપ્રીતિથી. *(* 'દ્વેષ' શબ્દનું વિવેચન સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"માં જોવું.)*

જેનાથી કે જે હોય ત્યારે પ્રાણીઓ અપ્રીતિને, માત્સર્યને ધારણ કરે છે તે-દ્વેષ, તિરસ્કાર, અવજ્ઞા આદિ તેના પર્યાયો છે.

अर्थदीपिका ટીકામાં રાગના ત્રણ ભેદો જણાવ્યા છે તે મુજબ–

કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ એ ત્રણ પ્રકારના રાગમાંના કોઈપણ એક રાગ વડે વ્રતોમાં અતિચાર-દોષ લાગે તેવું કર્મ બાંધ્યુ હોય (તે કર્મની હું નિંદા અને ગર્હા કરું છું.)

– કામરાગનું દૃષ્ટાંત - જંબૂસ્વામીજીના જીવ ભવદેવે પોતાના ભાઈમુનિ ભવદત્તની દાક્ષિણ્યતાથી દીક્ષા ગ્રહણ કરી, તો પણ તેને પોતાની નવપરિણિત પત્ની નાગિલા પ્રત્યે લાગલગાટ બાર વર્ષ પર્યન્ત જે રાગ રાખ્યો તેને કામરાગનું દૃષ્ટાંત જાણવું.

– સ્નેહરાગનું દૃષ્ટાંત - બોટિક (દિગંબર) મત પ્રવર્તાવનાર શિવભૂતિ પરત્વે

જેમ તેની બહેન ઉત્તરાનો રાગ હતો તેમ ધન, સ્વજન, કુટુંબ આદિ પરનો જે રાગ તે સ્નેહરાગનું દૃષ્ટાંત છે.

— દૃષ્ટિરાગ અને તેનું દૃષ્ટાંત :- દૃષ્ટિ એટલે દર્શન, શાક્ય વગેરે અન્ય દર્શનોમાં જે રાગ તે દૃષ્ટિરાગ, હેમચંદ્રાચાર્યજીએ કહ્યું છે કે, કામરાગ અને સ્નેહરાગ એ બે રાગનું નિવારણ કરવું હજું સહેલું છે, પણ પાપી એવો જે દૃષ્ટિરાગ છે, તે તો મહાપુરુષો માટે પણ દૂર થવો મૂશ્કેલ છે - ગોશાળાના શિષ્યોએ ગોશાળાએ મૃત્યુ અવસરે કહ્યું હોવા છતાં શ્રાવસ્તીનગરીમાં અપભ્રાજનાપૂર્વક તેના શરીરનું નીહરણ ન કર્યું તે દૃષ્ટિરાગ.

આ રાગ અને દ્વેષ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદે છે.

(૧) પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ

અરિહંત દેવો, સુગુરુ, સુસાધુ આદિ પરત્વેનો રાગ એ પ્રશસ્ત રાગ છે. જેમકે - ગણધર ગૌતમસ્વામીને ભગવંત પરનો રાગ એ પ્રશસ્ત રાગ છે. વિષય-ભોગ આદિ પર જે રાગ તે અપ્રશસ્ત રાગ કહેવાય છે. જેમકે શ્રેણિક રાજા જ્યારે ચેલ્લણાને ચેડા રાજાને ત્યાંથી લઈ ગયો ત્યારે તે અપ્રશસ્ત રાગ હતો.

(૨) પ્રશસ્ત-અપ્રશસ્ત દ્વેષ :-

પોતાના કરેલાં પાપો અને પ્રમાદ પ્રત્યે દ્વેષ થવો, તેને પ્રશસ્ત દ્વેષ કહેવાય છે. દુષ્કર્મનો ક્ષય કરવા માટે ઉદ્યત થયેલા નંદીષેણ મુનિ દ્વારા ઘોર તપ કે આત્મહત્યાનો પ્રયાસ એ પ્રશસ્ત દ્વેષનું દૃષ્ટાંત છે. જ્યારે શત્રુઓ વગેરે પ્રતિકૂળજનો પર દ્વેષ થવો તે અપ્રશસ્ત દ્વેષ છે. જેમકે ઉદાયન રાજા એ ચંડપ્રદ્યોત રાજા પર ચડાઈ કરી તેને બાંધી લીધો હતો.

● **तं निंदे तं च गरिहामि** - તેને નિંદુ છું, તેને ગર્હું છું.

— *(વિવેચન-જુઓ ગાથા-૨ મુજબ)* વિશેષ એ કે અહીં અપ્રશસ્ત એવા ઇન્દ્રિય, કષાય, યોગ, રાગ અને દ્વેષથી બંધાતા અશુભ કર્મોની નિંદા અને ગર્હા સમજવી.

* *ગાથામાં "અપ્રશસ્ત" દ્વારા સમજવાનું એ કે શ્રાવકોને પ્રશસ્ત પ્રવૃત્તિ માટે પ્રતિક્રમણ નથી કહ્યું પણ અપ્રશસ્ત પ્રવૃત્તિ માટેનું પ્રતિક્રમણ કહ્યું છે જ્યારે દ્રવ્ય કે ભાવ શ્રમણને તો વીતરાગતા પ્રાપ્ત કરવામાં પ્રશસ્ત કે અપ્રશસ્ત બધાં વ્યાપારો બાધક જ છે.*

**હવે ગાથા-પાંચનું વિવેચન કરીએ છીએ** - અર્થદીપિકા ટીકામાં ગાથા-૫ અને ૬ બંનેને દર્શનાચારના હેતુ કે દોષોના પ્રતિક્રમણ સ્વરૂપ કહી જ છે, બીજા ગ્રંથમાં ગાથા-૫ માટે બે હેતુ મૂક્યા છે - ગમનાગમન પ્રતિક્રમણ અને સમ્યક્દર્શન સંબંધી હેતુઓથી લાગતા અતિચારોનું પ્રતિક્રમણ.

આ ગાથામાં "અણાભોગે-અભિયોગે અને નિયોગે" એ ત્રણ હેતુ વડે "આગમણે, નિગમણે, ઠાણે, ચંકમણે" એ ચાર ક્રિયામાં વર્તતા જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ જણાવ્યું છે અથવા અતિચારની વિશિષ્ટ આલોચના પૂર્વે ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યા પછી સમ્યક્ત્વ સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરવાનું

છે, તેમ સમજવું.

● **आगमणे निग्गमणे ठाणे चंकमणे** - આવવામાં, જવામાં, ઉભા રહેવામાં કે ચારે તરફ ફરવામાં.

૦ आगमणे - આવવામાં, આવવું તે આગમન.

૦ निग्गमणे - જવામાં, બહાર જવું તે નિર્ગમન.

— કોઈ વ્યક્તિ કોઈ સ્થાનની અંદર કે સ્થાન પ્રતિ આવે તો તેનું તે સ્થાનમાં 'આગમન' થયું કહેવાય અને કોઈ વ્યક્તિ તે સ્થાન છોડીને જાય તો તે સ્થાનથી તેનું નિર્ગમન કહેવાય.

૦ ठाणे - સ્થાને, ઉભા રહેવામાં.

— स्था - એટલે ઉભા રહેવું. તેની ક્રિયા તે સ્થાન (ठाण) તેના વિશે એટલે કે ઉભા રહેવામાં.

— આગમન કે નિર્ગમન ન કરતાં એક સ્થાને ઉભા રહેવું તે સ્થાન.

૦ चंकमणे - ચોતરફ ફરવામાં, વારંવાર ચાલવામાં.

— વારંવાર જવું-આવવું કે અહીં-તહીં ફરવું તે ચંક્રમણ. આ ક્રિયામાં આગમન અને નિર્ગમન બંને પ્રવૃત્તિ ચાલુ રહે છે.

— **'આગમણે' આદિ ચારે પદ સંબંધી વિશેષ કથન :-**

(૧) ધર્મધ્યાન કે શુભ પ્રવૃત્તિ અને ક્રિયાના હેતુ સિવાય થતી આ પ્રકારની ક્રિયાઓ અશુભ કર્મબંધનું કારણ છે.

(૨) જો 'આગમન' આદિ ઉપરોક્ત ચાર ક્રિયા અને હવે પછી કહેવાનાર 'અણાભોગે' આદિ ત્રણે એ સાતે અલગ-અલગ હેતુરૂપે વિચારવામાં આવે તો આ સાતેનો સંબંધ પૂર્વની ગાથા ત્રણના जं बद्ध પદો સાથે જોડવો અર્થાત્ 'આગમન' આદિ સાતે કારણોથી "જે અશુભ કર્મબંધ થયો હોય" તેનું હું પ્રતિક્રમણ કરું છું તેમ સમજવું.

(૩) દર્શનાચારના અતિચારોના પ્રતિક્રમણરૂપે વિચારીએ તો હવે પછી કહેવાનાર "અણાભોગે, અભિઓગે, નિયોગે" આ ત્રણ કારણો છે અને "આગમણે" આદિ ચાર તે અતિચાર લાગવા માટેની પ્રવૃત્તિ કે કાર્યો છે. મતલબ કે 'આગમણે' આદિ ચારે પ્રવૃત્તિઓ જો "અણાભોગ-અભિઓગ અને નિયોગ"ને કારણે થઈ હોય તો અતિચાર લાગે છે અને તે કર્મબંધનું કારણ બને છે. આ કથનને આશ્રીને વૃત્તિકાર અર્થ કરે છે તે મુજબ–

— आगमणे - એટલે મિથ્યાદૃષ્ટિઓના રથયાત્રા મહોત્સવ વગેરે જોવા માટે કુતૂહલથી ઝપડભેર આવવું તે.

— निग्गमणे - તેવા મહોત્સવ આદિ જોવા માટે પોતાના ઘર-હાટમાંથી નીકળવામાં આવે.

— ठाणे - અન્યદર્શનીઓના દેવસ્થાનો આદિમાં જો ઉભા રહેવામાં આવે તે.

— चंकमणे - તેવા દેવસ્થાનો વગેરેમાં અહીં-તહીં ફરવામાં આવે, ઉપલક્ષણથી

ત્યાં સુવા-બેસવામાં આવે.

*(એ ચાર કાર્યો-પ્રવૃત્તિથી દિવસ દરમ્યાન દર્શનાચારમાં જે અતિચાર લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું - તેમ સમજવું.)*

**આમ કેમ કહ્યું ?** શ્રાવકોને અન્યતીર્થીના રથયાત્રાદિમાં જવાનો નિષેધ છે માટે આમ કહ્યું છે.

**તો તે અતિચાર કઈ રીતે ?** નિષેધ હોવાથી તેવી પ્રવૃત્તિ શ્રાવક માટે સ્પષ્ટ અનાચાર છે, પણ જો હવે પછી જણાવાયેલ "અણાભોગે" આદિ ત્રણ કારણે આગમનાદિ થાય તો અતિચાર છે.

● **अणाभोगे** - અનાભોગથી, અનુપયોગથી, ભૂલી જવાથી, વિસરી જવાથી, જાણ બહાર આગમનાદિ થઈ જવાથી.

ο આભોગ એટલે વિશેષ ઉપયોગપૂર્વકની ક્રિયા.

ο અનાભોગ એટલે "આભોગ નહીં તે." વસ્તુ ખ્યાલમાંથી તદ્દન નીકળી જવી, વિસરાઈ જવી એ અનાભોગ ક્રિયા છે.

– 'અનાભોગે' પદમાં સપ્તમીનો પ્રયોગ તૃતીયા વિભક્તિના અર્થમાં થયો છે. આ જ પ્રયોગ अभिओगे અને निओगे માં છે.

– "દર્શનાચાર"ના અર્થમાં વૃત્તિકાર કહે છે કે, પ્રમાદના વશથી સમ્યક્ત્વનો ઉપયોગ ન રહેલ હોય તો દર્શનાચારમાં અતિચારો લાગે. *સમ્યક્ત્વના ઉપયોગ હોય તો પણ અન્યતીર્થીઓના મહોત્સવ કે દેવસ્થાનો વગેરેમાં જવા-આવવાથી તો અનાચાર જ કહેવાય.*

● **अभिओगे** - અભિયોગથી, આગ્રહથી, દબાણથી.

– ચારે બાજુથી જોડવું, દબાણપૂર્વક જોડવું તે "અભિઓગ".

– જેમાં સ્વ ઇચ્છા નહીં પણ આગ્રહ, દબાણ કે બળાત્કાર કારણભૂત હોય છે, તેને 'અભિઓગ' કહેવામાં આવે છે.

– "દર્શનાચાર"ના સંબંધમાં વૃત્તિકાર આ પ્રમાણે કહે છે–

સમ્યકત્વનો ઉપયોગ હોય તો પણ રાજા વગેરેના આગ્રહથી બળાત્કારે મિથ્યાદૃષ્ટિઓના મહોત્સવો કે ધર્મસ્થાનો વગેરેમાં જવું પડેલ હોય તેથી તેમાં જે કોઈ અતિચાર લાગ્યો હોય.

આ અભિયોગના છ ભેદ કહ્યા છે. સમ્યકત્વ અંગીકાર કરતી વખતે આ છ અભિયોગને અપવાદરૂપ કહ્યા છે.

(૧) રાજાભિયોગ :- રાજાની પરવશતા કે દબાણથી કોઈ કાર્ય કરવું પડે તે. (મહોત્સવાદિમાં જવું આવવું પડે તે.)

(૨) ગણાભિયોગ :- લોકસમૂહના દબાણથી કે સ્વજન કુટુંબ આદિ સમુદાયની પરવશતા કે આગ્રહથી કોઈ કાર્ય કરવું પડે તે (મહોત્સવાદિમાં જવું-આવવું પડે તે.)

(૩) બલાભિયોગ :- રાજા કે સ્વજનાદિ સિવાયના કોઈ વધારો બળવાનના દબાણથી કે તેની આધીનતાથી કોઈ કાર્ય કરવું પડે તે (મહોત્સવાદિમાં જવું-આવવું

પડે તે.)

(૪) દેવાભિયોગ :- દુષ્ટ દેવતાઓના દબાણથી કોઈ કાર્ય કરવું પડે તે (મહોત્સવાદિમાં જવું-આવવું પડે તે.)

(૫) ગુરુ-અભિયોગ :- માતા-પિતા આદિ વડીલ લોકોના દબાણ વશ કોઈ કામ કરવું પડે તે. (મહોત્સવાદિમાં જવું-આવવું પડે તે)

વૃત્તિકારશ્રી એક સાક્ષીપાઠ દ્વારા જણાવે છે કે, માતા, પિતા, વિદ્યા, કલા શીખવનાર ગુરુ, તે ત્રણેની જ્ઞાતિઓ, પોતાના વડીલો, ધર્મોપદેશક ગુરૂ એ છ ને સજ્જન પુરુષોએ ગુરુવર્ગ કહેલ છે, તેથી "ગુરુનિગ્રહ"માં આ છ ને ગુરુ સમજવા.

(૬) વૃત્તિ-કાંતાર અભિયોગ :- દુષ્કાળ જેવા પ્રસંગમાં અથવા જંગલ વગેરે સ્થાનમાં કે જે વખતે અને જયાં સર્વથા નિર્વાહનો અભાવ હોય છે, તેવા વિષમ પ્રસંગમાં આજીવિકાને માટે કોઈ કાર્ય કરવું પડે તે વૃત્તિ કાંતાર અભિયોગ.

*આ છ કારણોથી અન્યદર્શનીઓના રથયાત્રાદિ મહોત્સવ કે દેવસ્થાનોમાં જવા-આવવા, રહેવા કે ફરવાનું બન્યું હોય અને તેનાથી (દર્શનાચારમાં) જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું.*

● **निओगे** - નિયોગથી, ફરજને લીધે.

– નિયોગ એટલે અધિકાર કે ફરજ, તેના લીધે અર્થાત્ જે કાર્ય અધિકારવશાત્ કે ફરજ બજાવવા માટે કરવું પડેલ હોય તેને લીધે (કોઈ અતિચાર લાગ્યા હોય તે–)

– નગરશેઠ, મંત્રી વગેરે અધિકાર પદની ફરજથી તેવા કોઈ સ્થાનોમાં જવું, આવવું, ઉભા રહેવું કે ચોતરફ ફરવાનું થયું હોય તેનાથી (દર્શનાચારમાં) અતિચાર લાગ્યા હોય તેનું.

● **पडिक्कमे देसिअं सव्वं** - દિવસ સંબંધી તે સર્વે અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું *(વિવેચન માટે ગાથા-3 જોવી)* વિશેષ એટલું કે અહીં "અનાભોગ, અભિયોગ, નિયોગ" એ ત્રણ કારણે જે આવાગમન, સ્થાન કે ચંક્રમણ થયું હોય તેનું પ્રતિક્રમણ કરવું.

○ **ગાથાર્થ બીજી રીતે** - વૃત્તિકારે જણાવેલ છે.

"અનાભોગે" પ્રમાદને વશ થઈ અસાવધાનપણે ઘર, દુકાન વગેરે સ્થાનોમાં આવવાથી, નીકળવાથી, ઉભા રહેવાથી કે હરવા-ફરવાથી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરવું.

અહીં ઘર-દુકાન વગેરેમાં આવાગમન આદિ સપ્રયોજન છે તો પણ અસાવધાનપણે જવા-આવવામાં પંચેન્દ્રિયાદિ જીવોની હિંસા થવાનો સંભવ છે, તેથી શ્રાવકોને તેવા જરૂરી પ્રયોજનથી પણ ઉપયોગ વિના ગમનાગમનનો નિષેધ છે.

"અભિયોગ" રાજા વગેરેની પરવશતાને લીધે પોતે લીધેલ કોઈ નિયમ ખંડિત કરવો કે વિરાધવો પડેલ હોય ત્યારે...

"નિયોગે" પાપમય પ્રવૃત્તિ કરવી પડે તેવા અધિકારી પદે વર્તતા હોય ત્યારે...

**હવે છટ્ઠી ગાથામાં સમ્યક્ત્વના પાંચ અતિચારો કહે છે–** શ્રાવકના

બાર વ્રતો ગ્રહણ કરતા પહેલા સમ્યકત્વ અંગીકાર કરવાનું હોય છે. *(જેનો આલાવો યોગશાસ્ત્ર અને ધર્મસંગ્રહ આદિ ગ્રંથોમાં છે, આવશ્યક સૂત્રમાં પણ જોવા મળે છે.)* તે સમ્યક્ત્વમાં જે પાંચ દોષ-અતિચાર સંભવે છે તેનું આ ગાથામાં વર્ણન છે.

"સમ્યક્ત્વ મૂલ બારવ્રત" વાક્ય બોલાય છે, તેથી વ્રતોનો સ્વીકાર સમ્યક્ત્વપૂર્વક કરવામાં આવે છે. વળી સમ્યક્ત્વ એ મોક્ષમહેલનું પ્રથમ પગથીયું છે, ચોથા ગુણ સ્થાનકે સમ્યક્ત્વ પ્રાપ્તિ થાય, પછી દેશવિરતિ-સર્વવિરતિ ચારિત્ર અંગીકાર થાય, કેવળજ્ઞાન તો છેક બારમાં ગુણઠાણે થાય ત્યાર પછી છેક છેલ્લે સર્વથા શુદ્ધ ચારિત્ર અને મોક્ષ થાય. પણ સમ્યક્દર્શન (સમ્યક્ત્વ) વિના બધું જ પાયા વિનાના મહેલ જેવું છે. તેથી સમ્યકત્વનો સ્વીકાર વ્રતોની પહેલા થાય છે. તે જ કારણે તેના અતિચારો પણ પહેલા મૂક્યા છે–

**(૧) संका** - શંકા, સંશય, એ સમ્યકત્વનો પહેલો અતિચાર છે.

*(અર્થ અને વિવેચન સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ"માં કરેલ છે છતાં અહીં કિંચિત્ વિવેચના કરીએ છીએ–)*

અરિહંત અને સિદ્ધ એ દેવ, પંચ મહાવ્રતધારીએ ગુરૂ અને કેવલી કે વીતરાગ-પ્રણીત માર્ગ એ ધર્મ તેમના વિષયમાં શંકા કરવી કે જીવાદિ નવ (સાત) તત્ત્વોના વિષયમાં સંદેહ થવો તે શંકા.

આવી શંકા બે પ્રકારે થઈ શકે – (૧) સર્વથી અને (૨) દેશથી.

(૧) સર્વશંકા - સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મ છે કે નહીં ?, જીવ-અજીવ આદિ ખરેખર હશે કે કેમ ? ઇત્યાદિ મૂળ વસ્તુ પરત્વે જ શંકા થવી તે સર્વ શંકા કહેવાય.

(૨) દેશ શંકા - જીવ તો છે પણ તે સર્વવ્યાપી હશે કે દેશવ્યાપી ? વર્તમાનમાં ભરતક્ષેત્રમાં સાધુ તો છે પણ તેને ચારિત્ર હશે કે નહીં ? ઇત્યાદિ પ્રકારે શંકા થવી તે દેશ શંકા કહેવાય.

આ બંને પ્રકારની શંકા અરિહંત પરમાત્માએ કહેલ તત્ત્વને વિશે અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વને મલિન કરે છે. તેથી જ્યાં હેતુ, દૃષ્ટાંત, તર્કનો અભાવ જણાય, જ્ઞાતાનો યોગ ન મળે કે જ્ઞાનાવરણીય કર્મોદયથી સાચું ન સમજાય તો "જે જિનેશ્વરે કહ્યું છે તે સત્ય છે" એમ માનવું પણ શંકા કરવી નહીં.

**૦ લઘુ દૃષ્ટાંત :-** કોઈ બે માણસોએ ઘણી સેવા કરવાથી પ્રસન્ન થયેલા કોઈ સિદ્ધપુરુષે તે બંનેને એક-એક કંથા (ગોદડી) આપીને કહ્યું કે, આ કંથા છ માસ સુધી કંઠે વીંટાળવાથી રોજ ૫૦૦ સોનૈયા આપે તેવી પ્રભાવક છે, તે વાતમાં શંકાથી એક પુરુષે તે કંથાનો ત્યાગ કર્યો. જ્યારે બીજાએ તે વચનમાં શંકા રાખ્યા વિના છ માસ કંથાને ગળે વીંટાળી રાખી. પરિણામે તે મહાઋદ્ધિવાળો થયો.

**(૨) कंखा** - કાંક્ષા, અન્યમતની ઇચ્છા.

સમ્યક્ત્વનો આ બીજો અતિચાર છે. *(અર્થ અને વિવેચન માટે સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ" જોવું છતાં અત્રે કિંચિત્ નોંધ કરી છે–)*

સુદેવ, સુગુરુ, સુધર્મની પ્રાપ્તિ પછી પણ અન્યદર્શનની ઇચ્છા કે આકાંક્ષા કરવી તે સમ્યક્ત્વના મૂળમાં પ્રહાર કરનારી છે.

પરદર્શનની અભિલાષારૂપ આકાંક્ષા પણ બે પ્રકારે છે–

(૧) સર્વ આકાંક્ષા - સમસ્ત પાખંડીઓના દર્શનની અભિલાષા થવી.

(૨) દેશ આકાંક્ષા - કોઈ એક પરદર્શનની આકાંક્ષા થવી તે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** કોઈ બ્રાહ્મણ રોજ ધારાદેવીની આરાધના કરતો હતો. લોકો પાસે ચામુંડા દેવીની પ્રશંસા સાંભળી ચામુંડાદેવીની પણ આરાધના શરૂ કરી. કોઈ વખતે તે નદીમાં ડૂબતો હતો. ત્યારે તેણે ધારાદેવી અને ચામુંડા દેવી બંનેને પોકારો કરીને કહ્યું કે, તેને બચાવે ત્યારે બંને દેવી હાજર થઈ, પણ પરસ્પર ઇર્ષ્યાથી કોઈ દેવીએ તેને બચાવ્યો નહીં. બિચારો બ્રાહ્મણ અંતે ડૂબી મર્યો. માટે અન્ય અન્ય ધર્મોની આકાંક્ષા ન કરવી.

(૩) **વિગિચ્છા :-** વિચિકિત્સા, ધર્મના ફળના વિષયમાં સંદેહ કે ધર્મીજન પ્રત્યેની જુગુપ્સા. આ સમ્યક્ત્વનો ત્રીજો અતિચાર છે.

*(અર્થ અને વિવેચન માટે જુઓ સૂત્ર-૨૮ "નાણંમિ દંસણંમિ)*

– ધર્મક્રિયા કર્યા પછી તેના ફળને વિશે સંદેહ કરવો કે મને આ ધર્મનું ફળ મળશે કે નહીં ? અથવા સાધુ, સાધ્વીના મલિન શરીર અને વસ્ત્રાદિ જોઈને તેની નિંદા કરવી તે "વિગિચ્છા" અતિચાર કહ્યો.

**૦ લઘુ દૃષ્ટાંત :-**

(૧) અષાઢાભૂતિ આચાર્યએ ઘણાં શિષ્યોને નિર્યામણા કરાવી અને તે શિષ્યો દેવલોકમાં ગયા. કોઈ વખતે એક લઘુશિષ્યને નિર્યામણા કરાવતા કરાવતા તેમણે કહ્યું કે, જો તું દેવલોકમાં ઉત્પન્ન થાય તો તું મને દર્શન આપજે. શિષ્યે તે વાત સ્વીકારી. દેવલોકના સુખમાં લીન બનેલ તે શિષ્ય દેવ થયા પછી કેટલોક કાળ ન આવ્યો. ત્યારે આચાર્યએ વિચાર્યું કે મારો શિષ્ય દેવ થયો હોય તો જરૂર આવે માટે દેવલોકાદિ કંઈ છે જ નહીં, એ પ્રમાણે વિચિકિત્સા જન્મી કે આ તપ, જપ, સંયમનું કોઈ ફળ નથી, મેં આજ સુધી ફોગટ ક્લેશ કર્યો છે.

તે વખતે દેવ બનેલા લઘુશિષ્યએ અવધિજ્ઞાનના ઉપયોગથી આ વાત જાણી, ગુરુને પ્રતિબોધ કરવા આવ્યો. દેવતાઈ નાટકોઅને વિવિધરૂપો દેખાડીને આચાર્ય ભગવંતને બોધ પમાડ્યા. આચાર્ય પણ આલોચના કરી, ફરી સમ્યક્ત્વમાં સ્થિર થઈ, સંયમ પાળી દેવલોકે ગયા.

(૨) વિવાહ પ્રસંગે સર્વાંગ વિભૂષિત એવી કોઈ શ્રાવક પુત્રીએ મુનિને વહોરાવતી વખતે મુનિના દેહની મલિનતા જોઈ વિચાર્યું કે જૈન ધર્મ તો શ્રેષ્ઠ જ છે, પણ મુનિને પ્રાસુકજળથી સ્નાન કરવાનું હોય તો શું દોષ છે ? તે શ્રાવક પુત્રી આવી દુગંછા કર્યા પછી આલોચના કર્યા વિના મરણ પામી અને રાજગૃહીમાં ગણિકાની પુત્રીરૂપે ઉત્પન્ન થઈ. માતાએ તેને જન્મ આપ્યો ત્યારે અતિ તીવ્ર દુર્ગંધવાળી તે પુત્રીનો માતાએ ત્યાગ કર્યો. શ્રેણિક રાજાએ જ્યારે તે કન્યાના દુર્ગંધપણા વિશે પ્રશ્ન કર્યો ત્યારે ભગવંત

મહાવીરે તેણીએ પૂર્વભવે કરેલ મુનિ દુગંછાનું કારણ બતાવ્યું. કાળક્રમે તેણીનું દુર્ગંધાપણું દૂર થયું, શ્રેણિક રાજાની રાણી બની છેલ્લે દીક્ષા લીધી - (માટે દુગંછારૂપ વિગિચ્છા ન કરવી)

● **પસંસ** - પ્રશંસા, વખાણ કરવા તે.

– આ પદનો સંબંધ કુલિંગીસુ સાથે જોડવાનો છે. એટલે "કુલિંગીઓની પ્રશંસા" અર્થાત્ મિથ્યાદૃષ્ટિઓની પ્રશંસા નામનો આ સમ્યક્ત્વનો ચોથો અતિચાર કહ્યો.

– કુલિંગી પ્રશંસાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે, અતત્ત્વમાં શ્રદ્ધા કર્યા, કરાવ્યાનો દોષ લાગે છે. સમ્યગ્દર્શનમાં અસ્થિર થવાય છે.

– બૌદ્ધ આદિ અન્ય દર્શનીનું તપ, આચરણ ઇત્યાદિ વર્ણન કરવું-પ્રશંસા કરવી તે સમ્યક્ત્વને દૂષિત કરે છે. કેમકે મિથ્યાત્વીની પ્રશંસા સામાન્યજનને મિથ્યાત્વી તરફ આકર્ષિત કરે છે, મિથ્યાત્વના પ્રવર્તનનો દોષ લાગે છે, લોક મિથ્યાત્વ પ્રત્યે સ્થિર થાય છે.

○ **લઘુ દૃષ્ટાંત :-** અરિહંત પરમાત્માના ધર્મના પરમ ઉપાસક અને શ્રદ્ધાવંત એવા એક લક્ષ્મણ શ્રેષ્ઠી હતા. કોઈ દિવસે તેમણે કોઈ માસોપવાસી પરિવ્રાજકની તપસ્યાની સભામધ્યે પ્રશંસા કરી. તે સાંભળી સભામાં બેઠેલ બે શ્રાવકો, તે પરિવ્રાજકને આદરથી નમવા ગયા. તે પરિવ્રાજકના વચનો સાંભળી બંને શ્રાવક અરિહંત પ્રણિત ધર્મના નિંદક થઈ ગયા. પરિણામે મૃત્યુ પામીને બંને નારક આદિ અનેક ભવોમાં ભમ્યા. લક્ષ્મણ શેઠ તો ધર્મારાધનાના બળે સૌધર્મકલ્પે દેવ થયા. ચ્યવન કાળે વીરપ્રભુને પોતાના મોક્ષ બાબત પૂછયું ત્યારે પ્રભુએ કહ્યું કે, તિર્યંચગતિના સાત ભવ પછી મનુષ્ય થઈશ, પણ તેં પૂર્વભવે પરિવ્રાજકના તપની પ્રશંસા કરી છે, તેના દોષથી સમ્યક્ત્વ પ્રાપ્તિ તને અતિ દુર્લભ થશે. *(માટે કુલિંગી પ્રશંસા કરવી નહીં)*

● **સંથવો** - સંસ્તવ, પરિચય, સંસર્ગ.

– 'સંસ્તવ' પદને પણ કુલિંગીસુ પદ સાથે જોડવાનું છે. તેથી "કુલિંગીસંસ્તવ" પદ બનશે. તેથી કુલિંગી-અન્ય દર્શનીનો પરિચય, સહવાસ, સંસર્ગ કરવો રૂપ સમ્યક્ત્વનો પાંચમો અતિચાર છે.

– અન્ય દર્શની કે મિથ્યાદૃષ્ટિઓ સાથે એકત્ર વાસ, ભોજન, આલાપાદિ પરિચય રાખવાથી સુખે સાધી શકાય તેવી તેમની ક્રિયા જોવાથી અને સાંભળવાથી દૃઢ સમકિતીને પણ દૃષ્ટિભેદ સંભવે છે. તો સામાન્યધર્મીને તો મિથ્યાત્વ પ્રવેશતા વાર કેટલી ? માટે કુદૃષ્ટિવાળાનો પરિચય કરવો તે સમ્યક્ત્વનો દોષ છે. ઉપલક્ષણથી પોતાના ધર્મમાં જે નિહ્નવાદિ મિથ્યાદૃષ્ટિ હોય તેમની પ્રશંસા અને પરિચય પણ સમ્યક્ત્વને વિશે અતિચાર રૂપ છે.

○ **લઘુ દૃષ્ટાંત :-** આચાર્ય હરિભદ્રસૂરિજીના 'સિદ્ધ' નામના મુનિ હતા. સિદ્ધમુનિ બૌદ્ધ ધર્મના રહસ્યનો મર્મ જાણવા ગયા ત્યારે બૌદ્ધોએ સિદ્ધમુનિને પોતાના મતથી વાસિત કરી દીધા. ત્યાં જતી વખતે તે મુનિએ ગુરુ મહારાજને વચન આપેલું

કે હું જરૂર પાછો આવીશ. તેથી તેઓ ગુરુ મહારાજ પાસે પાછા આવ્યા. ગુરુમહારાજે પ્રતિબોધ કરતા સિદ્ધમુનિ જિનધર્મથી વાસિત થયા. પણ બૌદ્ધોને વચન આપ્યું હતું તેથી ફરી બૌદ્ધો પાસે ગયા. વળી બૌદ્ધોના બોધથી તેઓ તેમના પ્રત્યે આકર્ષિત થયા. આ પ્રમાણે સિદ્ધમુનિએ એકવીશ વખત આવ-જા કરી. ત્યારે તેના પ્રતિબોધ માટે "નમુત્થુણં" સૂત્ર પર હરિભદ્રસૂરિજી મહારાજે "લલિત વિસ્તરા" નામે વૃત્તિ રચી તે વાંચ્યા પછી તેઓ જિનધર્મ દૃઢ બન્યા માટે અન્ય મતિઓનો પરિચય સર્વથા છોડવો.

● **कुलिंगीसु** - કુલિંગીઓને વિશે, કુતીર્થિકોને વિશે.

– જેઓનો વેશ-આચાર આદિ કુત્સિત છે, મોક્ષ માર્ગમાં બાધક છે તેમને કુલિંગી કે અન્યદર્શની કે મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.

આ "કુલિંગી" પદ પૂર્વેના "પસંસ" અને "સંથવ" પદો સાથે સંકડાયેલું છે, જેનો ઉલ્લેખ તે-તે પદોમાં કર્યો છે.

● **सम्मत्तस्स-इआरे** - સમ્યક્ત્વના અતિચારને વિશે.

– શંકા, કાંક્ષા આદિ પાંચ દુષણોનું વર્ણન કર્યુ તેને સમ્યકત્વના અતિચાર જાણવા.

○ अइआर - અતિચાર, દુષણ, દોષ

– 'અતિચાર' શબ્દનું વિવેચન પૂર્વે ગાથા-૨માં કરાયેલું છે.

○ सम्मत्त - સમ્યક્ત્વ - "સમ્યક્ એટલે યથાર્થ" તેનો ભાવ તે સમ્યક્ત્વ.

○ **पडिक्कमे देसिअं सव्वं** - ગાથા-૩ મુજબ જાણવું.

– આ એક વિશાળ અને ગહન વિષય છે, તેની સંપૂર્ણ ચર્ચા વિસ્તાર ભયે અત્રે કરેલ નથી, તો પણ તેના ઘણા મુદ્દાની અમે અહીં નોંધ લઈ રહ્યા છીએ.

✱ *સમ્યકત્વની દૃઢતા વિશે જય અને વિજય નામના કુમારની ઘણી જ મોટી કથા અર્થદીપિકા ટીકામાં આપેલી છે. ત્યાં જોઈ શકાશે.*

- સમ્યક્ શબ્દ યથાર્થતાનો દ્યોતક છે અથવા મોક્ષમાર્ગથી અવિરુદ્ધ માર્ગનો સૂચક છે. તેથી યથાર્થ કે મોક્ષમાર્ગથી અવિરુદ્ધ માર્ગ કે તત્ત્વનો ભાવ તે સમ્યક્ત્વ છે.

**○ સમ્યક્ત્વનો અર્થ-વ્યાખ્યા :-**

– अर्थदीपिका - દર્શનમોહનીય કર્મના ઉપશમાદિથી થયેલ "અરિહંત ભગવંતોએ કહેલ જીવ-અજીવ આદિ નવતત્ત્વો - તે તત્ત્વોને વિશે સમ્યક્ શ્રદ્ધાનરૂપ આત્માનો જે શુભ પરિણામ" તેનું નામ સમ્યક્ત્વ જાણવું.

– पंचाशक - પહેલું - તત્ત્વ વડે અર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ.

– देवेन्द्रसूरि - જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરા એ નવ તત્ત્વોની જે આત્મગુણ વડે શ્રદ્ધા તે આત્મગુણને સમ્યક્ત્વ કહેવાય.

– नवतत्त्वप्रकरण - જીવ, અજીવ આદિ નવતત્ત્વોને જે જાણે-માને તેને

સમ્યક્ત્વ છે. વળી કોઈ તે નવતત્ત્વોને જાણતો ન હોય - માત્ર ભાવથી તે તત્ત્વોમાં શ્રદ્ધા રાખતો હોય તેને પણ સમ્યક્ત્વ છે.

અથવા - સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો જે અધ્યવસાય-આત્મપરિણામ તે સમ્યક્ત્વ.

— તત્ત્વાર્થસૂત્ર - તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન - અહીં તત્ત્વ એટલે ભાવ અને અર્થ એટલે જીવાદિ તત્ત્વો.

— અરિહંત એ જ મારા દેવ, સુસાધુ જ મારા ગુરુ અને જીનેશ્વરે-કેવલીએ કહેલો ધર્મ મારે પ્રમાણ છે એવા જે શુભ આત્મપરિણામ તેને જગત્ગુરૂ-તીર્થંકરે સમ્યક્ત્વ કહેલ છે.

**૦ સમ્યક્ત્વની મહત્તા :-**

— અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે.

— સમ્યક્ત્વ એ કષ્ટે કરીને સાધ્ય એવા પણ જિનોક્ત ધર્મનું મૂળ છે, ધર્મરૂપી નગરનું દ્વાર છે. ધર્મરૂપી મહેલનો પાયો છે, જિનકથિત ધર્મનો આધાર છે, શ્રુતરૂપી અમૃતરસને ઝીલવાનું ભાજન છે, સમસ્તગુણોનું નિધાન છે.

— અનાદિકાળથી ભવચક્રમાં ભમતા પણ ભવનો અંત નહીં પામી શકેલા જીવોને અંતર્મુહૂર્ત્ત માત્ર પણ જો સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તો તેમને નિશ્ચે અર્દ્ધપુદ્ગલ પરાવર્ત્તકાળ સંસાર બાકી રહે છે.

— જો સમ્યક્ત્વ પામ્યા પહેલા આગામી ભવનું આયુ બાંધ્યુ ન હોય અને પામેલા સમકિત વમ્યો ન હોય તો તે સમ્યગ્દૃષ્ટિ જીવ અવશ્ય વૈમાનિક દેવ થાય છે.

— જે ધર્માનુષ્ઠાન કરી શકે તેમ હોય તે કરે અને ન કરી શકે તેમ હોય તે ધર્માનુષ્ઠાનમાં શ્રદ્ધા રાખે. એવો પુણ્યાત્મા (સમકિતના પ્રભાવે) મોક્ષ પામે છે.

**૦ સમ્યક્ત્વ પ્રાપ્તિ :-**

પ્રથમ સમ્યક્ત્વનો લાભ ચારે ગતિમાં સંજ્ઞીપર્યાપ્ત પંચેન્દ્રિય જીવને થાય છે. તે સમ્યક્ત્વ નિસર્ગથી કે અધિગમથી પામે.

કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અનંતા પુદ્ગલપરાવર્ત્ત સુધી સંસારમાં ભમ્યો હોય, પછી - જેમ પર્વતમાંથી નીકળેલ પત્થર નદીના પ્રવાહમાં ઘસડાતાં અનાયાસે જ સુંવાળો બની જાય તેમ વગર પ્રયાસે અને વગર ઇચ્છાએ શુભપરિણામના ભેદરૂપ યથાપ્રવૃત્તિ કરણ વડે આયુ સિવાયના સાત કર્મોને કંઈક ન્યૂન એક સાગરોપમની સ્થિતિવાળા બનાવે છે.

અહીં એ પછી પ્રાણીને દુષ્કર્મથી નીપજેલી અને પૂર્વે કદી નહીં ભેદેલી એવી ગાંઠ - રાગદ્વેષના પરિણામરૂપ કર્મગ્રંથી હોય છે. આ ગાંઠ પાસે ભવ્ય કે અભવ્ય જીવો યથાપ્રવૃત્તિ કરણ વડે-પ્રયાસ વિના અનંતી વાર આવે છે. તે જ ગ્રંથીદેશે તે જ કરણના પરિણામમાં વર્તતા ત્યાં સંખ્યાત કે અસંખ્યાત કાળ રહે છે. ત્યાં રહેલ

જીવ ઋદ્ધિ-દેવલોકાદિની ઇચ્છાથી દીક્ષા પણ ગ્રહણ કરે છે. કંઈક ન્યૂન એવાં દશપૂર્વો સુધીનું દ્રવ્યશ્રુત પણ મેળવે. આવા કિંચિત્ ન્યૂન દશ પૂર્વ સુધીના જ્ઞાનવાળાને સમ્યક્ત્વ હોય અને ન પણ હોય. પરંતુ પૂર્ણ દશપૂર્વથી ચૌદપૂર્વ સુધીના જ્ઞાતાને નિશ્ચયે સમ્યક્ત્વ હોય છે.

યથાપ્રવૃત્તિકરણ વડે ગ્રંથી દેશે રહેલા તે જીવોમાંથી કોઈ જીવ કુહાડાની તીક્ષ્ણધાર જેવા વિશુદ્ધ પરિણામથી તે રાગ-દ્વેષના પરિણામની ગાંઠને ભેદે છે. તે વખતે તીવ્ર પરિણામથી મિથ્યાત્વની સ્થિતિના ઉદયક્ષણની ઉપર ઓળંગી જાય છે. પહેલા અંતર્મુહૂર્ત્તે વેદાય તેવા મિથ્યાત્વના દલીકોને દાબીને બીજા અંતર્મુહૂર્ત્તે વેદવાના મિથ્યાત્વના દલીકોની ઉથલપાથલ કરે છે. એ રીતે મિથ્યાત્વની સ્થિતિના અંતર્મુહૂર્ત્તકાલીન મિથ્યાત્વની સ્થિતિને પણ વલોવી નાખનાર પ્રબળ એવા આત્મસામર્થ્યના આ જીવે કદિ નહીં પ્રગટાવેલા પ્રાદુર્ભાવને અપૂર્વકરણ કહે છે.

આ અપૂર્વકરણ પછી સત્તામાં રહેલ મિથ્યાત્વની સ્થિતિના તે જીવ બે ભાગ કરે છે, જેને અનિવૃત્તિકરણ કહે છે.

આ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ લક્ષણરૂપ પરિણામ-વિશુદ્ધિના સામર્થ્યથી તે જીવ અનિવૃત્તિકરણમાં રહ્યો રહ્યો તે સ્થળે મિથ્યાત્વનાં દલીકોને મિથ્યાત્વની પ્રથમ અંતર્મુહૂર્ત્તકાલીન વેદ્ય સ્થિતિમાંથી વેદતો જાય છે અને બીજા અંતર્મુહૂર્ત્તકાલીન વેદ્ય સ્થિતિમાંના મિથ્યાત્વનાં દલીકોને પણ તે પ્રથમ સ્થિતિમાં રહ્યો રહ્યો જ વેદી નાંખવા તે પ્રથમ અન્તર્મુહૂર્ત્તકાલીન વેદ્ય સ્થિતિમાં જ નાંખવા લાગીને બીજા અંતર્મુહૂર્ત્તકાલીન ભાવિ વેદ્ય સ્થિતિને મિથ્યાત્વના પુદ્ગલો રહિત કરી નાખે છે.

આ રીતે મિથ્યાત્વની સ્થિતિમાં આંતરૂ પાડી દેનારી આત્માની તે ક્રિયાને અંતરકરણ કહે છે. અંતઃકરણ વખતે જીવે મિથ્યાત્વની જે બે સ્થિતિ બનાવી, તેમાં નીચેની નાની સ્થિતિ અંતર્મુહૂર્ત્તકાળ પ્રમાણ વેદ્ય હોય છે અને તે પ્રથમ સ્થિતિની પછીના પાડેલા આંતરાની ઉપરની મોટી સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમકાળ પ્રમાણ હોય છે. તેમાં અંતરકરણમાં પહેલાં જ સમયે ઉપશમ સમ્યક્ત્વ પામે છે. એ પ્રમાણે જીવે પ્રાપ્ત કરેલ ઉપશમ સમ્યક્ત્વ બાદ મિથ્યાત્વની બાકી રહેલ બીજી મોટી સ્થિતિમાં રહેલાં મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ, અર્દ્ધ શુદ્ધ અને અશુદ્ધ એવા ત્રણ ભાગ કરે છે. એ રીતે તે ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ થાય છે. એ રીતે ઉપશમ સમ્યક્ત્વથી પડીને ક્ષયોપશમસમ્યક્ત્વમાં, મિશ્રમાં કે મિથ્યાત્વમાં જાય છે. તેમાંથી કોઈ દેશવિરતિ કે સર્વવિરતિ પણ પામે છે.

**૦ સમ્યક્ત્વના પ્રકારો :-**

૧. એક પ્રકાર - તત્ત્વમાં રુચિરૂપ આત્માના વિશુદ્ધ પરિણામ.

૨. બે પ્રકાર - આધિગમિક અર્થાત્ ઉપદેશથી થતું અને નૈસર્ગિક એટલે

સહજ રીતે થતું સમ્યક્ત્વ.

૩. ત્રણ પ્રકાર - (૧) કારક - ગુરુના ઉપદેશથી તપ, જપાદિ ક્રિયાની શ્રદ્ધા, (૨) દીપક - પોતાની શ્રદ્ધા ન હોય છતાં બીજાને શ્રદ્ધા કરાવનાર. (૩) રોચક - શાસ્ત્રીય હેતુ કે દૃષ્ટાંત જાણ્યા વિના રુચિમાત્રથી થનાર.

૪. પાંચ પ્રકાર - (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) ક્ષાયોપશમિક, (૪) વેદક અને (૫) સાસ્વાદન.

૫. દશ પ્રકાર - (૧) નિસર્ગરૂચિ, (૨) ઉપદેશરૂચિ, (૩) આજ્ઞારૂચિ, (૪) સૂત્રરૂચિ, (૫) બીજરૂચિ, (૬) અભિગમ રૂચિ, (૭) વિસ્તાર રૂચિ, (૮) ક્રિયારૂચિ, (૯) સંક્ષેપરૂચિ, (૧૦) ધર્મરૂચિ.

**० સમ્યક્ત્વના ૬૭ ભેદ - (સંક્ષેપમાં)**

**(૧)** ચાર પ્રકારે શ્રદ્ધા -

(૧) પરમાર્થ સંસ્તવ-તત્ત્વ પરિચય, (૨) પરમાર્થના જ્ઞાતા મુનિની સેવા, (૩) સમ્યક્ત્વથી ભ્રષ્ટ જનોનો ત્યાગ, (૪) મિથ્યાદૃષ્ટિનો ત્યાગ.

**(૨)** ત્રણ પ્રકારે લિંગ -

(૧) શ્રુતની પરમ અભિલાષા, (૨) ચારિત્ર ધર્મનો અતિ અનુરાગ (૩) દેવ ગુરુની વૈયાવચ્ચનો નિયમ.

**(૩)** દશ પ્રકારે વિનય –

– અરિહંત, સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ચારિત્ર, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન અને દર્શન એ દશેનો વિનય કરવો.

**(૪)** ત્રણ પ્રકારે શુદ્ધિ –

(૧) અરિંતના ધર્મ સિવાય સમસ્ત વિશ્વ અસાર માનવું તે મનશુદ્ધિ.

(૨) અરિહંત ધર્મ આરાધનથી ન થતુ કાર્ય, બીજા કોઈપણ દેવોના ધર્મથી સિદ્ધ થવાનું જ નથી એમ જાણી તેઓને પ્રાર્થના ન કરે તે વચનશુદ્ધિ. (૩) મરણાંતે પણ અન્ય દેવને નમસ્કાર ન કરે તે કાયશુદ્ધિ.

**(૫)** પાંચ પ્રકારે દુષણ વર્જન

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પ્રશંસા, સંસ્તવનો ત્યાગ કરવો.

**(૬)** આઠ પ્રકારે પ્રભાવકો–

બુહશ્રુત, ધર્મોપદેશમાં લબ્ધિવંત, વાદી, નૈમિતિક, તપસ્વી, વિદ્યાવંત, યોગસિદ્ધ અને મહાવિદ્વાન્.

**(૭)** પાંચ લક્ષણ –

ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય.

**(૮)** છ પ્રકારે જયણા –

અન્યતીર્થીને - અન્ય દેવને અને પરતીર્થીએ ગ્રહણ કરેલ જિનપ્રતિમાને– વંદન, નમસ્કાર, દાન, અનુપ્રદાન, આલાપ, સંલાપ એ છ ન કરવા.

**(૯)** છ આગાર –

રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ, ગુરુનિગ્રહ અને કાંતારવૃત્તિ.

(૧૦) છ ભાવના –

સમ્યકત્વએ - ચારિત્રધર્મનું મૂળ છે, મોક્ષનું દ્વાર છે, મોક્ષ મહેલનો પાયો છે, મોક્ષનું નિધાન છે, આધાર છે અને ભાજન છે.

(૧૧) છ સ્થાન –

જીવ છે, જીવ નિત્ય છે, જીવ પુણ્ય-પાપનો કર્તા છે, તેનો ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે.

(૧૨) પાંચ પ્રકારે ભુષણ –

– જિનશાસનને વિશે કુશળતા, શાસનપ્રભાવના, તીર્થસેવા, સ્થિરતા અને ભક્તિ.

એ રીતે સમ્યકત્વના ૬૭ ભેદો છે. *(સમ્યકત્વના વિવેચન માટે તેની નોંધ કરી છે, ગ્રંથવિસ્તાર ભયે વ્યાખ્યા નોંધી નથી.)*

**૦ હવે ગાથા-૭થી** ચારિત્રપ્રતિક્રમણનો અધિકાર ચાલુ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો શ્રાવકના બાર વ્રતો સંબંધી અતિચાર-વિચારણાનો આરંભ થાય છે. જેમાં આ ગાથા-૭માં સામાન્યથી સમારંભ-હિંસાની નિંદા કરેલી છે.

● **छक्काय समारंभे** - છ કાયના જીવોની હિંસા કે વિરાધના કરતાં.

૦ छक्काय - એટલે ષટ્‌કાય, છ પ્રકારનો કાય સમૂહ. જેમાં પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો સમાવેશ થાય છે. *(વધુ વિગત માટે સૂત્ર-૩૧ "સાત લાખ" જોવું)*

– પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, વનસ્પતિ એ પાંચ સ્થાવર જીવો છે અને ત્રસકાયમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે.

– *દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૪, આચારાંગ સૂત્ર અધ્યયન-૧, જીવાજીવાભિગમ અને પન્નવણા આગમોમાં તેની ઘણી માહિતી છે.*

૦ समारंभे - હિંસા, વિરાધના.

-૦- છ એ કાયના જીવોને જેમાં પરિતાપના આદિ હિંસાપર્યંત જે પ્રવૃત્તિ થાય તેને છકાયનો સમારંભ કહે છે.

પ્રશ્ન :- આગમગ્રંથોમાં સંરંભ, સમારંભ, આરંભ એ ત્રણેનું ગ્રહણ છે તો પછી અહીં માત્ર 'સમારંભ' શબ્દ કેમ મૂક્યો ?

સમાધાન :- જેમ ત્રાજવાની દાંડીને મધ્યમાં ગ્રહણ કરવાથી આદિ અને અંતનું ગ્રહણ પણ થાય છે, તેમ તુલાદંડ ન્યાયથી મધ્યનો 'સમારંભ' શબ્દ ગ્રહણ કરતાં ત્રણે પદોનું ગ્રહણ થાય છે.

– જીવોને તર્જના થાય તેવા આરંભ માટેનો સંકલ્પ તે સંરંભ.

– જીવોને પરિતાપ કરનારો આરંભ તે સમારંભ.

– જીવને ઉપદ્રવ કરવાથી પ્રાણનો વિનાશ થાય તે આરંભ.

તેથી અહીં ત્રણે પ્રકારના દોષોની નિંદા સમજી લેવી.

*હવે આ છ કાયના સમારંભનું પાપ કઈ રીતે લાગે તે કહે છે–*

● **पयणे अ पयावणे** - રાંધતા અને રંધાવતા.

– पच् એટલે રાંધવું. पचन - રાંધવાની ક્રિયા.

– જાતે રાંધવું તે પચન (पयण) અને બીજા પાસે રંધાવવું તે પાચન (पयावण) કહેવાય છે.

– 'अ' નો સામાન્ય અર્થ "અને" થાય છે. પણ અહીં 'પચન'ની રાંધનારની અનુમોદના અર્થ પણ કર્યો છે.

– જો કે ગૃહસ્થોને વિવિધ પ્રવૃત્તિઓમાં છ એ કાયના જીવોનો સમારંભ-હિંસા લાગે છે, પણ રાંધવા-રંધાવવાની પ્રવૃત્તિ માટે ઘણો સમારંભ થાય છે. કેમકે તેમાં ચૂલા (માટી)ની, પાણીની, અગ્નિની, પવનની, જુદા જુદા ધાન્યો અને વનસ્પતિની, અનેક જાતના વાસણોની વગેરે અનેક વસ્તુની જરૂર પડે છે. આ પ્રકારની હિંસાનો સર્વથા ત્યાગ ગૃહસ્થોને માટે શક્ય પણ નથી અને તેને તે જાતનું પ્રત્યાખ્યાન પણ નથી. પરંતુ તેમાં જેટલી જયણા પાળે, તેટલું તે સમારંભ-હિંસાનું પ્રમાણ ઘટાડી શકાય છે.

● **जे दोसा** - જે દોષો કે દૂષણો, મલિનતા, અશુદ્ધિ.

– પચન, પાચન કે તેની અનુમોદના કરતા પૃથ્વી આદિ છ કાય જીવનો જે સમારંભ થાય તેને કારણે જે દોષ લાગ્યો, મલિનતા થઈ.

– *આવો દોષ કોના નિમિત્તે લાગે તે કહે છે–*

● **अत्तट्ठा य परट्ठा उभयट्ठा चेव** - પોતાને માટે, બીજાને માટે કે પોતાના અને બીજાના બંનેને માટે.

○ अत्तट्ठा એટલે આત્માર્થે, પોતાના માટે

○ परट्ठा એટલે પારકાના માટે, બીજાના માટે

○ उभयट्ठा - ઉભયને માટે, પોતાના-પારકાના બંને માટે.

○ चेव - એટલે અને વળી.

– પોતાને માટે, બીજાને માટે કે બંનેને માટે અથવા નિરર્થક દ્વેષાદિને લીધે (*રાંધતા-રંધાવતા જે છ કાયજીવોની હિંસા થવાથી મને જે દોષ લાગ્યો હોય -* તેનું શું કરવું ?)

● **तं निंदे** - તેની હું (તે દોષોની) નિંદા કરું છું.

*હવે બારવ્રતોના અતિચારોનું સામાન્ય પ્રતિક્રમણ કરવા માટે સૂત્રકાર -* **ગાથા-૮માં જણાવે છે કે–**

● **पंचण्हमणुव्वयाणं** - પાંચ અણુવ્રતોના

– अणु એટલે નાનું વ્વય એટલે વ્રત-વિરમવું તે.

– अणुव्रत - મહાવ્રતોની તુલનાએ આ વ્રત નાના છે, અલ્પ નિયમવાળા છે

તેથી તેને અણુવ્રત કહેવાય છે.

– अणु એટલે अनु એવો અર્થ પણ થાય છે. 'અનુ' એટલે પશ્ચાત્ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યા પછી આ વ્રતો પ્રાપ્ત થાય છે, તેથી પણ તેને 'અનુવ્રત' કહેવામાં આવે છે.

– આ અણુવ્રતોના પાંચ પ્રકારો કહ્યા છે તે આ પ્રમાણે–

(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત - સ્થૂળ જીવહિંસા નહીં કરવાનું વ્રત.

(૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત - સ્થૂળ જુઠ્ઠું ન બોલવાનું વ્રત.

(૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત - સ્થૂળ અણદીધેલું નહીં લેવાનું વ્રત, (સ્થૂળ ચોરી ન કરવાનું વ્રત.)

(૪) પરદારાગમન વિરમણ વ્રત - પરસ્ત્રી સાથે ગમન નહીં કરવાનું વ્રત. આ વ્રતને સ્થૂળ મૈથુન વિરમણ તથા સ્વદારા સંતોષ વ્રત પણ કહે છે.

(૫) સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત - સ્થૂળ પરિગ્રહને મર્યાદિત રાખવો.

● **गुणव्वयाणं च तिण्हं** - ત્રણ ગુણવ્રતોના.

– ગુણની અર્થાત્ મૂળગુણની પુષ્ટિને કરનારા હોવાથી આ વ્રતોને ગુણવ્રતો કહેવામાં આવે છે. તેની સંખ્યા ત્રણ છે.

– પાંચ અણુવ્રતોને ગુણકારક હોવાથી તે ગુણવ્રત કહેવાય છે.

(૧) દિક્-પરિમાણ વ્રત :- દરેક દિશામાં અમુક હદથી વધારે ન જવું તેવું પરિણામ નક્કી કરવું તે.

(૨) ભોગોપભોગ પરિમાણ વ્રત - ભોગ અને ઉપભોગના પદાર્થોની મર્યાદા નક્કી કરવારૂપ વ્રત.

(૩) અનર્થદંડ વિરમણ વ્રત - વિશિષ્ટ પ્રયોજન વિના આત્મા દંડાય તેવી પ્રવૃત્તિ કરવાથી અટકવાનું વ્રત.

*(* તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં આ ક્રમમાં ફેરફાર છે.)*

● **अइआरे** - અતિચારોનું. (વ્યાખ્યા ગાથા-૨ મુજબ)

– આ ગાથામાં 'અતિચાર' શબ્દ ત્રણ પદો સાથે સંકડાયેલો છે. અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત. "આ ત્રણે મળીને થતાં શ્રાવકના બાર વ્રતોના અતિચાર" - એવો વાક્યાર્થ સમજવાનો છે.

● **सिक्खाणं च चउण्हं** - ચાર શિક્ષાવ્રતોના

– જીવને સર્વવિરતિ ચારિત્રનું કે સાધુ-જીવનનું શિક્ષણ આપે કે તાલીમ આપે તે શિક્ષાવ્રત કહેવાય.

– શિષ્યને વિદ્યાગ્રહણ કરવા માટે જેમ વારંવાર અભ્યાસ કરવો પડે, અર્થાત્ વિદ્યા જેમ વારંવાર અભ્યાસથી સાધ્ય છે, તેમ તે ગુણવ્રતો પછીનાં ફરી-ફરી અભ્યાસ કરવા યોગ્ય એવા સામાયિક આદિ ચાર વ્રતો શિક્ષાવ્રત રૂપ છે.

(૧) સામાયિક વ્રત - બે ઘડી પર્યન્ત મન, વચન, કાયાથી સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરવારૂપ વ્રત.

(૨) દેશાવકાસિક વ્રત - છટ્ઠું (પહેલું ગુણવ્રત) દિક્‌પરિમાણ વ્રત અને તે સિવાયના વ્રતોમાં રાખેલી છૂટોને મર્યાદિત કરવાનું વ્રત.

(૩) પોષધોપવાસ વ્રત - અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વતિથિ કે વિશિષ્ટ પર્વ દિને પૌષધસહ ઉપવાસ આદિ કરવાનું વ્રત.

(૪) અતિથિ સંવિભાગ વ્રત - અતિથિ એટલે સાધુ-સાધ્વી. તેમને શુદ્ધ આહાર-પાણી આદિનો સંવિભાગ અર્થાત્ દાન કરવાનું વ્રત.

આ રીતે શ્રાવકના બાર વ્રત થાય છે. શાસ્ત્રકારોએ તેના ભાગ બે રીતે પાડેલ છે — (૧) અહીં ગાથા-૮માં જણાવ્યા મુજબના ત્રણ વિભાગ જેમાં અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતનો સમાવેશ કર્યો. (૨) મૂળગુણ અને ઉત્તરગુણ રૂપ જેમાં મૂળગુણ તે પાંચ અણુવ્રત અને ઉત્તરગુણ તે બાકીના સાત વ્રતો.

*આ બાર વ્રતોમાં લાગેલા અતિચારોનું શું કરવું ?*

● **पडिक्कमे देसिअं सव्वं** - અર્થ-વિવેચન ગાથા-૩ મુજબ.

વિશેષ એ કે અહીં દિવસ દરમ્યાન બાર વ્રતો સંબંધી જે કોઈ અતિચાર લાગ્યો હોય તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

— *અહીં બાર વ્રતોનો ફક્ત સંખ્યા અને પ્રકારની દૃષ્ટિએ નિર્દેશ કરાયો છે તેના નામોલ્લેખપૂર્વક અતિચાર કથન હવે પછીની ગાથામાં છે જે "ચારિત્રાચારના અતિચારોનું વિશેષથી પ્રતિક્રમણ" કહેવાય છે.* **હવેની ગાથા-૯ અને ૧૦માં** પહેલા અણુવ્રતના અતિચારનો હેતુ અને પાંચ અતિચારોનું કથન કરે છે—

● **पढमे अणुव्वयंमि थुलग-पाणाइवाय विरइओ** - પહેલા અણુવ્રતમાં સ્થૂળ પ્રાણાતિપાતની વિરતિને આશ્રીને—

○ पढमे - પહેલા, બાર વ્રતમાં પહેલું - પાંચ અણુવ્રતમાં પહેલું.

○ अणुव्वयंमि - અણુવ્રતમાં. *(* અહીં अणुवयम्मि અને अणुवयम्मी એવા બંને પાઠ પણ મળે છે.)*

○ थूलग-पाणाइवाय - સ્થૂળ પ્રાણાતિપાતની

○ विरइओ - વિરતિ થકી, વિરમણ-વ્રતને આશ્રીને.

"પહેલું અણુવ્રત" શબ્દપ્રયોગ કરીને આ અણુવ્રતનું નામ જણાવે છે - "સ્થૂળ પ્રાણાતિપાત-વિરતિ", તેના અતિચારોનું, કથન તો ગાથા-૧૦માં છે, પણ અહીં તે અતિચાર લાગવાનો હેતુ કહે છે.

— સર્વ વ્રતોના સારરૂપ હોવાથી "સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ" પહેલું અણુવ્રત કહ્યું છે.

— સમગ્ર વાક્યનો નિર્દેશ આ પ્રમાણે છે કે, હવે પહેલા અણુવ્રતને વિશે લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

— સ્થૂલ પ્રાણાતિપાત વિરતિમાં અતિચાર લાગે તેવું જે કાંઈ આચરણ કર્યું હોય *(કઈ રીતે ? તે ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું છે.)*

○ थूलग - સ્થૂળથી. સ્થૂળતાથી પાલન એટલે અમુક અંશે વ્રતનું આચરણ

કરવું તે સ્થૂળ. શ્રમણોને આ આચરણ સર્વથા કરવાનું હોવાથી સૂક્ષ્મ કહેવાય છે, જ્યારે શ્રાવકો તેનું આચરણ સર્વથા કરી શકે નહીં માટે તેમના વ્રતમાં સ્થૂળ શબ્દનું ગ્રહણ કર્યું છે. *(શ્રમણોને પહેલા પાંચે વ્રત સર્વથા હોવાથી ત્યાં 'सव्वाओ' શબ્દ વપરાય છે. શ્રાવકોને સર્વથા હિંસા-મૃષા આદિથી વિરમવાનું ન હોવાથી તેમના માટે "સ્થૂળ" (થૂલગ) શબ્દ વપરાય છે.*

૦ पाणाइवाय - પ્રાણાતિપાત, હિંસા.

– આ શબ્દ પૂર્વે સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક"માં વપરાયો છે.

– પ્રાણનો અતિપાત એટલે પ્રાણાતિપાત, હિંસા.

– પ્રાણીનો વધ-હિંસા ૨૪૩ પ્રકારે કહી છે. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિ એ પાંચે સ્થાવર, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયવાળા એ ત્રણ વિકલેન્દ્રિય અને એક પંચેન્દ્રિય મળીને જીવો નવ પ્રકારે ગણ્યા. તેથી હિંસાના જીવને આશ્રીને નવ ભેદ થયા.

– તેને મન, વચન, કાયાથી એ ત્રણ ભેદે ગુણતા ૨૭ ભેદ.

– તેને કરવું, કરાવવું, અનુમોદવું ત્રણ ભેદે ગુણતા ૮૧ ભેદ.

– એ ત્રણે વર્ત્તમાન, ભૂત, ભાવિ એ ત્રણ કાળ વડે ગુણતા કુલ ૨૪૩ ભેદે હિંસા કહી છે.

બીજી રીતે હિંસાના બે ભેદ કહ્યા – (૧) દ્રવ્યથી, (૨) ભાવથી. જેમાં હિંસાના પરિણામપૂર્વક કે હિંસા ન થઈ જાય તેવા ઉપયોગ સિવાય થતી પ્રવૃત્તિથી જે હિંસા થાય તે ભાવહિંસા છે અને ઇર્યાસમિતિ આદિમાં ઉપયોગપૂર્વક વર્તતા જીવોથી જયણાપાલન કરવા છતાં કોઈ હિંસા થાય તો તે દ્રવ્યહિંસા છે.

**૦ શ્રાવકને સવા વસા જ હિંસાવિરતિ કઈ રીતે ?**

– આ વાક્ય શ્રમણોના સર્વથા હિંસા વિરમણના સંદર્ભમાં છે, જો શ્રમણોનું વ્રત વીસ વસા પ્રમાણ ગણીએ તો - શ્રાવકોનું પ્રથમ વ્રત સવાવસા જેટલું (સવા છ ટકા જેટલું) થાય. તે આ પ્રમાણે–

(૧) સાધુને ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ છે જ્યારે ગૃહસ્થોને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ અને સ્થાવરની જયણા હોય છે, તેથી ૧૦ વસા (૫૦ ટકા) જેટલું પ્રમાણ ઓછું થયું.

(૨) ત્રસ જીવોની હિંસા બે પ્રકારે છે - સંકલ્પથી અને આરંભથી. તેમાં ગૃહસ્થને સંકલ્પહિંસાનો ત્યાગ અને આરંભહિંસાની જયણા હોય છે. તેથી પાંચ વસા જેટલું (૨૫ ટકા) પ્રમાણ બીજું ઓછું થયું.

(૩) સંકલ્પ - વધ બે પ્રકારનો છે. અપરાધીનો અને નિરપરાધીનો. તેમાં ગૃહસ્થને નિરપરાધીના સંકલ્પ-વધનો ત્યાગ છે અને અપરાધીના સંકલ્પ-વધની જયણા છે, તેથી અઢી વસા (૧૨.૫ ટકા) પ્રમાણ ફરી ઓછું થયું. હવે બાકી રયું અઢી વસા.

(૪) નિરપરાધી જીવનો વધ પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે.

ગાય, ભેંસ, બળદ, ઘોડા, બકરા આદિ પ્રાણિઓ નિર્દોષ હોવા છતાં આજીવિકા માટે તેમને પાળવા પડે છે અને પ્રસંગોપાત્ તેમને બંધન-તાડનાદિ પણ કરવાં પડે છે. પુત્ર-પુત્રી આદિને પણ સુશિક્ષા માટે તાડન-તર્જન આદિ કરવું પડે છે. આ સર્વે સાપેક્ષ હિંસા છે જ્યારે નિર્દયપણે માર મારીને કે બીજી કોઈ પણ રીતે નિરપરાધ પ્રાણીને પીડવું તે 'નિરપેક્ષ' હિંસા છે.

આવી હિંસાનો ગૃહસ્થને ત્યાગ હોય છે, તેથી અઢી વસામાંથી સવા વસા જેટલું જ પ્રમાણ (૬.૨૫ ટકા પ્રમાણ) બાકી રહ્યું.

આ રીતે ગૃહસ્થનું વ્રત "નિરપરાધી ત્રસ જીવની સંકલ્પપૂર્વક નિરપેક્ષ હિંસા ન કરવી." એમ હોય છે. માટે તે સ્થૂળ કહ્યું.

ગાથામાં અત્યાર સુધીનું વિવરણ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું સ્વરૂપ જણાવે છે. એટલે જ विरइओ શબ્દ મૂક્યો.

○ विरईओ એટલે વિરતિ થકી. વિરમવું-અટકવું તે વિરતિ.

* *હવે આ વ્રતમાં અતિચાર કઈ રીતે સંભવે તે જણાવે છે–*

● **आयरियमप्पसत्थे इत्थ पमायप्पसंगेणं** - અહીં પ્રમાદના યોગે અપ્રશસ્ત ભાવમાં વર્તતા (એવા મેં પ્રાણાતિપાતની વિરતિ વિશે) જે કાંઈ વિપરીત આચરણ કર્યું હોય.

○ आयरियं - અતિચર્યું હોય, અતિક્રમ્યુ હોય.

– અતિચરવું એટલે મર્યાદાનું ઉલ્લંઘન કરવું, અતિચાર ઉત્પન્ન થાય તેવી ક્રિયા કરવી.

– અહીં यत् પદ અધ્યાહાર છે. એટલે "જે કાંઈ અતિચાર ઉત્પન્ન થાય તેવું કર્યું હોય." એવો તેનો અર્થ થશે.

आयरियं શબ્દ આર્ષ પ્રયોગ છે, તેનો અર્થ अतिचरितम् થાય છે. કેમકે अइयरियं પદને બદલે आयरियं શબ્દ મૂકાયો છે. "અઇયરિયં" એટલે "અન્યત્ર ગમન કરવું". જો કે દેશવિરતિમાંથી સર્વવિરતિમાં જવું તે પણ અન્યત્ર ગમન કર્યું જ કહેવાય. પણ આ 'અન્યત્રગમન' પ્રતિક્રમણને યોગ્ય નથી. તેથી સૂત્રકારે આગળ શબ્દ મૂક્યો अप्पसत्थे - અપ્રશસ્ત ભાવે.

○ अप्पसत्थे - અપ્રશસ્ત ભાવનો ઉદય થયો હોય ત્યારે–

– અપ્રશસ્ત એટલે ક્રોધાદિક ઔદયિક ભાવ ઉત્પન્ન થવાથી, મન કાબૂ બહાર જતાં. (જે કંઈ વધ-બંધનાદિ પ્રવૃત્તિ કરી હોય.)

○ इत्थं - અહીં, આ સ્થળે.

– આ પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતને વિશે.

– "ઇત્થં" શબ્દ બહુ મહત્ત્વનો છે. જેમકે રામચંદ્રજી પ્રત્યેના લક્ષ્મણના સ્નેહની કસોટી કરવા કોઈ દેવે લક્ષ્મણને કહ્યું કે, રામચંદ્ર મૃત્યુ પામ્યા. તે સાંભળીને લક્ષ્મણ મરણ પામ્યા. તો અહીં વધ-હિંસા તો થઈ જ છે. પણ આ અતિચાર હિંસાનો નથી મૃષાવાદનો છે, તેથી તેની આલોચના બીજા વ્રતમાં થાય.

જ્યારે "ઇત્થં" શબ્દ સૂચવે છે કે, પહેલા અણુવ્રતમાં જે અતિચાર લાગ્યો તે.

*– આ અતિચાર લાગવાનું કારણ જણાવે છે–*

૦ पमायप्पसंगेणं - પ્રમાદના પ્રસંગ વડે, પ્રમાદવશાત્

– પ્રમાદ એટલે આત્મહિત પ્રત્યેની અસાવધાની. તેનો પ્રસંગ કે અવસર તે પ્રમાદપ્રસંગ. તેના વશથી.

*(* પ્રમાદ શબ્દના અર્થ-વિવેચન માટે સૂત્ર-૨૨ જોવું)*

– પ્રમાદના પાંચ પ્રકારો "અર્થદીપિકા" ટીકામાં જણાવ્યા છે–

(૧) મદ્ય - દારુ, (૨) વિષય - શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પાંચેય ઇન્દ્રિયોના વિષય સુખની લાલસા, (૩) કષાય - ક્રોધ, માન, માયા, લોભ, (૪) નિદ્રા અને (૫) વિકથા - રાજકથા, દેશ કથા, ભોજન કથા અને સ્ત્રીકથા. આ પાંચ પ્રમાદો જીવને સંસારમાં રખડાવે છે.

– પ્રમાદના આઠ પ્રકારો પણ કહ્યા છે–

(૧) અજ્ઞાનભાવ ધરવો, (૨) પ્રભુવચનમાં સંશય ધરવો, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્મને વિશે અનાદર અને (૮) મન, વચન, કાયાના અશુભ યોગ.

આ પ્રમાદના પ્રસંગથી જીવો પ્રાયઃ વ્રતોને અતિચરિત કરે છે.

*૦ અહીં આ ગાથાના ઉત્તરાર્ધમાં જે "આયરિયમપ્પસત્થે ઇત્થ પમાયપ્પસંગેણં" એ પ્રમાણે જે કહ્યું તે પંક્તિ ગાથા-૧૧, ૧૩, ૧૫, ૧૭ એ ચાર ગાથામાં પણ આવે છે, જે અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં વ્રતના અતિચાર જણાવવા માટે છે. સર્વત્ર અહીં કહેલા અર્થને જ ગ્રહણ કરવો.*

**હવે ગાથા-૧૦માં** પહેલા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતના પાંચ અતિચારોને જણાવે છે–

● **वह-बंध-छविच्छेए अइभारे भत्त-पाणवुच्छेए** - (૧) વધં, (૨) બંધન, (૩) અંગોપાંગનો છેદ, (૪) અતિભાર ભરવો અને (૫) ભોજનપાનનો વિચ્છેદ.

૦ वह - વધ, ચતુષ્પદાદિકને નિર્દયપણે તાડન કરવું તે.

– 'વધ' શબ્દનો સામાન્ય અર્થ 'મારી નાંખવું' એવો થાય છે, પણ ઉત્તરાધ્યયન સૂત્ર-વૃત્તિમાં વધ શબ્દનો અર્થ "ચાબુકથી ફટકારવું કે પરોણાની અણી વડે મારવું" એવો કરેલ છે, આ પહેલા અણુવ્રતનો પહેલો અતિચાર છે.

– વધ એટલે દ્વિપદ અને ચતુષ્પદ આદિ પ્રાણીઓને નિર્દયપણે તાડના કરવી, તર્જના કરવી, લાકડી દોરડાં વગેરેથી પ્રહાર કરવો.

૦ बंध - બંધ એટલે બંધન, દોરડા વગેરેથી દૃઢ બાંધવું તે.

– કોઈપણ માણસ કે પ્રાણીને નિર્દય રીતે બાંધવું તે બંધન. આ પહેલા અણુવ્રતનો બીજો અતિચાર છે.

૦ छविच्छेद - શરીરના અંગોપાંગનો 'છેદ' કરવો.

– छवि એટલે અંગ, શરીર, ચામડી. छेद એટલે કાપવું, છેદવું તે.

– કાન, નાક વીંધવા, કાન નાક કાપવા, ખસી કરવી, પૂછડું ગલકંબલ આદિ કાપવા, ચામડી ઉતારવી તે સર્વે 'છવિચ્છેદ' કહેવાય છે. આ પહેલા અણુવ્રતનો ત્રીજો અતિચાર છે.

० अइभार - અતિભાર ભરવો તે.

– કોઈપણ માણસ કે પશુ પાસે ગજા ઉપરાંત ભાર ઉપડાવવો તે અતિભાર કહેવાય. આ પહેલા અણુવ્રતનો ચોથો અતિચાર છે.

– વહન કરવાની શક્તિને ધ્યાનમાં લીધા વિના તેના ઉપર ઘણાં જ ભારનું આરોપણ કરવું તે.

० भत्तपाणवुच्छेए - ભોજન-પાનનો વિચ્છેદ કરવો તે.

– સમય પ્રમાણે ખાવા-પીવા ન આપીને ભુખ્યા-તરસ્યા રાખવા તે.

– भत्त - એટલે ભોજન પાન એટલે પાણી

विच्छेद એટલે વિયોગ. આ પહેલા અણુવ્રતનો પાંચમો અતિચાર છે.

આ પાંચે અતિચાર અપ્રશસ્ત ભાવે કે પ્રમાદના યોગથી થાય ત્યારે સમજવા. કેમકે જો ઇરાદાપૂર્વક કરે તો અનાચાર છે અને પ્રશસ્તભાવે થયેલ આચરણ અતિચારરૂપ થતું નથી.

**વધ-બંધન આદિ માટેનો વિધિ –**

આવશ્યકચૂર્ણિ અને યોગશાસ્ત્ર તથા ધર્મસંગ્રહ વૃત્તિમાં વધ બંધન આદિ પાંચે માટેનો વિધિ કહેલો છે. તે આ પ્રમાણે–

(૧) વધ વિધિ :- શ્રાવક પ્રથમ તો જિત-પરિષહ અર્થાત્ તેજસ્વી હોવો જોઈએ. જેને જોતાં જ પુત્ર વગેરે ભય પામીને બરાબર ચાલે. દાસ-દાસી, પશુઓ એવા રાખવાં કે વધ-બંધનાદિ કર્યા વિના પોતાની મર્યાદા પ્રમાણે વર્તે. તેમ છતાં તાડના-તર્જના કરવા પડે તે મર્મસ્થાનોને છોડીને કરે, જેથી તેના અંગોમાં ખોડ-ખાંપણ ન આવે, મૃત્યુ ન પામે.

(૨) બંધ-વિધિ :- બંધન કરે તો લાંબા દોરડાથી અને નરમ ગાંઠથી બાંધે, જેથી બરાબર હાલી-ચાલી શકે. અગ્નિ વગેરેનો ઉપદ્રવ થાય તો ગાંઠને જલ્દીથી છોડી શકાય.

(૩) છવિચ્છેદ વિધિ :- કોઈ વ્યાધિ વગેરેમાં અંગછેદ કરવો પડે તો ખૂબ દયાપૂર્વક કરે.

(૪) ભારારોપણ વિધિ :- મુખ્યવૃત્તિએ તો શ્રાવકે એવો વ્યાપાર જ ન કરવો કે જેમાં મજૂરો કે પશુઓ પાસે ભાર વહેવડાવવાથી આજીવિકા ચાલે. છતાં કરવો પડે તો મજૂરો સુખેથી ઉપાડી શકે તેટલો જ ભાર તેના પાસે ઉપડાવવો. ભોજન સમયે તેમને છૂટા કરી દેવા ઇત્યાદિ.

(૫) ભોજન-પાન વિચ્છેદ વિધિ :- અપરાધીને પણ તદ્દન ભુખ્યો ન રાખવો. ભોજન સમયે તેને જમાડીને શ્રાવકે જમવું. કદાચ રોગાદિકની શાંતિ માટે તેને ભુખ્યો રાખવો પડે તો રાખે પણ દયામાં કચાશ આવે તે રીતે અપરાધી સાથે

પણ ન વર્તે, તો પછી નિરપરાધી એવા દાસ-દાસી, પશુ-પ્રાણી પ્રત્યે તો અનુકંપા રાખવાની જ હોય. આ પ્રમાણે કોઈને પણ ભોજનનો અંતરાય ન કરવો.

*-૦- પહેલા અણુવ્રતના વિષયમાં હરિબલમચ્છીની કથા ઘણાંજ વિસ્તારથી અર્થદીપિકા-ટીકામાં અપાયેલી છે. તે જોવી.*

**૦ લઘુ દૃષ્ટાંત :-**

જયપુર નગરે શત્રુંજય નામે રાજા હતો. તેને સુર અને ચંદ્ર નામે બે પુત્રો હતા. વધુ સ્નેહને કારણે રાજાએ સુરકુમારને યુવરાજપદે સ્થાપ્યો. ચંદ્રકુમાર રીસાઈને પરદેશ ચાલ્યો ગયો. રત્નપુર નગરે ચંદ્રકુમારે સુદર્શન નામના સાધુ પાસે ધર્મદેશના સાંભળી. નિરપરાધી જીવને મારવો નહીં. તેવો નિયમ તેણે ગ્રહણ કર્યો. તેના નિયમથી પ્રભાવિત થયેલા રાજા વિજયસેને તેને અંગરક્ષક તરીકે સ્થાપ્યો અને સુંદર કન્યા પરણાવી.

સુરકુમાર યુવરાજે પોતાના પિતાને મારવા કોઈ વખતે યુક્તિ કરી, પણ શત્રુંજય રાજાએ તે જાણી જતાં સુરકુમારને દેશનિકાલ કર્યો. રત્નપુરથી ચંદ્રકુમારને બોલાવી લઈને રાજગાદી સોંપી. શત્રુંજય રાજા મૃત્યુ પામીને જંગલમાં ચિત્તારૂપે જન્મ્યો. કોઈ વખતે સુરકુમાર તે જંગલમાં આવી ચડતાં ચિત્તાએ પૂર્વભવના વૈરથી તેને મારી નાંખ્યો. સુરકુમારનો જીવ મરીને ભીલપુત્ર થયો. ભીલપુત્ર અને ચિત્તો સામસામે લડીને મરણ પામ્યા. બંને મરીને સુવર થયા, ત્યાં પણ લડીને મૃત્યુ પામ્યા. પછી મૃગપણે-પછી હાથીપણે બંને જન્મી લડીને મૃત્યુ પામ્યા મરીને પહેલી નરકમાં ઉત્પન્ન થયા.

આ રીતે પ્રાણિવધમાં પ્રવર્તતા જીવો સંસારમંડલમાં રહીને ભયંકર ગર્ભાવાસ, નરક અને તિર્યંચ યોનિઓમાં ભમે છે.

આ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનો સ્વીકાર ન કરનાર અથવા સ્વીકારીને તેમાં અતિચાર લગાડે તો તેનું ફળ-પાંગળાપણું, ઠુંઠાપણું, કુષ્ટ આદિ મહારોગ, સ્વજનોનો વિયોગ, શોક, ટુંકું આયુષ્ય, દુઃખ અને દુર્ગતિ પામે છે.

**पढम वयस्सइआरे**-આ વધ, બંધનાદિ પહેલા વ્રતના અતિચાર જાણવા **पडिक्कमे देसिअं सव्वं**-ગાથા-3 મુજબ વિવેચન જાણવું.

**હવે ગાથા-૧૧ અને ૧૨** સ્થૂલમૃષાવાદ વિરમણ નામના બીજા અણુવ્રત વિષયક છે. જેમાં ગાથા-૧૧માં બીજા અણુવ્રતનું સ્વરૂપ અને અતિચારનો હેતુ કહ્યો છે, ગાથા-૧૨માં બીજા અણુવ્રતના પાંચ અતિચારોનું વર્ણન કરવામાં આવેલ છે.

● **बीए अणुव्वयंमि परिथूलग अलिअवयण विरइओ** - બીજા અણુવ્રતમાં મોટું જુઠું બોલવાની કરેલ વિરતિથી...

૦ बीए - એટલે બીજા. બાર વ્રતમાં બીજું, પાંચ અણુવ્રતમાં બીજું.

૦ अणुव्वयंमि - અણુવ્રતમાં (*✱ અહીં अणुव्वयम्मि અને अणुव्वयम्मी બંને પાઠ જોવા મળે છે.*)

૦ परिथूलग - अलियवयण-विरइ - સ્થૂલ મૃષાવાદથી વિરમણ.

– अलिकवयण એટલે મૃષાવાદ, જુઠું બોલવું તે.

– परिथूलग-એટલે તેનું બહું સ્થૂળતાથી પાલન કરવું તે.

– ક્રોધ, માન, માયા, લોભ, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, દ્વેષ, હાસ્ય, ભય, લજ્જા, રતિ, અરતિ, દાક્ષિણ્યતા, વાચાળપણું, વિકથા ઇત્યાદિ હેતુઓથી મૃષાવાદનો સંભવ છે. વળી પરને પીડાનો હેતુ હોય તો સત્યવાદ પણ મૃષાવાદ છે. આ મૃષાવાદ સ્થૂલ અને સૂક્ષ્મ બે પ્રકારે છે. તેમાં અત્યંત દુષ્ટ બોલવાની ઇચ્છાથી બોલાય તે સ્થૂલ મૃષાવાદ છે અને તેવી ઇચ્છા વિના ઉપરોક્ત ક્રોધ, માન, માયા આદિ હેતુથી બોલાય તે સૂક્ષ્મ મૃષાવાદ છે.

શ્રાવકને સૂક્ષ્મ મૃષાવાદને વિશે જયણા રાખવાની હોય છે અને સ્થૂલ મૃષાવાદ તો ત્યાજ્ય જ છે. તે માટે आवश्यकचूर्णि માં કહે છે કે, જે વચનો બોલવાથી પોતાને કે પરને અત્યંત વ્યાઘાત થાય અને અત્યંત સંક્લેશ થાય તે વચનો પ્રયોજનથી કે વિના પ્રયોજને પણ બોલવા નહીં.

*૦ મૃષાવાદ વિશે અઢાર પાપસ્થાનક સૂત્રમાં પણ નોંધ છે.*

– "મૃષા" એટલે જુઠું કે અસત્ય. "વાદ" એટલે કહેવું-બોલવું.

– મૃષાવાદ એટલે અસત્યકથનના મુખ્ય ત્રણ લક્ષણો છે – (૧) અપ્રિય, (૨) અપથ્ય અને (૩) અતથ્ય.

(૧) અપ્રિય - જે વચન સાંભળતાં જ કડવું કે કર્કશ લાગે તે.

(૨) અતથ્ય - જે વચન મૂળ હકીકત કરતાં જુદું હોય તે.

(૩) અપથ્ય - જે વચનથી પરિણામે લાભ ન થાય તે.

આવા વચનો બોલતા અટકવું તે મૃષાવાદ વિરમણ કે વિરતિ. તેનું સ્થૂળરૂપે પાલન કરવું તે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત.

આ વ્રતમાં પાંચ પ્રકારે મોટા મૃષાવાદનો ત્યાગ કરવાનો છે.

(૧) कन्यालीक - કન્યા સંબંધી અસત્ય બોલવું તે.

દ્વેષ આદિથી અવિષકન્યાને વિષકન્યા અથવા વિષકન્યાને અવિષકન્યા કહેવી કે સુશીલકન્યાને દુ:શીલ કન્યા અને દુ:શીલ કન્યાને સુશીલ કન્યા કહેવી. ઇત્યાદિ પ્રકારે કન્યાસંબંધી વિપરીત બોલવાથી કન્યાસંબંધી મૃષાવાદ લાગે છે.

(૨) गवालीक - ગાય, બળદ વગેરે પશુ વિશે અસત્ય બોલવું તે.

જેમકે ઓછા દુધવાળી ગાયને બહુ દુધવાળી અને બહુ દુધવાળી ગાયને ઓછા દુધવાળી કહેવી. એ જ રીતે અમુક લક્ષણવાળા પશુને અમુક લક્ષણવાળું નથી તેમ કહેવું, પશુ વિશે સદંતર ખોટો કે ઉલટો ખ્યાલ ઉત્પન્ન કરે તેવા બધાં જૂઠાણાંનો આ બીજા પ્રકારના મૃષાવાદમાં સમાવેશ થાય છે.

(૩) भूम्यलीक - ભૂમિસંબંધી અસત્ય બોલવું તે.

– જમીન, મકાન આદિ સ્થાવર મિલ્કતના વિશે જૂઠું બોલવું તે.

જેમકે - પોતાની ભૂમિ આદિ પારકાના કહેવા, પારકાના ભૂમિ આદિને પોતાની કહેવી. ઉખર ભૂમિને રસાળ કહેવી અને રસાળ ભૂમિને ઉખર ભૂમિ કહેવી,

પડતર જમીનને ખેડાણ યોગ્ય અને ખેડાણ યોગ્ય જમીનને પડતર કહેવી, જમીનની સરહદ કે મકાનના ક્ષેત્રફળ વિશે જૂઠું બોલવું એ બધું ભૂમ્યલીક કહેવાય છે.

*આ ત્રણે મોટા જૂઠાણાના અનુસંધાને એક ખુલાસો–*

અહીં જે કન્યાલીક, ગવાલીક અને ભૂમ્યલીક એ ત્રણ જૂઠાણાં જણાવ્યા તે માત્ર ઉપલક્ષણથી જણાવેલાં છે. કન્યાસંબંધી અસત્ય પરથી સર્વે દ્વિપદ (-મનુષ્ય), ગો સંબંધી અસત્ય પરથી સર્વે ચતુષ્પદ (પશુ-પ્રાણી) અને ભૂમિસંબંધી અસત્ય પરથી સર્વે અપદ (ભૂમિ, દ્રવ્ય, હીરા, ધાતુ, રત્ન, મોતી વગેરે) સંબંધી સર્વે અલીક-અસત્ય વચનોને વર્જ્ય જ જાણવાં.

અહીં ગ્રહણ કરાયેલા કન્યા-ગો-ભૂમિ તો પ્રસિદ્ધ શબ્દો હોવાથી ગ્રહણ કર્યા છે, લોકને વિશે તેનું નિંદ્યપણું પ્રસિદ્ધ છે. વળી આ ત્રણે શબ્દોમાં ભોગાંતરાય, દ્વેષવૃદ્ધિ આદિ દોષો પ્રગટ છે.

(૪) न्यासापहार - થાપણ ઓળવવી તે ચોથું જુઠાણું છે.

ન્યાસ એટલે થાપણ. તેનો અપહાર કરવો એટલે ઓળવવી.

પોતાને ત્યાં કોઈએ ધન-ધાન્ય આદિ થાપણ મૂકેલ હોય તે થાપણનો વખત જતાં અપહાર કે અપલાપ કરવો, તે થાપણને પોતાની કરીને રાખી લેવી અને તેના માલિકને એમ કહેવું કે આ વાત ખોટી છે અથવા હું તેમાં કાંઈ જાણતો નથી તો તે મૃષાવાદ છે.

આવો મૃષાવાદ મોટા પાતકનો હેતુ છે. કારણ કે થાપણ મૂકનાર તો તેને પોતાનો આપ્તજન સમજીને કોઈને સાક્ષી રાખ્યા વિના પોતાનું ધન વગેરે થાપણરૂપે મૂકી જાય છે, પણ તે આવી થાપણ ઓળવી લઈને સામાને ભયંકર દુઃખ પહોંચાડે છે, કલ્પી ન શકાય તેવો આઘાત પહોંચાડે છે, જેથી સામાનું મૃત્યુ પણ થાય છે.

(૫) कूटसाक्षी - કોઈની ખોટી સાક્ષી પૂરવી તે પાંચમો મૃષાવાદ કે મોટું જૂઠાણું તરીકે ઓળખાવાયેલ છે.

– લેવડદેવડના સંબંધમાં ખોટી સાક્ષી એટલે - કોઈ માણસે કોઈ માણસ જોડે ધન આદિની લેવડદેવડ કરવામાં પોતાને સાક્ષી તરીકે રાખેલ હોય તેમાં લાંચ લઈને અથવા ઇર્ષ્યાદિ કારણે ખોટી સાક્ષી પૂરવી તે આ ભવ અને પરભવને વિશે અનર્થનો હેતુ છે.

– પૈસાની કે સતાની લાલચથી, લાગવગ-શેહ કે શરમથી, કોર્ટકચેરીમાં કે લવાદ યા પંચ આગળ કોઈની પણ ખોટી સાક્ષી પૂરવી એ મહા અનર્થનું કારણ છે.

આ રીતે પાંચ મોટા જૂઠાણાં મૃષાવાદ વિરમણ વ્રતમાં કહ્યા. તે વિષયમાં પ્રમાદથી અપ્રશસ્ત ભાવે વર્તતા મેં જે કાંઈ વિરુદ્ધ આચરણ કર્યું હોય (તેની નિંદા અને ગર્હા કરું છું) તે જણાવવા કહ્યું–

● **आयरियमप्पसत्थे इत्थ पमायप्पसंगेणं** - *ગાથાના આ ઉત્તરાર્દ્ધનું વિવેચન પૂર્વની ગાથા-૯ પ્રમાણે જાણવું.*

**હવે ગાથા-૧૨માં** બીજા અણુવ્રત-સ્થૂલ મૃષાવાદથી વિરમણના પાંચ

અતિચારોને જણાવે છે–

● **सहसा** - વગર વિચાર્યે કોઈ પર આળ મૂકવું.

– 'સહસા' શબ્દ માત્ર સૂચન કરનાર શબ્દ છે. વૃત્તિકાર કહે છે કે, 'સહસા' શબ્દથી 'સહસાઽભ્યાખ્યાન' એવો શબ્દ સમજવાનો છે.

– "સહસા" એટલે વગર વિચાર્યે કે ઊંડાણમાં ઉતર્યા વિના એકાએક બોલવામાં આવે તે.

– "અભ્યાખ્યાન" એટલે - આળ આપવું, કોઈના પર દોષારોપણ કરવું તે. જેમકે - તું ચોર છે, તું જુઠો છે, તું વ્યભિચારી છે વગેરે. આવા અસત્ દોષનું પ્રતિ આરોપણ કરવું તે "સહસાભ્યાન" કહેવાય. જે આ સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રતનો પહેલો અતિચાર છે.

● **रहस्** - એકાંતમાની છાની વાતથી અનુમાન કરી કહેવું તે.

– "रहस्" શબ્દ પણ સૂચન માત્ર છે. ત્યાં અભ્યાખ્યાન શબ્દ જોડીને "રહોભ્યાખ્યાન" એવો શબ્દ બને છે, તે અતિચારરૂપે લેવાનો છે.

– "રહસ્" એટલે નિર્જન સ્થળ કે એકાંત, આવા સ્થળે કોઈ બે માણસો કંઈ વાત કે મસલત કરતા હોય, કોઈ જોડે છૂપી સલાહ કરતા હોય તેના ઇંગિત આકાર અને ચેષ્ટા-હાવભાવ વગેરેથી જાણીને અનુમાન માત્રથી એમ કહી દેવું કે તેઓ અમુક પ્રકારની વાત કરતા હતા, જેમકે - તેઓ રાજવિરૂદ્ધ-દેશવિરૂદ્ધ આદિ ખટપટો ચલાવી રહ્યા છે ઇત્યાદિ કહેવું, કોઈની નિંદા કે કાવતરા કરતા હતા તેમ કહેવું તો તે "રહોભ્યાખ્યાન" કેહવાય છે. જે બીજા અણુવ્રતનો બીજો અતિચાર છે.

અથવા ચાડી કરવી તે રહોભ્યાખ્યાન છે. જેમકે - બે જણને પ્રીતિ હોય, તેમાંના એકનો આકાર આદિથી અભિપ્રાય જાણીને બીજાને એવી રીતે ચાડી કરે કે જેથી પહેલા ઉપરથી તેનો પ્રેમ ઉઠી જાય.

● **सदार** - સ્ત્રીએ કહેલી છાની વાત બીજાને કહેવી તે.

– અહીં 'સદાર' શબ્દ પણ સૂચન માત્ર છે. 'સ્વદાર' શબ્દથી "સ્વદાર મંત્રભેદ" એ પ્રમાણે શબ્દ લેવાનો છે.

○ 'સ્વદાર' એટલે પોતાની સ્ત્રી ○ 'મંત્ર' એટલે છૂપી વાત

○ 'ભેદ' એટલે તેનો ભેદ કરવો કે ખુલ્લી પાડવી તે.

○ 'સ્વદારમંત્રભેદ' એટલે પોતાની સ્ત્રીની કોઈ છૂપી વાત બહાર પાડી દેવી કે તેણીના કોઈ ગુપ્ત રહસ્યને ખુલ્લું કરી દેવું તે - બીજા અણુવ્રતનો આ ત્રીજો અતિચાર છે.

– પોતાની સ્ત્રીએ પોતાનામાં વિશ્વાસ રાખીને જે મર્મની વાત કરી હોય તે મર્મો કે રહસ્યો બીજા સમક્ષ જણાવી દેવા તે.

*નોંધ :- સહસા, રહસ્ અને સદાર એ ત્રણે શબ્દોનો દ્વન્દ્વ સમાસ થયો હોવાથી તે પદોને એકવચનમાં સૂત્રકારે મૂકેલા છે.*

**પ્રશ્ન :-** સ્વદાર મંત્રભેદ આદિમાં જે સત્ય છે, તેવું જ જેમ હોય તેમ

કહેવાનું હોવાથી વ્રત અતિક્રમિત કઈ રીતે થાય ?

**ઉત્તર** :- આવું સત્ય કહેવાથી સામાની છૂપી વાત પ્રગટ થવાને લીધે તેને થતી લજ્જા આદિથી તે સ્ત્રી વગેરેનાં મરણ આદિ અનર્થનો પણ સંભવ હોવાથી પરમાર્થથી તે સત્ય હોવા છતાં અસત્ય છે.

કહ્યું છે કે, "પરને પીડાકારી હોય તેવું સત્ય વચન પણ ન બોલવું. લોકમાં પણ સંભળાય છે કે, તેવું પરપીડાકારી સત્ય બોલતાં કૌશિક નામે ઋષિ નરકમાં ગયા.

અહીં સ્વદારમંત્રભેદ કહ્યું છે, તેથી ઉપલક્ષણથી મિત્ર આદિનો મંત્રભેદ અને પતિએ સ્ત્રીને કહેલ તેની છૂપી વાતને સ્ત્રી બીજાને કહી દે તો તે પણ સ્વ-પતિમંત્રભેદ નામે અતિચાર જ જાણવો.

● **मोसुवएस** :- ખોટો ઉપદેશ કે ખોટી સલાહ આપવી.

○ મોસ એટલે મૃષા, ખોટો કે જૂઠો

○ ઉવએસ એટલે ઉપદેશ આપવો - સલાહ આપવી.

– કોઈને જાણીબૂજીને ખોટી સલાહ આપવી કે ખોટી ઉશ્કેરણી કરવી તેને મૃષોપદેશ કહે છે. જે બીજા અણુવ્રતનો ચોથો અતિચાર છે.

– બે વ્યક્તિનો વિવાદ ચાલતો હોય ત્યારે તેમાંના એક વ્યક્તિને બીજી વ્યક્તિને ખોટી રીતે ઠગવાનો ઉપાય શીખવવો કે બે પક્ષમાંથી એક પક્ષને ખોટી સલાહ આપવી તે મૃષા-ઉપદેશ કહેવાય.

– મંત્ર અને ઔષધિ આદિને સિદ્ધ કરવાના ઉપાયો કે ગુણો આદિ પોતે સમ્યક્ પ્રકારે જાણતો ન હોય છતાં બીજાને તે મંત્ર અને ઔષધિ આદિને સિદ્ધ કરવાના ઉપાયો અથવા ગુણોનો ઉપદેશ કરવો અથવા તો હિંસાપ્રધાન શાસ્ત્રો ભણાવવાં વગેરેનો મૃષોપદેશ કહેવાય.

– માયા, પ્રપંચ, ઠગાઈ આદિ શીખવનારા શાસ્ત્રો ભણાવવા કે તે શાસ્ત્રો ભણવા સલાહ આપવી તે પણ મૃષા-ઉપદેશ કહેવાય.

● **कूडलेह** - કૂટલેખ, ખોટા લેખ કે દસ્તાવેજો કરવા.

○ કૂડ એટલે કૂટ, જુઠા, બનાવટી, ખોટા.

○ લેહ એટલે લેખ, લખાણ, દસ્તાવેજો આદિ.

– બીજાની મુદ્રા, મહોર, રબ્બર સ્ટેમ્પ, અક્ષર, બનાવટી સહી વગેરે બનાવી કાઢીને જૂઠા કે ખોટા અર્થ ઉભા થાય તેવાં ખાતા, દસ્તાવેજ વગેરે ઉભા કરવા તે કૂટલેખ કહેવાય.

– કોઈ માણસનું ખાતું ચાલતું હોય અને તે અમુક રકમનો માલ લઈ ગયો હોય, તેમાં રકમ વધારી દેવી કે તેણે આપેલી રકમ કરતા ઓછી રકમ જમા કરવી એ પણ કૂટલેખ જ છે.

– કોઈ કરારપત્ર કે દસ્તાવેજમાંથી અથવા અગત્યના કાગળમાંથી કોઈ કામનો કે મહત્ત્વનો અક્ષર, શબ્દ આદિ છેકી નાખવા કે સર્વ હકીકત ફરી જાય તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે કોઈ વર્ણ કે ચિન્હનો ઉમેરો કે ઘટાડો કરવો તે પણ કૂટલેખ છે.

આ કૂટલેખ એ બીજા અણુવ્રતનો પાંચમો અતિચાર છે.

● **बीयवयस्स-इयारे** - ઉપર સહસાઅભ્યાખ્યાન આદિ જે પાંચ કહ્યા તે બીજા વ્રતના અતિચાર જાણવા.

○ बीय - બીજું ○ वयस्स - અણુવ્રતના

○ अइयार - અતિચાર. *(અર્થ અને વ્યાખ્યા ગાથા-૨ મુજબ જાણવી)*

○ बीयवय એટલે સ્થૂલમૃષાવાદ વિરમણ નામે બીજું વ્રત.

● **पडिक्कमे देसिअं सव्वं** - ગાથા-૩ મુજબ અર્થ અને વિવેચન જાણવું. વિશેષ એ કે અહીં બીજા અણુવ્રતમાં દિવસ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ સમજવુ.

*○ બીજા વ્રતના સંબંધમાં "કમલશ્રેષ્ઠી"ની કથા ઘણાં વિસ્તારપૂર્વક "અર્થદીપિકા" ટીકામાં અપાયેલી છે તે જોવી. અહીં વસુરાજાની કથા સંક્ષેપમાં આપીએ છીએ.*

**○ બીજા વ્રત સંબંધે લઘુ દૃષ્ટાંત :-**

સુક્તવતી નામે નગરી હતી. ત્યાં ક્ષીરકદંબક નામે ઉપાધ્યાય હતા. તેમની પાસે પોતાનો પુત્ર "પર્વત", રાજાનો પુત્ર "વસુ" અને નારદ એ ત્રણ વિદ્યાર્થીઓએ વેદોનો અભ્યાસ સારી રીતે કર્યો. કેટલાંક સમય બાદ ક્ષીરકદંબક ઉપાધ્યાય મરણ પામ્યા. તેને સ્થાને તેનો પુત્ર પર્વત ઉપાધ્યાય થયો. તે પર્વત કોઈ દિવસે પોતાના શિષ્યોને વેદોના પાઠ શીખવતો હતો, તેમાં "અજ" શબ્દ આવ્યો. પર્વતે શિષ્યોની પાસે 'અજ' શબ્દનો અર્થ બોકડો કર્યો. યજ્ઞમાં બોકડો બકરો હોમવો જોઈએ તેવું વિધાન કર્યું. તે વખતે નારદ ત્યાં હાજર હતો. તેણે પર્વતને કહ્યું, ભાઈ ! તું 'અજ' શબ્દનો અર્થ ખોટો કરે છે. આપણા સ્વર્ગસ્થ ગુરૂદેવે તો 'અજ'નો અર્થ ત્રણ વરસની જૂની ડાંગર કે જે વાવવાથી ફરી ઉગે નહીં તેમ અર્થ કર્યો છે.

પર્વતે નારદની આ વાત સ્વીકારી નહીં. બંને વચ્ચે વાદવિવાદ થયો. બંનેએ શરત તરીકે બેમાંથી જે જૂઠો સાબિત થાય તેણે પોતાની જીભ કપાવી નાંખવી. આવો નિર્ણય કરી સવારે વસુરાજા પાસે ન્યાય કરાવવા જવાનું નક્કી કર્યું. રાત્રિના સમયે પર્વતની માતા વસુરાજા પાસે ગઈ અને પુત્રને બચાવવા માટે વસુરાજાને કહ્યું કે તમે સવારે પર્વત અને નારદ પોતાનો વિવાદ લઈને આવે ત્યારે 'અજ'નો અર્થ બોકડો કરજો. આટલી કાકલુદી માન્ય કરાવી માતા પાછા ફર્યા. સવારે પર્વત અને નારદ રાજદરબારમાં આવ્યા. બંને જણાએ પોત-પોતાના અર્થો રજૂ કર્યા. ત્યારે વસુરાજાએ ગુરુ દાક્ષિણ્યતા અને ગુરુપત્નીની વિનંતીથી ખોટી સાક્ષી પૂરીને કહ્યું કે ઉપાધ્યાયજીએ 'અજ'નો અર્થ 'બોકડો' જ કર્યો હતો.

તે જ વખતે દેવતાએ વસુરાજાને લાત મારી સિંહાસન પરથી પાડી દીધો. ખોટી સાક્ષી પૂરવાના પાપે વસુરાજા મરીને નરકે ગયો. પર્વત પણ ઘણાં કાળ સુધી સંસારમાં ભટકશે.

**૦ મૃષાવાદ કે તેના અતિચારના માઠાં ફળ :-**

આ બીજા અણુવ્રતને ગ્રહણ નહીં કરવાના કે ગ્રહણ કરીને તેનું ઉલ્લંઘન કરવાના કે અતિચાર લગાડવાના માઠાં ફળો કહે છે–

આવો માણસ જ્યાં જાય ત્યાં અપ્રિય બને છે, તેના શુભ શબ્દો પણ કોઈ સાંભળતા નથી. તે દુર્ગંધ મુખવાળો થાય, તેના મુખમાંથી પરૂ ઝર્યા કરે તેવો મુખપાક થાય, અનિષ્ઠ મુખવાળો થાય. કઠોર વચનો બોલનાર થાય. અવ્યક્ત બડબડ કરનારો થાય, બકરાની જેમ બોલતા મુસીબતે બેં-બેં કરી શકે તેવો થાય. સામો માણસ ન સમજી શકે તેવો સ્ખલનાવાળું અને ગુંગળુ બોલનારો થાય. આવા-આવા દોષ આ વ્રતભંગ કે અતિચારોથી થાય છે.

– જુઠું બોલનારા જીવોને આ લોકમાં જ જીભનો છેદ, વધ, બંધન, અપયશ કે ધનનાશરૂપ ફળો ભોગવવા પડે છે.

– અસત્યવાદી માણસને વિનય, પ્રશાંતપણું આદિ અનેક ગુણો હોય તો પણ તે સર્વત્ર અવિશ્વાસને પાત્ર બની જાય છે.

– અર્થદીપિકા ટીકામાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો એક સાક્ષી પાઠ આપી જણાવેલ છે કે, પારદારિક અને ચોરનો હજી ઉપાય છે, પણ અસત્યવાદી મનુષ્યનો કોઈ ઉપાય નથી.

**હવે ગાથા-૧૩ અને ૧૪માં** ત્રીજા સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ, અતિચાર લાગવાનો હેતુ અને આ ત્રીજા અણુવ્રતના પાંચ અતિચારોને જણાવે છે–

● **तइए अणुव्वयंमि थूलग-परदव्वहरण-विरइओ** - ત્રીજા અણુવ્રતમાં સ્થૂળ (મોટા) પરદ્રવ્યના હરણની વિરતિથી.

૦ 'तइए' ત્રીજા. બાર વ્રતમાંના ત્રીજા, પાંચ અણુવ્રતમાંના ત્રીજા.

૦ अणुव्वयंमि - અણુવ્રતમાં *(અર્થ અને વિવેચન ગાથા-૯ મુજબ. પાઠાંતર अणुव्वयम्मि અને अणुव्वयम्मी.*

૦ थूलग - સ્થૂળ *(અર્થ અને વિવેચન ગાથા-૯ મુજબ)*

૦ परदव्वहरण - પારકાનું કે બીજાનું દ્રવ્ય લઈ લેવું તે.

– पर - પારકાનું, બીજાનું દવ્વ - દ્રવ્ય, ધનાદિ

– हरण - હરણ કરવું, લઈ લેવું, ચોરી લેવું ઇત્યાદિ

– विरइ - વિરતિ, વિરમવું તે, વ્રત.

– બીજાના ધન આદિને હરી લેવાનો સ્થૂળપણે ત્યાગ કરવો તે "સ્થૂળ પરદ્રવ્યહરણ વિરતિ" કહેવાય છે. જેને સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત નામે ઓળખવામાં આવે છે.

– અહીં 'અદત્ત-આદાન'નો સામાન્ય અર્થ ચોરી કે બીજાના ધન આદિનું લઈ લેવું થાય છે, પણ વિશિષ્ટ અર્થમાં 'અદત્ત' એટલે નહીં દીધેલું અને 'આદાન' એટલે લેવું કે ગ્રહણ કરવું અર્થ થાય છે.

*✱ 'અદત્તાદાન' નામે ત્રીજા પાપસ્થાનકરૂપે અર્થ અને વિવેચન માટે "સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક" પણ જોઈ જવું.*

આ જગત્‌માં દ્રવ્ય અર્થાત્ ધન વગેરેને (રૂપિયો) અગિયારમો પ્રાણ ગણાયા છે. સંસારનો વ્યવહાર ચલાવવા માટે તે પ્રધાનવસ્તુ છે. તેના માલિકે આપ્યા વિના તે દ્રવ્ય આદિ લઈ લેવા કે બીજી કોઈ રીતે તેનું હરણ કરવું તે મહા અનર્થકારી હોવાથી શ્રાવકે તેનાથી અટકવાનું છે, અદત્તાદાનનો ત્યાગ કરવાનો છે.

**૦ અદત્તાદાનના ચાર ભેદો :-**

(૧) સ્વામી અદત્ત :- જે ધન, સુવર્ણ, મકાન આદિ વસ્તુ તેના માલિકે ન આપી હોય તે 'સ્વામી અદત્ત' કહેવાય છે.

(૨) જીવ અદત્ત :- જે પોતાની માલિકીની ફળ વગેરે સચિત્ત વસ્તુ માંગવી કે ખાવી તે જીવ અદત્ત કહેવાય છે, કેમકે તે ફળાદિકના જીવે પોતાના પ્રાણ તમને અર્પણ કર્યા નથી.

(૩) તીર્થંકર અદત્ત - તીર્થંકર પરમાત્માએ જેનો નિષેધ કર્યો હોય, અથવા જે ગ્રહણ કરવા માટે તીર્થંકરની આજ્ઞા ન હોય તેવી વસ્તુને તીર્થંકર અદત્ત કહેવાય છે.

(૪) ગુરુ અદત્ત - વસ્તુ સર્વદોષથી રહિત હોય, સ્વામી-જીવ કે તીર્થંકર અદત્તમાંનુ કોઈ અદત્ત પણ થતું ન હોય તેવા પદાર્થ કે વસ્તુ માટે પણ જો ગુરુની આજ્ઞા લીધી ન હોય કે ગુરુએ તેનો નિષેધ કરેલો હોય તો તેને ગુરુ અદત્ત કહેવામાં આવે છે.

આ ચાર પ્રકારે "અદત્ત"નું સ્વરૂપ જણાવેલું છે. હવે વૃત્તિકાર 'સ્વામિઅદત્ત'ના દૃષ્ટાંત થકી સ્થૂળ અને સૂક્ષ્મ અદત્તનો ભેદ સ્પષ્ટ કરે છે. તે આ પ્રમાણે - સ્વામી અદત્ત સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે. તેમાં જે અદત્તથી લોકને વિશે ચોર કહેવાનો વ્યવહાર પ્રવર્તે છે. તે સ્થૂલ અદત્ત કહેવાય. જેમકે - ચોરવાની બુદ્ધિથી ધન-ધાન્યાદિ જે કંઈ લે તે અલ્પ હોય તો પણ સ્થૂળ અદત્તાદાન કહેવાય છે. જ્યારે માલિકને જણાવ્યા વિના તૃણ, ઢેફું, પત્થર વગેરે વસ્તુ થોડી લે તો લોકમાં તેને 'ચોર' ગણવાનો વ્યવહાર થતો નથી. કેમકે તે સૂક્ષ્મ અદત્તાદાન છે. આ બે પ્રકારના અદત્તમાં શ્રાવકે સૂક્ષ્મ અદત્તાદાનમાં જયણા રાખવાની હોય છે, જ્યારે સ્થૂલ અદત્તાદાન તેને ત્યાજ્ય છે.

તેથી સૂત્રકારે અહીં સ્થૂળ અદત્તાદાનથી અટકવાનું છે તેવું સૂચવવા માટે "થૂલગ પરદવ્વહરણવિરઈ" એવો પ્રયોગ કર્યો છે.

આ સ્થૂળ પરદ્રવ્યહરણ પણ બે પ્રકારે થાય - પ્રત્યક્ષ, પરોક્ષ.

– પ્રત્યક્ષ (સીધું) પરદ્રવ્ય હરણ - માલિકે આપ્યા વિના તેના દ્રવ્યને બળજબરીથી પડાવી લેવું, ફોસલાવીને લઈ લેવું, ચોરી કે ખાતર પાડીને હરણ કરવું ઇત્યાદિ પ્રત્યક્ષ પરદ્રવ્ય હરણ છે.

– પરોક્ષ (આડકતરું) પરદ્રવ્ય હરણ-માલિકને ખબર ન પડે તે રીતે

યુક્તિથી પડાવી લેવું, છેતરપીંડી કરીને પડાવી લેવું, રાજ્યના અધિકારી સાથે મળી જઈને અનુકૂળ કાયદાઓ કરાવી પડાવી લેવું તે પરોક્ષ પરદ્રવ્ય હરણ છે.

● **आयरियमप्पसत्थे इत्थ पमायप्पसंगेणं** - ગાથાના આ ઉત્તરાર્ધનો અર્થ અને વિવેચન પૂર્વે ગાથા-૯ મુજબ જાણવું.

વિશેષ એ કે - પ્રમાદના પ્રસંગથી કે ક્રોધાદિ અપ્રશસ્ત ભાવનો ઉદય થવાથી ત્રીજા અણુવ્રતમાં કોઈ અતિચાર લાગ્યો હોય તો તેનું હું પ્રતિક્રમણ કરું છું - એ પ્રમાણે અહીં સમજવું.

○ **હવે ગાથા-૧૪માં** ત્રીજા અણુવ્રતના પાંચ અતિચારોને સૂત્રકાર જણાવે છે. તે આ પ્રમાણે–

● **तेनाहड** - સ્તેનઆહૃત, ચોરે લાવેલી વસ્તુ લેવી.

○ तेन - એટલે સ્તેન, ચોર, તસ્કર

○ आहड એટલે આહૃત, ચોરેલ, ચોરીને લાવેલ.

– ચોર લોકો જે મોંઘી વસ્તુ ચોરીને લાવે, તેને સસ્તી જાણીને ખરીદવી, તે 'સ્તેન-આહૃત' આ જાતનો વ્યવહાર ચોરીને ઉત્તેજન આપનારો હોવાથી તે 'સ્થૂલપરદ્રવ્યહરણ-વિરતિ'ને દૂષિત કરે છે. તેથી તેને ત્રીજા અણુવ્રતનો પહેલો અતિચાર કહેલો છે.

– ચોરીથી આવેલો માલ રાખવો કે ખરીદવો, તેથી પરદ્રવ્ય હરણ કરનારને અર્થાત્ ચોરને ચોરીકાર્ય માટે પ્રત્યક્ષ ઉત્તેજન મળે છે. તેથી તેને અતિચારરૂપ ક્રિયા ગણેલી છે.

● **प्पओग** - પ્રયોગ. ચોરને ચોરીમાં ઉત્તેજન આપવું તે.

– અહીં માત્ર 'પ્રયોગ' શબ્દ છે, પણ તે સૂચનરૂપે મૂકાયેલ છે. તેનો વાસ્તવિક શબ્દ 'સ્તેનપ્રયોગ' કે તસ્કર પ્રયોગ સમજવો.

બીજા શબ્દોમાં કહીએ તો ગાથાના આરંભે મૂકાયેલ 'तेन' શબ્દ "આહડ" અને "પ્પઓગ" બંને સાથે સંકડાયેલો છે. તેથી "તેનાહડ-પ્પઓગે" પદથી "તેનાહડ" અને "તેનપ્પઓગ" એ પ્રમાણે બે પદો છે તેમ સમજવાનું છે.

સ્તેનપ્રયોગ એટલે વચનપ્રયોગ દ્વારા તેને ચોરીના કામમાં ઉત્તેજન આપવું તે. જેમકે - ચોરોને કહેવું કે - આજકાલ કામધંધા વિનાના કેમ જણાવ છો ? તમે લાવેલ ચોરીનો માલ જો કોઈ વેચી આપનાર ન હોય તો હું વેચી આપીશ. આવા પ્રકારના વચનો કહેવા અથવા તમારે કોઈ સાધનની જરૂર હોય તો લઈ જાઓ એવું કહીને કોશ, કાતર આદિ ચોરી માટેના ઉપકરણો, ભાતું વગેરે આપવા કે અપાવવા. ઇત્યાદિ વડે ચોરોને ચોરીની ક્રિયામાં પ્રેરવા તેને સ્તેનપ્રયોગ નામે ત્રીજા અણુવ્રતનો બીજો અતિચાર કહ્યો છે.

● **तप्पडिरूवे** - ખોટી વસ્તુને ખરા જેવી કરી વેચવી.

– માલમાં ભેળસેળ કરવી કે નકલી માલ વેચતાં જે અતિચાર લાગે તે "તપ્પડિરૂવ' આ ત્રીજા વ્રતનો ત્રીજો અતિચાર છે.

– तत् એટલે તે અને प्पडिरूव એટલે પ્રતિરૂપ, સદૃશ, સરખુ, નકલ.

– કોઈપણ વસ્તુમાં તેના જેવી જણાતી હલકી વસ્તુને ભેળવવી અથવા તેને જ મળતી નકલ બનાવવી અને તેને સાચા માલ તરીકે વેચવી તે 'તપ્પડિરૂવ' અતિચાર.

– જેમકે જે વસ્તુ વેચવાની છે તે વસ્તુના જેવી. ચોખાની શાળમાં જવ મેળવી દેવા, ઘીમાં ચરબી અથવા કોપરેલ તેલ મેળવી દેવું, તેલમાં મળી જાય તેવું મૂત્ર મેળવી દેવું, હિંગમાં ખેર આદિનો રસ કે તેવી અન્ય વસ્તુ ભેળવવી, કેસરમાં મકાઈના ડોડાના રેસા મીઠોપીળો રંગ નાંખી ભેળવી દેવા, ઉત્તમ કપૂર, મણી, મોતી, સોનું, ચાંદી વગેરેમાં બનાવટી કપૂર, મણિ, મોતી આદિ મેળવી દેવા. આ અને આવી બધી સેળભેળ કરી વેપાર કરવો તે "તત્પ્રતિરૂપ" છે.

– આમ કરીને બહુ મૂલ્યવાળી વસ્તુઓમાં અલ્પ મૂલ્યવાળી હલકી વસ્તુઓ ભેળવવા દ્વારા ઉત્તમ દ્રવ્યના મૂલ્ય હોય તે જ કિંમતે આવી વસ્તુઓ વેચવી ઇત્યાદિ આ ત્રીજો અતિચાર છે.

– ચોર પાસેથી લીધેલ ગાય વગેરેના શીંગડાઓને ગાય વગેરેને કોઈપણ ઓળખે નહીં એ રીતે અગ્નિમાં પકાયેલા કાલિંગડાના રસ વગેરે વડે વાંકા હોય તો સીધાં કરી દેવા અને સીધાં હોય તો વાંકા કરી દેવા એ મુજબનો વ્યવહાર તે "તત્પ્રતિરૂપ" વ્યવહાર કહેવામાં આવે છે.

● **विरुद्धगमणे** - રાજ્યના કાયદા વિરુદ્ધ ગમન કરવું તે.

○ विरुद्ध - એટલે અહીં રાજ્યના કાયદા વિરુદ્ધ સમજવું.

○ गमण - એટલે જવાની કે વર્તવાની ક્રિયા.

– રાજ્યના નિયમોથી વિરુદ્ધ જવાની કે વિરુદ્ધ પ્રવૃત્તિ કરવાની ક્રિયા તે સર્વે 'રાજ્યવિરુદ્ધ ગમન' કહેવાય છે. આ ત્રીજા અણુવ્રતનો ચોથો અતિચાર છે.

– પોતે જે રાજ્યમાં રહેતો હોય તે રાજ્યથી વિરુદ્ધ એવા વૈરી રાજ્યને વિશે પોતાના રાજાએ નિષેધ કર્યો હોવા છતાં વેપાર માટે જવું તે 'વિરુદ્ધગમન' નામનો અતિચાર કહેવાય છે.

ઉપલક્ષણથી રાજાએ નિષેધ કરેલ હાથીદાંત, લોઢું, પત્થર, સુવર્ણ, કાપડ, ઇલેક્ટ્રોનીક વસ્તુ આદિ (દાણચોરી આદિ દ્વારા) વ્યાપાર અર્થે લેવી તે પણ 'વિરુદ્ધગમન' અતિચાર જ છે.

– રાજ્ય તરફથી અમુક પ્રદેશમાં કે અમુક સ્થાનમાં જવાની મનાઈ હોય તેમ છતાં ત્યાં જવું તે પણ 'રાજ્યવિરુદ્ધગમન' છે.

– રાજ્યના જે કાયદાઓનો ભંગ કરવાથી દંડને પાત્ર બનવું પડે, અપમાનને પાત્ર થવું પડે, આબરૂને ધક્કો પહોંચે તે બધાંનો સમાવેશ આ પ્રકારના વ્યવહારમાં થાય છે. જેમકે રાજ્યે કોઈ વસ્તુ પર જકાત નાખેલી હોય તે ન ચૂકવવી, અમુક આવક પર વેરો આકારેલો હોય તે ન ભરવો ઇત્યાદિ રાજ્ય વિરુદ્ધ ગમનના જ ઉદાહરણો છે.

● **कूडतुल-कूडमाणे** - ખોટાં તોલ-ખોટા માપ રાખવાથી.

○ કૂડ એટલે કૂટ અથવા ખોટી ○ તુલા એટલે ત્રાજવું.

– જેનાથી જોખીને ગ્રાહકનો માલ લેવાનો હોય કે ગ્રાહકને માલ આપવાનો હોય તેવા ત્રાજવા-તોલા ખોટાં રાખવા એટલે કે લેવામાં માલ વધારે આવે અને વેચવામાં માલ ઓછો જાય તેવા ત્રાજવા-તુલા રાખવા તેને 'કૂડતુલ' કહેવાય છે.

– આવી પ્રવૃત્તિ દાંડી મરડીને, કડી ચડાવીને, લેવાના તોલ-કાટલામાં નીચે સીસું ચોંટાડીને, આપવાના કાટલામાં ખાડો ખોદીને ઇત્યાદિ પ્રકારે ગ્રાહકને છેતરવાની બુદ્ધિથી તોલમાં જે જે કૂડ (ખોટું) કરવામાં આવે છે તેને "કૂટતુલા" કહેવાય છે.

– તોલ માટે તુલા (ત્રાજવું) અર્થ કર્યો, તેમ દશ કિલો, પાંચ કિલો, ૫૦૦ ગ્રામ કે મણ, શેર, તોલો વગેરેનો સમાવેશ પણ આ તોલમાં જ થાય છે, તેથી તેમાં ફેરફાર કરવો અર્થાત્ અધિક કે ઓછું કરવું તેનો સમાવેશ પણ 'કૂડતુલ'માં જ કરાય છે.

○ कूडमाण - ખોટાં માપ અથવા ખોટાં માન રાખવા તે.

– પળી, પવાલું, પાલી, માણું, કળશી વગેરે માપ કહેવાય છે. વર્તમાન ભાષામાં લીટર, ગ્લાસ, બોટલ, ડબ્બો ઇત્યાદિ બધાં માપ માટેના સાધનો રૂપે ઓળખાય છે. લેતી વખતે તેમાં વધારે આવે તેમ કરવું અને આપતી વખતે ઓછું જાય તેમ કરવું તેને 'કૂટમાન' કહેવાય છે - જેમાં માન-માપ ખોટાં કરવામાં આવે છે.

– માન અને માપને બીજી રીતે પણ ઓળખાવેલ છે. જેમાં પાલી-પવાલું કે લીટર આદિ હોય તે માન કહેવાય અને જેમાં મીટર, સેન્ટીમીટર કે વાર અને ફૂટ હોય તે માપ કહેવાય. આવા માન કે માપમાં લેતી વખતે વધુ આવે અને આપતી વખતે ઓછું જાય તે રીતે ખરીદ-વેચાણ કરવું તે 'કૂટમાન' કહેવાય છે.

આવા કૂડતુલ (ખોટાં તોલ) અને કૂડમાન (ખોટાં માન કે માપ) કરવા એ ત્રીજા અણુવ્રતનો પાંચમો અતિચાર કહ્યો છે.

● **पडिक्कमे देसिअं सव्वं** - *અર્થ-વિવેચન ગાથા-3 મુજબ.*

વિશેષ એ કે અહીં ત્રીજા અણુવ્રતમાં ઉપરોક્ત પાંચ અતિચારમાંનો કોઈ અતિચાર દિવસ દરમ્યાન લાગ્યો હોય તો તે સર્વેનું પ્રતિક્રમણ કરું છું. તેમ અર્થ સમજવો-જાણવો.

### ○ ચોરને જન્મ આપનારી ૧૮ પ્રકારની ક્રિયાઓ :-

શ્રાવકે ત્રીજા વ્રતના અતિચારનો પરિહાર કે ત્યાગ કરવા માટે, ચોરીના દોષથી બચવા ઇચ્છનારે ૧૮ પ્રકારે ચોરની ઉત્પત્તિ કહેવાય છે તે જાણીને તેને વર્જવી જોઈએ.

(૧) ભલન :- હું તારા ભેગો છું, તું ડરીશ નહીં એ રીતે કહીને ચોરને પ્રોત્સાહિત કરવો તે.

(૨) કુશલ :- ચોરના ક્ષેમકુશળ કે સુખદુ:ખની પૃચ્છા કરવી.

(૩) તર્જા :- ચોરી કરવા મોકલવા માટે હાથ વડે કે અન્ય રીતે ચોરને સંજ્ઞા કરવી - સંકેત કરવો.

(૪) રાજભાગ :- રાજનો કર છૂપાવવો.

(૫) અવલોકન :- ચોરી કરી રહેલા ચોરના માર્ગને જોતાં રહેવું (અને જરૂર પડે તો સંજ્ઞાથી ખબર આપવી) અથવા ચોરી કરતા ચોરોને તેઓ ચોરી લાવશે તો મને લાભ થશે એવા પ્રકારની અપેક્ષા બુદ્ધિથી જોવા.

(૬) અમાર્ગદર્શન :- ચોર ક્યાં ગયા ? એમ પૂછનારને સાચો રસ્તો ન બતાવવો. ભળતો જ માર્ગ બતાવવો.

(૭) શય્યા-ચોરને સૂવા માટે ખાટલો-ગાદલું વગેરે સૂઈ રહેવા માટેના સાધનો પુરા પાડવા કે આપવા.

(૮) પદભંગ :- ચોર ગયો હોય તે માર્ગે તેના પડેલા પગલાં કોઈના જોવામાં ન આવે તે માટે ગાય-ભેંસો આદિને તે માર્ગે ચલાવીને કે અન્ય રીતે ચોરનાં પગલાં ભૂસી નાંખવા.

(૯) વિશ્રામ :- ચોરને વિસામા માટે જગ્યા આપવી.

(૧૦) પાદપતન :- ચોરને પ્રણામ-નમસ્કાર વગેરે કરવા, તેના પગે પડવું. એ રીતે તેનું ગૌરવ કરવું.

(૧૧) આસન :- ચોરને બેસવા માટે આસન આપવું.

(૧૨) ગોપન :- ચોરને છૂપાવવો. છૂપાવાની જગ્યા આપવી.

(૧૩) ખંડદાન :- ચોરને ખાંડ મિશ્રિત પકવાન્ન વગેરે ખાદ્ય પદાર્થોનું દાન કરવું અર્થાત્ ખવડાવવું-પીવડાવવું.

(૧૪) માહરાજિક :- ચોરને ઉજાણી-મિજબાની આદિ આપવા દ્વારા તેને વધારે પડતું માન આપવું.

(૧૫) પદ્ય :- ચોરના પગનો થાક ઉતારવા માટે ગરમ પાણી, તેલ વગેરે આપવા કે અપાવવા.

(૧૬) અગ્નિ :- ચોરને રસોઈ પકાવવા માટે, શીત પ્રકોપથી બચવા માટે ઇત્યાદિ કારણે અગ્નિ આપવો.

(૧૭) ઉદક :- ચોરને ખુશ કરવા, સ્નાનાદિ કરવા ઇત્યાદિ કારણોથી શીતળ કે ઉષ્ણ જલ (પાણી) પુરું પાડવું.

(૧૮) રજ્જુ :- ચોરે લાવેલ ગાય, ભેંસ આદિ ઢોરોને બાંધવા માટે કે તેવા અન્ય કોઈ કારણોથી દોરડાં આપવા કે અપાવવા.

આમાંની કોઈ પણ પ્રવૃત્તિ એ ચોરને ઉત્તેજન આપે છે.

**૦ અદત્તાદાન કે તેના અતિચારના ફળ :-**

– આ વ્રતનો સ્વીકાર નહીં કરવામાં અને વ્રત સ્વીકારીને તેમાં માલીન્ય ઉપજાવવામાં દુર્ભાગીપણું, દાસપણું, દરિદ્રતા, દુર્ગતિ આદિના ભોગવનારા બનવું

પડે છે. ચોરી કરનારા પુરુષો આ ભવમાં પણ ગધેડે બેસાડાય છે, જનતામાં નિંદા પામે, ધિક્કાર પામે અને મરણપર્યન્ત દુઃખ પામે, તેમજ પરભવમાં નારકીના દુઃખો પામે છે, નરકથી નીકળીને ચોરીના જ વ્યસન થકી હણાયેલા પુરુષો હજારો ભવ સુધી માછીમાર, વામણા, લુલા, પાંગળા, બહેરા અને આંધળા થાય છે. (એ પ્રમાણે અર્થદીપિકા-ટીકામાં શ્રી રત્નશેખર સૂરીશ્વરજી જણાવે છે.)

*— આ વ્રતના સંબંધમાં વસુદત્ત અને ધનદત્તની કથા વિસ્તારથી "અર્થદીપિકા" ટીકામાં અપાયેલી છે.*

**૦ ત્રીજા વ્રત ઉપર વંચક શ્રેષ્ઠીનું લઘુ દૃષ્ટાંત :-**

એક ગામમાં ધન નામે શેઠ હતો, ધના શેઠાણી તેની પત્ની હતી. ધનસાર નામે તેને પુત્ર હતો. શેઠનો ધંધો કપટથી ચાલતો હતો. ગામડાનાં અભણ અને ભોળા માણસોને તે દરરોજ છેતરતો હતો. આ પ્રમાણે તેણે ઘણું ધન પ્રાપ્ત કરેલું હતું. પણ તે અનીતિનું ધન તેની પાસે ટકતું ન હતું. એવામાં કોઈ શ્રાવકપુત્રીના લગ્ન ધનશેઠના પુત્ર ધનસાર સાથે થયા. શેઠના ઘર અને દુકાન પાસે પાસે હતા. હવે તે શેઠ માલ વેચવાના શેરને બદલે પોણો શેર રાખતો અને માલ ખરીદવાનો શેર સવાશેરનો રાખતો હતો. એ વાત લોકોના ધ્યાનમાં આવતા સૌ તેને વંચક શ્રેષ્ઠીના નામે ઓળખવા લાગ્યા.

જ્યારે પુત્રવધૂની જાણમાં આ વાત આવી ત્યારે તેણે ધનશેઠને કહ્યું કે, છળકપટથી ઉપાર્જન કરેલી લક્ષ્મી આપણા ઘેર ટકશે નહીં તે ચોરી કહેવાય. ન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી જ સ્થિર રહે છે. શેઠે પુત્રવધૂનું વચન માન્ય કર્યું, તેના શુદ્ધ વ્યવહારથી લોકોમાં તે સત્યવાદી ધનશ્રેષ્ઠી નામે પ્રસિદ્ધ થયો. છ માસમાં તેના ઘેર પાંચશેર સોનું શુદ્ધ વ્યવહારથી વધ્યું. પુત્રવધૂના કહેવાથી તેણે સોનાની પાંચશેરી બનાવી. તેના ઉપર પોતાનું નામ કોતરાવીને ધોરી માર્ગ પર રાખી. ત્રણ દિવસ સુધી પણ તે કોઈ લઈ ન ગયું. પછી તળાવમાં નાંખી, ત્યાંથી પણ પાછી આવી.

આ રીતે ખોટાં તોલ-માપ કરતો હતો. ત્યાં સુધી તેનું ધન ટકતું ન હતું, પણ ન્યાય માર્ગથી ઉપાર્જિત શુદ્ધ દ્રવ્યના પ્રભાવે શેઠ ખૂબ જ લક્ષ્મીવંત થઈ મરીને સદ્ગતિએ ગયો માટે આ ત્રીજું અણુવ્રત અતિચારનો ત્યાગ કરીને શુદ્ધ રૂપે પાળવું જોઈએ.

**૦ હવે ગાથા ૧૫ અને ૧૬માં** ચોથા વ્રતનું સ્વરૂપ, તેમાં અતિચાર લાગવાના હેતુ અને પાંચ અતિચારોને જણાવે છે.

**● चउत्थे अणुव्वयंति निच्चं परदार-गमण-विरइओ- ચોથા અણુવ્રતમાં સદા પર સ્ત્રીગમનની વિરતિ થકી–**

૦ चउत्थे - **ચોથા, બાર વ્રતમાં ચોથું વ્રત, પાંચ અણુવ્રતમાં ચોથું.**

૦ अणुव्वयंमि - **અણુવ્રતમાં.** *(અર્થ અને વિવેચન ગાથા-૯ મુજબ પાઠાંતર - अणुव्वयम्मि અને अणुव्वयम्मी.)*

○ निच्चं - નિત્ય, સદા, હંમેશાં

○ परदार-गमन-विरइ - પારકી સ્ત્રી સાથેના ગમનથી અટકવું.

– पर એટલે પારકી, બીજાની, જે પોતાની નથી તેવી.

– दार - સ્ત્રી, પત્ની, ઘરવાળી.

– गमन - ગમન, જવું, વિષયભોગ ભોગવવાં તે.

જે પોતાનું નથી તે 'પર' કહેવાય. અન્ય સર્વે મનુષ્યો, બધાં જ તિર્યંચો અને બધાં જ દેવો તે સર્વે 'પર' - પારકા કહેવાય. તે સર્વેની સ્ત્રીઓ સાથે વિષયભોગ કરતા વિરમવું-અટકવું. તેને 'પરદારગમનવિરતિ' કહેવામાં આવે છે.

અહીં ઉપલક્ષણથી વિચારતા એમ કહેવાય કે જે સ્ત્રી કે પત્ની પોતાની નથી તે સર્વે સ્ત્રી પારકી જ ગણાય. તેથી આ વ્રતનું બીજું નામ "स्वदारा संतोष" વ્રત પણ કહેવાય છે. બીજી રીતે આ વ્રતને "स्थूल मैथुन विरमण व्रत" પણ કહેવાય છે.

મૈથુન સૂક્ષ્મ અને સ્થૂળ એમ બે પ્રકારે છે. તેમાં કામવિકારના ઉદયથી ઇન્દ્રિયો જે અલ્પવિકારી બને તે સૂક્ષ્મમૈથુન અને ઔદારિક શરીરવાળી મનુષ્ય સ્ત્રી, વૈક્રિય શરીરવાળી દેવીઓ (તિર્યંચ સ્ત્રી) નો મન, વચન, કાયા વડે જે સંભોગ તે સ્થૂલ મૈથુન કહેવાય છે – અથવા –

મૈથુનની વિરતિ રૂપ બ્રહ્મચર્ય સર્વથી અને દેશથી એમ બે પ્રકારે છે. મન, વચન, કાયાથી સર્વ સ્ત્રીઓના સંસર્ગ-સંભોગનો સર્વથા ત્યાગ કરવો તે સર્વથી બ્રહ્મચર્ય અને સ્વપત્ની સાથેના સંતોષપૂર્વક બાકી પરસ્ત્રીનો ત્યાગ કરવો તે દેશથી બ્રહ્મચર્ય - અર્થાત્ - મૈથુન વિરમણ કહેવાય છે.

શ્રાવક સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરવામાં અશક્ત હોય તો તે દેશથી બ્રહ્મચર્ય-મૈથુન વિરમણ વ્રતનો સ્વીકાર કરે છે. આ વ્રત સ્વીકારનાર પોતાની પરણેતર પત્ની સિવાયની સર્વે સ્ત્રીઓ, દેવીઓ અને તિર્યંચ સ્ત્રીઓનો ત્યાગ કરે છે.

○ निच्चं परदार० હંમેશને માટે પરસ્ત્રીઓને આશ્રીને - એટલે કે, પોતાની એક કે વધુ પત્ની-સ્ત્રી સિવાયની સર્વ કોઈ મનુષ્ય-દેવ-તિર્યંચની સ્ત્રી સાથે ગમન કરવાની-તેણીનું આસેવન કરવાના કે સંભોગ કરવાની કરેલ વિરતિથી...

જો કે અપરિગૃહીતા દેવીઓ, કેટલીક મનુષ્ય સ્ત્રી વગેરેને કોઈ પરણનાર કે સ્વીકારનાર ન હોવાથી તે "પરસ્ત્રી-પારકાની સ્ત્રી" ગણાતી નથી, તો પણ તે પરજાતિને ભોગ્ય હોવાથી પરદારા જ ગણાય માટે વર્જનીય છે. જ્યારે "સ્વદારાસંતોષી"ને તો પોતાની પરણેલી સ્ત્રી સિવાયની સર્વે સ્ત્રીઓ પરદારા જ છે.

અહીં दारा શબ્દના ઉપલક્ષણથી સ્ત્રીને પણ પરપુરુષનો ત્યાગ એ કથન સમજી જ લેવાનું હોય છે.

● **आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं** - *ગાથાના આ ઉત્તરાર્દ્ધનું વિવેચન પૂર્વેની ગાથા-૯ મુજબ જાણવું.* વિશેષ એ કે અહીં "ચોથા અણુવ્રતને વિશે પ્રમાદના પ્રસંગથી કે અપ્રશસ્ત ભાવમાં વર્તતા મેં જે કોઈ અતિચાર કર્યો હોય" -

તેમ અર્થ સમજવો.

*૦ ચોથા અણુવ્રતને ધારણ કરનારાએ પણ સ્વદારા સંતોષ સહ નીચેના દિવસો કે તિથિઓમાં મૈથુનનો ત્યાગ કરવો આવકાર્ય છે.*

(૧) આઠમ, ચૌદશ આદિ ચારિત્ર તિથિઓ.
(૨) વિશિષ્ટ પર્વતિથિઓ.
(૩) તીર્થંકર પરમાત્માના કલ્યાણકોના દિવસો.
(૪) પર્યુષણા પર્વ અને બંને શાશ્વતી ઓળીઓ.
(૫) સ્ત્રીની સગર્ભાવસ્થા તથા અંતરાયાદિ દિવસો.
(૬) દીવાળી, જ્ઞાન પંચમી, મૌન એકાદશી આદિ પર્વો.
(૭) દિવસનો સમય... ઇત્યાદિ.

**હવે ગાથા-૧૬માં** ચોથા અણુવ્રતના પાંચ અતિચારોને સૂત્રકાર જણાવે છે. તે આ પ્રમાણે–

● **अपरिग्गहिआ** - અપરિગૃહીતા - કુંવારી વિધવા આદિ સ્ત્રી સાથે સંબંધ કરવો તે.

– અપરિગૃહીતા શબ્દ સાથે ગમન શબ્દ જોડવાનો છે. તેથી ચોથા વ્રતના આ પહેલા અતિચારનું નામ થશે-" અપરિગૃહીતાગમન".

– જે પરણેલી સ્ત્રી હોય તે પરિગૃહીતા કહેવાય. જે પરણેલી ન હોય તે અપરિગૃહીતા કહેવાય. તેથી જે કુંવારી કન્યા છે તે અને જે લગ્ન ન કરનારી સ્ત્રીઓ છે, તે સર્વે અપરિગૃહીતા કહેવાય છે.

– અપરિગૃહીતાનો બીજો અર્થ એ પણ છે કે, "જેનો સ્વામી નથી એવી સ્ત્રી. તે અર્થમાં વિધવાઓ પણ અપરિગૃહીતા કહેવાય છે, કેમકે વિધવાઓ પહેલા પરિગૃહીતા હતી, પણ તેના સ્વામી હવે હયાત ન હોવાથી તેઓ પણ અપરિગૃહીતા ગણાશે.

આવી કુંવારી, અપરિણિત કે વિધવા આદિ સ્ત્રીઓ વિશે આ કોઈની સ્ત્રી નથી એવી બુદ્ધિથી ગમન કરવું તે અપરિગૃહીતાગમન નામનો ચોથા અણુવ્રતનો અતિચાર કહેવાય છે.

● **इत्तर** - ઇત્વર, થોડા કાળ માટે ગ્રહણ કરેલી તે.

– 'इत्तर' શબ્દમાં માત્ર 'ઇત્વર' નહીં પણ "ઇત્વર પરિગૃહીતા ગમન" નામે અતિચાર છે. આ ચોથા વ્રતનો બીજો અતિચાર છે.

– ઇત્વર એટલે અલ્પકાળ માટે, અમુક મુદ્દત સુધી ગ્રહણ કરવામાં આવેલી સ્ત્રી તે ઇત્વરપરિગૃહીતા કહેવાય.

– અમુક મુદ્દત માટે કોઈએ ભાડેથી કે મૂલ્ય આપી પોતાને વશ કરીને રાખેલી વૈશ્યા આદિ સ્ત્રી અથવા લગ્ન કર્યા સિવાય અમુક સમય માટે પગારથી, મૂલ્યથી કે અન્ય કોઈ કારણે જે સ્ત્રી કોઈ પુરુષ સાથે રહે તેવી સ્ત્રી ઇત્વરગૃહીતા કહેવાય. એવી સ્ત્રી માટે "આ તો સર્વસાધારણ સ્ત્રી છે" એવી બુદ્ધિથી ગમન કરવું

તે - સંભોગ, સંસર્ગ આદિ કરવા તે ઇત્વરગૃહીતાગમન નામનો અતિચાર છે.

● **अणंग** - અનંગ, મૈથુન અંગ સિવાયના અંગ.

— અહીં 'અનંગ' શબ્દથી 'અનંગક્રીડા' એમ શબ્દ સમજવાનો છે. આ અનંગક્રીડા એ ચોથા અણુવ્રતનો ત્રીજો અતિચાર છે.

— "અનંગ" એટલે કામ. તેને જગાડનારી વિવિધ ક્રીડા તે.

— મૈથુન માટેના અંગ સિવાયની કામ પ્રધાન બીજી બીજી કુચેષ્ટા કે જેનાથી કામ, વિષયેચ્છા, ભોગલાલસા વિશેષ જાગૃત બને તે. જેમકે - ચુંબન, ઓષ્ઠક્ષત, સ્તન આદિનું મર્દન, આલીંગન, દંતક્ષત, નખક્ષત, વિશિષ્ટ સ્થાને કે વિશિષ્ટ પ્રકારે સ્પર્શાદિ કરવા ઇત્યાદિ પ્રવૃત્તિને 'અનંગક્રીડા' કહે છે, તેનાથી લાગતા અતિચાર.

-૦- સ્વદારા સંતોષ વ્રતધારીને તો પરસ્ત્રીના કોઈ પણ અંગો પણ વિકારદૃષ્ટિએ જોવા વગેરે કલ્પતા નથી. કહ્યું છે કે—

"સ્ત્રીનાં ગુપ્ત અંગો જોવામાં, તેનો સ્પર્શ કરવામાં, ગોમૂત્ર ગ્રહણ કરવામાં, કુસ્વપ્ન આવે તેમાં અને ઇન્દ્રિયનું અવલોકન કરવામાં સર્વત્ર યતના રાખે. અર્થાત્ તે સર્વેમાં સરાગતાથી ન વર્તે.

— સ્ત્રીના ગુહ્યઅંગો - સાથળ, મુખ, કાંખ, સાથળના મૂળમાં કે સ્તન વગેરેના અંતરમાં દૃષ્ટિ ન કરવી, દૃષ્ટિ થાય તો ફેરવી લેવી.

— સ્વદારા સંતોષ વ્રત યુક્ત શ્રાવકે પણ પરસ્ત્રીને આશ્રીને બ્રહ્મચર્યની નવ વાડનાં પાલનમાં યત્નશીલ રહેવું. આ નવ વાડો આ પ્રમાણે કહેલી છે—

(૧) વસતિ - પરત્રી, પશુ, નપુંસક રહેતા હોય તે સ્થાને ન રહેવું.

(૨) કથા - સ્ત્રી કથાને સરાગપણે સાંભળવી નહીં.

(૩) નિષદ્યા - સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી સુધી ન બેસવું.

(૪) ઇન્દ્રિય - સ્ત્રીનાં મુખ, ચક્ષુ, ગુપ્તાંગાદિ સરાગપણે જુએ નહીં.

(૫) કુડ્યંતર - ભીંત આદિને અંતરે સૂતેલ યુગલ કામક્રીડાની વાતો કે પ્રવૃત્તિ કરતા હોય તે એકાંતે બેસીને સાંભળે નહીં.

(૬) પૂર્વક્રીડિત - પૂર્વાવસ્થામાં અનિયત કરેલ કામક્રીડા સંભારે નહીં.

(૭) પ્રણીત આહાર - રસપૂર્વક સ્નિગ્ધ આહાર કરે નહીં.

(૮) અતિમાત્ર આહાર - રસવિહિન આહાર પણ વધુ પ્રમાણમાં ન કરે.

(૯) વિભૂષા - શરીર શોભા, તૈલમર્દન, વિલેપન, વ્રત તથા આત્માને હાનિકારક એવું નિષ્પ્રયોજન સ્નાનાદિ ન કરે.

-૦- પરસ્ત્રી વિષયમાં આ 'અનંગક્રીડા' અતિચાર છે, તેવો પણ એક મત છે. પરંતુ આ મતવાળા પણ કહે છે કે, પોતાની જ સ્ત્રી સાથે કામશાસ્ત્રોમાં જણાવેલાં કામના આસનોનું આસેવન કરવું કે અતૃપ્તપણે પુરુષસેવન, નપુંસક સેવન કે હસ્તકર્મ વગેરેનું તુચ્છજનોચિત ક્રીડન કરવું તેમજ કાષ્ઠ, ફલક, માટી, ચામડું વગેરેના બનાવેલા કામ સંબંધી ઉપકરણો વડે શ્રાવકને સર્વથા અનુચિત્ત ક્રીડા કરવી તે 'અનંગક્રીડા' અતિચાર જ છે.

● **परविवाह करण** :- સ્વ પુત્રાદિ સિવાય પારકાના વિવાહાદિ કરવા.

– પોતાનાં દીકરા-દીકરી કે આશ્રિત સિવાય પરના-બીજાના વિવાહ આદિ કરવા તે "પરવિવાહકરણ" નામે ચોથા અણુવ્રતનો ચોથો અતિચાર કહેલો છે.

– "કન્યાદાનનું ફળ મળશે" એવી ઇચ્છાથી અથવા સ્નેહસંબંધ આદિને લીધે પારકા પુત્ર-પુત્રીઓનો વિવાહ કરવો તે "પરવિવાહકરણ અતિચાર" છે. તેને વૃત્તિકાર મહર્ષિ હેતુસહિત જણાવે છે.

સ્વદારા સંતોષી વ્રતધર શ્રાવકે પોતાની સ્ત્રી સિવાય અન્ય કોઈપણ સ્ત્રી જોડે અને પરદારવર્જક વ્રતધર શ્રાવકે પોતાની સ્ત્રી તથા પણ્યાંગના સિવાય અન્ય કોઈપણ સ્ત્રી જોડે મૈથુન નહીં જ કરવાનું વ્રત જ્યારે "મન, વચન, કાયાથી કરું નહીં, કરાવું નહીં" એમ છ કોટીથી લીધું હોય ત્યારે–

પારકા પુત્ર-પુત્રીનો વિવાહ કરે તેમાં તત્ત્વથી તો તેણે તે પરણનારાઓને વિશે મૈથુનનું કારણ ઉભું કર્યું ગણાય તેને આશ્રીને વ્રતનો ભંગ ગણાય છે. પરંતુ "હું તો આ વિવાહ જ કરી આપું છું મૈથુન કરાવતો નથી" એ ભાવનાથી વિવાહ કરવામાં તો વ્રતનું સાપેક્ષપણું હોવાથી વ્રતનો ભંગ થતો નથી.

પોતાના પુત્ર-પુત્રીઓના વિવાહની બાબતમાં પણ જો કોઈ બીજા ચિંતા કરનાર હોય તો "કોઈના વિવાહ કરવો નહીં" એમ સુશ્રાવકે શ્રીકૃષ્ણ અને ચેડા મહારાજાની જેમ નિયમ કરવો ઉચિત છે.

अर्थदीपिका માં ત્યાં સુધી જણાવેલ છે કે, પોતાની સ્ત્રી દરેક રીતે અનુકૂળ હોય છતાં પૂરતાં સંતોષના અભાવથી બીજી સ્ત્રી જોડે પોતે વિવાહ કરે તેવા "સ્વદારાસંતોષી" શ્રાવકને પરવિવાહકરણ નામે અતિચાર લાગે છે.

● **तिव्वअणुरागे** - તીવ્ર અનુરાગ, કામભોગની તીવ્ર અભિલાષા કરવી તે અથવા તીવ્ર આસક્તિ રાખવી તે.

– तिव्व એટલે તીવ્ર, અત્યંત, ગાઢ.

– अणुराग - એટલે વિષયભોગની આસક્તિ, કામભોગાભિલાષ.

– કામ એટલે ઇન્દ્રિયોના પાંચ વિષયોમાંના શબ્દ અને રૂપ એ બે વિષયો કે જે દૂરથી ઉપયોગમાં લઈ શકાય છે તે.

ભોગ એટલે ઇન્દ્રિયોના પાંચ વિષયોમાંના રસ, ગંધ, સ્પર્શ એ ત્રણે કે જેનો સ્પર્શીને ઉપયોગમાં કરી શકાય તે ભોગ.

આવા કામ-ભોગને વિશે તીવ્ર આસક્તિ રાખવી તે.

આવા તીવ્ર અનુરાગને લઈને મૈથુન કર્યા પૂર્વે કે પછી પણ સ્ત્રીનાં મુખ, કાખ, ગુહ્ય પ્રદેશ વગેરે લાંબો કાળ આલિંગન પૂર્વક સેવ્યા કરે અથવા તો કેશ ખેંચવા, પ્રહાર કરવા, દંતક્ષત કરવા, નખક્ષત કરવા વગેરે વડે કામને ઉત્તેજિત કરે અથવા તો કામવૃદ્ધિ કરનારી ઔષધીઓ વાપર્યા કરે તે સર્વે અતિચારરૂપ કહેલ છે.

**૦ આ વ્રતની વ્યાખ્યાને આશ્રીને અતિચાર ભેદ :-**

સ્થૂળ મૈથુનથી વિરમવા વિષયક આ વ્રતનું ગ્રહણ બે પ્રકારે થાય છે અથવા

તો આ વ્રતની વ્યાખ્યા બે ભિન્ન રીતે થાય છે–

(૧) સ્વદાર સંતોષ વ્રત (૨) પરદારગમન વિરતિ

પરદારગમન વિરતિધર શ્રાવકને માટે તો અહીં બતાવ્યા છે તે અપરિગૃહીતાગમન આદિ પાંચે અતિચાર લાગે તેમ જાણવું.

સ્વદારસંતોષ વ્રતધરને માટે આ પાંચ અતિચારમાં ત્રણ કે ચાર કે પાંચ અતિચાર સંભવે છે. તે આ પ્રમાણે–

(૧) તેને અપરિગૃહીતા ગમન અને ઇત્વરપરિગૃહીતા ગમન એ બંને અનાચાર કે વ્રતભંગરૂપ જ ગણ્યા છે. છેલ્લા ત્રણ અતિચાર તેના માટે અતિચારરૂપ ગણેલ છે.

(૨) જો થોડા કાળ માટે કોઈ પણ્યાંગના આદિ સ્ત્રીને વેતન આપીને પોતાની સ્ત્રી રૂપે સ્વીકારેલ હોય અને પોતાની સ્ત્રી હોવાની બુદ્ધિએ તેણીની સાથે ગમન કરેલ હોય તો "ઇત્વરપરિગૃહીતા ગમન" પણ સ્વદારસંતોષ વ્રતધર શ્રાવકને માટે અતિચારરૂપ જ ગણાય.

(૩) જે રીતે સુદર્શન શેઠ પર કપિલાએ હુમલો કર્યો તે પ્રમાણે અજાણપણે જ અચાનક કોઈ સ્ત્રી આક્રમણ કરે અને તેવા કારણથી પરસ્ત્રીગમન થઈ જાય તો સ્વદારસંતોષ વ્રતધર શ્રાવકને માટે અપરિગૃહીતા ગમન પણ અતિચારરૂપ જ ગણાય.

આ જ રીતે સ્ત્રીઓને માટે પણ ત્રણ, ચાર કે પાંચ અતિચારો અતિચારરૂપ સંભવે છે. કેમકે છેલ્લા ત્રણ અતિચાર તો "સ્વપુરુષ સંતોષ" વ્રતધારી શ્રાવિકાને ગણાય જ છે. તુદપરાંત સુજ્યેષ્ઠા જે રીતે વિદ્યાધરની માયાનો ભોગ બન્યા તે રીતે અજાણપણે કોઈ પુરુષ સાથે ગમન થઈ જાય તો પહેલો અતિચાર લાગે. શોક્યનો વારો હોવા છતાં તેના વારામાં પોતે સ્વપતિ સાથે ગમન કરે તો તે સ્ત્રીને બીજો અતિચાર લાગે. એ રીતે પાંચે અતિચાર સંભવે છે.

● **चउत्थवयस्स-इआरे पडिक्कमे देसिअं सव्वं** - દિવસ સંબંધી લાગેલા ચોથા વ્રતના સર્વે અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું.

*(આ ગાથાનો અર્થ અને વિવેચન ગાથા-૨ અને ૩ મુજબ જાણવું)*

**૦ પરદારગમન પાપનાં માઠાં ફળો :-**

સ્થૂળ મૈથુન વિરમણ વ્રત બે રીતે ગ્રહણ થાય – (૧) સ્વદારસંતોષ વ્રત અને તે લેવાની અશક્તિ હોય તો (૨) પરદારની વિરતિ.

પરદારા ગમનનાં પાપથી આ ભવમાં પણ વધ, બંધન, ઊંચે લટકાઈને મરવું, નાક કપાવું, ધનનો નાશ થવો વગેરે ઘણી કદર્થના થાય છે. વળી આવા પરદારાગમનરત માણસોને પરભવમાં નારકીમાં પણ શાલ્મલી વૃક્ષના તીક્ષ્ણ અણીદાર કાંટાને આલિંગન કરવું વગેરે બહુ પ્રકારે દુઃસહ દુઃખની પ્રાપ્તિ થાય છે.

ખરાબ શીલવાળા માણસો, મરીને પરભવે ઇન્દ્રિયો છેદાયેલ, નપુંસકો, કુરૂપા, દુર્ભાગી, ભગંદરના રોગવાળા, વૈધવ્ય કે બાળ વૈધવ્યયુક્ત, વંધ્ય, મૃત

બાળકને જન્મ દાતા આદિ થાય છે.

*(✱ શીલવ્રત માટે શીલવતીની વિશાળ કથા અર્થદીપિકામાં શ્રી રત્નશેખર સૂરિજીએ નોંધેલી છે, તે જોવી)*

**૦ ચોથા વ્રત સંદર્ભમાં નાગિલનું લઘુ દૃષ્ટાંત :-**

મહાપુર નગરે ભોજરાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં લક્ષ્મણ નામે જૈન શ્રેષ્ઠી હતો, તેને નંદા નામે યુવાન અને સુંદર પુત્રી હતી. તે યુવાન થઈ ત્યારે તેણીએ પ્રતિજ્ઞા કરી કે, જે દીવે કાજલ ન હોય, જેની વાટ ખૂટે નહીં, જે હંમેશાં સ્થિર રહે, જ્યાં તેલ ન ખૂટે - એવો દીવો જેના ઘેર હશે તે પુરુષને હું પરણીશ. આ પ્રતિજ્ઞા તે નગરના નાગિલ નામના જુગારીએ સાંભળી. તે નાગિલે વિરૂપાક્ષ યક્ષની સાધના કરી યક્ષે નાગિલને ત્યાં નંદાની પ્રતિજ્ઞા મુજબનો દીવો કર્યો. શેઠે નંદાને નાગિલ સાથે પરણાવી. નાગિલ જુગારમાં રોજ દ્રવ્ય હારી જવા લાગ્યો. શેઠના આપેલા દ્રવ્યથી તે ફરી જુગાર રમતો અને બીજી સ્ત્રી સાથે વિષય સુખ ભોગવીને પાછો આવતો. તો પણ નંદા તેનો આદર કરતી.

કોઈ વખતે જ્ઞાની ગુરુને નાગિલે પૂછયું કે શું મારી પત્નીને મારા ઉપર સ્નેહ નથી કે જેથી મારા દુર્ગુણોને સહન કરી લે છે - ગુરુ મહારાજે તેને સત્ય સમજાવ્યું. તેથી બોધ પામીને તેણે સ્વદારા સંતોષ વ્રત સ્વીકાર્યું. વિવેકી બન્યો. ઘેર આવી સ્નાન કરી જિનેશ્વર દેવની પૂજા કરી, સુપાત્ર દાન કર્યું. તેના વિવેક-વિનય જોઈને નંદા તેના તરફ સ્નેહભાવ ધરવા લાગી. કોઈ વખતે નંદા પિયર ગયેલી. કોઈ વિદ્યાધરીએ નાગિલને જોયો, તેના રૂપમાં મોહિત થઈ ગઈ. તે વિદ્યાધરીએ અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગ કર્યા પણ નાગિલને તેના ચોથા અણુવ્રતમાંથી ચલિત કરી શકી નહીં.

નાગિલે આ પ્રસંગથી વૈરાગ્ય પામી પોતાના હાથે મસ્તકના વાળનો લોચ કર્યો. શાસનદેવતાએ વેશ આપ્યો. પછી નંદા સાથે ગુરુમહારાજ પાસે દીક્ષા લીધી. કાળક્રમે ભવાંતરે મોક્ષે ગયા.

**હવે ગાથા ૧૭ અને ૧૮માં** પાંચમાં અણુવ્રતનું સ્વરૂપ, તેના અતિચારનો હેતુ અને પાંચ અતિચારોને જણાવે છે –

● **इत्तो अणुव्वए पंचमंमि** - એ પછી પાંચમાં અણુવ્રતને વિશે.

૦ इत्तो - અહીંથી, હવે, એ પછી (ચોથા અણુવ્રત પછી)

૦ अणुव्वए - અણુવ્રતને વિશે, અનુવ્રતને વિશે

*– આ શબ્દનું વિવેચન ગાથા-૮માં જોવું.*

૦ पंचमंमि - પાંચમા, બાર વ્રતમાં પાંચમું વ્રત, પાંચ અણુવ્રતોમાં પણ પાંચમું અણુવ્રત. (તેના વિશે.)

● **आयरियमप्पसत्थंमि०** - અપ્રશસ્ત ભાવનો ઉદય થવાથી અતિક્રમણાદિ કારણે અતિચાર-યોગ્ય પ્રવૃત્તિ થઈ હોય.

– માઠા ભાવ વડે કોઈ આચરણ થયું હોય.

*(આ પદના વિવેચન માટે ગાથા-૯નું વિવેચન જોવું)*

● **परिमाण-परिच्छेए** - પરિમાણના પરિચ્છેદને વિશે.

– પરિગ્રહના પરિમાણની મર્યાદાને વિશે. પરિગ્રહના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી.

– માન એટલે માપવું, તેને યોગ્ય રીતે માપવું તે परिमाण એટલે કે નિયત કરેલ માપ અથવા નિર્ધારીત મર્યાદા.

– પાંચમું અણુવ્રત પરિગ્રહનું પ્રમાણ કે મર્યાદા નક્કી કરવા માટે છે. તેને સ્થૂળ પરિગ્રહ વિરમણ પણ કહે છે અને "પરિગ્રહ પરિમાણ વ્રત" પણ કહે છે. તેનો परिच्छेद એટલે મર્યાદાનું ઉલ્લંઘન કરવું તે.

પરિગ્રહ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે છે. તેમાં ધન-ધાન્ય આદિ નવ પ્રકારે બાહ્ય પરિગ્રહ છે - જે હવે પછીની ગાથા-૧૮માં જણાવેલ છે અને ચૌદ પ્રકારે અભ્યંતર પરિગ્રહ છે, જેને સંક્ષેપમાં રાગ-દ્વેષાદિ પરિગ્રહ કહે છે. પણ અહીં પરિગ્રહ પરિમાણના અર્થમાં બાહ્ય પરિગ્રહનો અધિકાર જ ચાલે છે. તેને આશ્રીને જ વ્યાખ્યા છે.

જીવનની જરૂરિયાત માટે ગૃહસ્થો ધન, ધાન્ય, મકાન આદિ કેટલોક પરિગ્રહ આવશ્યક છે, પણ તે બધું "પર" છે એવી બુદ્ધિ શ્રાવકોએ રાખવી જોઈએ. જેથી લોભ, તૃષ્ણા કે આસક્તિ ઘટે. વ્રતધારી શ્રાવકો તે માટે પોતાની બધી જ માલમિલ્કતની મર્યાદા નક્કી કરે છે. આ વ્રતને 'પરિગ્રહ પરિમાણ વ્રત' કહે છે. જેને માટે ઉપાસકદશા નામના આગમ સૂત્રમાં 'ઇચ્છાવિધિ-પરિમાણ' નામ નોંધાયેલ છે.

પરિગ્રહ એ આરંભ, સમારંભ, હિંસાદિનું કારણ બને છે, તેથી નરકગતિની પ્રાપ્તિના ચાર કારણોમાં "મહાપરિગ્રહ" પણ એક કારણ કહેલું છે. પરિગ્રહની મૂર્છા જૂઠ અને અદત્તના પાપ પણ કરાવે છે. માયા અને કલહને પણ નિમંત્રણ આપે છે. આવા અનેક કારણોથી પરિગ્રહનું પરિમાણ નક્કી કરવા રૂપ વ્રતને સ્થાન અપાયેલ છે.

● **इत्थ पमायप्पसंगेणं** - અહીં પ્રમાદાદિના પ્રસંગથી...

*(આ પદનું વિવેચન ગાથા-૯ના "વિવેચન"માં જોવું.)*

– પાંચમાં અણુવ્રતમાં પરિગ્રહનું પરિમાણ નક્કી કરાય છે. આ પરિમાણ-મર્યાદામાં કોઈપણ પ્રકારે પ્રમાદના પ્રસંગથી લોભાદિને વશ થઈને કંઈ વિરુદ્ધ આચરણ થયું હોય - અતિચાર લાગ્યા હોય તેનું અહીં પ્રતિક્રમણ કરવાનું છે.

○ **હવેની ગાથા-૧૮માં** બાહ્ય પરિગ્રહના નવ ભેદો તથા તેમાં લાગતા અતિચારોના પ્રતિક્રમણને જણાવે છે–

*અહીં વિવેચનમાં થોડો પદ્ધતિ બદલાવ કર્યો છે. પહેલા ગાથાર્થ, પછી રહસ્યાર્થ, પછી અતિચાર કઈ રીતે અને પછી શબ્દોની વ્યાખ્યા. ગાથાના સ્પષ્ટીકરણ અને સમજણ માટે અમને ફેરફાર જરૂરી લાગ્યા છે–*

**धण** - ધન, **धन्न** - ધાન્ય, **खित्त** - ક્ષેત્ર (ભૂમિ)
**वत्थु** - વાસ્તુ (ઘર), **रुप्प** - રૂપું **सुवन्न** - સુવર્ણ
**कुविअ** - કુપ્ય (કાંસુ, લોઢું આદિ સર્વે ધાતુઓ)
**दुपअ** - દ્વિપદ (મનુષ્ય) **चउप्पय** - ચતુષ્પદ (પ્રાણી)

આ નવ પ્રકારના પરિગ્રહની સાથે સૂત્રમાં 'कुविअ' શબ્દ પછી **परिमाण** શબ્દ જોડેલો છે. આ 'પરિમાણ' શબ્દ આ નવે શબ્દો સાથે જોડવાનો છે. જેમકે 'ધણપરિમાણ', 'ધન્નપરિમાણ', 'ખિત્તપરિમાણ' એ પ્રમાણે.

અને છેલ્લે નોંધ્યું છે. **पडिक्कमे देसिअं सव्वं** - દિવસ સંબંધી લાગેલા અતિચારનું હું પ્રતિક્રમણ કરું છું.

અહીં સૂત્રનો શબ્દાર્થ માત્ર જોઈએ તો ધનનું પરિમાણ, ધાન્યનું પરિમાણ, ક્ષેત્રનું પરિમાણ એવા જ અર્થો નીકળશે. માત્ર "પરિમાણ" શબ્દથી તો "નિયમ" એટલો જ અર્થ થાય છે. તો 'નિયમ'માં પ્રતિક્રમણ કઈ રીતે સંભવે ?

જો નિયમનું ઉલ્લંઘન થાય, નિયમનો અતિક્રમ થાય, નિયમના પાલનમાં દોષ લાગે તો આવા-આવા કારણોથી જ 'પ્રતિક્રમણ' કરવું જરૂરી બને. કેમકે નિયમ લેવાનું પ્રતિક્રમણ ન હોય પણ નિયમમાં ભૂલ થાય તેનું પ્રતિક્રમણ હોય. એ અર્થને સ્પષ્ટ કરવા માટે 'પરિમાણ' શબ્દથી (प्रमाण શબ્દથી) 'પ્રમાણાતિક્રમ' એ પ્રમાણે શબ્દ સમજવાનો છે.

દિવસ સંબંધી એ સર્વે દોષોનું હું પ્રતિક્રમણ કરું છું એમ કહ્યું, પણ તે દોષોના નામ કયા છે ?

(૧) ધન પ્રમાણાતિક્રમ (૨) ધાન્ય પ્રમાણાતિક્રમ
(૩) ક્ષેત્ર પ્રમાણાતિક્રમ (૪) વાસ્તુ પ્રમાણાતિક્રમ,
(૫) રૂપ્ય પ્રમાણાતિક્રમ, (૬) સુવર્ણ પ્રમાણાતિક્રમ,
(૭) કુપ્ય પ્રમાણાતિક્રમ (૮) દ્વિપદ પ્રમાણાતિક્રમ
(૯) ચતુષ્પદ પ્રમાણાતિક્રમ - એ નવ દોષ જાણવા.

૦ **પ્રશ્ન :-** અહીં પ્રશ્ન એ થાય કે પરિગ્રહ પરિમાણ વ્રતના અતિચારો પાંચ કહેવાય છે, અહીં ભેદ નવ જણાવ્યા છે, તો પછી પાંચ અતિચારની ગણના કઈ રીતે કરવી ?

— **સમાધાન :-** આ નવની ગણના જ પાંચમાં કરેલી છે. તે આ રીતે –
(૧) ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ
(૨) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ
(૩) રૂપ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ
(૪) કુપ્ય-પ્રમાણાતિક્રમ
(૫) દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ
આ પ્રકારે પાંચ અતિચાર સંબંધી પ્રતિક્રમણ કરવું.

***આટલા સ્પષ્ટીકરણ પછી હવે પ્રત્યેક શબ્દોનું વિવેચન કરીએ–***

● **धन** - ધન ચાર પ્રકારે કહ્યું છે.

(૧) ગણિમ, (૨) ધરિમ, (૩) મેય, (૪) પરિચ્છેદ્ય

આ ચારે ભેદોનું વર્ણન આ પ્રમાણે છે–

(૧) ગણિમ :- જે વસ્તુઓ ગણીને લેવાય તે. જેમકે - રોકડ, સોપારી, શ્રીફળ વગેરે સર્વે ગણિમ-ધન કહ્યું છે.

(૨) ધરિમ :- જે વસ્તુઓ ધારીને-તોલીને લેવાય તે. જેમકે - ગોળ, સાકર ઇત્યાદિ વસ્તુઓને ધરિમ-ધન કહ્યું છે.

(૩) મેય :- જે વસ્તુઓ માપીને કે ભરીને લેવાય, તે મેય. જેમકે - ઘી, તેલ, કાપડ વગેરે તે મેય-ધન કહ્યું છે.

(૪) પરિચ્છેદ્ય :- જે વસ્તુ કસીને કે છેદીને લેવાય તે. જેમકે - સુવર્ણ, રત્ન ઇત્યાદિ. તે પરિચ્છેદ્ય-ધન કહ્યું છે.

● **धन्न** - ધાન્ય, આ ધાન્યના ૨૪ ભેદો કહ્યા છે –

(૧) જવ, (૨) ઘઉં, (૩) શાલી, (૪) વ્રીહિ-ડાંગર, (૫) સાઠીચોખા, (૬) કોદરા, (૭) જુવાર, (૮) કાંગ, (૯) રાલક, (૧૦) તલ, (૧૧) મગ, (૧૨) અડદ, (૧૩) અળસી, (૧૪) ચણા, (૧૫) મકાઈ, (૧૬) વાલ, (૧૭) મઠ, (૧૮) ચોળા, (૧૯) મકાઈ, (૨૦) મસૂર, (૨૧) તુવર, (૨૨) કળથી, (૨૩) ધાણા, (૨૪) વટાણા.

– ધાન્યના ૧૭ ભેદોના નામો પણ ગ્રંથમાં જોવા મળે છે.

(૧) શાલી, (૨) જવ, (૩) ડાંગર, (૪) કોદરા, (૫) રાલક, (૬) તલ, (૭) મગ, (૮) અડદ, (૯) ચોળાં, (૧૦) ચણા, (૧૧) તુવેર, (૧૨) મસૂર, (૧૩) કળથી, (૧૪) ઘઉં, (૧૫) વાલ, (૧૬) અળસી, (૧૭) શણ–(એક પ્રકારનું ધાન્ય છે.)

– અથવા તે તે દેશપ્રસિદ્ધ ધાન્યો અનેક પ્રકારના છે.

○ **धण-धन्न पमाणाइक्कम** - ધન, ધાન્ય પ્રમાણાતિક્રમ.

આ રીતે વિવિધ પ્રકારના ધન અને ધાન્યોમાંથી અમુક જ ધન-ધાન્ય પોતાના ઉપયોગ માટે છૂટાં રાખવા, પણ તેથી વધારે ધન-ધાન્યનો ઉપયોગ ન કરવો તેને ધન-ધાન્ય પરિગ્રહ પરિમાણ કહે છે.

આ રીતે ધન-ધાન્ય પ્રમાણનો નિયમ કર્યા પછી તે મર્યાદાનું પ્રમાદથી કે અપ્રશસ્ત ભાવથી ઉલ્લંઘન થઈ જાય તો તે ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ નામનો પાંચમાં અણુવ્રતનો પહેલો અતિચાર છે.

○ ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ થવાના સંભવિત કારણો :-

– ધન અને ધાન્યરૂપ પરિગ્રહના રાખેલ પ્રમાણ કરતા કાળાંતરે પીઠ કે વ્યાજ વધી જવાથી તે પરિગ્રહ વધી ગયો જોઈને પોતાના દેવાદારો પાસે જ પોતાનું તે વધારાનું ધન કે ધાન્ય રહેવા દે અને તે દેવાદારોએ પોતાને આપવાની રકમો, પોતાની પાસેનાં આગળનાં ધન કે ધાન્યની લેવડદેવડ થઈ જાય ત્યાં સુધી

દેવાદારોને ઘેર જ રાખી મૂકે, અથવા તે તે લેણી વસ્તુઓની કિંમત વધી જાય ત્યારે જો તે ભાવે ઘરમાં લાવે તો પરિગ્રહનું પ્રમાણ વધી જતું હોવાની બીકે દેવાદાર પાસેથી "હું તમને જ આપીશ" એવું ખાત્રીસૂચક બહાનું લઈ લે. અથવા કોઠારોની સંખ્યાનું પ્રમાણ નક્કી કર્યું હોય તો તે કોઠારો પહોળા બનાવી દે.

આ સર્વે સ્થિતિમાં 'ધનધાન્ય પ્રમાણાતિક્રમ' અતિચાર લાગે.

*હવે પાંચમાં અણુવ્રતના બીજા અતિચારને જણાવે છે–*

● **खित्त** - ક્ષેત્ર - ધાન્ય ઉપજવાની ભૂમિ.

— આ ક્ષેત્રના ત્રણ ભેદ કહ્યા છે – (૧) સેતુ, (૨) કેતુ, (૩) તદુભવ.

(૧) સેતુક્ષેત્ર :- જેમાં રેંટ, કોસ વગેરેથી પાણી કાઢીને જ્યાં ધાન્યાદિ નિપજાવી શકાય તેવા ક્ષેત્રને સેતુ ક્ષેત્ર કહે છે.

(૩) કેતુક્ષેત્ર - જ્યાં વરસાદના પાણીથી જ ધાન્ય નિપજાવી શકાય તેવા ક્ષેત્રને કેતુ ક્ષેત્ર કહે છે.

(૩) તદુભય ક્ષેત્ર :- જ્યાં સેતુ અને કેતુ બંને પ્રકારે ધાન્યાદિ પાકે તેવા ક્ષેત્રને તદુભય ક્ષેત્ર કહે છે.

● **वत्थु** - વાસ્તુ. ઘર, હાટ, હવેલી વગેરે બાંધકામવાળી જગ્યાઓ.

— વાસ્તુના ત્રણ ભેદ છે – (૧) ખાત, (૨) ઉચ્છ્રિત, (૩) ખાતોચ્છ્રીત.

(૧) ખાતગૃહ :- ભૂમિની અંદર જે બાંધકામ કરીને ભોયરું - ટાંકુ વગેરે બનાવાય તેને ખાતગૃહ કહે છે.

(૩) ઉચ્છ્રિતગૃહ - ભૂમિની ઉપર જે બાંધકામ કરીને પ્રાસાદ વગેરે બનાવાય તેને ઉચ્છ્રિતગૃહ કહે છે.

(૩) ખાતોચ્છ્રિત ગૃહ :- જેમાં ભૂમિની અંદર ભોંયરુ અને ભૂમિની ઉપર મકાન-પ્રાસાદાદિ બનાવાયા હોય તે ખાતોચ્છ્રિત ગૃહ કહેવાય છે.

● **खित्त-वत्थु पमाणाइक्कम** - ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ–

આ ત્રણ પ્રકારના ક્ષેત્રો (ભૂમિ કે ખેતર) અને ત્રણ પ્રકારના વાસ્તુ (મકાન, દુકાન) એ છ પ્રકારોમાંથી પોતના થકી અમુક જ ક્ષેત્ર અને વાસ્તુ રાખી તેથી વધારાના પરિગ્રહનો ત્યાગ કરવો, તેને "ક્ષેત્ર-વાસ્તુપ્રમાણ" કહેવામાં આવે છે. આ ક્ષેત્ર અને વાસ્તુના પરિગ્રહનું પ્રમાણ-મર્યાદાથી કંઈ અતિક્રમણ થાય કે આ મર્યાદાનું કોઈ રીતે ઉલંઘન થઈ જાય તો તેને ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ નામનો અતિચાર કહેવાય છે.

○ ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમના સંભવીત કારણો–

જ્યારે ક્ષેત્ર-વાસ્તુના પ્રમાણનો નિયમ લીધો હોય અને તેટલા પ્રમાણવાળો પરીગ્રહ પૂર્ણ થઈ જાય, ત્યારપછી તેમાં સરહદો ભૂંસાઈ જવાથી કે વચ્ચેની દીવાલ પડી જવાથી કે એવા અન્ય કારણોથી લીધેલા નિયમની સંખ્યા કે મર્યાદા ઓળંગાઈ જાય છે. ત્યારે પાંચમા અણુવ્રતનો આ બીજો અતિચાર લાગે છે.

જો વ્યક્તિ પોતે લોભાદિ અપ્રશસ્ત ભાવોને વશ થઈને ક્ષેત્ર કે ઘરની

લગોલગનું ક્ષેત્ર કે ઘર વેચાતું લઈ વચ્ચેની વાડ કે ભીંતને ખસેડીને પોતાના ક્ષેત્ર કે ઘર સાથે જોડી દઈને એકજ ક્ષેત્ર કે ઘર વગેરે ગણી સંખ્યાની દૃષ્ટિએ પોતાનો નિયમ જાળવી રાખે તો પણ તે ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમનો અતિચાર સેવે છે.

*હવે પાંચમાં અણુવ્રતના ત્રીજા અતિચારને જણાવે છે–*

● **रूप्य** - રૂપ્ય એટલે રૂપું, રજત અથવા ચાંદી.

● **सुवण्ण** - સુવર્ણ એટલે સોનું.

● **रूप्प-सुवण्ण पमाणाइक्कम** - ચાંદી અને સોનાને કિલો કે તોલામાં ગણતરી કરીને અમુક કિલો ચાંદી અને અમુક તોલા સોનું માલિકીભાવથી પોતા પાસે રાખવું અને તેનાથી વધારાના ચાંદી અને સોનાના પરિગ્રહનો મારે ત્યાગ - એવો જે નિયમ કરવો તેને "રૂપ્ય-સુવર્ણ પ્રમાણ" કહેવામાં આવે છે. આ રૂપ્ય-સુવર્ણના પરિમાણ કે મર્યાદાના નિયમનું કોઈ રીતે અતિક્રમણ કે ઉલ્લંઘન થાય તેને "રૂપ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ નામનો અતિચાર કહેવાય છે. જે પાંચમાં અણુવ્રતનો ત્રીજો અતિચાર છે.

○ રૂપ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમના સંભવીત કારણો :-

જ્યારે પોતે નક્કી કરેલ મર્યાદા જેટલું સોનું-ચાંદી થઈ ગયા હોય ત્યારે તેનાથી વધારે સોનું-ચાંદી પ્રમાદથી આવી જાય કે લોભાદી અપ્રશસ્ત ભાવે સોનું-ચાંદી વધારવા આસક્તિ ઉત્પન્ન થાય, તે વખતે આ સોનું-ચાંદી પોતાના નથી એમ ગણાવવાના ખ્યાલથી સ્ત્રી-પુત્રાદિ પરિવારને આપી દેવાથી રૂપ્ય-સુવર્ણના પ્રમાણાતિક્રમનો અતિચાર થાય છે.

આ રીતે પ્રમાદથી થતી ભૂલ-ચૂક કે અપ્રશસ્ત ભાવથી બીજાના નામે ચડાવી દેવાથી પ્રમાણની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. જેને અતિચાર કહેવામાં આવે છે.

*હવે પાંચમાં અણુવ્રતના ચોથા અતિચારને જણાવે છે–*

● **कूविअ** - કૂપ્ય-સામાન્ય ધાતુઓ.

– સોના, ચાંદી સિવાયની સર્વ ધાતુનો સમાવેશ કુપ્યમાં થાય છે.

– સામાન્ય ધાતુ એટલે કાંસુ, લોઢું, તાંબુ, કલાઈ, પીત્તળ, સીસુ, એલ્યુમીનીયમ ઇત્યાદિ સર્વે.

– ઉપલક્ષણથી અહીં માટીના વાસણો, વાંસ, કાષ્ઠ, હળ, ગાડાં, શસ્ત્ર, ખાટ-ખાટલા, ખાટલી, ગાદલા વગેરે ઘરવખરી અર્થાત્ ઘરના બધાં રાચરચીલાનો સમાવેશ પણ તેમાં કરવામાં આવેલ છે. જેથી વાસણ-કુસણ, રાચ-રચીલું, ઉઠવા-બેસવા, સુવાની સર્વે વસ્તુઓ આ બધાંનો સમાવેશ કુપ્યમાં થઈ જાય છે.

○ **कुविअ पमाणाइक्कम** - કૂપ્ય પ્રમાણાતિક્રમ

કૂપ્યમાં સમાવાતી સર્વે વસ્તુ અમુક નિર્ધારીત પ્રમાણ કરતા વધારે રાખવી નહીં તેને "કૂપ્ય-પરિમાણ" કહે છે. તે મર્યાદાના પ્રમાણ પ્રમાદને કારણે ભૂલ-ચૂકથી કે અપ્રશસ્ત ભાવોને વશ થઈને થઈ ગયું હોય તો "કૂપ્ય પ્રમાણાતિક્રમ" નામનો અતિચાર લાગે છે. આ અતિચાર પાંચમાં પરિગ્રહપરિમાણ વ્રતનો ચોથો

અતિચાર છે.

૦ કૂપ્ય પ્રમાણાતિક્રમના સંભવિત કારણ –

જ્યારે આ ઘરવખરી કે વાસણ-કુસણનું સંખ્યા પ્રમાણ વધી જાય ત્યારે તેની સંખ્યા નિયત કરવા થાળી-વાટકાં વગેરે ગળાવીને કે વેચી દઈને વધુ વજનદાર કે મોટા બનાવી દેવામાં આવે, સુવાના સાધનોનો વિચાર કરીએ તો સીંગલ બેડને બદલે ડબલ બેડના પલંગો બનાવીને સંખ્યા સરભર કરી દે, ફર્નીચર આદિમાં પણ આવા ફેરફારો કરી સંખ્યા-મર્યાદા જાળવી લે તો અતિચાર થાય.

*હવે પાંચમાં અણુવ્રતના પાંચમાં અતિચારને કહે છે–*

● **दुपय** - દ્વિપદ, બે પગવાળાં - મનુષ્ય, પક્ષી વગેરે.

– 'દ્વિ' એટલે બે, ''પદ'' એટલે પાદ કે પગ જેને છે તે દ્વિપદ કહેવાય. તેમાં માણસો અને પક્ષીઓનો સમાવેશ થાય છે. તેથી દાસ, દાસી, નોકર, ચાકર, ઘાટી, રસોઈયા, ડ્રાઈવર, ગુમાસ્તા, વાણોત્તર, કામવાળા ઇત્યાદિ બધાં પ્રકારના મનુષ્યો તથા મેના, પોપટ, બુલબુલ, તેતર, મોર, કાગડા, કબુતર, કુકડા, હંસ ઇત્યાદિ અનેક પક્ષીઓનો સમાવેશ દ્વિપદમાં થઈ જશે.

● **चउप्पय** - ચતુષ્પદ, ચાર પગવાળા-પ્રાણીઓ.

– 'ચતુર્' એટલે ચાર, 'પદ' એટલે પાદ કે પગ જેને છે તે સર્વે ચતુષ્પદ કહેવાય છે. જેમાં ગાય, બળદ, ભેંસ, પાડા, ઘોડા, ઉંટ, બકરા, ઘેટા, હાથી, કુતરા, બિલાડા, સસલા આદિનો સમાવેશ થાય છે.

– ચતુષ્પદના પ્રસિદ્ધ દશ ભેદો આ પ્રમાણે ગ્રંથકારે કહ્યા છે–

(૧) ગાય, (૨) ભેંસ, (૩) ઉંટડી, (૪) બકરી, (૫) ઘેટા, (૬) જાત્ય અશ્વ, (૭) ખચ્ચર, (૮) દેશી અશ્વો, (૯) ગધેડા, (૧૦) હાથી.

● **दुप्पय-चउप्पय पमाणाइक्कम** - દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ.

– દ્વિપદ અને ચતુષ્પદનું જે સંખ્યા નિર્ધારણ કરવું તેને દ્વિપદચતુષ્પદ પરિગ્રહ પરિમાણ કહેવાય છે. જેમાં અમુક સંખ્યાથી વધુ દ્વિપદ-ચતુષ્પદ રાખવા નહીં તેવું વ્રત ગ્રહણ કરેલ હોય છે. આ સંખ્યા પરિમાણમાં કોઈ કારણે ઉલ્લંઘન કે અતિક્રમણ થાય તો તેને ''દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ'' નામનો અતિચાર કહે છે. જે પાંચમાં પરિગ્રહ પરિમાણ વ્રતનો પાંચમો અતિચાર છે.

*-૦- હવે ગાથા ૧૭ અને ૧૮ના સારાંશરૂપે કંઈ વિશેષ જણાવે છે–*

આ પાંચમું અણુવ્રત પરિગ્રહનું પરિમાણ-મર્યાદા નક્કી કરવા સંબંધે છે. પરિગ્રહ પૂર્વે જણાવ્યા મુજબ બે પ્રકારનો છે - બાહ્ય અને અભ્યંતર. જેમાં આ વ્રતનો વિષય બાહ્યપરિગ્રહને સ્પર્શે છે. બાહ્ય પરિગ્રહના ભેદોની સંખ્યા ગ્રંથકારે બે, છ, નવ અને ચોસઠ પ્રકારે પણ ગણાવી છે. વળી તે અસંખ્ય ભેદે પણ છે.

(૧) બે ભેદ :- સચિત્ત અને અચિત્ત એ પરિગ્રહના બે ભેદ છે.

(૨) છ ભેદ :- પરિગ્રહના ધાન્ય, રત્ન, સ્થાવર, દ્વિપદ, ચતુષ્પદ અને કુપ્ય એવા છ ભેદો પણ કહ્યા છે.

(૩) નવ ભેદ :- અહીં ગાથામાં કહ્યા તે ધન-ધાન્યાદિ નવ ભેદો છે.

(૪) ચોસઠ ભેદ :- ૨૪ પ્રકારના ધાન્યો, ૨૪ પ્રકારના રત્નો, ૩ પ્રકારના સ્થાવરો, ૨ પ્રકારના દ્વિપદો, ૧૦ પ્રકારના ચતુષ્પદો અને ૧ પ્રકારનું કુપ્ય એ પ્રમાણે ચોસઠ ભેદો પણ કહ્યા છે.

આ ભેદોમાં સૂત્રકારે વંદિત્તુ સૂત્રમાં નવ ભેદોની ગણનાને સ્વીકારેલ છે. ખરેખર તો વર્તમાન પરિગ્રહનો પણ કંઈક સંક્ષેપ કરવા માટે આ વ્રત સ્વીકારવું જોઈએ. પરંતુ જો તેમ કરવાને શક્તિમાન ન હોય તો ઇચ્છાનુસારે "પરિગ્રહ પરિમાણ" નક્કી કરવું. (તેથી જ આ વ્રતને "ઇચ્છાપરિણામ વ્રત" પણ કહ્યું છે.) જેમકે વિદ્યમાન પરિગ્રહ રૂપિયાના મૂલ્યની દૃષ્ટિએ દશ લાખ રૂપિયા છે, પણ ભાવિ જરૂરિયાત કે ઇચ્છા પચાશ લાખ રૂપિયાના મૂલ્ય પ્રમાણ પરીગ્રહની છે, તો તે શ્રાવક ૫૦ લાખ રૂપિયા સુધીના પરીગ્રહની મર્યાદા નક્કી કરે. કેમકે શ્રાવકોને તે રીતે પણ વ્રત ગ્રહણ કરવાની છૂટ છે. તેમ કરવાથી પણ વિશ્વના વિશાળ પરિગ્રહની અવિરતિના દોષથી બચી શકાય છે અને પરિમાણથી પણ ધન વધી જાય તો ધર્મમાં ખર્ચવું જોઈએ.

*૦ પરિગ્રહ પરિમાણ વ્રત માટે ઉપાસકદશા આગમમાં આનંદશ્રાવકે કરેલ પરિમાણ ખાસ જોવા જેવું છે. ત્યાં ઘણાં વિસ્તારથી આ વ્રતનું વર્ણન છે.*

*૦ આ પાંચમાં અણુવ્રત ઉપર કૃપણ ધનશ્રેષ્ઠીનું કથાનક વિસ્તારપૂર્વક अर्थदीपिका - ટીકામાં અપાયેલું છે, તે જોવું.*

**૦ પાંચમાં પરિગ્રહ વ્રત સંબંધે ઉપદેશ દૃષ્ટાંત :-**

(૧) મગધ દેશમાં સુઘોષ નામે ગામમાં *કુચિકર્ણ નામનો શેઠ* હતો. તે ગામનો તે અધિકારી પણ હતો. તેની પાસે પુષ્કળ ગાયો હતી. તેણે ગાયોના ગોકુળ બનાવીને ગોવાળીયાને સુપ્રત કરેલા. ગોકુળ દિવસે દિવસે વધવા લાગ્યા. તેને પરિગ્રહની અતૃપ્તિ પણ વધવા લાગી. દુધ-દહીં ખાવાનો લોભ પણ વધતો ચાલ્યો. કોઈ વખતે તેણે એટલા બધાં દુધ-દહીં ખાધા કે તે બેભાન થઈ ગયો. મરતી વખતે પણ તેનું ધ્યાન ગાયો અને ગોકુળોમાં જ રહ્યું હતું. અંતે તે પરીગ્રહ સંબંધી આર્ત્તધ્યાન કરતો મરીને તિર્યંચ ગતિ પામ્યો.

(૨) અચલપુરમાં એક **તિલક નામે શેઠ** રહેતો હતો. તે ચણા, અડદ, ચોખા, મગ, તુવેર, ઘઉં વગેરે અનાજ એક સાથે ખરીદતો અને સવાઈ કે દોઢી કીંમતે તે વેચતો. કોઈ વખતે દુષ્કાળમાં તેને ઘણો નફો થયો. ફરી જ્યારે સુકાળ આવ્યો, ત્યારે બધાં ધાન્ય ઘણાં સસ્તા હતા. તેણે ઘણાં બધાં ધાન્યની ખરીદી કરી, ગામેગામ કોઠારો ભરાવી દીધા. પોતાની બધી સંપત્તિ અનાજ ભરવામાં ખર્ચી દીધી. તેટલામાં કોઈ નિમિત્ત કે દુકાળ પડવાની આગાહી કરી, તે સાંભળી શેઠે દાગીના-કપડા આદિ બધું વેંચી દઈને અને વ્યાજે પૈસા લાવીને ફરી બીજું ધાન્ય સંગ્રહી લીધું. પરંતુ પુષ્કળ વરસાદ થયો, સુકાળ પડ્યો. નદીમાં પુર આવ્યા. તિલક શેઠનું ઘણું અનાજ નદીઓમાં પૂર આવવાથી તણાઈ ગયું. આ સમાચાર સાંભળી

તિલકશેઠનું હૃદય ફાટી પડ્યું. મરીને નરકે ગયો.

*આ પ્રમાણે પરીગ્રહનું પરિમાણ કરવાને બદલે પરીગ્રહમાં અતૃપ્ત રહેનારા જીવો દુર્ગતિને પામે છે માટે શ્રાવકોએ આ અણુવ્રત ગ્રહણ કરવું.*

○ **હવે પાંચ વ્રતોને હિતકારી** એવા ત્રણ ગુણવ્રતો કે જે ઉત્તરગુણરૂપ પણ ગણાય છે, તેને સૂત્રકાર બતાવે છે, જેમાં **હવેની ગાથા-૧૯માં** છટ્ઠા દિક્પરિમાણ વ્રતને કહે છે. જેમાં ચાર ચરણથી આ ગાથામાં પહેલા ચરણમાં આ વ્રતનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. બીજા અને ત્રીજા ચરણમાં આ વ્રતના પાંચ અતિચારોને જણાવે છે અને છેલ્લા ચરણમાં અતિચારની નિંદા કરી છે.

*અહીં પણ ગાથાનો સંબંધ આગળ-પાછળ જોડાયેલો હોવાથી વિવેચન પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. ગાથાર્થ આપીને, સ્વરૂપ સ્પષ્ટ કર્યા પછી પાંચ અતિચારોનું વર્ણન કરેલ છે.*

● **गमणस्स य परिमाणे, दिसासु–**

**उड्ढं अहे अ तिरिअं च, वुड्ढि सइंतरद्धा,**

**पढमंमि गुणव्वए निंदे**

જવા-આવવાના (ગમન) સંબંધી પહેલા દિક્પરિમાણ નામના ગુણવ્રતને વિશે *(શ્રાવકના બાર વ્રતમાંના છટ્ઠા વ્રતને વિશે)...*

ઉર્ધ્વદિશા, અધો દિશા અને પૂર્વાદિ ચાર તિર્ચ્છી દિશામાં જવાને માટે નક્કી કરેલ પરિમાણ રૂપી વ્રતમાં પ્રમાદ યોગે અધિક ગમન કરવાથી લાગેલા અતિચાર તથા...

– વૃદ્ધિ - એક દિશાનું પરિમાણ ઘટાડી બીજી દિશામાં ઉમેરવાથી...

– તેમજ પરિમાણની સ્મૃતિ ન રહેવાથી લાગેલ અતિચારની

– હું પહેલા ગુણવ્રતના વિષયમાં નિંદા કરું છું.

○ છટ્ઠા વ્રતનું સ્વરૂપ ::

– આ વ્રત શ્રાવકના બાર વ્રતોની દૃષ્ટિએ છટ્ઠું વ્રત છે. જ્યારે વિભાગીકરણની દૃષ્ટિએ ત્રણ ગુણ વ્રતોમાંનું પહેલું ગુણવ્રત છે અને સાત ઉત્તરગુણોમાંનું પહેલું ઉત્તરગુણ વ્રત છે.

– આ ગુણવ્રતને "દિક્પરિમાણવ્રત" કહેવામાં આવે છે.

– શ્રાવક જીવનને સંયમિત બનાવવા માટે જેમ પરિગ્રહનું પરિમાણ આવશ્યક છે, તેમ દિશાઓનું પરિમાણ પણ જરૂરી છે. જો તેની મર્યાદાનો નિયમ કરવામાં ન આવે તો ગમે તે દિશામાં ગમે તેટલું ગમનાગમન કરવાનું મન થાય અને પ્રવૃત્તિ પણ થઈ શકે. આ ગમનાગમન વડે ઘણી જ હિંસા થવાનો સંભવ રહે છે, ઇર્યાસમિતિ પળાતી નથી અને જયણાનું પાલન પણ થતું નથી.

– શ્રમણોને કેવળ સંયમ યાત્રાર્થે વિચરણ કરવાનું હોવાથી તેઓ સંયમના લાભને માટે કે આવશ્યક કારણે ગમે ત્યાં ગમે તેટલું વિચરણ કરે તો પણ ઇર્યાસમિતિના પાલન સાથે કરતા હોવાથી તેમજ આજ્ઞાનું પાલન પણ મુખ્ય

હોવાથી તેમને આ વ્રત ગ્રહણ કરવાનું હોતું નથી, પણ શ્રાવકો-ગૃહસ્થો લોભાદિકથી વ્યાપારસંબંધી કાર્યને માટે કે અન્ય કોઈ કારણથી કે કારણ વિના ગમન કરતાં, આરંભાદિ કે અનર્થદંડક પ્રવૃત્તિમાં પ્રવર્તતા જીવહિંસાદિક અનેક દોષો લાગે છે. તેથી પોતે છુટા રાખેલા ક્ષેત્ર સિવાયની દિશાનું પરિમાણ કરેલ હોવાથી બાકીના ચૌદ રાજલોકમાં રહેલા સર્વે જીવોની રક્ષારૂપ ગુણને માટે આ દિક્પરિમાણ કે દિગ્‌વિરતિ રૂપ વ્રત લેવામાં આવે છે. તેથી તે ગુણવ્રત કહેવાય છે.

આ વ્રતમાં શ્રાવકે બધી દિશામાં ગમન કરવા માટે અમુક અંતર સુધી (અમુક યોજન કે કિલોમીટર સુધી)નો નિયમ કરેલ હોય છે. તેથી તેને દિશા-પરિમાણ કે દિગ્-વિરતિ કહે છે.

આ વ્રતના પાંચ અતિચારોનું ક્રમશઃ વર્ણન હવે કરીશું. પહેલા તેના નામોનો ઉલ્લેખ જરૂરી છે. કેમકે - ગાથામાં પાંચમાં વ્રતના અતિચારની માફક અધ્યાહાર પદોને જોડીને આ અતિચાર કથન કરવાનું છે–

(૧) ઉર્ધ્વદિક્-પ્રમાણાતિક્રમ (૨) અધોદિક્ પ્રમાણાતિક્રમ
(૩) તિર્યક્દિક્-પ્રમાણાતિક્રમ (૪) ક્ષેત્ર વૃદ્ધિ (અતિચાર)
(૫) સ્મૃતિ-અન્તર્ધાન (અતિચાર)

*હવે ગાથાના પદોને આશ્રીને વિવેચન કરીએ છીએ–*

- **गमणस्स** - ગમનના, જવા-આવવાના, ગતિના

– કોઈપણ દિશામાં જવા-આવવા સંબંધી પ્રવૃત્તિ તે ગમન

- **परिमाणे** - પરિમાણને વિશે, માપને વિશે, નિયમને વિશે.
- **दिसासु** - દિશાઓમાં

– 'દિશા' શબ્દનો સંબંધ અહીં બે રીતે જોડી શકાય છે. (૧) ગમનની સાથે અને (૨) હવે પછીના ઉર્ધ્વ-અધો-તિર્છા એ ત્રણે પદો સાથે.

(૧) ગમન સાથે જોડતાં - "કોઈપણ દિશામાં જવા-આવવા સંબંધી પરિમાણ અર્થાત્ મર્યાદા નક્કી કરવી" - તેવો અર્થ થશે.

(૨) ઉર્ધ્વાદિ પદો સાથે જોડતાં - "ઉર્ધ્વદિશા, અધોદિશા, તિર્છીદિશા અર્થાત્ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એ ચારે દિશામાં" એવો અર્થ થશે.

○ "દિસા" શબ્દ ને સંસ્કૃતમાં 'दिक्' કહે છે, ગુજરાતીમાં 'દિશા' કહે છે.

– મુખ્ય દિશા વ્યવહારમાં ચાર ગણાય છે - ઉત્તર, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ. તેમાં ચાર ખૂણાઓ અર્થાત્ વિદિશાનો સમાવેશ કરતાં ઇશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ઉમેરાય છે અને ઉર્ધ્વદિશા તથા અધો દિશાને ઉમેરતા આ સંખ્યા દશની થાય છે.

– બીજા પ્રકારે વિચારતા આ સંખ્યા ત્રણની જણાવી છે. (૧) ઉર્ધ્વ દિશા, (૨) અધો દિશા અને (૩) તિર્છી દિશા. જેમાં ઉત્તરાદિ ચારે દિશા તિર્છી દિશારૂપ ગણાય છે અને વિદિશાની વિવક્ષા થતી નથી.

- **उड्ढं** - ઉર્ધ્વ, ઊંચી ઉપરની દિશા તે ઉર્ધ્વ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– અહીં આ શબ્દ દ્વારા પહેલા ગુણવ્રતના પહેલા અતિચારનું સૂચન કરાયેલ છે. તેને "ઉર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ" કહે છે.

– ઊંચે અમુક અંતરથી વધારે ન જવું એવું જે પરિમાણ-મર્યાદા નક્કી કરવી તેને "ઉર્ધ્વદિક્ પ્રમાણ" કહે છે. આ પ્રમાણનું અતિક્રમણ કે ઉલ્લંઘન થાય તેને "ઉર્ધ્વદિક્પ્રમાણાતિક્રમ" કહે છે.

– ઊંચે પર્વતના શિખર આદિ પર ચડવાનું કે વિમાન આદિ દ્વારા મુસાફરી કરવામાં જેટલા યોજન કે કિલોમીટરની ઊંચાઈનું પ્રમાણ નિયમ લેતી વખતે નિર્ધારીત કરેલ હોય તે પ્રમાણ કરતા અજાણપણે કે પ્રમાદથી અધિક ઊંચે જવાયું હોય તો તેને "ઉર્ધ્વદિક્ પ્રમાણાતિક્રમ" નામનો અતિચાર લાગે છે.

અહીં आवश्यक सूत्र ની चूर्णि માં જણાવે છે કે, સ્વીકારેલ પ્રમાણ કરતાં ઉપર વૃક્ષ કે પર્વતના શિખરે વાનર કે પક્ષી વગેરે વસ્ત્ર, આભૂષણ ઇત્યાદિ લઈને જાય તો ત્યાં લેવા જવાનું કલ્પે નહીં. જો તે વસ્ત્ર કે આભરણ ત્યાંથી આપમેળે નીચે પડે અથવા બીજા કોઈ આપમેળે લાવીને આપે તો લેવું કલ્પે.

● **अहे** - અધઃ, નીચે, નીચેની દિશાને અધોદિશા કહેવાય.

– આ શબ્દ પહેલા ગુણવ્રતના બીજા અતિચારને સૂચવવા વપરાયેલ છે. તેને "અધો દિશા પ્રમાણાતિક્રમ" કહે છે.

– નીચે અમુક અંતરથી વધારે ન જવું એવું જે પરિમાણ-મર્યાદા નક્કી કરવી, તેને "અધોદિક્ પ્રમાણ" કહે છે. આ પ્રમાણનું અતિક્રમણ-ઉલ્લંઘન થાય તેને "અધોદિક્ પ્રમાણાતિક્રમ" કહે છે.

– નીચે ભોંયરા, ખીણ, ખાણ, ગુફા, સુરંગ આદિમાં ઉતરવાનું કે સ્ટીમર, નાવ, જહાજ આદિ દ્વારા મુસાફરી કરવામાં જેટલો યોજન કે કિલોમીટરનું પ્રમાણ નિયમ લેતી વખતે કરેલ હોય તે પ્રમાણ કરતા અજાણપણે કે પ્રમાદથી વધારે નીચે જવાયું હોય ત્યારે આ અતિચાર લાગે છે.

● **तिरिय** - તિર્યગ્, તિર્છી, પૂર્વાદિ ચારે દિશાઓ.

– આ શબ્દ પહેલા ગુણવ્રતના ત્રીજા અતિચારને સૂચવવા માટે વપરાયેલ છે. તેને "તિર્યક્દિશાપ્રમાણાતિક્રમ" કહે છે.

– ઉપર અને નીચેની વચ્ચેનો ભાગ તે તિર્યક્. તેમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર ચાર દિશાઓ ગણાય છે. આ તિર્યક્ દિશાઓમાં અમુક અંતરથી વધારે ન જવું એવું જે પરિમાણ-મર્યાદા નિર્ધારીત કરી હોય તેને "તિર્યક્ દિક્ પ્રમાણ" કહે છે. એવા સ્વીકૃત પ્રમાણથી પ્રમાદ વશ બનીને કે અનાભોગે અધિક અંતરે જવાથી "તિર્યક્દિશા પ્રમાણાતિક્રમ" નામનો અતિચાર થાય છે.

**આ ત્રણેય અતિચારના સંબંધમાં** ***યોગશાસ્ત્ર વૃત્તિ તથા ધર્મસંગ્રહમાં જણાવે છે કે,*** જે શ્રાવક "નક્કી કરેલા ક્ષેત્રથી અધિક ગમન કરું નહીં અને કરાવું નહીં એવા નિયમવાળો હોય." તે શ્રાવકને સ્વીકારેલ ક્ષેત્રમર્યાદાથી આગળ પોતે જવાથી અને બીજાને મોકલવાથી કે બીજા દ્વારા કોઈ વસ્તુ મંગાવવાથી

દિક્પ્રમાણાતિક્રમ અતિચાર લાગે છે. પણ જો શ્રાવકે માત્ર "હું કરું નહીં" તેવો નિયમ ગ્રહણ કરેલ હોય, તે જો કોઈ બીજાને મોકલે કે બીજા પાસે મંગાવે તો તેને દોષ લાગતો નથી.

● **वुड्ढी** - વૃદ્ધિ, વધારો. પ્રમાણનું વધવું તે વૃદ્ધિ.

– આ શબ્દ પહેલા ગુણવ્રતના ચોથા અતિચારનો સૂચક છે. તેને "ક્ષેત્રવૃદ્ધિ" અતિચાર કહે છે.

– ગમન સંબંધી જે પ્રમાણ નક્કી કરેલ હોય તેનાથી વધારે અંતર સુધી ગમન કરવું તે 'અનાચાર' છે. પણ એક દિશામાં જવાનું પ્રમાણ ઘટાડીને બીજામાં વધાર્યું હોય તો તે અતિચાર છે.

– માનો કે સર્વ દિશાઓમાં સો-સો યોજન સુધી જવાનો (તેથી વધુ ન જવાનો)નિયમ લીધો હોય. તેમાં કોઈ વખતે પૂર્વ દિશામાં જાય ત્યારે પાંચ-દશ યોજન વધારે જવાનો પ્રસંગ આવે ત્યારે સામેની પશ્ચિમ દિશાનું ગમન તેટલા યોજન ઘટાડીને ઇચ્છિત દિશામાં જરૂરી યોજન વધારી દે. તે વખતે મનમાં માને કે મેં વ્રતભંગ કર્યો નથી. કેમકે કુલ સંખ્યાનો ભંગ કર્યો નથી, ત્યારે તેને ભંગાભંગ સ્વરૂપવાળો ક્ષેત્રવૃદ્ધિરૂપ ચોથો અતિચાર લાગે છે.

● **सइ-अंतरद्धा** - સ્મૃતિ અંતર્ધાન, સ્મરણ ન રહેવાથી.

– સ્મૃતિનું અંતર્ધાન થવું તે, જેમાં નિયમ યાદ ન રહેવાથી કે ભૂલી જવાથી આ અતિચાર લાગે છે.

– ગમન શરૂ કર્યા પછી એ યાદ જ ન આવે કે, "હું કેટલે દૂર આવ્યો ?" કેટલું ચાલ્યો ? અથવા આ દિશામાં મારે કેટલા અંતરથી વધારે દૂર ન જવાનો નિયમ છે ? તો તે "સ્મૃતિ અંતર્ધાન" નામે અતિચાર થાય. જે પહેલા ગુણવ્રતનો પાંચમો અતિચાર છે.

– માનો કે પૂર્વ દિશામાં સો યોજન જવાનું પ્રમાણ નક્કી કર્યું છે. તે દિશામાં ગમન શરૂ કરે, પછી વ્યાકુળતાથી, પ્રમાદથી કે મતિવિભ્રમથી તેને સંદેહ થાય કે, "મેં સો યોજનનું પ્રમાણ રાખેલ છે કે પચાશ યોજનનું ?" પણ તેને નિર્ધારીત મર્યાદા યાદ ન આવે તો પચાશ યોજનથી આગળ ચાલતા સ્મૃતિ અંતર્ધાન નામનો અતિચાર લાગે છે. જો સો યોજનથી વધુ જાય તો તે અનાચાર છે.

કદાચ ક્ષેત્રનું પરિમાણ અજાણતાં અતિક્રમિત થયું હોય તો દૂરના મેળવેલાં દ્રવ્યાદિનો સર્વ લાભ ત્યજી દેવો. જે સ્થળે તેને પરિમાણનું સ્મરણ થઈ આવે તે જ સ્થળેથી પાછા ફરી જવું, પણ આગળ જવું નહીં કે બીજાને પણ આગળ મોકલવો નહીં.

*(તીર્થયાત્રાદિ કે ધર્મના નિમિત્તે તો નિયમિત ક્ષેત્રથી પણ આગળ જવામાં કે મોકલવામાં કોઈ દોષ નથી કેમકે ત્યાં આરંભ-સમારંભ કે ધન આદિ પ્રાપ્તિ કરવાનો હેતુ હોતો નથી.)*

● **पढमंमि** - પહેલા. અહીં ત્રણ ગુણવ્રતોમાં આ વ્રતનો ક્રમ પહેલો હોવાથી

"પઢમંમિ" શબ્દ લખ્યો છે. શ્રાવકના બાર વ્રતોને આશ્રીને તો આ છટ્ઠું વ્રત જ છે. પાંચ અણુવ્રતોને 'મૂલગુણ'રૂપે સ્વીકારતા બાકીના સાત વ્રતો ઉત્તરગુણરૂપ થશે, તેમાં આ પહેલો ઉત્તરગુણ થશે.

● **गुणव्वए** - ગુણવ્રતને વિશે *(વ્યાખ્યા ગાથા-૮ મુજબ જોવી.)*

● **निंदे** - હું નિંદુ છું. ઉપલક્ષણથી ગર્હા કરું છું, પ્રતિક્રમું છું.

આ દિક્પરિમાણવ્રતને ગ્રહણ કરનારને નિર્ધારીત ભૂમિ સિવાય બાકીના ચૌદ રાજલોક ક્ષેત્રના સર્વે ત્રસ અને સ્થાવર જીવોને અભયદાન આપવાનો અને લોભરૂપી સમુદ્રને વશ કરવાનો લાભ થાય છે. કેમકે સદેહે સર્વક્ષેત્રમાં જતો ન હોય તો પણ અવિરતિપણાંને લીધે તેને અવ્રતનો-હિંસાનો બંધ નિત્ય છે, તેનાથી બચી જવાય છે.

*(✱ આ વ્રત વિશે વિસ્તારથી મહાનંદકુમાર કથા अर्थदीपिका નામે ટીકામાં અપાયેલી છે, ત્યાંથી જોવી)*

**૦ પહેલા ગુણવ્રત ઉપર સિંહ શ્રેષ્ઠીનું લઘુ દૃષ્ટાંત :-**

વાસંતી નગરીમાં કીર્તિપાલ રાજા હતો. તેને ભીમકુમાર નામે પુત્ર હતો. ભીમકુમારને સિંહ શ્રેષ્ઠી સાથે મૈત્રી હતી. કોઈ વખતે નાગપુર નગરના નાગચંદ્ર રાજાની પુત્રી ગુણમાલાનું ભીમકુમાર માટે માંગુ આવ્યું. ત્યાં ભીમકુમાર સાથે જવા રાજાએ સિંહશ્રેષ્ઠીને કહ્યું. શ્રેષ્ઠીએ કહ્યું કે મારે સો યોજનથી વધુ ન જવાનો નિયમ છે, માટે હું જઈ શકીશ નહીં. રાજાએ ધમકી આપી એટલે સિંહશ્રેષ્ઠીએ રાજાની આજ્ઞા પ્રમાણ કરી. રસ્તામાં સિંહ શેઠે ભીમકુમારને પ્રતિબોધ કર્યો. રાજકુમારનું મન સંસારથી વિરક્ત બન્યું. સો યોજન પછી શ્રેષ્ઠી આગળ ન વધ્યો. રાજાના સામંતે રાજાની આજ્ઞા કહી સંભળાવી. જ્યારે શ્રેષ્ઠીને લાગ્યું કે બળાત્કારે પણ તેમનો નિયમ ભંગ કરાવશે ત્યારે તેણે રાત્રે વનમાં જઈ દીક્ષા લઈ લીધી. રાજકુમારે પણ સાથે દીક્ષા લીધી. બંનેએ પાદપોપગમન અનશન સ્વીકાર્યું. રાજા આદિની ઘણી વિનંતી તેઓએ ન સ્વીકારી. એક માસના અનશન બાદ બંને કેવળી થઈને મોક્ષે ગયા.

૦ હવે ભોગોપભોગ પરિમાણ વ્રત નામે **બીજા ગુણવ્રતને સૂત્રકાર જણાવે છે** આ વ્રતના વિષયમાં વંદિત્તુ સૂત્રની **ગાથા ૨૦ થી ૨૩ છે.** જેમાં ગાથા-૨૦માં આ વ્રતનું સ્વરૂપ દર્શાવી તેમાં લાગતા અતિચારની સામાન્યથી નિંદા કરી છે. પછી ગાથા-૨૧માં આ વ્રતના પાંચ અતિચારોનું વર્ણન છે. *(ભોગોપભોગ પરિમાણ વ્રત સિવાયના શ્રાવકના અગીયારે વ્રતના પાંચ-પાંચ અતિચારો છે, પણ આ સાતમા વ્રતના વીસ અતિચાર કહ્યા છે. જેમાં પાંચ અતિચાર ગાથા-૨૧માં જણાવ્યા પછી)* ગાથા-૨૨ અને ૨૩માં બીજા પંદર અતિચારોનું વર્ણન કરેલ છે. એ રીતે કુલ વીશ અતિચારો છે.

**૦ ગાથા-૨૦ થી ૨૩ની ભૂમિકા :-**

ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત નામનું આ વ્રત છે. તેને ભોગોપભોગ-

પરિમાણ વ્રત પણ કહે છે. શ્રાવકના બાર વ્રતોમાં આ સાતમું વ્રત છે. જે ત્રણ ગુણવ્રતોમાં બીજું ગુણવ્રત છે અને સાત ઉત્તરગુણરૂપ વ્રતોમાં તેને બીજા ક્રમે મૂકેલ છે. (જો કે તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ક્રમ પરિવર્તન છે.) સૂત્રની વીસમી ગાથામાં આ વ્રતના સ્વરૂપને જણાવીને સામાન્યથી ઉલ્લેખ કર્યો છે કે, આ વ્રતવિષયક અતિચારોની હું નિંદા કરું છું. ત્યારપછી ગાથા-૨૧માં આ વ્રત સંબંધી - પાંચ અતિચારોની નોંધ છે. ગાથા-૨૨ અને ૨૩માં શ્રાવકે વર્જવાના પંદર કર્માદાનોનો ઉલ્લેખ કર્યો છે. જેને અતિચારરૂપ ગણવા તેવું સૂચન પરોક્ષરૂપે જોવા મળે છે. એ રીતે કુલ વીશ અતિચારો આ સાતમાં વ્રતના હોવાનું જણાવેલ છે. તેનું પ્રતિક્રમણ પણ કરેલ છે.

– આ ચાર ગાથામાં આ રીતે ત્રણ મુખ્ય વિભાગો છે–

(૧) ભોગ્ય-પરિભોગ્ય વસ્તુનું પરિમાણ-મર્યાદા નક્કી કરવી.

(૨) સચિત્ત અચિત્તાદિનો વિવેક કરવો.

(૩) ઘણાં આરંભ-સમારંભવાળા ધંધાઓનો ત્યાગ કરવો.

**૦ અર્થદીપિકા વૃત્તિ મુજબ ભોગોપભોગનો વિશિષ્ટ અર્થ :-**

શ્રીમાન્ રત્નશેખર સૂરીશ્વરજી વૃત્તિમાં જણાવે છે કે, ભોગોપભોગ પરિમાણ વ્રતને અર્થની સમાનતાને કારણે ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત પણ કહે છે. *(જો કે આ વિષયમાં ઉપાસકદસા આગમ આવશ્યક સૂત્રની ચૂર્ણિ, પંચાશક સૂત્ર, તત્ત્વાર્થ સૂત્ર, ધર્મબિંદુ, યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ વૃંદારવૃત્તિ આદિ ગ્રંથોમાંની વૃત્તિ કે વ્યાખ્યા પણ તુલનાત્મક રીતે મનનીય છે, જે ગ્રંથ ગૌરવ ભયે અમે આપી શકતા નથી, તેથી અમે "વંદિત્તુસૂત્ર"ની ગાથાઓ લક્ષમાં રાખીને તેના જ શબ્દો અને ક્રમને આધારે અહીં સંક્ષિપ્ત વિવેચન કર્યું છે.)* આ સાતમું વ્રત "ભોગથી" અને "કર્મથી" એમ બે પ્રકારે છે. તેમાં भोग ના उपभोग અને परिभोग એમ બે પ્રકાર છે. જેની વ્યાખ્યા ગાથા-૨૦માં उवभोग-परिभोग પદમાં કરવાની છે અને कर्म શબ્દથી વ્યવસાય અર્થ થાય છે. જેમાં શ્રાવકે વર્જવાયોગ્ય એવા પંદર કર્માદાનોનું વર્ણન ગાથા-૨૨ અને ૨૩માં કરવામાં આવશે.

*૦ હવે ગાથા-૨૦નું શબ્દાનુસાર વિવેચન કરીએ છીએ–*

● **मज्जंमि** - મદ્ય, મદિરા, દારુ (ને વિશે)

– જે કેફ ચડાવે તે મદ્ય. મદિરા, દારુ, સુરા, વારુણી, કાદંબરી વગેરે તેના પર્યાય શબ્દો છે.

– મદ્ય-દારુ બે પ્રકારે છે – (૧) કાષ્ઠોત્પન્ન, (૨) પિષ્ટોત્પન્ન.

(૧) કાષ્ઠોત્પન્ન :- વનસ્પતિના ફળ, છાલ વગેરે કહોવડાવીને બનાવેલું મદ્ય તે 'કાષ્ઠનિષ્પન્ન' દારુ કહેવાય છે.

(૨) પિષ્ટોત્પન્ન :- લોટમાંથી બનાવેલ દારુ પિષ્ટોત્પન્ન કહેવાય.

ઉપલક્ષણથી જે કોઈપણ રીતે બનાવેલ હોય તે બધાં પ્રકારના દારુનો સમાવેશ આ "મદ્ય" શબ્દથી સમજી લેવો.

– મદ્યના અનેક દોષોને જણાવવા માટે યોગશાસ્ત્રમાં લખે છે કે–

હલાલ વિષ સમાન મદિરા શરીરને શિથિલ કરી નાંખે છે, ઇન્દ્રિયોને અશક્ત કરી નાખે છે અને ઉંડા ઘેનમાં નાખી દે છે.

ઘાસનો ગંજ જેમ અગ્નિના તણખાંથી નાશ પામે છે, તેમ વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા એ સર્વે ગુણો મદિરાથી નાશ પામે છે.

ચોરી, વ્યભિચાર વગેરે દોષનું કારણ 'મદિરા' છે તથા વિવિધ વિપત્તિઓનું કારણ પણ 'મદિરા' જ છે. તેથી જેમ રોગી માણસ કુપથ્યથી દૂર રહે તેમ માણસે મદિરાથી દૂર રહેવું જોઈએ.

– મદિરા ઘણાં દોષવાળી અને મહા અનર્થકારી હોવાથી ગાથામાં પ્રથમ તેનું સ્થાન મૂકેલ છે. કહ્યું છે કે, મહામોહ, કલેશ, પરાભવ, નિદ્રા, ઉપહાસ, રોષ અને મદના હેતુભૂત એવી દુર્ગતિના મૂળરૂપ મદિરા લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ અને ધર્મનો નાશ કરનારી છે.

– મદિરામાં અંધ બનેલા શાંબકુમાર વડે દ્વૈપાયન ઋષિને કદર્થના કરવાના પરિણામે શ્રીકૃષ્ણનું સર્વ કુળ હણાયું અને પિતાની દ્વારિકા ભસ્મસાત્ બનવા પામી.

*૦ मज्जंमि - શબ્દનું પાઠાંતર मज्जम्मि છે.*

● **मंसंमि** - માંસ (ને વિશે)

– માંસ ત્રણ પ્રકારે છે – (૧) જલચર, (૨) સ્થલચર, (૩) ખેચરનું.

(૧) જલચરનું માંસ :- માછલી, કાચબા વગેરેનું માંસ.

(૨) સ્થલચરનું માંસ :- ઘેટા, બકરાં વગેરેનું માંસ.

(૩) ખેચરનું માંસ :- તેતર, પક્ષી વગેરેનું માંસ.

– અથવા ચર્મ, રૂધિર અને માંસ એમ ત્રણ પ્રકારે છે.

– મદિરાની જેમ આ માંસ પણ અતિ દોષનું સ્થાન છે. કહ્યું છે કે, "પંચેન્દ્રિય પ્રાણીના વધથી થતું માંસ, દુર્ગંધીવાળુ છે, અશુચિમય છે, બીભત્સ છે, ખાનારને રાક્ષસની તુલનામાં મૂકનાર છે અને રોગ પેદા કરનાર હોવાથી દુર્ગતિનું મૂળ છે."

– યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "દિવ્ય ભોજનો હોવા છતાં જેઓ માંસ ખાય છે, તેઓ અમૃતરસ છોડીને હળાહળ વિષ ખાય છે. વળી પ્રાણીના મરણ પછી તુરંત જ તેના માંસમાં સંમૂર્છિમ જંતુઓની ઉત્પત્તિ થતી હોવાથી તે દૂષિત થાય છે. તેથી નરકના ભાતા સમાન માંસનું ભક્ષણ કોણ કરે ?

● **अ** - સામાન્યથી 'अ' નો અર્થ 'અને' થાય છે. પણ વંદિત્તુ સૂત્રની ટીકામાં જણાવે છે કે, અહીં 'अ' શબ્દથી સર્વે અભક્ષ્ય અને અનંતકાય વસ્તુઓ પણ ત્યાજ્ય જાણવી.

**૦ બાવીસ અભક્ષ્યો અને તે વર્જવાના કારણો :-**

(૧) વડનાં ફળ, (૨) પીપળાના ફળ, (૩) ઉંબરના ફળ, (૪) પીપરના ફળ, (૫) કાકોદુંબરના ફળ, (૬) દારુ-મદિરા, (૭) માંસ, (૮) મધ, (૯)

માખણ, (૧૦) હિમ-બરફ, (૧૧) વિષ-ઝેર, (૧૨) કરા, (૧૩) સર્વ પ્રકારની માટી, (૧૪) રાત્રિભોજન, (૧૫) બહુબીજ, (૧૬) અનંતકાય, (૧૭) બોળ અથાણું, (૧૮) ઘોલવડાં, (૧૯) વતંકા-રીંગણા, (૨૦) અજાણ્યા ફળ-ફૂલ (૨૧) તુચ્છ ફળ, (૨૨) ચલિત રસ.

*– યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ, અર્થદીપિકા આદિમાં આ બાવીસે અભક્ષ્યોની સ્પષ્ટતા, તેને વર્જવાના કારણો સહિત કરી છે–*

(૧) અભક્ષ્યો ૧ થી ૫ જેને ઉદુંબર જાતિના ફળો કહે છે, તેમાં મચ્છર આકારના ઘણાં સૂક્ષ્મ ત્રસ જીવો વ્યાપ્ત હોવાથી વર્જ્ય છે, અથવા તો શ્રાવકોને માટે અભક્ષ્ય છે.

(૨) અભક્ષ્યો ૬ થી ૯ જેમાં મદિરા, માંસ, મધ, માખણ એ ચાર મહાવિગઈઓ કહી છે. તેમાં તે-તે વર્ણના જંતુઓ ઉપજે છે અને ચ્યવે છે. અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ થતી હોઈ તે અભક્ષ્ય છે.

વિશેષથી જણાવે છે કે, મદિરા માદક છે, બુદ્ધિને વિકૃત કરનારી છે, તમોગુણની વૃદ્ધિ કરનાર છે. માંસ પણ બુદ્ધિને મંદ કરનાર, તમોગુણની વૃદ્ધિ કરનાર અને હિંસાનું પ્રધાન કારણ છે મધ અનેક જીવોના નાશથી ઉત્પન્ન થાય છે અને માખણ અતિ સૂક્ષ્મ ત્રસ જીવોના સમૂહની ખાણરૂપ છે માટે અભક્ષ્ય છે.

(૩) અભક્ષ્ય-૧૦ અને ૧૨ હિમ-બરફ અને કરા-અસંખ્યાતા શુદ્ધ અપ્કાય સ્વરૂપ છે. તેથી કુદરતી કે કૃત્રિમ બંને તરફ અભક્ષ્ય છે.

(૪) અભક્ષ્ય-૧૧ વિષ-ઝેર, તે પ્રાણઘાતક છે. મંત્રથી તેની શક્તિ હણી નાખી હોય તો પણ પેટમાંના કૃમિઓને હણનાર થાય છે, મરણ કાળે મૂઢતા ઉત્પન્ન કરે છે, માટે અભક્ષ્ય છે.

(૫) અભક્ષ્ય-૧૩ સર્વ પ્રકારની માટી - તે સચિત્ત છે, પ્રાણ-ધારણ માટે અનાવશ્યક છે, મરડો, અજીર્ણ, પથરી આદિ રોગો ઉત્પન્ન કરે છે માટે તે અભક્ષ્ય છે.

(૬) અભક્ષ્ય-૧૪ રાત્રિભોજન - તેમાં જીવહિંસાદિ ઘણો દોષ છે. તેમાં ઘણાં પ્રકારના ઉડતા ત્રસ જીવો પડીને મરવાનો સંભવ છે. સાધુને પણ વર્તમાનકાળે પાંચ મહાવ્રત પછી રાત્રિભોજન વિરમણ વ્રત ઉચ્ચરાવાય છે. માટે રાત્રિભોજન વર્જવું જોઈએ.

(૭) અભક્ષ્ય-૧૫ બહુબીજ - જે ફળ આદિમાં બીજો વધારે હોય તે બહુબીજ કહેવાય. જેમકે પંપોટા, અંજીર વગેરે. જેમાં આંતરપડ વિના કેવલ બીજનો જત્થો હોય છે, તેવાં ફળોમાં દરેક બીજનાં વિનાશનો સંભવ હોવાથી અભક્ષ્ય કહ્યાં છે.

(૮) અભક્ષ્ય-૧૬ અનંતકાય - અનંતા જીવોનો નાશ કરવાના હેતુરૂપ હોવાથી તેને અભક્ષ્ય કહેલ છે. તેના બત્રીશ ભેદોના નામ પ્રસિદ્ધ છે. તે સિવાયના પણ અનંતકાય છે. જે લક્ષણોને આધારે ઓળખાય છે. *(જેની વ્યાખ્યા સૂત્ર-૩૧*

*"સાત લાખ"માં અપાયેલી છે.)* બત્રીશ અનંતકાયના નામો આ પ્રમાણે છે–

(૧) સૂરણકંદ, (૨) વજ્રકંદ, (૩) લીલીહળદર, (૪) આદુ, (૫) લીલો કચૂરો, (૬) શતાવરી, (૭) વિરાલી, (૮) કુંઆર, (૯) થોહરી, (૧૦) ગડૂચી, (૧૧) લસૂણ, (૧૨) વંશકારેલા, (૧૩) ગાજર, (૧૪) લવણક, (૧૫) લોઢક, (૧૬) ગિરિકર્ણિકા, (૧૭) કિસલયપત્ર, (૧૮) કસેરૂ-ખીરિંશુક, (૧૯) થેગનીભાજી, (૨૦) લીલીમોથ, (૨૧) લવણવૃક્ષની છાલ, (૨૨) ખિલ્લુડ કંદ, (૨૩) મૂળાનો કંદ, (૨૪) ભૂમિરુહ, (૨૫) ફણગાવેલા કઠોળ, (૨૬) વત્થુલો, (૨૭) શૂકરવલ્લી, (૨૮) પલ્યંક-પાલકભાજી, (૨૯) કુણી આંબલી, (૩૦) આલુકંદ, (૩૧) પિંડાળુ.

*(* 'સાતલાખ' સૂત્ર-૩૧માં પણ ગ્રંથાન્તરથી ૩૨ અનંતકાયના નામો જણાવેલા છે. ઉપરોક્ત નામો અને તે નામોમાં ક્રમ અને નામની દૃષ્ટિએ તફાવત છે, તે કેવળ વિવક્ષા ભેદ સમજવો.)*

(૯) અભક્ષ્ય-૧૭ - બોળ અથાણું - તેને સંધાનક કહે છે. લીંબુ, કેરી, કરમદા, ગુંદા આદિ અનેક વસ્તુઓના બોળ અથાણામાં ઘણાં ત્રસ જીવો ઉત્પન્ન થાય છે માટે વર્જ્ય છે.

(૧૦) અભક્ષ્ય-૧૮ ઘોલવડાં જેને 'દ્વિદલ' કહે છે. કાચા દુધ, દહીં, છાસ મિશ્રિત કઠોળ કે તેની દાળમાં અનેક સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થતા હોવાથી તે અભક્ષ્ય છે.

(૧૧) અભક્ષ્ય-૧૯ - વૃંતાક - જેને (કેટલાંક) રીંગણા પણ કહે છે તે કામવૃત્તિપોષક તથા બહુ નિદ્રા લાવનાર હોવાથી અભક્ષ્ય છે.

(૧૨) અભક્ષ્ય-૨૦ અજાણ્યા ફળ-ફૂલ - તેમાં પ્રાણહાનિ તથા રોગની ઉત્પત્તિનો સંભવ હોવાથી અભક્ષ્ય છે.

(૧૩) અભક્ષ્ય-૨૧ તુચ્છ ફળ - ચણી બોર, મહુડા, જાંબુ આદિ તુચ્છ ફળો છે. તેમાં ખાવાનું થોડું અને ફેંકવાનું વધારે હોવાથી તેને વર્જ્ય કહ્યા છે.

(૧૪) અભક્ષ્ય-૨૨ ચલિત રસ - વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ફરી જવાથી તેને ચલિત રસ કહે છે. તેમાં વાસી અન્ન, કોહવાઈ ગયેલ વસ્તુ ઇત્યાદિ અનેકનો સમાવેશ થાય છે. તેમાં અતિ સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થતા હોવાથી તે અભક્ષ્ય છે.

*(* અહીં અભક્ષ્ય પદાર્થોનો સામાન્ય અર્થ અને વર્જવાના કારણો કહ્યા છે. વિસ્તારથી તેનું વિવેચન મોટા ગ્રંથોથી જાણવું.)*

● **पुष्फे अ फले अ** - ફૂલ અને ફલને વિશે.

○ પુપ્ફ એટલે પુષ્પ કે ફૂલ ખાવા માટે કે શોખ માટે ફૂલોનો ઘણો ઉપભોગ કરનારે તેને જીવહિંસાનું કારણ ગણી ત્યાગ કરવો જોઈએ અથવા તેના ઉપભોગની મર્યાદા નક્કી કરવી જોઈએ.

○ फल - એટલે ફળ. ફળમાં મુખ્યતાએ તુચ્છ ફળ અને અજાણ્યા ફળનો સમાવેશ થાય છે. તે અભક્ષ્ય હોવાથી ત્યાગ કરવો. તેમજ ફળનો વધારે ઉપયોગ

પણ સચિત્ત હોવાથી મર્યાદામાં કરવો.

○ अ - અહીં 'अ' શબ્દથી પત્ર, મૂળ આદિ પણ સમજી લેવા.

*(વૃત્તિકાર કહે છે કે, મદ્ય, માંસ, અભક્ષ્યો, પુષ્પ, ફળ, પત્ર, મૂળ એ બધી ઉદરમાં નાખવારૂપ ભોગ્ય વસ્તુઓ છે. હવે જે ગંધ અને માલ્યથી સૂચિત છે તે બાહ્ય પરિભોગની વસ્તુઓ છે.*

● **गंध-मल्ले अ** - ગંધ અને માલ્ય (ને વિશે)

– ગંધ એટલે કેસર, કસ્તુરી, કપૂર, ધૂપ વગેરે સુગંધી પદાર્થો.

– मल्ले - એટલે માલ્ય, ફૂલની માળા તથા બીજા શણગારો.

અહીં ઉપલક્ષણથી વસ્ત્ર, આભૂષણ વગેરે સર્વે ભોગ દ્રવ્યો જાણવા.

● **उवभोग-पीरभोगे** - ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત (ને વિશે)

○ उवभोग - જેનો ભોગ એકવાર થાય તે 'ઉપભોગ' જેમકે આહાર, પાન, સ્નાન, ઉદ્ધર્તન, વિલેપન, કુસુમ વગેરે. આ બધાં એક વખત ભોગવાઈ ગયા પછી બીજીવાર ભોગવી શકાતા નથી.

○ परिभोग - જેનો ભોગ એક કરતા વધારે વખત થઈ શકે તે 'પરીભોગ'. જેમકે વસ્ત્ર, આભુષણ, શયન, આસન, વાહન, સ્ત્રી (કે સ્ત્રી માટે પુરુષ). આ બધું વારંવાર ભોગવી શકાય છે.

– આવા ઉપભોગ-પરીભોગનું પરિમાણ કે મર્યાદા કરવા. તેને વંદિત્તુ સૂત્રમાં સાતમું વ્રત કહ્યું છે. જે બીજું ગુણવ્રત પણ કહેવાય છે.

*(* આ ગાથાની ભૂમિકામાં 'ઉવભોગ-પરિભોગ' વિશે થોડી ચર્ચા આરંભે કરી જ છે.)*

ભોગોપભોગ કે ઉપભોગ પરિભોગ નામે ઓળખાતા આ વ્રતનો ક્રમ સામાન્યથી સાતમો ગણાય છે. પણ તત્ત્વાર્થ સૂત્રકારે તેને અગિયારમાં ક્રમે અથવા છટ્ઠા ઉત્તરગુણ વ્રતરૂપે જણાવેલ છે. ઉવવાઈ આગમમાં દિક્‌પરિમાણ વ્રત સાતમું અને આ વ્રત આઠમું કહ્યું છે.

"જેમાં બહુ અધર્મનો સંભવ હોય તેવાં ખાનપાન, ઘરેણાં, કપડાં, વાસણ વગેરેનો ત્યાગ કરી ઓછા અધર્મવાળી વસ્તુઓનું પણ ભોગ માટે પરિમાણ બાંધવું તે ઉવભોગ-પરિભોગ પરિમાણ વ્રત."

"અતિ સાવદ્ય વસ્તુઓનો સર્વથા ત્યાગ અને અલ્પ સાવદ્યવાળી વસ્તુઓનો ઉપભોગ પણ પરિમાણથી કરવો તે ઉપભોગ પરિભોગ પરિમાણ વ્રત કહેવાય છે." તત્ત્વાર્થ ભાષ્યકાર તેને બે ભેદે જણાવે છે. (૧) ભોજનસંબંધી અને (૨) કર્મવિષયક.

आवश्यक सूत्र માં પણ આ વ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારે જણાવેલું છે. તેની વ્યાખ્યા કરતા आवश्यक वृत्तिકારે કહ્યું છે કે उप પદ એક વખત એવા અર્થનું સૂચક છે. તેથી 'ઉપ' એટલે એક વખત ભોગવાય તે અશન, પાન આદિનો ઉપભોગ જાણવો અથવા "ઉપ" એટલે 'અંદર' એવો અર્થ પણ છે,

તેથી તે શરીરની અંદર ભોગવાય તે ઉપભોગ.

પરિભોગમાં 'परि' પદ વારંવાર અર્થનું સૂચક છે માટે જે 'પરિ' એટલે વારંવાર ભોગવાય, તે વસ્ત્રાદિ પરિભોગ જાણવો અથવા 'પરિ'નો બીજો અર્થ 'બહાર' કર્યો છે. એ મુજબ 'પરિ' એટલે બહાર ભોગવાય તે વસ્ત્ર-અલંકાર વગેરે જાણવા.

● **बीअंमि गुणव्वए निंदे** - બીજા ગુણવ્રતને વિશે નિંદુ છું.

० बीअंमि - બીજા. વંદિત્તુ સૂત્રમાં ક્રમની દૃષ્ટિએ આ ગુણવ્રતનો ક્રમ બીજો કહ્યો છે. તેથી 'બીઅંમિ' શબ્દ વાપર્યો છે. बीअंमि નું પાઠાંતર बीअम्मि પણ છે. *(ઉવવાઈ સૂત્રમાં આ ક્રમ ત્રીજો છે.)*

० गुणव्वए - ગુણવ્રત - અર્થ અને વ્યાખ્યા ગાથા-૮ મુજબ.

० निंदे - આત્મસાક્ષીએ નિંદા કરું છું. અહીં 'અતિચારોની' એ પદ અધ્યાહાર છે. ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં મદ્ય, માંસ, ફૂલ, ફળ, ગંધ, માલ્યાદિના ઉપભોગમાં જે અતિચાર લાગ્યો હોય તેની હું નિંદા કરું છું.

**હવે ગાથા-૨૧માં** ભોગ્ય વસ્તુના પાંચ અતિચારો તથા તેનું પ્રતિક્રમણ દર્શાવેલ છે. *(આ વ્રતનો બીજો અર્થ કર્મ છે. તેના અતિચારોનું પ્રતિક્રમણ ગાથા-૨૨ અને ૨૩માં દર્શાવેલ છે.)*

● **सच्चित्ते पडिबद्धे अपोलि दुप्पोलिए अ आहारे. तुच्छोसहि भक्खणया.**

ગાથાના પ્રથમ ત્રણ ચરણમાં પાંચ અતિચારોના નામ છે. જેમાં પહેલા બે ચરણને અંતે મૂકાયેલ 'आहार' શબ્દ પૂર્વેના ચારે શબ્દો સાથે સંકડાયેલ છે. તેથી सचित्तआहार ઇત્યાદિ પદો બનશે. વળી पडिबद्ध શબ્દ પૂર્વના सचित्त શબ્દ સાથે પણ સંકડાયેલ છે, તેથી सचित्तपडिबद्धआहार એવો શબ્દ બને. આ પાંચે અતિચારો આ પ્રમાણે છે—

(૧) સચિત્ત આહાર, (૨) સચિત્ત પ્રતિબદ્ધ આહાર, (૩) અપક્વ ઔષધિ આહાર, (૪) દુષ્પક્વ ઔષધિ આહાર, (૫) તુચ્છ વનસ્પતિનું ભક્ષણ.

● **सचित्त** - સચિત્ત આહારના વિષયમાં અતિચાર.

— નિશીથચૂર્ણિના ઉદ્દેશા-૧માં જણાવ્યા મુજબ - "જે દ્રવ્ય જીવથી યુક્ત હોય તેને સચિત્ત અર્થાત્ ચેતન સહિત કહેવાય છે.

જ્યારે અગ્નિ આદિ શસ્ત્રો પરિણમવાથી જેમાંથી ચેતન ચાલ્યું ગયું હોય તે અચિત્ત કહેવાયા છે. જેમકે 'પાણી' સામાન્યથી સચિત્ત છે પણ ત્રણ ઉકાળાથી અધિક ઉકળેલું પાણી 'અચિત્ત' છે. શાકભાજી સચિત્ત છે, પણ રંધાઈ ગયા પછી તે અચિત્ત બને છે.

આવશ્યક ચૂર્ણિમાં છટ્ઠા આવશ્યકમાં જણાવે છે કે, ઉત્કૃષ્ટ માર્ગે તો શ્રાવક પણ પોતાના નિમિત્તે આરંભ ન થયો હોય તેવો નિર્દોષ આહાર વાપરે, તે બની શકે નહીં - તેથી સચિત્ત આહારનો સર્વથા ત્યાગ કરે, તેમ પણ ન બની શકે તો અભક્ષ્ય-અનંતકાયાદિનો ત્યાગ કરે અને સચિત્તદ્રવ્યોનું પરિમાણ નક્કી કરે.

હવે સચિત્તનો સર્વથા ત્યાગ કર્યા પછી અથવા સચિત્તનું પરિમાણ નક્કી કર્યા પછી અનાભોગથી કે પ્રમાદથી સચિત્ત વસ્તુને વાપરે કે તેના નિયમ કરેલા પરિમાણનો ભંગ કરે તો તેને સચિત્ત આહાર નામે અતિચાર લાગે, જે સાતમા વ્રતનો પહેલો અતિચાર છે.

*૦ અહીં માત્ર 'સચિત્ત'ના પરિમાણની વાત કરી. પણ સંબોધ પ્રકરણ-શ્રાવક વ્રતાધિકારમાં જણાવ્યા મુજબ - ભોગોપભોગ પરિમાણ વ્રત અન્તર્ગત્ શ્રાવકે સચિત્ત આદિ ચૌદ વસ્તુનું પરિમાણ કરવાનું છે.*

*(૧) સચિત્ત, (૨) દ્રવ્ય, (૩) વિગઈ, (૪) ઉપાનહ, (૫) તંબોલ-મુખવાસ, (૬) વસ્ત્ર, (૭) કુસુમ-પુષ્પ, (૮) વાહન, (૯) શયન, (૧૦) વિલેપન, (૧૧) અબ્રહ્મ, (૧૨) દિશા, (૧૩) સ્નાન, (૧૪) ભાત-પાણી એ ચૌદ નિયમ પ્રતિદિન સવાર-સાંજ ધારવા જોઈએ.*

*એ ધારણામાં અનાભોગથી અતિક્રમણ થવું તે અતિચાર છે.*

● **पडिबद्ध** - સચિત્ત પ્રતિબદ્ધ આહાર વિષયક અતિચાર.

— સચિત્ત વડે પ્રતિબદ્ધ-સંબદ્ધ આહાર તે સચિત્ત પ્રતિબદ્ધ.

— જે વસ્તુ સામાન્ય રીતે નિર્જીવ થયેલી હોય, પણ તેમાંનો કોઈ ભાગ સચિત્ત સાથે જોડાયેલો હોય, તે સચિત્ત પ્રતિબદ્ધ કહેવાય છે. જેમકે વૃક્ષનો ગુંદર, બીજ સહિતના પાકેલાં ફળ વગેરે.

— આવી સચિત્ત સંબંધવાળી વસ્તુ મુખમાં મૂકી દે, તો તેને સચિત્તપ્રતિબદ્ધ આહાર નામક અતિચાર લાગે છે. આ અતિચાર સાતમા વ્રતનો બીજો અતિચાર છે અર્થાત્ બીજા ગુણવ્રતનો બીજો અતિચાર છે.

— આવો અતિચાર પ્રમાદથી પણ લાગે અને અજ્ઞાન બુદ્ધિએ પણ લાગે છે. જેમ કોઈ પાકું ફળ-બીજ વગેરેનો ત્યાગ કરીને વાપરે તો પણ તત્કાળ બીજ જુદું પાડે ત્યારે તે ફળ સચિત્ત પ્રતિબદ્ધ જ કહેવાય. એ રીતે પાણી અચિત્ત કરેલ હોય, પણ બરફ ઉપર કે ફ્રીઝમાં પડેલું હોય ત્યારે વાપરે તો સચિત્ત પ્રતિબદ્ધ કહેવાય છે.

● **अपोलि** :- અપક્વ વનસ્પતિના આહાર (થી થતો દોષ)

— અહીં अपोलि શબ્દ સાથે आहार શબ્દ જોડવાનો છે. તેમાં ओसहि શબ્દ અધ્યાહાર છે. *(ઉપાસકદસા નામના સાતમાં આગમમાં આ અતિચારમાં "उप्पउलिओसहिभक्खणया" એવો સ્પષ્ટ પાઠ છે.)*

— જો ખાદ્ય વનસ્પતિને રાંધ્યા વિના જ હવે તે અચિત્ત થઈ છે એવી બુદ્ધિથી તેનું ભક્ષણ કરે, તો અપક્વ ઔષધિ ભક્ષણ નામનો સાતમો અતિચાર લાગે છે. જે સાતમા વ્રતનો ત્રીજો અતિચાર છે.

— અગ્નિથી પૂર્ણતયા સંસ્કાર પામ્યા પછી તે પૂર્ણપક્વ બને છે. (* યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ આદિમાં આ અતિચાર નથી તત્ત્વાર્થ સૂત્રમાં પણ તેના બદલે "અભિષવ આહાર" નામક અતિચાર નોંધેલ છે. તેમાં મદ્ય આદિ માદક

આહાર, સૂક્ષ્મ જીવોથી યુક્ત આહાર, વાસી અને જંતુયુક્ત આહારનો સમાવેશ કર્યો છે.)

● **दुप्पोलिअ** - દુષ્પક્વ વનસ્પતિ આહારથી થતો દોષ–

– અહીં "દુપ્પોલિઅ" શબ્દ છે. તેની સાથે 'આહાર' શબ્દ જોડવાનો છે અને ઔષધિ-વનસ્પતિ શબ્દ અધ્યાહાર છે. *(ઉપાસકદસા નામક આગમમાં આ અતિચાર." दुप्पउलि ओसहि भक्खणया એવો સ્પષ્ટ પાઠ છે.)*

– અર્ધ ભુંજાયેલ પોંક, ચણા, જવ, ઘઉં, જાડા માંડા અને અર્ધ પાકેલા ફળ વગેરેનું અચિત્ત બુદ્ધિએ ભક્ષણ કરવું તે આ ચોથો અતિચાર છે.

– જો ખાદ્ય વનસ્પતિને કાચી-પાકી પકવીને કે અરધી-પરધી સેકીને તેનું ભક્ષણ કરે છે ત્યારે આ અતિચાર લાગે છે.

● **तुच्छोसहि भक्खणया** - તુચ્છ વનસ્પતિનું ભક્ષણ.

– તુચ્છ એવી જે ઔષધિ અર્થાત્ વનસ્પતિ તે તુચ્છૌષધિ. તેનું ભક્ષણ એટલે આહાર કરવો તે. જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું વધારે હોય તેને તુચ્છૌષધિ કહેવાય છે. તેનું ભોજન કરવાથી આ સાતમાં વ્રતનો પાંચમો અતિચાર લાગે છે.

– જોઈએ તેવી તૃપ્તિ થતી નહીં હોવાથી તુચ્છ કે અસાર કહેવાતી એવી ઔષધિ અર્થાત્ વનસ્પતિઓ જેવી કે મગ, ચોળા વગેરેની કોમળ શીંગો. તેનું ભક્ષણ કરવાથી આ અતિચાર લાગે છે. વળી તે જીભની લોલુપતાથી જ ખવાતી હોય છે.

*આ રીતે સાતમા વ્રતના "ભોગ" સંબંધી પાંચ અતિચાર કહ્યા અને "કર્મ" સંબંધી પંદર અતિચાર હવે કહેવાશે.*

**ગ્રંથાન્તરમાં આ અતિચારોમાં ભેદ :-**

૦ તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૭ સૂત્ર-૩૦

(૧) સચિત્તઆહાર, (૨) સચિત્ત સંબદ્ધ આહાર, (૩) સચિત્ત સંમિશ્ર આહાર (૪) અભિષવ આહાર, (૫) દુષ્પક્વ આહાર.

૦ ધર્મબિંદુ ગ્રંથ અધ્યાય-૩

તત્ત્વાર્થ સૂત્રમાં છે તે જ પાંચ અતિચાર લીધા છે.

૦ યોગસાસ્ત્ર ગ્રંથ-પ્રકાશ-૩

તત્ત્વાર્થ સૂત્રમાં છે તે જ પાંચ અતિચાર લીધા છે.

૦ ધર્મરત્ન પ્રકરણ –

વંદિત્તુ સૂત્રમાં છે તે જ પાંચ અતિચાર લીધા છે.

સારાંશ - ત્રણ અતિચારમાં શબ્દ ભેદ હોવા છતાં અર્થથી બધાં ગ્રંથોમાં સમાન છે - (૧) સચિત્ત, (૨) સચિત્ત પ્રતિબદ્ધ અને (૩) દુષ્પક્વ આહાર. જ્યારે બે અતિચારોમાં ભિન્નતા છે. (૧) અપક્વ અને તુચ્છૌષધિને બદલે (૧) સચિત્ત સંમિશ્ર અને (૨) અભિષવ.

● **पडिक्कमे देसिअं सव्वं** - અર્થ, વ્યાખ્યા ગાથા-૫ મુજબ.

વિશેષ એ કે અહીં "ઉપભોગ-પરિભોગ પરિમાણ" વ્રતના સંદર્ભમાં આ અતિચારોનું પ્રતિક્રમણ જાણવું.

**૦ હવે ગાથા ૨૨ અને ૨૩માં** સાતમા વ્રતના કર્મ સંબંધી પંદર અતિચારોના નામ જણાવી તેનું વર્જન કરવા કહ્યું છે.

– ભોગ-પરિભોગની વસ્તુ મેળવવા માટે બહુ સાવદ્ય ગણાતા અંગારકર્મ આદિ જે પંદર કર્માદાનો છે તે તીવ્રકર્મબંધના કારણભૂત અતિચાર હોવાથી શ્રાવકને વર્જ્ય છે.

– કર્માદાન - આ પંદર વ્યવસાયને કર્માદાન કહે છે. કેમકે આ વ્યવસાયોમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનું આદાન-ગ્રહણ થાય છે. તેથી આવા કર્માદાનોને વિશે અનાભોગથી જે કાંઈ અતિચરિત કર્યું હોય તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**૦ પંદર કર્માદાનોના નામો :-**

(૧) અંગારકર્મ, (૨) વનકર્મ, (૩) શકટકર્મ, (૪) ભાટકકર્મ, (૫) સ્ફોટક કર્મ - એ પાંચ કર્મો.

(૬) દંતવાણિજ્ય, (૭) લાક્ષવાણિજ્ય, (૮) રસવાણિજ્ય, (૯) કેશ વાણિજ્ય, (૧૦) વિષવાણિજ્ય - એ પાંચ વાણિજ્ય.

(૧) યંત્રપીલનકર્મ, (૧૨) નિર્લાંછન કર્મ, (૧૩) દવદાન, (૧૪) સરોવર-દ્રહ-તલાવનું શોષણ, (૧૫) અસતિપોષણ એ પાંચ સામાન્ય.

**(૧) इंगालि** - અંગાર, અંગારકર્મ, અંગારજીવિકા.

– જેમાં અગ્નિનું વિશેષ પ્રયોજન પડે તેવો ધંધો.

– કાષ્ઠ બાળીને નવા કોલસા કરવા, ભઠ્ઠીઓ કરવી, ઈંટના નિભાડા પકવવા, લુહારી ધંધો કરવો, સોનીનો ધંધો કરવો, ભાડભુંજાનું કામ, દીવાસળીનું કારખાનું, ચૂનો પકાવવો, ક્ષારો તથા ભસ્મો બનાવવાનું કામ ઇત્યાદિ કર્મો અંગાર કર્મો કહેવાય છે.

**(૨) वण** - વન, વનકર્મ, વનજીવિકા.

– વનને લગતો-વનસ્પતિને લગતો ધંધો.

– કાપેલા કે નહીં કાપેલ વનના ઇજારા રાખી તેનાં પાંદડા, ફળ, ફુલ, કંદમૂલ, તૃણ, કાષ્ઠ વેચવાં. તે વનકર્મ કહેવાય છે- જેમાં - જંગલના ઇજારા રાખવા, જંગલો કાપવા, જંગલની પેદાશ જેવી કે જડીબુટ્ટી, પાંદડા, ફળ, છાલ આદિ વેચવાનો ધંધો, ઘાસનાં બીડ રાખવા અને લીલોતરી વેચવાનો ધંધો ઇત્યાદિ કર્મો વનકર્મો કે વન્યજીવિકા કહેવાય છે.

**(૩) साडी** - શકટ, શકટકર્મ, શકટ-જીવિકા.

– ગાડાં બનાવવાનો ધંધો તે શકટકર્મ કહેવાય.

– ગાડાં અને તેના અવયવો ઘડવાં, ખેડવાં, વેચવા આદિ તેમાં ગાડાં બનાવવા, એક્કા, હાથગાડી, ટાંગા તથા ઘોડાગાડી બનાવવા, મોટર-ખટારા

બનાવવા, આગગાડીના એંજિનો તથા ડબ્બા બનાવવા, આ સર્વે વાહનોના સ્પેરપાર્ટસ બનાવવા ઇત્યાદિનો સમાવેશ શકટકર્મ કે શકટજીવિકામાં થાય છે.

(૪) **भाडी** - ભાટક, ભાટક કર્મ, ભાટકજીવિકા.

– ભાડું ઉપજાવવાનો કે ભાડે આપવાનો ધંધો.

– ગાડા, બળદ, ઉંટ, પાડા, ખર, ખચ્ચર, અશ્વ, ગાડા-ગાડી વગેરે રાખી તેનાથી ભાડુ લઈને ભાર વહેડાવવો તે ભાટક કર્મ કહેવાય. તેમાં કોઈપણ પ્રકારના વાહનોનું તથા જાનવરોનું ભાડુ ઉપજાવીને આજીવિકા ચલાવવી તે ભાટક-જીવિકા કહેવાય છે.

(૫) **फोडी** - સ્ફટોક, સ્ફોટક કર્મ, સ્ફોટક જીવિકા.

– પૃથ્વીનું પેટ કે પત્થર ફોડીને આજીવિકા ચલાવવી તે.

– તળાવ, કૂવા, બોરીંગ, વાવ, જમીન, બોગદું, પત્થર આદિ ખોદી આપવા તથા પત્થર ફોડવાના ધંધાને સ્ફોટક કર્મ કહે છે. (अर्थदीपिका ટીકામાં તો) ધંધાર્થે જવ, ચણા, ઘઉં વગેરેના અનુક્રમે સાથવો, દાળ, લોટ અને તાંદુલ કરવાને પણ સ્ફોટક કર્મ અથવા સ્ફોટક જીવિકા કહેલ છે.

૦ ગાથા-૨૨માં इंगाली-वण-साडी-भाडी-फोडी પછી પદ મૂકેલ છે - सुवज्जए कम्मं

૦ **सुवज्जए** - હું છોડી દઉં છું, હું ત્યાગ કરું છું.

૦ **कम्मं** - કર્મ, ધંધો. આજીવિકા માટેનો ધંધો તે કર્મ.

– આ પદોનો સંબંધ આખી ગાથા સાથે છે, તેથી પૂર્વે જણાવેલા इंगालि - અંગારકર્મ આદિ પાંચ અને હવે પછી ગાથાના ઉત્તરાર્ધમાં જણાવેલા दंत - દાંત વાણિજ્ય આદિ પાંચે કર્મોનું પણ હું વર્જન કરું છું - એમ સંબંધ જોડવાનો છે.

– હવે ગાથાના ઉત્તરાર્ધમાં આરંભે શબ્દ છે - 'वाणिज्जं' આ શબ્દનો સંબંધ હવે પછીના दंत-लक्ख આદિ પાંચે સાથે જોડવાનો છે. તેથી दंतवाणिज्ज, लक्खवाणिज्ज, रसवाणिज्ज, केसवाणिज्ज, विसवाणिज्ज એમ પાંચ વાણિજ્ય થશે.

● **वाणिज्जं** - વાણિજ્ય, વેપાર. વણિક્‌ની પ્રવૃત્તિ તે "વાણિજ્ય" - માલ લેવા-વેચવાની ક્રિયા તે વાણિજ્ય કહેવાય છે.

● **चेव** - એ-જ-રીતે.

*હવે પંદર કર્માદાનના બીજા પાંચ કર્મો-'વાણિજ્ય' જણાવે છે.*

(૬) **दंत** - દંતવાણિજ્ય, હાથી દાંતનો વ્યાપાર.

– દાંત આદિ પશુ-પક્ષીનાં અંગોપાંગમાંથી તૈયાર થતી વસ્તુઓને સંઘરવી કે વેચવી તે દંતવાણિજ્ય કહેવાય. તેમાં - હાથી દાંતનો વેપાર, ઘુવડનાં નખનો વેપાર, હરણના શિંગડા તથા ચામડાનો વેપાર, હંસ તથા શાહમૃગના પીંછાનો વ્યાપાર, ચમરી ગાયનાં પૂંછનો વેપાર, કસ્તૂરીનો વેપાર, વાઘના ચામડાં-મૂછના વાળ - ચરબીનો વેપાર, ગેંડા અને કાચબાની ઢાલનો વેપાર, શંખ, છીપ, કોડાનો વેપાર ઇત્યાદિને દંતવાણિજ્ય કહે છે, તેનો ત્યાગ કરવો.

(૭) **लक्ख** - લાક્ષવાણિજ્ય, લાક્ષનો વ્યાપાર.

— લાખ વગેરે વસ્તુનો વ્યાપાર કે જેમાં ઘણાં ત્રસ જીવોની હિંસા થાય છે, તેના દ્વારા આજીવિકા ચલાવવી તે લાક્ષવાણિજ્ય. તેમાં લાખ, ધાવડી, ગળી, મણસીલ, હરતાલ, રોગાન, લાલ માટી, પડોપાંદડી, ટંકણખાર, સાબુ, ખારો, કસુંબો, તુરી આદિનો સમાવેશ થાય છે. આ ધંધામાં અનેક ત્રસ જીવોની હિંસા થાય છે, તેમાંના કેટલાંકની વાસથી માખી વગેરે ઘણાં જીવો મરી જાય છે.

(૮) **रस** - રસ વાણિજ્ય, રસનો વ્યાપાર.

— દૂધ, દહીં, ઘી, તેલ વગેરે રસનો વ્યાપાર.

— રસ અને મહાવિગઈઓનો વ્યાપાર તે રસવાણિજ્ય છે. તેમાં મધ, મદિરા, માંસ, માખણ, દુધ, દહીં, ઘી, તેલ વગેરે વસ્તુઓનો વ્યાપાર સમાવિષ્ટ છે. તેનું હું વર્જન કરું છું.

(૯) **केस** - કેશ-વાળનો વ્યાપાર, કેશ વાણિજ્ય.

— મનુષ્યો તથા પશુઓનો વ્યાપાર.

— બે પગાં અર્થાત્ દાસ-દાસી વગેરે મનુષ્યો તથા ચોપગાં - ગાય, ઘોડા વગેરે જીવતાં પશુઓના વેપારનો કેશ વાણિજ્યમાં સમાવેશ થાય છે. ગુલામો પકડવાનો ધંધો પણ કેશ વાણિજ્ય છે.

(૧૦) **विस विसयं** - વિષવાણિજ્ય. વિષ-ઝેર અને શસ્ત્રોનો વ્યાપાર.

— ઝેર અને ઝેરી પદાર્થોના વ્યાપારને વિષવાણિજ્ય કહે છે. તેમાં સોમલ, અફીણ, મોરથુથુ, વછનાગ, મણશીલ, હરતાલ આદિ પદાર્થો વેચવા. અન્ય રીતે બનાવેલા ઝેરો વેચવા, લડાઈ માટેનાં શસ્ત્રો જેવા કે ઝેરી ગેસ, બોંબ, તોપ, બંદુક, ભાલાં, બરછી, તીરકામઠાં, દારૂગોળો વગેરે બનાવવા અને વેચવા. કોશ, કોદાળી, પાવડાં, ત્રિકમ આદિ બનાવીને વેચવા એ બધાંનો સમાવેશ થાય છે. હું આ કર્મો-વ્યાપારનું વર્જન કરું છું.

— આ વ્યાપારને "વિષ-વિષય વાણિજ્ય પણ કહે છે.

*૦ બાકીના પાંચ કર્માદાન કે જેને પાંચ સામાન્ય કહે છે, તેનું વર્જન કરવા સંબંધી ગાથા-૨૩માં આગળ કહે છે–*

પાંચ કર્માદાનોનું સ્વરૂપ જે જોવાનું બાકી છે તેના નામ છે - (૧) યંત્રપીલન કર્મ, (૨) નિર્લાંછન કર્મ, (૩) દવદાન કર્મ, (૪) જળ શોષણ કર્મ અને (૫) અસતી પોષણ કર્મ. એ પાંચને પાક્ષિક અતિચારમાં "પાંચ સામાન્ય" તરીકે ઓળખાવેલ છે.

● **एवं खु** - એ જ રીતે ખરેખર, એ પ્રમાણે નિશ્ચે

* (૧૫ કર્માદાનોને અંતે આ પદોનો અર્થ જોવો)

(૧૧) **जंत-पीलण-कम्म** યંત્ર પીલણ કર્મ.

— યંત્ર વડે પીલન તે યંત્રપીલન. તે અંગેનું જે કર્મ-વ્યવસાય તે "યંત્રપીલનકર્મ".એ સાતમા વ્રતનો અતિચાર છે.

– શિલા, ઉખલ, મુશલ, ઘંટી, રેંટ, સરાણ, ટાંકણાં, ઘાણી વગેરેનો વ્યાપાર તથા યંત્રો દ્વારા તેલ, શેરડી, સરસવ, એરંડી, અલસી વગેરેને પીસવા-દળવા અને તેલ કાઢવાનો વ્યાપાર અથવા જળયંત્ર ચલાવવા, પાતાલ યંત્ર (તેલ કાઢવા માટે), આકાશયંત્ર, ડોલિકા યંત્ર આદિ ચલાવીને ધંધો કરવો તે યંત્રપીલન કર્મ છે તેને હું વર્જુ છું.

(૧૨) **निल्लंछणं** - નિર્લાંછન કર્મ, અંગ-છેદન કર્મ.

– જેમાં પશુઓનાં અંગોને છેદવાં, ભેદવાં, આંકવા, ડામવાં, ગાળવાં વગેરેનું કામ કરવામાં આવે છે તે નિર્લાંછન કર્મ.

– બળદ, પાડા, ઊંટ વગેરેના નાક વીંધવા, ગાય, ભેંસ, બળદ, ઘોડા વગેરેનું અંકન કરવું - ડામ દેવા વગેરે, આખલા, ઘોડા વગેરેની ખસી કરવી વગેરે, ઊંટ વગેરેની પીઠ ગાળવી આદિ, ગાય, બકરી વગેરેના કાન, ઘાબળી વગેરે કાપવા ઇત્યાદિ નિર્લાંછન કર્મ છે. આ બારમાં કર્માદાનનું હું વર્જન કરું છું.

(૧૩) **दवदाणं** - દવદાન કર્મ, આગ લગાડવી તે.

– વન, ખેતર, જંગલ આદિમાં આગ લગાડવારૂપ વ્યાપાર.

– આગ લગાડવાનું કર્મ તે 'દવ-દાનકર્મ' છે. તેમાં શોખથી આગ લગાડવી, દુશ્મનાવટથી આગ લગાડવી અને વ્યવસાય નિમિત્તે જંગલ, ખેતર આદિને બાળી નાંખવાંનો સમાવેશ થાય છે, તેને વર્જુ છું.

(૧૪) **सर-दह-तलाय-सोसं** - એક પ્રકારે જળશોષણ કર્મ.

– સરોવર, દ્રહ, તળાવ આદિ જળાશયોને સૂકવવા તે.

– કૂવા ખાલી કરી આપવા, વાવો તથા કુંડોને ઉલેચી આપવા, સરોવરમાંથી નહેરો વગેરે કાઢીને કે બીજા ઉપાયોથી પાણી શોષવવું અને નદી-નાળાનાં પાણી બીજે રસ્તે વાળી મૂળ પ્રવાહને સૂકવી દેવો. આ સર્વે જળશોષણ કર્મ છે. તેને હું વર્જુ છું (કેમકે તેમાં છ એ જીવનિકાયના જીવોનો વિનાશ થાય છે.)

(૧૫) **असईपोसं** - અસતી પોષણ, અસતીપોષણ કર્મ.

০ असई - અસતી એટલે કુલટા કે વ્યભિચારિણી સ્ત્રી.

০ पोस - પોષણ, અસતીનું પોષણ કરવારૂપ કર્મ.

– અસતીપોષણ કર્મમાં વિશેષથી સમાવાતી બાબતોનો ઉલ્લેખ કરતા ગ્રંથકાર જણાવે છે કે, દાસ, દાસી, નટી, નપુંસકો વગેરેને હલકો ધંધો કરવા માટે ઉછેરવા, એકઠાં કરવા કે અન્ય રીતે પોષણ આપવું, તેમની મારફત કૂટણ ખાનાં ચલાવવા.

સિંહ, વાઘ, ચિત્તા, રીંછ વગેરે શિકારી પ્રાણીઓને ઉછેરવા, તેમના ખેલ કરવા, તેમને વેચવા ઇત્યાદિ. એ જ રીતે કૂતરાં, બિલાડા, વાંદરા, પોપટ, મેના, કૂકડા, મોર આદિ પક્ષી-પશુ પાળવા, તેમનો ખેલ કરાવવો, તેમને વેચવા ઇત્યાદિ અસતીપોષણકર્મ છે.

● **वज्जिज्जा** - હું છોડી દઉં છું. ત્યાગ કરું છું.

– શ્રાવકોએ અંગારકર્મ આદિ પંદર કર્માદાન છોડી દેવા જોઈએ માટે હું તેનું વર્જન કરું છું - તેનો ત્યાગ કરું છું.

– અહીં वज्जिज्जा ને બદલે वज्जेमि પાઠ પણ છે.

– **एवं खु** - આ શબ્દો દ્વારા अर्थदीपिका ની વૃત્તિમાં જણાવે છે કે, આ શબ્દો પંદર કર્માદાનોને અંતે જોડવા.

– 'एवं' એટલે 'પૂર્વોક્ત પંદર ખરકર્મોની જેમ' નિર્દયપણાસૂચક કોટવાલ, જેલર અને ઉદ્યાનપાલકપણું ઇત્યાદિ ખરકર્મો-કર્માદાનો.

– खु - નિશ્ચયે કરીને વર્જવા.

– ગાથા-૨૨ અને ૨૩ બંનેમાં "વર્જન કરવાનું કહ્યું" બીજી વખત वज्ज् ક્રિયાપદનો ઉપયોગ એટલે કર્યો છે કે આ પંદરે કર્માદાનો વિશેષે-વિશેષે વર્જવા યોગ્ય છે.

– એ વર્જનીય ખરકર્મો-કર્માદાનોને વિશે અનાભોગાદિથી જે કાંઈ ઉલ્લંઘન થયું હોય તેને પ્રતિક્રમું છું - એ સંબંધ જોડવો.

*(* સાતમા વ્રતની આરાધના-વિરાધનાના સંદર્ભમાં મંત્રીપુત્રની કથા ઘણાં વિસ્તારથી "અર્થદીપિકા" ટીકામાં આપેલી છે.)*

**૦ સાતમા વ્રત ઉપર ધર્મરાજાનું લઘુ દૃષ્ટાંત :-**

શ્રીકમલનગરમાં શ્રીશેખર નામે રાજા હતો. જ્યોતિષીએ તેને બાર વર્ષના દુકાળની આગાહી જણાવી. રાજાએ પોતે અને લોકો દ્વારા ઘણો ધાન્યનો સંગ્રહ કરાવ્યો. પણ વરસાદ સારો થયો, સુકાળ થયો. તે વખતે ઉદ્યાનમાં યુગંધરમુનિને કેવળજ્ઞાન થયું. રાજા વંદનાર્થે ગયો, ધર્મદેશના સાંભળીને પછી ગુરુમહારાજને પૂછયું કે જ્યોતિષીની આગાહી કેમ ખોટી પડી ? કેવળી ભગવંતે કહ્યું, ગ્રહોનો યોગ તો બાર વર્ષના દુષ્કાળ થાય તેવો જ હતો. પણ સુકાળ કેમ થયો તેનું કારણ સાંભળો–

પુરિમતાલ નગરે એક રોગી અને દુર્ભાગી શ્રાવક હતો. તે જે કોઈ આહાર કરે, તેનાથી તેને રોગ જ થતો હતો. પછી તે શ્રાવકે વિવેક બુદ્ધિથી વિચારીને ૨૨-અભક્ષ્યો, ૩૨-અનંતકાયો અને સર્વે સચિત્ત આહારનો પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ કર્યો. ધર્મપ્રભાવે તે નિરોગી થયો - ધનવાન થયો પછી તેણે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું, દુષ્કાળ વખતે પુષ્કળ દાન કર્યું, મરીને તે દેવલોકે ગયો.

તારા આ નગરમાં સુબુદ્ધિ નામે શ્રાવક રહે છે. જેને નિયમ છે કે દરરોજ ખાવા જેટલા અનાજનો જ સંગ્રહ કરવો. આટલા દુર્ભિક્ષની વાતો સાંભળવા છતાં, નિયમપાલનને માટે કોઈપણ અનાજનો સંગ્રહ કર્યો નહીં. તેના ઘેર પેલો શ્રાવક દેવલોકથી ચ્યવીને પુત્રરૂપે ઉત્પન્ન થયો છે. તે પુત્રના પુન્ય પ્રતાપે દુષ્કાળને બદલે સુકાળ થયો છે. તે સાંભળી રાજા સુબુદ્ધિ શ્રાવકને ઘેર ગયો. પુન્યશાળી બાળકને નમસ્કાર કરી, તેનું ધર્મકુમાર નામ રાખ્યું કાળક્રમે તેને રાજ્ય સોંપ્યુ તે ધર્મરાજાના રાજ્યમાં ક્યારેય દુકાળ ન પડ્યો. પછી ધર્મરાજાએ દીક્ષા લીધી. નિરતિચાર

ચારિત્ર પાળી, કેવળી થઈને મોક્ષે ગયા.

**૦ હવે ગાથા ૨૪, ૨૫, ૨૬ એ ત્રણે** આઠમા અનર્થદંડ વિરમણ વ્રતના વિષયમાં છે. જેમાં ગાથા-૨૪ અને ૨૫માં આ ત્રીજા ગુણવ્રતના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડવામાં આવેલ છે અને ગાથા-૨૬માં આ વ્રતના પાંચ અતિચારોને જણાવવામાં આવ્યા છે.

**૦ અનર્થદંડ વિરમણ વ્રતની ભૂમિકા :-**

આ વ્રત શ્રાવકના બાર વ્રતોમાં સાતમા વ્રતરૂપે અહીં નોંધાયેલ છે. તેનો ઉલ્લેખ ત્રીજા ગુણવ્રતરૂપે પણ કરાયેલ છે. તત્ત્વાર્થસૂત્રના અધ્યાય-૭માં સૂત્ર-૧૬ માં જે સાત ઉત્તરગુણો રૂપ વ્રત કહ્યા, તેમાં આ વ્રતનો ક્રમ બીજો છે જ્યારે વંદિત્તુ સૂત્રમાં આ ક્રમો ત્રીજો છે. વળી ઉવવાઈ નામક આગમસૂત્રમાં તેને પહેલું ગુણવ્રત કહેલ છે. યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ આદિમાં વંદિત્તુ સૂત્રનો ક્રમ જ જળવાયેલ છે.

૦ दण्ड - અનર્થદંડને સમજવા માટે પહેલા 'દંડ' શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. "જેનાથી આત્મા દંડાય-દુઃખ પામે તે દંડ અથવા પ્રાણીને કે આત્માને જં દંડે-શિક્ષા કરે તે દંડ અથવા જેના વડે પ્રાણી દંડાય-મરણ પામ તે દંડ.

પાપ સેવનથી આત્મા દંડાય છે - દુઃખ પામે છે માટે દંડનો અર્થ પાપસેવન પણ થાય છે.

સ્થાનાંગ સૂત્રના પ્રથમ સ્થાનમાં – "દંડ એક પ્રકારનો છે" એવું એક સૂત્ર છે. આ સૂત્ર-ભૂતોપમર્દન એટલે જીવહિંસાના સામાન્ય લક્ષણને ઉદ્દેશીને કરવામાં આવેલ છે. પણ એજ સૂત્રના બીજા સ્થાનમાં તેના બે પ્રકારો આ પ્રમાણે કહેલાં છે – 'દંડ'ના બે પ્રકાર કહેલાં છે - (૧) અર્થ દંડ અને (૨) અનર્થ દંડ.

(૧) अर्थदण्ड - પ્રયોજનવશાત્ સકારણ પાપનું સેવન તે અર્થદંડ.

– ગૃહસ્થને પોતાનો તથા સ્વજન આદિનો નિર્વાહ કરવો પડે છે. આથી ગૃહસ્થ પોતાના તથા સ્વજન આદિના નિર્વાહ માટે જે પાપોનું સેવન કરે તે સપ્રયોજન હોવાથી અર્થદંડ છે.

– જેના વિના ગૃહસ્થવાસ ન ચલાવી શકાય તે પાપસેવન એ અર્થદંડ છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપભોગ પરિભોગને વશ અગારિ-વ્રતીની પ્રવૃત્તિ તે અર્થ છે.

– જે હિંસા વિશિષ્ટ પ્રયોજનને લીધે કે અનિવાર્ય કારણોને લઈને કરવામાં આવી હોય તે અર્થદંડ કહેવાય.

– ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, શરીર, કુટુંબ-પરિવાર વગેરેને અંગે જે કોઈ સાંસારિક કાર્ય કરવામાં આવે તે અર્થદંડ છે.

(૨) अनर्थदण्ड :- પ્રયોજન વિના નિષ્કારણ પાપનું સેવન તે.

– જેમાં પોતાના કે સ્વજન આદિના નિર્વાહનો પ્રશ્ન જ ન હોય તેવું પાપ સેવન એ અનર્થદંડ છે.

– જેના વિના ગૃહસ્થાવાસ ચાલી શકે તે પાપસેવન ને અનર્થદંડ કહેવામાં

આવે છે.

– ઉપભોગ પરિભોગના હેતુ સિવાયની પ્રવૃત્તિ તે અનર્થદંડ.

– જે હિંસા ખાસ પ્રયોજન સિવાય કે અનિવાર્ય કારણ વિના કરવામાં આવી હોય તે 'અનર્થદંડ' છે.

– અર્થદંડ સિવાયના પારકાં ક્ષેત્ર-વાસ્તુ વગેરેને અંગે જે કાર્ય કરવામાં આવે તે 'અનર્થદંડ' કહેવાય. એટલે કે - આત્મા પોતાનું પુણ્યધન ગુમાવવા વડે વિના પ્રયોજને પાપકર્મથી બંધાય તે અનર્થદંડ.

० अनर्थदंड विरति -

ગૃહસ્થો અર્થદંડમાંથી બચી શકતા નથી, પણ અનર્થદંડમાંથી બચી શકે છે. તે સંબંધી વ્રતને "અનર્થદંડ વિરમણવ્રત" કહે છે – "પોતાના ભોગરૂપ પ્રયોજન માટે થતા અધર્મ વ્યાપાર સિવાય બધાં અધર્મવ્યાપારથી નિવૃત્તિ લેવી. અર્થાત્ નિરર્થક કોઈ પ્રવૃત્તિ ન કરવી તે અનર્થદંડ વિરતિ વ્રત.

**० અનર્થદંડના ચાર પ્રકારો :-**

અનર્થદંડના ચાર મુખ્ય ભેદો છે – (૧) અપધ્યાન, (૨) પાપોપદેશ, (૩) હિંસ્રપ્રદાન અને (૪) પ્રમાદાચરણ.

(૧) અપધ્યાન-અનિષ્ટ કે અપ્રશસ્તધ્યાન. તેના બે ભેદો છે - આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન.

– આર્ત્તધ્યાનના ચાર ભેદ છે તે આ પ્રમાણે–

० अनिष्टवियोग - પોતાને અપ્રિય એવા પ્રાપ્ત કે અપ્રાપ્ત એવા શબ્દાદિ વિષયો ત્રણેય કાળમાં પોતાને કદીયે ન મળે એવી જે ચિંતા કે મનોભાવના તે 'અનિષ્ટ વિયોગ ચિંતા' આર્ત્તધ્યાન છે.

० रोगादिवियोग - શરીરે થયેલ વ્યાધિ વગેરે વેદનાના વિયોગની ચિંતા અથવા "શરીરમાં વ્યાધિ આદિ ત્રણેય કાળમાં કદીયે ન થાવ" એવી જે ચિંતા તે રોગાદિ વિયોગચિંતા આર્ત્તધ્યાન છે.

० इष्टसंयोग - પોતાને પ્રિય એવા પ્રાપ્ત કે અપ્રાપ્ત શબ્દાદિ પદાર્થોનો સંયોગ ત્રણેય કાળમાં અત્યંત બન્યો રહે તેવા જે પરિણામ-અધ્યવસાય રાખવા તે 'ઇષ્ટાદિ સંયોગ' નામક આર્ત્તધ્યાન છે.

० निदानाध्यवसाय - દેવતાઈ ભોગો, દેવતાઈ ઋદ્ધિ અને ચક્રવર્તીનું રાજ્ય વગેરે અપ્રાપ્ય ઋદ્ધિઓ આદિ મેળવવા માટે નિયાણું કરવાના પરિણામ રાખવા તે 'નિદાનાધ્યવસાય' નામે આર્ત્તધ્યાન છે.

– રૌદ્રધ્યાનના પણ ચાર પ્રકારે છે તે આ પ્રમાણે :-

० हिंसानुबंधी - પોતાને જે વ્યક્તિ પ્રતિ દ્વેષ થયો હોય તે પ્રાણીને અતિ ક્રોધાદિ કષાયથી હણવાની, બાંધવાની, ડામ વગેરે દેવાની તથા તેનાં નગર-દેશ વગેરે ભાંગવાની વૃત્તિ ધરાવવી તે "હિંસાનુબંધી" રૌદ્રધ્યાન છે.

० मृषानुबंधी - કોઈના પર અછતું આળ મૂકવું કે કોઈની ચાડી કરવી,

અસભ્ય વચનો ઉચ્ચારવા, ખોટી એવી ઘાતક વગેરે વાતો કરવી ઇત્યાદિ સંબંધી સતત વૃત્તિ તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન.

૦ સ્તેયાનુબંધી - પારકાનું ધન હરી લેવાની ભાવના રાખવી, સતત ચોરી કે ચોરીના ઉપાયોના અધ્યવસાયો તે સ્તેયાનુબંધી નામક રૌદ્રધ્યાન છે.

૦ વિષયસંરક્ષણાનુબંધી - શબ્દાદિ પદાર્થો સાધી આપનાર ધનનું સંરક્ષણ કરવા માટે કોઈનો પણ વિશ્વાસ નહીં આવવાને લીધે 'પર' પ્રત્યે તેઓ મરી જાય તો સારું એવી દુષ્ટ ચિંતવના રાખવી તે "વિષયસંરક્ષણાનુબંધી" રૌદ્રધ્યાન છે.

*આ પ્રમાણે અનર્થદંડનો પહેલો ભેદ "અપધ્યાન" કહ્યો.*

(૨) પાપોપદેશ :-

જે કાર્ય માટે સૂચના, સલાહ કે શિખામણ આપવાથી અન્યને આરંભ-સમારંભ કરવાની પ્રેરણા મળે તે પાપોપદેશ કહેવાય.

– જે ઉપદેશથી પાપકર્મ થાય તે પાપોપદેશ જેમકે– લડાઈઓ લડવી જોઈએ, આ યુગમાં કારખાના વિના તો ન જ ચાલે, તમારી કન્યા વિવાહ યોગ્ય છે માટે પરણાવી દો, વાછરડાને બળદ બનાવીને કામમાં લ્યો, ઘોડાને ફેરવીને તૈયાર કરો, માછલા પકડવાની જાળ નાખો, શસ્ત્ર-અસ્ત્ર સજાવો, નહેરો-તળાવ-કૂવાઓ ખોદાવો, આવા-આવા પ્રકારને જે ઉપદેશ આપવો તે સર્વે પાપોપદેશ નામે બીજો અનર્થદંડ જાણવો.

જો આવા શબ્દો ઘરકામ, ઘરની ખેતી, વ્યાપાર-ધંધા માટે પોતાના પુત્ર-પરિવારને કહેવા પડે તો તે અર્થદંડ છે, પણ જેની જવાબદારી પોતાને માથે નથી તેવાઓને આવા શબ્દો કહેવા તે અનર્થદંડ છે. કેમકે આવો ઉપદેશ હિંસાદિ પાંચ દોષોનો પોષક છે. માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

(૩) હિંસ્રપ્રદાન - હિંસક સાધનોનું પ્રદાન–

– જે સાધનો વડે હિંસા થઈ શકે તેવા સાધનો કોઈને આપવા તે. *(✱ અનર્થદંડનો આ ત્રીજો ભેદ બહુ સાવદ્ય હોવાથી સૂત્રકાર પોતે જ તેની વિવક્ષા ગાથા-૨૪માં કરે છે.)*–

"શસ્ત્ર, અગ્નિ, મુશલ, ગાડુ, ઘંટી, યંત્ર, તૃણ, કાષ્ઠ, મંત્ર, મૂળ અને ભેષજ એ દરેક પાપારંભવાળી વસ્તુઓ કોઈને પોતે આપી હોય કે અપાવી હોય તેને અંગે લાગેલ દિવસ સંબંધી પાપને હું પ્રતિક્રમું છું.

● **सत्थ** - શસ્ત્ર - જેનાથી પ્રાણીની હિંસા થાય તે શસ્ત્ર.

– નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે કે, "જે જેના વિનાશનું કારણ છે, તે તેનું શસ્ત્ર છે.

– આવા શસ્ત્ર દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે. તેમાં ખડ્ગાદિ હથિયારો, અગ્નિ, વિષ, ક્ષાર આદિ પદાર્થો દ્રવ્ય શસ્ત્ર કહેવાય છે. કારણ કે પ્રાણીની હિંસા થવામાં તે સાધનભૂત છે. જ્યારે અંતઃકરણની દુષ્ટતા તથા વાણી અને કાયાનું સંયમરહિત પ્રવર્તન એ ભાવશસ્ત્ર છે, કેમકે આત્માને હણવામાં તે કારણભૂત છે.

– જો કે વ્યવહારુ અર્થ કરતા "શ્રાદ્ધપ્રતિક્રમણ-પાર્શ્વદેવવૃત્તિ"માં જણાવે છે કે - શસ્ત્ર શબ્દ વડે ખડ્ગાદિ હથિયારો જ સમજવા.

● **अग्गि** - અગ્નિ, આગ કે આતશ. તે દહન આદિ અનેક લક્ષણોથી યુક્ત હોય છે.

● **मुसल** - મુશલ એટલે સાંબેલું. ઉપલક્ષણથી ખાંડણિયો, હળ આદિ.

● **जंतग** - યંત્ર. યુક્તિપૂર્વક કામ કરવાનું સાધન. જેમકે ઘંટી, ઘાણી, રેંટ, ઘરેડી, ગાડુ વગેરે.

● **तण** - તૃણ એટલે દર્ભ આદિ ઘાસ કે મુંજ આદિ દોરડાં વણવા માટેની વનસ્પતિ. ઘા-વ્રણમાંના કૃમિનું શોધન કરે તેવા વિશિષ્ટ પ્રકારના ઘાસો પણ અહીં સમજી લેવા.

● **कट्ठ** - કાષ્ઠ એટલે લાકડાં. તેમાં બળતણ માટે કામ લાગે તેવાં તથા ઓજારો બનાવવામાં ઉપયોગી થાય તેવા બંનેનો સમાવેશ થાય.

● **मंत** - મંત્ર, વશીકરણાદિ અનેક પ્રકારના મંત્રો.

● **मूल** - તાવ વગેરે રોગોને દૂર કરનારી મૂલી-જડીબુટ્ટી અથવા ગર્ભને ગાળનાર કે પાડનાર મૂળકર્મ.

● **भेसज्ज** - ભૈષજ્ય - ઉચ્ચાટનાદિ માટે જુદી જુદી વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન કરેલું દ્રવ્ય.

-૦- હિંસક સાધનોના પ્રદાન - અનર્થદંડના ચાર ભેદમાંના એક ભેદમાં ઉક્ત બાબતો ગાથામાં નોંધાઈ છે. જેને સામુહિક રીતે अर्थदीपिका વૃત્તિમાં આ રીતે જણાવી છે – "શસ્ત્ર, અગ્નિ, મુશળ એ પ્રસિદ્ધ વસ્તુઓ છે. ઉપલક્ષણથી ખરલ, ખાંડણી, હળ વગેરે પણ સમજવાં. તથા ગાડા-ઘંટી વગેરે યંત્ર, મોટા દોર વગેરે વણી શકાય તેવું દર્ભ આદિ ઘાસ કે સાવરણી વગેરે, રેંટ લાકડી આદિ કાષ્ઠ, ઝેર ઉતારનાર કે કાર્મણ વગેરેના મંત્ર, નાગદમની વગેરે ઔષધિઓ કે તાવ ઉતારનાર મૂળીયા અથવા ગર્ભ કૃશ કરવાની કે પાડવાની ક્રિયા વગેરે મૂળકર્મ. ઉચ્ચાટનાદિ ક્રિયામાં કારણભૂત ભેષજ વગેરે.

● **दिन्ने दवाविए वा** દીધું હોય કે દેવડાવ્યું હોય.

– અનેક જીવોના પ્રાણનો ઘાત કરનારા તે શસ્ત્ર, અગ્નિ, મૂશલ વગેરે દાક્ષિણ્યતાદિ કારણ સિવાય અન્યને આપ્યાં હોય અથવા અપાવ્યા હોય. તેમાં હિંસાને ઉત્તેજન મળવાનો સંભવ રહે છે, તેથી તેનો સમાવેશ "અનર્થદંડ"માં થાય છે.

● **पडिक्कमे देसिअं सव्वं** - ઉક્ત કારણે દિવસ સંબંધી લાગેલ સર્વ અતિચારોને હું પ્રતિક્રમું છું.

(૪) પ્રમાદાચરણ - પ્રમાદપૂર્વકનું કે પ્રમાદ વડે થતું આચરણ.

*(* અનર્થદંડનો આ ચોથો ભેદ છે. તે બહુ સાવદ્ય હોવાથી સૂત્રકારે તેની વિવક્ષા **ગાથા-૨૫**માં સ્વયં કરી છે.)*

સ્નાન, ઉદ્વર્તન, વર્ણક, વિલેપન, શબ્દ, રૂપ, ગંધ, વસ્ત્ર, આસન અને આભરણ એ સર્વ બાબત સંબંધી જે પ્રમાદાચરણ સેવ્યું હોય તેને હું પ્રતિક્રમું છું.

હવે આ પ્રમાદાચરણને ગાથાના શબ્દો દ્વારા સમજીએ–

● **ण्हाणु के न्हाणु** - સ્નાન, નાહવું તે સ્નાન.

– જયણા પાલન વિના કરાતું સ્નાન અનર્થદંડક છે.

– સ્નાન કરતી વખતે આ પ્રમાણે જયણાપાલન જરૂરી છે – જે ભૂમિ કે સ્થાન જીવાકુળ હોય, જ્યાં સંપાતિમ જીવો ઉડી ઉડીને આવી પડતા હોય ત્યાં સ્નાન કરવું નહીં. અણગણ પાણથી નાહવું નહીં, જરૂર કરતાં વધારે પાણી ઢોળવું નહીં.

● **उव्वटण** - ઉદ્‌વર્તન-મેલ વગેરે કાઢવા માટે પીઠી વગેરે પદાર્થો ચોડવા તેને ઉદ્‌વર્તન કહે છે.

– જયણારહિતપણે કરાયેલ ઉદ્વર્ત્તન અનર્થદંડક છે.

– ઉદ્વર્તન કે ઉબટનમાં જો ત્રસાદિ જીવોથી વ્યાપ્ત ચૂર્ણ વગેરે વડે શરીરે ઉબટન કરવું કે ઉબટન ચૂર્ણ અને ઉતારેલા મેલ આદિ રાખમાં કે યોગ્ય જગ્યાએ પરઠવ્યા ન હોવારૂપ પ્રમાદાચરણ થયું હોય અને તેનું શ્વાનાદિકે ભક્ષણ કર્યું હોય કે કોઈના પગ આદિ તળે કચડાયું હોય.

● **वन्नग** - વર્ણક. રંગ લગાડવો તથા ચિતરામણ કરવાં તે.

– જયણારહિતપણે કરાયેલ વર્ણક - હાથે-પગે મહેંદી મૂકવી, દાંત રંગવા, કપાળ પર પીર કાઢવી, છાતી વગેરે પર ચિતરામણ કરવું ઇત્યાદિ અનર્થદંડક છે. આ રીતે શરીરના અવયવો શોભાવતાં સંપાતિમ જીવોની વિરાધના થઈ હોય.

● **विलेवण** - વિલેપન સુગંધી પદાર્થો ચોળવા તે વિલેપન.

– ચંદન, કેસર ઇત્યાદિ અનેક દ્રવ્યોથી કરાતું વિલેપન જ્યારે જયણા-રહિતપણે થાય છે ત્યારે ઉડીને આવી પડતાં જીવોની વિરાધના થાય છે. આવું પ્રમાદાચરણ અનર્થદંડક છે.

*(વૃત્તિમાં જણાવ્યા મુજબ અહીં "અજયણા" શબ્દ મૂક્યો છે. પરંતુ ઉબટન, વર્ણક, વિલેપન આદિનો ઉપયોગ પણ કોઈ ખાસ આવશ્યકતા સિવાય કરવો તે અનર્થદંડરૂપ જ છે.*

○ હવે શબ્દાદિ ચતુષ્કના પ્રમાદાચરણને સૂત્રમાં કહે છે–

● **सद्द** - શબ્દ. શ્રવણેન્દ્રિયનો વિષય તે શબ્દ. તેનું શ્રવણ અયતનાથી થતાં થયેલ પ્રમાદાચરણથી અનર્થદંડ લાગે છે.

– વિના પ્રયોજને બોલવું, ઘોંઘાટ કરવો, બૂમો પાડવી, વીણા, વાંસળી, મૃદંગ આદિ શબ્દોરૂપ સંગીતમાં લુબ્ધ થવું, ફટાણાદિ ગીતો ગાવા, બધાં સૂઈ રહ્યા હોય ત્યારે અવાજ કરવો, કોઈની નિંદા કરવી વગેરે શબ્દથી ઉત્પન્ન થતો 'અનર્થદંડ' છે.

વહેલી સવારે ઉઠીને ઊંચે શબ્દે બોલવાથી કે કોઈ રીતે અવાજ કરવાથી

ગરોળી વગેરે હિંસક જીવો જાગીને જંતુઓને મારવાનું કામ શરૂ કરી દે છે. જળ વગેરેના આરંભી જીવો પોતે આરંભમાં પ્રવર્તે ત્યારે પણીહારી, ખેડૂત, ઘાંચી, ધોબી, માછીમાર આદિ પણ તેમના તેમના આરંભ કાર્યોમાં પ્રવર્તે છે. તેઓ કામે લાગતા પ્રત્યક્ષ કે પરોક્ષપણે પાપપ્રવૃત્તિનો પ્રારંભ થાય છે એટલે 'અનર્થદંડ'ને ઉત્પન્ન કરવામાં તે નિમિત્તભૂત બને છે.

**૦ ભગવતીજી સૂત્રમાં અહીં એક પ્રશ્નોત્તર છે –**

કૌશાંબી નગરીના રાજા શતાનીકની બહેન અને મૃગાવતીની નણંદ જયંતી શ્રાવિકા પ્રશ્ન કરે છે. ભગવંત મહાવીર જવાબ આપે છે.

– હે ભગવન્ ! જીવોનું સુવાપણું સારું કે જાગવાપણું સારું ?

– હે જયંતી ! કેટલાંક જીવોનું ઉંઘવું સારું અને કેટલાંક જીવોનું જાગવું સારું છે.

જે જીવો અધર્મી છે, અધર્મને અનુસરનારા છે, અધર્મપ્રિય છે, અધર્મને બોલનારા છે, અધર્મના જોનારા છે, અધર્મના રાગી છે, અધર્માચારને યથાર્થપણે આચારનારા છે અને અધર્મથી જ આજીવિકા ઇચ્છતા વિચરે છે, તેવા જીવોનું ઉંઘવાપણું સારું છે - તે જીવો સુતા રહેવાથી બહુ જીવોને, બહુ પ્રાણોને, બહુ ભૂતોને, બહુસત્વોને દુઃખને માટે યાવત્ પરિતાપને માટે થતા નથી. તે જીવો સુતા સુતા પોતાને, પરને કે ઉભયને બહુ અધર્મથી જોડતા નથી. માટે તે જીવોનું ઊંઘવાપણું સારૂં છે.

*(આ સાક્ષીપાઠ મુજબ વહેલા ઉઠીને ઉચ્ચસ્વરે બોલનાર પ્રમાદાચરણથી અનર્થદંડનું સેવન કરનારા થાય છે.)*

● **रुव** - રૂપ. ચક્ષુરિન્દ્રિયનો વિષય તે રૂપ. તેનું દર્શન અયતનાથી થતા થયેલ પ્રમાદાચરણથી અનર્થદંડ લાગે છે.

– દેહનાં રૂપ અને રંગ અનિત્ય છે, અસ્થિર છે, વીજળીના ઝબકારા જેવાં ચપળ અને ક્ષણિક છે. તેને સુધારવા કે સાચવવા માટે ગમે તેટલો પ્રયાસ કરવામાં આવે તે મિથ્યા જ છે. સનત્કુમાર ચક્રવર્તીની માફક ઘડી પહેલાંની ફૂલ જેવી ગુલાબી કાયા ઘડી પછી જ બીમારી આદિથી ઘેરાઈ જાય છે. તેથી એ દિશામાં સમય અને શક્તિનો વ્યય કરવો તે નિષ્પ્રયોજન હોવાથી તે અનર્થદંડનું કારણ છે.

'રૂપ'ની વૃદ્ધિ માટે નવાં નવાં વસ્ત્રોની, અલંકારોની અને અનેકવિધ સામગ્રીની જરૂર પડે છે. જે પ્રચુર આરંભ-સમારંભ વિના પ્રાપ્ત થઈ શકતી નથી. વળી તેમાં ઘણું દુર્ધ્યાન પણ થાય છે. તે જ રીતે 'રૂપ-લાલસા'ની તૃપ્તિ માટે નાટક, ફિલ્મ, નાચગાનની મીજલસો જોવામાં આવે છે. બીજા પણ અનેક પ્રકારના ઉપાયો કરાય છે. આ સર્વે પ્રવૃત્તિઓમાં ધન અને સમયનો દુર્વ્યય, મોહનીય કર્મનો બંધ પરંપરાએ દોષોનું સેવન આદિ થતા હોવાથી તે સર્વે 'અનર્થદંડ' રૂપ છે.

– સ્ત્રી વગેરેના રૂપ-નાટકાદિમાં જોઈને નિષ્પ્રયોજન 'રૂપ'ના વિચારો કરવામાં, તે રૂપનું વર્ણન કરવામાં અને 'રૂપ'ની હિમાયત કરવામાં મન, વચન,

કાયાનું જે પ્રવર્તન થાય છે, તેથી અનર્થદંડ લાગે છે. માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

● **रस** :- રસનેન્દ્રિયને વિષય તે 'રસ'. તેના વિષયમાં જયણારહિતપણે કે રસલોલુપતાથી થયેલ પ્રમાદાચરણ.

– શરીરને ધારણ અને પોષણ માટે આહાર જરૂરી છે, પણ તેમાં રસ-આસક્તિ થવી, આસક્તિને પૂર્ણ કરવાના પ્રયત્નોમાં નાણાં, સમય, આરોગ્યને વેડફવા ઇત્યાદિ અર્થહીન હોવાથી તે 'અનર્થદંડ'નું કારણ બને છે.

– ભોજન માટે અશન-પાન આવશ્યક છે, પણ વિવિધ વાનગી, ચટાકેદાર સ્વાદ, અનેક પ્રકારના આચાર-અથાણા, સલાડ, રાઈતાં, ફરસાણ, મિષ્ટાન્ન વગેરેનો ઉપયોગ આવશ્યક નથી. તે જીભના સ્વાદનું પોષણ કરવા રૂપ હોવાથી અનર્થદંડ રૂપ છે.

– પાક્ષિક સૂત્રમાં રાત્રિભોજન સંબંધી વર્ણનમાં પણ ભાવથી રાત્રિભોજનના સ્વરૂપને વર્ણવતાં કહ્યું છે કે, તીખા, ખાટાં, ખારા, તુરા, કડવા, મીઠા ઇત્યાદિ રસોનું રાગ કે દ્વેષથી સેવન કરવું તે રાત્રિભોજનરૂપ છે. માટે રસની આસક્તિ રાખવી - પોષવી કે વધારવી તે એક પ્રકારનું પ્રમાદાચરણ છે.

● **गंध** - ગંધ એ ઘ્રાણેન્દ્રિયનો વિષય છે. તેના વિષયમાં જયણારહિતપણે કે ગંધની આસક્તિથી થયેલ પ્રમાદાચરણ.

– પુષ્પો, માળા, કસ્તુરી, કેસર, અત્તર આદિ સુગંધી દ્રવ્યો, ઊંચી જાતના તેલ કે વર્ણકો ઇત્યાદિમાં આસક્તિ રાખવી તે 'ગંધ' સંબંધી અનર્થદંડ છે.

● **वत्थ** - વસ્ત્ર. પહેરવા-ઓઢવાના કપડાં તે વસ્ત્ર.

– શરીરને ઢાંકવા, મર્યાદાની જાળવણી કરવા, પ્રસંગોનું ઔચિત્ય જાળવવા, ઠંડી, ગરમી, વરસાદ, મચ્છર આદિ પરીષહોથી બચવા ઇત્યાદિ કારણે વસ્ત્રો આવશ્યક છે. પણ વસ્ત્રના રંગ, ફેશન, શારીરિક દેખાવને શોભાવવા કે પ્રદર્શિત કરવા આદિની વૃત્તિથી વસ્ત્રમાં વધારે પડતાં આસક્ત થવું તે અનર્થદંડ છે.

● **आसन** - બેસવા માટેના સાધનોને 'આસન' કહે છે.

– આસન માટે પાટ, પાટલા, ખાટ, પાથરણા આદિ જરૂરી છે પણ વધારે પડતું રાચ-રચીલું, ફેશનેબલપણું એ બધું રાખવું કે બીજા પાસે તેના ભભકાનો ડોળ કરવો તે અનર્થદંડ છે.

● **आभरण** - વિવિધ અંગોને શણગારનારા આભૂષણ.

– ઘરેણાંનો અતિરેક કરવો, મોંઘા કે મૂલ્યવાન ઘરેણાંનું પ્રદર્શન કરવું કે તેના વિશે અભિમાન કરવું, બીજા પાસે તેને વિવિધ રીતે રજૂ કરી પ્રશંસા મેળવવી ઇત્યાદિ સર્વે આભરણ સંબંધી અનર્થદંડ છે.

* ધર્મસંગ્રહની ગાથા-૩૬ના વિવરણમાં આ પ્રમાદાચરણનું વિવેચન કરતી વખતે આ પ્રમાણે જણાવે છે કે–

કૌતુકથી સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોને ભોગવવા. જેમકે - કુતૂહલથી ગીત

સાંભળવા, નાચ-નાટક કે સરકસાદિ જોવાં, કામશાસ્ત્રાદિ ગ્રંથોમાં જણાવેલ કામચેષ્ટાદિનું વારંવાર પરિશીલન કરવું, તેમાં આસક્તિ કરવી, જુગાર રમવો, સુરાપાન કરવું કે શિકાર, ચોરી, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, માંસભક્ષણ આદિ મહાદુષ્ટ વ્યસનો સેવવા.

નદી, તળાવ, ફુવારા વગેરે જળાશયોમાં તરવું, ડૂબકી લગાવવી, પીચકારીએ છાંટવી વગેરે જળક્રીડાઓ કરવી. હિંચોળે હિંચકવું, બગીચામાં પુષ્પાદિ ક્રિડા કરવી, કુકડા વગેરેને પરસ્પર યુદ્ધ કરાવવા કે યુદ્ધ જોવાં, વૈર-વિરોધ કરવા કે રાખવા, સર્વ પ્રકારે વિકથા કરવી જેમાં ભોજન, સ્ત્રી, દેશ અને રાજ્ય સંબંધી ચાર કથાઓ મુખ્યતાએ વર્ણવાય છે, વધારે પડતું ઊંઘવું એ સર્વે પ્રમાદાચરણરૂપ અનર્થદંડ છે.

આ સિવાય પણ અનેક પ્રમાદાચરણોનો ઉલ્લેખ ગ્રંથ અને શાસ્ત્રોમાં છે તે સર્વે અનર્થદંડરૂપ હોવાથી ત્યાગ કરવો.

● **पडिक्कमे देसिअं सव्वं** - એ રીતે સ્નાન, ઉદ્વર્તન આદિથી જે પ્રમાદાચરણ થયું હોય અને તેને કારણે જે અનર્થદંડ થવાથી દિવસ દરમ્યાન જે અતિચારો લાગ્યા હોય તે સર્વેનું હું પ્રતિક્રમણ કરું છું - તે દોષથી પાછો ફરું છું.

*૦ અનર્થદંડ વિરમણ વ્રત સંબંધી વિવેચનમાં આપણે ગાથા ૨૪ અને ૨૫માં આ વ્રતનું સ્વરૂપ જોયું.* **હવે ગાથા-૨૬માં** *"અનર્થદંડ વિરમણવ્રત"નાં પાંચ અતિચારો અને તેનું નિંદારૂપ પ્રતિક્રમણ સૂત્રકાર મહર્ષિ જણાવી રહ્યા છે.*

● **कंदप्प** - કંદર્પ, રાગવશ થતું અસભ્ય ભાષણ કે વર્તન.

– કંદર્પ એટલે મદન કે કામવિકાર.

– કામવિકાર ઉત્પન્ન થાય તેવા વચનપ્રયોગ.

– રાગવશ અસભ્ય ભાષણ અને પરિહાસ આદિ કરવા તે.

– કંદર્પ એટલે કામ. પોતાને અને પરને કામવિકાર ઉત્પન્ન થાય તેવા રાગાદિ વિકારોને ઉત્તેજિત કરનારાં હાસ્યાદિ વચનો બોલવાં તે પણ ઉપચારથી કંદર્પ કહેવાય.

– કંદર્પ એટલે કામ-વિકાર. પણ પરિભાષાથી કામવિકારને ઉત્પન્ન કરનારા તમામ વાણી-પ્રયોગોને અશ્લીલ મશ્કરી વગેરેને પણ 'કંદર્પ' જ ગણવામાં આવે છે.

વ્રતધારી શ્રાવકે અતિશય હસવું નહીં, હસવું જરૂરી બને તો માત્ર મુખ મલકાવવું, પણ અટ્ટહાસ્ય થાય, કોઈને ગાળ દેવાઈ જાય, પ્રમાદથી કામ-વિકારને ઉત્પન્ન કરનારા અશ્લીલ શબ્દનો પ્રયોગ થઈ જાય, તો તે અનર્થદંડ વિરમણ વ્રતનો "કંદર્પ" નામનો પ્રથમ અતિચાર ગણાય છે.

● **कुक्कुइअ** - કૌકુત્ચ્ય, નેત્રાદિકની વિકૃત ચેષ્ટા.

– દુષ્ટ કાયપ્રચાર સહ રાગયુક્ત અસભ્ય ભાષણ અને હાસ્ય.

– પરિહાસ અને અશિષ્ટ ભાષણ ઉપરાંત ભાંડ જેવી શારીરિક દુશ્ચેષ્ટાઓ

કરવી તે કૌકુત્ચ્ય.

— 'કૌકુત્ચ્ય'નો સામાન્ય અર્થ નેત્ર, ભ્રમર, ઓષ્ઠ, નાસિકા, હાથ આદિ વિકાર-પૂર્વકની હાસ્યને ઉત્પન્ન કરનારી વિકૃત ચેષ્ટા છે. તેમાં પરંપરાથી બીજી પણ ક્રિયાઓ ગ્રહણ થાય છે. જેમકે–

લોકોને હાસ્ય ઉત્પન્ન થાય તેવી ચેષ્ટાઓથી બોલવું, ચાલવું, બેસવું અને હલકાઈ જણાવનારા ચેનચાળાઓ કરવા.

— રાગસહિત હાસ્યપૂર્વક કામોત્તેજક અસભ્ય વાક્યો બોલવા સાથે અસભ્ય કાયિક ચેષ્ટા કરવી અર્થાત્ કંદર્પમાં હાસ્ય તથા વાણી પ્રયોગ ઉપરાંત કાયિકપ્રયોગ કરવારૂપ કૌત્કુચ્ય નામે આઠમા અનર્થદંડ વિરમણ વ્રતનો આ બીજો અતિચાર છે.

● **मोहरि** - મુખરતા, વાચાળતા, મૌખર્ય, અસંબદ્ધ બોલવું તે.

— નિર્લજ્જપણે, સંબદ્ધ વિનાનું બહુંજ બોલ-બોલ કરવું તે.

— વાચાળતા, ઉચિત કે અનુચિતના વિવેક વિના બોલ્યા જ કરવું તે મુખરતા કે મૌખર્ય-જેમાં મુખનો અતિશય વ્યાપાર હોય છે તે. આ અતિચાર ત્રીજા અનર્થદંડ વિરતિ-વ્રતનો ત્રીજો અતિચાર છે.

— 'મૌખર્ય' એટલે અસભ્ય તથા અસંબદ્ધ વચનો બોલવા, તેમજ વાચાળપણે બહુ બોલવું. આવી વાચાળતાવશ પાપોપદેશ થવાનો સંભવ હોવાથી આ મુખરતામાં પાપોપદેશ રૂપ અતિચારપણું છે. મુખરતા પ્રાયઃ સર્વને અનિષ્ટ છે, વિશેષ અનર્થનો હેતુ છે. વાચાળ મનુષ્ય અવસરાદિ ઔચિત્ય જોયા વિના બોલે છે તેથી અપ્રીતિ વગેરે મહાન્ દોષ થાય છે.

વ્રતધારી શ્રાવકે વિવેકપૂર્વક તથા મધુર ભાષામાં-આવશ્યક હોય તેટલું જ બોલવું જોઈએ. છતાં પ્રમાદથી કે અનાભોગે વધુ પડતું બોલાઈ જાય તો તેને મૌખર્ય નામે અતિચાર કહે છે.

● **अहिगरण** - વગર વિચાર્યે હિંસક સાધનો એકઠાં કરવા તે.

— 'અધિકરણ' શબ્દ માટે તત્ત્વાર્થમાં અસમીક્ષ્ય-અધિકરણ અને 'ઉપાસકદશા' આગમમાં 'સંયુક્તાધિકરણ' શબ્દ વાપરેલ છે.

— પોતાની જરૂરિયાતનો વિચાર કર્યા વિના જ જાતજાતના સાવદ્ય ઉપકરણો બીજાને તેના કામ માટે આપ્યા કરવા તે.

— અધિકરણ એટલે પાપનાં સાધન. પોતાને આવશ્યકતા ન હોય તો પણ રાખવા, જેથી કોઈ માંગવા આવે ત્યારે આપી શકાય. અહીં નિરર્થક પાપનો બંધ થાય છે.

— અધિકરણ શબ્દ સામાન્યથી આશ્રય અર્થમાં પ્રયોજાય છે. પણ અહીં તે હિંસાના આશ્રય રૂપ ઉપકરણના વિશિષ્ટ અર્થમાં વપરાયેલો છે. તેથી અહીં સાંબેલું, ખાંડણીયો, કોશ, કોદાળી, કુહાડી, તલવાર વગેરે હિંસક સાધનો રૂપે સમજવા.

— જેના વડે આત્મા નરકાદિ ગતિનો અધિકારી થાય તે અધિકરણ. જે ત્રીજા ગુણવ્રતનો ચોથો અતિચાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— અધિકરણોને પૃથક્ પૃથક્ રાખવાથી અને જરૂર પડે ત્યારે જ સાથે જોડવાથી હિંસ્રપ્રદાનમાંથી બચી શકાય છે. તેથી આવશ્યકતા વિના હિંસક સાધનોને જોડીને કે સજીને તૈયાર રાખવાં તે 'સંયુક્તાધિકરણ' નામે અતિચાર છે. તે માટે હિંસક હથિયારોને સજીને તૈયાર ન રાખવા, ગાડા-હળ આદિ પહેલેથી જોડવા નહીં, ઘર કે હાટ ઘણાંને બંધાવવા હોય, તો પોતે પહેલ ન કરવી, અગ્નિ પહેલાં ન સળગાવવો, ચરવા માટે ગાય પહેલા ન છોડવી ઇત્યાદિ સાવધાની રાખવી.

● **भोग अइरित्त** :- ભોગાતિરિક્તતા, ભોગનાં સાધનો જરૂરથી અધિક રાખવાં તે.

— અનર્થદંડ વિરમણ વ્રતનો પાંચમો અતિચાર વંદિત્તુ સૂત્રમાં 'ભોગ-અતિરિક્ત' નામે છે. તત્ત્વાર્થસૂત્રમાં તેને "ઉપભોગાધિકત્વ" કહેલ છે. ઉપાસકદસા આગમમાં તેને "ઉપભોગપરિભોગાઇરિત્ત" કહેલ છે. ધર્મસંગ્રહમાં "ભોગભૂરિતા" કહેલ છે.

— સામાન્યથી કહીએ તો ભોગોપભોગનાં સાધનો જરૂર કરતાં વધુ રાખવાથી બીજાને તેનો ભોગવટો કરવાની ઇચ્છા થાય છે માટે તેને અનર્થદંડનો અતિચાર કહે છે. ભોગ-પરિમાણમાં નિયત કરેલ સામગ્રીનો ઉપયોગ અજયણાથી કરવો તે પણ આ અતિચારરૂપ જ કહેલ છે.

— ઉપભોગ-પરિભોગને યોગ્ય એવા સ્નાન, ભોજન, ભોગ, વસ્ત્ર આદિ વસ્તુઓ જરૂર કરતાં વધુ રાખવી. आवश्यक चूर्णि માં આ સંદર્ભમાં કઈ રીતે ઉપભોગ-પરિભોગ કરવો તેનો વિધિ કહ્યો છે.

● **दंडंमि अणट्ठाए तइअंमि गुणव्वए निंदे** ત્રીજા ગુણવ્રત એવા અનર્થદંડને વિશે હું પૂર્વે કહેલા 'કંદર્પ' આદિ અતિચારોને નિંદુ છું - હું નિંદારૂપ પ્રતિક્રમણ કરું છું.

*(✱ આ આઠમાં વ્રતના સંદર્ભમાં 'વીરસેન-કુસુમશ્રી"ની કથા ઘણાં વિસ્તારથી अर्थदीपिका ટીકામાં જોવી.)*

**० "અનર્થદંડ વિરમણ વ્રતમાં "સૂરસેન"નું દૃષ્ટાંત :-**

બંધુરા નગરીમાં વીરસેન રાજા હતો. રાજાને સૂરસેન અને મહસેન નામે પુત્રો હતા. બંને ભાઈઓને પરસ્પર સ્નેહ હતો. કોઈ વખતે મહસેનની જીભે રોગ થયો, તે કેમે કરીને મટતો ન હતો. રોગથી તેનું મુખ દુર્ગંધ મારતું હતું. સૂરસેને પ્રતિજ્ઞા લીધી કે મારા ભાઈનો રોગ ન મટે ત્યાં સુધી મારે અન્ન-જળનો ત્યાગ. પછી નવકારમંત્ર ગણતા-ગણતા ઉકાળેલું પાણી પીવડાવવા લાગ્યો. મંત્રપ્રભાવથી મહસેનનો જીભનો રોગ શાંત થઈ ગયો.

તે વખતે અવધિજ્ઞાની ગુરુમહારાજ ઉદ્યાનમાં પધાર્યા. સૂરસેને વંદન કરીને ગુરુભગવંતને પોતાના ભાઈના રોગનું કારણ પૂછયું - ગુરુએ કહ્યું કે, તે મણિપુર નગરમાં 'મદન' નામે હતો. તે ધર્મિષ્ઠ શ્રાવકને ધીર અને વીર નામે બે પુત્રો હતા. બંને ભાઈ પોતાના મામામુનિ પાસે ઉદ્યાનમાં ગયા. ત્યાં વસંત નામના કોઈ સાધુને

ઘણાં માણસોથી વીંટળાયેલ જોયા. તેને કોઈ સર્પ ડંસ દઈને બિલમાં પેસી ગયેલો. તે વખતે નાનો ભાઈ વીર બોલ્યો કે એ પાપી સાપને મારી કેમ ન નાંખ્યો. મોટા ભાઈ ધીરે કહ્યું કે, આ જીભથી નિરર્થક આવા પાપવચન ન બોલ. પણ વીર ન માન્યો. તે અનર્થદંડ રૂપ પાપનું આ ફળ ભોગવ્યું.

**હવે ગાથા-૨૭માં** સૂત્રકાર મહર્ષિ ચાર શિક્ષાવ્રતમાંના પહેલા શિક્ષાવ્રતરૂપ અને શ્રાવકનું જે નવમું વ્રત છે તે "સામાયિક વ્રત" નામક ચોથા ઉત્તરગુણ વ્રતના પાંચ અતિચારને જણાવે છે.

આ પાંચ અતિચારો આ પ્રમાણે છે–

(૧) મનોદુષ્પ્રણિધાન, (૨) વચન દુષ્પ્રણિધાન, (૩) કાયદુષ્પ્રણિધાન, (૪) અનવસ્થા અને (૫) સ્મૃતિ વિહિનત્વ.

– તત્ત્વાર્થ સૂત્રકારે આ પાંચ અતિચારમાં ચોથા અતિચાર 'અનવસ્થા'ને સ્થાને 'અનાદર' નામે અતિચાર કહ્યો છે.

– ઉપાસકદસા આગમમાં થોડા શાબ્દિક ફેરફાર અને વિશેષ સ્પષ્ટીકરણ થયેલ છે.

– યોગશાસ્ત્રના કર્તા તત્ત્વાર્થ સૂત્રને જ અનુસર્યા છે.

૦ હવે **ગાથા-૨૭નું** શબ્દાનુસાર વિવેચન કરેલ છે–

● **तिविहे दुप्पणिहाणे** - ત્રણ પ્રકારનાં 'દુષ્પ્રણિદાન'ને વિશે.

૦ प्पणिहाण-પ્રણિધાન - તન્મય પ્રવૃત્તિ, વ્યાપાર, પ્રયોગ અથવા પ્રવર્તાવવું તે.

૦ આ પ્રણિધાન દુરૂપયોગ અથવા દૂષિતરૂપ થી થાય ત્યારે તેને દુષ્પ્રણિધાન કહેવામાં આવે છે.

– દુષ્પ્રણિધાનનો અર્થ વૃત્તિકારે 'સાવદ્ય વ્યાપાર' કર્યો છે.

– ધર્મસંગ્રહમાં દુષ્પ્રણિધાનનો અર્થ દુષ્ટવિષયમાં જોડાણ અથવા પાપ વ્યાપાર એવો કર્યો છે.

૦ तिविहे - "દુપ્પણિહાણ"નું સંખ્યાવાચી વિશેષણ મૂક્યું છે. 'तिविहे' અર્થાત્ ત્રણ પ્રકારે. કયા ત્રણ પ્રકાર ?

તેનું સ્પષ્ટીકરણ તત્ત્વાર્થ સૂત્ર તથા યોગશાસ્ત્રમાં સૂત્ર અને ગાથા દ્વારા મળે છે. ત્યાં "યોગદુષ્પ્રણિધાન" એવો સ્પષ્ટ પાઠ આપેલ છે અને "યોગ" એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ. તેથી ત્રણ પ્રકારે દુષ્પ્રણિધાન એટલે (૧) મનોદુષ્પ્રણિધાન, (૨) વચન દુષ્પ્રણિધાન અને (૩) કાયદુષ્પ્રણિધાન.

આ ત્રણ ભેદને સામાયિકવ્રતના ત્રણ અતિચાર કહ્યા છે.

*(✱ સામાયિક વ્રતની વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૯ "કરેમિભંતે" તથા સૂત્ર-૧૦ "સામાઈયવયજુત્તો" એ બંને જોવા. તેમાં "સામાયિક" વિશે વિસ્તારથી અનેક માહિતી આપેલ છે.)*

(૧) मनोदुष्प्रणिधान-अतिचार –

– સામાયિક લીધા પછી તેમાં મનથી ઘર, દુકાન, જમીન, મકાન, કુટુંબ, સ્વજન વગેરે સંબંધી ચિંતા કરવી તે મનોદુષ્પ્રણિધાન કહેવાય છે. તે સામાયિક વ્રતનો પહેલો અતિચાર છે.

– મનોયોગને બરાબર સંયમમાં ન રાખતા તેનો છૂટથી ઉપયોગ કે દુરૂપયોગ થવા દેવો તે મનો દુષ્પ્રણિધાન.

– ક્રોધ, દ્રોહ આદિ વિકારને વશ થઈ ચિંતન આદિ મનોવ્યાપાર કરવો કે નિરર્થક પાપના વિચારો કરવા તે.

*૦ સામાયિકમાં મનોદુષ્પ્રણિધાન જન્ય દશ દોષો કહ્યા છે. જે સૂત્ર-૧૦ "સામાઇયવયજુત્તો"માં મનના દશ દોષમાં જોવા.*

સામાયિક લઈને જે શ્રાવક આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં પડી ઘરની ચિંતા કરે તેનું સામાયિક નિરર્થક છે.

(૨) वचनदुष्प्रणिधान-अतिचार :-

– સામાયિક લઈને કર્કશ, કઠોર કે તેવાં પ્રકારના દોષવાળા સાવદ્યવચનો બોલવાં એ 'વચનદુષ્પ્રણિધાન' નામે સામાયિક વ્રતનો બીજો અતિચાર કહ્યો છે.

– વચનયોગને સંયમમાં ન રાખતા છૂટથી તેનો ઉપયોગ અથવા દુરૂપયોગ થવા દેવો તે વચનદુષ્પ્રણિધાન.

– શબ્દ સંસ્કાર વિનાની અને અર્થ વિનાની તેમજ હાનિકારક ભાષા બોલવી તે વચનદુષ્પ્રણિધાન.

*(વચનયોગ દુષ્પ્રણિધાન જન્ય દશ દોષો સામાયિકમાં કહ્યા છે. જે સૂત્ર-૧૦ "સામાઈય વયજુત્તો"માં વચનના દશ દોષરૂપે નોંધ્યા છે.)*

(૩) कायदुष्प्रणिधान-अतिचार –

– સામાયિક લઈને જગ્યા જોયા પ્રમાર્જ્યા વિના ભૂમિ પર બેસે. ઉઠે, હાથ-પગ લાંબા-ટૂંકા કરે, કુતૂહલ વશ ઉભા થવું અથવા હાથ-પગની નિશાનીઓ કરવી કે પાસે રાખેલ વસ્તુઓની લેવડ-દેવડ કરવી ઇત્યાદિ કાય દુષ્પ્રણિધાન છે. જે સામાયિક વ્રતનો ત્રીજો અતિચાર છે.

– કાયરૂપ ઉપયોગને સંયમમાં ન રાખતાં તેનો છૂટથી ઉપયોગ કે દુરૂપયોગ થવા દેવો તે કાયદુષ્પ્રણિધાન.

*(સામાયિકમાં કાયયોગના દુષ્પ્રણિદાન જન્ય બાર દોષો કહ્યા છે. જેનું વર્ણન સૂત્ર-૧૦ "સામાઇયવયજુત્તો"માં જોવું.)*

**પંચાશક સૂત્ર-૧ ગાથા ૨૬**ની ટીકામાં આ ત્રણ દોષ વિશે કહ્યું છે – (૧) સામાયિકમાં જમીનને જોયા કે પ્રમાર્જ્યા વિના બેસવું, ઉઠવું, ઉભા રહેવું વગેરે કરવાથી હિંસા ન થાય તો પણ, તે પ્રમાદરૂપ હોવાથી સામાયિક કરનારે સામાયિક કર્યું ન ગણાય.

(૨) સામાયિક કરનારો પહેલાં બુદ્ધિથી વિચારે પછી જરૂર પડ્યે એકાદિ વખત નિરવદ્ય વચન બોલે અન્યથા તેનું સામાયિક સામાયિકરૂપ ન બને.

(૩) જો શ્રાવક સામાયિકમાં ઘરનાં કે સાવદ્ય કાર્યોની ચિંતા કરે તો આર્તધ્યાનને પામેલાનું સામાયિક નિરર્થક છે.

● **अणवट्ठाणे** - અનવસ્થાન કે અસ્થિરપણાને વિશે.

– अवस्थान - સ્થિતિ કે સ્થિરતા તે 'અવસ્થાન'. તેનો અભાવ તે 'અનવસ્થાન'. એ સામાયિક વ્રતનો ચોથો અતિચાર કહ્યો.

– જ્યારે સામાયિક વિધિપૂર્વક ન થાય કે તેના નિયત કરેલા નિયમોનું યોગ્ય રીતે પાલન ન થાય ત્યારે 'અનવસ્થાન' દોષ લાગે.

– સામાયિકનો બે ઘડીનો કાળ પૂર્ણ થવા દેવો નહીં અથવા સામાયિક જેમ તેમ પુરું કરવું અથવા હંમેશા સામાયિક કરવાના નિર્ધારીત સમયે પોતે નિવૃત્ત હોવા છતાં પણ પ્રમાદને લીધે ''પછી કરી લઈશ'' એવા વિચારમાં નિયતકાળ અનાદરથી વિતાવી દેવો તે અનવસ્થાન કે અનાદર નામનો સામાયિકનો અતિચાર છે.

*(* તત્ત્વાર્થ સૂત્રમાં 'અનવસ્થાન'ને બદલે 'અનાદર' નામે ચોથો અતિચાર કહ્યો છે. જે ધર્મસંગ્રહ અને યોગશાસ્ત્રમાં પાંચમાં ક્રમે છે.)*

સામાયિક નિયત કરેલા સમયે ન કરવું તે પ્રમાદ ગણાય છે.

आवश्यक चूर्णि માં પણ કહ્યું છે કે જ્યારે પણ સમય મળે ત્યારે સામાયિક કરે. (પણ પ્રમાદ ન કરે.)

○ अनादर શબ્દથી આ અતિચારનો અર્થ તત્ત્વાર્થ ટીકામાં આ પ્રમાણે કર્યો છે - સામાયિકમાં ઉત્સાહ ન રાખવો, સમય હોવા છતાં પ્રવૃત્ત ન થવું કે જેમ તેમ પ્રવૃત્ત થવું તે અનાદર છે.

– સામાયિકની વિધિ, મુદ્રા, આસન આદિ ન સાચવવા, હૃદયમાં ઉચિત બહુમાન ભાવ ન હોવો; જેમ તેમ વિધિ કરવી તે અનાદર છે.

● **तहा** - તથા, તે જ રીતે.

● **सइ-विहूणे** - સ્મૃતિ વિહીનતાથી કરવું.

– સ્મૃતિ વિહિન એટલે ભૂલી જવું તે. અવધારેલો નિયમ યાદ ન આવે, ઓછો યાદ આવે કે જોઈએ ત્યારે યાદ ન આવે, ત્યારે તે સ્મૃતિવિહીનતા કહેવાય.

– નિદ્રાદિકની પ્રબળતાથી કે ઘર-દુકાન આદિની ચિંતાને લીધે વ્યગ્રતાથી શૂન્ય બની ભૂલી જાય કે, મેં સામાયિક કર્યું છે કે નહીં ? અથવા સામાયિકના વખતનો ઉપયોગ ન રાખે તો તે વિસ્મરણતા નામે પાંચમો અતિચાર છે.

– આ અતિચારને તત્ત્વાર્થ સૂત્રમાં ''સ્મૃતિ-અનુપસ્થાપન'' અતિચાર કહ્યો છે. જ્યારે યોગશાસ્ત્રાદિમાં ''સ્મૃતિનું અનવધારણ'' કહ્યું છે તેમજ તેનો ક્રમ ચોથો છે.''

– ''એકાગ્રતાનો અભાવ કે ચિત્તના અવ્યવસ્થિતપણાને લીધે સામાયિક વિશેની સ્મૃતિનો ભ્રંશ તે સ્મૃતિ અનુપસ્થાપન.

મોક્ષનાં સાધનરૂપ સર્વ ધર્માનુષ્ઠાનોનું મૂળ-ઉપયોગ, સ્મૃતિ અને એકાગ્રતા છે. संबोधप्रकरण માં કહ્યું છે કે, જે પ્રમાદ પોતાને સામાયિક ક્યારે કરવાનું છે ?

અથવા સામાયિક કર્યું કે લીધું કે નહીં ? તે ક્યારે લીધું ? ક્યારે પૂર્ણ થશે ? વગેરે ભૂલી જાય તો તેને સામાયિક કર્યું હોવા છતાં પણ નિષ્ફળ જાણવું.

● **सामाइय वितकहए** - સામાયિક વિતથ કર્યું હોય અથવા સામાયિક વિરાધ્યુ હોય.

– સાવદ્ય પ્રવૃત્તિનો તથા દુર્ધ્યાનનો ત્યાગ કરીને બે ઘડી શુભ ભાવમાં રહેવું તે સામાયિક. એ વ્રતમાં ઉપર જણાવેલા પાંચ અતિચારમાંના કોઈપણ અતિચારના સેવનથી સામાયિકની વિરાધના થાય છે અથવા સામાયિક વિતથ-વિરુદ્ધ થાય છે.

– "વિતહકઅ" એ વિતથકૃત "વિતથ" એટલે તથાપ્રકારથી વિરુદ્ધ એટલે કે સમ્યક્ અનુપાલનથી રહિત.

● **पढमे सिक्खावए निंदे** - પહેલા શિક્ષાવ્રતમાં નિંદુ છું.

○ પઢમ - પહેલાં. વંદિત્તુ સૂત્રમાં ચાર શિક્ષાવ્રતોમાં સામાયિક એ પહેલું શિક્ષાવ્રત છે. તેથી અહીં 'પઢમ' શબ્દ મૂક્યો છે. શ્રાવકના બાર વ્રતોમાં તેને નવમા ક્રમે મૂકેલ છે. જો કે તત્ત્વાર્થ સૂત્રમાં શીલવ્રતરૂપે ઓળખાવાયેલ સાત વ્રતોમાં તેનો ક્રમ ચોથો છે અને આ જ ક્રમ ઉત્તરગુણરૂપ વ્રતમાં અન્ય ગ્રંથોમાં પણ છે.

○ सिक्खावय - શિક્ષાવ્રત. *(ગાથા-૮માં તેનું વિવેચન છે.)*

– શિક્ષા સંબંધી વ્રત. શિક્ષા એટલે શિક્ષણ કે તાલીમ.

– તે શિક્ષા બે પ્રકારે છે. ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા, તેમાં ગ્રહણ શિક્ષા જ્ઞાનપ્રાપ્તિ રૂપ છે અને આસેવન શિક્ષા અભ્યાસરૂપ છે. તેથી સૂત્રને યાદ કરવું, તેના અર્થ સમજવા, તેની પૃચ્છના કરવી, તેની અનુપ્રેક્ષા કરવી, તેની પરાવર્તના કરવી વગેરે 'ગ્રહણશિક્ષા' છે.

– તેમાં બતાવેલી ક્રિયાઓ કરવી, તેનો અભ્યાસ પાડવો, તેની ઉત્તરોત્તર શુદ્ધિ કરવી વગેરે આસેવન શિક્ષા કહેવાય છે.

– શિક્ષાવ્રતો એ બંને પ્રકારની શિક્ષા આપે છે.

○ निंदे - હું નિંદા કરું છું, નિંદા રૂપ પ્રતિક્રમણ કરું છું.

– પહેલાં શિક્ષાવ્રતમાં સામાયિકને નિષ્ફળ કરનારા મનોદુષ્પ્રણિધાન આદિ પાંચ અતિચારોની હું નિંદા કરું છું.

– એ પાંચ અતિચારનું જીવને પ્રમાદની અધિકતાને લીધે કે અનાભોગ વગેરે કારણે અતિચારપણું સમજવું. તેને હું નિંદુ છું.

*(* સામાયિકવ્રત વિશે શ્રેષ્ઠીપુત્ર ધનમિત્રની કથા લંબાણથી જોવા માટે વંદિત્તુ સૂત્રની "અર્થદીપિકા" ટીકા જોવી.)*

**○ સામાયિક વિશે એક ડોસીનું દૃષ્ટાંત :-**

એક નગરમાં સુધન નામે નગરશેઠ હતો. તે અન્યધર્મી હતો. સુધનશેઠ દાનમાં એક લાખ સુવર્ણ દાનમાં આપ્યા પછી જ ઘરની બહાર નીકળતો હતો. શેઠના ઘર પાસે એક ડોસી-રહેતી હતી. તે શ્રાવિકા હતી. તે ઘણી ગરીબ હતી. લોકોનાં દળણાં દળીને પરાણે આજીવિકા ચલાવતી હતી. પણ તેણીને સવારે અને

સાંજે નિત્ય સામાયિક કરવાનો નિયમ હતો. કોઈ વખતે તે ડોશીથી સમયસર સામાયિક ન થઈ શકી તેથી આત્મનિંદા અને પશ્ચાત્તાપ કરતી બેઠી હતી. ત્યારે શેઠે કહ્યું કે, તને મારી માફક લાખ સુવર્ણનું દાન આપવામાં કંઈ ઓછું તો નથી થયું ને ? તો પછી આટલો વલોપાત શાને માટે કરે છે ? આજે ઉઠ-બેસ ઓછી થઈ કે એક કપડું આમતેમ ન કર્યું તો કાલે વધુ કરજે. ત્યારે ડોશીએ કહ્યું કે શેઠ આવું ન બોલો. સામાયિકમાં તો ઘણો મહાન્ લાભ છે.

કાળક્રમે બંને મૃત્યુ પામ્યા. ડોશી મરીને તે જ નગરમાં રાજપુત્રી થઈ, રાજાને તે બહુ વહાલી થઈ. શેઠ મૃત્યુ પામીને હાથી થયો, તે હાથી ભીલ લોકોએ રાજાને ભેટ આપ્યો. રાજાએ તેને પટ્ટહસ્તી રૂપે સ્થાપ્યો. કાળક્રમે રાજપુત્રી તથા હાથી બંને જાતિ સ્મરણજ્ઞાન પામ્યા. તેથી હાથી ઢોંગ કરીને રાજમાર્ગ પર પડી રહ્યો. રાજપુત્રીએ તેના કાનમાં પોતાનો પૂર્વભવ કહેતા જ હાથી ઉભો થઈ ગયો. બોધ પામીને તેણે અનશન કર્યું. મરીને તે દેવલોકે ગયો. રાજપુત્રી દીક્ષા લઈ, કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા.

**હવે ગાથા-૨૮માં** બીજા શિક્ષાવ્રતના પાંચ અતિચારોને જણાવવામાં આવે છે. આ વ્રત શ્રાવકના બાર વ્રતોમાં દશમું વ્રત ગણાય છે. મુખ્ય માર્ગે આ વ્રતને છટ્ઠા દિક્પરિમાણ વ્રતના સંક્ષેપરૂપ વ્રત તરીકે ઓળખાવાયેલ છે. જેમકે - પહેલાં જો જાવજ્જીવને માટે ૧૦૦ યોજન આદિ પ્રમાણ રાખીને દિક્પરિમાણ વ્રત ગ્રહણ કર્યું હોય, તેમાંથી પોતાના અનુકૂળ દિવસે ઘરથી કે કોઈપણ નિયત સ્થાનેથી આગળ જવાનો - બે ઘડી આદિ સમય સુધી નિષેધ કરવા સ્વરૂપ અથવા તો પહેલાના બધાં જ વ્રતોનો સંક્ષેપ કરવા રૂપ આ દેશાવકાસિક વ્રત છે.

સર્વ વ્રતો લેતી વખતે છુટાં રાખેલા વિશાળ આરંભના એકએક દેશભાગમાં - અલ્પ આરંભમાં રહેવું કે આવી જવું તે દેશથી અવકાશને દેશાવકાશિક કહેવાય છે.

આ વ્રતમાં એક મુહૂર્ત્ત, એક દિવસ, એક રાત્રિ, પાંચ કે પંદર દિવસ એમ જેટલા દિવસ સુધી રહેવાનો ઉત્સાહ થાય તેટલો કાળ દઢતાથી વ્રત ધારણ કરવું.

યોગશાસ્ત્ર વૃત્તિમાં અને ધર્મસંગ્રહની ગાથા-૩૮માં કહ્યા પ્રમાણે– દિક્પરિમાણ વ્રતનો વિશેષ એ જ દેશાવકાસિક વ્રત છે. તેમાં વિશેષ એ છે કે, દિક્પરિમાણ વ્રત છે તે યાવજ્જીવને માટે કે એક વર્ષ માટે કે એક ચાતુર્માસ માટે લેવાય છે. જ્યારે આ દેશાવકાશિક વ્રત એક દિવસ-એક પ્રહર કે એક મુહૂર્ત્ત માટે ગ્રહણ કરાય છે.

૦ દેશાવકાશ એટલે દેશથી અવકાશ, દેશથી અમુક અંશે અને અવકાશ એટલે છૂટ રાખવી તે.

आवश्यक સૂત્રમાં કહ્યું છે કે, દિગ્વ્રતમાં ગ્રહણ કરેલાં – છૂટા રાખેલાં દિશાના પ્રમાણમાં રોજ નવું-ટૂંકું પ્રમાણ કરવું તે દેશાવકાસિક જાણવું.

संबोधप्रकरण ગાથા-૧૨૨માં કહ્યું છે કે, પ્રતિદિન દિશિપરિમાણનો અથવા

સર્વ વ્રતોનો સંક્ષેપ કરવો તે દેશાવકાસિક વ્રત છે. તેથી આ વ્રતમાં અણુવ્રત-ગુણવ્રત આદિ સર્વેનો સંક્ષેપ કરવામાં આવે છે.

ગ્રંથકારો જણાવે છે કે જેનો અનર્થદંડ વિરમણ વ્રતમાં ઉલ્લેખ છે તે સચિત્ત, દ્રવ્ય આદિ ચૌદ નિયમોને જ દરરોજ સવારે સંક્ષેપ કરી ધારવા અને સાંજે પુનઃ સંકોચ કરવા અને અન્ય પચ્ચક્ખાણની સાથે છેલ્લું દેશાવકાસિકનું પચ્ચક્ખાણ પણ ગુરુની સમક્ષ (ન હોય તો સ્વયં) કરવું.

*(* વર્તમાનકાળે પણ શ્રાવકોમાં "ચૌદનિયમ" ધારવાની અને સવાર-સાંજ દેશાવકાસિક પચ્ચક્ખાણ લેવાની પ્રવૃત્તિ જોવા મળે છે. પરંતુ દેસાવકાસિક વ્રત બાબત વર્તમાન પ્રણાલિ તદ્દન ભિન્ન જોવા મળે છે. હાલમાં સવાર-સાંજ બંને કાળ પ્રતિક્રમણ ઉપરાંત આઠ કે દશ સામાયિક કરીને આ વ્રતનું આરાધન કરતા જોવા મળે છે.)*

**૦ દેશાવકાસિક વ્રતના પાંચ અતિચારો :-**

(૧) આનયન પ્રયોગ - કોઈ દ્વારા કાંઈ મંગાવવું.
(૨) પ્રેષ્યપ્રયોગ - કોઈ કાર્ય માટે કોઈને મોકલવો.
(૩) શબ્દાનુપાત - કંઈક અવાજ કરી કોઈને બોલાવવા.
(૪) રૂપાનુપાત - કાયિક ચેષ્ટા કરી કોઈને બોલાવા.
(૫) પુદ્ગલક્ષેપ - કાંકરો વગેરે ફેંકી કોઈને બોલાવવા.

-૦- આ પાંચે અતિચારોને હવે સૂત્રકારના શબ્દોમાં-ગાથા-૨૮માં કહ્યા મુજબના શબ્દોમાં - વિવેચન કરીએ છીએ.

● **आणवणे** - આનયન પ્રયોગ (ને વિશે)

– આનયન એટલે લાવવું. પ્રયોગ એટલે ક્રિયા

– પોતે જે સ્થળમાં વ્રત સ્વીકારેલ હોય, તેની બહારની જગ્યામાંથી કોઈની મારફત કાંઈ પણ મંગાવવું તે આનયન પ્રયોગ કહેવાય. જેને દેશાવકાસિક વ્રતનો પહેલો અતિચાર કહ્યો છે. *(જો કે યોગશાસ્ત્રમાં તેનો ક્રમ બીજો મૂક્યો છે.)*

૦ વંદિત્તુ સૂત્રમાં 'आणवण' શબ્દ જ છે, પણ તત્ત્વાર્થસૂત્રમાં 'प्रयोग' શબ્દ વપરાયેલ છે. જે અર્થદીપિકાવૃત્તિમાં પણ સ્વીકારેલ છે, તેથી અમે અહીં નોંધ્યો છે.

– ધર્મસંગ્રહ - "નિયત કરેલી અમુક ભૂમિની બહાર રહેલી કોઈ સચિત્ત, અચિત્ત વગેરે વસ્તુની જરૂર પડે ત્યારે નોકર વગેરે દ્વારા નિયત ભૂમિમાં મંગાવવી તે આનયન અતિચાર છે.

અમુક ક્ષેત્રની મર્યાદા નક્કી કર્યા પછી બહારની કોઈપણ વસ્તુની જરૂર પડે તો તેના વિના ચલાવી લેવું જોઈએ, પણ જો બીજાની મારફત મંગાવીને તેનો ઉપયોગ કરે તો તે યોગ્ય નથી, કારણ કે તેમ કરવાથી વ્રતની મૂળ ભાવના - જે હિંસાદિ દોષોથી બચવાની છે, તે સચવાતી નથી. તેથી વ્રતમાં નિર્ધારીત કરેલા ક્ષેત્રની મર્યાદાની બહારથી કોઈપણ વસ્તુ બીજા પાસે મંગાવે ત્યારે જો તેમ કરનાર એવું વિચારે કે જો હું સ્વયં જઈશ તો વ્રત ભાંગે માટે બીજા પાસે મંગાવુ ત્યારે

વ્રતરક્ષણ કરવાની તેની અપેક્ષા હોવાથી 'આનયન પ્રયોગ' નામે અતિચાર લાગે.

● **પેસવણે** - પ્રેષણ પ્રયોગ (ને વિશે)

– પ્રેષણ એટલે મોકલવું કે મોકલાવવું. પ્રયોગ એટલે ક્રિયા.

– પોતે જે સ્થાનમાં વ્રત લઈને બેઠો હોય, ત્યાંથી કોઈપણ કારણે નોકર વગેરેને બહાર મોકલવો કે કોઈ કાર્યમાં તેને ઉપયોગમાં લેવાથી પ્રેષ્ય પ્રયોગ નામે અતિચાર લાગે છે.

૦ વંદિત્તુ સૂત્રમાં 'पेसवण' શબ્દ જ છે, પણ તત્ત્વાર્થ સૂત્રમાં તેની સાથે 'प्रयोग' શબ્દ જોડેલો છે, વૃત્તિકારે પણ આ શબ્દને સ્વીકારેલ છે, માટે અમે તેની અહીં નોંધ કરી છે.

૦ આ અતિચારનો ક્રમ યોગશાસ્ત્રમાં પહેલો છે.

– धर्मसंग्रह - દેસાવગાસિક વ્રતમાં જવા-આવવા વગેરેને અંગે અમુક પ્રમાણમાં નિયત કરેલ ભૂમિથી દૂરનું કોઈ પ્રયોજન પડે, તો "જાતે જવાથી મારા વ્રતનો ભંગ થશે માટે બીજાને મોકલું" એ બુદ્ધિથી બીજાને મોકલી કાર્ય કરાવી લેવું, તે પ્રેષણ નામનો અતિચાર છે. વસ્તુતઃ જવા-આવવાથી જીવવિરાધના થાય, એ ઉદ્દેશથી અમુક ભૂમિથી વધારે દૂર જવા-આવવાનો ત્યાગ કરવારૂપ દેસાવકાસિક વ્રત જણાવ્યું છે, છતાં તે ભૂમિની બહાર પોતે જાય તેને બદલે બીજાને મોકલે ત્યારે વ્રત રક્ષણની બુદ્ધિ હોવાથી તેને અતિચાર કહ્યો છે. અન્યથા જીવવિરાધના સ્વયં કરે કે બીજા પાસે કરાવે બંને અનાચાર જ ગણાય.

● **सद्दे** - શબ્દાનુપાત (ને વિશે) શબ્દ કરીને બોલાવવા.

– પોતે જે સ્થાનમાં વ્રત લઈને બેઠો હોય, ત્યાંથી ખોંખારો ખાઈને કે ઊંચેથી અવાજ કરીને પોતાની હાજરી જણાવનારી ચેષ્ટા કરવી, તે 'શબ્દાનુપાત' નામે ત્રીજો અતિચાર કહ્યો છે.

– वंदित्तु સૂત્રની ગાથામાં માત્ર 'सद्द' શબ્દ જ છે, પણ તત્ત્વાર્થ સૂત્ર, યોગશાસ્ત્ર, અર્થદીપિકા ટીકા આદિમાં 'શબ્દ' સાથે અનુપાત શબ્દ જોડેલો જ છે, માટે અહીં અર્થમાં "શબ્દાનુપાત" લખ્યું છે.

– धर्मसंग्रह માં કહ્યું છે કે, "દેસાવગાસિક વ્રતમાં પોતે જ્યાં રહ્યો હોય તે મકાન, તેની વાડ કે કોટ વગેરે મર્યાદા બહાર મારે ન જવું - એમ અભિગ્રહ કર્યો હોય અને પછી કોઈ પ્રયોજન આવી પડે ત્યારે "જાતે મર્યાદા બહાર જઈશ કે બીજાને બોલાવીશ તો મારા વ્રતનો ભંગ થશે" એવી સમજથી પોતે જઈ શકે નહીં તેમ બીજાને બહારથી બોલાવી પણ શકે નહીં. તેથી વાડ, કોટ કે દરવાજા વગેરેની જે મર્યાદા રાખી હોય તે મર્યાદામાં રહીને બહાર રહેલા માણસને બોલાવવા છીંક, ઉધરસ વગેરેથી તે નજીકમાં રહેલા માણસને સંભળાય તેમ અવાજ કરે કે જે સાંભળીને તે બીજો માણસ તેની પાસે આવે, એ રીતે મર્યાદિત ભૂમિની બહારથી બીજાને બોલાવવાના ઉદ્દેશથી કોઈપણ પ્રકારે અવાજ કરવો તે 'શબ્દાનુપાત' નામે ત્રીજો અતિચાર જાણવો. (અહીં પણ વ્રત રક્ષાની ભાવના હોવાથી અતિચાર

માનેલ છે.)

● **रूवे** - રૂપાનુપાત(ને વિશે.) રૂપ દેખાડીને બોલાવવા.

– પોતે જે સ્થાનમાં વ્રત લઈને બેઠો હોય, ત્યાંથી ઊંચો-નીચો થઈને મકાન-આદિની જાળીએ આવીને પોતાની હાજરી દર્શાવનારી ચેષ્ટા કરે તે 'રૂપાનુપાત' રૂપ અતિચાર જાણવો.

૦ વંદિત્તુસૂત્રની ગાથામાં માત્ર 'रूव' શબ્દ છે. પણ તત્ત્વાર્થ સૂત્ર, યોગશાસ્ત્ર, અર્થદીપિકાવૃત્તિ આદિમાં 'રૂપ'ની સાથે 'અનુપાત' શબ્દ જોડેલો જ છે, તેથી અમે પણ તેનો સ્વીકાર કર્યો છે.

– ધર્મસંગ્રહ માં કહ્યું છે કે, શબ્દાનુપાતની જેમ અવાજ નહીં કરતાં પોતાનું રૂપ દેખાડીને બહારથી બીજાને બોલાવવા તે 'રૂપાનુપાત' અતિચાર છે. જેમકે - નિયતભૂમિ બહારનું કાંઈ પ્રયોજન આવી પડે ત્યારે બહારથી બીજાને બોલાવવો હોય ત્યારે 'શબ્દ' કરવાને બદલે "પોતે અહીં છે" એમ જણાવવા માટે સ્વયં તેની સામે જઈને ઉભો રહે જેથી તે તેને જોઈ શકે. અથવા આંટા-ફેરા કરે કે જેથી બહાર રહેલાંનું ધ્યાન ખેંચાય અને બહાર રહેલો મનુષ્ય તેની પાસે આવે.

અહીં પણ વ્રત ગ્રહણ કરનારની બુદ્ધિ એવી હોય છે કે જો "હું બહાર જઈશ" તો મારા વ્રતનો ભંગ થશે, તેથી મારું રૂપ-આકૃતિ દેખાડી કોઈને બોલાવું જેથી વ્રતનું રક્ષણ થઈ શકે. માટે તેને અતિચાર કહ્યો છે.

● **पुग्गल-क्खेवे** - પુદ્‌ગલનું પ્રક્ષેપણ કરતાં, વસ્તુ ફેંકતા.

૦ પુદ્‌ગલ એટલે કાંકરો, પત્થર, ઢેફું, લાકડું વગેરે વસ્તુ.

૦ ક્ષેપ એટલે ફેંકવું તે.

– પોતાની હાજરી જણાવવા માટે કે પોતાની પાસે કોઈને બોલાવવાને માટે કાંકરો, ઢેફું, પત્થર આદિ ફેંકવા તે પુદ્‌ગલક્ષેપ નામક પાંચમો અતિચાર કહ્યો છે.

– તે અગારી વ્રતીએ જે ક્ષેત્ર-પ્રમાણ ધારેલ હોય તે મર્યાદાથી અધિક દૂર દેશમાં રહેલી વ્યક્તિનું કામ પડતાં તેને બોલાવવા ધારેલ દેશની નજીક જઈને કાંકરો ફેંકીને જણાવે અથવા કોઈ રીતે પુદ્‌ગલ પ્રક્ષેપ દ્વારા પોતાના અસ્તિત્વને જણાવે.

– ધર્મસંગ્રહ માં "પુદ્‌ગલ ક્ષેપ"ને બદલે "પુદ્‌ગલપ્રેરણ" શબ્દ લખ્યો છે. તેની વ્યાખ્યામાં કહ્યું છે કે, પુદ્‌ગલ એટલે પત્થર, ઇંટ કે એવી કોઈ વસ્તુ બીજાને પ્રગટ થવા તેના તરફ ફેંકવી, તે પુદ્‌ગલપ્રેરણ' નામનો અતિચાર છે – અર્થાત્ - અમુક નિયત સ્થાન કે જે દેશાવકાસિક વ્રતમાં નિર્ધારિલ હોય ત્યાંથી બહાર જવા માટે કોઈ પ્રયોજન કે કાર્ય ઉત્પન્ન થાય ત્યારે ત્યાં નહીં જવાના અભિગ્રહને કારણે ત્યાં જઈ ન શકવાથી ત્યાં રહેલ મનુષ્યનું લક્ષ્ય પોતાની તરફ ખેંચવા માટે પોતે પત્થર, ઢેફાં વગેરે ફેંકે, તેથી બીજો મનુષ્ય સમજે કે, "આ મને બોલાવે છે" એમ સમજીને તેની પાસે આવે. એ રીતે પત્થર આદિ ફેંકીને બીજાને સૂચન કરવું તે દેશાવકાસિક વ્રતનો પાંચમો અતિચાર છે.

● **देसावगासिअंमि** - દેશાવકાસિક વ્રતને વિશે.

– અતિચારના આરંભે આ વિશે ભૂમિકા બાંધેલી જ છે. વ્રતરૂપે શ્રાવકનું દશમું વ્રત કે બીજા શિક્ષાવ્રત ગણાતા અને ઉતરગુણવ્રત તરીકે જેનો પાંચમો ક્રમ પ્રસિદ્ધ છે. (જો કે તત્ત્વાર્થ સૂત્રકારે સાત શીલવ્રતમાં તેનો બીજો ક્રમ મૂક્યો છે.) એવા આ દેશાવકાસિકવ્રતના સંબંધમાં આનયન, પ્રેષણ આદિ પાંચ અતિચારો જણાવ્યા. તે દેશાવકાસિક શબ્દથી ત્રણ અર્થો ગ્રાહ્ય છે.

(૧) દિગ્‌વિરતિ વ્રત વડે મર્યાદિત કરેલો દિક્‌ પરિમાણનો એક ભાગ અર્થાત્‌ છટ્ઠા વ્રતનો વિશેષથી સંક્ષેપ કરવો તે.

(૨) કોઈપણ વ્રત સંબંધી કરવામાં આવેલ સંક્ષેપ અર્થાત્‌ કોઈપણ વ્રતમાં રાખેલી છૂટોને વિશેષ મર્યાદિત કરીને તેના એક ભાગમાં - દેશમાં સ્થિર થવું તે દેશાવકાસિક છે.

(૩) પ્રતિદિન સવાર-સાંજ ચૌદ નિયમો ધારવા (કે જે નિયમનો ઉલ્લેખ સંક્ષેપથી - નામ માત્રથી સાતમા વ્રતમાં કર્યો હતો.)

આ ચૌદ નિયમો આ પ્રમાણે છે–

(૧) સચિત્ત :- શ્રાવકે મુખ્યવૃત્તિએ સચિત્તનો ત્યાગ કરવાનો છે. પણ જો તેમ ન કરી શકે તો તેણે સચિત્તનું પરિમાણ નક્કી કરવું જોઈએ કે મારે આટલાં સચિત્ત દ્રવ્યોથી વધારે દ્રવ્યોનો ત્યાગ છે એ ચૌદ નિયમમાંનો પહેલો નિયમ છે.

૦ અચિત્ત વસ્તુ વાપરવાથી ચાર પ્રકારના લાભ થાય છે.

(૧) સર્વ સચિત્તનો ત્યાગ (૨) રસનેન્દ્રિયનો વિજય
(૩) કામચેષ્ટાની શાંતિ (૪) જીવહિંસામાંથી બચવું

(૨) દ્રવ્ય - ચૌદ નિયમમાં આ બીજો નિયમ છે. જેમાં આજના દિવસે હું આટલાં "દ્રવ્યો"થી અધિક નહીં વાપરું એવું પરિમાણ નક્કી કરવું તે દ્રવ્ય-સંક્ષેપ. આ વ્રતની ધારણા મુખ્ય વસ્તુને આશ્રીને થાય છે. જેમકે 'દાળ' ત્યાં દાળ એક દ્રવ્ય ગણાય, તેમાં નંખાયેલા પદાર્થોની અલગ ગણતરી થતી નથી.

(૩) વિગઇ - વિગઈ કે વિકૃતિ. જો કે વિગઈ તો દશ છે. પણ તેમાં મધ, માખણ, મદિરા, માંસ એ ચાર મહાવિગઈઓ તો સંપૂર્ણ પણે ત્યાજ્ય છે જ. કેમકે અભક્ષ્ય પદાર્થો ભોગોપભોગમાં ત્યાજ્ય જ છે.

બીજી છ વિગઈઓ છે - દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા વિગઈ (તળેલા પદાર્થ) આ છ વિગઈઓમાં એક કે તેથી વધુ વિગઈનો રોજ ત્યાગ કરવાનો નિયમ તે 'વિગઈ ત્યાગ' કહેવાય છે.

આવો ત્યાગ બે રીતે કરવાની પ્રણાલિ છે. (૧) સ્વરૂપ ત્યાગ અને (૨) મૂળથી ત્યાગ. સ્વરૂપ (કે કાચો) ત્યાગ કરે ત્યારે સીધું જ તેલ-ગોળ કે દુધ વગેરે વાપરી શકે નહીં, પણ શાકમાં તેલ આવે કે ગોળ આવે તો તેનો બાધ નથી. જ્યારે મૂળથી ત્યાગ કરે ત્યારે જેમાં તેલ કે ગોળ કે દુધ કે દહીં વગેરે આવે તે સર્વે વસ્તુનો તેને ત્યાગ થઈ જાય છે અર્થાત્‌ દુધના મૂળથી ત્યાગમાં ચા, કોફી, દુધપાક આદિ સર્વેનો ત્યાગ થઈ જાય છે.

(૪) वाणह - ઉપાનહ, પગરખાં, જોડાં, ચપ્પલ ઇત્યાદિ.

આજ દિવસના (કે રાત્રિના) આટલાં પગરખાં (ચપ્પલ, સ્લીપર, બુટ, મોજડી વગેરે)થી વધારે પગરખાં પહેરવા નહીં, તેવો નિયમ તે ઉપાનહ-સંક્ષેપ.

(૫) तंबोल - તાંબુલ, પાન, મુખવાસ, સોપારી ઇત્યાદિ.

અશન, પાન, ખાદિમ અને સ્વાદિમમાં જે સ્વાદિમ આહાર તે તંબોલ છે. તંબોલમાં મુખ્ય અર્થ ભલે પાન થતો હોય, પણ તેમાં મુખવાસ સ્વરૂપે ઉપયોગમાં લેવાતી સર્વે વસ્તુઓનો સમાવેશ થાય છે. તંબોલનું જે પરિમાણ નક્કી કરવું તે તંબોલ-નિયમ.

(૬) वत्थ :- વસ્ત્રો. પહેરવાના, ઓઢવાના વસ્ત્રોની સંખ્યાનું પરિમાણ કરવું તે આજે દિવસના (કે રાત્રિના) આટલાથી વધુ વસ્ત્રો પહેરીશ નહીં - ઓઢીશ નહીં - અર્થાત્ વાપરીશ નહીં તેવો નિયમ.

(૭) कुसुम - પુષ્પ, ફૂલ, માળા, વેણી વગેરે. આ નિયમમાં સૂંઘવા અને વાપરવા એ બંને પ્રકારનો ઉપભોગ સમાવિષ્ટ થાય છે.

– માથામાં નાખવાના, ગળામાં પહેરવાના, વાળમાં ગુંથવાના, હાથમાં બાંધવાના, શય્યામાં પાથરવાના, સુંઘવાના, ફૂલના ગજરા કે 'બુકે' સ્વરૂપે રખાતા ઇત્યાદિ તમામ પ્રકારનો સમાવેશ થશે.

– 'સુંઘવું' એ આ વ્રતના સંક્ષેપમાં મહત્ત્વનું હોવાથી, અત્તર, સેન્ટ, સ્પ્રે ઇત્યાદિ પણ શોખથી સુંઘવાના દ્રવ્યો અહીં જ લેવા.

આ પ્રમાણેના નિયમનું જે નિત્ય પરિમાણ નક્કી કરવું તેને 'કુસુમ' પુષ્પ સંબંધી (સુંઘવા સંબંધી) ઉપભોગનો નિયમ કહે છે.

(૮) वाहन - જળમાં, સ્થળમાં કે ગગનમાં વિચરવા માટેના ઉપયોગી કોઈ પણ પ્રકારના યાંત્રિક કે માનવીય કે પ્રાણીજ સાધનોનો આ નિયમમાં સંક્ષેપ કરવાનો હોય છે. જેમાં હાથી, ઘોડા, ઊંટ આદિ પણ આવે, સ્કૂટર, સાયકલ, મોટર, રેલ્વે, બસ આદિ પણ આવે. વહાણ, સ્ટીમર, બોટ આદિ પણ આવે. હેલીકોપ્ટર, વિમાન, રોકેટ આદિ પણ આવે. તે સર્વે સંબંધી જે નિત્ય મર્યાદા કરવી તે વાહન-નિયમ.

(૯) शयन - સૂવા-બેસવા સંબંધી સાધનોનું નિત્ય પરિમાણ નક્કી કરવું તે. જેમાં પાટ, પાટલા, ખાટ, ખાટલા, ખુરશી, કોચ, સેટી, ગાદલા, રજાઈ, ગોદડાં, ચાદર, બ્લેન્કેટ, શેતરંજી, ચટ્ટાઈ, હીંચકા વગેરે અમુકથી વધારે સંખ્યામાં વાપરીશ નહીં તેવો નિયમ.

(૧૦) विलेवण - વિલેપન. વિલેપન યોગ્ય દ્રવ્યો જેવા કે - ચંદન, કસ્તુરી, કેસર, અબીલ, પાવડર, ક્રીમ, સૌંદર્ય પ્રસાધનો, તેલ, પીઠી વગેરેનું દિવસ (કે રાત્રિ) સંબંધી પરિમાણ નક્કી કરવું તે વિલેપન નિયમ.

(૧૧) बंभ - બ્રહ્મચર્યનિયમ - સામાન્યથી દિવસે અબ્રહ્મનું સેવન કરવું તે શ્રાવકને વર્જ્ય છે. રાત્રિના સમયે પણ 'સ્વદારાસંતોષ' વ્રતપાલન થાય તે રીતે

યતના કરવાની છે. તેથી તેના પરિમાણને લગતા જે નિયમનો સંક્ષેપ (ચતુર્થ વ્રતનો સંક્ષેપ) તે બ્રહ્મચર્ય નિયમ.

(૧૨) दिसि - દશે દિશામાં જવા-આવવાનું પરિમાણ તે દિગ્નિયમ. જો કે છટ્ઠા વ્રતમાં આ નિયમ લેવાય જ છે, પણ રોજે-રોજની જરૂરિયાત અને ઇચ્છા મુજબ તેનો સંક્ષેપ કરવો તે દિસિ-પરિમાણ સંક્ષેપ કહેવાય. જેમકે - છટ્ઠા વ્રતમાં ૧૦૦ કિલોમીટરથી વધારે ન જવાનો નિયમ છે, પણ આજે ક્યાંય જવું નથી તો ૧૦ કિલોમીટરની છૂટ રાખવી તે.

(૧૩) न्हाण - સ્નાન. દિવસના (કે રાત્રિના) આટલા વખતથી વધુ સ્નાન ન કરવું તેવું પરિમાણ નક્કી કરવું તે.

(૧) भत्त - ભોજન, પાન સંબંધી આહારનું પરિમાણ નક્કી કરવું તે. જો આનંદ શ્રાવકની માફક ભોગોપભોગ પરિમાણ કર્યું હોય તો તેમાં આહાર સંબંધી ઘણાં પરિમાણની વાત જાવજ્જીવ પર્યન્તની આવે છે. તેનો રોજેરોજના નિયમમાં સંક્ષેપ કરવો તે આહારસંબંધી નિયમ છે. અથવા દિવસના (કે રાત્રિના) અમુક આહારનું પરિમાણ નક્કી કરવું તે. આ નિયમ સ્વવપરાશની અપેક્ષાએ લેવો.

આ "ચૌદ નિયમો" રોજ લેનાર શ્રાવક-શ્રાવિકાને જાણમાં જ હશે કે વર્તમાનકાળે આ ચૌદ નિયમ ઉપરાંત બીજી પણ ધારણાઓ કરાતી હોય છે. તે મુજબ-રોજેરોજ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયના ઉપભોગ માટેની મર્યાદા પણ બાંધવાની હોય છે. તેમજ અસિ, મષી અને કૃષિને લગતું પરિમાણ પણ નક્કી કરવાનું હોય છે. માત્ર ત્રસકાય સંબંધી જયણા રાખવામાં આવે છે.

● **बीए सिक्खावए निंदे** - બીજા શિક્ષાવ્રતને વિશે હું નિંદુ છું.

— દેશાવગાસિક નામના બીજા શિક્ષાવ્રતમાં જે 'આનયન પ્રેષણ આદિ પાંચમાંના કોઈ અતિચારો લાગ્યા હોય તો તેની નિંદા કરું છું - નિંદા રૂપ પ્રતિક્રમણ કરું છું.

આ વ્રતની મહત્તા અવિરતિ પાપથી બચવા માટે ઘણી જ મહત્ત્વની છે. કર્મબંધના કારણોમાં 'અવિરતિ' પણ એક કારણ છે જે પાપોનો પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ નથી કર્યો તે સર્વે પાપો ન કરવા છતાં અવિરતિજન્ય કર્મબંધ ચાલુ રહે છે.

જ્યારે શ્રાવક વ્રતો ગ્રહણ કરે ત્યારે 'અવિરતિ'નું પ્રમાણ ચોક્કસ ઘટે છે કેમકે તેણે પ્રત્યેક વ્રતમાં મર્યાદા નક્કી કરી હોય છે, પણ જે પરિમાણ નિયત કર્યા હોય તે તો સમગ્ર વર્ષ કે જીવન માટે નક્કી કરાયા હોય છે. રોજેરોજ તેટલા પરિમાણની છૂટ કે વપરાશ હોતા નથી, તેથી રોજેરોજ આ વ્રતોનો સંક્ષેપ કરવાથી અવિરતિનું પ્રમાણ ઘણું જ ઘટાડી શકાય છે.

જેમકે સમગ્ર જીવનને આશ્રીને ૫૦ કે ૬૦ દ્રવ્યોના આહારની મર્યાદા કરાઈ હોય, પણ રોજેરોજ તેટલાં દ્રવ્યોનો ઉપભોગ હોતો નથી, તો રોજેરોજ માટે ૧૫ કે ૨૦ દ્રવ્યો પણ આવશ્યકતા અને ઇચ્છા મુજબ ધારી શકાય છે કે જીવનભર

માટે સર્વે દિશામાં ૧૦૦૦-૧૦૦૦ કિલોમીટરની છૂટ રાખી હોય, પણ જે-તે દિવસે ૫૦-૫૦ કિલોમીટરનું આવાગમન પણ ધારી શકાય છે.

અહીં મુખ્યતા છે વ્રતોમાં નક્કી કરેલા પરિમાણ કરતાં પણ દૈનિક પરિમાણમાં સંક્ષેપ કરી વધુને વધુ વિરતિવંત બનવા માટેની દિશામાં પુરુષાર્થ કરવો તે.

*(✱ દસમાં દેશાવગાસિક વ્રતમાં ધનદ રાજભંડારીની કથા વિસ્તારથી છે તે "અર્થદીપિકા" ટીકામાં જોવી.)*

**૦ દેશાવગાસિક વ્રતમાં સુમિત્ર મંત્રીનું દૃષ્ટાંત :-**

ચંદ્રિકા નામની નગરીમાં અધર્મી એવો તારાપીડ નામે રાજા હતો. સુમિત્ર નામનો શ્રાવક તેનો મંત્રી હતો. કોઈ ચતુર્દશીના દિવસે તેણે ઘરની બહાર ન નીકળવાનું વ્રત લીધેલ. તે રાત્રે રાજાએ કોઈ કામ માટે મંત્રીને બોલાવ્યા. મંત્રી વ્રત-નિયમમાં હોવાથી ન આવતા રાજાએ તેની મંત્રી મુદ્રા પાછી મંગાવી. સુમિત્રએ પણ વ્રત સાચવવા મંત્રીપદનો ત્યાગ કર્યો. રાજાને દૂત મંત્રીમુદ્રા પહેરીને મનમાં હરખાતો હરખાતો પાછો ફર્યો. પણ રસ્તામાં ધરાસેન નગરીના સૂરસેન રાજાએ મંત્રીને મારી નાંખવા માણસો મોકલેલા હતા. તેણે આ રાજદૂતને મંત્રી જાણી મારી નાંખ્યો. ધર્મનો આ પ્રત્યક્ષ મહિમા જાણી રાજા સુમિત્રને ઘેર આવ્યો. પોતાની ભૂલની માફી માંગી, ધર્મને અંગીકાર કર્યો.

સુમિત્ર મંત્રીએ આ બનાવથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેણે સંસારની અસારતાનો ઉપદેશ આપ્યો. તારાપીઠ રાજાએ પણ દીક્ષા લીધી. બંને નિરતિચાર ચારિત્ર પાળી મહાવિદેહે ઉત્પન્ન થયા. ત્યાં દીક્ષા લઈ, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

**હવે ગાથા-૨૯માં** પૌષધવ્રત સંબંધી અતિચારોને જણાવીને તેની નિંદારૂપ પ્રતિક્રમણ કરવામાં આવે છે.

૦ પૌષધ એ શ્રાવકના અગિયારમાં વ્રતરૂપે પ્રસિદ્ધ છે. અહીં તેનો ત્રીજા શિક્ષાવ્રત રૂપે ઉલ્લેખ છે. ઉત્તરગુણરૂપ સાત વ્રતોમાં તેનો ક્રમ છટ્ઠો છે. તેને તત્ત્વાર્થ સૂત્રમાં 'પૌષધોપવાસ' વ્રત રૂપે ઓળખાવેલ છે અને ત્યાં તેનો પાંચમાં શીલવ્રત રૂપે ઉલ્લેખ છે.

૦ પોષં એટલે પુષ્ટિ, પણ ધર્મનો અધિકાર હોવાથી ધર્મની પુષ્ટિ. તેને ધ એટલે ધત્તે - ધારણ કરનાર, તે પૌષધ.

– અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા કે અને કોઈ વિશિષ્ટ તિથિમાં ઉપવાસ કરી બીજી બધી આળ-પંપાળનો ત્યાગ કરીને અવશ્ય કરવાનું વ્રત તે પૌષધોપવાસ વ્રત.

– પૌષધોપવાસનો બીજો અર્થ કર્યો છે. પૌષધ વ્રત સહિત उपवसनं રહેવું તે. આ વ્રત માટે आवश्यक સૂત્રમાં કહ્યું છે કે, પૌષધોપવાસ ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે – (૧) આહાર પૌષધ, (૨) શરીર સત્કાર પૌષધ (૩) બ્રહ્મચર્ય પૌષધ, (૪) અવ્યાપાર પૌષધ.

– પૌષધ + ઉપવસન. એટલે પૌષધોપવાસ. જેમાં પૌષધ એટલે પર્વતિથિએ અવશ્ય કરવા યોગ્ય વ્રત. તેની સાથે આત્માનું ઉપવસન અર્થાત્ અવસ્થાન - વસવું કે રહેવું તે.

– પૌષધ + ઉપ + વાસ. પૌષધ એટલે એક વ્રત કે પ્રતિમા.

જેના ગુણો વિવિધ દોષોથી ઢંકાઈ ગયા છે, તેવા આત્માએ આહાર વગેરેના ત્યાગ કરવારૂપ ગુણોની ( उप એટલે) સાથે કે સમીપે (वास એટલે) રહેવું કે વસવું તે.

– ધર્મવિંદુ માં કહ્યું છે કે, દોષોથી ઢંકાયેલા આત્માનો ગુણોની સાથે સારી રીતે વાસ કરવો તે ઉપવાસ જાણવો. માત્ર શરીર શોષણ કરવું તે ઉપવાસ કહેવાતો નથી. પૌષધ સહિત ઉપવાસ તે પૌષધોપવાસ.

– आवश्यक વૃત્તિ - ધર્મનો સંચય કરવામાં હેતુભૂત બનીને ધર્મને જે પૂરણ કરે - પૂરે તે પર્વ. આ પર્વતિથિઓને જ ધર્મપુષ્ટિનું કારણ માની રૂઢિથી પૌષધ કહેલો છે.

– समवायांग - વૃત્તિમાં અભયદેવસૂરિજીએ પૌષધનો અર્થ કરતી વખતે તેના ચાર ભેદો બતાવ્યા છે. (૧) આહારત્યાગ, (૨) શરીર સત્કારનો ત્યાગ, (૩) બ્રહ્મચર્ય પાલન, (૪) કુવ્યાપારનો ત્યાગ.

આ પ્રત્યેક ભેદના સર્વથી અને દેશથી એમ બબ્બે ભેદો કહ્યા છે. તે બધું વર્ણન આ જ વિવેચનમાં આગળ "पोसहविहि" શબ્દોની વ્યાખ્યા કરતી વખતે કરેલ છે.

**૦ પૌષધ વ્રતના પાંચ અતિચારો**ના નામો અત્રે જણાવીએ છીએ ત્યાર પછી સૂત્રના શબ્દો મુજબ તેની વિવેચના કરેલ છે.

(૧) અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત સંસ્તારક-શય્યા.
(૨) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત સંસ્તારક-શય્યા.
(૩) અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ.
(૪) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ.
(૫) અનનુપાલના.

*(વંદિત્તુ સૂત્રની ટીકા પ્રમાણે અમે ઉપરોક્ત અતિચારો કહ્યા છે, તત્ત્વાર્થ સૂત્ર, યોગશાસ્ત્રાદિમાં આ પાંચ અતિચાર જુદી રીતે કહ્યા છે. તે આ પ્રમાણે – (૧) દૃષ્ટિથી જોયા કે પ્રમાર્જન કર્યા વિના સંથારો કરવો, (૨) જોયા પ્રમાર્જ્યા વિના વસ્તુ લેવી-મૂકવી, (૩) જોયા-પ્રમાર્જ્યા વિના પરઠવવું, (૪) પૌષધ પ્રત્યે અનાદર, (૫) વિસ્મૃતિ થવી.)*

● **संथारुच्चारविही-पमाय** - સંથારો અને ઉચ્ચારની વિધિમાં થયેલા પ્રમાદને વિશે.

સંથારો અને ઉચ્ચારને संथारुच्चार કહે છે. તેના અંગેની વિધિના વિષયમાં જે પ્રમાદ થવો તેને संथारुच्चारविही-पमाय એ પ્રમાણે કહેલ છે.

૦ "સંથારો" એટલે સંસ્તારક - સૂવા કે ઉંઘવા ઇચ્છનારાઓ વડે જમીન પર જે બિછાવાય છે તેને સંસ્તારક કહે છે. અથવા

– જેમાં સાધુઓ સૂઈ રહે છે તે 'સંસ્તાર'.

– વિશિષ્ટ અર્થમાં તે દર્ભ, ઘાંસ, કાંબળ કે સંથારીયા આદિનું સૂચન કરે છે. ઉપલક્ષણથી પાટ કે પાટીયું પણ સંથારો છે.

૦ उच्चार - શબ્દથી અહીં ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિ અર્થ છે.

– ઉચ્ચાર એટલે વડીનીતિ અને પ્રસ્રવણ એટલે લઘુનીતિ વ્યવહારુ ભાષામાં કહીએ તો મળ અને મૂત્ર. તે બંનેને પરઠવવાની જગ્યા કે જેને સ્થંડિલ ભૂમિ કહે છે. તેને લગતી પ્રતિલેખન-પ્રમાર્જનની ખાસ ક્રિયા, તે એનો વિધિ. તેમાં પ્રમાદ કરવો એટલે તેમાં ભૂલ-ચૂક કરવી.

અહીં વંદિત્તુ સૂત્રની અર્થદીપિકા ટીકા વિશેષમાં કહે છે–

"ઉચ્ચારવિધિ" એટલે લઘુનીતિ અને વડીનીતિ અંગે ૧૨-૧૨ ભૂમિઓ અર્થાત્ ૨૪ માંડલા કરવા.

– જેઓ માત્રુ અને સ્થંડિલ રોકવા સમર્થ ન હોય તેને પૌષધશાળાની અંદર જઘન્યથી એક-એક હાથ પ્રમાણ દૂર જવાની અને નીચે ચાર આંગળ પ્રમાણ છ-છ જગ્યા ચારે દિશામાં પડિલેહવાની હોય છે.

તે ચોવીસ માંડલા કરવા રૂપ ૨૪ જગ્યા ઉપલક્ષણથી જણાવી હોવાથી થુંક, ગળફો, લીટ, પ્રસ્વેદ-મેલ વગેરે પરઠવવાની ભૂમિને બરાબર જોઈ-પ્રમાર્જીને પછી પરઠવવાનો વિધિ પણ સાચવવાનો છે.

આ ચોવીસ માંડલાભૂમિ તથા શ્લેષ્માદિ પરઠવવાની ભૂમિ પૂંજવા-પ્રમાર્જવામાં જે પ્રમાદ થવા પામે. તે આ વ્રતને વિશે અતિચાર છે. તેનો સ્પષ્ટ અર્થ આ પ્રમાણે છે–

(૧) સંથારો, વસતિ વગેરેને ચક્ષુથી બરાબર જોયા વિના કે જેમ તેમ જોઈને તેના ઉપર બેસવું વગેરે કાર્યોથી "અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત સંસ્તારક શય્યા" નામે પહેલો અતિચાર લાગે છે.

(૨) એ પ્રમાણે તે સંથારો, વસતિ વગેરેને ચરવળાથી બરાબર પ્રમાર્જ્યા વિના કે જેમ તેમ પ્રમાર્જીને તેના ઉપર બેસવું, સુવું વગેરે કાર્યથી "અપ્રમાર્જિતદુષ્પ્રમાર્જિત સંસ્તારક શય્યા" નામે બીજો અતિચાર લાગે છે.

(૩) એ પ્રમાણે વડીનતિ-લઘુનીતિ સંબંધી જે ચોવીશ માંડલાવાળી ભૂમિ તેમજ ઉપલક્ષણથી થુંક, કફ, લીંટ આદિ પરઠવવાની ભૂમિને ચક્ષુથી બરાબર જોવામાં આવી ન હોય અથવા જેમ તેમ જોવામાં આવી હોય તો "અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણભૂમિ" નામે ત્રીજો અતિચાર લાગે છે.

(૪) એ જ પ્રમાણે તે જગ્યાઓને પ્રમાર્જ્યા વિના કે જેમ તેમ પ્રમાર્જવાથી "અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ" નામે ચોથો અતિચાર લાગે છે.

● **तह चेव** - અને તે જ પ્રમાણે.

● **भोअणाभोए** (भोइणाभोए) બંને પાઠો મળે છે.

○ भोअणाभोए - ભોજનાભોગે - ભોજનાદિની ચિંતા કરવામાં "ભોજન" એટલે આહાર, ઉપલક્ષણથી દેહ-સત્કાર વગેરે. તેનો 'આભોગ' - ઉપયોગ એટલે વિચાર. તે "ભોજનાભોગ". એટલે ભોજન કે શરીર-સત્કારની ચિંતા કરવી, તેને લગતા વિચારો કરવા, તે 'ભોજનાભોગ' કહેવાય છે.

○ भोइणाभोए - એવો પાઠ "भोअणाभोए" ને સ્થાને अर्थदीपिका વૃત્તિમાં નોંધેલ છે. તેનો અર્થ પણ જુદો જ કર્યો છે. વૃત્તિકારે આ શબ્દના બે ભાગ કર્યા છે. 'भोइ' અને 'अणाभोए'. જેમાં 'भोइ' નો અર્થ 'भवति' લાગે છે એવો કર્યો છે અને अणाभोए નો અર્થ 'અનાભોગે' - અનુપયોગમાં વર્તતા એવો કર્યો છે એટલે "સંથારુચ્ચારવિહી - પમાય ભોઇ અનાભોગે" એમ વાક્ય લેતા "પ્રમાદથી તથા અનાભોગથી સંથારા અને ઉચ્ચાર વિધિમાં જો કોઈ અતિચાર થયા હોય." તેવો અર્થ અહીં કરેલ છે.

○ 'भोयणाभोए' એ સર્વ સ્વીકૃત પાઠ મુજબ પણ વૃત્તિકાર મહર્ષિએ લખ્યું છે કે, "ભોયણ" એટલે ભોજન. "આભોગ" એટલે ઉપયોગ. ઉપલક્ષણથી શરીરસત્કારાદિમાં ઉપયોગ તે ભોજનાભોગ કહેવાય.

ક્યારે પૌષધ પૂરો થશે કે જેથી હું પોતાની ઇચ્છા મુજબ ભોજન-શરીર સત્કાર વગેરે કરાવું ? ઇત્યાદિ જે ચિંતા તે ભોજનાભોગનો અર્થ છે અને તેનો "વિપરિત પૌષધવિધિ" નામના પાંચમાં અતિચારમાં સમાવેશ થાય છે. તેમ શ્રી રત્નશેખરસૂરિજી-વંદિત્તુ સૂત્રની વૃત્તિમાં કહે છે.

● **पोसह-विहि-विवरीए** - પૌષધ વિધિના વિપરીતપણાથી.

○ पोसह એટલે પૌષધ. જેનો આરંભે અર્થ આપ્યો જ છે.

— ધર્મની પુષ્ટિને ધારણ કરે અથવા ધર્મનું પોષણ કરે તે પૌષધ. શ્રી હરિભદ્રસૂરિજીએ દશમાં પંચાશકમાં તેની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, "જે કુશલ ધર્મનું પોષણ કરે છે અને જેમાં જિનેશ્વર દેવોએ કહેલા - "આહાર ત્યાગ" આદિનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરાય છે. તે પૌષધ કહેવાય છે.

— उवासगदसा અને भगवती નામક આગમ સૂત્રમાં તેને 'પોસહોવવાસ' નામથી ઓળખાવેલ છે. જેમાં 'પોસહ' શબ્દ પર્વતિથિના અર્થમાં રૂઢ થયેલો છે. આ પર્વતિથિની વ્યાખ્યા યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં-૮૫માં શ્લોકમાં કરી છે–

ચાર પર્વોમાં અર્થાત્ આઠમ, ચૌદશ, પૂર્ણિમા, અમાવાસ્યા એ ચારે પર્વોના સમૂહ તે ચતુષ્પર્વી. આ દિવસોમાં ઉપવાસ આદિ તપ, કુપ્રવૃત્તિનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન અને સ્નાનાદિનો ત્યાગ એ પૌષધ વ્રત છે. તેનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરવું તે પૌષધ છે. જેને પોષધોપવાસ નામક શ્રાવકનું અગિયારમું વ્રત કહ્યું છે.

उवासगदसा, समवाय આદિ આગમોની વૃત્તિમાં કહ્યું છે કે, તે આહારાદિ ચાર ભેદો વડે છે. આવશ્યક સૂત્રમાં અધ્યયન-૬ 'પચ્ચક્ખાણ'માં પણ આ ચાર ભેદો જણાવેલા છે–

(૧) આહાર પૌષધ-ઉપવાસ આદિ તપ કરવો તે.

— આહાર પૌષધ સર્વથી અને દેશથી બે પ્રકારે કહ્યો છે - તેમાં ચઉવિહાર ઉપવાસ તે સર્વથા આહાર પૌષધ છે અને તિવિહાર ઉપવાસ, આયંબિલ, નિવિ, એકાસણું એ દેશથી આહાર પૌષધ છે.

(૨) શરીર સત્કાર પૌષધ :- શરીર સત્કારનો ત્યાગ કરવો તે.

— સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, પુષ્પ, ગંધ, વિશિષ્ટ વસ્ત્ર અને આભારણાદિથી શરીરનો સત્કાર કરવાનો ત્યાગ કરવો તે.

— આ વ્રત પણ સર્વથી અને દેશથી બે ભેદે આગમોમાં કહેવાયું છે, પણ વર્તમાનકાળે આ વ્રતમાં સર્વથી જ શરીર સત્કાર ત્યાગ થાય છે.

(૩) બ્રહ્મચર્ય પૌષધ - બ્રહ્મચર્યનું પાલન કરવું તે.

— અબ્રહ્મના આચરણનો સર્વથા ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય પૌષધ.

— આ વ્રત પણ સર્વથી અને દેશથી એમ બે ભેદે હતું. પણ પૂર્વાચર્યોની પરંપરાથી હવે સર્વથા જ આ વ્રતનું ગ્રહણ થાય છે.

(૪) અવ્યાપાર પૌષધ - સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તે.

— અહીં અવ્યાપારનો અર્થ વ્યાપારનો અભાવ એવો નથી કર્યો, પણ કુત્સિત કે સાવદ્ય વ્યાપારનો ત્યાગ એવો અર્થ કર્યો છે.

— આ વ્રત પણ સર્વથી અને દેશથી બે પ્રકારે ગ્રહણ થતું હતું. પણ હાલ આ વ્રત માત્ર સર્વથી જ ઉચ્ચરાવાય છે.

૦ પૌષધની પ્રતિજ્ઞા કે પચ્ચક્ખાણ :-

સાધુજીવનની શિક્ષા આપતા એવા આ શિક્ષાવ્રતમાં ચાર પ્રહર કે આઠ પ્રહરનું પચ્ચક્ખાણ કરાય છે. જો માત્ર દિવસ સંબંધી પૌષધ લે તો जावदिवसं પાઠ બોલાય છે. જો અહોરાત્રનો પૌષધ કરાય તો जाव अहोरत्तं એવો પાઠ બોલાય છે. ત્રીજી પ્રણાલિ મુજબ જો માત્ર રાત્રિ પૌષધ કરે તો जाव सेस दिवसं अहोरत्तं કે जावसेसदिवसं-रत्तं એવો પાઠ બોલાય છે.

સામાયિકના પ્રતિજ્ઞા સૂત્ર મુજબ પૌષધનું પણ પ્રતિજ્ઞા સૂત્ર છે, જેમાં करेमिभंते ! पोसहं ! એ રીતે પાઠ બોલી પૌષધના ચારે ભેદનું પ્રત્યાખ્યાન કરાવાય છે. પછી નો શેષ પાઠ તો સામાયિક સૂત્રની માફક दुविहं तिविहेणं ઇત્યાદિ જ છે.

૦ विहि એટલે વિધિ. પૌષધની વિધિ, પૌષધમાં વિધિ.

— પૌષધને ગ્રહણ કરવા કે પારવા માટે સામાયિકમાં હોય તેવા પ્રકારની વિધિ હોય છે. એ વિધિ અનુસાર જ પૌષધવ્રતનું ગ્રહણ કરવું જોઈએ અને પારવો જોઈએ.

— પૌષધમાં પણ પડિલેહણ, ગુરુવંદન, સજ્ઝાય, દેવવંદન, પ્રમાર્જન, ગમનાગમન પ્રતિક્રમણ, સંથારા પોરિસિ, પ્રાતઃકાલીન પોરિસિ આદિ અનેક વિધિ કરવાની હોય છે.

આ બંને પ્રકારની વિધિનું યથાયોગ્ય પાલન ન થયેલ હોય, વિધિના મૂળ

ઉદ્દેશથી કંઈ વિરુદ્ધ વર્તન થયું હોય, બહુમાનપૂર્વક ક્રિયા ન કરાયેલ હોય તેને વિધિમાં વિપરીતતા કહેવાય અથવા યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ આદિ મુજબ 'અનાદર' કર્યો કહેવાય.

● **तइए सिक्खावए निंदे** ત્રીજા શિક્ષાવ્રતમાં થયેલા ઉપરોક્ત પાંચે અતિચારોમાંથી કોઈ અતિચાર લાગ્યો હોય તેની હું નિંદા કરું છું, નિંદારૂપ પ્રતિક્રમણ કરું છું.

– સંસ્તાર અને ઉચ્ચારભૂમિના પ્રતિલેખન અને પ્રમાર્જનરૂપ વિધિમાં પ્રમાદ કરવાથી પહેલા ચાર અતિચારો ઉત્પન્ન થાય છે અને ભોજન તથા શરીર સત્કાર આદિના વિચારો કરવાથી વિધિની વિપરીતતા થતાં વ્રતની અનનુપાલના કે અનાદર થાય છે.

*(✱ પૌષધની આરાધના-વિરાધના ઉપર દેવકુમાર-પ્રેતકુમારની કથા વિસ્તારથી વંદિત્તુસૂત્ર વૃત્તિમાં જોવી)*

**૦ પૌષધવ્રત વિશે ચુલણીપિત્તા શ્રાવકનું દૃષ્ટાંત :-**

વારાણસી નગરીમાં ચુલણીપિતા નામે શ્રાવક રહેતો હતો. તેને શ્યામા નામની પત્ની હતી. તેની પાસે ચોવીશ કરોડની સંપત્તિ હતી. ૮૦૦૦૦ ગાયો હતી. તેણે કોઈ વખતે પૌષધ લીધો. રાત્રિના સમયે તે કાયોત્સર્ગે રહેલ હતો. કોઈ એક મિથ્યાત્વી દેવ તેની પાસે આવ્યો. અનેક ઉપસર્ગો કર્યા પણ ચુલનીપિતા કાયોત્સર્ગમાં નિશ્ચલ રહ્યો. પછી તેના ત્રણે દીકરાને મારી નાંખ્યા, તો પણ તે પૌષધમાં અડગ રહ્યો. પછી તે દેવ ચુલનીપિતાની માતાને લઈ આવ્યો ત્યારે ચુલનીપિતા વ્રતથી ચલિત થઈને થોડું મોટેથી બોલવા લાગ્યો. તે દેવ ચાલ્યો ગયો. ત્યારે તેની માતા ચુલનીપિતાનો અવાજ સાંભળી ઘરમાંથી બહાર આવ્યા. ચુલનીપિતાને પૂછ્યું કે તું કેમ મોટેથી અવાજ કરતો હતો. તેણે બધી વાત કરી ત્યારે માતા બોલ્યા કે, કોઈ મિથ્યાત્વી દેવે તને ઉપદ્રવ કર્યો લાગે છે. તારા ત્રણે પુત્રો કુશળ છે. માટે તું તારી ભૂલનું મિથ્યાદુષ્કૃત્ આપી નિશ્ચલ થા.

ત્યારે ચુલણીપિતાએ અતિચારની આલોચના કરી, પૌષધ વ્રતને નિશ્ચલ થઈ પૂર્ણ કર્યો. સવારે ભગવંત મહાવીર પાસે જઈ આલોયણા કરી, સારી રીતે વ્રત આરાધના કરી, દેવલોકે ગયો.

**હવે ગાથા-૩૦**માં શ્રાવકના બારમા વ્રત ''અતિથિસંવિભાગ''ના પાંચ અતિચારોનો નિર્દેશ અને આ અતિચારોની નિંદારૂપ પ્રતિક્રમણ કરવાનું વિધાન કરેલ છે.

**૦ અતિથિસંવિભાગ વ્રતની ભૂમિકા :-**

– અતિથિ માટેનો સંવિભાગ તે અતિથિ સંવિભાગ. તે રૂપ જે વ્રત તે. વ્રતનો ક્રમ શ્રાવકના વ્રતોમાં બારમો છે, ચાર શિક્ષાવ્રતોમાં તેનો ક્રમ ચોથો છે. ઉત્તરગુણ રૂપ સાત વ્રતોમાં તેનો ક્રમ સાતમો છે.

– अतिथि એટલે જે તિથિ રહિત છે તે.

– જે મહાત્માએ તિથિ અને પર્વના સર્વ ઉત્સવો તજ્યા છે. તેને 'અતિથિ' જાણવા અને તે સિવાયનાને 'અભ્યાગત' જાણવા.

– संविभाग શબ્દ सं અને विभाग એ બે પદોથી બનેલો છે. તેમાં सं નો અર્થ સંગતતા કે નિર્દોષતા છે અને विभाग એટલે વિશિષ્ટ ભાગ. પોતાના અર્થે તૈયાર કરેલા ખાન-પાનમાંનો અમુક અંશ. તે સાધુને કલ્પે તેવું પ્રાસુક અને એષણીયનું દાન કરવું તે.

योगशास्त्र માં કહ્યું છે કે, અતિથિ એટલે સાધુ. એવા સાધુમહાત્મારૂપ અતિથિને ગુરુ તરીકે માનીને બહુમાન-ભક્તિના અતિશયરૂપ હર્ષથી મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક આહાર, વસ્ત્ર, પાત્ર વગેરેનું દાન આપવું તે અતિથિ સંવિભાગ કહેવાય છે.

સંવિભાગમાં सं એટલે સમ્યક્ - આધાકર્માદિ-૩૨ દોષથી રહિત. 'वि' એટલે વિશિષ્ટ પ્રકારે. (સાધુને પૂર્વકર્મ-પશ્ચાત્ કર્મ આદિ દોષ ન લાગે તે રીતે) ભાગ એટલે પોતાની વસ્તુનો અમુક અંશ આપવાનું જે વ્રત તે અતિથિસંવિભાગ વ્રત છે.

– તાત્પર્ય એ છે કે - ન્યાયોપાર્જિત ધનથી કે ન્યાયથી મેળવેલી વસ્તુઓ, અચિત્ત, નિર્દોષ અને કલ્પ્ય એટલે સાધુતાને પોષક હોય, તેવી આહાર, વસ્ત્ર, પાત્રાદિ વસ્તુઓ દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમપૂર્વક પોતાના ઉદ્ધારની બુદ્ધિથી સાધુને આપવી તે અતિથિ સંવિભાગ વ્રત.

– દેશ એટલે જે દેશમાં જે વસ્તુ દુર્લભ હોય તેનું દાન કરવું.

– કાળ એટલે સુકાળ કે દુષ્કાળને વિચારીને દાન આપવું.

– શ્રદ્ધા એટલે કેવળ આત્મકલ્યાણ માટે શુદ્ધ ભાવથી દાન આપવું.

– સત્કાર એટલે સન્માનપૂર્વક દાન આપવું. આવે ત્યારે ઉભા થવું, જાય ત્યારે વળાવવા જવું ઇત્યાદિ ગુરુ બહુમાન.

– ક્રમ એટલે પહેલા દુર્લભ કે ઉત્તમ વસ્તુઓ વહોરાવવી અને પછી સામાન્ય વસ્તુઓ લેવી એમ ક્રમશઃ વિનંતી કરવી.

० आवश्यक માં છટ્ઠા આવશ્યકમાં જણાવે છે કે, "ન્યાયથી મેળવેલા અને કલ્પનીય એવા આહાર-પાણી વગેરેનું દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમથી વિશિષ્ટ, ઉત્તમ, ભક્તિપૂર્વક, સ્વ-પર આત્મકલ્યાણની બુદ્ધિએ, સાધુઓને દાન કરવું તે અતિથિ સંવિભાગ.

० संबोधप्रकरण - ધીર અને જિનેશ્વર દેવની આજ્ઞાના પાલક ઉત્તમ શ્રાવકો, સાધુઓને કલ્પે તેવી જે વસ્તુ, થોડી પણ કોઈ સાધુને વહોરાવી ન હોય, તેનો કદી પોતાને માટે ઉપયોગ કરતા નથી. રહેવા માટે સ્થાન, શય્યા, આસન, આહાર, પાણી, ઔષધ અને વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણો શ્રાવકે પોતે વિપુલ સંપત્તિવાન ન હોય, તો થોડામાંથી થોડા પણ મુનિને આપવા.

० भगवतीजी - શ્રમણ નિર્ગ્રન્થોને અચિત્ત અને નિર્દોષ આહાર, પાણી,

ખાદ્ય, સ્વાદ્ય તથા વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, પીઠ, પાટીયા, શય્યા, સંથારા વગેરેનું દાન કરવાપૂર્વક શ્રાવક પોતાનો કાળ નિર્ગમન કરે.

**૦ અતિથિ સંવિભાગનો વર્તમાન વિધિ :-**

અતિથિસંવિભાગ માટે વૃદ્ધ પરંપરાથી અને પંચાશક ચૂર્ણિ મુજબ અતિથિ સંવિભાગ માટે સામાચારી આ પ્રમાણે ચાલે છે–

શ્રાવકે પૌષધના પારણે મુનિને દાન આપીને ભોજન કરવું. તે માટે ભોજનનો અવસર થાય ત્યારે - સુંદર વસ્ત્ર, અલંકાર પહેરીને શોભાપૂર્વક ઉપાશ્રયે જઈ સાધુને વિનંતી કરે કે, હે ભગવંત ! આપ આહાર-પાણી અર્થે મારે ત્યાં પધારો.

એ વખતે સાધુની સામાચારી એવી છે કે તેઓ વિલંબ ન કરે, પણ જલ્દીથી તૈયારી કરે. કેમકે વધારે સમય લાગે તો સાધુને સ્થાપના દોષ લાગે અને શ્રાવકને ભોજનમાં અંતરાય થતા સાધુને ભોગાંતરાય આદિ કર્મનો બંધ થાય. તેથી (વધુ સાધુ હોય તો) એક સાધુ પડલાંનું પડિલેહણ કરે, બીજા સાધુ મુહપતિ પડિલેહે અને ત્રીજા સાધુ પાત્રાનું પ્રતિલેખન કરે. પછી પોરિસિ આદિનો સમય જાળવીને ગૌચરી લેવા નીકળે ત્યારે આહાર લેવા જનાર મુનિ અને બીજા સંઘાટક સાધુ સાથે જાય. તેઓ નિમંત્રણ કરનાર શ્રાવકની પાછળ-પાછળ જાય.

ઘેર પહોંચે ત્યારે શ્રાવક સાધુઓને આસન ગ્રહણ કરી બેસવા વિનંતી કરે. મુનિરાજ જો બેસે તો ઠીક, નહીં તો શ્રાવકે વિનય કર્યો ગણાય. ત્યારબાદ સ્વહસ્તે આહાર-પાણી વહોરાવે અથવા બીજી વ્યક્તિ વહોરાવનાર હોય તો વહોરાવે ત્યાં સુધી આહારાદિના વાસણો પોતે ધરી રાખે વહોરાવ્યા પછી શ્રાવક વંદના કરી મુનિને વિદાય આપવા કેટલાંક ડગલાં પાછળ જાય. પછી આવીને પોતે જમે.

જો પોતાના તે ગામ વગેરેમાં સાધુ-મુનિરાજનો યોગ ન હોય, તો પણ પોતે ભોજન અવસરે બારણે જોયા કરે, ચિત્તના શુદ્ધ ભાવથી ભાવના કરે કે જો કોઈ સાધુ આવે તો સારું, આ પ્રમાણે શુદ્ધ હૃદયથી ભાવના કર્યા પછી પારણું કરે.

પૌષધ સિવાયના અવસરે દાન આપીને જમે કે જમીને દાન આપે.

૦ श्रावकधर्म प्रज्ञप्ति નો પાઠ - અતિથિસંવિભાગ એટલે અતિથિ રૂપ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ. તેઓ કોઈ જ્યારે ઘર આંગણે પધારે ત્યારે ભક્તિપૂર્વક ઉભા થઈને આસન આપવું, પાદપ્રમાર્જન કરવું, યથાયોગ્ય નમસ્કારાદિ કરવા. ઇત્યાદિ કર્યા પછી પોતાના વૈભવના પ્રમાણમાં આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, વસતિ આપીને સંવિભાગ કરવો.

**૦ અતિથિ સંવિભાગ વ્રતના અતિચારો –**

(૧) સચિત્ત નિક્ષેપ (૨) સચિત્તવિધાન
(૩) પરવ્યપદેશ (૪) માત્સર્ય
(૫) કાલાતિક્રમદાન

આ પાંચે અતિચારોનો અર્થ વિવેચન હવે વંદિત્તુ સૂત્રની ગાથા-૩૦ અનુસાર શબ્દશઃ અમે આગળ જણાવી રહ્યા છીએ.

● **सचित्ते निक्खिवणे** - સચિત્ત વસ્તુ નાંખવામાં.

૦ सचित्त - શબ્દની વ્યાખ્યા-૧૦માં વ્રતમાં જોવી.

૦ निक्खिवण - નિક્ષેપણ, નાંખવું તે. મૂકવા કે નાંખવાની ક્રિયાને નિક્ષેપણ કહેવાય છે.

– મુનિરાજને દાન આપવા યોગ્ય વસ્તુમાં સચિત્ત વસ્તુ નાંખવી.

– સાધુને દેવા યોગ્ય વસ્તુ પોતાની પાસે હોવા છતાં તે નહીં દેવાની બુદ્ધિથી સચિત્ત પદાર્થો જેવા કે, મીઠું વગેરે પૃથ્વીકાય, કાચું પાણી વગેરે અપ્કાય, જેમાં અગ્નિ હોય તેવી છૂટી ચૂલિ વગેરે અગ્નિકાય કે ધાન્યાદિ સચિત્ત લીલોતરી આદિ વનસ્પતિકાય વગેરેની ઉપર મૂકે તે "સચિત્તમાં સ્થાપન" એવો અતિચાર પણ કહ્યો છે. પરંતુ જ્યારે મુનિરાજને દાન કરવા યોગ્ય વસ્તુને ન આપવાની બુદ્ધિએ કે રભસવૃત્તિથી તે વસ્તુમાં સચિત્ત વસ્તુ નાંખી દે ત્યારે તે સચિત્ત નિક્ષેપ કહેવાય છે એ પહેલો અતિચાર.

*(અહીં વંદિત્તુસૂત્રમાં સચિત્ત નિક્ષેપ" નામે અતિચાર છે, જ્યારે યોગશાસ્ત્ર અને ધર્મસંગ્રહ આદિમાં "સચિત્ત સ્થાપન" અતિચાર છે. તત્ત્વાર્થ સૂત્રમાં "સચિત્તનિક્ષેપ" નામ છે અને ભાષ્ય તથા વૃત્તિમાં વ્યાખ્યા પણ તે રીતે જ છે, જ્યારે શ્રી રત્નશેખરસૂરિજી કૃત્ વંદિત્તુ સૂત્રની અર્થદીપિકા વૃત્તિ છે તેમાં વ્યાખ્યા સચિત્ત સ્થાપન મુજબ છે. તેથી આ અતિચારને બે રીતે વિચારી શકાય–)*

(૧) સચિત્ત વસ્તુનો દાન દેવા યોગ્ય વસ્તુમાં નિક્ષેપ કરવો.

(૨) સચિત્ત વસ્તુ પર દાન દેવા યોગ્ય વસ્તુની સ્થાપના કરવી.

● **पिहीणे** - પિધાન એટલે ઢાંકવામાં, ઢાંકણ કરવામાં.

– अपि + धा એટલે ઢાંકવું. તેની ક્રિયા તે अपिधान કહેવાય છે. પણ તેમાંથી 'अ' નો લોપ થઈ જતાં 'पिधान' શબ્દ બન્યો છે.

– આ શબ્દનો સંબંધ 'सचित्त' સાથે જોડીને અતિચાર બન્યો છે. જેમ सचित्तनिक्षेप એક અતિચાર બન્યો, તેમ 'सचित्तपिधान' એવો આ અતિચાર છે. તેનો અર્થ છે - મુનિરાજને દાન આપવા યોગ્ય વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ મૂકી દઈ - તેનું ઢાંકણ કરવું.

– સાધુને દેવા યોગ્ય વસ્તુ, નહીં દેવાની બુદ્ધિથી તે વસ્તુને કંદ, પાંદડા, ફળ, ફૂલ વગેરે સચિત્ત વસ્તુ વડે ઢાંકી દેવી. જેથી સાધુ મહારાજને તે અકલ્પ્ય બની જાય. એ બીજો અતિચાર જાણવો.

● **ववएस** - વ્યપદેશ, બહાનું કાઢવું તે.

– અતિથિ સંવિભાગ વ્રતના આ ત્રીજા અતિચારને યોગશાસ્ત્રમાં 'અન્યાપદેશ' નામ આપેલ છે. તેનો ક્રમ પાંચમો નોંધેલો છે.

वि + अप + दिश् એટલે બહાનું કાઢવું. તે પરથી व्यपदेश શબ્દ બન્યો. જેનો અર્થ છે. "બહાનું" કે "કપટ".

– કોઈ એક વસ્તુ પોતાની હોવા છતાં બીજાની કહેવી કે બીજાની હોવા

છતાં પોતાની કહેવી તે વ્યપદેશ છે. જેને પરવ્યપદેશ કે અન્યાપદેશ નામનો અતિચાર કહે છે.

– મુનિરાજને દાન આપવા યોગ્ય વસ્તુ પોતાની હોય છતાં પારકી કહેવી, જેથી પારકી જાણીને મુનિ ગ્રહણ ન કરે અથવા પારકી હોવા છતાં તે વસ્તુને પોતાની કહેવી કે જેથી મુનિ તે વસ્તુ ગ્રહણ કરે. આ બંને વાત શ્રાવકને માટે અતિચાર રૂપ છે.

– तत्त्वार्थभाष्य માં જણાવે છે કે, પૌષધોપવાસના પારણા કાળે ભિક્ષાને માટે સમુપસ્થિત થયેલ સાધુને પ્રગટ સ્વરૂપે અન્ન આદિ હોવા છતાં શ્રાવક એમ કહે કે આ તો પારકા છે, મારા નથી તેથી હું તે આપી શકીશ નહીં તેને પરવ્યદેશ અતિચાર કહે છે.

– આ પ્રમાણેનું કપટ કે બહાનું શ્રાવક કેવી રીતે કરે તેના દૃષ્ટાંતો આપતા ગ્રંથકારો કહે છે - જેમકે–

(૧) સાધુ સાંભળે તે રીતે ઘરના માણસોને કહે કે, આ તો આપણું નથી પારકું છે માટે સાધુને આપશો નહીં. એ રીતે સાધુને વિશ્વાસ પમાડવા ખોટું બોલે.

(૨) સાધુ સાંભળે તેમ એવું બોલે કે, આ દાનથી મારી માતા વગેરેને પુણ્ય હોજો ! આવું બોલવાથી સાધુ અકલ્પ્ય માનીને તે વસ્તુ ગ્રહણ ન કરે.

(૩) દાન માટે કોઈ વિદ્યમાન વસ્તુ મુનિએ માંગવા છતાં 'અમૂક'ની છે, માટે ત્યાં જઈને માંગો. એ પ્રમાણે કહેવું - ઇત્યાદિ બહાના કાઢે.

● **मच्छरे** - માત્સર્યથી, અદેખાઈ કરવામાં.

– આ અતિચાર અતિથિસંવિભાગ વ્રતનો ચોથો અતિચાર છે, તેનો ક્રમ યોગશાસ્ત્રમાં ત્રીજો છે. ઉપાસકદસાંગ સૂત્રમાં પાંચમો છે.

– મુનિરાજને દાન કરવા છતાં આદર ન રાખવો અથવા બીજાના દાનગુણની અદેખાઈથી દાન કરવા પ્રેરાવું તે માત્સર્ય.

– મુનિરાજ કોઈ વસ્તુની યાચના કરે ત્યારે કોપ કરવો કે વસ્તુ હોવા છતાં ન આપવી તે માત્સર્ય છે અથવા પોતાનાથી ઉતરતા કોઈ માણસને દાન આપતો જોઈને એમ વિચારે કે શું હું તેનાથી ઉતરતો છું ? માટે બરાબર દાન આપું - તે માત્સર્ય.

– કષાયયુક્ત ચિત્ત સહિત આપવું તે માત્સર્ય.

– અનેકાર્થ સંગ્રહ કોષમાં જણાવ્યા મુજબ - બીજાની સંપત્તિ કે ઉન્નત્તિ સહન નહીં થવાથી તેના પર ક્રોધ કરવો - તે મત્સર.

● **चेव** - તે જ રીતે.

● **कालाइक्कम-दाणे** - કાલાતિક્રમ દાનથી, કાળ વીતી ગયા પછી દાન આપવાને વિશે.

– કાળનો અતિક્રમ કે ઉલ્લંઘન તે કાલાતિક્રમ કહેવાય છે. અહીં "કાળ" શબ્દથી "સાધુનો ભોજનકાળ અથવા ગૌચરી લેવા જવાનો સમય" એવો અર્થ

થાય છે. તેનાથી ઘણો પહેલાનો કે ઘણો પછીનો સમય પસંદ કરવો, તે કાલાતિક્રમ છે. તેમાં જે દાન કે ભિક્ષા અપાય, તે કાલાતિક્રમદાન કહેવાય છે.

– ભિક્ષાના કાળ સિવાય "મુનિ કંઈ દાન નહીં લે" એવી બુદ્ધિથી ગૌચરી માટે નિમંત્રણા કરવી તે કાલાતિક્રમ છે. તેમાં મુનિને કંઈક લેવાની ફરજ પાડવા રૂપે દાન કરે તે કાલાતિક્રમ દાન ગણાય.

– કાલાતિક્રમ દાન એ અતિથિ સંવિભાગ વ્રતનો પાંચમો અતિચાર છે, જેને ધર્મસંગ્રહમાં ચોથા ક્રમે મૂક્યો છે, જ્યારે ઉપાસકદશાંગ સૂત્રમાં ત્રીજા ક્રમે દર્શાવેલ છે.

● **चउत्थे सिक्खावए निंदे** - ચોથા શિક્ષાવ્રતમાં હું નિંદુ છું.

○ चउत्थ - ચતુર્થ, ચોથા. આ પદ શિક્ષાવ્રતનો ક્રમ દર્શાવે છે.

○ सिक्खावअ - શિક્ષાવ્રત જેની વ્યાખ્યા ગાથા-૮માં જોવી.

○ निंदे - નિંદુ છું. નિંદારૂપ પ્રતિક્રમણ કરું છું.

– ચોથા શિક્ષાવ્રતના પાંચ અતિચારોની નિંદા કરું છું.

*(✱ બારમાં વ્રત ઉપર ગુણાકર અને ગુણધર એ બે મિત્રોની કથા વિસ્તારથી "વંદિત્તુસૂત્ર"ની ટીકામાં જોવી)*

**○ અતિથિસંવિભાગ વ્રતમાં ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત :-**

એક ગામમાં ધન નામક વ્યાપારી હતો. તેને ભદ્રિક પરિણામી પત્ની હતી. કોઈ વખત શેઠે ગુરુ મહારાજ પાસે નિયમ લીધો કે મારે ત્રિકાલ દેવપૂજા, એકાંતર ઉપવાસ, સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો. કર્મના ઉદયે ધનશેઠ નિર્ધન થઈ ગયો. પત્નીએ કહ્યું કે, મારા પિયરથી દ્રવ્ય લાવી વ્યાપાર કરો. સ્ત્રીના આગ્રહથી તે સાસરે જવા નીકળ્યો. પત્નીએ આપેલ સુખડી સાથે લીધી. પહેલા દિવસે ઉપવાસ હતો. બીજા દિવસે સુખડી વાપરતા પહેલા તેણે વિચાર્યું કે કોઈ મુનિરાજ આવી ચડે તો વહોરાવીને પછી ખાવા બેસું.

આ પ્રમાણે ઇચ્છા કરતાં જ પુણ્યોદયે એક માસક્ષમણના તપસ્વી સાધુ ભિક્ષા લેવા આવી ચડ્યા. શેઠે સુખડી વહોરાવી દીધી. ત્રીજે દિવસે ઉપવાસ કર્યો. ચોથે દિવસે ધનશેઠ સાસરે પહોંચ્યા. સસરા પાસે ધનની માંગણી કરી. પણ તે દ્રવ્ય પાછું નહીં આપી શકે એમ માની સસરાએ ધન આપ્યું નહીં. ધનશેઠ નિરાશ થઈને પાછો પોતાના વતન તરફ જવા ઉપડ્યો. રસ્તામાં નદીકિનારે બેસીને વિચાર્યું કે પત્ની મને ખાલી હાથે આવેલો જોઈને નિરાશ થશે. તેથી તેણે કાંઠાના કાંકરા લઈને પોટલું બાંધ્યુ. ઘેર જઈ પત્નીને આપ્યું. સ્ત્રી, ધનનું ભરેલું પોટલું જાણી આનંદિત થઈ.

શેઠે માસક્ષમણના ઉપવાસી મુનિરાજને જે દાન આપેલું તે દાનના પ્રભાવથી શાસનદેવે બધાં કાંકરાને દિવ્યરત્નો બનાવી દીધા. તેમાંથી એક રત્ન કાઢી સ્ત્રીએ અનાજ વગેરે વસ્તુ ખરીદી, સુંદર રસોઈ બનાવી, શેઠ વિસ્મય પામ્યો. ભોજન કર્યું. રાત્રે સૂતાં સૂતાં ધનશેઠ વિચાર કરવા લાગ્યા કે આ કાંકરાના બદલે રત્ન કઈ

રીતે થઈ ગયા. તે વખતે શાસન દેવે પ્રગટ થઈને કહ્યું કે, તેં રસ્તામાં જે અતિથિ-સંવિભાગ રૂપે સુપાત્રદાન દીધું હતું, તેના પ્રભાવે મેં કાંકરાના બદલે રત્નો કરી દીધાં. ધર્મનો સાક્ષાત્ પ્રભાવ જોઈને વિશેષે ધર્મ પાલન કરી ધર્મશેઠ અંતે ચારિત્ર પાળીને મોક્ષે ગયો.

**૦ અતિચારોની સંખ્યા વિશે કથન :-**

અહીં સમ્યક્ત્વ આદિ બાર વ્રતોના જે પાંચ-પાંચ અતિચારો કહ્યા. *(એક અનર્થદંડ વિરમણ વ્રતના ૨૦ અતિચારો સિવાય).* પણ તે સિવાય પણ ઉપલક્ષણથી ઘણાં અતિચારો જાણવા. પાંચ-પાંચ જ અતિચારો છે એમ નિશ્ચયે કરીને ન વર્તવું. (વંદિત્તુ સૂત્રની અર્થદીપિકા વૃત્તિમાં શ્રીરત્નશેખરસૂરિજી મહારાજ સાક્ષી પાઠ આપી કહે છે કે–) સૂત્રમાં જે પાંચ-પાંચ અતિચારો દર્શાવ્યા છે, તે નિશ્ચયાર્થે નથી, પણ ઉપલક્ષણરૂપે છે. તેથી સ્મૃતિ અન્તર્ધાન એટલે કે વિસ્મરણ આદિ સંબંધી અતિચારો જે અહીં કહેવાયા નથી તે સર્વે અતિચારોને યથા સંભવપણે સર્વ વ્રતોમાં જાણવા.

અતિથિ સંવિભાગમાં ઉપર પાંચ અતિચાર જણાવ્યા, તે સિવાય પણ બીજા દોષોનું કથન હવે પછીની બે ગાથામાં સૂત્રકાર મહર્ષિએ સ્વયં જણાવેલ છે. **હવે ગાથા ૩૧ અને ૩૨માં** અતિથિ સંવિભાગ વ્રત સંબંધી બીજા દોષોનું કથન કરીએ છીએ–

*(આ ગાથાની વિવેચન પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. પહેલા ગાથાનો સામાન્ય અર્થ આપી, પછી તેના બે પ્રકારે વિશિષ્ટ અર્થો આપ્યા છે, ત્યારબાદ ગાથાનું શબ્દશઃ વિવેચન કરેલ છે.)*

૦ ગાથાનો શબ્દાનુસાર સામાન્ય અર્થ :-

સુહિત, દુઃખિત અને અસ્વંયત સાધુઓની ભક્તિ રાગ કે દ્વેષપૂર્વક કરી હોય તેની નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ તેની આલોચના કરું છું.

૦ ગાથાનો શબ્દાનુસાર વિશિષ્ટ અર્થ પહેલો :-

સુંદર હિતવાળા, વ્યાધિ અથવા તપ-ત્યાગથી પીડિત કે કૃશ દેહવાળા તેમજ અસ્વંયત અર્થાત્ સ્વેચ્છાચારીપણું ત્યજી ગુરુ આજ્ઞામાં વિચારતા સાધુ મહાત્માઓ પ્રત્યે મેં જે સ્વજન કુટુંબ તરીકેના રાગથી કે સાધુ નિંદારૂપ દ્વેષથી ભક્તિ કરી હોય તેની હું આત્મ સાક્ષીએ નિંદા અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું.

૦ ગાથાનો શબ્દાનુસાર વિશિષ્ટ અર્થ બીજો :-

સુખી, દુઃખી તેમજ પાર્શ્વસ્થાદિ પાંચ પ્રકારના અસંયમીઓ પ્રત્યે સ્વજન-કુટુંબાદિ તરીકેના રાગથી કે તેઓ વડે લેવાતા અશુદ્ધ અશન-પાનાદિગત દોષો (કે તેવો આહાર અન્યત્ર વહોરીને પછી પોતાના ઘેર પણ આહાર માટે આવેલ હોય તે પ્રસંગે) જોવાને લીધે દ્વેષથી ભક્તિ કરી હોય અર્થાત્ દિલમાં દ્વેષ છતાં વ્યવહારથી સુવિહિત મુનિની જેમ ભક્તિ સાચવી હોય તેની હું નિંદા કરું છું, તેની હું ગર્હા કરું છું.

**० 'साहुसु' અધ્યાહાર પદનો સંબંધ :-**

આ ગાથા-૩૧માં ત્રણ પદો છે. सुहिएसु, दुहिएसु અને अस्संजएसु એ ત્રણે વિશેષણો છે, આ વિશેષણોનું વિશેષ્ય પદ છે साहुसु. જો કે ગાથામાં આ પદ અધ્યાહાર છે - ક્યાંય જણાવેલું નથી. પણ વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે, અતિથિ સંવિભાગ વ્રતનો અધિકાર આ ગાથામાં ચાલુ હોવાથી તે વિશેષ્ય અનુવૃત્તિરૂપે અહીં ગ્રહણ કરવાનું છે.

० મૂળ ગાથાના શબ્દોનું વિવેચન :-

● **सुहिएसु** - સુહિતોને વિશે, સુખીઓને વિશે.

– 'સુ' એટલે સુષ્ઠુ અર્થાત્ સુંદર.

– 'હિય' એટલે હિત અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

– સુંદર છે હિત જેનું તે સુહિત કહેવાય છે - અથવા -

– જે સાધુઓ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં રત છે તે સાધુઓને સુહિત કહેવામાં આવે છે.

० 'सुहिअ' શબ્દનો 'સુખિત' એવો સંસ્કાર પણ થાય છે.

– સુખિત એટલે સુખી. સુખ શબ્દથી અહીં વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિનું બરાબર હોવું તે.

● **दुहिएसु** - દુઃખિતોને વિશે, દુઃખીયાઓ અંગે.

– દુઃખ પામેલ તે દુઃખિત.

– દુઃખ શબ્દથી રોગ, તપશ્ચર્યા અને ઉપધિનું ઓછાપણું ઇત્યાદિ કારણો અહીં સમજવાનું વૃત્તિકારે કહ્યું છે.

(૧) જેઓને કોઈપણ રોગ થયેલો હોય.

(૨) જેઓ તપશ્ચર્યાથી ગ્લાન કે અસ્વસ્થ બન્યા હોય.

(૩) જેમની પાસે વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિ અપૂરતી હોય

– ઇત્યાદિ કારણે તેઓ દુઃખિત કહેવાય છે.

● **जा मे** - જે મારા વડે

● **अस्संजएसु** - અસ્વંયતોને વિશે.

*(* અહીં "असंजएसु" એવો પણ એક પાઠ છે.)*

– જેઓ સ્વચ્છંદપણે પ્રવૃત્તિ કરતા નથી, ગુરુ આજ્ઞા મુજબ વિચરે છે, (તેવા સાધુઓને વિશે)

– અહીં "અસ્વંયત" અથવા "અસ્વયત" શબ્દાર્થ પણ છે, તેનો અર્થ છે - 'સ્વ' એટલે જાતે અને 'યત' એટલે ઉદ્યમ કરનારા અથવા વિહરનારા. 'અસ્વયત' એટલે જેઓ 'સ્વયત' નથી તે અર્થાત્ જેઓ સ્વચ્છંદપણે વિચરનારા નથી પણ ગુરુ આજ્ઞામાં રહીને વિચરનારા છે તેવા.

– असंजएसु નો સંસ્કૃત પર્યાય "असंयतेषु" પણ થાય છે. 'અસંયત'નો અર્થ સંયમથી ભ્રષ્ટ કે સંયમથી રહિત પણ થાય. જેમં પાસત્થા. અન્યલિંગી

આદિનો સમાવેશ થાય છે.

● **अणुकंपा** - અનુકંપા, દયા, ભક્તિ ઇત્યાદિ.

– અનુકંપવું - હૃદયનું દયાર્દ્ર થવું તે અનુકંપા કહેવાય. તેને દયા, કૃપા, ભક્તિ આદિ પણ કહે છે.

– અર્થદીપિકા વૃત્તિમાં રત્નશેખરસૂરિજી જણાવે છે કે, 'અનુકંપા' શબ્દને ભક્તિભાવનો સૂચક કહ્યો છે. "આચાર્યની ભક્તિ કરવાથી મહાભાગ્યશાળી એવા આખા ગચ્છની ભક્તિ-અનુકંપા કરી જાણવી, ગચ્છની અનુકંપા-ભક્તિ કરવાથી તીર્થ અર્થાત્ જિનશાસનરૂપ તીર્થનો વિચ્છેદ અટકાવ્યો કે તીર્થને ટકાવી રાખ્યું છે તેમ જાણવું.

૦ સુખી, દુઃખી અને અસ્વંયત એ ત્રણે વિશેષણવાળા એવા મુનિરાજોને વિશે મેં અન્ન, પાન, વસ્ત્રાદિકનું દાન કરવારૂપ જે ભક્તિ કરી, તે ભક્તિ *(કઈ રીતે કરી તે સૂત્રમાં જણાવે છે–)*

● **रागेण व दोसेण व** રાગથી કે દ્વેષથી (કરી હોય)

૦ "રાગથી" - આ સાધુઓ સાધુગુણથી સુશોભિત છે એવી બુદ્ધિથી નહીં, પણ આ મારા સ્વજન છે, મિત્ર છે વગેરે સમજી ભક્તિ કરવી.

૦ "દ્વેષથી" - અહીં દ્વેષનો અર્થ સાધુ નિંદા કે તિરસ્કાર સમજવો. એટલે કે આ સાધુઓ ધનધાન્યાદિ રહિત છે, જ્ઞાતિજનોથી ત્યજાયેલ છે, ભૂખથી પીડાય છે, આહારાદિ ઉપાર્જવામાં પ્રાપ્તિહીન છે. તેથી દયા ખાવા યોગ્ય છે ઇત્યાદિ દ્વેષમૂલક નિંદાથી ભક્તિ કરવી.

– ચિત એટલે ભાવની નિર્મળતા.

– અને પાત્ર એટલે લેનારની યોગ્યતા.

– જે ભાવમાં રાગનો કે દ્વેષનો અંશ ન હોય તે નિર્મળ ગણાય છે જેમકે કોઈ મુનિને જોઈ એવું ચિંતવવું કે આ તો મારા પૂર્વના સ્નેહી છે અથવા મારા સંસારી પક્ષના સગા છે અથવા તે મારા પર વિશેષ સદ્ભાવ રાખે છે, માટે તેમને દાન આપું, તો એવું દાન રાગથી યુક્ત હોવાથી ભાવની નિર્મળતાવાળું ગણી ન શકાય.

તે જ રીતે એમ વિચારવું કે, આ મુનિ બહુ ભલા છે, તેમને રહેવા માટેનું સ્થાન નથી, જો આપણે તેમને દાન નહીં આપીએ તો બીજું કોણ આપશે ? આવું દાન નિંદાથી યુક્ત હોવાથી ભાવની નિર્મળતાવાળું ગણી શકાય નહીં.

– શ્રાવકે એમ ચિંતવવું જોઈએ કે, સુવિહિત મુનિને દાન આપવું તે મારો શ્રાવકનો ધર્મ છે. તેનાથી મને અતિથિ સંવિભાગ વ્રતનો લાભ મળે છે. પરિણામે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પડે છે. સાધુ ભગવંતો તો નિરપેક્ષ છે, પણ મારે તેમની યથાર્થ ભક્તિ કરવી જોઈએ ઇત્યાદિ. એવું દાન ઉત્તમ ભાવનાવાળું ગણાય.

– "પાત્ર"ની દૃષ્ટિએ વિચાર કરીએ તો સાધુ સુપાત્ર જ છે. પછી તે 'સુહિત', 'દુહિત' કે અસ્વયતમાંથી કોઈ પણ હોય. જ્યારે પાસત્થા-અન્યલિંગી

વગેરે કુપાત્ર છે.

**૦ નિંદાપૂર્વકની ભક્તિથી થતું નુકસાન :-**

નિંદાપૂર્વકની જે ભક્તિ છે, તે ભક્તિ પણ દીર્ઘકાલીન એવા અશુભ આયુષ્યનો હેતુ હોવાથી વાસ્તવિકમાં નિંદા જ છે.

તથાપ્રકારના શ્રમણને અથવા માહણને અથવા-

૦ સંયત - જીવવધાદિનો ત્યાગ કરવામાં સતત યત્નવાળા.

૦ વિરત - તે પછીથી જીવવધાદિથી નિવૃત્ત થયેલા.

૦ પ્રતિહત - ભૂતકાલીન પાપોને નિંદારૂપ પ્રતિક્રમણથી હણી નાખવાવાળા એવા.

૦ પચ્ચક્ખાણવાળા - ભવિષ્યકાળ સંબંધી પાપો ન કરવા.

સંયત, વિરત, પ્રતિહત, પ્રત્યાખ્યાત પાપકર્મવાળા સાધુને હીલના કરીને, નિંદા કરીને, ખિંસા કરીને, ગર્હા કરીને, અપમાન કરીને, અસુંદર અને અપ્રીતિકર એવા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારથી પ્રતિલાભીને અશુભ એવું દીર્ઘ આયુષ્યપણાવાળું કર્મ ઉપાર્જે છે, બાંધે છે.

● **तं निंदे तं च गरिहामि** - તેની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું અને તેની ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. *(સાધુની રાગ કે દ્વેષથી જે ભક્તિ કરી, તેની નિંદા અને ગર્હા કરું છું.)*

**૦ આ ગાથા-૩૧નો બીજો અર્થ अर्थदीपिका વૃત્તિ મુજબ –**

સુખી અથવા દુઃખી એવા "અસંયત" એટલે કે પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ એ પાંચ પ્રકારના શિથીલાચારી સાધુઓને મેં જે રાગથી કે દ્વેષથી ભક્તિ કરી હોય તેની હું નિંદા અને ગર્હા કરું છું.

– અથવા "અસંયત"નો અર્થ એમ સમજવો કે, છ જીવનિકાયના વધવાળા બાવા, સાંઈ, સંન્યાસી, ફકીર આદિ કુલીંગીઓને વિશે રાગથી અર્થાત્ એક ગામ, દેશ કે ગોત્ર આદિના પ્રેમથી અથવા દ્વેષથી અર્થાત્ તેઓમાં શ્રી જિનવચનની પ્રત્યનિકતા - વિપરીતતા આદિ જોવાથી તેઓ પ્રત્યે થયેલ દ્વેષથી મેં જે કાંઈ દાન કર્યું હોય તેની હું નિંદા કરું છું, ગર્હા કરું છું.

૦ **હવે ગાથા-૩૨માં** અતિથિ સંવિભાગને આશ્રીને કરવા યોગ્ય કૃત્ય ન થવા પામ્યું હોય, તેની નિંદા અને ગર્હા જણાવાય છે.

"પડિલાભવા યોગ્ય આહારાદિ હોવા છતાં પણ તપ, ચારિત્ર અને ક્રિયાવંત મુનિરાજોમાં તેનો સંવિભાગ ન કર્યો હોય તે મારા દુષ્કૃતની હું નિંદા કરું છું - ગર્હા કરું છું.

● **साहुसु** - સુવિહિત સાધુઓને વિશે.

– 'સાધુ' શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧ "નવકારમંત્ર", સૂત્ર-૧૫ "જાવંત કે વિ."માં આવેલી જ છે. તે જોવી. વિશેષ એ કે વંદિત્તુ સૂત્રની આ ગાથામાં જ આગળ - "સાધુ" શબ્દની ઓળખ આપતા કહ્યું છે કે, "તવ, ચરણ, કરણ,

જુત્તેસુ" અર્થાત્ તપ-ચરણ અને કરણથી યુક્ત એવા સાધુ (ને વિશે-)

● **संविभाग** - સંવિભાગ, વહોરાવવું તે, દાનનો ભાગ.

– આ શબ્દનો અર્થ અતિથિ સંવિભાગમાં જોવો.

● **न कओ** - ન કર્યો હોય.

– સાધુઓને દાન ન આપ્યું કે વહોરાવ્યું ન હોય.

○ *સાધુ કેવા ? હવેના શબ્દોમાં સાધુના ત્રણ લક્ષણો કહ્યા છે.*

● **तव-चरण-करण जुत्तेसु** - તપ, ચરણ, કરણથી યુક્ત સુપાત્ર એવા સાધુઓ કેવા પ્રકારના હોય ? તે જણાવ્યું–

(૧) જે સાધુઓ અનશનાદિ બાર પ્રકારના તપથી યુક્ત હોય.

(૨) જે સાધુ ચરણ સિત્તરીના પાલનકર્તા હોય.

(૩) જે સાધુ કરણ સિત્તરીના પાલનકર્તા હોય.

*(અહીં પ્રથમ લક્ષણ "તપ" કહ્યું છે. પછીના ચરણસિત્તરી લક્ષણમાં 'તપ'નો સમાવેશ થાય છે, છતાં તેનો અલગ નિર્દેશ એટલા માટે કર્યો છે કે, "તપ એ નિકાચિત કર્મોને દૂર કરવાનું પ્રબળ સાધન છે.)*

**○ તપની વ્યાખ્યા :-**

*(* નાણંમિ દંસણંમિ સૂત્ર-૨૮માં વિસ્તારથી તપ અને તેના બાર ભેદોની વ્યાખ્યા કરેલી જ છે, તે જોવી.)*

– 'સાધુ' શબ્દનો એક પર્યાય છે - "શ્રમણ" છે. શ્રમણ શબ્દનો આગમોમાં તપસ્વી એવો અર્થ કર્યો જ છે. તેથી સાધુ તપસ્વી જ હોય. ઓછામાં ઓછું 'સાધુ' રાત્રિભોજન ત્યાગ અને નવકારસી પ્રત્યાખ્યાન કરે છે, તેટલે અંશે તો તપસ્વી છે જ. વળી કેવળ દેહને ધારણ કરવા માટે અરિહંત પરમાત્મા દ્વારા પ્રરૂપિત નિરવદ્ય એવી ગૌચરી (આહાર-પાણી)થી અર્થાત્ નિર્દોષ વૃત્તિથી પોતે આજીવિકા ચલાવે છે, માટે પણ તેમને તપસ્વી કહ્યા છે. વળી અનશન આદિ બારે પ્રકારના તપમાં રત હોય છે. એ બાર પ્રકારે તપનું આચરણ કરતા હોવાથી તેઓ 'સુપાત્ર' કહેવાય છે.

આ બાર પ્રકારના તપના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. તે પ્રત્યેકના છ-છ ભેદો છે. તે આ પ્રમાણે–

(૧) બાહ્યતપમાં - (૧) અનશન, (૨) ઉણોદરી, (૩) વૃત્તિ સંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા - એ છ ભેદ છે.

(૨) અભ્યંતર તપમાં – (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ - એ છ ભેદ છે.

આ બારે ભેદોનું વિસ્તૃત વર્ણન સૂત્ર-૨૮માં જોવું.

(૧) અનશન - નવકારશી આદિ પચ્ચક્ખાણથી થાય છે.

(૨) ઉણોદરી - વિહાર આદિમાં અપૂરતી ગૌચરીથી ચલાવે છે.

(૩) વૃત્તિસંક્ષેપ - આહાર, વસ્ત્ર, પાત્ર જેટલા મળે તેનાથી સંતુષ્ટ રહે છે.

(૪) રસત્યાગ - ગૌચરીમાં જેવું મળે તેવું વાપરે છે.
(૫) કાયક્લેશ - ખુલ્લાપગે વિચરણ, લોચ આદિ કર્તવ્યો પાળે છે.
(૬) સંલીનતા - નિત્ય ક્રિયા, પ્રતિક્રમણાદિથી આ તપ સાધે છે.
(૭) પ્રાયશ્ચિત્ત - દોષોની આલોચના, નિંદા, ગર્હાદિ કરે છે.
(૮) વિનય - વડીલોને વંદનાદિ વિધિ થકી સાચવે છે.
(૯) વૈયાવચ્ચ - ગ્લાન, વૃદ્ધ આદિ સાધુની ભક્તિ કરે છે.
(૧૦) સ્વાધ્યાય - નવો અભ્યાસ, પુનરાવર્તનાદિ દ્વારા ચાલુ હોય છે.
(૧૧) ધ્યાન - ધર્મધ્યાન આદિમાં જીવન પસાર કરે છે.
(૧૨) ઉત્સર્ગ - કાયા વગેરેના મમત્ત્વને ત્યાગીને જીવે છે.

— આ તો સંક્ષેપમાં સાધુ દ્વારા થતા તપાચારણનો માત્ર સામાન્ય નિર્દેશ કર્યો છે. બારે ભેદો વિશે વિસ્તારથી જાણવા માટે સૂત્ર-૨૮ "નાણંમિ-દંસણંમિ" જોવું.

**૦ चरण-'ચરણસિત્તરી'નો નામ નિર્દેશ –**

સાધુઓની ચરણસિત્તરીમાં ૭૦ બાબતોનો સમાવેશ થાય છે. તેની પૂર્વાચાર્ય રચિત ગાથામાં આ પ્રમાણે નિર્દેશ છે—

૫-મહાવ્રત, ૧૦-શ્રમણધર્મ, ૧૭-સંયમ, ૧૦-વૈયાવચ્ચ, ૯-બ્રહ્મચર્ય ગુપ્તી, ૩-જ્ઞાનાદિ ત્રિક, ૧૨-તપ, ૪-ક્રોધાદિ કષાયનો નિગ્રહ, એમ ૭૦ પ્રકારે ચરણના ભેદો કહ્યા છે.

—૦ પાંચ મહાવ્રતો આ પ્રમાણે છે—
(૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત, (૨) મૃષાવદ વિરમણ વ્રત,
(૩) અદત્તાદન વિરમણ વ્રત, (૪) મૈથુનવિરમણ વ્રત,
(૫) પરિગ્રહ વિરમણ વ્રત.

-૦ દશ પ્રકારે શ્રમણધર્મ આ પ્રમાણે છે—
(૧) ક્ષમા, (૨)માર્દવ-મૃદુતા, (૩) આર્જવ-સરળતા,
(૪) નિર્લોભતા, (૫) તપ (૬) સંયમ, (૭) સત્ય,
(૮) શૌચ, (૯) અકિંચનતા, (૧૦) બ્રહ્મચર્ય.

-૦ સત્તર પ્રકારે સંયમ આ પ્રમાણે છે—

(૧) હિંસા, મૃષા, સ્તેય (ચોરી), મૈથુન (અબ્રહ્મ), પરિગ્રહ એ પાંચ પ્રકારના આશ્રવોથી વિરમવું - તે પાંચ ભેદ.

(૨) સ્પર્શના, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ પ્રકારની ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો - તે પાંચ ભેદ.

(૩) ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયોનો જય કરવો.
(૪) મન, વચન, કાયા એ ત્રણ દંડોથી વિરતી.

-૦ સત્તર પ્રકારે સંયમની ગણના બીજી રીતે :-
(૧) પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ - એ પાંચનો સંયમ.

(૨) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય - એ ત્રણનો સંયમ.
(૩) પંચેન્દ્રિય સંયમ, (૪) અજીવ સંયમ
(૫) પ્રેક્ષાસંયમ - દૃષ્ટિ વડે સ્થાનાદિની પ્રમાર્જના કરવી.
(૬) ઉપેક્ષા સંયમ - અસંયમીઓની ચિંતા ન કરવી.
(૭) પ્રમાર્જના સંયમ - ગૃહસ્થના દેખતા પગ ન પ્રમાર્જવા.
(૮) પારિષ્ઠાપનાસંયમ - વિધિપૂર્વક સર્વ વસ્તુ પરઠવવી.
(૯) યોગસંયમ, મન, વચન, કાયાના યોગોમાં સંયમ આ પ્રમાણે પ્રાણીની દયા રૂપ ૧૭ પ્રકારે સંયમ જાણવો.

-૦ દશ પ્રકારે વૈયાવચ્ચ કહી છે. તે આ પ્રમાણે–
(૧) આચાર્યની, (૨) ઉપાધ્યાયની, (૩) સ્થવિરની,
(૪) તપસ્વીની, (૫) ગ્લાનની (૬) શૈક્ષની
(૭) સાધર્મિકની (૮) કુળની (૯) ગણની
(૧૦) સંઘની - સેવા, ભક્તિ આદિ કરવા તે.

-૦ નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ છે. તે આ પ્રમાણે–
(૧) સ્ત્રી, પશુ, નપુંસક રહેતા હોય તેવા સ્થાનમાં ન રહેવું.
(૨) સ્ત્રી કથા ન કરવી (૩) સ્ત્રીના આસને ન બેસવું.
(૪) સ્ત્રીના અંગ-ઉપાંગ સરાગ દૃષ્ટિએ નીરખવા નહીં.
(૫) સ્ત્રી-પુરુષનું જોડલું હોય ત્યાં ભીંતને અંતરે ન રહેવું.
(૬) સ્નિગ્ધ આહાર ન લેવો (૭) અતિ આહાર ન લેવો.
(૮) પૂર્વ કામક્રીડા ન સંભારવી (૯) શ્રૃંગાર ન કરવો

-૦ જ્ઞાનાદિ ત્રિક-આરાધના
(૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્રની આસેવના

-૦ બાર પ્રકારના તપનું સેવન કરવું
– તેની વ્યાખ્યા પહેલાં જ કહેવાઈ ગઈ છે.

-૦ ચાર પ્રકારના કષાયનો નિગ્રહ કરવો.
(૧) ક્રોધ, નિગ્રહ કરવો, (૨) માન નિગ્રહ કરવો,
(૩) માયાનિગ્રહ કરવો, (૪) લોભનિગ્રહ કરવો.
આ રીતે ચરણ સિત્તરી ધર્મથી યુક્ત એવા સાધુ.

**૦ करण કરણસિત્તરીનો નામ નિર્દેશ :-**

કરણ સિત્તરી વિષયક પૂર્વાચાર્ય રચિત ગાથા આ પ્રમાણે છે– ૪-પિંડવિશુદ્ધિ, ૫-સમિતિ, ૧૨-ભાવના, ૧૨-પ્રતિમા, ૫-ઇન્દ્રિય નિરોધ, ૨૫-પડિલેહણાં, ૩-ગુપ્તિ, ૪-અભિગ્રહ એ સર્વે મળીને ૭૦ ભેદે ક્રિયાનો નિર્દેશ કરાયો છે તે આ પ્રમાણે–

-૦ ચાર પ્રકારે પિંડવિશુદ્ધિ જાળવવી–
(૧) આહાર, (૨) શય્યા, (૩) વસ્ત્ર અને (૪) પાત્ર

એ ચાર અકલ્પનીયનો ત્યાગ કરી, કલ્પનીય જ ગ્રહણ કરવા.

-૦ પાંચ પ્રકારે સમિતિનું પાલન કરવું.

(૧) ઇર્યાસમિતિ, (૨) ભાષા સમિતિ,
(૩) એષણા સમિતિ, (૪) આદાન-નિક્ષેપ સમિતિ,
(૫) પારિષ્ઠાપનિકા સમિતિ - એ પાંચનું પાલન કરવું.

-૦ બાર પ્રકારે ભાવનાઓ ભાવવી–

(૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના,
(૩) એકત્વ ભાવના, (૪) અન્યત્વ ભાવના,
(૫) સંસાર ભાવના, (૬) અશુચિત્વ ભાવના,
(૭) આશ્રવ ભાવના, (૮) સંવર ભાવના,
(૯) નિર્જરા ભાવના, (૧૦) લોકસ્વરૂપ ભાવના,
(૧૧) બોધિ દુર્લભ ભાવના, (૧૨) ધર્મ સ્વાખ્યાત ભાવના

-૦ બાર પ્રકારે ભિક્ષુપ્રતિમાને ધારણ કરવી–

(૧) પહેલી એક માસિકી (૨) બીજી બે માસિકી
(૩) ત્રીજી ત્રણ માસિકી (૪) ચોથી ચાર માસિકી
(૫) પાંચમી પાંચ માસિકી (૬) છટ્ઠી છ માસિકી
(૭) સાતમી સાત માસિકી (૮) પ્રથમ સાત અહોરાત્રની
(૯) બીજી સાત અહોરાત્રની (૧૦) ત્રીજી સાત અહોરાત્રની
(૧૧) એક દિવસની (૧૨) એક રાત્રિની.

-૦ પાંચ પ્રકારે ઇન્દ્રિય નિરોધ–

(૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ, (૪) ચક્ષુ, (૫) શ્રોત્ર.
એ પાંચે ઇન્દ્રિયોનો નિરોધ કરવો - અશુભમાં ન પ્રવર્તાવવી.

-૦ પચીશ પ્રકારે પડિલેહણા કરવી –

(૧) દૃષ્ટિ પડિલેહણા, (૨) છ પ્રસ્ફોટક-પખોડાં
(૩) નવ આસ્ફોટક-અખોડા (૪) નવ પ્રસ્ફોટક-પખોડાં

એ સર્વે મળીને મુહપત્તિની પચ્ચીશ પડિલેહણાં છે, જેનો વિધિ ગુરુગમથી જાણી અને અભ્યાસથી સિદ્ધ કરવો.

-૦ ત્રણ પ્રકારે ગુપ્તિનું પાલન કરવું.

(૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ, (૩) કાયગુપ્તિ.
આ રીતે મન, વચન, કાયાના અશુભ યોગનું ગોપન કરવું.

-૦ ચાર પ્રકારે અભિગ્રહો ધારણ કરવા.

(૧) દ્રવ્ય-અભિગ્રહ, (૨) ક્ષેત્રઅભિગ્રહ,
(૩) કાળ-અભિગ્રહ, (૪) ભાવ અભિગ્રહ

**આ પ્રમાણે સાધુને** બાર પ્રકારના તપ, ૭૦ પ્રકારના સંયમ અને ૭૦ પ્રકારની ક્રિયાથી યુક્ત જાણવા તે ''તવ, ચરણ, કરણ, જુત્તેસુ''.

● **संते फासु-अ-दाणे** - સૂત્રકાર મહર્ષિ આ ૩૨મી ગાથાના ત્રીજા ચરણમાં પદો જણાવે છે. તેમાં 'संते' શબ્દ પછીના 'फासुअदाणे' પદનો વિગ્રહ બે પ્રકારે જોવા મળે છે. (૧) फासु અને अदाणे તથા (૨) फासुअ અને दाणे. અર્થની દૃષ્ટિએ "દાન ન આપ્યુ" તેવો અર્થ બધામાં સરખો જ કર્યો છે. વળી અર્થદીપિકા નામક શ્રી રત્નશેખરસૂરિ રચિત વૃત્તિમાં फासु-अदाणे એવો પદ વિગ્રહ છે જ. તેથી અમે પહેલા પદ વિગ્રહને સ્વીકાર્યો છે.

○ संते - વિદ્યમાન હોવા છતાં, પાસે હોવા છતાં.

○ फासु - પ્રાસુક, અચિત્ત, નિર્જીવ, નિર્દોષ.

– પ્રાસુક એટલે જેમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે, જે જીવરહિત છે તેવી અચિત્ત કે નિર્જીવ વસ્તુને પ્રાસુક કહેવાય છે.

– શાસ્ત્રમાં પણ તેની વ્યાખ્યા કરતા કહેવાયું છે કે, જે દ્રવ્ય નિર્જીવ હોય, જે દ્રવ્ય જંતુઓ વડે મિશ્ર ન હોય, તેને જીવાજીવ વિશારદોએ "પ્રાસુક" એ પ્રમાણે કહેલ છે.

○ વાક્યાર્થ - સાધુને પડિલાભવા યોગ્ય - વહોરાવવા યોગ્ય આહાર આદિ (અશન, પાન, ખાદિમ, સ્વાદિમ) હોવા છતાં "એ પ્રમાણે "સંત ફાસુ અ દાણે" વાક્યનો અર્થ સમજવો.

● **तं निंदे तं च गरिहामि** - હું તેની નિંદા કરું છું, ગર્હા કરું છું.

આ ગાથામાં - મૂળ તો છતી શક્તિએ અતિથિ સંવિભાગ અર્થાત્ સુપાત્ર દાન ન કર્યું હોય તેની નિંદા અને ગર્હા કરેલ છે.

આ વાતને જણાવવા માટે સૂત્રમાં ત્રણ બાબતો જણાવી છે.

(૧) વહોરાવવા યોગ્ય પ્રાસુક (અચિત્ત) આહારાદિ પાસે હોવા છતાં

(૨) તપ-ચારિત્ર અને ક્રિયાવંત સાધુ ભગવંતનો યોગ મળવા છતાં

(૩) મેં સંવિભાગ ન કર્યો અર્થાત્ દાન ન આપ્યું.

એવા મારા પ્રમાદાચરણની હું આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું.

○ **હવે ગાથા ૩૩માં** સંલેખના સંબંધી પાંચ અતિચારો કહે છે–

(૧) ઇહલોક આશંસા પ્રયોગ, (૨) પરલોક આશંસા પ્રયોગ,

(૩) જીવિત આશંસા પ્રયોગ, (૪) મરણ આશંસા પ્રયોગ,

(૫) કામભોગ આશંસા પ્રયોગ.

○ **ગાથાની ભૂમિકા :-**

આ ગાથામાં પ્રત્યક્ષરૂપે ક્યાંય "સંલેહણા" ("સંલેખના")શબ્દ નોંધાયો નથી. પણ વૃત્તિકાર મહર્ષિના જણાવ્યા મુજબ તથા "પાક્ષિકઅતિચાર"ના વર્ણનો મુજબ આ અતિચારોને સંલેખનાના અતિચારો કહ્યા છે. સંલેખના એટલે સારી લેખના. તેનો અર્થ આ પ્રમાણે છે–

સંલેખનામાં મૂળ ધાતુ 'लिख्' છે. અહીં તેનો અર્થ "શોષણનો ભાવ" છે.

'सं' નો અર્થ છે 'સમ્યક્' અથવા સારી રીતે. તેથી જેનાથી સારી રીતે શોષણ થાય તે 'સંલેખના' તપ-ક્રિયા કહેવાય છે. આ શોષણ શરીર અને કષાયો આદિનું કરવાનું હોય છે. તેથી શરીર અને કષાયો વગેરેનું શોષણ કરનારું જે તપ તેને 'સંલેખના' કહેવામાં આવે છે.

पंचवस्तुक ગ્રંથમાં કહ્યું છે કે, (જુઓ ગાથા-૧૩૬૬)

"દેહ અને કષાયો વગેરે નિયમથી પાતળા પાડી દે-કૃશ કરી નાખે, તેવી તપક્રિયાને જિનવરોએ "સંલેખના" કહી છે.

उवासगदसा આગમમાં આ સૂત્રને "અપશ્ચિમ મારણાંતિક સંલેખના" એવા શબ્દોથી ઓળખાવેલ છે.

મરણ સમયે યોગ્ય સમાધિ, મનની સ્થિરતા અને આરાધક ભાવ જળવાઈ રહે તે માટે જ્યારે બળ, વીર્ય, સાહસ, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ અને સંવેગ વિદ્યમાન હોય ત્યારે જ ખાવું-પીવું અર્થાત્ સર્વે આહારનો ત્યાગ કરી દઈને મરણ પર્યન્તનું "અનશન" કરવું તે સંલેખનાનો મુખ્ય હેતુ છે.

**૦ સંલેખનાનો વિધિ :-**

પ્રવચન સારોદ્ધારના દ્વાર-૧૩૪માં શ્લોક ૮૭૫થી ૮૭૭માં જણાવે છે કે, ચાર વર્ષ જુદા-જુદા પ્રકારનો તપ કરે. ચાર વર્ષ વિવિધ તપ વિગઈ-રહિતપણે કરે. બે વર્ષ એકાંતરા આયંબિલ સહ ઉપવાસ કરે. પછી છ મહિના અતિ વિકૃષ્ટ તપ નહીં પણ કંઈક હળવો તપ અને પારણે પરિમિત આયંબિલ કરે. આ પ્રમાણે ક્રમ પૂર્વક બાર વર્ષ સુધી ઉત્કૃષ્ટ સંલેખના કરી પર્વતની ગુફામાં જઈ પાદપોપગમન અનશનને સ્વીકારે.

આગમોક્ત વિધિએ આ સંલેખના ત્રણ પ્રકારની કહી છે.

(૧) ઉત્કૃષ્ટ સંલેખના - પહેલા ચાર વર્ષ વિવિધ પ્રકારનો કઠોર તપ કરે એટલે ચાર વર્ષ સુધી ક્યારેક ઉપવાસ, ક્યારેક છટ્ઠ ક્યારેક અટ્ઠમ, ક્યારેક ચાર-પાંચ ઉપવાસ કરે, પારણામાં ઉદ્ગમ વગેરે દોષો રહિત મનોઈચ્છિત આહાર વાપરે.

તે પછી બીજા ચાર વર્ષ ઉપર મુજબ ઘોર વિવિધ પ્રકારનો તપ કરે અને પારણામાં વિગઈ રહિત આહાર વાપરે એટલે કે ઉત્કૃષ્ટ રસના ત્યાગપૂર્વકની નિવિ કરે.

તે પછી બીજા બે વર્ષ સુધી એકાંતર આયંબિલ કરે તેમાં આંતરામાં ઉપવાસ કરે, પારણે આયંબિલ કરે. આ પ્રમાણે કુલ દશ વર્ષ પૂરા થાય.

પછી અગિયારમાં વર્ષમાં પહેલા છ મહિનામાં અતિગાઢ તપ ન કરે એટલે ઉપવાસ કે છટ્ઠ કરે પણ અટ્ઠમ વગેરે તપ ન કરે. પારણામાં પરિમિત આયંબિલ એટલે ઉણોદરીપૂર્વક આયંબિલ તપ કરે. તે પછી બીજા છ મહિનામાં વિકૃષ્ટ એટલે અટ્ઠમ, દશમભક્ત, દ્વાદશભક્ત વગેરે કઠોર તપ કરે. પારણામાં ઉણોદરી તપ ન કરતા સંપૂર્ણ પેટ ભરીને આયંબિલ કરે.

બારમા વર્ષમાં કોટિસહિત નિરંતર આયંબિલ કરે. (જો કે બારમા વર્ષે શું કરવું ? તે બાબત અનેક મત-મતાંતરો છે.)

આ પ્રમાણે બાર વર્ષની ઉત્કૃષ્ટ સંલેખના કરી પર્વતની ગુફામાં જઈને એટલે ઉપલક્ષણથી બીજી પણ જે, છ જીવનિકાયની વિરાધના વગરનું એકાંત સ્થાન હોય, ત્યાં જઈને પાદપોપગમન અથવા ભક્તપરિજ્ઞા અથવા ઇંગિની મરણને સ્વીકારે.

(૨) મધ્યમ સંલેખના :-

ઉપરોક્ત રીતે જ બાર મહિને સંલેખના તપ કરવો તેને મધ્યમ સંલેખના કહી છે.

(૩) જઘન્ય સંલેખના :-

ઉપરોક્ત રીતે જ બાર પખવાડીયે એટલે છ મહિને જે સંલેખના તપ કરવો તેને જઘન્ય સંલેખના કહી છે.

**૦ આ તપના મુખ્ય અધિકારી તથા એક દૃષ્ટાંત :-**

વૃદ્ધાવસ્થાને કારણે, રોગાદિકને લીધે કે પ્રબળ વૈરાગ્યથી "સંલેખના" કરવાની ઇચ્છા થાય ત્યારે શક્તિ-સંયોગો જોઈને પહેલા તિવિહારો કે ચોવિહારો 'સંલેખના તપ" કરવામાં આવે છે. આ તપ સ્વીકાર્યા પછી મનના ભાવો નિર્મળ રહે તેવા જ પ્રયાસો કરવાના હોય છે. પૂર્વે જેણે શરીરની બધી ધાતુઓનું તથા ગારવ આદિ માનસિક ભાવોનું શોષણ કર્યું હોય છે, તે જ આ તપ ક્રિયાના મુખ્ય અધિકારી છે.

– **લઘુ દૃષ્ટાંત :-** કોઈ એક ગચ્છમાં એક મુનિએ સંથારો-સંલેખના સ્વીકારી. અપ્રમત્ત ભાવે આરાધના કરતા તેઓ સમાધિ મૃત્યુને પામ્યા. તેમની ઋદ્ધિ વગેરે જોઈને બીજા એક મુનિને પણ સંલેખના સ્વીકારવાની ઇચ્છા થઈ. ગુરુ મહારાજ પાસે આજ્ઞા માંગી કે, આપની રજા હોય તો હું સંલેખના સ્વીકારી અનશન કરું. ગુરુ મહારાજે કહ્યું કે, હજી આપની યોગ્યતા નથી. પે'લા મુનિએ કઠોર તપ આદર્યું, એમ કરતા કેટલોક કાળ નિગર્મન કર્યો. પછી ફરી ગુરુ મહારાજને કહ્યું કે, મેં શાસ્ત્રોક્ત વિધિ મુજબનો તપ પણ પૂરો કર્યો છે, હવે આપ મને સંલેખના-અનશન કરવાની આજ્ઞા આપો. ફરી પણ ગુરુ મહારાજે તેને આજ્ઞા ન આપી. ફરી તપપૂર્વક કેટલોક કાળ વીતાવી આજ્ઞા માંગી. જ્યારે ત્રીજી વખત સંલેખનાની આજ્ઞા ન આપી તે મુનિરાજે ક્રોધિત થઈને કહ્યું કે, હવે આ શરીરમાં માંસ કે ધાતુ બચ્યા નથી, કંઈ કૌવત રહ્યું નથી, ચામળીઓ લબડી રહી છે, તો પણ આપ મને સંલેખના કરવાની આજ્ઞા કેમ નથી આપતા ? ત્યારે ગુરુ ભગવંતે કહ્યું કે હજી વાર છે. ત્યારે રોષથી તે મુનિએ પોતાની આંગળી વાળીને બટકાવી દેતા કહ્યું કે, હજી શું વાર છે ? ત્યારે ગુરુએ ઉત્તર આપ્યો કે બસ આ જ કારણ - માત્ર શરીર શોષવાથી સંલેખના ન થાય, કષાયોનું પણ શોષણ કરવું જોઈએ.

ત્યારે બોધ પામેલા મુનિએ પોતાના કષાયો, ગારવો આદિનો ત્યાગ કર્યો. પછી સંલેખના સ્વીકારી સ્વર્ગે ગયા.

હવે ગાથાના શબ્દો અનુસાર વિવેચન કરીએ છીએ–

● **इहलोए** - આ લોકને વિશે, મનુષ્યલોક સંબંધી.

– આ પદની સાથે 'आसंसपओगे' શબ્દ જોડવાનો છે.

– 'ઇહલોક' એટલે અહીં આવેલો લોક, મનુષ્યલોક.

– ઉર્ધ્વલોક ઉપર છે, અધોલોક નીચે છે. તેથી 'ઇહલોક' શબ્દથી મનુષ્યલોકનું જ ગ્રહણ કરાય છે.

– आसंसापओग એટલે ઇચ્છાનો વ્યાપાર કે પ્રવૃત્તિ.

સંલેખનાનો તપ સ્વીકાર્યા પછી મનમાં એવી ઇચ્છા કરવી કે હું મરણ બાદ આ મનુષ્યલોકમાં પરભવને વિશે હું મનુષ્ય થઉં, રાજા થાઉં કે શ્રેષ્ઠી આદિ થાઉં ઇત્યાદિ ઇચ્છારૂપ જે પ્રયોગ-મન આદિનો વ્યાપાર-તે પહેલો અતિચાર છે.

● **पर लोए** - પરલોકને વિશે, પછીના ભવને વિશે.

– આ પદ સાથે પણ 'आसंसपओगे' શબ્દને જોડવાનો છે.

– સંલેખના તપનો સ્વીકાર કર્યા પછી મનમાં એવી ઇચ્છા રાખવી કે, હું અહીંથી મરીને દેવ થાઉં, વિમાનોનો અધિપતિ ઇન્દ્ર થાઉં ઇત્યાદિ ઇચ્છારૂપ જે પ્રયોગ-મન આદિનો વ્યાપાર-તે સંલેખના સંબંધી બીજો અતિચાર છે.

● **जीविअ** - જીવિત-જીવનને વિશે.

– આ પદ સાથે પણ 'आसंसपओगे' પદને જોડવાનું છે.

– જીવન કે પ્રાણધારણ તે જીવિત. સંલેખના તપનો સ્વીકાર કર્યા પછી એવી ઇચ્છા રાખવી કે આ અવસ્થામાં હું વધારે વખત જીવું તો ઠીક. જેથી પ્રાપ્ત થઈ રહેલાં સત્કાર, સન્માન, ઉત્સવો આદિ લાંબો સમય ચાલે અને લોકોમાં મારી વધારે કીર્તિ થાય, તે જીવિતાશંસા પ્રયોગ નામે ત્રીજો અતિચાર.

– અનશન કરેલ કોઈ શ્રાવકને ચાલુ ભવમાં જ અધિક જીવવાની ઇચ્છારૂપ વ્યાપાર. વિવિધ મહોત્સવો, અગણિત સત્કાર-સન્માન, વિશિષ્ટ બહુમાન, સાધર્મિક દ્વારા થતી પ્રશંસા એ બધું જોઈને વધુ જીવવાની ઇચ્છા કરવી તે.

● **मरणे** - મૃત્યુ કે મરણના વિશે.

– અવસાન કે મૃત્યુ તે મરણ. સંલેખના તપ સ્વીકાર્યા પછી ક્ષેત્રની કર્કશતાના કારણે, પૂજા-સન્માન આદિના અભાવે, ક્ષુધા વગેરેની પીડા અસહ્ય બનવાથી ઇત્યાદિ કારણે એવો વિચાર કરે કે હવે મારું મરણ જલ્દી થાય તો સારું - એ મરણઆશંસા નામનો ચોથો અતિચાર છે.

● **अ** - અને. સામાન્યથી સમુચ્ચય કરવા વપરાય છે, પણ અહીં 'अ' પદથી "કામભોગ" શબ્દનું ગ્રહણ કરાયું છે.

– 'કામભોગ' સાથે પણ आसंसपओग શબ્દ જોડવાનો છે.

– સંલેખના તપનો સ્વીકાર કર્યા પછી યોગ્ય પૂજા-સત્કારના અભાવે કે ક્ષુધા આદિ દુઃખથી પીડિત થઈને એવી ઇચ્છા કરવી કે વહેલો કે મોડો હું દેવલોકમાં કે મનુષ્યલોકમાં ગમે ત્યાં ઉત્પન્ન થાઉં પણ ત્યાં મને ઇચ્છિત કામ અને ભોગની

પ્રાપ્તિ થાઓ - તો તે કામભોગ આશંસા નામે પાંચમો અતિચાર છે.

— उपासकदसा નામના સાતમાં આગમસૂત્રમાં સંલેખના તપના જે પાંચ અતિચારો કહ્યા છે — તેમાં તો પાંચમાં અતિચારમાં 'કામભોગાસંસપ્પઓગ' નામે સ્પષ્ટ શબ્દોલ્લેખ છે.

● **आसंस-पओगे** - ઇચ્છા કરવારૂપ મનોવ્યાપાર.

— आ + शंस् પરથી 'आशंसा' શબ્દ બન્યો છે. 'આશંસા' એટલે નહીં મળેલી વસ્તુ મેળવવાની ઇચ્છા. તેને આશા કે આકાંક્ષા પણ કહે છે અને 'पओग' એટલે પ્રયોગ. અર્થાત્ ક્રિયા અથવા મન આદિનો વ્યાપાર કે પ્રવૃત્તિ.

○ **લઘુ દૃષ્ટાંત** - બ્રહ્મદત્ત ચક્રવર્તી પોતાના પૂર્વભવમાં એક મુનિ-સાધુ હતા. ઉત્કૃષ્ટ તપને અંગીકાર કરીને વિચરતા હતા. ચાંડાલપણાને પામવા છતાં તે આત્માએ ક્રમશઃ પોતાને ઉર્ધ્વસ્થાને પહોંચાડી સાધુપણાની પ્રાપ્તિ કરેલી. અંત સમયની આરાધનામાં રત એવા મુનિને ક્ષમાપના પૂર્વક વંદના કરવા માટે સનત્કુમાર ચક્રવર્તી આવે છે. ચક્રવર્તી પોતાના સર્વ પરિવાર સાથે આવેલો હતો. સર્વે અંતેઉર પણ સાથે જ હતું. જ્યારે બધાં વંદન કરી રહ્યા હતા ત્યારે તે મુનિને ચક્રવર્તીના સ્ત્રીરત્નના વાળની લટનો સ્પર્શ થયો. જ્યારે ચક્રવર્તીના સ્ત્રીરત્નની લટ સરકીને કાયોત્સર્ગ મગ્ન મુનિને સ્પર્શી ત્યારે તે એટલા બધાં રોમાંચિત થઈ ગયા કે તેને એવા ઉત્તમ ભોગની ઇચ્છા જાગી. તે મુનિએ નિયાણું કર્યું કે મારા તપ અને ચારિત્રનું જો કોઈ ફળ હોય તો હું ભવાંતર આવા ઉત્તમ ભોગને પામું. મુનિ ભવાંતરે ચક્રવર્તીપણાને પામ્યા અને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા.

આ પ્રમાણે પરભવને વિશે કંઈક મેળવવાની ઇચ્છા કે આશા થવી તે ''આશંસાપ્રયોગ''. કોઈપણ ધર્માનુષ્ઠાનમાં આલોક અને પરલોકનાં સુખની આકાંક્ષા સર્વથા વર્જનીય સમજવી. કેમકે કદાચ પુન્યના ઉદયે ઇચ્છાની પૂર્તિ થઈ પણ જાય, પરંતુ નિદાનના પરિણામે કદાપી તે ભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કે મોક્ષ મળી શકતો નથી. બ્રહ્મદત્ત ચક્રવર્તીની માફક નરક અથવા દુર્ગતિને પામે છે. છેવટે સર્વવિરતિધર બનીને પણ મુક્તિ તો ન જ પામે.

● **पंचविहो अइआरो** - પાંચ પ્રકારના અતિચાર.

— અહીં જે (૧) આલોક સંબંધી આશંસાથી (૫) કામભોગ આશંસા સુધીના કહ્યા તે પાંચ પ્રકારના અતિચારો અર્થાત્ સંલેખના વ્રતના ઉલ્લંઘન કે અતિક્રમણ દોષો જાણવા.

● **मा मज्झ हुज्ज मरणंते** - મરણ સમયે મને આ (પાંચમાંથી પણ એક પણ ઇચ્છા) ન હોજો.

— સંલેખના તપ-ક્રિયા કરતાં પાંચમાંથી એક પણ અતિચાર મને ન લાગે, એવા મનોરથ આ ''मा हुज्ज'' શબ્દથી વ્યક્ત કરાયાછે.

○ मा - ન, નહીં　　　　मज्झ - મને, મારે

○ हुज्ज - હોજો　　　　मरणंते - મરણ સમયે

– એ પાંચ પ્રકારની ઇચ્છાઓને લીધે નીપજતા અતિચારો મને મરણના છેલ્લા શ્વાસોચ્છ્વાસ પર્યન્ત પણ લાગવા ન પામો. અહીં સંલેખના વ્રતને આશ્રીને આ અતિચારો કહ્યા તે તો માત્ર ઉપલક્ષણથી કહ્યા છે. ખરેખર તો કોઈપણ ધર્માનુષ્ઠાન આલોકના કે પરલોકના અર્થે આચરવું નહીં, યશઃકીર્તિ પ્રશંસાદિ માટે કરવું નહીં, પણ કેવળ જિનેશ્વર દેવો દ્વારા પ્રરૂપિત હેતુ સિવાયના અન્ય કોઈપણ હેતુઓથી ધર્માનુષ્ઠાન આચરવું નહીં.

**અત્યાર સુધીમાં જે અતિચારોનું** વર્ણન કર્યું તે સર્વે અતિચાર મન, વચન, કાયાના અશુભ યોગથી ઉપજે છે. માટે **હવેની ૩૪મી ગાથામાં** જે યોગથી જે અતિચારો થયા હોય તે અતિચારોની પ્રતિક્રમણા તે યોગથી કરવાનું વિધાન કરે છે.

● **काएण काइअस्स** - કાયા વડે કાયિક અતિચારોનું.

– કાયા થકી થયેલા અતિચારોને કાયાથી (પ્રતિક્રમું છું)

– હવે પછી આવતો "પડિક્કમે" શબ્દ ત્રણે પ્રકારના અતિચારો સાથે સંબંધ ધરાવે છે.

– કાયાથી વધ બંધનાદિ કર્યુ તે કાયિક, કાયાના યોગથી થયેલા અતિચાર. આવા અતિચારને कायेण - કાયાથી એટલે કે ગુરુમહારાજે આપેલ બાહ્યતપ કે કાઉસ્સગ્ગ જેવા અભ્યંતર તપ આદિ પ્રાયશ્ચિત્તમાં કાયાને જોડીને તે "કાયિક અતિચારોને કાયાથી" (પ્રતિક્રમું છું તેમ સમજવું.)

– અશુભકાય યોગને સ્થાને તપ અને કાયોત્સર્ગ આરાધના.

– જેમ **દૃઢપ્રહારી**એ પોતાની કાયા વડે ગાય, બાળક, સ્ત્રી અને બ્રાહ્મણની હત્યા કરેલી, તે પૂર્વે પણ અનેક હત્યાઓ કરી હતી. એ પ્રમાણે તેણે કાયિક અતિચાર (અનાચાર) કર્યો હતો. પશ્ચાત્તાપ થતાં તેણે દીક્ષા લીધી. પોતે કાયા વડે કરેલ હત્યાઓને સ્થાને તે હત્યાઓ યાદ આવ્યા કરે ત્યાં સુધી ચારેય આહારના ત્યાગ કરવાપૂર્વક તે તપમાં છ માસ સુધી કાયાને કાઉસગ્ગમાં સ્થાપીને છેલ્લે મોક્ષપદ પ્રાપ્ત કર્યું. તે કાયા વડે કાયાના અતિચારોનું પ્રતિક્રમણ જાણવું.

● **पडिक्कमे** - પ્રતિક્રમું છું, પ્રતિક્રમણ કરું છું.

– આ શબ્દની વ્યાખ્યા વિશે ગાથા-૧માં જણાવેલ છે.

– આ ક્રિયાપદ કાયા, વચન, મન એ ત્રણેના અતિચારોને "પ્રતિક્રમવા" માટે પ્રયોજાયેલ છે. તેથી તેનો ત્રણે સાથે સંબંધ જોડવો.

● **वाइअस्स वायाए** - વાચા વડે વાચિક અતિચારોનું.

– વચન વડે થયેલા અતિચારોને વચનથી (પ્રતિક્રમું છું)

– સહસા અભ્યાખ્યાન અર્થાત્ વિચાર્યા વિના કોઈને શીઘ્રપણે "તું ચોર છે - તું લંપટ છે" ઇત્યાદિ પ્રકારે ખોટું આળ દેવું વગેરે વચનથી કર્યું હોય તે વાચિક. આવા વાચિક અતિચારોને વચન વડે પ્રતિક્રમવા તે"વાઇઅસ્સ વાયાએ" કહેવાય.

– અશુભ વચન યોગને સ્થાને 'મિથ્યાદુષ્કૃતાદિ' વચનનો વ્યવહાર કરવો તે,

વાચા વડે વાચાનું પ્રતિક્રમણ.

કોઈ વખતે ભગવંત મહાવીરની આજ્ઞાથી **ગૌતમસ્વામી** આનંદ શ્રાવકને ત્યાં પધારેલા. તે વખતે અનશન તપધારી આનંદ શ્રાવકે ગૌતમસ્વમીને કહ્યું કે, લવણ સમુદ્રની પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ એ ત્રણે દિશએ ૫૦૦-૫૦૦ યોજન સુધી તથા ઉત્તર દિશામાં હિમવંત પર્વત સુધીનું તેમજ ઉર્ધ્વલોકમાં સૌધર્મકલ્પ સુધીનું અને અધોલોકમાં રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસના લોલુપનામા પ્રતર સુધીનું અવધિજ્ઞાન મને ઉત્પન્ન થયું છે. એ કથન સાંભલીને ગૌતમસ્વામીએ એકાએક કહ્યું કે, ગૃહસ્થને આટલું મોટું અવધિજ્ઞાન ન થાય, માટે એ અસદ્ વાદની આલોચના કરો. ત્યારે આનંદશ્રાવકે કહ્યું કે, હે પ્રભો ! સત્ વસ્તુ કહેવામાં શું આલોચના હોય ? જો ન હોય તો આપ જ આલોચના કરો.

આ કથન સાંભળી સાશંકિત થયેલા ગૌતમસ્વામીજી ભગવંત મહાવીર પાસે આવ્યા. ભગવંત મહાવીરને પૂછતાં તેમણે આનંદનું કથન સત્ય છે, તેમ જણાવ્યું. આનંદ શ્રાવકને "મિથ્યાદુષ્કૃત્" આપવા કહ્યું. ત્યારે પ્રભુના વચને ગૌતમસ્વામીએ આનંદ શ્રાવક પાસે જઈને તે સ્થાનની આલોચના કરી તેને ખમાવ્યો. એ રીતે વચનથી વચનના અતિચારને પ્રતિક્રમ્યો.

● **मणसा माणसिअस्स** - મન વડે માનસિક અતિચારોનું.

— મન વડે થયેલા અતિચારને મન વડે (પ્રતિક્રમું છું.)

— અશુભ મનોયોગને સ્થાને પાપભીરુતા, પાપ કાર્યોની નિંદા, પશ્ચાત્તાપ વગેરે દ્વારા મન વડે મનનું પ્રતિક્રમણ.

— દેવતત્ત્વ આદિમાં શંકાદિથી માલિન્યતા થવા રૂપ માનસિક. તે માનસિક અતિચારોને "મનથી જ સાતમી નરકને યોગ્ય ઉપાર્જેલ કર્મથી મનથી નિંદા કરતાં ક્ષણવારમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર **પ્રસન્નચંદ્ર રાજર્ષિની** જેમ "હા મેં ખોટું કર્યું" એ રીતે આત્મનિંદાપૂર્વક મનથી તે અતિચારોને પ્રતિકમું છું.

● **सव्वस्स वयाइआरस्स** - સર્વે વ્રતોના અતિચારોનું.

— સઘળાં વ્રતોમાં જે અતિચારો લાગ્યા હોય તેનું.

— એક અપેક્ષાએ સર્વ કોઈ અતિચારો ત્રણ પ્રકારે લાગે છે.

(૧) કાયાના અશુભ વ્યાપારોથી - જેમકે વધ, બંધન, અંગચ્છેદ.

(૨) વચનના અશુભ વ્યાપારોથી - જેમકે સહસાભ્યાખ્યાન આદિ.

(૩) મનના અશુભ વ્યાપારોથી - જેમકે શંકા, કાંક્ષા આદિથી કે ક્રોધ, માન, માયા, લોભ આદિથી.

— આ ત્રણ પ્રકારે કોઈ પણ વ્રતનો કોઈ પણ અતિચાર-દોષ થાય છે.

— આ અશુભ યોગોને સ્થાને પુનઃ શુભ યોગોનું પ્રવર્ત્તન કરવું તે પ્રતિક્રમણ છે.

**હવે ગાથા-૩૫માં** વિશેષ પ્રકારે પ્રતિક્રમણનું કથન છે.

— સમ્યક્ત્વ અને બાર વ્રતમાં તથા સંલેખનામાં જે કોઈ અતિચાર લાગે છે,

તે અતિચારોનો નામ-નિર્દેશ તે-તે ગાથામાં કર્યો, ત્યારપછી આ અતિચારનું સામાન્ય કારણ છે. મન, વચન, અને કાયા. એ વાત જણાવીને તેનું સામાન્યપણે પ્રતિક્રમણ કર્યું. હવે એ ત્રણે યોગનું જ વિશેષપણે પ્રતિક્રમણ જણાવે છે.

– આ ગાથામાં – (૧) વંદન, (૨) વ્રત, (૩) શિક્ષા, (૪) ગૌરવ, (૫) સંજ્ઞા, (૬) કષાય, (૭) દંડ, (૮) ગુપ્તિ અને (૯) સમિતિ.

આ નવ વિષયોમાં કરવા યોગ્ય ન કરવાથી અને ન કરવા યોગ્ય કરવાથી અતિચારો લાગે છે, તેની નિંદા કરાયેલ છે.

– આ નવ વિષયો અંગે ગાથાના શબ્દો અનુસાર વિસ્તારથી વિવેચન હવે અહીં કરી રહ્યા છીએ–

● **वंदण** – વંદન. તેમાં અહીં વૃત્તિકારે બે પ્રકારના વંદનનો ઉલ્લેખ કર્યો છે – (૧) ચૈત્યવંદન અથવા દેવવંદન અને (૨) ગુરુ વંદન. આ બંને વંદનોના પણ દ્રવ્યથી અને ભાવથી બબ્બે ભેદ છે. તેથી કુલ ચાર ભેદ થશે - (૧) દ્રવ્ય ચૈત્યવંદન, (૨) ભાવ ચૈત્યવંદન, (૩) દ્રવ્ય ગુરુવંદન અને (૪) ભાવ ગુરુવંદન.

**દૃષ્ટાંત** – દ્રવ્યથી ચૈત્ય અથવા દેવવંદનમાં પાલકકુમારનું દૃષ્ટાંત છે, જેણે સાક્ષાત્ જઈને ભગવંત અરિષ્ટનેમિને વંદન કરેલું અને ભાવ દેવ (ચૈત્ય) વંદનમાં શાંબકુમારનું દૃષ્ટાંત છે, જેણે ઘેર બેઠાં-બેઠાં જ ભગવંત અરિષ્ટનેમિને વંદન કરેલ.

એ જ રીતે ગુરુવંદનમાં દ્રવ્ય અને ભાવ બે ભેદને જણાવતું દૃષ્ટાંત છે - કૃષ્ણ વાસુદેવ અને વીરક શાળવીનું. તે બંને એ ૧૮૦૦૦ સાધુને વાંદ્યા. પણ કૃષ્ણવાસુદેવે કરેલ ભાવવંદન હતું. જ્યારે વીરક સાળવીએ કેવળ અનુવૃત્તિથી કરેલ દ્રવ્યવંદન હતું.

– ચૈત્યવંદન ભાષ્યમાં દેવવંદનના ૨૦૭૪ બોલ અને ગુરુવંદનભાષ્યમાં ગુરુવંદનના ૪૯૨ બોલ રૂપે જણાવેલ છે.

– વંદન યથા સમય અને યથાવિધિ ન કર્યું હોય તેને નિંદુ છું.

● **वय** - વ્રત. તેમાં વૃત્તિકારે શ્રાવકના બાર વ્રત અને પૌરુષી આદિ પચ્ચક્ખાણોનો સમાવેશ કર્યો છે.

– શ્રાવકના બાર વ્રતોમાં આપણે આ જ વંદિત્તુ સૂત્રમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતો જોઈ ગયા તે.

– પૌરુષી (પોરસી), સાર્ધ પોરસી, પુરિમડ્ઢ, અવડ્ઢ, બીયાસણું, એકાસણું, એકલઠાણું, આયંબિલ આદિ પચ્ચક્ખાણ.

– વ્રતો લીધાં નહીં કે લઈને બરાબર પાળ્યા નહીં અથવા આ વ્રત નિયમોમાં કંઈપણ ભૂલચૂક થઈ હોય તેને નિંદુ છું.

● **सिक्खा** - શિક્ષા. તેના પણ વૃત્તિકાર બે ભેદ કહે છે.

(૧) ગ્રહણ શિક્ષા - સૂત્રો અને અર્થોનો અભ્યાસ કરવો તે.

(૨) આસેવન શિક્ષા - શ્રાવકાચાર મુજબના નિયમો પાળવા તે.

– સામાયિક આદિ સૂત્રો તથા અર્થોનું ગ્રહણ કરવું તે ગ્રહણ શિક્ષા કહેવાય

છે. કહ્યું છે કે, શ્રાવકને જઘન્યથી આઠ પ્રવચનમાતા અને ઉત્કૃષ્ટથી દશવૈકાલિક સૂત્રનાં ચાર અધ્યયન સુધી સૂત્ર અને અર્થથી શ્રુતગ્રહણ કરવું, કરાવવું, પાંચમું અધ્યયન સૂત્રથી ન કલ્પે પણ માત્ર વ્યાખ્યાનાદિ વડે અર્થથી સાંભળવું કલ્પે.

– આસેવન શિક્ષા એ પુનઃ પુનઃ કરવા રૂપ અભ્યાસ છે, તે માટે પંચાશક, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, ધર્મસંગ્રહ, ધર્મબિંદુ, ધર્મપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથોમાં શ્રાવકના જે કર્તવ્ય બતાવેલા છે. તેને યથાવિધિ આચરવા તે આસેવન શિક્ષા છે.

અહીં શ્રાવકના દૈનિક આચરણ કે કર્તવ્યરૂપ બાબતોનો સામાન્ય ચિતાર "શ્રાદ્ધદિનકૃત્ય"ના આધારે જણાવેલ છે–

૧. શ્રાવકે પંચપરમેષ્ઠી-નમસ્કાર મંત્રને સંભારતા નિદ્રા દૂર કરવી.

૨. નમસ્કાર મંત્ર પરાવર્તના બાદ "હું કોણ છું ? શ્રાવક છું" ઇત્યાદિ ચિંતવના કરવી.

૩. શ્રાવકોના બાર વ્રતો પૈકી મારે કેટલાં છે ? તે સંભારવું.

૪. મોક્ષ એ અગ્રણી પુરુષાર્થ છે. તેના અવંધ્ય કારણરૂપ સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયનો યોગ એટલે સર્વ અતિચારનું વિશોધક હોવાથી છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ તે તેનું કારણ હોવાથી (રાઈ પ્રતિક્રમણ) કરવું.

૫. દ્રવ્યપૂજારૂપ અને ભાવપૂજારૂપ ચૈત્યવંદન કરવું.

૬. વિધિપૂર્વક નમુક્કારસહી આદિ પ્રત્યાખ્યાન કરવું.

૭. વિધિપૂર્વક જિનભવને (દેરાસરે) જવું.

૮. પુષ્પમાળા, ગંધ આદિ વડે જિનબિંબોનું પૂજન કરવું.

૯. પ્રસિદ્ધ એવી ચૈત્યવંદન વિધિ વડે ચૈત્યવંદન કરવું.

૧૦. ગુરુ પાસે જઈ વંદન કરી, તેમની પાસે પ્રત્યાખ્યાન કરવું.

૧૧. ગુરુ મહારાજ પાસે ધર્મનું શ્રવણ કરવું.

૧૨. સાધુ સમુદાયને શરીર આદિની સુખશાતા પૂછવું.

૧૩. ગ્લાન, બાળ, વૃદ્ધ આદિ મુનિને માટે યોગ્ય ઔષધ આદિ માટે ઉચિત એવી વ્યવસ્થા કરવી.

૧૪. લોક અને લોકોત્તરથી અવિરુદ્ધ એવો વ્યવસાય કરવો.

૧૫. મધ્યાહ્ને જિનપૂજા, મુનિદાન, સાધર્મિક વાત્સલ્ય, ઉચિત દાન ઇત્યાદિ કરીને પચ્ચક્ખાણ સંભારીને ઉચિત ભોજન કરવું.

૧૬. ભોજન કર્યા પછી યથાસંભવ-બની શકે તે રીતે મુટ્ઠીસહિય, ગંઠસહિય અથવા દિવસ ચરિમનું પ્રત્યાખ્યાન કરવું.

૧૭. ચૈત્યગૃહ સમીપે અથવા ઉપાશ્રયાદિમાં મુનિરાજ રહેલા હોય ત્યાં જઈને તેમની પાસે ધર્મોપદેશનું શ્રવણ કરવું.

૧૮. જિનબિંબની અર્ચા કરવી.

૧૯. ગુરુ મહારાજ પાસે જઈ વંદના કરીને પ્રતિક્રમણ કરવું.

૨૦. સ્વાધ્યાય, સંયમ અને વૈયાવૃત્ત્યાદિ વડે શ્રાંત થયેલા મુનિઓનું તેમજ

શ્રાવકાદિનું પણ તેમનો ખેદ દૂર કરવા માટે વિશ્રામણ કરવું - પગચંપી ઇત્યાદિ કરવા.

૨૧. પછી ઘેર જઈને ઉચિત યોગનું અનુષ્ઠાન કરવારૂપ નમસ્કાર ચિંતન આદિ પોતાના અભ્યાસ કરેલ સૂત્રોને સંભારી જવા.

૨૨. પોતાના પરિવારને એકઠો કરીને ધર્મોપદેશ આપવો.

૨૩. વિધિપૂર્વક શયન કરવું.

૨૪. પોતાના ધર્માચાર્યને સંભારી ચાર શરણાં સ્વીકારવા.

૨૫. અબ્રહ્મસેવનની પ્રાયે વિરતી કરવી અને તે મોહની જુગુપ્સાથી થાય માટે મોહનીય કર્મની તેના દોષ જોવાપૂર્વક જુગુપ્સા કરવી.

૨૬. સ્ત્રીના સ્વરૂપનું ચિંતવન કરવું, સ્ત્રીના અંગોપાંગની અપવિત્રતા વિચારવી અને તેમાં આસક્ત થયેલાને આ ભવ અને પરભવ સંબંધી જે અપાય-કષ્ટ પ્રાપ્ત થાય છે, તે વિચારી જવા.

૨૭. સ્ત્રીસંગથી જેઓ નિવૃત્ત થયેલા હોય તેમના પ્રત્યે બહુમાન ભક્તિથી નિર્ભર એવી પ્રીતિ ધારણ કરવી.

૨૮. પાછલી રાત્રે જાગૃત થતાં ધર્મરૂપ કાયાને બાધાકારક વિષય અભિલાષાદિ દોષો તથા તેના વિપક્ષભૂત ભવવૈરાગ્યાદિ શુભ ભાવોનું ચિંતવન કરવું.

૨૯. તેવી જાગૃત અવસ્થામાં પોતાના ધર્માચાર્ય કે જે ઉદ્યત વિહારી અને વિશુદ્ધ ચારિત્રી હોય તેમની પાસે હું દીક્ષા ક્યારે ગ્રહણ કરીશ ? તે અંગેના મનોરથો કરવા.

*૦ શ્રાવકના દિનકૃત્યના એક જ ગ્રંથ આધારિત આ સામાન્ય સંક્ષેપ ક્રમ કહ્યો છે. શ્રાવકની આસેવન શિક્ષા - આચરણા આ અને આટલી જ છે, તેવું ન માનવું. કેમકે શ્રાદ્ધવિધિ, પંચાશક, ધર્મપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથોમાં અનેક આચરણા જોવા મળે છે. વળી પર્વકૃત્ય, વાર્ષિક કૃત્યો, ૩૬ કર્તવ્યો આદિ પણ શ્રાવકોના ગ્રંથોમાં ઉલ્લેખ પામેલા જ છે તે સર્વે આચરણો શ્રાવકો માટે આસેવન શિક્ષારૂપે ચિંતનીય અને આચરણીય છે.*

-૦- આ ગ્રહણ અને આસેવન બંને શિક્ષાનું યથાર્થ રીતે આચરણ કે સેવન કરવું જોઈએ, તે ન થયું હોય તેની હું નિંદા કરું છું.

● **गारव** - ગૌરવ. વૃત્તિકાર મહર્ષિ તેને બે ભેદોથી જણાવે છે (૧) મદ-અભિમાનરૂપે, (૨) ત્રણ ગારવ સ્વરૂપે.

(૧) ગૌરવ એટલે 'જાતિમદ' આદિ આઠ મદના સ્થાનો કહ્યા છે–

(૧) જાતિનો મદ, (૨) કુળનો મદ, (૩) રૂપનો મદ,
(૪) બળનો મદ, (૫) શ્રુતનો મદ (૬) તપનો મદ
(૭) લાભનો મદ, (૮) ઐશ્વર્યનો મદ.

આ આઠ મદમાંથી (ઉપલક્ષણથી) કોઈપણ પ્રકારનો મદ કરવાથી જીવ તે-તે વિષયમાં હાનિ પામે છે. જેમકે - જાતિનો મદ કરવાથી 'મેતાર્ય'નું દૃષ્ટાંત

જાણવું. કુળનો મદ કરનાર મરીચિને બ્રાહ્મણપણાના કેટલા ભવ પામવા પડ્યા ? રૂપનો મદ કરનારા સનત્ કુમારના શરીરમાં ૧૬ રોગો ઉત્પન્ન થયા. એ રીતે જેનો મદ કરે તેની હાનિ થાય છે. તેમજ સંસાર પરિભ્રમણ પણ વધે છે.

*૦ સ્થાનાંગ સૂત્ર-૮૯૫માં મદના દશ ભેદોનો પણ ઉલ્લેખ છે.*

૦ ગારવનો બીજો અર્થ કર્યો છે - ગૌરવ.

પ્રાપ્ત થયેલા વિષયોનું અભિમાન અને અપ્રાપ્ત વિષયો માટેની આસક્તિ કે લાલસા હોવી. તેના ત્રણ મુખ્ય ભેદ કહ્યા છે.

(૧) રસ ગૌરવ - ઘી, દૂધ, દહીં વગેરે રસ પદાર્થો મળતાં તેનું અભિમાન કરવું અને ન મળે તો તેની લાલસા કરવી તે રસગારવ. આ 'રસગારવ'ના વિષયમાં મંગૂસૂરિનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

(૨) ઋદ્ધિગૌરવ - ધન, વૈભવ, પરિવાર આદિ ઋદ્ધિ મળતાં તેનું અભિમાન કરવું અને ન મળે તો તેની ઇચ્છા કરવી તે ઋદ્ધિ ગારવ. આ ઋદ્ધિગારવના વિષયમાં દશાર્ણભદ્રનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

(૩) શાતાગારવ - કોમળ શય્યા, વસ્ત્ર, આસન, સુખ, આરોગ્ય આદિ પ્રાપ્ત થયા હોય તેનું અભિમાન કરવું અને ન મળે તો તેની લાલસા રાખવી તે શાતા ગારવ. તેમાં શશિરાજાનું દૃષ્ટાંત છે.

**૦ લઘુ દૃષ્ટાંત :-** કુસુમપુર નગરમાં શશિ અને સૂર્યપ્રભ નામના બે ભાઈઓ હતા. શશિ રાજા તરીકે રાજ્ય કરતો હતો અને સૂર્યપ્રભ યુવરાજ હતો. કોઈ વખતે ત્યાં વિજયસેનસૂરિ નામના આચાર્ય પધાર્યા. સૂર્યપ્રભ આચાર્ય મહારાજને વંદનાર્થે ગયો. ધર્મ દેશના સાંભળી, પ્રતિબોધ પામ્યો. મોટાભાઈની અનુમતિ પામીને દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્રપાળી પાંચમે દેવલોકે દેવ થયો.

શશિ રાજા શાતાગારવમાં રક્ત રહ્યો. અવિરતીપણે મરીને નરકે ગયો. સૂર્યપ્રભદેવે ભાઈના સ્નેહને લીધે નરકમાં જઈ શશિના જીવને ધર્મનો પ્રભાવ જણાવ્યો. તે વખતે શશિનો જીવ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પણ નરકને વશ થયા પછી શું થાય ? એ રીતે શશિરાજા શાતાગારવના કારણે બહુ દુઃખ પામ્યો.

—૦- આ રીતે જાતિમદ આદિ આઠ પ્રકારના મદનો અને રસગારવ આદિ ત્રણ ગારવનો ત્યાગ કરવો જોઈએ. તેમાંથી મેં જે કાંઈ ત્યાગ ન કર્યો કે જેનું આસેવન કર્યું તેની હું નિંદા કરું છું.

**● સન્ના** - સંજ્ઞા. સંજ્ઞાના-૪ કે ૧૦ કે ૧૫ કે ૧૬ ભેદો કહ્યા છે.

— સ્થાનાંગ સૂત્ર-૩૮૩ ને સમવાયાંગ સૂત્ર-૪માં સંજ્ઞાના ચાર ભેદોનું કથન છે. ત્યાં સંજ્ઞાની વ્યાખ્યા કરતા વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી જણાવે છે કે, "સંજ્ઞા" એટલે અશાતાવેદનીય અને મોહનીય કર્મના ઉદયથી થતી આહારની અભિલાષા વગેરે વિશિષ્ટ પ્રકારની ચેતનાઓ.

આ ચાર સંજ્ઞા છે - (૧) આહાર, (૨) ભય, (૩) મૈથુન, (૪) પરિગ્રહ. આ ચારે સંજ્ઞાની ઉત્પત્તિ કઈ રીતે થાય તેના ચાર-ચાર કારણો પણ સ્થાનાંગ

સૂત્ર-૩૮૩માં બતાવેલા છે.

સ્થાનાંગ સૂત્ર-૯૬૪માં દશ પ્રકારે પણ સંજ્ઞા કહેલી છે–

(૧) આહાર, (૨) ભય, (૩) મૈથુન, (૪) પરિગ્રહ, (૫) ક્રોધ, (૬) માન, (૭) માયા, (૮) લોભ, (૯) લોક અને (૧૦) ઓઘ સંજ્ઞા.

એ રીતે પંદર અને સોળ સંજ્ઞાઓના ઉલ્લેખ પણ મળે છે.

(૧) આહારથી (૮) લોભ સંજ્ઞા એ આઠ સંજ્ઞા ઉપર મુજબ જાણવી તેમજ (૯) ઓઘ, (૧૦) સુખ, (૧૧) દુઃખ, (૧૨) મોહ, (૧૩) વિચિકિત્સા, (૧૪) શોક અને (૧૫) ધર્મ એ પંદર સંજ્ઞા કહી.

– સોળ પ્રકારે સંજ્ઞા - ઉપરોક્ત ૧૫ અને (૧૬) લોકસંજ્ઞા એ સોળ સંજ્ઞા છે, તેની વ્યાખ્યા આચારાંગ વૃત્તિમાં કરાયેલી છે.

*(આ સંજ્ઞાઓની વ્યાખ્યા, તે ઉત્પન્ન થવાના કારણો અને કયા કર્મના ઉદયથી કઈ સંજ્ઞા હોય વગેરે વિસ્તારથી જાણવાની જિજ્ઞાસાવાળાએ સ્થાનાંગ, આચારાંગ, વંદિત્તુ સૂત્રવૃત્તિ જોવી.)*

સર્વે સંજ્ઞાઓનો ત્યાગ કરવો જોઈએ કે તેમાં યોગ્ય વિવેક રાખવો જોઈએ. મેં તે પ્રમાણે ત્યાગ ન કર્યો કે વિવેક ન રાખ્યો હોય તેની હું નિંદા કરું છું.

● **कसाय** - કષાયના ચાર અને સોળ ભેદો પ્રસિદ્ધ છે. તે ઉપરાંત ૬૪ ભેદનું કથન પણ વંદિત્તુસૂત્ર-અર્થદીપિકા વૃત્તિમાં છે.

ચાર કષાય - ક્રોધ, માન, માયા અને લોભ. *(જેની વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય"માં કરાઈ છે. સૂત્ર-૨૭માં પણ તેનો ઉલ્લેખ છે.)*

– આ ચારે કષાયોના પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે. એ રીતે કષાયના સોળ ભેદો થાય છે. (૧) અનંતાનુંબંધી, (૨) અપ્રત્યાખ્યાની, (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજ્વલન-ક્રોધ, માન, માયા અને લોભ એ ૧૬ ભેદો થાય છે.

– જ્યારે અનંતાનુબંધી પણ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ચાર ભેદે રત્નશેખરસૂરિજી ઓળખાવે છે ત્યારે તેના (૧) અનંતાનુબંધી - અનંતાનુબંધી, (૨) અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાની, (૩) અનંતાનુબંધી-પ્રત્યાખ્યાની, (૪) અનંતાનુબંધી-સંજ્વલન. એ પ્રમાણે પ્રત્યેક ભેદના ચાર-ચાર પેટા-પેટા ભેદો ગણતા ૬૪ પ્રકારે કષાય થાય છે.

-૦- આ સર્વ પ્રકારે કષાયોનો ત્યાગ કરવો જોઈએ, છતાં આ કષાયોનો ત્યાગ ન કર્યો હોય તેની હું નિંદા કરું છું.

● **दंड** - દંડ - જેના વડે આત્મા દંડાય તે દંડ.

– આ દંડના ત્રણ ભેદ કહ્યા છે. મનદંડ, વચનદંડ, કાયદંડ. *જેની વ્યાખ્યા પૂર્વે સૂત્ર-૧૫ "જાવંત કે વિ."માં થયેલી જ છે.*

(૧) મનદંડ - મનના યોગે આત્માનું દંડાવું તે. જેમ - કોઈ શ્રાવક હતો, તેને અંત વખતે ગૌતમસ્વામીએ નિર્યામણા કરાવેલી. તેને છેલ્લે વખતે પોતાની સ્ત્રીના કપાળમાં પડેલા 'ઘા'ની ચિંતા થતી હતી. તે મનોદંડથી તેની સ્ત્રીના કપાળના 'ઘા'માં

જ કૃમિરૂપે ઉત્પન્ન થયો.

(૨) વચનદંડ - વચનના યોગે આત્માનું દંડાવું તે. જેમકે - લૌકિક દૃષ્ટાંતમાં આવે છે કે, કૌશિક તાપસે શિકારીને મૃગો ક્યાં ગયા તે સત્યવચન કહ્યા તો પણ પરીણામે હિંસા થઈ હોવાથી તે વચનદંડના ફળ રૂપે નરકે ગયો.

(૩) કાયદંડ - કાયાના યોગે આત્મા દંડાય તે કાયદંડ. જેમકે - માંડવ્ય નામના ઋષિએ પૂર્વે ભરવાડના ભવમાં લીંખને શૂળથી પરોવી, તે પાપથી ઋષિ, વિના અપરાધે શૂળીની શિક્ષા પામ્યો.

-૦- ત્રણે પ્રકારના દંડને તજવા જોઈએ. તેનો ત્યાગ ન કર્યો હોય તેને હું નિંદુ છું.

● **गुत्ति** - ગુપ્તિ. તે ત્રણ પ્રકારે છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. *(ગુપ્તિની વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય"માં જોવી.)*

● **समिई** - સમિતિ. તે પાંચ પ્રકારે છે - ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, આદાન ભંડ નિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ. કલ્પસૂત્ર આદિમાં તેના આઠ ભેદ પણ કહ્યા છે, જેમાં આ પાંચ સમિતિ ઉપરાંત મનસમિતિ, વચનસમિતિ અને કાય સમિતિ એ ત્રણનો ઉલ્લેખ છે. *(સમિતિની વ્યાખ્યા સૂત્ર-૨ "પંચિંદિય"માં જોવી.)*

-૦- આ ગુપ્તિ અને સમિતિનું સંભવતઃ પાલન કરવું જોઈએ. શ્રાવકે તેમાં ઉપયોગવંત રહેવું જોઈએ. છતાં કંઈ પ્રમાદાચરણાદિ થયું હોય તેની હું નિંદા કરું છું.

**સૂત્રકાર મહર્ષિએ** ત્યારપછી 'अ' પદ મૂક્યું છે. આ **'अ' નો અર્થ** સામાન્યથી "અને" થાય છે. વૃત્તિ-અનુવાદમાં જણાવે છે કે, 'अ' શબ્દથી શ્રાવકની ૧૧ પ્રતિમા આદિ સર્વે ધર્મકૃત્યોને વિશે જેનો નિષેધ કર્યો હોય તે કરવું કે કરણીય હોય તે ન કર્યું - તે સર્વેનો અહીં સમાવેશ થાય છે.

● **जो अइआरो अ तं निंदे** - જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું - અહીં ઉક્ત નવે વિષય સંબંધી અતિચારની નિંદા આ પદોથી સમજી લેવી.

૦ **હવે ગાથા-૩૬માં** સમ્યક્ત્વી જીવને અલ્પ બંધનું કારણ જણાવે છે. સર્વે અતિચારોને સામાન્યથી અને વિશેષથી પ્રતિક્રમ્યા. પરંતુ પ્રતિક્રમનાર શ્રાવક તો ફરી-ફરી છ કાયના આરંભમાં જ પ્રવર્તે છે, તેથી તેને હંમેશાં ઘણાં પાપબંધનો સંભવ રહે છે.

આ વિષયમાં અહીં "હસ્તિસ્નાન" ન્યાયનો ઉલ્લેખ છે. જેમ હાથી જળાશયમાં સ્નાન કરે ત્યારપછી બહાર નીકળીને પણ ફરી સુંઢ વડે પોતાની ઉપર ધૂળ નાંખે છે. એ રીતે તે નાહ્યા પછી પણ પાછો ધૂળીયો થઈ જાય છે. તેમ શ્રાવક પણ આલોચના-પ્રતિક્રમણાદિ કર્યા પછી પણ પુનઃ તે જ દોષોનું સેવન કરે છે, તો તેની શુદ્ધિ કઈ રીતે થાય ?

આ પ્રશ્નનું સમાધાન આ ગાથા દ્વારા શાસ્ત્રકાર, સમ્યગ્ દર્શનનો મહિમા

બતાવવા પૂર્વક આપે છે. તેથી પહેલા ગાથાના શબ્દોનું વિવેચન કરેલ છે, પછી આ વાતને વધુ તાર્કિક રીતે સ્પષ્ટ કરવાનો પ્રયાસ અમે કરેલ છે.

● **सम्मद्दिट्ठी जीवो** - સમ્યગ્ દૃષ્ટિ જીવ.

– સમ્યગ્ દૃષ્ટિ એટલે અવિપરીત બોધ જેને છે તે.

– રાગ અને દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ થવાથી જેને સમ્યક્ત્વની સ્પર્શના થઈ છે, તે સમ્યગ્ દૃષ્ટિ - અથવા -

– જે સુદેવ, સુગુરુ અને સુધર્મમાં અપૂર્વ શ્રદ્ધા રાખે છે, તે સમ્યગ્ દૃષ્ટિ જીવ કહેવાય છે.

– જે જિનભાષિત તત્ત્વોમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે તે સમ્યગ્ એવી દૃષ્ટિ યુક્ત સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે.

○ जीव - એટલે જીવ, આત્મા.

● **जइ वि हु पावं समायरे किंचि** - જો કે થોડું પણ પાપ આચરે તો પણ...

○ जइ - જો કે ○ वि - પણ

○ हु - ખરેખર, તો પણ ○ पावं - પાપને

○ समायरे - સમાચરે, કરે ○ किंचि - થોડું

– સમ્યગ્ દૃષ્ટિ જીવ પાપભીરુ હોય છે, જો કે કોઈ વાતે નિર્વાહ ન થતો હોય ત્યારે નિર્વાહ ચલાવવા માટે થોડા પણ "पाप" નો અર્થાત્ ખેતી વગેરે કોઈ કાર્યનો આરંભ કરે છે, તો પણ–

● **अप्पो सि होइ बंधो** - તેને કર્મનો બંધ થોડો થાય છે.

○ अप्पो - અલ્પ, થોડો ○ सि - તેને

○ होइ - થાય છે ○ बंधो - બંધ, કર્મબંધ

– તે શ્રાવકને પ્રથમના ત્રણ ગુણસ્થાનકની અપેક્ષાએ અલ્પ પાપબંધ-કર્મનો બંધ થાય છે. (કેમકે...)

● **जेण न निद्धंधसं कुणइ** - તે નિર્દયપણે પાપ કરતો નથી.

○ जेण - જેથી, કારણ કે ○ न - ન, નહીં

○ निद्धंधसं - નિર્દય રીતે, નિષ્ઠુરતાથી, નિર્લજ્જપણે.

○ कुणइ - કરે છે.

– જીવદયા જેનું મૂળ છે, તેવા સમ્યગ્ધર્મનાં જ્ઞાનપૂર્વક સર્વકાર્યમાં તે યતનાપૂર્વક જ પ્રવર્તતો હોવાથી નિર્દયપણે કે નિષ્ઠુરપણે તે (પાપ) આરંભ કરતો નથી.

○ **ગાથા રહસ્યાર્થ :-** આ ગાથામાં સૌથી વધુ મહત્ત્વનો જો કોઈ નિર્દેશ હોય તો તે એ છે કે, એકનું એક પાપકાર્ય કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ કરે અને તે જ કાર્ય જો કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ કરે તો તે બંનેમાં પરિણામ કે ભાવની દૃષ્ટિએ ઘણો ફર્ક રહે છે.

– કેમકે મિથ્યાદૃષ્ટિ જીવ તે કાર્ય નિર્ધ્વંસપણે કરે છે અથવા ભાવશૂન્યતાથી કરે છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ તે જ કાર્ય કરે ત્યારે જયણાપૂર્વક કરે છે અથવા તો કુણાં પરિણામો સાથે કરે છે.

– આમ કરવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ પાપ-આરંભ કરે તો પણ તે કર્મનો અલ્પબંધ કરે છે. કેમકે તેના પરિણામોમાં ફેર છે.

– આ બાબતમાં બે પ્રસિદ્ધ દૃષ્ટાંતો છે (૧) જંબૂભક્ષકોનું અને (૨) ગામ લુંટકોનું. આ બંને દૃષ્ટાંતો છ લેશ્યારૂપ આત્માના પરિણામોને જણાવે છે. તેમાં નિર્દયતા અને દયાળુતા વચ્ચે કેટલું મોટું અંતર રહેલું છે તે સ્પષ્ટ થાય છે.

**૦ જંબૂભક્ષકોના દૃષ્ટાંતે છ લેશ્યાની સમજ :-**

છ પુરુષો માર્ગે જતાં હતા. બહુ પાકેલા જાંબૂના ભારથી જેની શાખાગ્ર નમી ગયેલા છે, તેવું જાંબૂડાનું વૃક્ષ જોઈને બોલ્યા કે ચાલો આપણે જાંબૂડા ખાઈએ. પણ ખાવા કેવી રીતે ?

(૧) પહેલો પુરુષ બોલ્યો કે, વૃક્ષ ઉપર ચડનારને પડી જવાનો ભય રહે છે, માટે વૃક્ષને મૂળથી કાપી નાંખીએ પછી ફળ ખાઈએ.

(૨) બીજો પુરુષ બોલ્યો કે, આવા મહાન્ વૃક્ષને શા માટે કાપવું ? મોટી-મોટી શાખા કાપી લો. પછી જાંબૂડા ખાઈશું.

(૩) ત્રીજો પુરુષ બોલ્યો કે, નાની નાની ડાળી જ કાપીએ તો પણ આપણું કામ થઈ જ જવાનું છે, મોટી ડાળ શા માટે કાપવી ?

(૪) ચોથો પુરુષ બોલ્યો કે, ડાળી શા માટે કાપવી. માત્ર ફળના ગુચ્છા જ તોડોને. આપણે તો જાંબુડા જ ખાવા છે ને ?

(૫) પાંચમો પુરુષ બોલ્યો કે, ગુચ્છા શા માટે તોડવા ? તેના કરતાં માત્ર જાંબૂડા જ તોડીને ખાઈએ.

(૬) છટ્ઠો પુરુષ બોલ્યો કે ફળ તોડવાની પણ ક્યાં જરૂર છે ? માત્ર નીચે પડેલા જાંબૂડા જ ખાઈએ.

આ દૃષ્ટાંતથી છ લેશ્યાને જણાવી છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ. આ લેશ્યા એટલે આત્મપરિણામ જીવોના આત્મપરિણામોને મુખ્ય છ ભાગોમાં વહેંચી દઈને અહીં નિર્ધ્વંસ કે નિર્દયથી દયાયુક્ત આત્મ પરિણામોના ભેદોને દર્શાવવા આ રૂપક મૂક્યું.

**૦ ગામલુંટકોના દૃષ્ટાંતને આધારે આત્મપરિણામ–**

કોઈ છ લુંટારાઓએ ગામ લૂંટવાનો નિશ્ચય કર્યો.

(૧) એક લુંટારાએ કહ્યું - ગામમાં જે કોઈ પુરુષ, સ્ત્રી, પશુ, બાળક હાથ લાગે તેને મારી નાંખીને ધન લુંટવું.

(૨) બીજા લુંટારાએ કહ્યું - પશુઓને શા માટે મારવા ? જો સામનો કરશે તો મનુષ્યો કરશે, માટે પશુઓને મારવા નહીં.

(૩) ત્રીજા લુંટારાએ કહ્યું, મનુષ્યોમાં સામનો તો પુરુષો જ કરવાના છે,

માટે સ્ત્રીઓને મારવાની જરૂર નથી.

(૪) ચોથા લુંટારાએ કહ્યું, સર્વે પુરુષોને મારવાથી શું લાભ ? જેમના હાથમાં હથિયાર હોય તેમને જ હણવા. કેમકે સામનો તો તેઓ જ કરવાના છે.

(૫) પાંચમાં લુંટારાએ કહ્યું, બધાં હથિયારવાળાને મારવા નથી, પણ જેઓ સામનો કરવા આવે તેવા હથિયારવાળાને જ મારવા અને તેમ કરીને ગામ લૂંટવું.

(૬) છટ્ઠા લુંટારાએ કહ્યું - આપણે લુંટારા છીએ, હત્યારા નથી. માટે બે પાપ શા માટે બાંધવા જોઈએ. માત્ર ધન લુંટવું અને કોઈ સામનો કરે ત્યારે આપણે આપણો બચાવ કરી લેવો. એમ કરીને કોઈને માર્યા વિના જ ધન લુંટવું.

કાર્ય એક જ છે. છતાં જુદા જુદા પ્રકારના જીવોના આત્મપરિણામો કે અધ્યવસાયોમાં કેટલો તફાવત છે ? કેટલી તરતમતા છે ? આ જ વાત મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ જીવો વચ્ચેનો ભેદ સમજવા માટે મહત્ત્વની છે. મિથ્યાદૃષ્ટિના પરિણામો કૃષ્ણ, નીલ,કાપોત લેશ્યાવાળા જીવો જેવા હોય છે જ્યારે સમ્યગ્દૃષ્ટિના પરિણામો શુભ-શુભતર કે શુભતમ હોય છે. બાહ્યદૃષ્ટિએ બંને જીવો પાપારંભી જણાતા હોવા છતાં તેમના અધ્યવસાયો સમાન હોતા નથી. તેથી તેમનો કર્મબંધ પણ એક સમાન થતો નથી. એક જ પ્રવૃત્તિ કરતા હોવા છતાં એકને તેનો કર્મબંધ નિકાચિત થાય છે, બીજાને થોડા મંદ પરિણામને કારણે તે નિધત્ત કર્મબંધ થાય, ત્રીજાને વધુ મંદ પરિણામે તે પાપારંભ કર્યો હોય તો "બદ્ધ" કર્મબંધ થાય અને ચોથાને અતિ મંદ પરિણામથી તે પાપારંભ કર્યો હોય કે, થયો હોય છે તો તેને માત્ર 'સ્પૃષ્ટ' પ્રકારનો કર્મબંધ થાય છે.

– વારંવાર આલોચના, નિંદા, ગર્હારૂપ પ્રતિક્રમણ કરતો શ્રાવક કદાચ ફરી-ફરી તે આરંભ કાર્યોમાં જોડાય, તો પણ તેને અલ્પ કર્મનો બંધ થાય, તેવું કથન એ કારણે જ કર્યું છે કે, નિંદા-ગર્હા આદિ વારંવાર કરવાથી તેના અધ્યવસાયો વિશુદ્ધ થાય છે. તેના પરિણામો મંદ પડે છે, તેથી ધીમે ધીમે નિર્મળ પરિણામો તરફ આગળ વધતા સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્દયતાના અધ્યવસાયોને અભાવે સાવદ્ય કર્મ કરવા છતાં અલ્પ કર્મબંધ કહ્યો.

**૦ હવે સૂત્રકાર-૩૭મી ગાથામાં** અલ્પકર્મબંધથી પણ કેમ અટકવું તેનો ઉપાય દર્શાવે છે–

પૂર્વે ગાથા-૩૬માં એ પ્રમાણે કહ્યું કે, સમ્યગ્દૃષ્ટિ જીવ અગર પાપારંભ કરે તો પણ અલ્પકર્મબંધ થાય છે. પરંતુ વિષ અલ્પ હોય છતાં તે હાનિકર્તા તો છે જ. તો પછી અલ્પ એવું પાપ પણ સંસારભ્રમણનો હેતુ કેમ ન બને ? અથવા પ્રતિક્રમણથી એ પાપ કેમ ટળે ? આ શંકાનું સમાધાન આ ગાથા-૩૭માં વૈદ્યના દૃષ્ટાંત દ્વારા અપાયેલ છે.

પ્રતિક્રમણ કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવને સાવદ્ય પ્રવૃત્તિ કરવા છતાં અલ્પ કર્મબંધ થાય છે તે તો ગાથા-૩૬માં કહ્યું, પણ આ અલ્પ કર્મબંધ પણ મોક્ષ પ્રાપ્તિમાં અંતરાયરૂપ હોવાથી તેના નાશ કેમ કરવો ? તે જણાવવા માટે આ

ગાથામાં કહે છે કે–

"જેમ સુશિક્ષિત વૈદ્ય વ્યાધિને જલ્દી શમાવી દે છે, તેમ પ્રતિક્રમણ કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ તે અલ્પ કર્નબંધનો પણ પ્રતિક્રમણ, પ્રશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત દ્વારા શીઘ્ર નાશ કરે છે. આ વાત આ ગાથાના શબ્દોના વિવેચન દ્વારા હવે જણાવેલ છે–

● **तं पि हु सपडिक्कमणं** - તેને (અલ્પ પાપના બંધને) પણ નિશ્ચયે કરી પ્રતિક્રમણ કરવા વડે...

○ तं - તેને (તે અલ્પ પાપના બંધને જે ગાથા-૩૬માં કહ્યો)

○ पि - પણ हु - જરૂર, નિશ્ચયે કરીને

○ सपडिक्कमणं - પ્રતિક્રમણ યુક્ત થઈને, પ્રતિક્રમણ કરીને.

– સમ્યગ્દૃષ્ટિ એવા શ્રાવકે કરેલું તે અલ્પ પાપ પણ છ આવશ્યકરૂપ પ્રતિક્રમણની સાથે...

'સપ્રતિક્રમણ' એટલે પ્રતિક્રમણની સાથે છ પ્રકારના આવશ્યક લક્ષણવાળા પ્રતિક્રમણ સહિત, તે સપ્રતિક્રમણ.

● **सप्परिआवं** - સપરિતાપમ્ - પશ્ચાત્તાપવાળો થઈને, પશ્ચાત્તાપ કરીને. અહીં 'परिताप' શબ્દનો અર્થ પશ્ચાત્તાપ છે.

આ પશ્ચાત્તાપે કરીને સહિત તે "સપરિતાપ" છે - "હા ! મેં વિપરીત કર્યું, હા ! મેં ખોટું કર્યું" ઇત્યાદિ વાક્યોને પશ્ચાત્તાપ વાક્યો કહેવાય છે.

અહીં "સપ્પરિઆવં"ને બદલે "સપ્પડિઆરં" એવો પણ પાઠભેદ પણ ગ્રહણ કરાય છે. તેનો અર્થ "સપ્રતિચાર" એવો થાય છે - અર્થાત્ - પ્રતિચારણા સહિત - લાભાર્થી વણિકની જેમ આય અને વ્યયના લક્ષણવાળી પ્રવૃત્તિ સહિત (શીઘ્ર ઉપશમાવે છે.) કહ્યું છે કે, કયું કયું કાર્ય કરું અને કયું ન કરું ? અથવા મેં કયું કાર્ય અલ્પ કર્યું અથવા કયું કાર્ય બહુ કર્યું ? એ પ્રમાણે જે પુરુષ, કાર્યાકાર્યનો વિચારનો હૃદયમાં સંપ્રસાર કરે તે પુરુષ પોતાનું અત્યંત હિત કરે છે.

● **स-उत्तरगुणं** - પ્રાયશ્ચિત્તરૂપ ઉત્તરગુણવાળો થઈને.

– स એટલે સહિત. उत्तरगुण - ઉત્તરગુણ વડે. અહીં ઉત્તરગુણનો અર્થ પ્રાયશ્ચિત્તરૂપ ઉત્તરગુણ જાણવો.

– અર્થદીપિકા વૃત્તિમાં પણ જણાવે છે કે, ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત કરવા રૂપ ઉત્તરગુણપૂર્વક...

● **खिप्पं उवसामेई** - જલ્દીથી ઉપશમાવે છે.

○ खिप्पं - જલ્દી, શીઘ્ર.

○ उवसामेई - ઉપશમાવે છે, શાંત કરે છે.

○ उप + शम् ક્રિયાપદ છે, તેનો અર્થ "अर्थदीपिका" વૃત્તિકારે કરતા આ પ્રમાણે કહ્યું છે - ઉપશમાવે છે એટલે નિષ્પ્રતાપ કરે છે અથવા ખપાવે છે - એમ સમજવું.

આ "ખિપ્પં ઉવસામેઈ" પદોનો સંબંધ પૂર્વના ત્રણ પદો સાથે છે. (૧) સપડિક્કમણં, (૨) સપ્પરિઆવં, (૩) સ-ઉત્તર ગુણ. સમગ્ર વાક્યનો સમુચ્ચય અર્થ છે - પ્રતિક્રમણ, પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત કરનાર શ્રાવક જલ્દીથી પોતાના કર્મોને ખપાવે છે.

● **वाहिव्व सुसिक्खिओ विज्जो** - સુશિક્ષિત વૈદ્ય જેમ વ્યાધિને-રોગને (શાંત કરે છે, દૂર કરે છે તેમ)...

– અહીં "ખિપ્પં ઉવસામેઈ" પદને જોડીને ઉપમા આપી છે તે આ રીતે જેમ-જે રીતે એક સુશિક્ષિત વૈદ્ય વ્યાધિ-રોગને જલ્દીથી ઉપશમાવે છે - ક્ષીણ કરે છે દૂર કરે છે તેમ... *(પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપ પણ અલ્પ એવા કર્મબંધને દૂર કરે છે.)*

૦ *वाहि व्व* - જેમ વ્યાધિને, જેમ રોગને

–વ્યાધિ એટલે ખાંસી, દમ, તાવ આદિ વિવિધ રોગો.

૦ सुसिक्खिओ - સુશિક્ષિત, કુશળ, સારી રીતે શિક્ષા પામેલ. અથવા સુશિક્ષિત એટલે રોગનું નિદાન અને રોગની ચિકિત્સા કરવામાં કુશળ એવો.

૦ विज्जो - વૈદ્ય. જેની પાસે વિદ્યા છે તે વૈદ્ય કહેવાય. વિશિષ્ટ અર્થમાં કહીએ તો - જે શરીરને રોગનું નિદાન કરવાની તથા તેની ચિકિત્સા કરવાની વિદ્યાને જાણે તે વૈદ્ય કહેવાય.

**૦ ગાથા રહસ્યાર્થ :-**

જેમ સુશિક્ષિત વૈદ્ય વમન, વિરેચન, લંઘન, બસ્તિકર્મ આદિ ઉપચારો વડે ખાંસી, દમન, તાવ વગેરે રોગોનું શમન કરી દે છે, તેમ પ્રતિક્રમણ કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રાપ્ત થયેલા અલ્પબંધને પણ 'પ્રતિક્રમણ-પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત' વડે જલ્દીથી નાશ કરી નાંખે છે.

અહીં પ્રતિક્રમણ દ્વારા આત્મનિરીક્ષણ, અતિચાર-શોધન અને પાપ નિવૃત્તિ સમજવાની છે.

૦ આત્મ નિરીક્ષણ એટલે અતિત કાળમાં વીતેલા જીવનનું બારીકાઈથી નિરીક્ષણ કરવું તે.

૦ અતિચાર શોધન - જે ક્રિયા કે પ્રવૃત્તિ કે આચરણ અતિચાર રૂપ હોય તેને જુદા તારવવા તે અતિચાર શોધન.

૦ પાપનિવૃત્તિ એટલે - આત્મનિરીક્ષણ દ્વારા જે અતિચારો શોધ્યા હોય તેમાંથી મનને નિવૃત્ત કરવું અર્થાત્ તે પાપ કે દોષથી મનને પાછું વાળી લેવું તે.

– સૂત્રમાં વપરાયેલ પરિતાપ કે પશ્ચાત્તાપ શબ્દો થકી નિંદા, ગર્હા અને મિથ્યાદુષ્કૃતનું સૂચન મળે છે.

૦ નિંદા :- પાપને ખરાબ માનવું, વખોડવું કે નિંદવું તે.

૦ ગર્હા : તેનો ગુરુ સમક્ષ એકરાર કરવો, દિલગીર થવું તે.

૦ મિથ્યાદુષ્કૃત :- કરેલી ભૂલની માફી માંગવી તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

— પ્રતિક્રમણમાં આલોચના, નિંદા, ગર્હા, મિથ્યાદુષ્કૃત્, તપ, કાયોત્સર્ગ ઇત્યાદિ સર્વે ક્રિયાઓનો સમાવેશ થાય છે. જેના વડે કર્મનો અલ્પબંધ પણ તૂટી જાય છે.

૦ **ગાથા-૩૮માં** ગાથા-૩૭ના કથનની જ પુષ્ટિ દૃષ્ટાંત દ્વારા સૂત્રકારે કરેલી છે અને **ગાથા-૩૯માં** તે દૃષ્ટાંત કે ઉપમાન નિષ્કર્ષ આપીને ગાથા-૩૮નું ઉપમાનું ઉપમેય જણાવે છે. તે આ રીતે–

— જેમ શરીરમાં પ્રસરેલા વિષને.
— મંત્ર અને જડીબુટ્ટીના જાણકાર વિશારદો એવા વૈદ્યો.
— મંત્રો વડે હણી નાંખે છે - નિવારણ કરે છે. (કે)
— જેના વડે વિષગ્રસ્ત માણસ નિર્વિષ થઈ જાય છે.
— એમ - એ પ્રમાણે.
— (ગાથા-૩૬માં કહેલા) તે અલ્પ પાપોની.
— આલોચના અને નિંદા કરતો સુશ્રાવક.
— રાગ-દ્વેષથી ઉપાર્જિત કરેલા આઠ કર્મોને.
— શીઘ્રતાથી-જલ્દીથી હણી નાંખે છે - ક્ષય કરે છે.

આ સમગ્ર કથનને પહેલા સૂત્રકાર રચિત ગાથાના શબ્દોના વિવેચન થકી અને પછી ગાથાના રહસ્યાર્થ દ્વારા જણાવીએ છીએ.

● **जहा** - જેમ, જે પ્રમાણે.

● **विसं** - વિષને, ઝેરને. વત્સનાભ કે અન્ય કોઈ ઝેર.

— વૃત્તિકાર મહર્ષિ આવા વિષના બે ભેદ કરે છે - સ્થાવર અને જંગમ. તેમાં સ્થિર એવા ઝેરી વૃક્ષો વગેરેનું વિષ સ્થાવર વિષ કહેવાય છે. જેના મૂળ, પત્ર, પુષ્પ આદિ દશ ભેદો છે.

હરતા ફરતા એવા વીંછી, સર્પો વગેરેનું વિષ જંગમ વિષ કહેવાય છે. તેના સાપ, વીંછી આદિ સોળ ભેદોછે.

આયુર્વેદમાં ઝેરના નવ પ્રકારો જણાવેલાં છે, તે આ રીતે —

(૧) વત્સનાભ, (૨) હારિદ્ર, (૩) સતુક, (૪) પ્રદીપન, (૫) સૌરાષ્ટ્રિક, (૬) શૃંગિક,(૭) કાલકૂટ, (૮) હાલાહલ, (૯) બ્રહ્મપુત્ર.

આ બધાં પ્રકારના વિષો રૂક્ષતા, ઉષ્ણતા, તીક્ષ્ણતા આદિ દસ દોષોને લીધે પ્રાણીઓનું તાત્કાલિક મરણ નિપજાવે છે.

● **कुट्ठ-गयं** - કોઠામાં ગયેલ, ઉદરમાં પ્રવેશેલ.

— કોષ્ઠ એટલે ઉદર કે પેટ. ઉપલક્ષણથી શરીર.

— 'गत' એટલે ગયેલ કે પ્રવેશેલ.

— કોઈના ઉદરમાં જઈ શરીરમાં પ્રસરેલા તે સ્થાવર કે જંગમ અથવા કોઈ પણ પ્રકારના વિષ-ઝેરને જે રીતે...

● **मंत-मूल-विसारया** - મંત્ર અને મૂલના વિશારદો, મંત્ર અને જડીબુટ્ટીના

નિષ્ણાતો. ઉપલક્ષણથી યંત્ર-તંત્રના જાણકારો.

૦ मंत- મંત્ર, ગારૂડ આદિ વિષને હરતા એવા મંત્રો.

૦ मूल - મૂળ, કાકડી-કડવી તુંબડી - ઘિસોડી વગેરેના મૂળીયા અથવા વિષનું નિવારણ કરતી જડીબુટ્ટીઓ.

૦ विसारय - વિશારદ અર્થાત્ કુશળ, નિપુણ, દક્ષ, જ્ઞાતા.

— આ "મંત-મૂલ-વિસારય" એ "વિજ્જા" શબ્દનું વિશેષણ છે.

● **विज्जा** - વૈદ્યો. ગુરૂથી આમ્નાય અને અભ્યાસને જેઓએ પ્રાપ્ત કરેલો છે તેવા (નિપુણ) વૈદ્યો કે મંત્રવાદીઓ.

— પ્રાચીન કાળમાં વૈદ્યો જડીબુટ્ટીની સાથે સાથે મંત્રના પણ જ્ઞાતા હતા. તેઓ મંત્ર અને જડીબુટ્ટી બંનેથી ઉપચારો કરતા હતા. તે કારણે અહીં સૂત્રકારે વૈદ્યો માટે "મંત્ર-મૂલ-વિશારદ" એ પ્રકારનું વિશેષણ સૂત્રમાં પ્રયોજેલ છે.

— ઉત્તરાધ્યયન સૂત્ર નામક આગમમાં વીસમાં અધ્યયનના ૭૩૪માં શ્લોક આ વાતનો સાક્ષી પાઠ પણ મળે છે—

"તે વખતે વિદ્યા અને મંત્ર દ્વારા ચિકિત્સા કરનાર ચિકિત્સક એવા આચાર્યો મારે ત્યાં આવ્યા કે જેઓ અદ્વિતીય શસ્ત્રકુશલ/શાસ્ત્ર કુશલ તથા મંત્ર-મૂલમાં વિશારદ હતા. *(મહાનિર્ગ્રન્થીય નામક આ અધ્યયનમાં અનાથી મુનિ શ્રેણિક રાજાને પોતાનું-અનાથપણું સમજાવતી વખતે આ વાક્ય બોલ્યા હતા.)*

● **हणंति मंतेहिं** - મંત્રો વડે હણે છે - ઉતારે છે.

● **तो तं** - તેથી તે (જેના શરીરમાં ઝેર વ્યાપેલું છે તે)

● **हवइ निव्विसं** - નિર્વિષ - વિષરહિત થાય છે.

૦ निव्विसं - જેમાંથી વિષ-ઝેર ચાલ્યુ ગયું છે તે.

અથવા નિર્વિષ એટલે વિષથી રહિત થવું તે.

— વૃત્તિકાર મહર્ષિ રત્નશેખરસૂરિજી જણાવે છે કે, અહીં એ વિચારવાનું છે કે, જેને ઝેર ચઢેલ છે, તે મનુષ્ય મંત્રાક્ષરોનો અર્થ કાંઈ જાણતો નથી. માત્ર મંત્રાક્ષરો સાંભળે છે. છતાં તેનું ઝેર જેમ ઉતરી જાય છે તેમ ગણધરાદિ પૂજ્યશ્રી દ્વારા ગુંફિત એવા પ્રતિક્રમણ સૂત્રના મંત્રાક્ષર સમાન અક્ષરોના અર્થોને કદાચ ન પણ જાણતો હોય, તો પણ તેમાં રહેલ અચિંત્ય શક્તિ વડે શ્રાવકને ચડેલ અલ્પ પાપરૂપ ઝેર પ્રતિક્રમણથી ઉતરી જાય છે. કેમકે મણિ, મંત્ર, ઔષધિ આદિનો પ્રભાવ અચિંત્ય હોય છે.

**૦ મંત્રશક્તિ વિષયમાં એક ડોશીનું દૃષ્ટાંત :-**

એક ગામમાં એક ગરીબ ડોશી રહેતી હતી. તેનો હંસ નામનો એક દીકરો હતો. તે લોકોના વાછરડાં ચારવા જતો હતો. એક વખત તે ગોચરભૂમિથી ઘેર આવતો હતો, તે વખતે તેને કોઈ સર્પ ડસ્યો. તેનાથી તે બેભાન થઈને પડી ગયો. માતાને આ વાતની ખબર પડી. ગારૂડી-મંત્રવાદી પુરુષને બોલાવી, હંસ જ્યાં પડેલો હતો ત્યાં લઈ ગઈ. દીકરાને મડદાં માફક પડેલો જોઈને બધાં મંત્રવાદીઓ પાછા

ફર્યા. ડોશી એકલી જ વિલાપ કરતી રહી.

દીકરાની પાસે બેઠા-બેઠા ડોશી, હે વત્સહંસ ! હે વત્સ હંસ ! એમ વારંવાર ઊંચા અવાજે વિલાપ કરવા લાગી. પછી ડોશી માત્ર હંસ ! હંસ ! એમ બોલવા લાગી. એમ કરતાં આખી રાત્રિ પસાર થઈ ગઈ. પ્રભાતે જ્યારે સૂર્યનો ઉદય થયો ત્યારે હંસ સાજો થઈ ગયો. મા આનંદિત થઈ ગઈ. ડોશી અને હંસ ઘેર આવ્યા. મંત્રવાદીઓ પણ આ વાત જાણીને વિસ્મય પામ્યા. ડોશીને તેઓ પૂછવા લાગ્યા કે, તેં કયા ઇલાજથી તારા દિકરાને સાજો કર્યો ? ડોશીએ કહ્યું કે, મેં તો કાંઈ ઇલાજ કર્યો નથી. માત્ર હું હંસ, હંસ બોલીને વિલાપ કરતી જ્યારે થાકી ગઈ ત્યારે, સૂર્યોદય થયો અને મારો દિકરો હંસ ઉઠીને બેઠો થયો.

આ વાત સાંભળીને, મંત્રવાદીઓ સમજ્યા કે, ગારૂડમંત્રમાં 'હંસ' જ બીજ મંત્રાક્ષર છે, આ ડોશી અજાણતાં છતાં પણ પોતાના દિકરાનું નામ પણ હંસ હોવાથી, તે જ બીજમંત્ર આખી રાત્રિ બોલી અને તે "હંસ" મંત્રબીજના પ્રભાવથી, ડોશીનો દિકરો હંસ સાજો થઈ ગયો. "હંસ" અક્ષરથી ઝેર ઉતરી ગયું. બીજાક્ષરનો આ મહિમા છે.

આ જ પ્રમાણે "પ્રતિક્રમણ" કરતાં અજાણપણે પણ પાપનોકર્મનો ક્ષય થઈ જાય છે.

○ **હવે ગાથા-૩૯**માં આ ગાથા-૩૮માં અપાયેલી ઉપમાનો ઉત્તરાર્ધ સૂત્રકાર મહર્ષિ પોતાના શબ્દોમાં જણાવે છે–

● **एवं** - એમ, એ પ્રકારે, એ જ રીતે.

● **अट्ठविहं कम्मं** - આઠ પ્રકારના કર્મોને.

○ कम्म એટલે કર્મ - આત્માની શક્તિઓને આવરનાર એવા પુદ્ગલ વિશેષ.

○ अट्ठविह - આઠ પ્રકારના. કર્મોના પ્રકૃત્તિ ભેદથી મુખ્ય આઠ પ્રકારો પ્રસિદ્ધ છે તે આ પ્રમાણે–

(૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર, (૮) અંતરાય.

● **राग-दोस-समज्जिअं** - રાગ અને દ્વેષથી ઉપાર્જન કરેલ.

– આ પદનો સંબંધ "અટ્ઠવિહં કમ્મં" સાથે છે. રાગ-દ્વેષથી ઉપાર્જન કરેલ એવા આઠ પ્રકારના કર્મો.

○ राग - *આ પદની વ્યાખ્યા સૂત્ર-૩૨ "અઢાર પાપ૦"માં જોવી.*

○ द्वेष - *આ પદની વ્યાખ્યા સૂત્ર-૩૨ "અઢાર પાપ૦"માં જોવી.*

○ समज्जिअ - સમર્જિત. સારી રીતે સંપાદન કરેલ, ઉપાર્જિત કરેલ, સંચિત કે એકઠાં કરેલ.

– અહીં કર્મબંધનના હેતુ રૂપે રાગ-દ્વેષ એ બંનેની જ મુખ્યતા કહી છે.

– તૈલાદિ વડે મર્દન કરેલ શરીરને જેમ રજ વળગે તેમ રાગદ્વેષથી આકુલ

માનસમાં કર્મનો બંધ થાય છે.

● **आलोअंतो** - આલોચતો, ગુરુ સમક્ષ પ્રગટ કરતો.

– આ આલોચના શબ્દના અર્થ અને વિવેચન માટે સૂત્ર-૩૦માં ઉલ્લેખ છે, તે જોવો.

● **निंदंतो** - નિંદતો, આત્મસાક્ષીએ નિંદા કરતો.

– નિંદ્ ક્રિયાપદનો ઉપયોગ સૂત્ર-૯ 'કરેમિભંતે'માં થયો છે, સૂત્ર-૨૯ "વાંદણા સૂત્ર"માં પણ થયો છે. ત્યાં જોવું.

● **खिप्पं हणइ** - જલદીથી હણે છે, શીઘ્રતાથી ક્ષય કરે છે.

● **सुसावओ** - સુશ્રાવક, સારો શ્રાવક.

'सु' શબ્દનો સામાન્ય અર્થ 'સારો' થાય છે. પણ વધુ યોગ્ય અર્થ "સમ્યક્" છે. સમ્યક્ શ્રાવક. ગુણસ્થાનકને આશ્રીને જ્યારે શ્રાવકનો અર્થ વિચારીએ તો જે "અવિરતિ સમ્યગ્દૃષ્ટિ" છે તે ચોથા ગુણસ્થાનકે હોય છે અને જે દેશવિરતિધર છે તે પાંચમાં ગુણસ્થાનકે હોય છે. આ કથનને સ્વીકારીને કહીએ તો ભાવથી જેઓ સમ્યક્ત્વ કે વિરતિને સ્પર્શના કરી રહ્યા છે અથવા તે તરફની અત્યંત રુચિવાળા છે તેવા "ભાવશ્રાવક"ને અહીં સુશ્રાવક અર્થમાં જાણવો.

– વૃત્તિકારે પણ 'सु' પદને 'પ્રશંસાવાચી' ગણાવેલ છે. તે માટેનો સાક્ષીપાઠ આપીને રત્નશેખરસૂરિજી જણાવે છે કે–

ભાવશ્રાવક માટે છ સ્થાન કહ્યાં – (૧) વ્રતકર્મ કરનાર અર્થાત્ વ્રતધારી, (૨) શીલવંત, (૩) ગુણવંત, (૪) ઋજુવ્યવહારી અર્થાત્ માયારહિત વ્યવહાર વાળો, (૫) ગુરૂની શુશ્રૂષા કરનાર અને (૬) પ્રવચન કુશળ એ છ ગુણવાળાને નિશ્ચયથી ભાવશ્રાવક જાણવો.

**૦ ગાથા-૩૮ અને ૩૯નો રહસ્યાર્થ :-**

– અહીં ગાથાના પરસ્પર સંબંધની વિચારણા આવશ્યક છે. પૂર્વે સૂત્રકારે ગાથા-૩૬માં જણાવ્યું કે શ્રાવક સમ્યગ્દૃષ્ટિ હોવાથી આરંભના કાર્યો કરે તો પણ નિર્ધ્વંસપરિણામી ન હોવાના કારણે અલ્પ કર્મનો બંધ કરે છે. તે અલ્પકર્મના બંધને પણ તે સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રતિક્રમણ, પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત વડે ક્ષય કરી દે છે. એ વાતની પુષ્ટિ માટે સૂત્રકારે સુશિક્ષિત વૈદ્યનું દૃષ્ટાંત આપ્યું કે જેમ સુશિક્ષિત વૈદ્ય હોય તે ખાંસી, દમ, તાવ વગેરે વ્યાધિનું શમન કરી દે છે, તે જ રીતે પ્રતિક્રમણ કરનાર સમ્યગ્દૃષ્ટિ આત્મા અલ્પકર્મબંધનું જલ્દી ઉપશમન કરી દે છે.

તેથી પ્રશ્ન એ થાય કે શું કર્મનો બંધ એ અલ્પમાત્ર વિષ જેવો કે આવતા એવો રોગ જેવો નથી ? દેહમાં થોડું પણ વિષ વ્યાપ્ય હોય કે રોગના સામાન્ય ચિન્હો પણ દેખાય, તો પરિણામે તે કેટલાં ભયંકર નીવડે છે ? તો તેનું નિવારણ "પ્રતિક્રમણ" જેવા સામાન્ય ઉપાયોથી થાય ખરું ? તેનો ઉત્તર સૂત્રકાર સ્વયં આ ગાથા-૩૮, ૩૯માં આપે છે.

વૈદ્યક શાસ્ત્રના વિશારદો માત્ર સામાન્ય રોગ મટાડનારા જ હોતા નથી, પણ તેઓ મંત્ર અને મૂલના ઉપયોગમાં પણ નિષ્ણાત હોય છે. પરિણામે ગમે તેવા પ્રકારના ઝેરથી વ્યાપ્ત થયેલા શરીરને પણ તેઓ પોતાની મંત્રશક્તિ અને જડીબુટ્ટી (વિશિષ્ટ ઔષધરૂપ મૂળીયા) વડે શરીરમાંથી ઝેરને દૂર કરી દેવા સમર્થ હોય છે. એ રીતે વિષગ્રસ્ત માણસને વિષરહિત બનાવી દે છે.

તે જ પ્રમાણે જે શ્રાવક વ્રતને ધારણ કરનાર છે, શીલવંત અને ગુણવંત છે, ઋજુવ્યવહારી છે, ગુરુની શુશ્રુષા કરનારો છે તેમજ પ્રવચન (શ્રુત)માં કુશળ છે, તે આલોચના, નિંદા, ગર્હાદિના યથાર્થ મર્મને જાણનાર હોય જ છે. તેથી પ્રતિક્રમણનો વિધિ એવી કુશળતાપૂર્વક આચરે છે અને આદરે છે કે જેથી રાગ અને દ્વેષરૂપ સર્પો દ્વારા તેના શરીરમાં વ્યાપેલ આઠે પ્રકારના કર્મો રૂપી ઝેરને નિઃસત્વ નબાવી દૂર કરી દે છે. પરિણામે તેનો આત્મા કર્મરૂપી વિષથી રહિત બનીને અનંતજ્ઞાનાદિને પ્રગટ કરે છે.

આ રીતે પ્રતિક્રમણની વિધિ અને બહુમાનપૂર્વક થતી ક્રિયા એ કોઈ સામાન્ય ઉપાય કરતા ક્રિયાકાંડ માત્ર નથી, પણ અચિંત્ય પ્રભાવ ધરાવતું એક અદ્‌ભુત આયોજન છે કે જેના પરિણામે મનુષ્ય જીવનના મહાન્ ઉત્કર્ષને સાધી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યાય-૨૯માં ગાથાક્રમ-૧૧૨૪માં આ વાતની પુષ્ટી કરતો એક પ્રશ્નોત્તર છે. તે આ પ્રમાણે–

હે ભગવન્ ! પ્રતિક્રમણથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્રતિક્રમણથી જીવ સ્વીકૃત વ્રતોના છિદ્રોને બંધ કરે છે. આશ્રવોનો નિરોધ કરે છે, શુદ્ધ ચારિત્રનું પાલન કરે છે, સમિતિ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાઓના આરાધનમાં સતત ઉપયુક્ત રહે છે, સંયમ યોગમાં અપૃથક્ત્વ થાય છે અને સન્માર્ગમાં સમ્યક્ સમાધિસ્થ થઈને વિચરણ કરે છે.

આવો સમ્યક્ સમાધિસ્થ વિચરણ કરતો જીવ કર્મના ભારથી કેવો હળવો થઈ જાય તે વાત **હવેની ગાથા-૪૦માં** જણાવે છે.

**૦ ગાથા-૪૦ની ભૂમિકા :-**

પ્રતિક્રમણ-ક્રિયામાં માત્ર 'પ્રતિક્રમણ' થાય એવો શબ્દાર્થ નથી લેવાનો. કેમકે આ છ પ્રકારના આવશ્યકથી યુક્ત એવું સુંદર અનુષ્ઠાન છે. સામાયિક નામના પહેલા જ આવશ્યકને આદરતી વખતે તે 'પડિક્કમામિ' શબ્દની સાથે "નિંદામિ અને ગરિહામિ" શબ્દો પણ બોલે છે. અર્થાત્ નિંદા અને ગર્હા પણ કરે છે અને પ્રતિક્રમણ સૂત્ર (વંદિત્તુ સૂત્ર) બોલતા પહેલા તે "આલોચના" પણ કરે જ છે. એ રીતે આલોચના અને નિંદા કરતો શ્રાવક પ્રતિક્રમણ દ્વારા શું પામે ? તે આ ગાથામાં જણાવેલ છે.

– જેમ ભાર ઉતર્યો હોય તેવો ભારવાહક-મજુર,

– ઘણો જ હળવો થઈ જાય (ભારવિહિન થઈ જાય),

– તેમ પાપકર્તા મનુષ્ય પણ
– ગુરુ પાસે પોતાના પાપોની આલોચના અને નિંદા કરવાથી.
– કર્મનો ભાર ઓછો થતા ઘણો હળવો બની જાય છે.

**૦ આ કથનને સૂત્રકારના** શબ્દો દ્વારા જ સમજવા પ્રયત્ન કરીએ–

● **कयपावो** - કરેલા પાપવાળો, પાપકર્તા, પાપી.

- पाव એટલે પાપ. ૦ कय - કૃત, કરેલા

*(✱ 'પાપ' શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૩૨ "અઢાર પાપસ્થાનક" જોવું સૂત્ર-૧ "નવકાર મંત્ર"માં તથા સૂત્ર-૬ "તસ્સ ઉત્તરી"માં પણ તેની વ્યાખ્યા અપાયેલ છે તે જેવી.)*

– અર્થદીપિકા-વૃત્તિમાં જણાવે છે કે, પાપ એટલે

– "પુણ્યનું શોષણ કરે અથવા જીવરૂપી વસ્ત્રને મલિન કરે કે રજવાળુ કરે તેને પાપ કહે છે."

– આ પાપનો એક પર્યાય શબ્દ છે અશુભકર્મ. આ "અશુભકર્મ" શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૧૦ "સામાઈય વયજુત્તો" જોવું.

– આ પાપ અથવા અશુભ કર્મ પ્રકૃત્તિ-૮૨ પ્રકારે છે. તે આ રીતે–

| | |
|---|---|
| (૧) પાંચે પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ | – પ્રકૃત્તિ-૫ |
| (૨) નવ પ્રકારનું દર્શનાવરણીય કર્મ | – પ્રકૃત્તિ-૯ |
| (૩) પાંચે પ્રકારનું અંતરાય કર્મ | – પ્રકૃત્તિ-૫ |
| (૪) છવ્વીસે પ્રકારનું મોહનીયકર્મ | – પ્રકૃત્તિ-૨૬ |
| (૫) અસાતા વેદનીય કર્મ | – પ્રકૃત્તિ-૧ |
| (૬) નરક આયુષ્ય કર્મ | – પ્રકૃત્તિ-૧ |
| (૭) નીચ ગોત્ર કર્મ | – પ્રકૃત્તિ-૧ |
| (૮) નામ કર્મની ૩૪ | – પ્રકૃત્તિ-૩૪ |

નરક ગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચઆનુપૂર્વી, એકેન્દ્રિય-બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય એ ચાર જાતિ, અસદ્‌વિહાયોગતિ, પહેલા સિવાયના પાંચે સંઘયણ, પહેલા સિવાયના પાંચે સંસ્થાનો, અપ્રશસ્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ઉપઘાત નામકર્મ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય અને અપયશ એ દશ નામકર્મ.

કર્મોની ઉત્તરપ્રકૃત્તિની દૃષ્ટિએ આ ૮૨ ભેદોને કર્મગ્રંથમાં, નવતત્ત્વ પ્રકરણમાં, લોકપ્રકાશ આદિમાં 'પાપ પ્રકૃત્તિ' કહેલ છે. જો ઝીણવટથી તેની મૂળ પ્રકૃત્તિનો વિચાર કરો તો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય એ ચારે મૂળપ્રકૃત્તિઓ બધી જ પાપ પ્રકૃત્તિ છે. તેથી "જીવ સમયે સમયે સાત પ્રકારની કર્મપ્રકૃત્તિનો બંધ કરે છે." એ કથન મુજબ પુન્યપ્રકૃત્તિનો બંધ થાય કે સર્વથા ન પણ થાય, પરંતુ પાપપ્રકૃત્તિનો બંધ તો પ્રત્યેક સમયે વત્તે-ઓછો અંશે પણ ચાલુ જ રહે છે. તેથી શ્રાવકને 'कयपावो' કરેલા અલ્પ પાપવાળો - કહેવું તે યોગ્ય છે.

બીજું હિંસા, અસત્ય, ચોરી વગેરે જે પાપના હેતુઓ કહ્યા છે. તેને પણ અર્થદીપિકા ટીકામાં પાપ જ કહ્યા છે. આવા પાપોને કરનારો તે "કૃતપાપ" કે "પાપી" કહેવાય છે.

● **वि** - પણ

● **मणुस्सो** - મનુષ્ય - પુરુષ સ્ત્રી કે નપુંસક.

– વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે અહીં મનુષ્ય શબ્દથી સ્ત્રી, પુરુષ કે નપુંસક એવા મનુષ્યોનું જ ગ્રહણ કરવું. પરંતુ તિર્યંચ, દેવ કે નારકીનું ગ્રહણ કરવું નહીં. (કેમકે પ્રતિક્રમણને સવિધિ કરવાની યોગ્યતા કેવળ મનુષ્યોની જ છે.)

● **आलोइअ निंदिअ गुरु-सगासे** - ગુરુની સમીપે આલોચના કરીને અને (આત્મસાક્ષીપૂર્વક) નિંદા કરીને.

○ आलोइअ નું સંસ્કૃત રૂપાંતર आलोच्य થાય છે. જે आ + लोच् નું સંબંધક ભૂતકૃદંત છે.

○ ભગવતીજી સૂત્રમાં ૧૭માં શતકમાં, ત્રીજા ઉદ્દેશોમાં એક સૂત્રની વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિજી મહારાજ 'આલોચના' શબ્દની વ્યાખ્યા કરતા આ પ્રમાણે કહે છે – 'आ' એટલે મર્યાદાપૂર્વક સઘળા દોષોની અને 'लोचना' એટલે ગુરુ આગળ પ્રકાશના અર્થાત્ સ્પષ્ટકથન કે પ્રગટ કથન કરવું તે 'આલોચના' કહેવાય છે.

○ ધર્મસંગ્રહમાં પણ 'આલોચના' પદની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, आ એટલે અપરાધની મર્યાદાપૂર્વક આચાર્ય વગેરેની સમીપે लोचना - નિરીક્ષણ કરવું તે આલોચના.

– આલોચના શબ્દના એકાર્થક કે પર્યાય શબ્દોને જણાવતા કહ્યું છે કે, આલોચન, વિકટના, શુદ્ધિ, સદ્ભાવ-દાપના, નિંદા, ગર્હા, વિકુટ્ટન અને શલ્યોદ્ધાર એ બધાં એકાર્થક શબ્દો છે.

– आवश्यकवृत्ति મુજબ આલોચના એટલે મિથ્યાદુષ્કૃત્

– व्यवहारभाष्य ની વૃત્તિમાં આલોચનાનો અર્થ કર્યો છે – ગુરુની સમીપે વચન દ્વારા સર્વ કંઈ પ્રગટ કરવું તે.

– उत्तराध्ययन वृत्ति મુજબ આલોચના એટલે આત્મદોષોની અર્થાત્ પોતાના દોષોનું ગુરુ સમીપે પ્રકાશન કરવું તે.

○ निंदिअ - શબ્દનું સંસ્કૃત રૂપાંતર છે निन्दित्वा એટલે કે નિંદા કરીને. निंद् ક્રિયાપદનું આ સંબંધક ભૂતકૃદંતનું રૂપ છે.

– નિંદા એ એક પ્રકારની જુગુપ્સા છે. આ નિંદાના પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે પ્રકારો-ભેદો છે.

– પ્રશસ્ત નિંદા :- સ્વશુદ્ધિને અર્થે પોતાની ભૂલોની નિંદા કરવી તેને પ્રશસ્ત નિંદા કહેવાય છે.

– અપ્રશસ્ત નિંદા :- દ્વેષ આદિને કારણે અન્ય લોકોની જે નિંદા કરવી તેને અપ્રશસ્ત નિંદા કહેવાય છે.

– 'નિંદા' મુખ્યત્વે આત્મ સાક્ષીએ કરાતી ક્રિયા છે, જ્યારે તે ગુરુ સાક્ષીએ કરવામાં આવે ત્યારે તેને 'ગર્હા' કહેવાય છે તો પણ અહીં गुरुसगासे શબ્દને સાથે જોડી દઈએ તો તેનો અર્થ ગુરુની સમક્ષ આત્મનિંદા કરવી તેવો પણ થઈ શકે.

– 'નિંદા' શબ્દ પ્રતિક્રમણના એક પર્યાય રૂપે પણ કહેવાયો છે. જેને 'આત્મકુત્સા' કહે છે.

– આવશ્યક વૃત્તિમાં નિંદાનો અર્થ 'કુત્સા' પણ કર્યો છે અને ગુરુ સમક્ષ જ પોતાની 'હેલણા' કરવી તેવો પણ કર્યો છે.

– ભગવતીજી વૃત્તિમાં 'નિંદા'નો અર્થ કરતા કહ્યું છે કે, મન વડે જ કુત્સા કરવી અથવા આત્મા વડે જ આત્મદોષોની સર્વથા કુત્સા-જુગુપ્સા કરવી તે નિંદા.

● **गुरु-सगासे** - ગુરુની સમીપે, ગુરુ-સમક્ષ.

– ગુરુ શબ્દથી અહીં ગીતાર્થ ગુરુ સમજવાના છે. કારણ કે આલોચના હંમેશા ગીતાર્થની પાસે જ થાય છે. આલોચના દેવાનો અધિકાર પણ ગીતાર્થોનો જ છે. અગીતાર્થ પાસે આલોચના કરાતી નથી અને અગીતાર્થ પાસે જો આલોચના કરવામાં આવે તો આલોચકની શુદ્ધિ પણ થતી નથી.

– अर्थदीपिका વૃત્તિમાં આ વાત સમજાવવા પ્રશ્ન કર્યો છે કે–

પાપની જે આલોચના કે નિંદા કરાય તો તે સમ્યક્ પ્રકારે ક્યાં થાય ? કોની પાસે થાય ?

જો આલોચના અગુરૂ કે અગીતાર્થ વગેરેની પાસ કે પોતાની મેળે જ કરવામાં આવે તો તેમાં શુદ્ધિનો અભાવ હોવાથી - ગીતાર્થ એવા ગુરુ પાસે જ આલોચનાદિ કરવા જોઈએ.

– વૃત્તિકારે આ વિષયમાં એક સાક્ષીપાઠ આપીને જણાવ્યું છે—

"અગીતાર્થ ગુરુ પ્રાયશ્ચિત્તની વિધિને જાણતા નથી, તે કારણે ઓછું કે અધિક પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી પોતાને અને આલોચના કરનારને પણ સંસારમાં પાડે છે.

– પાપશુદ્ધિ આપ મેળે કરે તો તીવ્ર તપ કરતા પણ શુદ્ધિ થતી નથી. આ વિષયમાં શ્રી મહાનિશીથ સૂત્ર નામક આગમમાં **લક્ષ્મણા આર્યાનું** દૃષ્ટાંત અપાયેલ છે. તેનો સંક્ષેપ–

આ ચોવીશીથી ૮૦ ચોવીશી પૂર્વે કોઈ રાજાની લક્ષ્મણા નામની પુત્રી લગ્ન સમયે જ વિધવા થઈ. તેણીએ તીર્થંકર સમીપે દીક્ષા અંગીકાર કરી. કોઈ વખતે અંતરાયના કારણે વસતિમાં એકલા રહેલા લક્ષ્મણા આર્યાએ ચકલા-ચકલીનું મૈથુન જોઈને વિચાર્યુ કે - ભગવંતે મૈથુનનો નિષેધ કેમ કર્યો હશે ? અથવા ભગવંત તો અવેદી છે, તેને સવેદીના સુખ-દુઃખની શી ખબર પડે ? ઇત્યાદિ દુર્ધ્યાન ચિંતવ્યુ. પછી તેણીને પસ્તાવો થયો કે, મેં આ ઘણું જ અશુભ ચિંતવ્યું. પણ લજ્જા આદિ કારણે તેણીએ આ દુર્ધ્યાનની આલોચના બીજાના નામે લીધી. "પોતે જ આવું અશુભ ચિંતવ્યુ છે" - એમ કહી આલોચના ગ્રહણ કરી નહીં.

— પરમાત્માએ તેણીને જે પ્રાયશ્ચિત્ત જણાવ્યું તે કઠોર પ્રાયશ્ચિત્ત પણ તેણીએ અંગીકાર કર્યું. દશ વર્ષ પર્યન્ત છટ્ઠ, અટ્ઠમ, ચાર, પાંચ આદિ ઉપવાસનો ક્રમ અને પારણે છ વિગઈનો ત્યાગ, બે વર્ષ એકાંતર ઉપવાસ, બે વર્ષ માત્ર ભુંજેલા ચણા જ, ૧૬ વર્ષ સુધી માસક્ષમણને પારણે માસક્ષમણ અને વીશ વર્ષ સુધી આયંબિલ એમ ૫૦ વર્ષ લક્ષ્મણા આર્યાએ તપ કર્યો તો પણ તેણીની શુદ્ધિ ન થઈ. અનેક ભવો સુધી ભ્રમણ કરી વિકૃષ્ટ દુ:ખોને ભોગવ્યા. આવતી ચોવીસીમાં તે મોક્ષે જશે.

— માટે આલોચના ગીતાર્થ ગુરુ સમક્ષ જાતે જ લેવી.

● **होइ** - થાય છે.

● **अइरेग-लहुओ** - ઘણો ખાલી થવાથી હળવો થયેલો.

— अति + रिच् એટલે ખાલી થવું. તે પરથી अतिरेक શબ્દ બન્યો. તેનો અર્થ છે "ઘણો ખાલી થયેલો."

— लघुक - હળવો થયેલો છે તે.

— અતિશય હળવો થયેલો એવો તે "અઈરેગ લહુઓ"

— આ પદોનો સંબંધ બે વાક્યો સાથે જોડાયેલા છે—

(૧) "ભાર ઉતારેલા મજૂર" સાથે - જેની હવે વ્યાખ્યા કરાશે.

(૨) "આલોચના-નિંદા કરેલ મનુષ્ય" સાથે. જેની વ્યાખ્યા કરી છે.

—(૧) ભાર ઉતરી જવાથી જેમ મજૂર ઘણો જ હળવો થઈ જાય છે.

-(૨) તેમ આલોચના-નિંદા કરવાથી મનુષ્ય પણ હળવો થાય છે.

● **ओहरिअ भरुव्व भारवहो** - ઉતારેલા ભારવાળા મજુર જેવો.

○ ओहरिअ - અપહૃત, ઉતારેલા, ઉતારી નાંખેલા.

○ भरुव्व - જેમ ભારને, ભાર જેવો.

○ भारवह - ભારવાહક, મજૂર, જે ભારનું વહન કરે છે તે.

— જેણે ભાર ઉતારી નાખ્યો છે, તેના જેવો અથવા પોતાનો ભાર જેણે ઉતારી દીધેલ છે, તે મજૂર જેવા.

**○ ગાથાનો રહસ્યાર્થ :-**

આલોચના અને નિંદા આદિની જેમાં ઘણી જ મહત્તા રહેલી છે, તેવી આ પ્રતિક્રમણ ક્રિયા મનુષ્યને કઈ રીતે ઉપયોગી છે, એ વાતને આ ગાથા દ્વારા જણાવવામાં આવી છે.

જેમ કોઈ ભારવાહક કે મજૂર હોય, માથા પર ઘણો વધારે બોજ લઈને જતો હોય, લાંબો પથ કાપ્યા પછી જ્યારે તે બોજાને નીચે ઉતારી દે છે, ત્યારે તે હળવાપણાનો અનુભવ કરે છે, હાશકારો થાય છે. આરામ અને સુખની લાગણી અનુભવે છે.

બસ એ જ રીતે કોઈ મનુષ્ય હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર ઇત્યાદિ સર્વે પાપનો બોજો લઈને ફરતો હોય, જ્યારે તે ગીતાર્થ ગુરુ ભગવંત સમીપે જઈને

પોતાના સર્વે પાપોની કબુલાત કરીને - એકરાર કરીને તેમજ પોતાના પાપ-કાર્યોની આત્મ સાક્ષીપૂર્વક નિંદા કરે છે ત્યાર તે પોતાના પાપનો ભાર ઉતારી દે છે. પશ્ચાત્તાપ દ્વારા તેમજ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવા પૂર્વક તે અત્યંત હળવો - ભાર રહિત બને છે.

જો કે આ આલોચનાદિ ગીતાર્થ ગુરુ પાસે જ થવા જોઈએ. બીજું આવી આલોચના કરનારે પોતે જ પોતાની જાતે પોતાના પાપોનો એકરાર નિઃશલ્યપણે કરેલો હોવો જોઈએ.

નિશીથચૂર્ણિમાં કહેલું છે કે, "પાપનું જે પ્રતિસેવન થઈ જાયતે દુષ્કર નથી, પણ તેની જે આલોચના કરવી તે દુષ્કર છે, વળી પાપરૂપ શલ્ય મહાઅનર્થકારી છે.

જો આલોચના કરે તો તેના ફળને વર્ણવતા કહ્યું છે કે–

– ગુરુ પાસે પાપપંકોને સમ્યક્ પ્રકારે આલોચીને અનંત આત્માઓ અવ્યાબાધ એવા શાશ્વત સુખને પામ્યા છે - જેમ પોતાના સ્વામી રાજાની પત્ની અને પોતાની બહેનમાં આસક્ત બની સ્વામીનું રાજ્ય છળકપટથી ગ્રહણ કરવા રૂપ દ્રોહ વગેરે કરનાર ચંદ્રશેખર રાજા પોતાનાં તે ઘોર પાપની યથાર્થ આલોચના લઈ, ચારિત્ર ગ્રહણ કરીને મુક્તિ પામ્યા.

૦ ગાથા-૪૦માં આલોચનાનો લાભ જણાવ્યા બાદ હવે **ગાથા-૪૧માં** પ્રતિક્રમણથી મોક્ષફળની પ્રાપ્તિરૂપે પ્રતિક્રમણના માહાત્મ્યને સૂત્રકારશ્રી જણાવે છે.

– જો કે શ્રાવક કદાચ (સાવદ્ય આરંભને કારણે)

– બહુ પાપ રજમય-પાપકર્મવાળો થઈ જાય તો પણ–

– આ છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ વડે

– અલ્પકાળમાં ભવદુઃખોનો અંત કરે છે.

અર્થાત્ - મોક્ષ પામે છે.

આ જ કથનને **સૂત્રકારના શબ્દો** દ્વારા થોડાં વિસ્તારપૂર્વક હવે આ વિવેચનમાં રજૂ કરેલ છે–

● **आवस्सएण** - આવશ્યક વડે, પ્રતિક્રમણ વડે.

– અવશ્ય કરવા યોગ્ય તે 'આવશ્યક'

– વિશેષાવશ્યક ભાષ્યમાં આવશ્યકના એકાર્થક શબ્દો કહ્યા છે

(૧) આવશ્યક, (૨) અવશ્યકરણીય, (૩) ધ્રુવ, (૪) નિગ્રહ, (૫) વિરોધિ, (૬) અધ્યયનષટ્ક, (૭) વર્ગ, (૮) ન્યાય, (૯) આરાધના, (૧૦) માર્ગ. આ દશે (આવશ્યકના) પર્યાય શબ્દો છે.

– "સાધુએ અને શ્રાવકે રાત્રિના અને દિવસના અંતે અવશ્ય કરવા યોગ્ય છે, તે કારણથી આ "આવશ્યક" કહેવાય છે.

– જે કારણથી અવશ્ય કરવા યોગ્ય છે, તે કારણથી તે આવશ્યક છે, અથવા આવશ્યક પદમાં 'आ' શબ્દ મર્યાદા અને અભિવિધિ અર્થનો વાચક છે, તેથી મર્યાદા અને અભિવિધિ વડે ગુણોનો આધાર તે આવશ્યક છે - અથવા -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આ' એટલે સમસ્ત પ્રકારે જીવને જ્ઞાન-દર્શન ગુણોવાળો કરે તે આવશ્યક છે - અથવા -

સાન્નિધ્ય ભાવના આચ્છાદના વડે ગુણથી આત્માને વાસિત કરે તે આવાસક અર્થાત્ આવશ્યક કહેવાય છે.

આ આવશ્યકને નંદિસૂત્ર, પક્ખિસૂત્ર, આવશ્યકસૂત્ર આદિ આગમોમાં છ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે–

(૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન,
(૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ, (૬) પ્રત્યાખ્યાન

'આવશ્યક' નામક મૂલસૂત્ર-આગમમાં વર્તમાનકાળે પણ છ અધ્યયનો છે. આ છ અધ્યયનો ઉપર કહ્યા મુજબ જ છે. તેમજ તેના પર ભદ્રબાહુ સ્વામીજી કૃત્ નિર્યુક્તિ, જિનદાસગણિ મહત્તર કૃત્ ચૂર્ણિ અને હરિભદ્રસૂરિજી કૃત્ વૃત્તિ પ્રાપ્ત થાય જ છે. વળી પ્રથમ અધ્યયન પરત્વે મલયગિરિસૂરિજી રચિત વૃત્તિ તેમજ જીનભદ્રગણિ ક્ષમાશ્રમણ કૃત્ વિશેષાવશ્યક ભાષ્ય પણ મળે છે. તદુપરાંત ભાષ્યની છુટી-છવાઈ ગાથાઓ પણ વૃત્તિમાં મળે છે.

આ ગાથામાં 'આવશ્યક' શબ્દથી આ સામાયિક આદિ છ 'આવશ્યક'ને જ ગ્રહણ કરવાના છે.

"અર્થદીપિકા" નામક વૃત્તિમાં રત્નશેખરસૂરિજી જણાવે છે - અહીં "ભાવઆવશ્યક"નું ગ્રહણ કરેલ છે. "દ્રવ્યઆવશ્યક" નહીં.

આવશ્યક ક્રિયા બે પ્રકારની છે - (૧) દ્રવ્ય આવશ્યક અને (૨) ભાવ આવશ્યક.

— દ્રવ્ય આવશ્યકમાં - શરીરના રક્ષણ અને પોષણ માટે થતી ભોજન, શયન, શૌચ આદિ ક્રિયાઓ સમાવિષ્ટ છે.

— ભાવ આવશ્યકમાં - આત્માના રક્ષણ અને શુદ્ધિકરણ માટે થતી સામાયિક, ચતુર્વિંશતિ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન ક્રિયાઓ સમાવિષ્ટ છે.

— આ છ એ આવશ્યકથી જે વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે, તે વિષયમાં ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન-૨૯માં ગાથાક્રમ ૧૧૨૧ થી ૧૧૨૬માં એક-એક પ્રશ્નોત્તર છે. તેનો સંક્ષેપ આ રીતે છે –

(૧) સામાયિકથી - સાવદ્ય યોગોની વિરતિ થાય છે.

(૨) ચતુર્વિંશતિ સ્તવથી - દર્શન વિશોધિ થાય છે.

(૩) વંદનથી - નીચગોત્ર કર્મનો ક્ષય, ઉચ્ચગોત્ર કર્મબંધ થાય છે.

(૪) પ્રતિક્રમણથી - આશ્રવ નિરોધ, શુદ્ધ ચારિત્ર પાલન, સંયમ યોગોમાં સતત જોડાણાદિ પ્રાપ્ત થાય છે.

(૫) કાયોત્સર્ગથી - અતિચાર શોધન, પ્રશસ્ત ધ્યાનાદિ થાય છે.

(૬) પ્રત્યાખ્યાનથી - આશ્રવ દ્વારો બંધ થઈ જાય છે.

જ્યારે આ છ એ આવશ્યકમય પ્રતિક્રમણ ક્રિયા સવાર-સાંજ નિત્ય કરવામાં આવે ત્યારે શું લાભ મળે, તે વાત આ ગાથામાં જ હવે આગળ બતાવવામાં આવેલ છે.

● **एएण** - એના વડે, આ આવશ્યક (ક્રિયા) વડે.

● **सावओ** - શ્રાવક, શ્રમણોપાસક, શ્રાદ્ધ

– આ પદની વ્યાખ્યા માટે સૂત્ર-૧૦ "સામાઈય વયજુત્તો" જોવું.

● **जइ वि** - જો કે

● **बहुरओ** - બહુ રજવાળો, બહુકર્મવાળો

○ बहु - ઘણાં ○ रजस् - રજ, બાંધેલાં કર્મો

– અર્થદીપિકા વૃત્તિમાં 'बहुरअ' શબ્દના બે અર્થો કરે છે

(૧) 'બહુરઓ' એટલે બહુ બાંધેલાં કર્મવાળો - बहुरजाः

(૨) - અથવા - 'બહુરઓ' એટલે ઘણો આસક્ત- बहुरतः

● **होइ** - હોય છે, થાય છે.

● **दुक्खाणमंतकिरिअं** - દુઃખોના ક્ષયને.

– અહીં બે શબ્દો છે – (૧) दुक्खाणं (૨) अंतकिरिअं.

– "દુક્ખાણં" એટલે દુઃખોનો, શરીર અને મનનાં સર્વ દુઃખોનો.

– "અંતકિરિઅ" અંત ક્રિયા, અંત કરવો તે, ક્ષય કરવો તે.

● **काही अचिरेण कालेण** - થોડા કાળમાં જ કરે છે - કરશે.

○ काही - કરે છે, કરશે. ○ अचिरेण - થોડા, અલ્પ

○ कालेण - કાળ વડે, કાળે કરીને.

**○ ગાથા રહસ્યાર્થ :-**

પ્રસ્તુત ગાથા દ્વારા આવશ્યક ક્રિયા (ષડાવશ્યકમય પ્રતિક્રમણ)ની અદ્ભુત મહત્તાને પ્રગટ કરે છે. જો શ્રાવક ઘણાં કર્મો બાંધવામાં અથવા વિવિધ પાપારંભોમાં લેપાઈ જવા પામ્યો હોય તો પણ, તે અવશ્ય કરવા યોગ્ય આ ષડાવશ્યક-પ્રતિક્રમણ વડે શરીર અને મનનાં સર્વ પ્રકારના દુઃખોનો અલ્પકાળમાં જ અને ક્યારેક તે જ ભવમાં પણ ક્ષય કરી મોક્ષ પામે છે.

જો કે આ રીતે દુઃખોનો શીઘ્ર અંત થવામાં અનંતર-સીધું કારણ યથાખ્યાત ચારિત્ર છે, તેની પ્રાપ્તિ પછી જ દુઃખોનો અંત અને સર્વકર્મોનો ક્ષય થાય છે. તો પણ પરંપરાએ આ ભાવ-આવશ્યકની આરાધના પણ સકલ કર્મનો ક્ષય થવામાં હેતુ છે - અર્થાત્ શ્રાવક, સાધુમહારાજનાં વર્તનની વાંછના સ્વરૂપ આ સામાયિકાદિ છ ભાવાવશ્યકનો અભ્યાસ કરવા વડે સર્વવિરતિને આત્મસાત્ કરી તેનાં આરાધનથી તે ભવમાં મુક્તિ પામે છે.

– અથવા ભરત ચક્રવર્તી આદિની જેમ ગૃહસ્થીને પણ સામાયિક આદિ આ આવશ્યકથી કેવળજ્ઞાન સંભવે છે.

– અર્થદીપિકા વૃત્તિમાં એક સાક્ષીપાઠ આપી કહ્યું છે કે–

"સામાયિક આદિ એકએક પદની આરાધનાથી પણ અનંતા આત્માઓ મોક્ષ પામ્યા છે.

○ **હવે ગાથા-૪૨માં** "યાદ નહીં રહેલા અતિચારોની આલોચના" અંગે સૂત્રકારશ્રી જણાવે છે–

– મૂલગુણો અને ઉત્તરગુણો સંબંધી
– આલોચના કરવા યોગ્ય અતિચારો અનેક પ્રકારના છે.
– તે બધાં અતિચારો.
– પ્રતિક્રમણ વખતે યાદ આવ્યા ન હોય.
– તેથી તેની અહીં નિંદા કરું છું, ગર્હા કરું છું.

○ સૂત્રકારશ્રીના શબ્દોના વિવેચન દ્વારા આ કથન જોઈએ–

● **आलोयणा बहुविहा** - આલોચના ઘણાં પ્રકારની છે.

○ आलोयणा - આલોચના. ગાથા ૪૦માં તેની વ્યાખ્યા જોવી.

– વિશેષ એટલું કે–

"આલોચના" શબ્દનો સામાન્ય અર્થ ગુરુ સમક્ષ પાપનું પ્રકાશન અને પ્રાયશ્ચિત્ત ગ્રહણ છે. તેમ છતાં ઔપચારિક રીતે તે શબ્દ આલોચના યોગ્ય પાપોને માટે પણ વપરાય છે.

આ ગાથામાં 'આલોચના' શબ્દ ઉક્ત બીજા અર્થમાં જ વપરાયો છે. એટલે તેનો અર્થ પાપો-પ્રમાદ સ્થાનો - ભૂલો - સ્ખલનાઓ કે અતિચારો થાય છે.

○ અર્થદીપિકા વૃત્તિમાં કહ્યું છે કે, આલોચના એટલે થઈ ગયેલ અશુભ કાર્યનું ગુરુ પાસે કથન. અશુભ કાર્યમાં કારણભૂત પ્રમાદાચરણ પણ ઉપચારથી આલોચન કહેવાય છે.

○ बहुविहा ઘણાં પ્રકારની, અનેક પ્રકારની.

– આ આલોચના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય એ પાંચે આચારોના સંબંધમાં હોય, વિશેષથી બારવ્રત, સંલેખના આદિ સંબંધોમાં પણ હોય. આ તો મુખ્ય ભેદ કહ્યા, પણ પેટા ભેદોથી તે અનેક પ્રકારની ભૂલ, સ્ખલના, દોષ આદિ સંબંધે હોય છે.

● **न य संभरिआ** અને તે યાદ ન આવી કે ન સાંભરી હોય.

○ न, ન, નહીં ○ य - અને

○ संभरिआ - યાદ આવવી, સાંભરવી, સ્મરણમાં હોવી.

– અનેક પ્રકારની સ્ખલના થઈ હોય, પણ ગુરુ સમક્ષ તેનું પ્રકાશન કરતાં - પ્રગટ કરતા, તે દરેક આલોચના (ભૂલો) યાદ ન પણ આવ્યા હોય, સ્મરણમાં ન પણ રહ્યા હોય.

● **पडिक्कमण काले** - પ્રતિક્રમણના સમયે, પ્રતિક્રમણ કરતા.

– પ્રતિક્રમણ કરવાનો કાળ મુખ્ય માર્ગે ઉભય સંધ્યા છે. એટલે કે સૂર્યોદય અને સૂર્યાસ્ત એ બે કાળ છે.

– ધર્મસંગ્રહ ગ્રંથમાં વ્યવહાર સૂત્રની ચૂર્ણિ આદિના સાક્ષીપાઠ પૂર્વક 'પ્રતિક્રમણ' કઈ રીતે, ક્યારે અને શા માટે કરવું જોઈએ તે જણાવે છે–

○ કઈ રીતે ? - મુખવસ્ત્રિકા અને રજોહરણાદિથી યુક્ત થઈને વિધિપૂર્વક પ્રમાર્જેલા સ્થાને પ્રતિક્રમણ કરવું.

○ ક્યારે ? બંને સંધ્યાકાળે પ્રતિક્રમણ કરવું.

○ શા માટે ? પંચાચારની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું.

○ પ્રતિક્રમણ કાળ - એટલે બંને સંધ્યાનો સમય એમ કહ્યું. પણ સંધ્યાકાળ કોને કહેવો ?

– એક સાક્ષીપાઠ મુજબ સંધ્યાકાળ એટલે –

સૂર્ય અને નક્ષત્રોથી વર્જિત અહોરાત્રનો જે સંધિકાળ તેને તત્ત્વના જાણકાર મુનિઓએ "સંધ્યા-સમય" કહ્યો છે.

– સંધ્યાકાળનું વિશેષ સ્પષ્ટીકરણ-

સંધ્યાનો સમય સવારે અને સાંજે બંને વખતે એક-એક મુહૂર્ત જેટલો કહ્યો છે. અહીં મૂહૂર્ત એટલે બે ઘડી અથવા ૪૮ મિનિટ એમ સમજવું. સૂર્યોદયના સમયમાંથી એક ઘડી અર્થાત્ ૨૪ મિનિટ બાદ કરો અને એક ઘડી-૨૪ મિનિટ ઉમેરો તે સવારનો સંધ્યાકાળ થયો. જેમકે ૬.૩૦ વાગ્યે સૂર્યોદય હોય તો ૬.૦૬ થી ૬.૫૪ સુધીનો સવારનો સમય એ સંધ્યાકાળ કહેવાય.

એ જ રીતે સાંજના પણ સૂર્યાસ્તમાંથી એક ઘડી બાદ કરવી અને એક ઘડી ઉમેરવી. તે બે ઘડી (૪૮ મિનિટ)નો સંધ્યાકાળ કહેવાય. જેમકે સાંજે ૭.૦૦ વાગ્યાનો સૂર્યાસ્ત હોય તો ૬.૩૬ થી ૭.૨૪ સુધીનો સમય એ સંધ્યાકાળ કહેવાય.

*(* આ સમયે અસ્વાધ્યાયકાળ હોય છે, તેથી સ્વાધ્યાય કરવો કલ્પતો નથી, પણ આવશ્યક ક્રિયા કરવાની હોય છે.)*

પ્રતિક્રમણ અંગેની સામાચારી એવી છે કે, સવારના પ્રતિક્રમણ બાદ તુરંત પડિલેહણ કરે. પડિલેહણ પૂર્ણ થાય ત્યારે સૂર્યોદય થાય એ રીતે સવારનું પ્રતિક્રમણ કરવું. સાંજના પ્રતિક્રમણમાં સૂરજ અસ્ત થતો હોય ત્યારે પ્રતિક્રમણ સૂત્ર (વંદિતુ સૂત્ર) આવે અને સંધ્યાકાળની પૂર્ણાહૂતિ થાય ત્યાં સુધીમાં પ્રતિક્રમણની સમાપ્તિ થાય.

અપવાદ માર્ગે તો આજીવિકાની પરાધીનતા આદિને કારણે વહેલાં-મોડાં પણ પ્રતિક્રમણ થઈ શકે છે. તેથી સંધ્યાકાળ ન જ સાચવી શકાય, તો પણ નિત્યકર્મનું પાલન કરવું જોઈએ. *(અલબત પ્રમાદ કે ટેવને કારણે મોડા પ્રતિક્રમણ કરવું ઉચિત નથી.)*

અર્થદીપિકા વૃત્તિમાં સાક્ષીપાઠ આપીને જણાવેલ છે કે–

"આજીવિકાના સાધનોનો વિચ્છેદ થતાં ગૃહસ્થ જીવનના સર્વે કાર્યો સીદાય છે, તેથી નિરપેક્ષ વૃત્તિવાળાએ તો ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને ચારિત્ર ગ્રહણ

કરવું તે વધુ ઉચિત છે."

પરંતુ જો ગૃહસ્થ જીવન ધારણ કરેલ હોય તો પણ પ્રતિક્રમણ-આવશ્યક છોડવું જોઈએ નહીં - શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં કહ્યું છે કે

"પાતકોને (અશુભ કર્મોને) જીવ પ્રદેશમાંથી કાઢી નાખનારું, કષાયરૂપ ભાવ શત્રુને જીતનારું, પુણ્યને ઉત્પન્ન કરનારું અને મુક્તિના કારણરૂપ એવું પ્રતિક્રમણ ઉભયકાળ કરવું.

o **દૃષ્ટાંત :-** દિલ્હીમાં એક શ્રાવક રહેતો હતો. તેને ઉભયકાળ દેવસી અને રાઈ પ્રતિક્રમણ કરવાનો અભિગ્રહ હતો. રાજ્યકાર્યમાં કોઈએ ખોટું તહોમત મૂક્યું, તેથી દિલ્હીના બાદશાહે તેને સર્વાંગે બેડીઓ પહેરાવીને કેદખાનામાં પૂરી દીધો. તે દિવસે તેને લાંઘણ થઈ. તો પણ સંધ્યા વખતે પ્રતિક્રમણ કરવા માટે તેણે કેદખાનાના રખેવાળને એક ટંક પ્રમાણ સોનું આપવાનું કબૂલ કરી બે ઘડી સુધી હાથ છોડાવ્યા અને પ્રતિક્રમણ કર્યું. એ જ રીતે રાઈ-પ્રતિક્રમણ પણ કર્યું. એક મહિનો તે કેદખાનામાં રહ્યો. ત્યાં સુધી રોજ સવારસાંજ એક-એક ટંક પ્રમાણ સુવર્ણ આપીને (આપવાનું વચન આપીને) એક માસમાં ૬૦ ટંક પ્રમાણ સોનું પ્રતિક્રમણ કરવા માટે આપ્યું. પણ પ્રતિક્રમણ છોડ્યું નહીં. તેના નિયમના પાલનની આવી દૃઢતા જાણીને બાદશાહ ઘણો સંતુષ્ટ થયો અને તેને કેદખાનામાંથી મુક્ત કરી, મોટી બક્ષીસ આપી.

આ રીતે પ્રતિક્રમણ કરવામાં યતના અને દૃઢતા રાખવી.

o **આ આલોચના કઈ બાબતની** કરવાની ? તે જણાવવા માટે સૂત્રકાર હવે આ જ ગાથામાં આગળ જણાવે છે–

● **मूलगुण-उत्तरगुणे** - મૂલગુણ અને ઉત્તરગુણને વિશે.

o મૂલગુણ એટલે સ્થૂળ પ્રાણાતિપાત આદિ પાંચ અણુવ્રતો.

o ઉત્તરગુણ એટલે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો.

એ પ્રમાણે શ્રાવકના સમ્યક્ત્વ યુક્ત બાર વ્રતોમાં થયેલા અતિચારોની આલોચના કરવી.

● **तं निंदे तं च गरिहामि** - તેની હું નિંદા અને ગર્હા કરું છું.

– આ પ્રમાણે વિસ્મરણાદિ કારણે નહીં લેવાયેલ આલોચનાની પણ હું આત્મસાક્ષીએ નિંદા કરું છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. એ પ્રમાણે પ્રતિક્રમણથી શુદ્ધિ થાય છે.

o **ગાથા રહસ્ય** - વૃત્તિકાર મહર્ષિ રત્નશેખરસૂરિજી મહારાજ આ ગાથાના આરંભે અવતરણરૂપે જણાવે છે–

મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ ખ્યાલમાં પણ ન આવે એટલી સૂક્ષ્મ હોય છે, ઇન્દ્રિયોરૂપી અશ્વો અતિ ચંચળ-ચપળ હોય છે, જીવનું અત્યંત પ્રમાદ બહુલપણું હોય છે. આ કારણોથી અથવા આત્મા સતત સાવધાન ન રહેતો હોવાથી સંભવ છે કે પ્રતિક્રમણ કાળે બધી આલોચનાઓ - બધાં દુષ્કૃતો યાદ ન પણ આવે અને

કોઈ પાપ આલોચ્યા વિનાનું રહી પણ જાય, તેને શલ્ય કહેવામાં આવે છે. ભગવંતે કહ્યું છે કે—

હે ગૌતમ ! પ્રાયશ્ચિત્તના સ્થાનકો અસંખ્યાતા છે અને તેમાંથી એક પણ આલોચના થવા ન પામે અને આલોચ્યા વિના રહી જાય તો તે એકાદ અનાલોચિત કૃત્યથી પણ તે જીવનું મૃત્યુ શલ્યસહિત થયું કહેવાય.

તેથી આવા શલ્યયુક્ત મૃત્યુની સ્થિતિ ઉત્પન્ન ન થાય તે માટે અહીં તમામ સૂક્ષ્મ અતિચારોનું પ્રતિક્રમણ કરાયું છે.

*આ ગાથાના કથનની પુષ્ટી અંતિમ આરાધના વિધિની એક ગાથામાં પણ જોવા મળે છે. અંતિમ આરાધના કરતો જીવ જ્યારે આલોચના કરે ત્યારે જ્ઞાનાદિ આચારોની આલોચના પછી બોલે છે.*

"છઉમત્થો મૂઢ મણો, કિત્તિયમિત્તંપિ સંભરઈ જીવો;
જં ચ ન સંભરામ્યહં, મિચ્છા મિ દુક્કડં તસ્સ.

છદ્મસ્થ અને મૂઢ મનવાળો જીવ (એવો હું) કેટલું માત્ર સંભારે. (કેટલી આલોચના યાદ કરી શકે), તેથી જે મને સ્મરણમાં નથી તેનું પણ મારે "મિચ્છા મિ દુક્કડં" (તે મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ)

આ પ્રમાણે મૂલગુણ અને ઉત્તરગુણ સંબંધી સર્વે પણ કોઈ અતિચારોની નિંદા અને ગર્હા કરાય છે.

૦ **હવે ગાથા-૪૩માં** આરાધના માટે તત્પર થયેલ શ્રાવક ચોવીસ જિનની વંદનાપૂર્વક મંગલરૂપે શું કહે તે જણાવે છે—

— કેવળી ભગવંતોએ પ્રરૂપેલા એવા શ્રાવકધર્મની...
— આરાધના માટે હું તત્પર બન્યો છું...
— વિરાધનાથી હું વિરામ પામ્યો છું...
— તેથી કરીને મન, વચન, કાયા વડે...
— તમામ દોષોને પ્રતિક્રમતો (તેનાથી નિવૃત્ત થઈને)
— ચોવીશે જિનેશ્વરોને હું વંદના કરું છું.

સૂત્રકારના શબ્દોમાં જ આ કથનોને સમજવા પ્રયત્ન કરીએ—

● **तस्स धम्मस्स** - તે શ્રાવક ધર્મની

૦ तस्स - 'તે'. અહીં 'તે' એવું જે વિશેષણ પદ મૂક્યું છે તે ગુરુ પાસે સ્વીકારેલા શ્રાવક ધર્મને માટે વપરાયેલું છે. એટલે તેનો અર્થ "તે ગુરુ પાસે સ્વીકારેલા" એ પ્રમાણે થાય છે.

૦ धम्मस्स - ધર્મનું. પણ અહીં 'ધર્મ' શબ્દથી "શ્રાવક ધર્મનું" એમ સમજવાનું છે. કેમકે આ સૂત્રમાં સમગ્ર અધિકાર શ્રાવકના બાર વ્રતો અર્થાત્ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રતોનો છે.

— ગુરુ પાસે પ્રતિપન્ન કરેલા - સ્વીકારેલા શ્રાવક ધર્મનું.

● **केवलिपन्नत्तस्स** - કેવલિ ભગવંતોએ કહેલા.

– ૦ केवलि - જેઓને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયું છે, તેઓને કેવલિ કહેવામાં આવે છે. અથવા તો જેઓના છાદ્મસ્થિક (ઘાતી) કર્મોનો ક્ષય થયો છે, તેવા સયોગીને કેવલિ કહે છે.

– આ પદ પૂર્વે સૂત્ર-૮ "લોગસ્સ"માં આવેલું છે, (અલબત ત્યાં केवलि પદ તીર્થંકરના એક વિશેષણરૂપે વપરાયેલ છે.) પછી સૂત્ર-૧૧ "જગચિંતામણિ"માં બીજી ગાથામાં પણ કહેવાયું છે. ત્યાં પણ "કેવલિ" શબ્દની વ્યાખ્યા જોવી.

૦ पन्नत्तस्स - પ્રજ્ઞપ્ત, કહેલ, પ્રરૂપેલ.

– "કેવલિપન્નત્ત" - કેવલિ ભગવંતોએ કેવળજ્ઞાન-કેવળદર્શન વડે જાણીને-જોઈને છદ્મસ્થતાના એક પણ આવરણ રહિત પણે સર્વજ્ઞ-સર્વદર્શીત્વથી પ્રરૂપણા કરેલ-કહેલ (એવો શ્રાવકધર્મ).

** અહીં અર્થદીપિકા વૃત્તિકારે એક વાક્ય નોંધેલ છે. "તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ" એ પદો બોલીને મંગલગર્ભિત એવી હવે આગળ જણાવાતી ગાથા બોલે–*

● **अब्भुट्ठिओ मि** - ઉદ્યત થયો છું, તત્પર થયો છું.

– અહીં દ્રવ્યથી અને ભાવથી આ પદનો અર્થ સમજવાનો છે.

– દ્રવ્યથી અહીં કાયિક સ્થિતિના પરિવર્તનની વાત છે– "વંદિત્તુ સૂત્ર" બોલતી વખતે શ્રાવકે ઉત્કુટીક આસને - વીરાસને બેસીને આ સૂત્ર બોલવાનો વિધિ છે. ૪૨મી ગાથા સુધી શ્રાવક એ જ આસને આ સૂત્ર બોલે છે. ત્યારપછી ગાથા-૪૩માં 'અબ્ભુટ્ઠિઓ મિ" એ પદ બોલતા ઉત્કુટીક આસનનો ત્યાગ કરીને ઉભો થાય છે. આ વાત જણાવવા માટે અહીં "ઉભો થયો છું" એમ કહે છે.

– ભાવથી આ પદનો અર્થ છે – "ઉદ્યત્ થવું કે તત્પર થવું." અતિચારાદિ આલોચના કર્યા પછી, હળવો થયેલો શ્રાવક હવે આરાધના માટે તત્પર થાય છે તે દર્શાવવા 'અબ્ભૂટ્ઠિઓ મિ' એવું પદ અહીં વપરાયેલ છે. (એવો ભાવ ધારણ કરવો.)

● **आराहणाए** - આરાધના માટે, અનુપાલના માટે.

'आ + राध्' ક્રિયાપદનું આ રૂપ છે. આરાધના શબ્દ બન્યો છે.

– ભગવતીજી વૃત્તિ "આરાધના એટલે નિરતિચારપણે અનુપાલના."

– અર્થદીપિકા વૃત્તિ - "આરાધના એટલે સમ્યક્ પ્રકારે પાલન કરવું."

– ઉત્તરાધ્યયન વૃત્તિ - "આરાધના એટલે સમ્યગ્ આસેવન." અથવા "અનુષ્ઠાન" અથવા "જ્ઞાનાદિ આરાધનારૂપ."

– સ્થાનાંગ વૃત્તિ-આરાધના એટલે નિરતિચાર જ્ઞાનાદિ આસેવના.

● **विरओ मि** - હું વિરત થયો છું, હું વિરામ પામ્યો છું, હું નિવૃત્ત થયો છું, અટક્યો છું.

– वि + रम् - વિરામ પામવું. તેના પરથી विरत શબ્દ બન્યો. विरत એટલે

વિરામ પામેલો, નિવૃત્ત થયેલો.

● **विराहणाए** - વિરાધનાથી, ખંડણાથી.

– "વિરાધના" શબ્દની વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૫ "ઇરિયાવહી" જોવું. ત્યાં विराहिया અને विराहणा શબ્દો છે.

● **तिविहेण** - ત્રણ પ્રકારે - મન, વચન, કાયા વડે.

– 'तिविहेण' શબ્દની વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૯ "કરેમિ ભંતે"નું વિવેચન જુઓ.

● **पडिक्कंतो** - પડિક્કમતો, પ્રતિક્રમણ કરતો.

– આટલી ગાથાના વિવરણને અર્થદીપિકા વૃત્તિમાં આ રીતે રજૂ કરેલ છે - કેવલિ ભગવંતે પ્રરૂપેલાં અને ગુરૂ મહારાજ પાસે સ્વીકારેલા તે શ્રાવકધર્મનું સમ્યક્ પ્રકારે પાલન કરવા માટે હું ઉભો થયો છું - ઉદ્યત્ થયો છું અને તેની ખંડનાથી વિરામ પામ્યો છું. એટલે કે, મન, વચન, કાયાથી પાછો ફર્યો છું. એ રીતે પ્રતિક્રમેલા એવા અતિચારોથી પાછો ફરેલ એવો હું... (મંગલ નિમિત્તે...)

● **वंदामि जिणे चउव्वीसं** - ચોવીશે જિનને વાંદુ છું.

– આ જ પ્રકારનો ભાવ પ્રગટ કરતા શબ્દો - સૂત્ર-૨૩ "સિદ્ધાણં બુદ્ધાણં"ની પાંચમી ગાથામાં પણ આવેલ છે.

– અહીં વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે, ક્ષેત્રાશ્રિત, કાલાશ્રિત અને આસન્નોપકારી એવા શ્રી ઋષભદેવ આદિ ચોવીશે જિનેશ્વરોને હું વંદના કરું છું. અહીં "વંદામિ જિણે ચઉવ્વીસં" પદથી પાંચ ભરતક્ષેત્રના, પાંચ ઐરવત ક્ષેત્રના તથા ઉપલક્ષણથી પાંચ મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરોને પણ વંદના સમજવાની છે.

○ **ગાથા રહસ્ય** - પૂર્વેની ગાથા-૪૨ વગેરેમાં જણાવ્યા મુજબ પ્રતિક્રમણ કરનાર શ્રાવક, પોતાનાથી થયેલ દુષ્કૃત વગેરેની નિંદા અને ગર્હા કરવારૂપ પ્રતિક્રમણ કરીને, જેનું મૂળ વિનય છે તેવા ધર્મની આરાધના માટે તત્પર બને છે.

પ્રતિક્રમણની ક્રિયા ધર્મારાધનાનું એક અંગ છે. આ ધર્મનો સ્વીકાર ગુરુ મહારાજ પાસે કરાય છે. આ ધર્મના મૂળ પ્રરૂપક તો જિનેશ્વર ભગવંતો છે. પછી કેવલિ ભગવંતો દ્વારા તે પ્રરૂપણા કરાય છે. ભગવંતો દ્વારા સાધુધર્મ અને શ્રાવકધર્મ બંને પ્રરૂપણા થઈ છે. તેમાં ગુરુ સાક્ષીએ સમ્યક્ત્વ સહિત બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરવો અને તેના પાલનમાં પ્રયત્નવંત રહેવું એ શ્રાવકધર્મની આરાધના છે. આવી આરાધના માટે તત્પર થનારે વિરાધનાથી વિરત થવું જોઈએ, કેમકે જ્યાં વિરાધના હોય ત્યાં આરાધનાનો સંભવ નથી. વિરાધનાથી અટકવા માટે મન, વચન, કાયાની શુદ્ધિ જરૂરી છે. જે વાત ગાથામાં 'તિવિહેણ પડિક્કંતો' શબ્દથી રજૂ કરાયેલ છે ત્યાર પછી મંગલને અર્થે ચોવિસે જિનને વંદના કરવામાં આવી છે.

આ રીતે પ્રતિક્રમણ કરનારને સૂત્રકારે 'આરાધક' કહેલ છે.

○ **આ પ્રમાણે ભાવ જિનેશ્વર પરમાત્માને** વંદના-નમસ્કાર કર્યા પછી

સમ્યક્ત્વની શુદ્ધિ અર્થ હવે પછીની ગાથા-૪૪માં ત્રણે લોકમાં રહેલા શાશ્વતા-અશાશ્વતા સ્થાપના જિનને વંદના કરવામાં આવેલ છે–

**जावंति चेइआइं, उड्ढे अ अहे अ तिरिअलोए अ;**
**सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं.**

*– આ સમગ્ર ૪૪મી ગાથા સ્વતંત્રપણે એક સૂત્રરૂપે સૂત્ર-૧૪ "જાવંતિ ચેઇઆઇં" પૂર્વે આવી ગયેલ છે. તેથી આ ગાથાની વ્યાખ્યા અને વિવેચન સૂત્ર-૧૪ માં જોવા. અહીં આ સૂત્રનો માત્ર સામાન્ય અર્થ નોંધેલ છે. જેથી આ સૂત્રની સળંગ સૂત્રતા જળવાઈ રહે.*

– ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોકમાં
– જેટલા ચૈત્યો છે - જિનપ્રતિમાઓ છે.
– ત્યાં રહેલા તે સર્વે ચૈત્યોને - જિનપ્રતિમાઓને
– અહીં રહેલો એવો હું વંદન કરું છું.

આ રીતે ત્રણે લોકમાં રહેલા ૮,૫૭,૦૦,૨૮૨ શાશ્વત ચૈત્યો તથા તેમાં રહેલ ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ શાશ્વત પ્રતિમાને તથા જ્યોતિષ્ક અને વ્યંતરના સ્થાનમાં રહેલ અસંખ્ય ચૈત્યો અને પ્રતિમાઓને તથા અશાશ્વત એવા સર્વે ચૈત્યો અને પ્રતિમાઓને આ ગાથામાં વંદના કરવામાં આવી છે.

**આ પ્રમાણે** ગાથા-૪૩ ભાવ જિનને અને ગાથા-૪૪માં સ્થાપના જિનને વંદના કર્યા પછી **હવે ગાથા-૪૫માં** સર્વે સાધુઓને વંદના કરાય છે.

*✱ આ આખી ગાથા-૪૫ પૂર્વે એક સ્વતંત્ર સૂત્રરૂપે સૂત્ર-૧૫ "જાવંત કે વિ" નામથી આવી ગયેલ છે. તેથી આ ગાથાની વ્યાખ્યા અને વિવેચન સૂત્ર-૧૫ - "જાવંત કે વિ૦"માં જોવા.*

**जावंत के वि साहू, भरहेरवयमहाविदेहे अ;**
**सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंडविरयाणं.**

– (મન, વચન, કાયા) એ ત્રણ દંડથી વિરમેલા...
– ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા...
– જે કોઈપણ મુનિરાજો હોય તે સર્વેને
– મન, વચન, કાયા વડે હું પ્રણામ કરું છું.

આ રીતે સર્વે મુનિરાજોને વંદના કરાય છે. જેમાં ભરત આદિ ત્રણ ક્ષેત્રોના નામો આપ્યા છે, પણ પદાંતે આપેલ 'अ' થી વ્યંતરાદિ દેવો વડે હરણ કરાય, વિશિષ્ટ લબ્ધિથી નંદીશ્વરદ્વિપાદિની યાત્રાર્થે ગયેલ ઇત્યાદિ સર્વે સાધુઓનું અહીં ગ્રહણ કરવાનું છે. સંક્ષેપમાં - કહીએ તો કોઈ પણ સ્થાને રહેલા કોઈપણ સાધુ પછી તે કેવલિ હોય, લબ્ધિધર હોય, પદસ્થ હોય કે સામાન્ય મુનિરાજ હોય તે સર્વેને અહીં વંદના કરાય છે.

મન, વચન, કાયા શબ્દની વ્યાખ્યા અર્થદીપિકામાં આ પ્રમાણે છે

(૧) મનથી-મુનિરાજોના ગુણોનું સ્મરણ કરવાપૂર્વક બહુમાન કરવું તેને

મનથી પ્રણામ કર્યો કહેવાય.

(૨) વચનથી - તે મુનિરાજોનું નામોત્કીર્તન કરવું તે વચનથી પ્રણામ.

(૩) કાયાથી - સહેજ મસ્તક નમાવવારૂપે પ્રણમવું તે કાયાથી પ્રણામ.

૦ **સર્વે પ્રતિમાઓને તથા સર્વે મુનિરાજોને** પૂર્વેની ગાથા-૪૪ અને ૪૫માં વંદના-પ્રણામ કર્યા પછી શુભ પરિણામની ધારામાં અતિશય વૃદ્ધિ પામતો એવો પ્રતિક્રમણ કરનાર સુશ્રાવક **હવે-૪૬મી ગાથામાં** ભવિષ્યને માટે પણ શુભ ભાવની અભિલાષા કરે છે. તે આ પ્રમાણે–

– દીર્ઘકાળથી એકઠાં કરેલાં પાપોનો વિનાશ કરનારી

– લાખો ભવોનો વિનાશ કરનારી-

– ચોવીશે જિનેશ્વરોના મુખથી નીકળેલી ધર્મકથા વડે

– મારા દિવસો પસાર થાઓ.

૦ ગાથાના શબ્દો અનુસાર તેનું વિવેચન હવે કરીએ છીએ–

● **चिर-संचिअ-पाव-पणासणीइ** - લાંબા કાળથી ઉપાર્જન કરેલાં પાપોનો નાશ કરનારી (એવી)

૦ चिर - દીર્ઘ અથવા લાંબો એવો કાળ. અહીં 'કાળ' શબ્દ સમજી લેવાનો છે. તેથી દીર્ઘકાળથી કે લાંબા કાળથી એવો અર્થ કર્યો.

૦ संचिअ - સંચિત, એકઠાં કરેલા, ઉપાર્જન કરેલાં.

૦ पाव - પાપ. 'પાપ' શબ્દની વ્યાખ્યા પૂર્વે સૂત્ર-૩૨ 'અઢાર પાપ૦''માં તેમજ વંદિત્તુ સૂત્રની ગાથા-૪૦માં પણ કરાયેલ છે.

૦ पणासणी - પ્રકૃષ્ટતયા નાશ કરનારી. અહીં મૂળ ક્રિયાપદ प्र+नाश् છે, તે પરથી प्रणाश શબ્દ બન્યો છે. પણ આ આખુ પદ 'कहा' નું વિશેષણ રૂપ હોવાથી प्रणाशनी એવો શબ્દ બનાવેલ છે.

– આ ગાથાના ત્રીજા ચરણમાં જે 'कहा' શબ્દ છે, તેની સાથે આ પ્રથમ ચરણનો સંબંધ જોડતા એમ કહેવાય કે, ''દીર્ઘકાળથી એકઠાં કરેલા એવા પાપોનો પ્રકૃષ્ટતયા નાશ કરનારી કથા વડે–

● **भव-सय-सहस्स-महणीए** - લાખો ભવોનું મથન કરનારી.

૦ भव - ભવ. સંસારમાં થતી રખડપટ્ટી, જન્મ-મરણના ફેરા.

– જીવ ક્યારેક પૃથ્વીકાયરૂપે જન્મ લે, ક્યારેક વિકલેન્દ્રિયરૂપે જન્મ પામે, ક્યારેક પંચેન્દ્રિયપણામાં ઉત્પન્ન થાય, તેમાં પણ મનુષ્ય થાય, નારકી થાય, દેવ થાય, તિર્યંચ પણ થાય - આવી રીતે આયુષ્યકર્મ પુરું થતાં જુદી-જુદી અવસ્થાને ધારણ કરે તેને 'ભવ' કહે છે.

૦ सय-सहस्स આ સંખ્યાવાચી પદ છે.

૦ शत - એટલો ૧૦૦ ૦ सहस्र એટલે ૧૦૦૦

– તેથી ૧૦૦ ને ૧૦૦૦ વડે ગુણતા 'શતસહસ્ર' એવુ પદ બને છે. શતસહસ્ર એટલે લાખ અર્થાત્ લાખો કે અનેક ભવોનું.

૦ महणी - मह નું સંસ્કૃત રૂપાંતર છે મથ્ - એટલે મથન કરવુ કે નાશ કરવો. महणी - એટલે 'મથની' મથન કરનારી, નાશ કરનારી.

— આ પદ પણ ચોથા ચરણમાં આવતા 'कहा' પદનું વિશેષણ છે.

— કેવી કથા ? અર્થાત્ કથાઓનું માહાત્મ્ય શું છે ?

આ કથાઓમાં બે પ્રકારની વિશેષતા રહેલી છે, તેમ કહે છે.

(૧) આ કથાઓ - દીર્ઘકાળના એકઠા કરેલા પાપોનો નાશ કરનારી છે.

(૨) આ કથાઓ - લાખો (અનેક) ભવો અર્થાત્ જન્મ-મરણના ફેરાનો પણ નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

● **चउवीस-जिण-विणिग्गय-कहाइ** - ચોવીશ જિનેશ્વરોથી નીકળેલી કથાઓ વડે.

પૂર્વેના બે ચરણમાં કથાઓનું સામર્થ્ય જણાવીને સૂત્રકારશ્રી આ પદમાં તે કથા ક્યાંથી પ્રાપ્ત થઈ તેનો ઉલ્લેખ કરે છે.

૦ चउवीस-जिण ચોવીશ જિન.

— અહીં 'ચોવીશજિન' શબ્દનો વાચ્યાર્થ નહીં પણ રહસ્યાર્થ લેવો. ભરત અને ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક અવસર્પિણી કે ઉત્સર્પિણી કાળમાં એક-એક ચોવીસી હોય છે અર્થાત્ જિનેશ્વરોની ચોવીશ ચોવીશની સંખ્યા હોય છે. આ અર્થમાં "ચઉવીશ જિન" એટલે માત્ર ચોવીશ જિનેશ્વર એમ નહીં વિચારતા પ્રત્યેક જિનેશ્વર એવો અર્થ ગ્રહણ કરવો.

— બીજું મહાવિદેહ ક્ષેત્રમાં 'ચોવીસી' હોતી નથી છતાં ત્યાંના તીર્થંકર પરમાત્માના પણ જીવન, ગુણ, નામ, ચરિત્રો, ધર્મપ્રરૂપણા આદિ હોય તો છે જ. તેથી 'ધર્મકથા'ની પ્રાપ્તિ તો તેમાંથી પણ થાય જ છે. માટે ઉપલક્ષણથી મહાવિદેહ ક્ષેત્રના જિનેશ્વરોનો પણ અહીં સમાવેશ થાય છે.

— સંક્ષેપમાં કહીએ તો "ચોવીસજિન" અર્થાત્ પ્રત્યેક જિનેશ્વર-પરમાત્મા સંબંધી કથા (કથન)નો અહીં સમાવેશ કરાયેલ છે.

૦ विणिग्गय એટલે વિનિર્ગત - નીકળેલી.

૦ कहा - એટલે ધર્મકથા, ધર્મકથન.

— વિનિર્ગત કથાનો અર્થ વિવિધ રીતે દર્શાવાયેલ છે. ગંભીરતાથી આ અર્થોની વિચારણા જરૂરી છે. કેમકે કથા એટલે માત્ર 'વાર્તા' અર્થ નથી.

(૧) સામાન્ય અર્થ — જિનેશ્વરોના મુખથી નીકળેલી ધર્મકથાઓ.

(૨) વિશેષ અર્થ — તીર્થંકરોના નામનું કિર્તન, અને
— તીર્થંકરોના ગુણોનું કિર્તન તથા
— તીર્થંકરોના ચરિત્રોનું વર્ણન આદિ.

અહીં ઉપલક્ષણથી બોધ કરાવતી સર્વે ધર્મકથાઓ સમજી લેવી.

૦ ધર્મકથા શબ્દથી માત્ર કથા કે ચરિત્રો એવો અર્થ ગ્રહણ થતો નથી. કથા એ તો સમગ્ર ધર્મદેશનાનો એક ભાગ માત્ર છે.

– ધર્મકથા એટલે 'ધર્મકથન' ધર્મને પુષ્ટ કરનારી ધર્મદેશના. તેમાં જિનેશ્વરો દ્વારા અપાયેલ સમગ્ર ધર્મોપદેશનો સમાવેશ થાય છે. તે ધર્મકથારૂપે હોય, દ્રવ્યાનુયોગરૂપે પણ હોય, આચારોના વર્ણનરૂપ ચરણ-કરણાનુ યોગરૂપે પણ હોય કે ગણિત આદિ અન્ય કથન સ્વરૂપે પણ હોય. બધો જ ઉપદેશ ધર્મકથા કહેવાય છે.

– કેમકે कहा શબ્દમાં મૂળ સંસ્કૃત ક્રિયાપદ कथ् છે અને कथ् એટલે કહેવું, બોલવું, વ્યાખ્યાન કે ઉપદેશ અર્થ થાય છે.

● **वोलन्तु मे दिअहा** - મારા દિવસો પસાર થાઓ.

○ वोलन्तु એટલે પસાર થાઓ, વ્યતીત થાઓ, જાઓ.

○ मे - મારા ○ दिअहा - એટલે દિવસો.

– મારા દિવસો ચોવીસે જિનેશ્વરની કથા કે ધર્મકથનથી યુક્ત એવા વચનોથી - ચિંતનોપૂર્વક પસાર થાઓ.

**○ ગાથા રહસ્ય –** શ્રાવકનો દિવસ કે સમય કઈ રીતે પસાર થવો જોઈએ ? અથવા કઈ રીતે શ્રાવક સમય પસાર કરવાની અભિલાષા રાખે ? આ પ્રશ્નનો ઉત્તર આ ગાથામાં અપાયો છે.

પ્રતિક્રમણ કરનાર શ્રાવક પોતાના હૃદયમાં એવી ભાવના રાખે કે મારા દિવસો જિનેશ્વર ભગવંતે કહેલ ધર્મકથા કે દેશનાના સ્વાધ્યાય કરવામાં પસાર થાઓ કે જે કથાઓ લાંબા કાળના સંચિત થયેલાં પાપોનો નાશ કરનારી તથા લાખો ભવોનો અર્થાત્ જન્મ-મરણના ફેરાનો નાશ કરનારી છે.

શ્રાવકનો અર્થ છે "પરલોકના હિતની બુદ્ધિથી ઉપયોગપૂર્વક ધર્મદેશના-જિનવચનને સાંભળે" તેથી શ્રાવકે તીર્થંકર પરમાત્મા હોય તો તેના સમવસરણમાં જઈને અને ન હોય તો પછી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ મહારાજ-જેનો પણ યોગ મળે તેની પાસે જઈને ધર્મનો ઉપદેશ સાંભળવો. બાકીનો સમય તે ઉપદેશના મનન, ચિંતન આદિ રૂપે વાગોળવામાં કરવો.

અહીં વૃત્તિકાર મહર્ષિ એક સ્પષ્ટતા કરે છે કે–

શ્રાવક પોતાનો દિવસ આ રીતે પસાર થાઓ - એવી જ વિચારણા કરે તેને પ્રાર્થના કે આશંસા દોષ સમજવો નહીં. પણ જેમ "જયવીયરાય" સૂત્ર આદિમાં બોધિબીજ, સમાધિ આદિ માટે પ્રાર્થના કરાયેલ છે તેમ અહીં તેની "અભિલાષા સૂચવે છે" તેમ માનવું.

**○ હવે ગાથા-૪૭માં** મંગલનું કથન કરીને સમ્યગ્ દૃષ્ટિ દેવો પાસે (ભવાંતરે પણ) બોધિ અને સમાધિની પ્રાપ્તિ માટેની સહાય મળે તે પ્રાર્થના કરવામાં આવે છે.

● **मम मंगलम्** - મને મંગલરૂપ છે, મારે મંગલરૂપ થાઓ.

○ मंगल - શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧ "નવકારમંત્ર"માં જોવી.

● **अरिहंता** - અરિહંતો, તીર્થંકર પરમાત્માઓ.

– अरिहंत શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૧ "નવકારમંત્ર' અને સૂત્ર-૧૩ "નમુત્થુણં" સૂત્રો જોવા.

● **सिद्धा** - સિદ્ધો, સિદ્ધ ભગવંતો.

– 'સિદ્ધ' શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧ "નવકારમંત્ર", સૂત્ર-૮ "લોગસ્સ" સૂત્ર-૨૩ "સિદ્ધાણં બુદ્ધાણં" ઇત્યાદિમાં જોવી.

● **साहू** - સાધુઓ, સાધુ ભગવંતો, મુનિરાજો

– "સાધુ" શબ્દની વ્યાખ્યા સૂત્ર-૧ "નવકારમંત્ર", સૂત્ર-૧૫ "જાવંત કે વિ૰" આદિ સૂત્રોમાં જોવી.

● **सुअं** - શ્રુત, દ્વાદશાંગી, શ્રુતધર્મ

● **धम्मो** - ધર્મ, ચારિત્રધર્મ.

● **च કે अ** બંને **"અને" અર્થમાં વપરાય છે.**

– શ્રુતધર્મ અને ચારિત્રધર્મ સંબંધી ઉલ્લેખ સૂત્ર-૨૨ "પુક્ખર-વરદીવડ્ઢે"માં થયેલો જ છે.

**૦ ગાથા-૪૭ના પૂર્વાર્ધ** સંબંધે "અર્થદીપિકા" વૃત્તિમાં જણાવે છે–

(૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) સાધુ, (૪) પરમાત્મા પ્રરૂપિત દ્વાદશાંગીરૂપ શ્રુત અથવા શ્રુતધર્મ અને (૫) ચારિત્રધર્મ સ્વરૂપ ધર્મ.

– એ પાંચે મારે મંગલરૂપ છે, મને મંગલરૂપ થાઓ.

અહીં ગાથામાં સૂત્રકારે જે 'अ' શબ્દ મૂક્યો છે, તેનાથી સૂત્રમાં મંગલની સાથે લોકોત્તમ અને શરણ બંનેને ગ્રહણ કરવાનું સૂચવે છે. અર્થદીપિકા વૃત્તિમાં કહેલ છે કે, અરિહંત આદિ પાંચને માટે જે "મંગલ" શબ્દ વપરાયો છે તેની સાથે અરિહંતાદિ પાંચે આ લોકમાં ઉત્તમ છે અને અરિહંતાદિ પાંચે મારે શરણરૂપ છે - એ બંનેનો 'अ' પદથી સમુચ્ચય થાય છે, તેમ સમજી લેવું.

– સંથારા પોરિસી આદિમાં "ચત્તારિ મંગલં", "ચત્તારિ લોગુત્તમા" અને "ચત્તારિ શરણં" એ ગાથાઓ દ્વારા "મંગલ" આદિ ચારને ગણાવેલા છે, અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલિ પ્રરૂપીત ધર્મ. તેને બદલે અહીં પાંચ કેમ કહ્યા ? 'ધર્મ' શબ્દથી શ્રુતધર્મ અને ચારિત્રધર્મ બંનેનું ગ્રહણ તો થાય જ છે. પછી અહીં બંને અલગ કેમ ?

અહીં શ્રુતધર્મને અલગ લેવાનું કારણ જણાવતા વૃત્તિકારશ્રી કહે છે કે, જ્ઞાન અને ક્રિયા બંને હોય તો જ મુક્તિ પ્રાપ્ત થાય છે, તે વાતનો વિશિષ્ટ નિર્દેશ કરવા માટે અહીં બંને ધર્મો અલગ કહ્યા છે.

કહ્યું છે કે, ક્રિયા વિનાનું એકલું જ્ઞાન-જાણપણું હણાએલું છે - નકામું છે અને જ્ઞાન વિનાની એકલી ક્રિયા પણ હણાએલી છે. અર્થાત્ જ્ઞાન પાંગળું છે અને ક્રિયા આંધળી છે.

**૦ દૃષ્ટાંત :-** એક જંગલમાં એક પંગુ જતો હતો અને એક અંધ પણ જતો હતો. જંગલમાં દાવાનળ લાગ્યો. પાંગળો માણસ હતો તેણે જોયું કે દાવાનળ

લાગ્યો છે, પણ જાણવા છતાં તે ભાગવારૂપ ક્રિયા ન કરી શકવાથી ભસ્મીભૂત થઈ ગયો. અંધ માણસ નાસી જવાની ક્રિયા તો કરી શકે તેમ હતો, પણ નાસે ક્યાં ? તે માર્ગને જાણતો - દેખતો ન હતો. તેથી તે પણ બળી મર્યો. પરંતુ જો તે પંગુ અને અંધ ભેગા થઈ ગયા હોત તો ચાલી શકનાર અંધ દેખતા-જાણતા એવા પંગુને પોતાના ખભે બેસાડી કે ટેકો આપીને પંગુ કહે તે દિશામાં ગતિ કરત, તો તે ઘોર દાવાનળમાંથી બંને બચી ગયા હોત. આ રીતે જ્ઞાન અને ક્રિયા બંનેનો યોગ હોય તો જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે.

આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે, अणाणाए एगे० કેટલાક આત્માઓ આજ્ઞા અર્થાત્ જિનેશ્વર કથિત જ્ઞાનથી રહિત હોવા છતાં વ્રત, તપ, નિયમાદિ ક્રિયામાં જોડાયેલા હોય છે અને કેટલાક આત્માઓ આજ્ઞા અર્થાત્ જિનેશ્વર કથિત જ્ઞાનથી યુક્ત હોવા છતાં આત્મકલ્યાણની ક્રિયા માટે ઉદ્યમવંત હોતા નથી. હે આત્મન્ ! તારા માટે એવું ન બને તેનું તું ધ્યાન રાખજે.

● **सम्मद्दिट्ठी देवा दिंतु समाहिं च बोहिं** - હે સમ્યગ્દૃષ્ટિ દેવો ! મને સમાધિ અને બોધિને આપો.

— હે સમ્યગ્દૃષ્ટિ દેવો ! મને ચિત્તની સમાધિ અને બોધિ-પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિમાં સહાયક થાઓ.

૦ सम्मद्दिट्ठी देवा - સમ્યગ્દૃષ્ટિ દેવો. જિનેશ્વર પરમાત્માના સર્વે અધિષ્ઠાયક યક્ષ અને યક્ષિણીઓ ઇત્યાદિ સમકિતવંત દેવ-દેવી.

૦ समाहि એટલે સમાધિ અને बोहि એટલે બોધિ.

— 'સમાહિ', 'બોહિ' અને 'દિંતુ' શબ્દોની વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૮ "લોગસ્સ"ની ગાથા-૬ જોવી. આ જ પદોનો ઉલ્લેખ સૂત્ર-૧૮ "જયવીયરાય"માં પણ થયેલો જ છે.

વિશેષ ઉલ્લેખ કરતા વૃત્તિકાર મહર્ષિ જણાવે છે કે—

"સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા. સમાધિ એ સર્વ ધર્મોરૂપ વૃક્ષોનું મૂળ છે, સર્વ ધર્મરૂપ શાખાઓનું થડ છે, સર્વ ધર્મરૂપ નાની-નાની ડાળીઓની શાખા છે અથવા ધર્મરૂપ વૃક્ષનું ફળ છે અથવા તો ધર્મરૂપ અંકુરનું બીજ છે." કારણ કે ચિત્તની સ્વસ્થતા વિના વિશિષ્ટ ધર્મક્રિયા પણ પ્રાય કષ્ટ ક્રિયા બને છે.

આવી સમર્થ સમાધિને હણનાર આધિ અને વ્યાધિ છે. તે આધિ વ્યાધિનું નિવારણ ત્યારે થાય જ્યારે તેના કારણભૂત ઉપસર્ગોનું નિવારણ થાય. તે ઉપસર્ગો નિવારવા સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓ સમર્થ હોવાથી તેમને અહીં પ્રાર્થના કરાય છે.

આપણે ક્રિયામાં પણ "ક્ષેત્રદેવતા" અર્થે કાયોત્સર્ગ કરીએ જ છીએ. હરિભદ્રસૂરિજીએ લલિત વિસ્તરામાં કહ્યું છે કે, ચોથી સ્તુતિ વૈયાવચ્ચ કરનાર યક્ષ યક્ષિણીઓની હોય છે. જોગ, ઉપધાન, વ્રત ઉચ્ચારણ આદિમાં 'નંદિ'ની ક્રિયામાં પણ સમ્યગ્દૃષ્ટિ દેવતા નિમિત્તે કાયોત્સર્ગ થાય છે. આ દરેક પ્રમાણોથી સિદ્ધ છે

કે, 'સમ્યગ્દૃષ્ટિ દેવો પાસે સમાધિ તથા બોધિલાભની (સહાયાર્થે) પ્રાર્થના કરવામાં દોષ નથી.

○ **હવે ગાથા-૪૮માં** પ્રતિક્રમણ શા માટે કરવું ? તે કહે છે.

● **पडिसिद्धाणं करणे** - પ્રતિષેધ કરાયેલાનું કરવું.

— પ્રતિક્રમણ શા માટે કરવું ? તેનું આ પહેલું કારણ કહ્યું છે.

○ पडिसिद्ध - એટલે પ્રતિષિદ્ધ - જેમાં પ્રતિ + સિધ્ ક્રિયાપદ છે. તેનો અર્થ છે - નિષેધ કરવો કે મનાઈ ફરમાવવી. તેના પરથી શબ્દ બન્યો છે પ્રતિસિદ્ધ - એટલે કે નિષેધ કરાયેલ, પ્રતિષેધ કરાયેલ, મનાઈ કરાયેલ.

○ करणे - કરવામાં.

— જ્ઞાની ભગવંતોએ જે વસ્તુઓનો કે ક્રિયાઓનો નિષેધ કરેલો છે તેવી ક્રિયાઓ કરી હોય. જેમકે-

અવિરતિ શ્રાવક હોય અર્થાત્ જેણે વ્રત ગ્રહણ ન કર્યા હોય તેવાને પણ અઢાર પાપસ્થાનકના સેવનનો પ્રતિષેધ છે. છતાં શાસ્ત્ર નિષિદ્ધ એવા આ પાપસ્થાનકોમાં કોઈપણ પાપસ્થાનકનું સેવન કર્યું હોય તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

● **किच्चाणमकरणे** - કરવા યોગ્ય કૃત્યો નહીં કરવામાં.

— પ્રતિક્રમણ શા માટે કરવું ? તેનું આ બીજું કારણ કહ્યું છે.

○ किच्च એટલે कृत्य - અર્થાત્ કરવા યોગ્ય.

○ अकरण એટલે ન કરવું તે (ન આચરવું તે)

— જ્ઞાની ભગવંતોએ જે ક્રિયા કે વસ્તુઓ કરવાની કહી છે તે ન કરી હોય. જેમકે - શ્રાવકોના નિત્ય કૃત્ય જેવા કે દેવપૂજા, ગુરુવંદન, છ પ્રકારના આવશ્યકો, સુતા-ઉઠતા સાત નવકાર ગણવા ઇત્યાદિ કર્તવ્યો તેણે કરવા જોઈએ. છતાં આ કૃત્યો ન કર્યા હોય તો પ્રતિક્રમણ કરવું જોઈએ.

*(* શ્રાવકે કરવા યોગ્ય કૃત્યોનો અહીં તો સામાન્ય નિર્દેશ માત્ર કર્યો છે. શ્રાવકે પોતે શું કરવું જોઈએ ? તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઈએ. તે માટે શ્રાવક દિનકૃત્યો, રાત્રિકૃત્યો, પર્વકૃત્યો, વાર્ષિકકૃત્યો, શ્રાવકના ૩૬-કર્તવ્યો ઇત્યાદિ બધું જ પંચાશક, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, ધર્મસંગ્રહ, ધર્મબિંદુ આદિ ગ્રંથોથી જાણી લેવું જોઈએ.)*

● **अ** - એટલે અને.

● **पडिक्कमणं** - પ્રતિક્રમણ, પ્રતિક્રમણની ક્રિયા.

— આ શબ્દનો સંબંધ અહીં પૂર્વે રજૂ કરેલા બે કૃત્યો અને હવે પછી રજૂ થનારા બે કૃત્યો - એમ ચારે કૃત્યો સાથે છે એટલે કે—

(૧) જેની મનાઈ ફરમાવી છે તે કરે - આચરે તો પ્રતિક્રમણ.

(૨) જે કરવાનું કહ્યું છે તે ન કરે - ન આચરે તો પ્રતિક્રમણ.

(૩) જિનવચનો કે જિનપ્રણિત તત્ત્વોમાં અશ્રદ્ધા કરે તો પ્રતિક્રમણ.

(૪) વિપરીત પ્રરૂપણા કે ઉન્માર્ગ દેશના કરે તો પણ પ્રતિક્રમણ.

*(૦ પ્રતિક્રમણ શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૫ "ઇરિયાવહી" જોવું.)*

● **असद्दहणे** - અશ્રદ્ધા થવામાં

— જિનેશ્વર પરમાત્માના વચનોમાં અશ્રદ્ધા કરી હોય.

— જ્ઞાની ભગવંતોએ કહેલા સૂક્ષ્મતત્ત્વો જેવા કે ભવ્ય, અભવ્ય, નિગોદ વગેરે અથવા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષમાં તેમજ જ્ઞાની ભગવંતોના વચનોમાં અશ્રદ્ધા કરી હોય. ઘણાં શાસ્ત્રીય પદાર્થો હેતુ, યુક્તિ, પ્રમાણાદિથી સમજાવવા શક્ય નહીં હોવાને લીધે જે પરમાત્માની આજ્ઞા કે વચનથી જ માન્ય કરવાના હોય છે. એવા તત્ત્વો કે કથનો માનવાની કે ગ્રહણ કરવાની રૂચિ ન થઈ હોય; તો પ્રતિક્રમણ કરવું જોઈએ.

શ્રદ્ધાન-એટલે દૃઢ પ્રતીતિ. તેનો જેમાં અભાવ છે તે અશ્રદ્ધાન. તેના વિશે. અહીં શ્રદ્ધા શબ્દનો સંબંધ જિનપ્રણિત તત્ત્વો અને જિનવચનો સાથે છે. તેમાં વિશ્વાસ ન કર્યો હોય તો.

● **अ तहा** - અને તેજ રીતે.

● **विवरीअ-परूवणाए** - વિપરીત પ્રરૂપણા કે ઉન્માર્ગ દેશના વિશે.

૦ विवरीअ એટલે વિપરીત અથવા વિરુદ્ધ.

૦ परूवणा - એટલે પ્રરૂપણા, વ્યાખ્યાન કે કથન.

— પ્રકૃષ્ટ, પ્રધાન કે પ્રગત એવી જે 'રૂપણા' અર્થાત્ એવું જે પ્રદર્શિત કરાયેલું કથન, તેને પ્રરૂપણા કહેવાય છે.

— જિનેશ્વર પરમાત્મા કથિત ધર્મથી ઉલટી દેશના આપી હોય.

— જ્ઞાની ભગવંતોના કથનથી વિરુદ્ધ કાંઈપણ પ્રરૂપણા કરી હોય અથવા કંઈ બોલાયું હોય તો પ્રતિક્રમણ કરવું જોઈએ.

— આ ઉન્માર્ગની દેશના મરીચિ આદિની જેમ દુઃખે અંત પામી શકાય તેવા ઘોર દુઃખોનો હેતુ છે, કહ્યું છે કે—

કપિલ ! "અહીં પણ ધર્મ છે" એવું એક જ વિપરીત વચન બોલવાથી મરીચિ, સદૃશ નામવાળા કોડાકોડી સાગરોપમકાળ સંસારમાં ભમ્યો અને દુઃખનો સમુદ્ર પામ્યો.

**૦ દૃષ્ટાંત :-**

ભગવંત મહાવીરનો જીવ જ્યારે પોતાના ત્રીજા ભવમાં હતો ત્યારે ભગવંત ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીનો પુત્ર હતો. તેનું નામ મરીચિ હતું. મરીચિએ ઋષભદેવ પરમાત્મા પાસે દીક્ષા લીધેલી. કોઈ વખત પ્રમાદને લીધે તથા મોહનીયકર્મના ઉદયે તેનાથી જૈન દીક્ષાનું યોગ્ય પાલન થઈ શકતું ન હોવાથી, તેણે પોતાની મતિ કલ્પનાથી નવો વેશ રચી કાઢયો ત્યાર પછી પણ જો કે લોકોને ઉપદેશ તો ધર્મ માર્ગનો જ આપતો હતો.

એક વખત કપિલ નામનો રાજકુમાર તેની પાસે ધર્મ સમજવા આવ્યો. ત્યારે

મરીચિએ પહેલાં તો તેને અરિહંત પરમાત્માનો માર્ગ જ સમજાવ્યો. પણ જ્યારે કપિલે પૂછયું કે, શું તમારા માર્ગમાં ધર્મ નથી ? ત્યારે મરીચિએ કહ્યું કે, હે કપિલ ! ધર્મ તો ત્યાં પણ છે અને અહીં પણ છે. એમ કહીને તેણે ત્રિદંડીપણામાં પણ ધર્મ હોવાનું કથન કરીને વિપરીત પ્રરૂપણા કરી અથવા ઉન્માર્ગની દેશના આપી.

આ વિપરીત પ્રરૂપણાથી કોડાકોડી સાગરોપમનો સંસાર વધાર્યો તેમજ જે 'ત્રિદંડીપણામાં' ધર્મ હોવાનું કથન કરવા દ્વારા વિપરીત પ્રરૂપણા કરી હતી એ જ ત્રિદંડીપણાને વારંવાર પામ્યો. પંદરમાં ભવ સુધી તે જ્યારે જ્યારે મનુષ્યપણું પામ્યો ત્યારે ત્યારે 'ત્રિદંડી' બ્રાહ્મણ જ થયો.

આવી કોઈ વિપરીત પ્રરૂપણા અનાભોગે થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરવું તેમ અહીં સૂત્રકારશ્રી જણાવે છે.

**૦ પ્રશ્ન :-** અહીં પ્રતિક્રમણના ચોથા કારણરૂપે જે "વિપરીત પ્રરૂપણા" કહ્યું, તો શું શ્રાવકને ધર્મદેશના આપવાનો અધિકાર છે ?

— સમાધાન :- ગીતાર્થ ગુરુ ભગવંતો પાસે સૂત્ર અને અર્થને યથાર્થપણે જાણે અને જાણીને "પૂજ્ય ગુરુદેવો આ પ્રમાણે કહે છે" - એમ કહીને શ્રાવક (શ્રાવકો પાસે કે પરિવારજન પાસે) દેશના આપી શકે. અર્થદીપિકા વૃત્તિમાં એક સાક્ષીપાઠ આપીને કહ્યું છે કે, શ્રાવક ભણે, સાંભળે, ચિંતન કરે અને ધર્મનો ઉપદેશ આપે. *(જો કે આ બાબત ગ્રંથાન્તરમાં અન્ય રીતે જણાવી છે. શ્રાવક નિત્ય વ્યાખ્યાન શ્રવણ કરે, પછી સાંજે પ્રતિક્રમણ બાદ ઘેર પોતાના પરિવારને એકત્ર કરી, ગુરુ મહારાજ પાસે જે શ્રવણ કર્યું હોય, તેનો બોધ પરિવારના લોકોને આપે.)* તેમ કરતા અનાભોગથી જો કાંઈ વિપરીત પ્રરૂપણા થઈ ગઈ હોય, તો તેનું પ્રતિક્રમણ કરે.

આ રીતે જેઓ વ્રતધારી ન હોય તેવા સામાન્ય ગૃહસ્થે પણ પ્રતિક્રમણ કરવું આવશ્યક છે.

**૦ ગાથા રહસ્ય** - "વ્રતોની વિરાધનાનો સંભવ જેણે વ્રત ગ્રહણ કર્યા હોય તેવા શ્રાવકોને હોય છે. જેણે વ્રત ગ્રહણ કર્યા જ નથી, તેને અતિચાર લાગે ક્યાંથી ? જો અતિચાર ન લાગ્યા તો પ્રતિક્રમણ શા માટે કરવાનું ? તેથી વ્રતધારીઓને જ પ્રતિક્રમણ કરવાનું હોય. વ્રતધારણ ન કરનારને પ્રતિક્રમણ કરવાનું ન હોય" - આવી મિથ્યા માન્યતા ધરાવનારને માટે સૂત્રકારે આ ગાથામાં સ્પષ્ટ સમાધાન આપ્યું છે કે પ્રતિક્રમણની ક્રિયા તો સર્વે જન માટે સાધારણ છે. પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ તેના ચાર કારણો આ ગાથામાં જણાવ્યા છે.

**૦ હવે ગાથા-૪૯**નો આરંભ થાય છે. ઉપરોક્ત ગાથામાં પ્રતિક્રમણના વિષયો તેમજ હેતુઓ જણાવવા પૂર્વક દરેકને પ્રતિક્રમણ કરવાનું છે. એ વાત સિદ્ધ કરી. હવે આ ગાથામાં અનંતા ભવમાંના અનંતા જીવો સંબંધીના વૈરવિરોધની ક્ષમાપના વડે પ્રતિક્રમણ જણાવાય છે.

સંસારમાં અનાદિ કાળથી આ આત્મા પરિભ્રમણ કરી રહ્યો છે. જે કોઈ જીવોની સાથે જુદા જુદા ભવમાં ક્યાંકને ક્યાંક ભેગા થયા હોઈએ ત્યારે જે-જે જીવો સાથે વૈર વિરોધ આદિ થયા હોય તે-તે જીવો સાથેના વૈર-વિરોધનો હિસાબ કરીએ તો અનંતાભવમાં અનંતા જીવોની સાથે શત્રુતા, અપ્રીતિ, દ્વેષ આદિ થયા હોય તેવો સંભવ છે. માટે તે સર્વે સાથે ક્ષમાપના કરવી અત્યંત આવશ્યક છે. તેમની સાથેનો વેરભાવ ત્યજીને મૈત્રીભાવ ધારણ કરવો જોઈએ - એ વાત આ ગાથામાં કહી છે.

● **खामेमि सव्वजीवे** - સર્વે જીવોને હું ખમાવું છું.

○ खामेमि (क्षमयामि) હું ખમાવું છું, મારા વડે થયેલા દોષોની ક્ષમા માંગુ છું.

○ सव्वजीवे - સર્વજીવોને, સર્વજીવો પાસે.

– અહીં 'સર્વજીવો' પદથી ચૌદરાજલોકમાં રહેલા એકેન્દ્રિયાદિ સર્વ પ્રકારના સર્વ કોઈ જીવોનું ગ્રહણ કરવું.

– અનંતા ભવોમાં અજ્ઞાન અને મોહથી ઘેરાએલા એવા મેં જે-જે જીવોને ત્રાસ આપેલ હોય તે સર્વે જીવોને હું ખમાવું છું.

– કોઈએ મારો કાંઈપણ અપરાધ કર્યો હોય, તેના તે અપરાધને હું માફ કરું છું.

● **सव्वे जीवा खमंतु मे** - બધાં જીવો મને ક્ષમા કરો.

– મેં પણ કોઈનો કાંઈ અપરાધ કર્યો હોય તો તેઓ મને ક્ષમા આપો-માફ કરો.

– તે સર્વે જીવો મારા દુર્વર્તનને ખમો અર્થાત્ માફી આપો.

આ પ્રમાણે બોલવામાં મારે લીધે તેઓને અક્ષમાના કારણભૂત કર્મબંધ ન થાઓ - એ પ્રકારનું કારૂણ્ય જણાવ્યું છે.

○ खमंतु શબ્દનું સંસ્કૃત રૂપાંતર क्षाम्यन्तु છે. જેનો અર્થ ક્ષમા કરો, ક્ષમા આપો, માફ કરો, માફી આપો એવો થાય છે.

● **मित्ति मे सव्वभूएसु** - બધા જીવો સાથે મારે મૈત્રી છે.

○ मित्ति - મૈત્રી, મિત્રતાનો ભાવ. *(તેની વ્યાખ્યા આગળ આપી છે.)*

○ सव्वभूएसु - સર્વે ભૂતો પ્રત્યે - સર્વે જીવો પ્રત્યે.

– भूअ એટલે 'ભૂત' - "સર્વદા ભવનાદ્ ભૂતઃ" સર્વદા હોવાથી તેઓ 'ભૂત' કહેવાય છે - અથવા-

"અભૂવન્, ભવન્તિ, ભવિષ્યન્તીતિ भूतानि - જે થયા હતા, થાય છે અને થશે તે 'ભૂત' કહેવાય છે.

– આચારાંગ નામક પહેલા આગમ સૂત્રમાં શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૬ અને ઉદ્દેશક-૯માં એકાર્થક શબ્દોરૂપે ઉલ્લેખ કરતા કહ્યું છે કે–

"પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ" એ બધાં એકાર્થક શબ્દો છે.

*(જો કે પાક્ષિક સૂત્રમાં "સવ્વેસિં પાણાણં, સવ્વેસિં ભૂયાણં, સવ્વેસિં જીવાણં, સવ્વેસિં સત્તાણં" એ પાઠમાં પ્રાણ, ભૂત, જીવ અને સત્વ એ ચારે શબ્દોની વિવક્ષા અલગ-અલગ કરાયેલ છે, પણ સામાન્ય વ્યવહારમાં તો આ બધાં "જીવ" રૂપે જ ઓળખાય છે.)*

● **वेरं मज्झ न केणई** - મારે કોઈ સાથે વૈરભાવ નથી.

○ वेर - વૈર, શત્રુતા, દુશ્મનાવટ ○ मज्झ - મારે
○ केणई -કોઈની સાથે (પણ) ○ न - નથી

○ **અર્થદીપિકા વૃત્તિ** તથા અન્ય ગ્રંથોમાં આ ગાથાના ભાવો વિશે ઘણો સારો પ્રકાશ પાડેલ છે કેમકે આ એક નિત્ય મનનીય ગાથા છે. અંતિમ આરાધનાના દશ અધિકારોમાં પણ "જીવખામણા" નામનો ત્રીજો અધિકાર છે. જો સમાધિમરણ પ્રાપ્ત કરવું હોય તો સર્વે જીવો સાથે 'ક્ષમાપના' કરવી તે અત્યંત આવશ્યક મનાયું છે. વીતરાગતા પ્રાપ્તિ માટે પણ કોઈ જીવ સાથે વૈરભાવ ન હોવા તે જરૂરી છે.

પ્રતિક્રમણનું સ્વરૂપ અને હેતુઓ સમજ્યા પછી પ્રતિક્રમણની સાર્થકતા ક્યારે કહેવાય ? તે જણાવવાને માટે આ ગાથા છે.

આ ગાથાના પહેલા ચરણમાં કહેવાયું છે કે, હું ચૌદ રાજલોકમાં રહેલા સર્વે જીવોની ક્ષમા માંગુ છું. કારણ કે આ સંસારમાં જન્મ-મરણનાં ફેરા ફરતાં કોઈપણ સ્થળ એવું નથી કે જ્યાં આ જીવ એક કરતાં વધુ વખત ઉત્પન્ન થયો ન હોય. તેથી જુદા જુદા સ્વરૂપે તેમના સંબંધમાં અને સંપર્કમાં આવતા સંભવ છે કે મારા દ્વારા તેમનો કોઈને કોઈ પ્રકાર અપરાધ થયો હોય.

કોઈનો પણ અપરાધ કરવો તે અહિંસાની મૂળ ભાવનાથી વિરુદ્ધ હોવાથી ચારિત્રની નિર્મળતાને દૂષણ લગાડનાર છે, તેથી તેનું પ્રતિક્રમણ અર્થાત્ તેની શુદ્ધિ સત્વરે થવી જોઈએ. આવી શુદ્ધિ કરવાને માટે અહીં "ખામેમિ" શબ્દ દ્વારા ક્ષમાની યાચના કરાઈ છે.

બીજા પદમાં "બધાં જીવો મને ક્ષમા કરો" એમ જે કહ્યું તે પણ આ ભાવનાનું જ પ્રતિબિંબ છે. ક્ષમા યાચન કરવી એ એક પગથીયું છે અને સામો જીવ આપણને ક્ષમા કરે તેવી પ્રાર્થના કે અભિલાષા એ બીજું અથવા પૂરક પગથીયું છે. અહીં ક્ષમા માંગવા દ્વારા આપણે આપણા હૃદયને નિર્મળ અને વિશુદ્ધ અવશ્ય બનાવીએ છીએ, તેની સાથે આપણા લીધે, સામા જીવને અક્ષમાનો કારણભૂત કર્મબંધ ન થાય તેવો ભાવ પણ રાખવાનો જ છે.

— કેમકે જેઓ ઉપશમે છે (ક્રોધાદિથી શાંત થાય છે) તેમને તો આરાધના છે જ, પણ જે ઉપશમતા નથી, તેવા વિરાધક ભાવયુક્ત આત્માઓ વૈરાનુબંધ લઈને ભવાંતરમાં જાય ત્યારે ભગવંત શ્રી પાર્શ્વનાથ અને કમઠના ભવ જેવી પરંપરા ચાલુ થાય છે. તેથી સામો જીવ પણ ક્ષમા ભાવ ધારણ કરે એવી પ્રાર્થનાપૂર્વક આ વૈરાનુબંધનું નિવારણ કરવું જોઈએ. જેથી ભવાંતરે તે જીવના વૈરભાવથી તે પણ ન ડૂબે અને આપણને પણ અસમાધિ માટેનું નિમિત્ત ન મળે.

આવા જ ભાવપૂર્વક રાત્રે સંથારા પોરિસીમાં પણ એક ગાથા રોજ બોલાય છે કે, જે ગાથા પયન્ના આગમસૂત્રથી ઉદ્ધૃત્ કરાયેલી છે. જેના પૂર્વાધમાં લખ્યું છે - "ખમિઅ ખમાવિઅ મયિ ખમહ ! સવ્વહ જીવનિકાય" તેનો અર્થ પણ એ છે કે, હું બીજા જીવોને ક્ષમા કરું છું, તેઓની પાસે મારા અપરાધની ક્ષમા માંગુ છું, સર્વે જીવો મને ક્ષમા કરો. એ રીતે ક્ષમા આપવી - ક્ષમા માંગવી અને સામો જીવ પણ ક્ષમા આપે તેવી પ્રાર્થના કરવી એ ત્રણ બાબતો નોંધી છે.

(૧) ક્ષમા માંગવી એ થોડું સહેલું કાર્ય છે.

(૨) ક્ષમા આપવી એ તેનાથી થોડું કઠિન છે.

(૩) સામો જીવ પણ આપણને ક્ષમા આપે તે માટે તેને સમજાવવો કે તેની પાસે સ્વીકર કરાવવો તે સૌથી કઠિન છે.

તેમ છતાં સર્વથા વૈરભાવરહિત થવા આ ત્રણે પ્રક્રિયા ઘણી જ આવશ્યક છે. ક્ષમાનું આદાન-પ્રદાન તો જરૂરી છે જ. પણ સામો જીવ પણ આપણને ક્ષમા કરી દે તેવી પ્રાર્થના અને અભિલષા એટલી જ આવશ્યક છે. થોડું પણ વૈર, આ ભવ તેમજ પરભવમાં મહાન્ અનર્થ કરનારું થાય છે. અલ્પ વૈરવિરોધમાં પણ આ ભવમાં ઘોર અનર્થ થવાના દૃષ્ટાંતોમાં કૌરવો અને પાંડવોને ઘોર યુદ્ધ થયું અને તેમાં ૧૮ અક્ષૌહિણી સેનાનો સંહાર થયો *(એક અક્ષૌહિણી સેનામાં-૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ અશ્વ તથા ૧,૦૯,૬૫૦ મનુષ્યોના પાયદળ લશ્કરની એક ટુકડી મળીને એક અક્ષૌહિણી સેના થાય છે.)* એ જ રીતે ચેડા મહારાજા અને કોણિકને યુદ્ધ થયું અને તેમાં લાખો પ્રાણીઓનો સંહાર થયો. તેમાં રથમુસલ અને મહાશિલાકંટક યુદ્ધ થયા. તે બંને યુદ્ધ થઈને એક કરોડ અને ૮૦ લાખ મનુષ્યોનો સંહાર થયો. ગુણશર્મા અને અગ્નિસેનની વૈર પરંપરા કેટલા ભવ ચાલી તે દૃષ્ટાંત પણ જૈનજગત્માં પ્રસિદ્ધ છે.

આ બધી ઘટના ક્ષમાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. 'ક્ષમા' એટલે ક્રોધનું વિસર્જન, વૈરનો ત્યાગ કે સહનશીલતા. તેના વિના આત્મા ઉચ્ચ વિકાસની કક્ષા હાંસલ કરી શકતો નથી. યતિધર્મોના દશભેદોમાં પણ ક્ષમાધર્મનું સ્થાન સૌથી પહેલું મૂક્યું છે, સાધુને માટે પણ ક્ષમાશ્રમણ જેવો સૂચક શબ્દ યોજાએલ છે. આ સર્વે સ્થાનોમાં 'ક્ષમા'ની મહત્તા સ્વીકારાયેલી છે.

ક્ષમાનું મહત્ત્વ વર્ણવતા એક શ્લોકમાં કહ્યા મુજબ–

"સુખોનું મૂળ ક્ષાંતિ-ક્ષમા છે. ઉત્તમ ક્ષમા, એ ધર્મનું મૂળ છે. ક્ષમા - એ મહાવિદ્યાની માફક સર્વ પાપોનો નાશ કરનારી છે."

ક્ષમા દ્વારા વૈરત્યાગ જરૂર થાય છે, પણ તેની સાથે મૈત્રી પણ આવશ્યક છે. તેથી આ ગાથાના ઉત્તરાર્ધમાં "મારે કોઈ સાથે વૈર નથી." એવું સ્વીકારવાની સાથે "મારે સર્વ જીવો સાથે મૈત્રી છે" એમ પણ કહેવા માટે "मित्ति मे सव्व भूएसु" કહ્યું.

'मित्ति' એટલે મૈત્રી. 'मित्ति' શબ્દમાં मिद् ક્રિયાપદ છે. જેનો અર્થ છે, સ્નેહ

કરવો, ભલી લાગણી પ્રદર્શિત કરવી. તેના પરથી "मित्र" શબ્દ બન્યો, જેનો અર્થ છે સ્નેહ કરનાર, ભલી લાગણી પ્રદર્શિત કરનાર. તેનો ભાવ તે મિત્રતા. આ મૈત્રીભાવ માટે યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં શ્રી હેમચંદ્રાચાર્યે આપેલ વ્યાખ્યા આ પ્રમાણે છે–

"કોઈપણ પ્રાણી પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ-

આખું જગત્ મુક્ત થાઓ, આવી બુદ્ધિ તે 'મૈત્રી' કહેવાય.

આ જ મૈત્રીભાવને બીજા શબ્દોમાં વ્યક્ત કરતા કહ્યું છે કે–

"સર્વજીવોને મોક્ષસાધક અનુષ્ઠાનો વડે યથાશક્તિ મુક્તિ અપાવું, તેઓમાંના જે કોઈ જીવો પૂર્વભવે મને વિઘ્નકારી થયા હોય તેના વિઘાતમાં પણ હું ન વર્તુ - એ મૈત્રીભાવ છે.

આ પ્રમાણે આ ગાથામાં ત્રણ બાબતો જણાવી–

(૧) ક્ષમાનું આદાન-પ્રદાન -
સર્વે જીવોની હું ક્ષમા માંગુ છું, સર્વે જીવો મને ક્ષમા આપો.

(૨) મૈત્રી ભાવ -
સર્વે જીવો સાથે મારે મૈત્રી છે.

(૩) વૈરભાવ ત્યાગ -
મારે કોઈ સાથે વૈરભાવ નથી.

○ **હવે વંદિત્તુ સૂત્રની છેલ્લી એટલે કે ૫૦મી ગાથામાં** – સમગ્ર શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રનો ઉપસંહાર કરે છે. અંત્ય મંગલરૂપ આ ગાથામાં છેલ્લે ચોવીશે જિનેશ્વરોને ફરી વંદના કરે છે.

● **एवमहं** - આ રીતે હું,

○ एवं - આ રીતે, આ પ્રમાણે અર્થાત્ ૧ થી ૪૯ ગાથામાં જણાવ્યા પ્રમાણે અથવા તેમાં કહી તે ક્રિયા ભાવપૂર્વક કરીને–

○ **आलोइअ** - (आलोच्य) આલોચના કરીને

– અહીં ગાથામાં પાછળ આવતો 'सम्मं' શબ્દ જોડવો. અર્થાત્ सम्मं आलोइअ - સમ્યક્ પ્રકારે આલોચના કરીને. એટલે કે ગુરૂ મહારાજ સમક્ષ પોતાની સ્ખલનાઓને સમ્યક્ પ્રકારે જણાવીને કે પ્રકાશીને...

○ **निंदिअ** - (निन्दित्वा) - નિંદા કરીને.

– "મેં આ ખરાબ કર્યું" ઇત્યાદિ શબ્દો દ્વારા આત્મસાક્ષીએ નિંદા કરીને.

○ **गरहिअ** - (गर्हित्वा) - ગર્હા કરીને.

– ગુરુ મહારાજની સાક્ષીએ તે અતિચારો કે સ્ખલનાના વિષયમાં "અરેરે ! મેં ખોટું કર્યું" ઇત્યાદિ શબ્દોથી ગર્હા કરીને.

○ **दुगंछिअं/दुगंछिउं** (जुगुप्सित्वा) જુગુપ્સા કરીને, અણગમો વ્યક્ત કરીને.

– जुगुप्सा એટલે નિંદા, અણગમો, તિરસ્કાર.

"પાપકારી એવા મને ધિક્કાર થાઓ" ઇત્યાદિ શબ્દો દ્વારા પોતાની

સ્ખલનાઓને ધિક્કારીને.

○ **सम्मं** – સમ્યક્ પ્રકારે આ પ્રમાણે ગાથાના પૂર્વાર્દ્ધમાં આટલી વાત દર્શાવી કે–

"એ રીતે મેં સમ્યક્ પ્રકારે (પાપની કે સ્ખલનાની) આલોચના, નિંદા, ગર્હા અને જુગુપ્સા કરી છે. તેમ કરીને...

● **तिविहेण पडिक्कंतो** - મન, વચન, કાયા વડે પ્રતિક્રમતો અર્થાત્ પ્રતિક્રમણ કરતાં.

● **वंदामि जिणे चउव्वीसं** - ચોવીશે જિનેશ્વરોને હું વંદના કરું છું -

– ગાથાના ઉત્તરાર્ધના આ બધાં પદો પૂર્વે ગાથા-૪૩માં આવી ગયા છે. તેથી તેની વ્યાખ્યા-વિવેચન ગાથા-૪૩માં જોવા.

○ **ગાથા રહસ્ય :-** પૂર્વે જણાવ્યું તેમ આ ગાથામાં પ્રતિક્રમણ સૂત્રનો ઉપસંહાર કર્યો છે, તથા અંતિમ મંગલ દ્વારા વિષયની પૂર્ણાહુતિ કરવામાં આવી છે. તેમાં જણાવ્યું કે, આ રીતે મેં અતિચારોની સમ્યક્ પ્રકારે આલોચના કરી છે, નિંદા કરી છે, ગર્હા કરી છે અને જુગુપ્સા પણ કરી છે. તો પણ હું ફરીવાર હું મન, વચન, કાયાથી પ્રતિક્રમણ કરું છું. એટલે કે પરસ્થાનમાં ગયેલ મારા આત્માને સ્વસ્થાનમાં હું સ્થાપન કરું છું. આ પ્રમાણે કરતો એવો હું ચોવીસે જિનને અર્થાત્ ઉપલક્ષણથી સર્વે જિનને વંદના કરું છું.

## ■ વિશેષ કથન :-

સૂત્રથી પચાશ ગાથાઓનું અતિ વિસ્તૃત વિવેચન કર્યા પછી તે ગાથા સંબંધે તો કંઈ કથન કરવાનું છે નહીં, પણ તેના સંદર્ભમાં જે કોઈ વિશિષ્ટ વાત નોંધપાત્ર હોય, તેને અહીં વિશેષ-કથનરૂપે રજૂ કરવામાં આવે છે–

### ○ આ સૂત્રનું નામકરણ :-

– પ્રતિક્રમણ છ આવશ્યકમય કહ્યું છે. જેમાં સામાયિકથી લઈને પચ્ચક્ખાણ સુધીના છ આવશ્યકો આવે છે. આ છ આવશ્યકમાંના ચોથા આવશ્યકનું નામ "પ્રતિક્રમણ" આવશ્યક છે. પ્રતિક્રમણ આવશ્યકમાં પ્રાણ રૂપ એવું આ શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર છે, જેને "વંદિત્તુસૂત્ર" પણ કહે છે. કેમકે તેનો આરંભ "વંદિત્તુ" શબ્દથી થાય છે. તેમાં શ્રાવકોના વ્રતોના અતિચારની શુદ્ધિ કરાતી હોવાથી અથવા તે-તે સ્ખલનાની નિંદા, ગર્હા આદિ કરી ફરી તેમ ન કરવાના ભાવથી પાછું ફરવાનું હોવાથી "શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર" કહેવાય છે. આ સિવાય આ સૂત્રને વિવિધ વૃત્તિકારો આદિ ○શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર, ગૃહિપ્રતિક્રમણ સૂત્ર, સમણોવાસગપ્રતિક્રમણ સૂત્ર ઇત્યાદિ નામે પણ ઓળખાવે છે. તેમજ આ સૂત્ર (પ્રતિક્રમણ) આવશ્યકના પર્યાયરૂપે પણ પ્રયોજાય છે.

### ○ સૂત્રની મહત્તા કે આવશ્યકતા :-

તીર્થંકર પદની પ્રાપ્તિ માટે "સવિજીવ કરું શાસનરસી"ની ભાવનાની સાથે બીજું મહત્ત્વનું પરિબળ છે." અરિહંત વત્સલતા" આદિ વીશ સ્થાનકોમાંથી

કોઈપણ એક કે વધુ સ્થાનકની કરાયેલ ભાવ આરાધના. આ વીશ સ્થાનકોમાં એક સ્થાનક "આવશ્યક ક્રિયા" છે. લોકપ્રકાશ સર્ગ-૩૦ના શ્લોક નવમાં-૧૧મું સ્થાનક 'આવશ્યક' બતાવેલ છે. તેમાં "છ આવશ્યકમાં અતિચારનું વર્જન" એવો અર્થ જણાવ્યો છે આવશ્યક સૂત્ર-નિર્યુક્તિ તથા પ્રવચન સારોદ્ધારમાં પણ "આવશ્યક"નો ક્રમ ૧૧ મો જ છે. ત્યાં આવશ્યક એટલે "અવશ્ય કરવા યોગ્ય પ્રતિક્રમણાદિ" અર્થ કર્યો છે.

અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકની વ્યાખ્યા કરતા કહ્યું છે કે–

"જે કારણથી શ્રમણો અને શ્રાવકોએ રોજ દિવસ અને રાત્રિને અંતે અવશ્ય કરવા યોગ્ય છે, તેથી તેને 'આવશ્યક' કહેવાય છે."

આ કારણથી શ્રમણ અને શ્રાવક બંનેએ પ્રતિક્રમણ કરવું આવશ્યક છે. બંને માટે પ્રતિક્રમણ ઉપાદેય છે.

વંદિત્તુ સૂત્રમાં જણાવ્યા મુજબ શ્રાવકોએ ચાર કારણોથી પણ પ્રતિક્રમણ કરવું જરૂરી કહેવાયું છે - (૧) નિષિદ્ધ ક્રિયાઓનું આચરણ થવાથી, (૨) વિધેય ક્રિયાઓનું આચરણ ન થવાથી, (૩) સર્વજ્ઞ ભગવંતોનાં વચન પર અશ્રદ્ધા થવાથી તથા (૪) શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા થવાથી.

પંચાચારની વિશુદ્ધિ માટે પણ પ્રતિક્રમણ જરૂરી છે.

સંક્ષેપમાં કહીએ તો કાદવ અને ધૂળથી ખરડાયેલાને જેટલી જરૂર સ્નાનની છે, તેનાથી પણ વધારે જરૂર પાપરૂપી પંકથી ખરડાયેલા આત્માને 'પ્રતિક્રમણ'ની છે.

**૦ વંદિત્તુ સૂત્રનું સ્વરૂપ અને તેમાં સમાવિષ્ટ બાબતો–**

સમ્યક્ત્વ પૂર્વક એક કે તેથી વધુ વ્રતોને જાણી, આદરી અને પાલન કરનારને શ્રાવક કહે છે - શ્રાવકના પ્રતિક્રમણ રૂપ આ સૂત્રમાં સમ્યક્ત્વ યુક્ત વ્રતોનું સ્વરૂપ અને પ્રમાદ કે અજ્ઞાનતાથી તેમાં થતી સ્ખલનાઓના પ્રકારોનું વર્ણન કરાયેલ છે. એ રીતે આ સૂત્ર ઉચ્ચજીવન જીવનાર શ્રાવકને ક્યા ક્યા અતિચાર લાગે છે તે યાદ દેવડાવનાર આ સૂત્ર છે.

આ સૂત્ર પચાસ પદ્યમય ગાથાઓનું બનેલું છે. આ આખું સૂત્ર "ગાહા" **નામક છંદમાં રચાયેલું છે.** થોડી સાવધાની અને ઉપયોગ રાખી સૂત્ર રચનાને સમજી લેવામાં આવે તો તેને સરળતાપૂર્વક કંઠસ્થ કરી શકાય તેવું છે. વળી શ્રાવકજીવનના - દેશવિરતિ ધર્મના વ્રત આદિનો ચિતાર રજૂ કરનારું સૂત્ર હોવાથી પુનઃ પુનઃ મનનીય છે. સંક્ષેપમાં આ સૂત્રના વિષયોનું પુનઃ સ્મરણ કરીએ તો - તેનો ભાવ કંઈક આ રીતે રજૂ કરી શકાય - તેની પ્રથમ ગાથામાં પંચ પરમેષ્ઠીના નમસ્કારપૂર્વક મંગલાચરણ કરાયું છે. બીજી ગાથામાં પંચાચાર સંબંધી અતિચારની નિંદા-ગર્હા કરાઈ છે. ત્રીજી, ચોથી, પાંચમી ગાથામાં પાપ અને કર્મબંધના મૂળ સમાન પરિગ્રહ આદિનું પ્રતિક્રમણ કર્યું છે. છટ્ઠી ગાથામાં વ્રતોના મૂળ સમાન સમ્યક્ત્વના અતિચારો રજૂ કર્યા છે.

ગાથ-છટ્ઠીથી બાર વ્રતનું સ્વરૂપ અને તેના અતિચારોનું વર્ણન આરંભ પામે

છે. જેમાં છટ્ઠી ગાથામાં બાર વ્રતના ત્રણ મુખ્ય વિભાગોના નામ રજૂ કર્યા છે. તથા તેનું સામાન્યથી પ્રતિક્રમણ કર્યું છે. ગાથા-૭માં સામાન્યથી સમારંભ-હિંસાની નિંદા કરી છે. ત્યારપછી ગાથા-૮થી વ્રત સ્વરૂપ અને અતિચારોનું વર્ણન છે.

૦ ગાથા - ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭માં પાંચે અણુવ્રતોનું સ્વરૂપ અનુક્રમે રજૂ કરવામં આવેલ છે.

૦ ગાથા - ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮માં પાંચે અણુવ્રતોના પાંચ-પાંચ અતિચારોને જણાવી તેનું પ્રતિક્રમણ કરાયેલ છે.

૦ ગાથા-૧૯નું પહેલું ચરણ, ગાથા-૨૦ અને ગાથા-૨૪, ૨૫માં ત્રણ ગુણવ્રતોનું સ્વરૂપ જણાવેલ છે અને ગાથા-૧૯ના પહેલા સિવાયના ત્રણ ચરણમાં તથા ગાથા-૨૧ થી ૨૩ અને ૨૬માં આ ત્રણ ગુણવ્રતોના અતિચારો રજૂ થયા છે.

૦ ગાથા-૨૭ થી ૩૦માં ચાર શિક્ષાવ્રતના પાંચ-પાંચ અતિચારોનું કથન અનુક્રમે કરાયેલ છે. ગાથા-૩૧, ૩૨માં ચોથા અતિથિસંવિભાગ વ્રત સંબંધી વિશેષ દોષોનું કથન કરાયેલ છે.

૦ ગાથા-૩૩ માં સંલેખના સંબંધી પાંચ અતિચારોનું કથન છે.

૦ ગાથા-૩૪, ૩૫ માં અતિચારના કારણોનું કથન થયેલ છે.

૦ ગાથા-૩૬ થી ૪૧ માં પ્રતિક્રમણની તાત્ત્વિક ભૂમિકા રજૂ થઈ છે. જેમાં સમ્યગ્દૃષ્ટિને થતો અલ્પ કર્મબંધ, તે પણ જલ્દીથી કઈ રીતે તુટે ?, મનુષ્ય હળવો કઈ રીતે બને ? ઇત્યાદિ કથન છે.

૦ ગાથા-૪૨ માં "ન સ્મરણમાં આવેલા અતિચારોનું" પ્રતિક્રમણ અને ૪૩ માં વિરાધનાથી વિરમી આરાધનામાં ઉદ્યત્ થવાના સંકલ્પપૂર્વક સર્વે જિનને વંદના કરી.

૦ ગાથા-૪૪, ૪૫ માં સર્વે જિનપ્રતિમા અને સાધુને વંદના કરી.

૦ ગાથા-૪૬ માં શુભ ભાવના કરીને, ગાથા-૪૭માં અરિહંતાદિને મંગલરૂપ માની, સમાધિ-બોધિની માંગણી કરી.

૦ ગાથા-૪૮ માં પ્રતિક્રમણ કરવાના કારણોનું કથન કર્યું.

૦ ગાથા-૪૯ માં સર્વે જીવો સાથે ક્ષમાપના કરીને, ગાથા-૫૦માં પ્રતિક્રમણના ઉપસંહારપૂર્વક સર્વે જિનેશ્વરને વંદના કરી.

આ પ્રમાણે વંદિત્તુસૂત્રના વિષયોની સંક્ષિપ્ત સૂચિ છે.

**૦ વંદિત્તુ સૂત્રનો વ્યવહારુ નિષ્કર્ષ :-**

આ સૂત્રના વિશેષ કથનરૂપે સૂત્રનું સ્વરૂપ અને તેની સંક્ષિપ્ત વિષય સૂચિ થઈ, પણ વ્યવહારુ કે સામાન્ય ભાષામાં આ સૂત્રના તારણો રજૂ કરીએ તો વિવિધ નિયમો ગ્રહણ કરવાની સરળતા રહે તથા શ્રાવકજીવનની ભૂમિકાનું એક દૃશ્ય રજૂ કરી શકાય તેવા હેતુથી અહીં સૂત્રોક્ત વિષયોની વ્યવહારુ યાદી રજૂ કરેલ છે–

(૧) મંગલને માટે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા.

(૨) જીવનમાં થતી સ્ખલના કે દોષોનું રોજ નિરીક્ષણ કરવું.

(૩) જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના દોષ રહિતપણે કરવી.

(૪) પરિગ્રહ અને આરંભ-સમારંભ એ સર્વ પાપનું મૂળ છે, તેથી આ બંને શક્ય તેટલા ઓછા થાય તે માટે જાગૃત રહેવું.

(૫) સ્પર્શ આદિ પાંચે ઇન્દ્રિયોને અપ્રશસ્ત ભાવે ન પ્રવર્તાવવી.

(૬) ક્રોધ, માન, માયા, લોભને જીવનમાંથી દૂર રાખવા મહેનત કરવી.

(૭) રાગ અને દ્વેષથી કર્મો બંધાય છે, તેથી અપ્રશસ્ત એવા રાગ અને દ્વેષને જીવનમાંથી દેશવટો આપવો.

(૮) આવવું, જવું, બેસવું, ઉઠવું આદિ સર્વે પ્રવૃત્તિઓમાં જયણા પાળવી એટલે કે જીવરક્ષા માટે સાવધાન રહેવું.

(૯) જિનવચન અને દેવ, ગુરુ, ધર્મમાં શંકા કરવી નહીં.

(૧૦) સુદેવ, સુગુરુ, સુધર્મની પ્રાપ્તિ થયા પછી બીજા દેવ, ગુરુ, ધર્મની ઇચ્છા કરવી નહીં.

(૧૧) સુદેવ, સુગુરુ, સુધર્મ વિષયમાં ખોટા તર્ક, વિતર્ક ન કરવા.

(૧૨) મિથ્યાત્વીઓની પ્રશંસા ન કરવી.

(૧૩) મિથ્યાત્વીઓનો પરિચય કે સહવાસ ન રાખવો.

(૧૪) છ-કાય જીવની હિંસા ઓછામાં ઓછી થાય તેનો ખ્યાલ રાખવો.

(૧૫) પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એ પ્રમાણે શ્રાવકના બાર વ્રતોનું રોજ સ્મરણ કરવું અને તેમાં જે કોઈ દોષ લાગ્યા હોય તેનાથી પાછા ફરવા જાગૃત રહેવું.

(૧૬) નિર્દોષ પ્રાણીને મારવું નહીં.

(૧૭) કોઈ પ્રાણીને સખત બંધને બાંધવા નહીં.

(૧૮) કોઈ પ્રાણીનાં અંગોપાંગ છેદવા નહીં.

(૧૯) પ્રાણીઓ પાસે ગજા ઉપરાંત કામ ન લેવું. નોકર, ચાકર, સેવક, ગાય, ભેંસ, ઘોડા આદિ પશું વગેરે પાસેથી કામ લેતી વખતે તેમના પર પુરો દયા ભાવ રાખી, તેમની શક્તિ હોય તેટલું જ કામ લેવું.

(૨૦) કોઈને ભૂખ્યા-તરસ્યા રાખવા નહીં.

(૨૧) બોલતી વખતે વિચારીને કે શાંત ચિતે બોલવું.

(૨૨) કોઈના પર આળ ચડાવવું નહીં.

(૨૩) કોઈ છાની વાત કરતા હોય ત્યારે તેના પર દોષારોપણ કરવું નહીં કે, "તમે અમુક જ વાત કરતા હતા."

(૨૪) સ્ત્રી કે મિત્રની ગુપ્ત વાત ઉઘાડી ન પાડવી.

(૨૫) ખોટી સલાહ આપવી નહીં કે લોકોને ખોટાં રસ્તે દોરી જાય તેવા જૂઠાં ભાષણો કરવાં નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૬) ખોટું નામું ન લખવું, ખોટી રસીદ ન બનાવવી, ખોટાં દસ્તાવેજ ન કરવા, માલની ખોટી જાહેરાતો ન આપવી.

(૨૭) કોઈ પણ પ્રકારે ચોરી કરવી નહીં કે કોઈએ ન આપેલી વસ્તુ આપમેળે લેવી નહીં.

(૨૮) ચોરીનો માલ ખરીદવો નહીં.

(૨૯) ચોરીનો માલ ખરીદવા કોઈને પ્રેરણા ન આપવી.

(૩૦) વેચવા માટેના માલમાં કોઈ પ્રકારની ભેળસેળ ન કરવી.

(૩૧) રાજ્યના નિયત કરેલા કાયદાનું ઉલ્લંઘન ન કરવું, દાણચોરી ન કરવી, કરચોરી ન કરવી.

(૩૨) ખોટાં તોલ-માપ રાખવા નહીં.

(૩૩) પરસ્ત્રીગમન કરવું નહીં.

(૩૪) વૈશ્યાગમન કરવું નહીં.

(૩૫) પોતાની સ્ત્રીમાં કે સ્ત્રીથી સંતોષ રાખવો.

(૩૬) કામભોગના ઉત્તેજન માટે અનંગક્રીડા ન કરવી.

(૩૭) વિવાહ કાર્યોમાં રસ લેવો નહીં.

(૩૮) કામભોગ સંબંધી તીવ્ર અભિલાષા ન રાખવી.

(૩૯) ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપું, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ અને ચતુષ્પદ એવા વિવિધ પરીગ્રહની મર્યાદા રાખવી. અમર્યાદ-પરીગ્રહની લાલસા ન કરવી.

(૪૦) વ્યવસાય અને પ્રવૃત્તિઓનું ક્ષેત્ર મર્યાદિત રાખવું. જેથી બિનજરૂરી આવાગમનને નિવારી શકાય.

(૪૧) ઉપભોગ-પરિભોગના સાધનોની મર્યાદા રાખવી. અત્યંત આવશ્યક હોય તે સિવાયના સાધનોનો સંગ્રહ ન કરવો.

(૪૨) માંસ-મદિરાનો સર્વથા ત્યાગ કરવો.

(૪૩) પુષ્પ, ગંધ, માળા વગેરેનો ઉપયોગ ઘટાડવો.

(૪૪) બાવીશ અભક્ષ્ય-બત્રીશ અનંતકાય સહિત ત્યાગ કરવો.

(૪૫) અંગાર કર્મ, વનકર્મ આદિ જે પંદર કર્માદાનો કહ્યા છે, તેનો સર્વથા ત્યાગ કરવો, ન જ થઈ શકે તો પણ તેમાંના વધુમાં વધુ વ્યવસાયોને છોડી દેવા, તેના શેરમાં નાણા પણ ન રોકવા.

(૪૬) નિરર્થક પ્રવૃત્તિ (અનર્થદંડ લાગે તેવી) પ્રવૃત્તિ ન કરવી.

(૪૭) દુર્ધ્યાન - આર્ત્ત અને રૌદ્રધ્યાન ન થાય તે માટે જાગૃત રહેવું.

(૪૮) શસ્ત્ર, અગ્નિ આદિ પાપસાધનો કોઈને આપવા નહીં.

(૪૯) કામોત્પાદક ચેનચાળા કરવા નહીં.

(૫૦) અતિ વાચાળપણું રાખવું નહીં.

(૫૧) બીજાને હસાવવાની કે ભાંડ-ભવાયા જેવી ચેષ્ટા ન કરવી.

(૫૨) શસ્ત્રો સજાવીને તૈયાર ન રાખવા.

(૫૩) મન, વચન, કાયાને નિષ્પાપ બનાવવાનો પ્રયત્ન કરવો. તે માટે રોજ ઓછામાં ઓછું બે ઘડી પ્રમાણવાળું - ૪૮ મિનિટ પર્યન્તનું સામાયિક નામક અનુષ્ઠાન રાખવું.

(૫૪) રોજ સચિત્ત, દ્રવ્ય, વિગઈ આદિ ચૌદ નિયમો સવાર-સાંજ ધારવા અને ઓછામાં ઓછી જરૂરિયાતથી રહેતા શીખવું. તેમજ સાંસારિક પ્રવૃત્તિઓની મર્યાદા કરવી.

(૫૫) પર્વ દિવસોમાં (શક્ય હોય તો અન્ય દિવસોમાં પણ) ઉપવાસ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, શરીર શણગાર અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો આ બધાં માટે એકાંત સ્થાનમાં ધર્મધ્યાન કરવા માટે પૌષધનું અનુષ્ઠાન કરવું.

(૫૬) સાધુ-સાધ્વીજીને અતિથિ માનીને શુદ્ધ આહાર-પાણી વહોરાવવા, સંયમોપયોગી બીજા પણ ઉપકરણોનું દાન કરવું તેઓની યથાશક્તિ સેવા-ભક્તિ કરવી.

(૫૭) મૃત્યુ સમય નજીક જણાય ત્યારે અનશનપૂર્વક સમાધિમરણની આરાધના કરવી.

(૫૮) આરાધના-તપ ઇત્યાદિના ફળ સ્વરૂપે કદી પણ આલોક-પરલોક આદિની સુખની ઇચ્છા ન કરવી.

(૫૯) અનુકૂળ સ્થિતિમાં જીવવા માટે અને પ્રતિકૂળ સ્થિતિ આવી પડે ત્યારે મરવા માટેની વિચારણા કે ઇચ્છા ન કરવી.

(૬૦) મન, વચન, કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ કરીને, તે દ્વારા અપ્રશસ્ત એવા મન, વચન, કાયાનું નિયંત્રણ કરવું.

(૬૧) યથા સમય, યથાવિધિ દેવવંદન કરવું.

(૬૨) વ્રતોને ગ્રહણ કર્યા મુજબ તેનું પાલન કરવું.

(૬૩) સામાયિક આદિના સૂત્રોને અર્થ સહિત ગ્રહણ કરવા.

(૬૪) જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ, ઐશ્વર્ય એ આઠ બાબતે કદાપી અભિમાન ન કરવું.

(૬૫) આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આદિ સંજ્ઞાનો ત્યાગ કરવો અથવા આવી સંજ્ઞાઓમાં યોગ્ય વિવેકપૂર્વક વર્તવુ.

(૬૬) ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરવો અથવા અપ્રશસ્ત એવા ક્રોધ, માન, માયા, લોભ ન કરવા.

(૬૭) જેનાથી આત્મા દંડાય તેવા મન, વચન, કાયાના દંડનો ત્યાગ કરવો.

(૬૮) ચાલવામાં, બોલવામાં, ગ્રહણ કરવામાં, લેવા-મૂકવામાં અને પરઠવવામાં સાવધાની રાખવી.

(૬૯) આરંભ-સમારંભ આદિ પાપ કાર્યો કરવા જ પડે તો પણ નિર્ધ્વંસપણે ન કરવા. જે કંઈ કાર્યો કરવા પડેલ હોય તેનો પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત અને પ્રતિક્રમણ કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭૦) કરેલા કે થયેલા પાપોની આલોચના, નિંદા, ગર્હા કરવી.

(૭૧) વિરાધનાની પ્રવૃત્તિથી અટકવું અને આરાધનામાં પ્રવૃત્ત થવું.

(૭૨) સમયનો જેટલો અવકાશ મળે તેમાં જિનેશ્વર કથિત ધર્મદેશના અને તીર્થંકર આદિના ચરિત્રોની ધર્મકથાના સ્વાધ્યાયમાં પ્રવૃત્ત રહીને દિવસ પસાર કરવો.

(૭૩) અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મને મંગલરૂપ માનવા.

(૭૪) સમાધિ અને બોધિની પ્રાપ્તિ માટે અભિલાષા રાખવી.

(૭૫) સર્વે જીવો સાથે ક્ષમાપના કરવી અને મૈત્રીભાવ ધારણ કરવો. તેમજ વૈરભાવનો ત્યાગ કરવો.

આ પ્રમાણે અમે વંદિત્તુસૂત્રમાં સૂત્રકારે ગુંથેલ વિષયોને એક નિયમાવલી સ્વરૂપે રજૂ કર્યા છે. તેમાં સૂત્રનો પરીચય પણ પ્રાપ્ત થાય છે અને ગ્રહણ કરવા કે આદરવા રૂપ નિયમોનો નિર્દેશ મળે છે.

**૦ આ સૂત્રનું ક્રિયામાં સ્થાન :-**

વંદિત્તુ સૂત્રનું સ્થાન પ્રત્યક્ષરૂપે પ્રતિક્રમણ ક્રિયામાં જોવા મળે છે. પાંચે પ્રતિક્રમણમાં તે બોલાય છે. દેવસી અને રાઈય બંને પ્રતિક્રમણમાં તે એક-એક વખત બોલાય છે. જ્યારે પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરિક પ્રતિક્રમણમાં આ સૂત્ર બબ્બે વખત બોલાય છે. માત્ર "દેસિઅં" શબ્દને બદલે ત્યાં રાઈઅં, પકિખઅં ઇત્યાદિ શબ્દો બોલાય છે.

પાક્ષિક - (ચૌમાસી-સંવત્સરી) પ્રતિક્રમણ કરતી વખતે જ્યારે "પક્ખી સૂત્ર બોલવાનો વિધિ આવે ત્યારે જો સાધુ ભગવંતની નિશ્રા પ્રાપ્ત થઈ ન હોય કે કરી ન હોય તો "વંદિત્તુસૂત્ર" પકિખસૂત્રને બદલે બોલવું તેવી હાલ પરંપરા છે. ત્યાં આ સૂત્ર ત્રણ વખત બોલવાનો પ્રસંગ આવે છે. અલબત્ત ત્યાં આ સૂત્ર શ્રાવકે ઉભા ઉભા બોલવાનું હોય છે.

**૦ વંદિત્તુ સૂત્ર પ્રતિક્રમણમાં બોલવાનો વિધિ :-**

ઉપર એવું જણાવ્યું કે, "પકિખસૂત્ર"ને બદલે બોલાતું વંદિત્તુ સૂત્ર શ્રાવકે ઉભા-ઉભા બોલવું. તો પ્રશ્ન એ થાય કે સામાન્યથી "વંદિત્તુસૂત્ર" બોલવાની વિધિ શું છે ?

– "વંદિત્તસૂત્ર" બોલવા માટે એક વિશિષ્ટ આસન છે. જે આસનને વીરાસન કહે છે કેટલાંક તેને ઉત્કુટીક આસન પણ કહે છે. *(આ આસને કઈ રીતે બેસવું તેનો અભ્યાસ ગુરુગમથી પ્રાપ્ત કરવો.)* તેમાં ગાથા-૪૨ પર્યન્ત આ પ્રમાણે વીરાસને બેસીને બોલે અને ત્યારપછી ગાથા-૪૩માં "તસ્સ ધમ્મસ્સ કેવલી પન્નત્તસ" બોલ્યા પછી બાકીનું સૂત્ર ઉભા રહીને, બે હાથ જોડીને બોલો.

– આ સૂત્ર બોલતી વખતે સૂત્રનો આરંભ કરતા પહેલા વીરાસને બેસીને જ નવકારમંત્ર, કરેમિ ભંતે અને ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર બોલવામાં આવે છે, ત્યારપછી વંદિત્તુ સૂત્ર બોલાય છે.

**૦ વંદિત્તુ સૂત્રની પ્રાચીનતા દર્શક પુરાવાઓ –**

– આ સૂત્ર આવશ્યક આદિ આગમોમાં જોવા મળતું ન હોવાથી તે શા માટે બોલવું ? તે પ્રાચીન છે કે કેમ ? એવા પ્રશ્નો ઉઠે છે.

– આ સૂત્ર શ્રુતસ્થવિર ભગવંતની રચના છે.તેના પર વિક્રમ સંવત-૧૧૮૩માં વિજયસિંહસૂરિ રચિત ચૂર્ણિ જોવા મળે છે. તેના ઉપર વિક્રમસંવત-૯૫૬માં યક્ષદેવશિષ્ય શ્રી પાર્શ્વમુનિ રચિત ટીકા જોવા મળે છે. તદુપરાંત સંવત-૧૨૨૨માં ચાંદ્રકુલના શીલભદ્રસૂરિના શિષ્ય ધનેશ્વરના શિષ્ય શ્રી ચંદ્રસૂરિ રચિત વૃત્તિ, સંવત-૧૨૯૬માં ચક્રેશ્વર સૂરિના શિષ્ય તિલકાચાર્યરચિત લઘુવૃત્તિ, સંવત-૧૩૦૦માં દેવેન્દ્રસૂરિ રચિત વૃંદારવૃત્તિ, સંવત-૧૪૯૬માં શ્રી મુનિસુંદરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિજી રચિત અર્થદીપિકા વૃત્તિ, ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિના શિષ્ય શ્રી તરુણપ્રભ સૂરિએ સંવત-૧૪૧૧માં રચેલ વિવરણ તથા સંવત-૧૫૨૫માં ઉપાધ્યાય મેરુ સુંદર રચિત બાલાવબોધ ઇત્યાદિ અનેક "વ્યાખ્યાગ્રંથો" પ્રાપ્ત થાય છે. સંવત-૧૭૩૧માં માનવિજયજી ઉપાધ્યાય રચિત "ધર્મસંગ્રહ"માં પણ આ સૂત્ર-અર્થ સહિત આપવામાં આવેલ છે.

## ■ સૂત્ર-નોંધ :-

– આધાર સ્થાન :- આવશ્યક સૂત્ર આદિ કોઈ આગમમાં આ સૂત્રનું સ્પષ્ટ આધારસ્થાન મળતું નથી. પણ આવશ્યક સૂત્રનાં છટ્ઠા અધ્યયનમાં શ્રાવકધર્મને લગતાં આલાપકોને આધારે સ્થવિર ભગવંતે આ સૂત્રની રચના કરી હોવાનું અનુમાન થઈ શકે છે. જો કે આ સૂત્રની ગાથા-૪૮મી આવશ્યક નિર્યુક્તિ-૧૨૮૧મી ગાથારૂપે છે અને આવશ્યક સૂત્રના ચોથા પ્રતિક્રમણ અધ્યયનમાં "શ્રમણસૂત્ર"ની અંતિમ ગાથા (સૂત્ર રૂપે) જે ગાથા જોવા મળે છે, તે જ ગાથા વંદિત્તુ સૂત્રની ૪૯ અને ૫૦મી ગાથા રૂપે ઉદ્ધૃત થયેલી છે.

– ભાષા :- આ સૂત્રની ભાષા આર્ષપ્રાકૃત છે. આખું સૂત્ર "પદ્યમય" રચનારૂપે છે. જે "ગાહા" નામક છંદમાં છે.

– ઉચ્ચાર :- આ સૂત્ર લાંબુ છે, તેની ૫૦ ગાથા છે. તેથી ઉતાવળથી બોલતા ઉચ્ચાર દોષો ન થાય, તે જોવું, જોડાક્ષર, અનુસ્વાર આદિ માટે પણ ચોક્કસાઈ રાખવી જરૂરી છે.

—×—×—

સૂત્ર-૩૬

# અબ્ભુટ્ઠિઓ સૂત્ર

## ગુરુખામણા-સૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર થકી-ગુરુમહારાજ પરત્વે આપણાથી જે-જે અપરાધો થયા હોય તેને જાહેર કરીને ગુરુ મહારાજની ક્ષમાપના કરવામાં આવે છે - તેમજ તે-તે અપરાધોની માફી માંગવામાં આવે છે.

■ **સૂત્ર-મૂળ :-**

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**

**અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં.**

**ઇચ્છં, ખામેમિ દેવસિઅં.**

**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેઆવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતર ભાસાએ, ઉવરિભાસાએ.**

**જં કિંચિ મજ્ઝ વિણય-પરિહીણં સુહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડં.**

■ **સૂત્ર-અર્થ :-**

(શિષ્ય કહે) હે ભગવંત ! (આપ) ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો.

દિવસ દરમિયાન થયેલા અપરાધોની ક્ષમા માંગવાને-ખમાવવાનો હું ઉપસ્થિત થયો છું-તત્પર થયો છું.

(ગુરુ કહે - "ખામેહ" ખમાવો)

(શિષ્ય કહે) "ઇચ્છં" હું પણ તેમ ઇચ્છુ છું.

દિવસ દરમિયાન (થયેલા મારા અપરાધોને) હું ખમાવું છું.

આહાર-પાણીમાં, વિનયમાં, વૈયાવચ્ચમાં, બોલવામાં, વાતચીત કરવામાં, ઉંચા આસને બેસવાથી,સરખા આસને બેસવાથી, વચ્ચે બોલવાથી, ગુરુની ઉપરવટ જઈને બોલવાથી અર્થાત્ ગુરુ વચન ઉપર ટીપ્પણી કરવાથી જે કાંઈ અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ ઉપજાવે તેવું કર્યુ હોય.

તથા મારા વડે સૂક્ષ્મ કે સ્થૂળ (થોડું કે વધારે) જે કંઈ વિનયરહિત વર્તન થયું હોય (તેમજ)

– તમે જાણો છો પણ હું જાણતો નથી, તેવા કોઈ અપરાધ થયા હોય.

તે સંબંધી મારું સઘળું પાપ મિથ્યા થાઓ અર્થાત્ હું મારી ભૂલોની માફી

માંગુ છું.

■ **શબ્દજ્ઞાન :-**

**ઇચ્છાકારેણ** - ઇચ્છાએ કરી
**સંદિસહ** - આજ્ઞા આપો
**ભગવન્** - હે ભગવંત !
**અબ્ભુટ્ઠિઓમિ** - હું તત્પર થયો છું
**અબ્ભિંતર-દેવસિઅં** - દિવસ દરમ્યાન થયેલા (અપરાધોને)
**ખામેઉં** - ખમાવવાને
**જં કિંચિ** - જે કાંઈ
**અપત્તિઅં** - અપ્રીતિભાવ
**પરપત્તિઅં** - વિશેષ અપ્રીતિભાવ
**ભત્તે** - ભોજનના સંબંધમાં
**પાણે** - પાણીના સંબંધમાં
**વિણયે** -વિનયના સંબંધમાં
**વેયાવચ્ચે** - વૈયાવૃત્ય સંબંધમાં
**ઉચ્ચાસણે** - ઊંચા આસને બેસવાથી
**સમાસણે** - સમાન આસને બેસવાથી
**અંતરભાસાએ** - વચ્ચે બોલવાથી
**ઉવરિભાસાએ** - ટીપ્પણી કરવાથી
**જં કિંચિ** - જે કાંઈ
**મજ્ઝ** - મારું
**વિણય-પરિહીણં** - વિનયરહિત
**સુહુમં** - સૂક્ષ્મ, થોડું, અલ્પ
**વા** - અથવા, કે
**બાયરં** - બાદર, વધુ, મોટું
**તુબ્ભે** - આપ, તમે
**જાણહ**.- જાણો છો
**અહં ન જાણામિ** - હું જાણતો નથી
**તસ્સ** - તે
**મિચ્છા મિ દુક્કડં** - મારું પાપ-દુષ્કૃત્ મિથ્યા થાઓ.

■ **વિવેચન :-**

આ મધ્યમ વંદનના પાઠમાં આવતું સૂત્ર છે. તેને ગુરુખામણા સૂત્ર કહે છે. આવશ્યક સૂત્રમાં પાંચમાં અધ્યયનમાં આવતા આ સૂત્રપાઠ સંબંધે આવશ્યકવૃત્તિમાં વિવેચન મળે જ છે. તે ઉપરાંત યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ, શ્રાદ્ધદિનકૃત્ય, ષડાવશ્યક બાલાવબોધ આદિ ગ્રંથોમાં પણ તેની ટીકા છે.

● **इच्छाकारेण संदिसह भगवन् !** હે ભગવંત ! હે પૂજ્ય ! ઇચ્છાએ કરીને - ઇચ્છાપૂર્વક (મને) આજ્ઞા આપો.

— આ પદની વ્યાખ્યા-વિવેચન સૂત્ર-૫ "ઇરિયાવહી"માં જોવું.

— હે ભગવંત ! બળજબરીથી નહીં, પણ આપની ઇચ્છા મુજબ રજા આપો.

— આ भगवन् શબ્દનો ઉલ્લેખ યોગશાસ્ત્રમાં થયેલ નથી.

○ શેની આજ્ઞા માંગે છે - તે હવે જણાવે છે—

● **अब्भुट्ठिओ मि** - હું ઉપસ્થિત થયો છું.

○ अब्भुट्ठिओ - અભ્યુત્થિત, ઉપસ્થિત થવું, સન્મુખ ઉભા થવું, તત્પર થવું તે.

○ मि - એટલે હું, मि ને બદલે हं પાઠ પણ જોવા મળે છે.

— अभि + उत् + स्था — સામે ઉભા થવું, આસનેથી ઉઠવું કે તત્પર થવું. તેના પરથી 'अभ्युत्थित' શબ્દ બન્યો.

– "અબ્ભુટ્ઠિઓમિ" હું અભ્યુત્થિત અર્થાત્ આપને ખામણા કરવાની તૈયારી વાળો થયો છું. અન્ય સર્વ ઇચ્છા છોડીને ખામણાં કરવાને માટે તત્પર થયો છું.

– હું સન્મુખ ઉભો થયો છું, આદરપૂર્વક ઉભો થયો છું.

– અભ્યુત્થિત શબ્દ ઇચ્છા કે અભિલાષાને રજૂ કરીને ક્રિયા કરવાની તત્પરતા બતાવે છે. અહીં ગુરુ ભગવંત પાસે ક્ષમા માગવાની અર્થાત્ ખમાવવાની માત્ર ઇચ્છા જ નથી તૈયારી-તત્પરતા પણ છે. એવું દર્શાવવા આ શબ્દ પ્રયોજાયેલ છે.

'અભ્યુત્થિત' શબ્દનો બીજો અર્થ પણ જોવા મળે છે. તે મુજબ આદરપૂર્વક ઉભા રહેવું કે ઉભા થવું - તે ભાવ સૂચવે છે. એ અર્થ પણ અહીં બંધ બેસતો જ આવે છે. કારણ કે ગુરુની ક્ષમા દબાણથી કે બાહ્યોપચારથી માગવાની નથી, પણ તેમના પ્રત્યેના સંપૂર્ણ આદરભાવથી માગવાની છે.

○ ઉપસ્થિત શાના માટે થયો છે, તે જણાવે છે–

● **अब्भिंतर-देवसिअं खामेउं** - દિવસ દરમ્યાન થયેલા અપરાધોને ખમાવવાને માટે.

○ अब्भिंतर-દરમિયાન, અંદર ○ देवसिअं - દિવસ સંબંધી

– આખા પદનો અર્થ શ્રાદ્ધદિનકૃત્યમાં આ પ્રમાણે કર્યો છે–

"દિવસ દરમિયાન થયેલા અતિચારને-અપરાધને"

– ધર્મસંગ્રહમાં કહે છે કે, દિવસ સંબંધી સંભવિત અતિચારોની. અહીં 'અતિચાર' શબ્દ અધ્યાહાર છે. પછી ધર્મસંગ્રહકર્તા અહીં એક પાઠભેદનો અને પાઠભેદથી થતાં અર્થભેદનો ઉલ્લેખ કરે છે.

(૧) ખામેઉં (અથવા પાઠભેદે) (૨) ખામેમિ.

– જો "ખામેઉં" પાઠભેદ સ્વીકારીએ તો તેનો અર્થ ખમાવવાને માટે (તત્પર થયો છું) એ પ્રમાણે થશે. જો આ અર્થ સ્વીકારીએ તો આવી ઇચ્છા કે તત્પરતા પ્રગટ કરીને પછી મૌનપણે ગુરુના આદેશની-આજ્ઞાની રાહ જુએ. (આજ્ઞા મળ્યા પછી ક્ષમાપના વિધિ આગળ કહે)

– જો ખામેમિ - પાઠ ભેદ સ્વીકારે તો - તેનો અર્થ ત્યાં કહ્યો છે - હું હમણાં ક્ષમા-પ્રાર્થના કરું છું.

– 'देवसिअं' શબ્દનો અર્થ દિવસ સંબંધી, દિવસ દરમ્યાનના એ પ્રમાણે થાય છે. સામાન્ય રીતે देवसिअं શબ્દ સૂર્યોદયથી સૂર્યાસ્તની કાલમર્યાદાનો સૂચક છે. જો કે ક્રિયામાં પ્રયોગ થાય ત્યારે તો મધ્યાહ્નથી મધ્યરાત્રિ પર્યન્ત "देवसिअं" બોલાય છે અને મધ્યરાત્રિ પછીથી મધ્યાહ્ન પર્યન્ત આ સૂત્ર ક્રિયા વખતે બોલાય તો "राइअं" શબ્દ બોલાય છે. (ટુંકમાં 'देवसिअं' શબ્દને બદલે–)

– જો રાત્રિ દરમિયાન થયેલ અપરાધોની ક્ષમા માંગવાની હોય અથવા ક્રિયામાં આ સૂત્ર બોલો તો 'राइअं' શબ્દ બોલાય.

– જો પાક્ષિક, ચાતુર્માસિક કે સંવત્સરિક અપરાધોની ક્ષમા માંગવા માટે કે પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં વંદન અર્થે આ સૂત્ર બોલાય તો 'देवसिअं' ના બદલે અનુક્રમે "पक्खिअं", "चाउमासियं" અને "संवच्छरिअं" પદ બોલવામાં આવે છે.

– "અબ્ભિંતર દેવસિઅં", "અબ્ભિંતર રાઇઅં" ઇત્યાદિ સર્વે પદો વિશેષણરૂપ છે. તેથી વિશેષ્ય શું ? તેવી અપેક્ષા રહેજ છે. તે વિશેષ્યનો નિર્દેશ સૂત્રમાં તો સ્પષ્ટ શબ્દોમાં જોવામાં આવતો નથી. પણ "ખમાવવા માટેનું" ક્ષમા માંગવાના મુખ્ય હેતુરૂપ આ સૂત્ર હોવાથી ક્ષમા તો હંમેશાં અતિચાર, અપરાધ, દોષ કે સ્ખલનાની જ માંગવાની હોય છે. અહીં ગુરુ સાથે ક્ષમાપના કરવાની હોવાથી "અપરાધ" શબ્દ અધ્યાહારથી સમજી લેવાનો છે.

– 'ખમાવવું' એ શબ્દ "ખમવું"નું પ્રેરક રૂપ છે. તેથી તેનો સ્પષ્ટ અર્થ ક્ષમાની યાચના કે માગણી છે.

જ્યારે શિષ્ય પોતાની ખમાવવાની ઇચ્છા વ્યક્ત કરે ત્યારે ગુરુ પોતાની ઇચ્છાથી તેને ઉત્તર આપે છે - खामेह

० खामेह એટલે ખમાવો. (આપની ખમાવવાની ઇચ્છા હોય તો તે માટે મારી અનુમતિ છે - આજ્ઞા છે.)

*જો કે સૂત્રમાં આ પદ લખ્યું નથી. પણ ગુરુ તેમ બોલે છે તે જાણવું.*

● **इच्छं खामेमि देवसिअं** આપની આજ્ઞા પ્રમાણે - હું દિવસ સંબંધી અપરાધોને ખમાવું છું.

० इच्छं - હું પણ તેમ ઇચ્છુ છું, આપની આજ્ઞા સ્વીકારું છું.

० खामेमि - મારા અપરાધોને ખમાવું છું.

० देवसिअं - દિવસ સંબંધી, દિવસ દરમિયાનના.

– અહીં પણ देवसिअं ને બદલે राइअं, पक्खिअं સમજી લેવું.

– અહીંથી ખમાવવાની પ્રક્રિયાનો આરંભ થાય છે.

– શિષ્ય આદેશ માંગે ત્યારે ઉભા-ઉભા બે હાથ જોડીને આદેશ માંગે છે, ગુરુની આજ્ઞા પ્રાપ્ત થયા પછી તે વિધિપૂર્વક બે હાથ, બે ઢીંચણ અને મસ્તક જમીન પર (ચરવળા પર) લગાડીને પછી જમણો હાથ ચરવળા પર સ્થાપી, ડાબા હાથમાં મુહપત્તિ લઈને તે હાથ મુખ પાસે રાખીને હવેનો સૂત્રપાઠ બોલવો.

० खामेमि - ખમવું એટલે સહનશીલતા રાખવી, ઉદારતા રાખવી, ખામોશી રાખવી, વૈર લેવાની વૃત્તિનો કે દ્વેષભાવનો ત્યાગ કરવો. આ 'ખમવું' શબ્દનું પ્રેરકરૂપ છે 'ખમાવવું'.

'ખમાવવું' એટલે સામાની પાસે ક્ષમાની-માફીની અપેક્ષા રાખવી, ઉદારતાની માગણી કરવી તથા દ્વેષભાવના કે કલુષિત લાગણીનો ત્યાગ કરે તેવી પ્રાર્થના કરવી તે ક્ષમાપના ક્રિયા છે.

આ પ્રાર્થના એટલા માટે કરવામાં આવે છે કે, અપ્રીતિકારક કે અસદ્વર્તનથી ગુરુને કોઈપણ પ્રકારનું દુઃખ થયું હોય કે ક્રોધ કરવાનું નિમિત્ત મળેલ હોય તો તેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશાંતિ થાય, વિનય અને બહુમાનની જાળવણી થાય તથા પોતાના આત્માની શુદ્ધિ થાય. અહીં માંફી માંગવી એ કોઈ દીનતા કે રંકતા નથી કેમકે તેમાં પારમાર્થિક હેતુથી અપરાધોની ક્ષમા માગવામાં આવેલી છે, પણ અહીં જાગૃત આત્મા દ્વારા સ્વસ્થતા પ્રાપ્તિનો સબળ પ્રયાસ છે. તેનું પરિણામ છે–"ચિત્તની પ્રસન્નતા."

હવે સૂત્રકાર દિવસ દરમિયાન થયેલ અપરાધોના કારણો સૂત્રમાં જણાવીને કઈ કઈ બાબતે માફી માંગવી તેનો ઉલ્લેખ કરે છે–

● **जं किंचि** - જે કાંઈ પણ

● **अपत्तिअं** - અપ્રીતિક, અપ્રીતિ ઉપજાવનારું.

"અપત્તિઅં" શબ્દ આર્ષ-પ્રયોગમાં છે, તેના સંસ્કાર "અપ્રીતિકમ્" એ પ્રમાણે થાય છે. આ વિષયમાં યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં સ્વોપજ્ઞ વૃત્તિ કરતા આ વાત જણાવેલ છે - આર્ષપ્રયોગથી "અપત્તિઅં"નો અર્થ અપ્રીતિમાત્ર એવો થાય છે.

આ શબ્દના બીજા પણ બે સંસ્કૃત રૂપાંતર કહેવાયા છે.

(૧) अप्रत्ययं એટલે 'અપ્રીતિજનક".

(૨) आत्मप्रत्ययं એટલે "પોતાના નિમિત્તે".

– આ શબ્દ પછી 'परपत्तियं' પદ સૂત્રમાં આવે છે, તેથી તેની સાથેનો તુલનાત્મક અર્થ કરતા કહ્યું છે અલ્પ અપ્રીતિરૂપ અથવા સામાન્ય અપ્રીતિરૂપ તે "અપત્તિઅં".

– પાઠાંતરમાં अपत्तिअं ને બદલે अप्पतिअं પણ મળે છે.

● **परपत्तिअं** - વિશેષ અપ્રીતિ ઉપજાવનારું.

– યોગશાસ્ત્ર પ્રકાશ-૩ની સ્વોપજ્ઞ વૃત્તિમાં આ પદની વ્યાખ્યા કરતા કહ્યું કે, પ્રકૃષ્ટ અપ્રીતિ ઉપજાવનારું, પર-નિમિત્તવાળું કે પર-હેતુવાળું તે "પરપત્તિઅં" કહેવાય.

– 'અપત્તિઅં' પદની તુલનાએ આ પદનો અર્થ "વિશેષ અપ્રીતિ ઉપજાવનારું" એ પ્રમાણે જાણવો.

૦ અપરાધ કે દોષનું સૂચન કરવા માટે અહીં તેના બે ભેદો કહ્યા છે – (૧) અપત્તિઅં અને (૨) પરપત્તિઅં.

(૧) અપત્તિઅં - જે વર્તન સામાન્ય રીતે કે અલ્પ અપ્રીતિ ઉપજાવે તેવું હોય તેને "અપત્તિઅં" કહેવાય.

(૨) પરપત્તિઅં - જે વર્તન વિશેષ પ્રકારે કે વધારે અપ્રીતિ ઉપજાવે તેવું હોય તેને "પરપત્તિઅં" કહેવાય.

૦ ધર્મ સંગ્રહ માં કહે છે કે, "અપત્તિઅં" એટલે પોતાના નિમિત્તે અને "પરપત્તિઅં" એટલે બીજાના નિમિત્તે.

– મારા નિમિત્તે કે કોઈ બીજાના નિમિત્તે પણ, આપના પ્રત્યે મારો કે મારા

પ્રત્યે આપનો જે કોઈ અપરાધ થયો હોય ("તે મિથ્યા થાઓ" એ છેલ્લા વાક્ય સંબંધ અહીં જોડવો.

○ આવું વર્તન કૃયા કૃયા વિષયોમાં સંભવે છે, તેનો નિર્દેશ હવે પછીના પદોથી સૂત્રકારશ્રી જણાવે છે.

● **भत्ते पाणे** - ભોજન અને પાણીના વિષયમાં.

— भत्त - ભોજન. भत्त શબ્દનું સંસ્કૃત રૂપાંતર ભક્ત થાય છે. ભક્તના અનેક અર્થો છે. જેમકે સેવક, અન્ન, ઓદન, તાંદુલ, ભોજન, વિભાગ કરવો વગેરે. પણ આ સૂત્રમાં भत्त શબ્દ ભોજનના અર્થમાં વપરાયેલો છે.

— યોગશાસ્ત્ર પ્રકાશ-3, સ્વોપજ્ઞવૃત્તિમાં 'ભત્ત" ભોજનના વિષયમાં" એવો અર્થ કર્યો છે. भज् એટલે રાંધવું. તે પરથી भक्त એટલે ભોજન શબ્દ બન્યો છે.

○ पाण - પાણી. યોગશાસ્ત્ર પ્રકાશ-3, સ્વોપજ્ઞ વૃત્તિમાં पाणे એટલે "પાણીના વિષયમાં" એવો અર્થ કર્યો છે.

— અહીં સાધુને આપવા યોગ્ય પ્રાસુક ભોજન-પાણી સમજવા.

— ગુરુ મહારાજ ભોજન કે પાણી માટે ઘેર પધારેલા હોય તે વખતે શ્રાવકથી-ગૃહસ્થથી વહોરાવતા પહેલા, વહોરાવતી વખતે અથવા વહોરાવ્યા પછી જો ગુરુ મહારાજ પ્રત્યે કંઈ સામાન્યથી અથવા વિશેષથી અપ્રીતિકર વર્તન થઈ ગયેલ હોય તો તે દુષ્કૃત્‌ની માફી માંગવી.

● **विणये वेयावच्चे** - વિનયના વિષયમાં કે સંબંધમાં, વૈયાવચ્ચના વિષયમાં કે સંબંધમાં.

— "વિનય" એટલે અભ્યુત્થાન, આસનદાન, વળાવવા જવું ઇત્યાદિ ક્રિયાઓ સમજવી.

— 'વિનય' શબ્દની વ્યાખ્યા સૂત્ર-૨૮ 'નાણંમિ૰'માં જોવી.

○ "વૈયાવચ્ચ" - અહીં વૈયાવચ્ચ શબ્દથી ઔષધ તેમજ ઉપયોગી વસ્તુઓનું દાન, વિશ્રામણા આદિ સમજવા.

— "ધર્મસંગ્રહ"માં પણ લખ્યું છે કે, ઉભા થવું વગેરે વિનયમાં અને ઔષધ તથા પથ્ય અનુકૂળ આહારાદિથી સહાય કરવા રૂપ વેયાવચ્ચમાં.

— ગુરુનો વિનય સાચવવો અને ઉચિત વૈયાવૃત્ત્ય કરવું, એ શિષ્યનું કર્ત્તવ્ય છે, શિષ્યનો વિશિષ્ટ ધર્મ છે. તેમાં વિનય એ મુખ્યત્વે શિષ્ટાચારરૂપ છે અને વેયાવચ્ચ મુખ્યત્વે સેવા-ભક્તિરૂપ છે. આ વિનય અને વેયાવચ્ચ બંને નિર્મળ ભાવથી અને કોઈપણ આશંસા રહિતપણે આદરવામાં અને આચરવામાં આવે તો તે તીર્થંકર નામકર્મ બાંધવામાં નિમિત્તરૂપ બને છે. વીસસ્થાનકની આરાધનામાં વિનય અને વેયાવચ્ચ એ બંને સ્થાનોનો સમાવેશ થાય છે.

— આ વિનય અને વેયાવચ્ચ બંને ગુણોની આરાધના કરતાં જે કંઈ સામાન્ય કે વિશેષથી અપ્રીતિકર વર્તન થઈ ગયું હોય તો તે દુષ્કૃત્‌ની માફી માંગવી.

● **आलावे संलावे** - બોલવામાં અને વાતચીત કરવામાં.

o "આલાવે" એકવાર બોલવામાં, આલાપમાં

– ધર્મસંગ્રહમાં પણ આ જ વાત કહી છે કે, "આલાવે" એટલે એકવાર બોલવા રૂપ આલાપમાં.

o "સંલાવે" - વાતચીત કરવામાં, પરસ્પર વાતોમાં-વધારે બોલવા રૂપ સંલાપમાં.

– પરસ્પર કથા કરવા રૂપ વારંવાર બોલવામાં.

– ગુરુની સાથે બોલવાનો તથા વાતચીત કરવાનો પ્રસંગ અનેક વાર આવે છે. તેમાં એકાદ વખત કોઈ એવું વચન બોલાયુ હોય તેમજ કોઈ વખતે એવી વાતચીત થઈ હોય કે જેથી ગુરુ મહારાજને સામાન્ય કે વિશેષ અપ્રીતિ ઉપજાવે તેવું થયું હોય. (તો તે દુષ્કૃત્‌ની માફી માંગુ છું એ વાક્ય જોડવું.)

● **उच्चासणे समासणे** - ગુરુ કરતા ઊંચા આસને બેસવાથી, ગુરુના આસનની સમાન આસન રાખવામાં.

– યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશની સ્વોપજ્ઞ વૃત્તિમાં આ જ વાત કહેતા હેમચંદ્રાચાર્યજી જણાવે છે કે–

"ઉચ્ચાસણ" અર્થાત્ ગુરુના આસન કરતાં ઊંચા આસને બેસવું.

"સમાસણ" અર્થાત્ ગુરુના આસનની સમાન આસન રાખવું.

– શિષ્યએ પોતાનું આસન ગુરુના આસન કરતાં નીચું રાખવું જોઈએ. તેના બદલે કોઈ કારણવશાત્ કે પ્રમાદથી પોતાનું આસન ઊંચુ રાખેલ હોય કે સમાન ભૂમિકાએ રાખેલ હોય, એ કારણથી ગુરુને સામાન્યથી કે વિશેષથી અપ્રીતિ ઉત્પન્ન થઈ હોય. (તો મારું તે દુષ્કૃત્ મિથ્યા થાઓ - એમ સંબંધ જોડવો)

● **अंतरभासाए उवरिभासाए** - વચ્ચે બોલવામાં કે વધારે બોલવા અથવા ટીપ્પણી કરવામાં.

o "અંતરભાસા" એટલે ગુરુ કોઈ સાથે કે કોઈ વાત કરી રહ્યા હોય તેની વચમાં બોલી ઉઠવું તે અંતર્ભાષા.

– આવશ્યક સૂત્ર-૫૮ની વૃત્તિમાં પણ આ જ વાત કહી છે કે, ગુરુ વાત કરતા હોય ત્યારે વચ્ચે બોલવું તે અંતર્ભાષા કહેવાય.

– "ઉવરિભાસા" - ગુરુએ કહ્યા પછી તે વાતને વિશેષપણે કહેવી તેને "ઉવરિભાષા" કહે છે.

– તુરંત, ઉપરાંત કે વિશેષ બોલવું, ટીકા કે ટીપ્પણી કરવી, વાત પુરી થાય કે તુરંત જ તેમાં કંઈ બોલવા લાગી જવું તે.

– ગુરુએ કરેલ કથન કે કહેલ વાત ઉપર વિશેષ અર્થમાં ટીકા-ટીપ્પણ કરવું કે તેમને સ્થાપેલી વાતનું ઉત્થાપન કરીને પોતાની વાતનું સ્થાપન કરવું તે ઉવરિભાસા કહેવાય છે.

– ગુરુ દ્વારા કથિત વિષયનું વિશેષ પ્રકારે ખંડન કરીને 'સ્વભાષા' - પોતાની વાતની સ્થાપના કરવી તે ઉપરિભાષા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૦ અંતર્ભાષા અને ઉપરિભાષા–

ગુરુ મહારાજ કોઈ સાથે વાતચીત કરતા હોય અને કોઈ પણ વિષય પરત્વે પોતાના વિચારો દર્શાવતા હોય, તે સમયે વચ્ચે જ બોલી ઉઠવું કે, "તમારી ભૂલ થાય છે, આ વાત આ પ્રમાણે નથી પણ તે પ્રમાણે છે - ઇત્યાદિ અથવા ગુરુ મહારાજ કોઈ વાત પૂર્ણ કરે, ત્યારે તુરંત જ તે વાતનું ખંડન કરીને કે તે વાતને વધુ વિસ્તારથી રજૂ કરે ત્યારે ગુરુ મહારાજને આવા પ્રસંગે સામાન્યથી કે વિશેષતાથી અપ્રીતિ ઉત્પન્ન થવાનો સંભવ છે. (આવી અપ્રીતિ થઈ હોય તો મારા તે દુષ્કૃત્‌ની માફી માંગુ છું.)

*આ પ્રમાણે ઉપર કહ્યા તે-તે કાર્યો કરવામાં–*

● **जं किंचि** જે કાંઈ, જે કંઈ સામાન્ય અથવા વિશેષરૂપમાં કે સમસ્તપણે.

● **मज्झ** મારું, મારાથી

● **विणय-परिहीणं** - વિનયથી રહિતપણે, શિક્ષાથી રહિત અથવા ભક્તિ વિનાનું.

– ધર્મસંગ્રહમાં જણાવે છે કે, વિનયહીન એટલે ગુરુ મહારાજે આપેલી શિક્ષાથી વિપરીતપણે.

– શ્રાદ્ધદિન કૃત્ય મુજબ-વિનય-પરિહીન એટલે ભક્તિથી રહિત થયું હોય તે.

૦ ગુરુ મહારાજ સાથે મુખ્યત્વે જે જે કાર્ય માટે પ્રસંગ પડે છે, તેનો સામાન્ય નિર્દેશ આ જ સૂત્રમાં પૂર્વે "ભત્તેપાણે" આદિ પદોથી કરવામાં આવ્યો છે. તેથી ભોજન-પાન ઇત્યાદિ સર્વ કોઈ પ્રસંગે જે કંઈ અપરાધ થઈ ગયો હોય, તેને આ "વિનય-પરિહીન" નામક શબ્દ-પ્રયોગથી સૂચિત કરવામાં આવેલ છે અર્થાત્ વિનયહીન વર્તન કરવાથી કે થવાથી મારા વડે જે કાંઈ અપરાધ થયેલો હોય (મારા તે દુષ્કૃત્‌ની માફી માંગુ છું - એ વાક્ય સંબંધ જોડવો)

*– આવું વર્તન કઈ રીતે થયું હોય તો માફી માંગવી ?*

● **सुहमं वा बायरं वा** - સૂક્ષ્મ (થોડું) કે બાદર (વધારે)

૦ सुहमं - સૂક્ષ્મ, નાનું કે અલ્પ પ્રાયશ્ચિત્તનો યોગ્ય.

૦ बायरं - બાદર, મોટું કે વિશેષ પ્રાયશ્ચિત્તને યોગ્ય.

– યોગશાસ્ત્ર પ્રકાશ-૩ની સ્વોપજ્ઞવૃત્તિમાં જણાવે છે કે, જે અલ્પ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય તેવું હોય તે સૂક્ષ્મ અને વિશેષ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય તેવું હોય તે બાદર કહેવાય. અહીં બે વખત 'वा' નો પ્રયોગ છે. તેથી સૂક્ષ્મ અને બાદર બંનેના વિષયોમાં "મિથ્યાદુષ્કૃત્" આપવાનું છે.

– થોડું કે વધારે, નાનું કે મોટું જે કંઈ અનુચિત વર્તન થયું હોય, એમ કહ્યું. વિનયરહિત વર્તનની સ્પષ્ટતા અહીં સૂક્ષ્મ અને બાદર એ બે પ્રકારો વડે કરવામાં આવી છે.

– સૂક્ષ્મ એટલે એવું વર્તન કે જે લઘુપ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય.

– બાદર એટલે એવું વર્તન કે જે વિશેષ પ્રાયશ્ચિત્તે શુદ્ધ થાય.

– આ બંને પ્રકારના વર્તનની શુદ્ધિ માટે માફી માંગવાની છે.

● **तुब्भे जाणह अहं न जाणामि** - આપ જાણો છો (પણ) હું (તે) જાણતો નથી.

એવા પણ અપરાધો થયા હોય કે થવાની સંભાવના છે કે જે ગુરુના ખ્યાલમાં બરાબર આવી ગયા હોય અને શિષ્ય તેના વિશે કાંઈપણ જાણતો ન હોય. એટલે તેવા અપરાધોનું સૂચન પણ અહીં સૂત્રમાં કરવામાં આવેલ છે... અથવા...

મિથ્યાદુષ્કૃત્‌થી શુદ્ધિ થઈ શકે તેવા સૂક્ષ્મ અને બાદર– અવિનયાદિથી થયેલા અપરાધો કે જેને આપ જાણો છો. કેમકે ઉચિત અનુચિત સર્વ ભાવોને જાણવામાં આપ સમર્થ છો, તેથી આપના જાણવામાં હોય અને હું મૂઢ હોવાથી ન જાણતો હોઉં - તેમજ - તે અપરાધો મેં ગુપ્તપણે કરેલા હોવાથી આપ ન જાણતા હો અને મેં સ્વયં કરેલા હોવાથી હું જાણતો હોઉં, વળી આપ પણ બીજાએ કરેલા હોય વગેરે કારણોથી જાણતા ન હો અને હું પણ વિસ્મૃતિ આદિના યોગે ન જાણતો હોઉં તથા આપની પ્રત્યક્ષ કરેલા હોવાથી આપ અને હું બંને તે અપરાધોને જાણતા હોઈએ.

આ રીતે ચારેય ભેદે કરેલા અપરાધોને અહીં "તુબ્ભે જાણહ અહં ન જાણામિ" પદથી જાણવા.

* जाणामि ને સ્થાને યોગશાસ્ત્રમાં याणामि એવો પાઠ છે.

● **तस्स मिच्छा मि दुक्कडं** - તે સર્વે અપરાધોનું હું મિથ્યા દુષ્કૃત્ આપું છું અર્થાત્ તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ.

– આ પદની વ્યાખ્યા અને વિવેચન માટે સૂત્ર-૫ "ઇરિયાવહી" જોવું. તે સિવાય સૂત્ર-૧૦ "સામાઇય વયજુત્તો", સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ" ઇત્યાદિ ઘણાં સૂત્રોમાં આ પાઠ આવેલ છે.

○ तस्स - તેમાં. અહીં સપ્તમી વિભક્તિના અર્થમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો હોવાથી - "તેમાં" અર્થ કર્યો.

○ मिच्छा मि दुक्कडं "મારું પાપ મિથ્યા થાઓ."

– અપ્રીતિવિષયક અને વિનયરહિત થયેલા મારા તે તે અપરાધો વિષયક "મારું પાપ મિથ્યા થાઓ."

– અહીં 'મિચ્છા મિ દુક્કડં' દુષ્ટ આચરણોનો પશ્ચાત્તાપ અથવા દોષોની કબૂલાત કરવા રૂપ પ્રતિક્રમણ અર્થને કહેનારું જૈન પારિભાષિક વાક્ય છે. તેને "દઉં છું" એમ અધ્યાહાર સમજવું. એ રીતે "મિચ્છા મિ દુક્કડં" એ પાઠનો અર્થ અહીં આ પ્રમાણે જાણવો - "અપ્રીતિ વિષયક અને વિનયરહિતપણાના તે મારા અપરાધો, મને, મોક્ષમાર્ગની સાધનામાં વિરોધ કરનારા અને દુષ્કૃત્ અર્થાત્ પાપરૂપ છે, એમ પોતના દોષોની કબૂલાતરૂપે "પ્રતિક્રમણ" એટલે અપરાધની ક્ષમાપના

જાણવી. *(આ પ્રમાણે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશની સ્વોપજ્ઞ વૃત્તિમાં જણાવેલ છે.)*

○ **વિધિપૂર્વક** અપરાધ ખમાવતા અનેક ભવ્યજીવો કેવળજ્ઞાન પામ્યા છે. આ વિષયમાં *ચંડરુદ્રાચાર્યના શિષ્ય*ની કથા છે.

ઉજ્જૈની નગરીમાં ચંડરુદ્રાચાર્ય નામે આચાર્ય હતા, સ્વભાવથી તે ક્રોધી હતા. કોઈ વખતે નવ પરિણીત એક યુવાન, મિત્રો સાથે તેમની પાસે આવ્યો. મિત્રોએ આચાર્ય મહારાજ પાસે મશ્કરી કરી કે અમારા આ મિત્રને દીક્ષા લેવી છે. આચાર્ય મહારાજે જોયું કે હજી આ મીંઢળબંધો યુવાન છે, મજાક-મશ્કરીમાં મને દીક્ષા માટે કહી રહ્યા છે. તેમણે ક્રોધાવેશમાં રાખ લઈને પેલા યુવાનનો લોચ કરી દીધો. યુવાનને દીક્ષા આપી દીધી, મિત્રો તો ભયથી નાસી ગયા.

નવદીક્ષિત શિષ્ય એ આચાર્ય મહારાજને કહ્યું કે, આપે મને દીક્ષા તો આપી દીધી, પણ હું તો હજી તાજો જ પરણેલો છું. જો મારા ઘરના આ વાત જાણશે તો ધમાલ થશે. માટે, ચાલો આપણે અહીંથી નીકળી જઈએ. સમય-સંજોગ વિચારી રાત્રિના જ બંનેએ વિહાર કર્યો. આચાર્યશ્રી વૃદ્ધ હતા, બરાબર ચાલી શકતા ન હતા. તેથી તેમને ખભે બેસાડીને નવદીક્ષિત સાધુ ચાલ્યા. રસ્તા ઊંચા નીચા અને અંધારી રાત્રિ હોવાને કારણે સાધુથી બરાબર ચલાતું ન હતું અને આચાર્યશ્રીને આંચકા આવતા હતા. તેમણે ક્રોધથી નવા સાધુને મસ્તકે દાંડો માર્યો. તાજો જ લોચ થયેલા મસ્તકથી લોહી વહેવા લાગ્યું. નવદીક્ષિતે વિચાર્યું કે મારા કારણે ગુરુજીને ઘણું કષ્ટ થાય છે, ગુરુ પ્રત્યેના ભક્તિ અને વિનયથી ચિંતવતા નવા સાધુ શુક્લધ્યાનની ધારાએ ચડીને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાનના પ્રકાશમાં બધું બરાબર દેખાતું હોવાથી શિષ્ય સાધુ બરાબર ચાલવા લાગ્યા. ગુરુ મહારાજે પૂછ્યું કે કેમ, હવે બરાબર ચાલવા લાગ્યો ? શિષ્ય કહે, આપની કૃપાથી. ગુરુ ભગવંતે આશ્ચર્યથી પૂછ્યું કે તને કોઈ જ્ઞાન થયું છે ? ત્યારે ખ્યાલ આવ્યો કે અરે ! આ તો કેવળજ્ઞાની છે તુરંત આચાર્યશ્રી ખભેથી ઉતરી ગયા. પશ્ચાત્તાપ કરતા તેઓ પણ કેવળજ્ઞાન પામ્યા.

જેવી રીતે શિષ્યએ ગુરુનો વિનય કરવાથી અને આચાર્ય મહારાજે ખમાવવા દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે જ રીતે ભાવથી ખામણાં ખામતાં અનેક ભવ્યજીવો કેવળજ્ઞાન પામ્યા છે અને પામશે.

## ■ વિશેષ કથન :-

આ સૂત્રનું એક નામ "અબ્ભુટ્ઠિઓ" છે. જે આ સૂત્રના આદ્ય પદને આધારે બોલાય છે. બીજું નામ "ગુરુખામણા સૂત્ર" છે. જેને "ગુરુ ક્ષમાપના" પણ કહે છે. આ સૂત્ર વડે શિષ્ય ગુરુ પરત્વે થયેલા નાના-મોટા અપરાધોને ખમાવે છે, તથા ગુરુ પણ સામેથી તેને ખમાવે છે. એટલે આ સૂત્રમાં ખામણા-ક્ષમાપનાની પ્રક્રિયાની મહત્તા હોવાથી તેને ખામણા અર્થાત્ ક્ષમાપના સૂત્ર કહે છે.

ક્ષમાપના માટે આવશ્યક ગુણ છે સરળતા અને નમ્રતા. આર્જવતાનો ગુણ વિકસવાથી સરળતા આવે છે. વિનયગુણ વિકસવાથી નમ્રતા આવે છે. વિનય એ

ધર્મનું મૂળ છે. જે પરંપરાએ નિશ્ચલ એવા મોક્ષ સુખને આપે છે. તેથી મોક્ષ કે નિર્વાણસુખની ઇચ્છા કરનાર સાધકે ગુરુનો વિનય નિરંતર અને પ્રત્યેક રીતે કરવો જોઈએ. ચારિત્રના યોગ્ય પાલન માટે પણ ગુરુનો વિનય નિતાંત ફળદાયી છે.

ધર્મરત્ન પ્રકરણની ૧૨૬મી ગાથામાં કહ્યું છે કે, ગુરુના ચરણની સેવા કરવામાં મગ્ન અને તેમની આજ્ઞાનું પાલન કરવામાં તત્પર એવા સાધુ ચારિત્રનો ભાર વહન કરવાને શક્તિમાન થાય છે. બીજો નહિ જ. એ વાત નક્કી સમજવી.

— તેથી ગુરુને વિનયથી આરાધવા તેમજ પ્રસન્ન કરવા. તેમ છતાં પ્રમાદથી કે કોઈપણ કારણે તેમનો અવિનય થાય કે આશાતનાનું કારણ ઉત્પન્ન થાય તો ગુરુની મન, વચન, કાયાથી ક્ષમા માગવી. આ કારણે જ ગુરુને વંદન કરતાં, દિવસ અને રાત્રિનું પ્રતિક્રમણ કરતી વખતે તેમજ પક્ષ, ચાતુર્માસ, સંવત્સર દરમિયાન થયેલા અપરાધોની આલોચના કરતાં આ પૂર્વક ગુરુને ખમાવવાનો વિધિ છે.

ગુરુ પરત્વે અપરાધો થવાનો સંભવ કઈ રીતે છે ? તે વાતનો નિર્દેશ સૂત્રમાં કર્યો છે - આહાર પાણીના વિષયમાં, વિનય, વૈયાવચ્ચ વખતે, આસન ગ્રહણ કરતા, વાતચીત વગેરેના પ્રસંગોમાં ગુરુ મહારાજને સામાન્ય અપ્રીતિ કે વિશેષ અપ્રીતિ ઉત્પન્ન થઈ હોય તેવો સંભવ છે. કોઈ વિનયરહિત કૃત્ય કે જેનો શિષ્યને ખ્યાલ હોય અને શિષ્યને ખ્યાલ ન પણ હોય, પરંતુ ગુરુને બરાબર ખ્યાલ હોય.

આ પ્રત્યેક અપરાધને માટે શિષ્ય અંતરથી, ફરી તેવો અપરાધ ન કરવાના ભાવયુક્ત થઈને "મિચ્છા મિ દુક્કડં" આપે છે અર્થાત્ પોતાના દુષ્કૃત્ બદલ માફી માંગે છે.

અહીં ગુરુ શિષ્યોને ઉદ્દેશીને કહે છે – "अहमवि खामेमि तुम्हं" હું પણ તમને ખમાવું છું. (તમને અવિનયથી રોકવા માટે મેં તમારા દોષોનું સ્મરણ કરાવતાં, તમને અતિચારોથી રોકતાં, તમારો પ્રમાદ ઉડાવવાની પ્રેરણા કરતાં અને કરવા યોગ્ય કાર્યોની વારંવાર પ્રેરણા કરતાં જે કાંઈ અપ્રીતિ કે વિશેષ અપ્રીતિને ઉત્પન્ન કરાવનાર થયું હોય તે સંબંધી મારું સર્વદુષ્કૃત મિથ્યા થાઓ)

**૦ આ સૂત્રમાં પ્રાપ્ત પાઠાંતરો :-**

"ભગવન્" શબ્દને બદલે "ભગવં" પ્રયોગ પણ જોવા મળે છે, તો વળી યોગશાસ્ત્ર-વૃત્તિમાં આ પદનો ઉલ્લેખ જ નથી.

"અબ્ભુટ્ઠિઓ પછી "મિ"ને બદલે "હં" પાઠ પણ મળે છે. જો કે અર્થની દૃષ્ટિએ બંનેના અર્થ સમાન છે. "અમ્હિ" પાઠાંતર પણ મળે છે.

"ખામેઉ"ને બદલે "ખામેમિ" પાઠ પણ મળે છે, પણ ત્યાં ખામણા કરવાની ઇચ્છાનો "ખમાવું છું" અર્થ નીકળે છે.

"અપત્તિઅં"ને બદલે "અપ્પત્તિઅં" પાઠ પણ મળે છે.

"જાણામિ"ને બદલે "યાણામિ" પાઠ પણ મળે છે.

**૦ સૂત્રનો ક્રિયામાં ઉપયોગ :-**

આ સૂત્ર ક્રિયામાં મુખ્યત્વે બે પ્રકારે ઉપયોગી બને છે–

(૧) વંદન કરતી વેળાએ (૨) પ્રતિક્રમણ ક્રિયામાં

(૧) વંદનમાં :- વંદનના ત્રણ ભેદ છે. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. જેમાં મધ્યમ અને ઉત્કૃષ્ટ વંદનમાં આ સૂત્રનો ઉપયોગ થાય છે. મધ્યમ વંદન-નો વર્તમાન વિધિ એવો છે કે, તેમાં ગુરુ સન્મુખ પહેલા બે ખમાસમણ (પ્રણિપાત) ક્રિયા થાય છે. પછી "ઇચ્છકાર" સૂત્રનો પાઠ બોલાય છે, પછી પદસ્થ ગુરુદેવો હોય તો ફરી ખમાસમણ દેવાય છે. ત્યારપછી આ "અબ્ભુટ્ઠિઓ" પાઠપૂર્વક વંદના-ખામણા થાય છે.

આ મધ્યમ વંદન ઉભયકાળ તો કરવાનું જ હોય છે, તે સિવાય પણ ગુરુ નિશ્રાએ સામાયિક, પ્રતિક્રમણ, સૂત્ર કે ગાથા લેતી વખતે, ગૌચરી માટે નિમંત્રણા કરતી વખતે, વ્યાખ્યાન શ્રવણાર્થે, આલોચના ગ્રહણ કરવી હોય ત્યારે ઇત્યાદિ અનેક પ્રસંગે કરવાનો વિધિ છે.

૦ ઉત્કૃષ્ટ વંદન કે જેને દ્વાદશાવર્ત્ત વંદન કહે છે, તેમાં પણ આ 'અબ્ભુટ્ઠિઓ'ના પાઠપૂર્વક વંદન થાય છે. શ્રાવકોમાં જો કે હાલ આ વિધિ-પ્રવૃત્તિ જોવા મળતી નથી, પણ પૌષધમાં **રાઈ મુહપત્તિની** ક્રિયા કરે ત્યારે તેમાં "અબ્ભુટ્ઠિઓ"ના પાઠ પૂર્વક વંદન-ખામણા થાય છે.

(૨) પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન :-

દેવસિ અને રાઈ પ્રતિક્રમણ કરતી વેળાએ વંદિત્તુ સૂત્ર બોલ્યા પછી વાંદણા લઈને "અબ્ભુટ્ઠિઓ"ના પાઠપૂર્વક અપરાધ-ક્ષામણારૂપ આ વંદન થાય છે.

પક્ખિ, ચઉમાસિ અને સંવચ્છરિ - એ ત્રણે પ્રતિક્રમણમાં આ જ સૂત્રપાઠનો ઉપયોગ તો રાઈ અને દેવસિ પ્રતિક્રમણ મુજબ એક-એક વખત જ થાય છે. પણ સામાન્ય શાબ્દિક ફેરફાર પૂર્વક આ સૂત્રપાઠનો ઉપયોગ પક્ખિ આદિ પ્રતિક્રમણમાં બીજા ત્રણ-ત્રણ વખત થાય છે. (૧) સંબુદ્ધા ખામણેણં પૂર્વક, (૨) પત્તેઅ ખામણેણં પૂર્વક અને (૩) સમત્ત ખામણેણં પૂર્વક.

## ■ સૂત્ર-નોંધ :-

– આ સૂત્ર આવશ્યક સૂત્રના અધ્યયન-૫માં છે.

– આ સૂત્રની ભાષા આર્ષ-પ્રાકૃત છે.

– ઉચ્ચારણ દૃષ્ટિએ જોડાક્ષર અને અનુસ્વારમાં તો સાવધાની જરૂરી જ છે. જેમકે "અબ્ભુટ્ઠિઓ"ને બદલે 'અભુ' કે "ઠિઓ" બોલતા જોવા મળે છે. "અબ્ભિંતર"ને બદલે "અબ્ભિ" કે "અભિ" બોલતા હોય છે. એ જ રીતે "અપત્તિઅં"ને બદલે "અરપત્તિઅં" બોલતા હોય છે. આવી ભૂલો ન થાય તેની સાવધાની રાખવી જોઈએ.

– વંદન ક્રિયા વખતે "અબ્ભુટ્ઠિઓ" જે રીતે બોલાય છે, તેની ક્રિયા વિધિ બરાબર જાળવવી.

——×——×——

સૂત્ર-૩૭

# આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

## આયરિયાઈ-ખામણાસૂત્ર

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્રમાં આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ, ગણ, સકલસંઘ, સર્વજીવો પરત્વે જે કંઈ ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય થયેલ હોય તેની તથા સર્વે અપરાધોની ક્ષમાપના કરાઈ છે.

■ **સૂત્ર-મૂળ :-**

**આયરિય-ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ-ગણે અ;**
**જે મે કેઈ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ.** ૧
**સવ્વસ્સ સમણસંઘસ્સ, ભગવઓ અંજલિં કરિઅ સીસે;**
**સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ.** ૨
**સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ-નિહિઅ-નિય-ચિત્તો;**
**સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ.** ૩

■ **સૂત્ર-અર્થ :-**

આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ પરત્વે મેં જે કંઈપણ કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) કર્યા હોય, તે સર્વેની હું મન, વચન, કાયાથી ક્ષમા માંગુ છું (તેમને ખમાવું છું) ૧

મસ્તક ઉપર બે હાથ જોડીને (અંજલિ કરીને), પૂજ્ય એવા સર્વ શ્રમણ (પ્રધાન ચતુર્વિધ) સંઘની ક્ષમા માંગીને (સર્વ અપરાધો ખમાવીને) હું પણ તેમને ક્ષમા આપું છું. (તે સર્વેના કરેલા અપરાધને હું પણ ખમાવું છું.) ૨

ભાવથી ધર્મને વિશે પોતાનું ચિત્ત સ્થાપ્યું છે એવો હું (અંતઃકરણની સાચી ધર્મભાવનાપૂર્વક) જીવરાશિના સકલ જીવો (પ્રત્યે મેં કરેલા સર્વે અપરાધો)ની ક્ષમા માંગીને (-સર્વ અપરાધ ખમાવીને) હું પણ તેમને ક્ષમા આપું છું (- તે સર્વેના કરેલા અપરાધને હું પણ ખમાવું છું.)

■ **શબ્દ-જ્ઞાન :-**

**આયરિય** - આચાર્ય **ઉવજ્ઝાએ** - ઉપાધ્યાયને
**સીસે** - શિષ્યોને **સાહમ્મિએ** - સાધર્મિકને
**કુલ** - એક આચાર્યનો પરિવાર, એક આચાર્યનો શિષ્ય સમુદાય
**ગણ** - ઘણાં આચાર્યનો પરિવાર, ત્રણ કુલોનું નામ તે ગણ.

**અ** - અને **જે** - જે **મે** - મેં

**કેઈ** - કોઈપણ **કસાયા** - કષાયો (કર્યા)

**સવ્વે** - સર્વેને **તિવિહેણ** - ત્રણ પ્રકારે

**ખામેમિ** - હું ખમાવું છું, હું ક્ષમા માંગુ છું.

**સવ્વસ્સ** - સર્વ **સમણસંઘસ્સ** - શ્રમણસંઘને

**ભગવઓ** - પૂજ્યને **અંજલિં** - બે હાથ જોડીને

**કરિય** - કરીને **સીસે** - મસ્તક પર

**સવ્વં** - સર્વ (અપરાધ)ને **ખમાવઇત્તા** - ખમાવીને

**ખમામિ** - ખમું છું **સવ્વસ્સ** - સર્વના

**અહયંપિ** - હું પણ —

**જીવરાસિસ્સ** - જીવસમૂહને **ભાવઓ** - ભાવથી

**ધમ્મ** - ધર્મને વિશે **નિહિય** - સ્થાપ્યું છે

**નિય ચિત્તો** - પોતાનું ચિત્ત, (જેણે એવો હું)

■ **વિવેચન :-**

આ સૂત્ર ક્ષમાપના સંબંધી સૂત્ર છે, તેમાં આચાર્યાદિને ખમાવવામાં આવતા હોવાથી તેને "આયરિઆઈ-ખામણા સૂત્ર" કહે છે. પણ વ્યવહારમાં તે "આયરિય ઉવજ્ઝાએ" સૂત્રના નામથી પ્રસિદ્ધ છે, કેમકે આ સૂત્રના આદ્ય પદો 'આયરિય ઉવજ્ઝાએ' છે. તેથી બધાં સૂત્રોની જેમ આ સૂત્ર પણ આદ્ય પદોને આધારે ઓળખાય છે.

● **आयरिय-उवज्झाए** - આચાર્ય અને ઉપાધ્યાય પ્રત્યે, આચાર્ય અને ઉપાધ્યાયના સંબંધમાં.

– અહીં આચાર્ય અને ઉપાધ્યાય બંનેને સાથ લઈને વિભક્તિ મૂકી છે.

○ 'आयरिय' શબ્દના વિવેચન માટે સૂત્ર-૧ 'નવકારમંત્ર' તથા સૂત્ર-૨ 'પંચિંદિય સંવરણો' જોવું.

○ 'उवज्झाय'શબ્દના વિવેચન માટે સૂત્ર-૧ 'નવકારમંત્ર' જુઓ.

– આ બંને પદનો સંબંધ ગાથા-૧ના ઉત્તરાર્ધ સાથે છે.

● **सीसे** - શિષ્ય પરત્વે, શિષ્યના સંબંધમાં.

– જે શિક્ષણ આપવા યોગ્ય હોય, ઉપદેશ આપવા યોગ્ય હોય તે 'શિષ્ય' કહેવાય છે.

– જેના નામથી જેની દીક્ષા થઈ હોય તે ગુરુને માટે તે ચેલો પણ શિષ્ય કહેવાય છે.

– ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે, જે અનુશાસિત અથવા શિક્ષિત કરવાને શક્ય હોય તે શિષ્ય કહેવાય છે.

– આ પદનો સંબંધ આ ગાથાના ઉત્તરાર્દ્ધ સાથે છે.

● **साहम्मिए** - સાધર્મિક પ્રત્યે, સમાનધર્મીના સંબંધમાં.

૦ સાધર્મિક - સમાનધર્મથી ચાલે તે સાધર્મિક.

– અહીં સામાન્યથી સાધુને માટે સાધુને સાધર્મિક ગણવા અને ઉપલક્ષણથી શ્રાવકને પણ સાધર્મિક કહી શકાય છે.

– પ્રશ્નવ્યાકરણની વૃત્તિમાં કહ્યું છે - લિંગ (વેશ) અને પ્રવચનથી જે સમાનધર્મી હોય તે સાધર્મિક કહેવાય. દશવૈકાલિકની વૃત્તિમાં તેના ચાર ભાંગા બતાવ્યા છે - (૧) પ્રવચનથી સમાન હોય પણ લિંગ-વેશ વડે સમાન ન હોય. (૨) લિંગથી સમાન હોય પણ પ્રવચનથી સમાનન હોય, (૩) લિંગ અને પ્રવચન બંનેથી સમાન હોય, (૪) લિંગ કે પ્રવચન એકેમાંથી સમાન ન હોય. (આ ચોથો ભેદ નિરર્થક છે.)

– સમવાયાંગ સૂત્ર વૃત્તિ મુજબ - ગીતાર્થ સમુદાયમાં વિચરતા એવા સંવિગ્નને સાધર્મિક કહે છે.

– ઠાણાંગસૂત્ર વૃત્તિ મુજબ - સમાન ધર્મ એટલે સધર્મ્મ. તેના વડે વિચરનાર તે સાધર્મિક અર્થાત્ સાધુ.

– ભગવતીજી સૂત્રવૃત્તિ - સાધર્મિક એટલે સમાન સાધુ જ્યારે આચારાંગ સૂત્ર વૃત્તિ મુજબ - સાધર્મિક એટલે બીજા સાધુ.

– આ પદનો સંબંધ આ ગાથાના ઉત્તરાર્ધ સાથે છે.

● **कुल-गणे** :- કુલ અને ગણ પ્રત્યે, કુલ અને ગણના સંબંધમાં

૦ કુल - એક આચાર્યનો પરિવાર કે એક આચાર્યના શિષ્યોનો સમુદાય તેને કુલ કહેવામાં આવે છે.

– ઠાણાંગસૂત્રવૃત્તિ - ચાંદ્ર આદિ નામે પ્રસિદ્ધ એવો સાધુસમુદાય-વિશેષરૂપ એ કુલ કહેવાય છે.

– પ્રશ્નવ્યાકરણસૂત્રવૃત્તિ, ગચ્છ, સમુદાયરૂપ જે ચાંદ્ર, નાગેન્દ્ર આદિ નામે ઓળખાય છે તેને કુલ કહે છે.

૦ गण - ઘણાં આચાર્યોનો પરિવાર તે 'ગણ' કહેવાય.

– પ્રશ્નવ્યાકરણસૂત્રવૃત્તિ - એક સામાચારી વાળાનો સમૂહ.

– આવશ્યકસૂત્રવૃત્તિ - એક વાચના-આચાર અને ક્રિયાસ્થાનોની સમાનતાવાળો સમુદાય કે સૂત્રને 'ગણ' કહે છે.

– બૃહદ્કલ્પસૂત્રવૃત્તિ - અનેક કુલોનો સમુદાય તે ગણ.

– ભગવતી સૂત્ર શતક-૮, ઉદ્દેશક-૮માં જો કે અલગ જ વ્યાખ્યા અભયદેવ સૂરિ કૃત્ વૃત્તિમાં જોવા મળે છે. તેમના કહેવા મુજબ - "એક આચાર્યની સંતતિને "કુલ" જાણવું અને પરસ્પર અપેક્ષા રાખનારા એવાં ત્રણ કુલોના સમુદાયને એક 'ગણ' જાણવો.

– આ પદનો સંબંધ ગાથાના ઉત્તરાર્ધ સાથે છે.

● **अ** - અને

● **जे मे केइ कसाया** - મેં જે કોઈ કષાય કર્યા હોય.

— આ આખું વાક્ય ગાથાના પૂર્વાર્દ્ધ સાથે સંબંધ ધરાવે છે.
(૧) આચાર્ય પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.
(૨) ઉપાધ્યાય પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.
(૩) શિષ્ય પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.
(૪) સાધર્મિક પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.
(૫) કુલ પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.
(૬) ગણ પ્રત્યે મેં જે કોઈ કષાયો કર્યા હોય.

○ केइ - કોઈપણ, કોઈપણ પ્રકારે.

○ कसाय - એટલે ક્રોધ, માન, માયા, લોભરૂપ ભાવ કે વર્તન.

*(* સામાન્યથી 'કસાય' શબ્દના અર્થમાં બધાં 'ક્રોધ' એવું જ સમજે છે અને ખમાવવાની વાતમાં 'ક્રોધ' માટે જ ખમાવવાનું એવો અર્થ કરે છે. તેથી અહીં સ્પષ્ટતા કરવી કે કસાયના ચાર મુખ્ય ભેદ છે અને તેમાં ક્રોધ, માન, માયા, લોભ ચારેનો સમાવેશ થાય છે.*

— 'કસાય' શબ્દની વ્યાખ્યા-વિવેચન માટે સૂત્ર-૨ "પંચિંદિય સંવરણો" સૂત્ર-૨૭ "ઇચ્છામિ ઠામિ" સૂત્ર-૩૫ વંદિત્તુસૂત્રમાં જોવા.

○ जे मे केइ' પછી कया પદ અધ્યાહાર છે. कया એટલે કર્યા હોય.

○ આ રીતે જે કષાયો આચાર્યાદિ પ્રત્યે કર્યા હોય અથવા તેમાંના કોઈપણને મેં કષાયો કરાવ્યા હોય તેનું શું કરવું ? તે વાતને સૂત્રકારશ્રી ચોથા ચરણમાં દર્શાવે છે.

● **सव्वे तिविहेण खामेमि** તે સર્વેને ત્રણ પ્રકારે - મન, વચન, કાયાથી હું ખમાવું છું, તેમની ક્ષમા માંગુ છું.

○ सव्वे - તે સર્વેને. તે એટલે આચાર્ય, ઉપાધ્યાય આદિ.

○ तिविहेण - ત્રિવિધને, ત્રણ પ્રકારે - મનથી, વચનથી, કાયાથી.

○ खामेमि - (क्षमयामि) ખમાવું છું, ક્ષમા માંગુ છું.

ઉપરોક્ત ગાથામાં આચાર્ય આદિ છ ની ક્ષમા માંગવામાં આવી. (૧) આચાર્ય પરત્વે કરેલા કષાયની ક્ષમા યાચના - આચાર્ય એ સર્વે સાધુઓના વડીલ સ્થાને, સર્વોચ્ચ પદે બિરાજે છે. તેઓએ પોતાની આજ્ઞામાં રહેલા, હાથ નીચેના સાધુઓને સારણાદિ કરવાના હોય —

(૧) સારણા - સાધુઓની વારંવાર સાર-સંભાળ કરવી, તેમને સદાચારવાળા બનાવવા તેમના દોષોનું તેમને સ્મરણ કરાવવું.

(૨) વારણા - સાધુઓના ચારિત્રમાં અતિચાર લાગતો હોય કે અનાચાર થતો હોય તો તેનું નિવારણ કરવું.

(૩) ચોયણા - તે સાધુઓ પ્રમાદમાં રહેતા હોય તો તેમને ઇષ્ટ ઉપયોગથી સન્માર્ગે વાળવા પ્રેરણા કરવી.

(૪) પડિચોયણા - કદાચ જરૂર પડે તો વારંવાર પ્રેરણા કરીને અથવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કઠોર શબ્દો કહીને પણ તેમને સદાચારમાં પ્રવર્તાવવા.

આ રીતે આચાર્ય સારણા, વારણા, ચોયણા, પડિચોયણા કરતા હોય તે પ્રસંગે આચાર્યએ કહેલી કોઈ વાત સંભવ છે કે પોતાને ન રુચિ હોય, તો તેમના પ્રત્યે મનના ભાવો કલુષિત થયા હોય, કંઈ કષાયભાવોનો ઉદય થયો હોય તેથી ક્ષમા યાચના પ્રસંગે સૌ પ્રથમ તેમને યાદ કરીને ખમાવાયા છે.

(૨) ઉપાધ્યાય પરત્વે કરેલા કષાયની ક્ષમાયાચના - જે આચાર્યની નિશ્રામાં સાધુઓ રહેતા હોય, તે સાધુઓને શ્રુતનું અધ્યયન કરાવવાનું કાર્ય તે આચાર્યના આજ્ઞાવર્તી ઉપાધ્યાયનું છે. સાધુઓને આ રીતે અધ્યયન-અધ્યાપન કરાવતી વખતે કોઈ વખત ભણવા બાબતે તેમને ઠપકો આપ્યો હોય, કંઈ આકરા વેણો કહ્યા હોય એવું બનવા સંભવ છે. આ વાત સાધુના હિતની હોવા છતાં સંભવ છે કે સાધુને પોતાને ગમી ન હોય. તે કારણે તેને કોઈ પ્રકારે કષાયનો ઉદય થયો હોય. તેથી બીજી ક્ષમાપના ઉપાધ્યાયની કરવામાં આવી છે.

(૩) શિષ્ય પરત્વે કરેલા કષાયની ક્ષમાયાચના - શિષ્યે વિનયી અને નમ્ર રહેવાનું છે, બે હાથ જોડી અંજલિ કરીને પ્રશ્નોત્તર, આજ્ઞા, યાચના કે ગ્રહણ આદિ કરવાના છે, ગુરુના અભિપ્રાય મુજબ વર્તવાનું છે. કંઈપણ ગ્રહણ-આસેવના શિક્ષા અથવા શ્રુતનું ગ્રહણ ગુરુને વંદન કરવાપૂર્વક, વિનય જાળવીને કરવાનું છે, તેઓ કંઈ કહે ત્યારે પણ બે હાથ જોડીને, નમ્રતાપૂર્વક તેમને સાંભળવાના છે. ગુરુની અનુમતિ વિના કોઈ કાર્ય કરવાનું નથી. હવે શિષ્ય વિનયરહિત, અભિમાનયુક્ત, મનસ્વી, માયાપૂર્વક આદિ કોઈ વર્તન-વ્યવહાર કરતા હોય તે જોઈને કષાયોનો ઉદ્ભવ થવા સંભવ છે. તેથી ત્રીજી ક્ષમાપના તેની કરી.

(૪) સાધર્મિક પરત્વે કરેલા કષાયની ક્ષમાયાચના-જ્ઞાન આદિ ગુણોની સમાનતા વર્તતી હોવાના કારણે જે સાધુ સાધર્મિક છે, તેવા સાધર્મિકોની વૈયાવચ્ચ શારીરિક-વિશ્રામણા વડે, હાર્દિક પ્રેમ વડે, ગુણની પ્રશંસા અને અવગુણ ઢાંકવા વડે તથા આશાતનાના ત્યાગ વડે કરવાની હોય છે. આવા પ્રસંગોમાં કોઈ વખતે-કોઈ કારણે તેમના પ્રત્યે કષાય થયો હોય તેમ સંભવિત છે. તેથી ચોથી ક્ષમાપના સહવર્તી-સાધર્મિક સાથે કરવાની છે.

(૫) કુલ અને ગણ પરત્વે થયેલા કસાયની ક્ષમાયાચના - પોતે ચાંદ્ર આદિ જે કુળનો અને કોટિ આદિ જે કંઈ ગણના સાધુ છે. તે કુલ અને તે ગણ વિવિધ ફરજો અદા કરતા અથવા તે કુલ અને ગણમાં નિવાસ કરતા અનેક પ્રસંગો કે નિમિત્તો મળે છે કે જે પ્રસંગે અને નિમિત્તે કોઈ વખત કષાય ઉત્પન્ન થઈ પણ જવા પામે. તો તેમની પણ ક્ષમાયાચના કરવી જોઈએ. તેવા હેતુથી પાંચમા ક્રમે કુળની અને છટ્ઠા ક્રમે ગણની ક્ષમાયાચના કરવામાં આવી છે.

**જેમની સાથે વધારે નિકટ રહેવાનો** કે વધારે સહવાસ પરીચયનો પ્રસંગ આવે તેમના પ્રત્યે રાગ કે દ્વેષની પરિણતી પણ થવી સંભવ છે અને આ રાગ-દ્વેષ જન્ય ક્રોધ, માન, માયા-લોભરૂપ કષાયોની ઉત્પત્તિ કે સ્થિતિ પણ સંભવે છે. તેવા

હેતુથી સર્વ પ્રથમ આચાર્ય આદિ છ ને સ્મરણમાં લાવીને તેમની ક્ષમાયાચના કરાઈ છે.

**બીજી** ગાથામાં સકલશ્રી સંઘની ક્ષમાપના કરાઈ છે, કેમકે ગણ કરતાં પણ મોટો વિસ્તાર સંઘનો છે, આચાર્યાદિ સાથેના સહવાસ કે સંસર્ગ પછીનો ક્રમ શ્રી સંઘનો છે, તેથી બીજી ગાથામાં તેમને સ્થાન આપ્યું છે. તે આ પ્રમાણે છે–

● **सव्वस्स समणसंघस्स** - સકલ શ્રી શ્રમણસંઘને, સર્વ સાધુ સમુદાયરૂપ સમૂહને.

○ सव्व - સર્વ, સકળ. આ શબ્દ શ્રમણસંઘના વિશેષણરૂપે છે.

○ समणसंघ - શ્રમણસંઘ, શ્રમણોનો સમુદાય.

– શ્રમણસંઘ અર્થાત્ "શ્રમણ પ્રધાન સંઘ" એવો અર્થ પણ છે.

– શ્રમણ છે પ્રધાન જેમાં તેવો શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તે શ્રમણસંઘ.

– અહીં આપણે સાધુની માંડીને કુલ-ગણ સુધીને યાદ કરવા પડશે, પછી સંઘની વ્યાખ્યા સમજવી પડશે.

સાધુઓની એકાદ ટુકડી (ચાર કે પાંચ સાધુ) સાથે વિચરતા હોય તેમાં એક વડીલ કે રત્નાધિક સાધુ હોય તેને ગણાવચ્છેદક કહે છે. આવા અનેક ગણાવચ્છેદકોનો સમૂહ કોઈ આચાર્યની નિશ્રામાં - તેમના આજ્ઞાવર્તીપણે વર્તતો હોય છે. આવા એક આચાર્યની સંતતિ અર્થાત્ એક ગુરુનો શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર કે જેમની સામાચારી આદિ સમાન હોય છે, તેવા એકથી વધુ આચાર્યના સર્વે સાધુઓનો સમૂહ મળીને એક કુલ બને છે.

આવા અનેક કુલો એકઠા થાય (બીજા મતે ત્રણ કુલો ભેગા થાય) ત્યારે પરસ્પર અપેક્ષા રાખનારા કુલોનો જે સમૂહ થાય તેનો એક ગણ બને છે. (અહીં ગણ એટલે માત્ર "સમાન વાચના ગ્રહણ કરનારનો વર્ગ" એટલો જ અર્થ લેવાનો નથી.)

આવા તમામ ગણો એકઠા થાય ત્યારે જે સાધુસમૂહ થાય તે સમૂહને સંઘ કહે છે. જે "શ્રમણસંઘ" કહેવાય છે. એટલે પ્રત્યેક સાધુ આ શ્રમણસંઘના સભ્યરૂપે હોય છે. તેની મૂળ વ્યવસ્થા એવી હતી કે એક સંઘાચાર્ય હોય, તેના હાથ નીચે અર્થાત્ આજ્ઞામાં કેટલાંયે ગણાચાર્યો હોય, પ્રત્યેક ગણાચાર્યની આજ્ઞામાં કેટલાંયે કુલાચાર્ય હોય છે. પ્રત્યેક કુલાચાર્યની આજ્ઞામાં અનેક આચાર્ય-ઉપાધ્યાયો-સાધુઓ હોય છે. આવું શ્રમણસંઘનું સ્વરૂપ છે.

જ્યારે "શ્રમણ પ્રધાન સંઘ" એ વ્યાખ્યા ગ્રહણ કરીએ ત્યારે પણ એક વિશાળ સંઘમાં શાખા-પ્રશાખા રૂપ કુલ-ગણ-આચાર્ય આદિ સહિત શ્રમણ-શ્રમણી, શ્રાવક-શ્રાવિકારૂપ સંઘ હોય છે.

આવા સંઘ દ્વારા પરમાત્માની આજ્ઞાનુસાર રજૂ થયેલા આદર્શોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો, તેમના નિર્ણીત કરાયેલ સામાચારી-નિયમો મુજબ જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવવું અને સકલ શ્રી સંઘનું ગૌરવ વધે તેવી પ્રવૃત્તિ-આચરણ કરવું જોઈએ. પણ તેમ કરતી વખતે કોઈ શિથિલતા કે પ્રમાદ પણ આવી જાય. સંઘના નિયમો કે સામાચારીના વિષયમાં કોઈ પ્રકારે કષાય પણ ઉદ્‌ભવ્યો હોય તેવું બની શકે. ત્યારે શું કરવું ? તે ગાથામાં આગળ કહે છે–

● **भगवओ अंजलिं करिअ सीसे** - મસ્તકે અંજલિ કરીને - બે હાથ જોડી લલાટે લગાડીને તે પૂજ્ય એવા.

○ भगवओ - પૂજ્યને, ભગવદ્‌રૂપને

○ अंजलिंकरिअ - અંજલિ કરીને, બે હાથ જોડીને

○ सीसे - શીર્ષ પર, મસ્તક પર, લલાટે.

– ગાથાનો પૂર્વાર્દ્ધ રજૂ કરતા આ પ્રમાણે કહી શકાય કે, ''કષાય-પ્રતિક્રમણ'' કરનાર સાધુ-મસ્તકે બંને હાથ જોડીને - અંજલિ કરીને પૂજ્ય અથવા ભગવદ્‌રૂપ એવા સકલ શ્રમણ (પ્રધાન) સંઘની...

● **सव्वं खमावइत्ता** - તેઓ સર્વને ખમાવીને, તે સર્વેના કરેલા અપરાધોની ક્ષમા માગીને.

– અહીં सव्व એટલે સર્વે-અર્થાત્ સકલ શ્રમણસંઘ પ્રત્યે કરેલા બધાં અપરાધોની - અને -

– खमावइत्ता - (ક્ષમયિત્વા) ખમાવીને, ક્ષમા માગીને

● **खमामि सव्वस्स अहयं पि** - હું પણ સર્વેને ખમું છું, તે સર્વના કરેલા અપરાધની હું ક્ષમા કરું છું.

– સકલ શ્રમણસંઘની ક્ષમા માગીને હું પણ સર્વેને ક્ષમા કરું છું.

– અહીં પૂજ્ય કે ભગવદ્‌રૂપ એવા સકલ શ્રી સંઘ પરત્વે કોઈ કોઈ અપરાધ થયો હોય - કોઈ સંભવિત દોષ થયો હોય કે કોઈએ કંઈ અપરાધ કર્યો હોય તો તે માટે ક્ષમાનું આદાન-પ્રદાન કરીને અર્થાત્ ખમાવીને અને ખમીને વેરની વિષમવૃત્તિ કે કષાયની પરિણતિથી મુક્ત થવાય છે. અથવા તે આત્મા મુક્ત થાય છે.

○ અહીં अहयंपि એટલે अहम् अपि - હું પણ.

○ **હવે ત્રીજી ગાથ**માં સૂત્રકાર શ્રી સર્વજીવરાશિ સાથે ક્ષમાનું આદાન-પ્રદાન કરવાની વાત જણાવે છે. સૌથી નિકટવર્તી એવા આચાર્યાદિને ખમાવ્યા પછી, થોડા દૂરવર્તી એવા સર્વશ્રમણ સંઘ સાથે ક્ષમાનું આદાન-પ્રદાન કર્યું અને હવે જે સર્વે જીવો સાથે સહવાસ-સંપર્ક આદિ થયા હોય, તે જીવોની સાથે ક્ષમા માંગવા અને આપવાની છે. તે આ રીતે–

● **सव्वस्स जीवरासिस्सस** - સર્વ જીવસમૂહને.

○ सव्व - સર્વ, સકળ, સઘળી.

○ जीवरासि - જીવોનો સમૂહ, ચોર્યાશીલાખ જીવયોનિમાં રહેલા સર્વે જીવો.

– जीव શબ્દ માટે સૂત્ર-૫ 'ઇરિયાવહી' અને जीवरासि માટે સૂત્ર-૩૧

"સાત લાખ" જોવું.

● **भावओ धम्म-निहिअ-निय-चित्तो** - ભાવથી ધર્મને વિશે પોતાનું ચિત્ત સ્થાપ્યું છે એવો હું, અંતરના ભાવથી ધર્મમાં પોતાના ચિત્તનું સ્થાપન કરનાર એવો હું (એટલે ક્ષમા માંગનાર)

○ भावओ - ભાવથી, અંતરના ભાવપૂર્વક.

○ धम्मनिहिअ - ધર્મને વિશે સ્થાપ્યું છે, ધર્મમાં સ્થાપનાર

○ निय चित्तो - પોતાનું ચિત્ત (એવો હું)

– ધર્મમાં નિજ-ચિત્તને સ્થાપિત કરનાર.

'કષાય પ્રતિક્રમણ' કરનાર સાધુ સર્વ જીવરાશિના જીવો પ્રત્યે થયેલ કષાયના ઉદયની ક્ષમા માગે છે. તે કહે છે–

હું અંતઃકરણની સાચી ધર્મ-ભાવનાપૂર્વક જીવ-રાશિના સકલ જીવોની તેમના પ્રત્યે થયેલા કષાય અંગે ક્ષમા માંગુ છું અને તેમને પણ ક્ષમા આપું છું - આ જ વાતને જણાવવા માટે સૂત્રકારશ્રીએ આ ગાથા-૩માં જણાવ્યું છે–

● **सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयं पि** - તેમના સર્વે અપરાધો ખમાવીને, હું પણ સર્વે જીવોએ કરેલા અપરાધને ખમું છું અર્થાત્ તેમની ક્ષમા માગીને હું તેમને ક્ષમા કરું છું.

– ગાથા-૩નો ઉત્તરાર્ધ, ગાથા-૨માં પણ ઉત્તરાર્ધરૂપે આવી ગયેલ છે. તેથી અર્થની દૃષ્ટિએ બંને સમાન છે - વિશેષ એટલું કે ગાથા-૨માં સકલ શ્રી સંઘ સાથે ક્ષમાનું આદાન-પ્રદાન થયેલું છે, જ્યારે અહીં સર્વ જીવો સાથે ક્ષમાનું આદાન-પ્રદાન છે.

○ આ ગાથામાં મહત્ત્વપૂર્ણ વાક્ય છે - "ભાવથી ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કરનારો એવો હું."

ગાથા-૧ માં જેમ "તિવિહેણ" મૂક્યું - મન, વચન, કાયા ત્રણેના યોગથી ક્ષમા માંગી, વળી ફક્ત 'ક્ષમા માંગુ છું' એટલું જ વિધાન કર્યું પણ હું આચાર્યાદિને ક્ષમા કરું છું એવું ન કહીને તે સર્વેનું ગૌરવ જાળવ્યું અને મહત્તા પ્રદર્શિત કરી.

ગાથા-૨ માં "અંજલિં કરિઅ સીસે" એવો મહત્ત્વનો પ્રયોગ કરીને સકલ શ્રી સંઘ પરત્વે વિનય-બહુમાન પ્રગટ કર્યું.

તેમ આ ગાથા-૩માં "ધર્મમાં સ્થાપિત ચિત્ત જેનું છે તેવો હું" એમ કહીને અંતર્ના ભાવપૂર્વક એક મહત્ત્વની વાત કહી દીધી કે આ ક્ષમા આદાન-પ્રદાન કરનાર કેવો છે ? ભાવથી ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કરનારો. જેનું ચિત્ત ધર્મમય હોય, ધર્મમાં જ સ્થાપિત હોય એવો આત્મા દુર્ગતિમાં જઈ જ કઈ રીતે શકે ? દુર્ગતિમાં ન જવા માટે કષાયયુક્ત મનવાળો રહી ન શકે. કષાયને ઉપશમાવવા ક્ષમાનું આદાન-પ્રદાન જીવ માત્ર સાથે કરવું જ જોઈએ એવા ભાવથી સર્વે જીવોની ક્ષમા માગે અને સર્વે જીવોને ક્ષમા કરે. ખમાવે અને ખમે.

■ **વિશેષ કથન :-**

– ત્રણ ગાથામાં ક્ષમાપનાનો ભાવ રજૂ કરતું આ સૂત્ર પદ્યમય અને ગાહા છંદમાં રચાયેલું છે.

– આ સૂત્રનો મુખ્યત્વે ઉપયોગ પ્રતિક્રમણની ક્રિયામાં થાય છે. પ્રત્યેક પ્રતિક્રમણમાં "અબ્ભુટ્ઠિઓ" પાઠથી ખામણા કર્યા પછી બે વખત વાંદણા લઈને **અવગ્રહની બહાર નીકળ્યા** પછી બે હાથની મસ્તકે અંજલિ કરવાપૂર્વક આ સૂત્ર બોલાય છે.

તે સિવાય અંતિમ આરાધના અવસરે "જીવ-ખામણા" કરતી વખતે પણ આ સૂત્ર અત્યંત ઉપયોગી છે.

**૦ સૂત્ર માહાત્મ્ય :-** પ્રતિક્રમણનો વ્યાપક અર્થ છે મિથ્યાત્વથી પાછા ફરીને સમ્યક્ત્વમાં સ્થિર થવું, અવિરતિથી ખસીને વિરતિમાં રહેવું, પ્રમાદથી મુક્ત થઈને સંયમમાં ઉદ્યત્ થવું, કર્મબંધના કારણરૂપ કષાયભાવોનો ત્યાગ કરી, કષાયરહિતતા માટે પુરુષાર્થ કરવો - ઇત્યાદિ.

અહીં કષાયની ઉપશાંતિ એ મહત્ત્વનું ઘટક છે. વીતરાગતા પ્રાપ્તિ માટે પણ કષાયોનો નિગ્રહ અને ક્ષય જરૂરી છે. ક્રોધ આદિ ચાર કષાયોની ઉપશાંતિ ક્ષમા આદિ ચાર ગુણોથી થાય છે. તેથી ક્ષમા માંગવી અને આપવી એ પણ એક નિતાંત આવશ્યક ભાવક્રિયા છે. આ સૂત્રમાં આચાર્યથી આરંભીને સર્વ જીવો સાથે ક્ષમાપના કરવામાં આવી છે. આ ક્ષમાભાવથી જીવ ક્રોધરહિત થઈ પરંપરાએ સરળ, નમ્ર અને સંતોષી બને છે.

## ■ સૂત્ર-નોંધ :-

– આ સૂત્રની ભાષા આર્ષ પ્રાકૃત છે.

– આવો જ સૂત્રપાઠ - આવશ્યકસૂત્ર હારિભદ્રીય વૃત્તિમાં નોંધાયેલ છે, પહેલી બે ગાથાની નોંધ આવશ્યકચૂર્ણિમાં પણ જોવા મળે છે. સંસ્તારક પયન્નાની ગાથા ૧૦૪ થી ૧૦૬ પણ આ જ પાઠ દર્શાવે છે. અર્થાત્ આગમમાં આ સૂત્રપાઠ ઉપલબ્ધ છે.

– આ સૂત્રનું ઉચ્ચારણ લયબદ્ધપણે કરવું.

—×—×—

સૂત્ર-૩૮

# નમોડસ્તુ વર્ધમાનાય-સૂત્ર

## વર્ધમાન સ્તુતિ

■ **સૂત્ર-વિષય :-**

આ સૂત્ર સ્તુતિરૂપે છે. તેની પહેલી ગાથામાં વર્ધમાનસ્વામીની, બીજી ગાથામં સર્વે તીર્થંકરોની અને ત્રીજી ગાથામાં જિનવાણીની સ્તુતિ છે. પણ સર્વ સામાન્યપણે આ વર્ધમાનસ્વામીની સ્તુતિ જ કહેવાય છે.

■ **સૂત્ર-મૂળ :-**

**નમોડસ્તુ વર્ધમાનાય, સ્પર્ધમાનાય કર્મણા;**
**તજ્જયાવાપ્તમોક્ષાય, પરોક્ષાય કુતીર્થિનામ્ ૧**
**યેષાંવિકચારવિંદ-રાજ્યા, જયાયઃ ક્રમ કમલાવલિંદધત્યા;**
**સદશૈરિતિ સંગતંપ્રશસ્યં, કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ૨**
**કષાયતાપાર્દિત જંતુનિર્વૃત્તિં, કરોતિ યો જૈનમુખાંબુદોદ્ગતઃ**
**સ શુક્ર માસોદ્ભવ વૃષ્ટિ સન્નિભો, દધાતુ તુષ્ટિં મયિવિસ્તરો ગિરામ્ ૩**

■ **સૂત્ર-અર્થ :-**

કર્મની સાથે સ્પર્દ્ધા કરનાર, તે કર્મોને જીતીને મોક્ષ પ્રાપ્ત કરનાર અને અન્ય દર્શની-કુતીર્થીઓને ન સમજાય તેવા સ્વરૂપવાળા ભગવાન્ મહાવીર સ્વામીને મારા નમસ્કાર હો. ૧

જેમ શ્રેષ્ઠ ચરણ-કમળની શ્રેણીઓને ધારણ કરનારી દેવ-નિર્મિત સુવર્ણ-કમળોની પંક્તિએ જાણે એમ કહ્યું કે, સરખાની સાથે સમાગમ થવો તે પ્રશંસનીય છે, તે જિનેશ્વરો મોક્ષને માટે થાઓ. ૨

જેઠ માસમાં ઉત્પન્ન થયેલા વરસાદ જેવો, શ્રી જિનેશ્વરપરમાત્માના મુખરૂપી વાદળામાંથી વરસતો વાણીનો વિસ્તાર કષાયોરૂપી તાપથી બળી રહેલા પ્રાણીઓને શાંતિ આપે છે. તે મારા ઉપર પ્રસન્નતા-સંતોષને ધારણ કરો. ૩

■ **શબ્દજ્ઞાન :-**

**નમોડસ્તુ** - નમસ્કાર થાઓ
**વર્ધમાનાય** - વર્ધમાન સ્વામીને
**સ્પર્ધમાનાય** - સ્પર્ધા કરનારને
**કર્મણા** - કર્મોની સાથે
**તજ્જય** - તે કર્મોને જીતીને
**અવાપ્ત** - પામ્યા છે
**મોક્ષાય** - મોક્ષને
**પરોક્ષાય** - પરોક્ષને
**કુતીર્થિનામ** - અન્યદર્શનીને
—

**યેષાં** - જેઓના
**અરવિંદ** - કમળોની
**જ્યાય:** ઉત્તમ, પ્રશંસનીય
**કમલાવલિં** - કમળની શ્રેણીને
**સદૃશૈ:** - સરખાની સાથે
**સંગતં** - સમાગમ થવો તે
**કથિતં** - કહેલું છે
**શિવાય** - મોક્ષને માટે
**કષાયતાપ** - કષાયરૂપી તાપથી
**જન્તુ** - પ્રાણીઓને
**કરોતિ** - કરે છે
**જૈન** - જિનેશ્વરોના
**અંબુદ** - મેઘમાંથી
**સ:** - તે
**ઉદ્‌ભવ** - ઉત્પન્ન થયેલા
**સન્નિભો** - સરખો, જેવો
**તુષ્ટિં** - સંતોષને
**વિસ્તરો** - વિસ્તાર, સમૂહ
**વિકચ** - ખીલેલા
**રાજ્યા** - શ્રેણી વડે
**ક્રમ** - ચરણરૂપ
**દધત્યા** - ધારણ કરીને
**ઇતિ** - એ પ્રકારે
**પ્રશસ્યં** - વખાણવા યોગ્ય
**સન્તુ** - થાઓ
**તે જિનેન્દ્રા:** તે જિનેન્દ્રો
**અર્દિત** - પીડાયેલા એવા
**નિર્વૃતિં** - શાંતિને
**યો** - જે
**મુખ** - મુખરૂપ
**ઉદ્‌ગત:** નીકળેલો
**શુક્રમાસ** - જેઠ માસમાં
**વૃષ્ટિ** - વરસાદના
**દધાતુ** - ધારણ કરો
**મયિ** - મારા પર
**ગિરામ્** - વાણીનો

■ **વિવેચન :-**

આ સૂત્રને "વર્ધમાન સ્તુતિ" કહે છે, કેમકે આ સ્તુતિમાં વર્ધમાનસ્વામી અર્થાત્ ચરમતીર્થંકર પરમાત્માશ્રી મહાવીરની સ્તુતિ છે. મોટાભાગના સૂત્રોની માફક આ સૂત્ર પણ તેના આદ્ય પદોથી ઓળખાતું હોવાથી તે "નમોऽસ્તુ વર્ધમાનાય" નામથી પણ આ સૂત્ર ઓળખાય છે. તેમાં પ્રથમ સ્તુતિ અધિકૃત જિનવર્ધમાન જિનની છે, બીજી સ્તુતિ-સામાન્ય જિનોની અપેક્ષાએ છે અને ત્રીજી સ્તુતિ શ્રુતજ્ઞાન આધારિત છે. અલબત આ સમગ્ર સ્તુતિ "વર્ધમાન સ્તુતિ"રૂપે ઓળખાય છે. તેનું શબ્દશ: વિવેચન આ પ્રમાણે છે–

● **नमोऽस्तु वर्धमानाय** - વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ. છેલ્લા તીર્થંકર ભગવંત મહાવીરને નમસ્કાર હો.

– नमोऽस्तु-नमःअस्तु - તેનું પ્રાકૃત રૂપાંતર "નમોત્થુ" થાય છે. તેથી આ પદની વ્યાખ્યા માટે સૂત્ર-૧૩ "નમુત્થુણં" જોવું.

– પણ આ નમસ્કાર કોને કર્યો ?

○ वर्धमानाय - વર્ધમાન સ્વામીને આ ભરતક્ષેત્રની ચાલુ ચોવીસીના અંતિમ તીર્થંકર ભગવંત મહાવીરને - તેમનું જન્મદત્ત નામ 'વર્ધમાન' છે.

○ 'वर्धमान' શબ્દનું પ્રાકૃત રૂપાંતર वद्धमाण થાય છે, તેથી આ શબ્દની વ્યાખ્યા સૂત્ર-૨૦ 'કલ્લાણકંદ'માં જોવી. સૂત્ર-૨૧ 'સંસારદાવા૦'માં તેમના 'વીર'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દથી ઉલ્લેખ છે. સૂત્ર-૮ "લોગસ્સ" પણ જોવું - જુઓ ગાથા-૪નું વિવેચન.

– હવે સૂત્રકારશ્રી વર્ધમાનસ્વામી કેવો છે ? તેના વિશેષણો આ જ સ્તુતિમાં આગળ જણાવે છે.

● **स्पर्धमानाय कर्मणा** - કર્મની સાથે સ્પર્ધા કરી રહેલને. કર્મ સંગાથે ઝઝુમી રહેલ કે હરીફાઈ કરનારને.

– स्पर्ध् - એટલે સ્પર્ધા કરવી, હરીફાઈ કરવી. તેના પરથી કૃદન્ત બન્યું स्पर्धमान એટલે સ્પર્ધા કરતા, હરીફાઈ કરતા.

○ कर्मन् - કર્મ, જ્ઞાનાવરણીય આદિ મુખ્ય આઠ પ્રકારના.

– વર્ધમાન સ્વામી કેવા છે ? તેના વિશેષણ કે ગુણપ્રશંસારૂપ આ વાક્ય દ્વારા જણાવ્યું કે તે કર્મ સાથે સ્પર્ધા કરનાર છે.

● **तज्जयावाप्तमोक्षाय** - તે કર્મોને જીતીને કે તે કર્મો પર જય મેળવીને મોક્ષને પ્રાપ્ત કરનાર-મેળવનારને.

○ तत् +जय - તેનો જય, કર્મને જીતવા તે. (તેના વડે)

○ अवाप्त - જેમણે પ્રાપ્ત કર્યો છે (શું પ્રાપ્ત કર્યું છે ?)

○ मोक्ष - મોક્ષને, સિદ્ધિપદને, મુક્તિને.

– સ્તુતિના બીજા ચરણમાં ભગવંત વિશે કહ્યું કે, તેઓ કર્મની સાથે સ્પર્ધા કરી રહ્યા છે કે ઝઝુમી રહ્યા છે. આ ત્રીજા ચરણમાં આગળ કહે છે કે, કર્મોની સામે ઝઝુમી, તેના પર જીત મેળવીને અર્થાત્ કર્મોનો ક્ષય કરીને જેમણે મોક્ષ પ્રાપ્ત કર્યો છે એવા ભગવંત વર્ધમાન (ને નમસ્કાર થાઓ)

**– સ્તુતિના બીજા અને ત્રીજા ચરણનું રહસ્ય :-**

વર્ધમાનસ્વામીએ "ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પરાક્રમ"ના સિદ્ધાંતોની પ્રરૂપણા કરી હતી. તેઓએ પ્રથમ આ સિદ્ધાંતને જીવનમાં ઉતાર્યો. અંતરશત્રુરૂપ જ્ઞાનાવરણીય આદિ કર્મો સાથે ઘણી જ બહાદુરીપૂર્વક સાડા બાર વર્ષ સુધી ઝઝુમ્યા. કર્મની પ્રાબલ્યતા જાણી અનાર્યદેશમાં - લાઢ ભૂમિમાં જઈને, ત્યાં એક ચાતુર્માસ વીતાવીને અનેક કર્મોનો ખાત્મો બોલાવ્યો. અનાદિકાળથી આત્માને વળગેલા કર્મોને હઠાવવા માટે તેમણે અનેક વિશિષ્ટ કોટિની તપશ્ચર્યા કરી, અપ્રમત્ત ભાવે વિચર્યા, કાયોત્સર્ગ-પ્રતિમાદિએ સ્થિર રહ્યા. ઉપસર્ગ અને પરીષહોને નિશ્ચલભાવે ખમ્યા તેથી તેમની વીરતાને સૂચવવા માટે અહીં વિશેષણ મૂક્યું છે કે, "સ્પર્ધમાનાય કર્મણા".

હવે જેમ કોઈ યોદ્ધો લડાઈ કરવા માટે મેદાનમાં આવે અને ઝઝુમે પણ ખરો, પરંતુ શત્રુઓના જોરદાર હુમલા વચ્ચે ટકી રહેવું અને શત્રુઓને મારી હઠાવવા, એ લેશમાત્ર સહેલું નથી. તેમ કોઈપણ જીવને આ દુર્જેય અંતર્ શત્રુઓ એવા રાગ-દ્વેષ અથવા ક્રોધાદિ કષાયો રૂપ શત્રુઓ સામે લડવું અને તે શત્રુથી પરાસ્ત ન થવું, તેમજ તેને જીતી લેવા એ દુષ્કર-દુષ્કર કાર્ય છે. પરંતુ વર્ધમાન સ્વામીએ સાડા બાર વર્ષ વીરતા અને ધીરતાથી તેમનો સામનો કરીને તે કર્મોનો

ધ્વંસ કરી દીધો અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ પણ કરી તે સૂચવવા અહીં વિશેષણ મૂક્યું કે, "તજ્જયાવાપ્ત મોક્ષાય."

વળી આ વર્ધમાન કેવા છે ? ચોથા ચરણમાં કહે છે–

● **परोक्षाय कुतीर्थिनाम्** - કુતીર્થિક - અન્યદર્શનીઓને પરોક્ષ અર્થાત્ નજરે દેખાતા નથી તેવાને.

○ परोक्ष - પરોક્ષ, અપ્રત્યક્ષ, દૃષ્ટિથી દૂર, નજરને ન દેખાતાં.

– અહીં अक्ष એટલે આંખ, દષ્ટિ. તેનાથી પર એટલે જે આંખો વડે દેખી શકાતો નથી કે દૃષ્ટિમાં આવતા નથી તે.

○ कुतीर्थिनाम् - કુતીર્થિઓને અર્થાત્ જે અન્યદર્શની છે, અન્યલિંગી છે, મિથ્યાત્વી છે, પાખંડી છે તેવાઓને.

कु એટલે કુત્સિત કે ખરાબ કે ખોટા કે મિથ્યામતિ.

तीर्थ એટલે શાસ્ત્ર, મત, પ્રરૂપણા આદિ.

– જેમના શાસ્ત્રો કુત્સિત છે તેઓ કુતીર્થિક કહેવાય છે. આ જ પ્રકારનો ભાવ સૂત્ર-૨૦ "કલ્લાણ કંદ"માં "કુવાઈ" શબ્દમાં પણ પૂર્વે કહેવાય છે.

– આવા કુવાદી કે કુતીર્થિ કે જેમના શાસ્ત્રો પરસ્પર વિસંવાદી છે અથવા તો એકાંત દૃષ્ટિના પ્રતિપાદક છે તે.

– એવા કુશાસ્ત્રોને માનનારાઓના અર્થાત્ પાખંડીઓના ચાર ભેદો સૂયગડાંગ અંગસૂત્રમાં વિસ્તારથી અને તેમના મતના ખંડનપૂર્વક મૂળ આગમ, તેની ચૂર્ણિ અને તેની વૃત્તિમાં વર્ણવાયેલ છે. સ્થાનાંગ સૂત્રમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. તેના ચાર ભેદ કહ્યા - જ્ઞાનવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી અને ક્રિયાવાદી. જેમના પેટા ભેદો કરતા ૩૬૩ પાખંડીઓ કહ્યા છે. બૌદ્ધ, આજીવિક, નૈયાયિક, વૈશેષિક, મીમાંસક વગેરે તેના ઉદાહરણો છે.

પરમાત્મા વર્ધમાન મહાવીરનું દર્શન સ્યાદ્વાદમય-અનેકાંતવાદી અને લોકોત્તર હતું. તેથી એકાંતવાદને માનનારાઓ ભગવંત વર્ધમાનના ઉપદેશનું વાસ્તવિક તાત્ત્વિકરૂપ સમજી ન શકે - ઝાલી ન શકે તે સંભવ છે. તેથી તેમના માટે દૃષ્ટિથી અર્થાત્ દર્શનથી ભગવંત પરોક્ષ બને. એ વાતને આશ્રીને અહીં "પરોક્ષાય કુતીર્થિનામ" કહ્યું.

**આ રીતે** – (૧) કર્મ સામે ઝઝુમતા, (૨) કર્મોને જીતી લઈને મોક્ષ મેળવનાર, (૩) મિથ્યાત્વીઓને "દર્શન"થી દૂર એવા શ્રી વર્ધમાન સ્વામીને પહેલી ગાથામાં નમસ્કાર કર્યો.

**હવે બીજી ગાથમાં** સામાન્યજિન આશ્રિત સ્તુતિ છે–

● **येषां विकचारविन्दराज्या** - ખીલેલા કમળોની શ્રેણિ વડે જે તીર્થંકરોની.

○ અહીં विकच એટલે ખીલેલા અને अरविंद એટલે કમળ. તેની राजि એટલે શ્રેણી, હાર, પંક્તિ. येषां એટલે જેઓની.

● **ज्यायः क्रम कमलावलिं दधत्या** - પ્રશસ્ત કે પવિત્ર ચરણરૂપ કમળની

શ્રેણિને ધારણ કરતી.

– અહીં ज्यायः એટલે પ્રશસ્ત-વખાણવા લાયક કે પવિત્ર. क्रम એટલે ચરણરૂપ, कमल એટલે કમળ, आवलि એટલે શ્રેણિ કે પંક્તિ કે હાર, दधत्या એટલે ધારણ કરનારી.

– दधती માં મૂલ ક્રિયા પદ 'धा' છે. 'धा' એટલે ધારણ કરવું. તે પરથી दधती બન્યું તેનો અર્થ છે ધારણ કરનારી.

● **सदृशैरिति संगतं प्रशस्यं कथितं** - સરખાની જોડે સમાગમ થવો તે પ્રશસ્ત-વખાણવા યોગ્ય કહ્યું છે.

● **सन्तु शिवाय ते जिनेन्द्राः** તે જિનેન્દ્રો-જિનેશ્વર પરમાત્માઓ મોક્ષને માટે થાઓ.

– અહીં सन्तु એટલે થાઓ, હો.

– शिवाय - શિવને માટે, શિવ-સુખ અર્થાત્ મોક્ષ માટે.

૦ शिव - એટલે સર્વ ઉપદ્રવોથી રહિત, સર્વ દ્વન્દ્વોથી વર્જિત, મંગલરૂપ, મોક્ષરૂપ હોય તે, કલ્યાણકારી અર્થ પણ છે.

– ते जिनेन्द्राः તે જિનેન્દ્રો, 'જિન' અર્થાત્ 'સામાન્ય કેવલી'' તેઓમાં ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર કહેવાય. તેઓને.

૦ 'जिनेन्द्र' શબ્દનું પ્રાકૃત રૂપાંતર 'जिणिंद' છે - તેથી આ શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૨૦ ''કલ્લાણકંદં''ની ગાથા-૧ જોવી અને 'जिन' શબ્દની વ્યાખ્યા માટે સૂત્ર-૮ ''લોગસ્સ'' સૂત્ર-૧૧ ''જગચિંતામણિ'', સૂત્ર-૧૨ ''જંકિંચિ'', સૂત્ર-૧૩ ''નમુત્થુણં'' જોવું.

– **ગાથા-૨નો રહસ્યાર્થ :-**

અહીં આ સ્તુતિના છેલ્લા ચરણમાં કહ્યું કે, सन्तु शिवाय ते जिनेन्द्राः અર્થાત્ ''તે જિનેન્દ્રો તમારા શિવસુખને માટે થાઓ.'' પણ 'તે' એટલે કયા ? આ વાતનો ઉત્તર સ્તુતિના પ્રથમ ચરણમાં એક સુંદર ઉપમા દ્વારા આપેલો છે–

જેમના શ્રેષ્ઠ ચરણરૂપી કમલની પંક્તિઓને ધારણ કરનારી દેવ-નિર્મિત સુવર્ણકમલોની શ્રેણિ દ્વારા એમ કહેવાયું કે, સરખાની સાથે સમાગમ થવો તે પ્રશંસનીય છે.

કોઈપણ તીર્થંકર પરમાત્મા અર્થાત્ જિનેશ્વર દેવ જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય, ત્યારપછી ચોત્રીશ અતિશયોથી યુક્ત હોય છે. આ ચોત્રીશ અતિશયોમાંનો એક અતિશય એ પ્રમાણે છે કે, જ્યારે ભગવંત વિહાર કરતા હોય છે ત્યારે દેવતાઓ નવ સુવર્ણકમળોની રચના કરે છે. આ કમળો શુદ્ધ સુવર્ણના બનેલા અને માખણ જેવા મુલાયમ હોય છે. જ્યારે જિનેશ્વર પરમાત્મા ચાલે છે ત્યારે તેમના ચરણો - પગલાં સુવર્ણકમળ પર જ પડે છે. નવ કમળમાંથી બે કમળ ઉપર પરમાત્માના પગ રહે છે, બાકીના સાત કમળો જેમ જેમ પરમાત્મા આગળ ચાલે તેમ તેમ દેવતાઓ તેને આગળ સંચારે છે. પરમાત્માના કદમ આપોઆપ તેના

પર જ પડે છે. એવો ભગવંતનો અતિશય હોય છે.

અહીં એક સુંદર કવિ કલ્પના રજૂ થઈ છે. જેના પર ભગવંતના ચરણ રહે છે તે સુવર્ણ કમળો જાણે એમ કહે છે કે, "જેવા અમે કમળો છીએ તેવા જિનેશ્વર પરમાત્માના ચરણો પણ કમળો છે." આ રીતે કમળોની સાથે કમળોનો સમાગમ મેળાપ થયો એ ઘણું જ પ્રશંસનીય છે, કેમકે સમાગમ સરખે સરખાનો જ શોભે છે."

આ સ્તુતિ દ્વારા એવું કહે છે કે, જે જિનેશ્વર પરમાત્મા દેવતા રચિત સુવર્ણકમળો પર ચરણકમળ સ્થાપન કરતાં વિહાર કરે છે, તે જિનેશ્વરો અમારા શિવસુખને માટે થાઓ.

**૦ હવે ત્રીજી સ્તુતિમાં** પરમાત્માની વાણીની સ્તુતિ દ્વારા શ્રુતની સ્તુતિ કરવામાં આવી છે. તે આ પ્રમાણે– **कषाय-तापा-र्दित०** ઇત્યાદિ.

આ સ્તુતિના ચોથા ચરણમાં કહ્યું, '**दधातु तुष्टिं मयि** - મારા પર તુષ્ટિ અર્થાત્ અનુગ્રહને ધારણ કરો. પણ આ પ્રાર્થના કોને ઉદ્દેશીને કરાઈ છે ? અર્થાત્ કોણ અનુગ્રહ કરે ? વાણીનો સમૂહ.

**૦ मयि विस्तरो गिराम्**

સિદ્ધાંતરૂપ વાણીનો સમૂહ મારા પર અનુગ્રહ કરો– મારા પર પ્રસન્નતા ધારણ કરો - મને સંતોષ આપો - કૃપા કરો. આ પ્રમાણે પ્રાર્થના કરી. પણ તે વાણીનો સમૂહ કેવો છે ? અથવા કયા વાણીના સમૂહને ઉદ્દેશીને આ ભાવના કરી છે ?

**૦ जैन-मुखाम्बुदोद्गतः**

– જે વાણી જિનેશ્વરના મુખમાંથી નીકળેલી છે..

**૦ कषायतापार्दित जन्तु निर्वृतिं,**

**૦ स शुक्रमासोद्भव वृष्टि सन्निभो**

– જે વાણી કષાયના તાપથી પીડાઈ રહેલા પ્રાણીઓને જેઠ માસમાં થયેલી વૃષ્ટિની માફક પ્રાણીઓને શાંતિ આપે છે.

એવી વાણી મને પણ તુષ્ટિ આપનારી થાઓ.

– આ સ્તુતિમાં પણ એક સુંદર ઉપમા આપવા દ્વારા સૂત્રકારે જિન-વાણીની મહત્તા સ્થાપિત કરી છે–

જેઠ માસમાં સૂર્યનો તાપ ઘણો જ હોય છે. તેને કારણે ગરમી અને ઉકળાટ પણ અસહ્ય બને છે. આવી સ્થિતિમાં જ્યારે વરસાદ વરસે છે, ત્યારે તે વર્ષા ઘણી જ સુખકર અને સંતોષજનક લાગે છે. એ જ રીતે કષાયભાવથી અને તદ્જન્ય કર્મોના બંધનરૂપ તાપથી તપ્ત બનેલા જીવો. તે તાપના પ્રભાવથી આકુળ-વ્યાકુળ થતા હોય છે. તેમના પર જિનેશ્વરદેવના મુખરૂપી મેઘમાંથી નીકળેલી વાણીનો સમૂહ અથવા તે વાણી પ્રવાહરૂપ વર્ષા તે જીવો માટે ઘણાં સુખકર અને શાંતિપ્રદાયક બને છે.

આવો વાણી પ્રવાહ મારા પર તુષ્ટિને - અર્થાત્ - અનુગ્રહને ધારણ કરો - મને પણ સંતોષ આપનારા થાઓ.

આ રીતે ત્રણ સ્તુતિ કરાઈ છે (૧) વર્ધમાન જિનની, (૨) સામાન્ય જિનની અને (૩) જિનવાણીની - શ્રુતની, જો કે નામથી તો આ "नमोऽस्तु" સૂત્ર વર્ધમાન સ્તુતિરૂપે જ પ્રસિદ્ધ થયેલ છે.

અહીં પ્રબોધ ટીકાના રચયિતા શ્રી એક મહત્ત્વની વાત નોંધે છે. શ્રી તિલકાચાર્યએ જે સામાચારીની રચના કરેલી છે. તેમાં આ ત્રણને બદલે ચાર સ્તુતિઓ જોવા મળે છે. જેની સાક્ષી આપતા પ્રબોધટીકાકારે નોંધ્યુ છે કે, ભાડાંરકર ઇન્સ્ટિટયૂટની પ્રતિ નં. ૧૧૦૬ (૪૧) / ૧૮૯૧-૯૫માં ચોથી સ્તુતિ જોવામાં આવી છે. જે આ પ્રમાણે છે–

"श्वसिति सुरभिगन्धा, लुब्धभृंगीकुरंगं
मुखराशिनमजस्त्रं, बिभ्रती या बिभर्ती ।"

આ પ્રમાણે આ સ્તોત્રને ચાર સ્તુતિરૂપ બતાવેલ છે. જો કે વ્યવહારમાં તો ત્રણ સ્તુતિવાળો જ પાઠ પ્રસિદ્ધ છે.

■ **વિશેષ કથન :-**

– આ સ્તુતિ ત્રણ ગાથારૂપ છે અને પદ્યમય છે. પરંતુ તેના ત્રણે પદ્યોના છંદ અલગ-અલગ છે.

(૧) "નમોડસ્તુ૦"વાળું પહેલું પદ્ય 'અનુષ્ટુપ્' છંદમાં છે.
(૨) "યેષાંવિકચાર૦"વાળું બીજુ પદ્ય "વૈતાલિક" છંદમાં છે.
(૩) "કષાયતાપાર્દિત૦"વાળું ત્રીજુ પદ્ય "વંશસ્થ" છંદમાં છે.

કોઈ આ સ્તોત્રના બીજા પદ્યને વૈતાલિકને બદલે "ઔપચ્છંદસિક" હોવાનું જણાવે છે. છંદોનુંશાસન જોતા અમને 'વૈતાલિક' યોગ્ય લાગ્યું હોવાથી અમે અહીં વૈતાલિક હોવાની નોંધ કરી છે.

**– ક્રિયામાં આ સૂત્રનો ઉપયોગ :-**

– આ સૂત્રનો સંધ્યાકાલીન પ્રતિક્રમણમાં ઉપયોગ થાય છે.

– જ્યારે છ આવશ્યક પૂર્ણ થાય ત્યારે સંધ્યાકાળના પ્રતિક્રમણમાં બોલાય છે– "ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં." ત્યાં અર્થ એવો થાય છે કે, હે ક્ષમાશ્રમણ પૂજ્ય ! હું આપના અનુશાસનને - આપની આજ્ઞાને ઇચ્છુ છું કે, છ આવશ્યક પૂર્ણ થયા, હવે હું શું કરું ? આ પ્રમાણે ગુરુના અનુશાસનની ઇચ્છા કરીને પછી મંગલ-સ્તુતિ નિમિત્તે અથવા બીજી રીતે કહીએ તો ષડાવશ્યક ક્રિયા સારી રીતે પૂર્ણ થયા પછી ઉલ્લાસને અભિવ્યક્ત કરવા આ સ્તુતિ ઉચ્ચ સ્વરે કે પ્રગટ રૂપે સમૂહમાં બોલવામાં આવે છે.

જો કે આ સ્તોત્ર પઠન માટે પૂર્વે नमोऽर्हत् બોલાય છે.

– આ સ્તોત્રના ઉક્ત વિધિમાં બે અપવાદ છે.

(૧) સ્ત્રીઓ અર્થાત્ સાધ્વી અને શ્રાવિકાઓને આ સ્તોત્ર બોલવાનો નિષેધ

છે. તેને બદલે તેઓ "સંસારદાવાનલ" સ્તુતિ બોલે છે.

(૨) પાક્ષિક, ચાતુર્માસિક, સંવત્સરિક એ ત્રણ પ્રતિક્રમણમાં વ્યવહાર એવો છે કે, પહેલા વડીલ ગુરુદેવ આ આખું સ્તોત્ર બોલે પછી અન્ય સાધુ અને શ્રાવકો આ આખું સ્તોત્ર બોલે છે, જ્યારે રોજ દૈવસિક પ્રતિક્રમણમાં વડીલ ગુરુદેવ આ સ્તોત્રની માત્ર પહેલી સ્તુતિ બોલે છે, પછી અન્ય સાધુ તથા શ્રાવકો આખું સ્તોત્ર બોલે છે. ધર્મસંગ્રહમાં એવું જણાવે છે કે, પર્વદિને તે દિવસનું બહુમાન જાળવવા વડીલો આ આખું સ્તોત્ર બોલે છે.

**૦ સ્ત્રીઓ આ સૂત્ર કેમ ન બોલે ?**

આ વિષયમાં "ધર્મસંગ્રહ" ગ્રંથના ભાગ પહેલામાં બે અલગ અલગ મતો રજૂ કર્યા છે.

(૧) બાળકો, સ્ત્રીઓ, મંદબુદ્ધિવાળા, જડબુદ્ધિવાળા અને ચારિત્રની ઇચ્છાવાળા મનુષ્યોના ઉપકારને માટે સર્વજ્ઞોએ સિદ્ધાંતને પ્રાકૃત ભાષામાં રચેલા છે.

આ કથન દ્વારા સાધ્વીઓ અને ગૃહસ્થ સ્ત્રીઓનું સંસ્કૃતના વિષયમાં અનધિકારપણું જણાવેલું છે. તે કારણથી એવા પ્રકારે વ્યવહાર ચાલે છે કે, સ્ત્રીવર્ગ "નમોઽસ્તુ વર્ધમાનાય" સ્તુતિ ન બોલે. પણ તેને સ્થાને "સંસાર દાવાનલ૦" સ્તુતિ બોલે છે.

(૨) કેટલાંક એવું મંતવ્ય પણ ધરાવે છે કે, "નમોઽસ્તુ વર્ધમાનાય" વગેરે સ્તુતિઓ પૂર્વોમાંથી ઉદ્ધરેલા હોવાનો સંભવ છે. જો તે પૂર્વોની અન્તર્ગત્ હોય તો, સ્ત્રીઓને પૂર્વોના અધ્યયનનો અધિકાર ન હોવાથી તેઓ "નમોઽસ્તુ" પણ બોલી શકે નહીં. એ કારણથી પણ સંભવ છે કે સ્ત્રીઓને આ સ્તોત્ર બોલવા માટેનો નિષેધ કરાયેલો હોય.

**૦ આ સૂત્રનો સામાન્ય સારાંશ :-**

પહેલા અધિકૃત જિનની, પછી સામાન્ય જિનની અને ત્રીજી આગમની અથવા શ્રુતની સ્તુતિ કરવી એ ચૈત્યવંદન ભાષ્યાદિમાં રજૂ થયેલ પ્રાચીન બંધારણ છે. આ પ્રમાણે સૂત્ર-૨૦ "કલ્લાણકંદં" અને સૂત્ર-૨૧ "સંસારદાવાનલ"માં પણ આ બંધારણનો ઉલ્લેખ કર્યો જ છે. તે જ પ્રમાણે આ સ્તોત્રમાં પણ એ બંધારણ જોવા મળે છે.

સ્તુતિ-૧માં સર્વ પ્રથમ વર્ધમાનસ્વામીની સ્તુતિ કરવામાં આવી છે. જેને અધિકૃત્ જિનની સ્તુતિ કહે છે.

સ્તુતિ-૨માં ચોત્રીશ અતિશયથી યુક્ત એવા સર્વ જિનેશ્વરોની સ્તુતિ કરવામાં આવી છે. જેને સામાન્યજિનોની સ્તુતિ કહે છે.

સ્તુતિ-૩માં તીર્થંકર પરમાત્માની વાણીની સ્તુતિ કરવા દ્વારા શ્રુતજ્ઞાનનો અનુગ્રહ ઇચ્છવામાં આવેલ છે.

૦ આ સ્તોત્રની ત્રણે સ્તુતિમાં છંદની દૃષ્ટિએ તો વૈવિધ્ય છે જ, તદુપરાંત બીજુ એક કાવ્યાત્મક વૈશિષ્ટ્ય એ છે કે, પહેલી સ્તુતિમાં સુંદર અનુપ્રાસ છે.

બીજી સ્તુતિમાં અર્થાન્તરગર્ભિત ઉત્પ્રેક્ષા છે અને ત્રીજી સ્તુતિમં ઉપમાલંકાર છે.

■ **સૂત્ર-નોંધ :-**

– આ સ્તોત્ર સંસ્કૃત ભાષામાં રચાયેલ છે.

– આ સ્તોત્ર આવશ્યક સૂત્ર આદિ કોઈ આગમમાં જોવા મળતું નથી પરંતુ પણ પ્રબોધટીકાકર્તાના જણાવ્યા મુજબ–

(૧) તિલકાચાર્ય રચિત સામાચારીમાં આ સ્તોત્ર જોવા મળે છે.

(૨) ધર્મસંગ્રહમાં પણ આ સ્તોત્ર વિવેચનસહિત મળે છે.

વળી શ્રી હેમચંદ્રાચાર્યજી રચિત એવા 'છંદોનુશાસન'માં પહેલા સંજ્ઞા અધ્યાયમાં પંદરમાં સૂત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં પાદાંત યતિના ઉદાહરણરૂપે "નમોઽસ્તુ વર્ધમાનાય" એ પહેલી સ્તુતિ અપાયેલી છે. એ રીતે પ્રથમ સ્તુતિની વિશેષ પ્રાચીનતા જોઈ શકાય છે.

——×——×——

**મુનિ દીપરત્નસાગર દ્વારા કરાયેલ**
**પ્રતિક્રમણ સૂત્ર - "વિવેચન"નો ભાગ-૩ પૂર્ણ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ સૂત્રોને અનુવાદ રૂપે પરાવર્તિત કરવા પડે એ અનિચ્છનીય અને મનોવેદનાપ્રદાયક ઘટના જ છે. છતાં કાળની કેડીએ આ દુર્ઘટના આવિર્ભાવ પામતી જ રહી છે. સર્વે સાહિત્યક્ષેત્રે બહુજન હિતાર્થે થતાં અનુવાદોનો ઇતિહાસ દાયકાઓ જુનો બનતો જાય છે. અમારો આ પરિશ્રમ પણ એ જ અનિવાર્ય અનિષ્ટની અનુવૃત્તિ છે.

જ્યારે વિવેચન એ મૂળ સૂત્રોનો 'અર્થબોધ' છે. સૂત્રના અર્થ-દાનનો પ્રવાહ તો અનાદિકાળથી ભાવપરમાત્માના વાણી સલિલ સ્વરૂપે વહેતો જ રહ્યો છે. અમે તો માત્ર તે શબ્દોનું દેહ ઘડતર કર્યું છે.

પ્રતિક્રમણ સૂત્રોનો બોધ ભાવપૂર્વક ક્રિયારૂપે પરિણમન પામે એ જ અભ્યર્થના.

મુનિ દીપરત્નસાગર